Chap-3

પ્રકરણ : ૩ :

પન્નાલાલ પટેલ : સર્જકવ્યક્તિત્વ

૩.૧. જન્મ, ઉછેર, ઘડતર અને સાહિત્યિક પ્રતિભા.

'માનવીની ભવાઇ', 'મળેલા જીવ', 'વળામણાં જેવી નવલકથાઓ ગુજરાતી સાહિત્યને આપનાર પન્નાલાલ પટેલ ગુજરાતની ઇશાન સરહદ પર આવેલા ડુંગરાળ પ્રદેશની ટેકરીઓની વચ્ચે હરીભરી ખેતીથી ઘેરાયેલા, સાઠ ઘરોવાળા માંડલી ગામના વતની હતા. પરાપૂર્વેથી ખેતીના વ્યવસાયમાં રોકાયેલા લોકો તહેવારો, દુષ્કાળમાં અને એવી અન્ય આપત્તિઓનાં સમયે કઠણાઇભર્યું જીવન જીવતા, ખેડૂતો ખેતી કરે, શાહુકારો લેણાના ને વ્યાજના રૂપિયા પેટે અનાજ ઉઘરાવવા ફરતા હોય, કર્મકાંડાર્થે ગોરમહારાજ પ્રસંગે પ્રસંગે મુલાકાત લેતા હોય વહેમી અને અંધશ્રધ્ધાથી પીડાતા લોકો દેવી-દેવતાઓની બાધા રાખડી કરતા હોય, મુલક મુલકની ભ્રમણ કરતાં વણઝારાઓની પોઠો વર્ષે બે વર્ષે અહીં પાંચ છ દિવસનો વિસામો લેતી હોય, બળદોની ખરીદી ચાલતી હોય, નટીનો ખેલ ભજવાતો હોય, દિવાળી જેવાં પર્વમાં ઠુડાઓ ગવાતા હોય, મેળાઓ ભરાતા હોય, સીમમાં કોશથી પાણી ઉલેચાતું હોય એવું પ્રકૃતિને ખોળે ઉછરતું આ લોકજીવન. ગુજરાતમાં પ્રવર્તમાન જીવન પ્રવાહોથી લગભગ અણસ્પર્શ્યું રહ્યું હતું. નવાયુગની છાયાઓ હજી એ લોકો પર ઝીલાઇ ન હતી. નવી કેળવણી, નવી વિદ્યા, તથા નવી જીવનરીતિ આ ગામની સીમની બહાર જ હતી.

જાનપદી પરિસ્થિતિ વચ્ચે આ ગામના આગળ પડતા ખેડૂત નાનાલાલ પટેલને ત્યાં ૭ મી મે, ૧૯૧૨[૧] ના રોજ પન્નાલાલ પટેલનો જન્મ થયો હતો. પરાપૂર્વેથી ચાલી આવતા ખેતીના વ્યવસાયમાં રોકાયેલું આ કુટુંબ બહોળું હતું. ધરતી, ખેતી ને પ્રકૃતિનું ગામડું એટલે વાતાવરણતો પન્નાલાલની રગેરગમાં વસી ગયેલું. કુટુંબમાં સૌથી નાના પન્નાલાલ હતા.

નાના અમરથા ગામડામાં નાનાલાલનું ઘર 'વિદ્યાઘર' તરીકે જાણીતું હતું. મૂળ ખેતીના વ્યવસાયમાં રોકાયેલા હોવા છતાંય નાનાલાલે જરૂરી એવું શિક્ષણ મેળવી લીધું હતું અને ધર્મભાવનાથી પ્રેરાઇને એમણે ધર્મવિષયક થોડું ઘણું સાહિત્ય પણ ઘરમાં વસાવેલું હતું. એમાં તુલસીકૃત 'રામાયણ', 'ઓખાહરણ', 'દયારામની ગરબી' અને 'બૃહત કાવ્યદોહન' હતું. ખેતીના કામકાજ પછી ફુરસદને સમયે તેઓ વાંચતા અને રાત્રિની વેળાએ ફળિયાના લોકોને એમાંથી કથાનો ભાગ કે પદ વાંચીને સંભળાવતા હતા. નાનાલાલના આ સંસ્કારો પોતાના પુત્ર પન્નાલાલમાં ઊતરે અને એય પિતાની જેમ લોકોનો આદર પામે એવી ઝંખના એમની માતાના હૃદયમાં જાગતી. માતાની ઇચ્છા આ રીતે વ્યક્ત થઇ છે.

"... ... (પન્નાલાલ) ભણશે તો એય એના બાપાની પેઠે આ અભણ નાતમાં પુછાતો થશે. પાંચ વચ્ચે બેસીને એય પેલું ઓખાહરણ ગાશે ને રાતે રામાયણનું પારાયણ કરશે. એના બાપાની પેઠે કૌરવો-પાંડવોનું જુધ્ધ ઉકેલશે ને મીઠા રાગે પખાજ તંબુરો ભજનો ગાશે."[૨]

---

૧ અલપઝલપ, લે પન્નાલાલ પટેલ, પ્રકા.વર્ષ ૧૯૭૩, ૫

૨. એજન. પૃ. ૨૪૫

માંડલીના નાનકડા ગામડામાં નાનાલાલે એક સંસ્કાર નેતાની સૌમ્ય ભૂમિકા ભજવી હતી અને આસપાસના લોકોમાં મોભાભર્યું સ્થાન મેળવ્યું હતું. 'વિદ્યાધર' માં વ્યાપેલો પરિવેશ પન્નાલાલના મનોવિશ્વમાં સહજતાથી ઊતરી આવે એ સ્વાભાવિક છે એટલે જ ખેતીની સાથે જ વિદ્યાકીય સંસ્કારો સહજ રીતે ભળી ગયેલા જણાય છે.

પન્નાલાલના બાળપણમાંજ પિતાનું છત્ર ઊડી જવાથી આખુંય કુટુંબ નિરાધાર બની ગયું પિતાનો સ્નેહ અને સાંનિધ્ય ગુમાવનાર પન્નાલાલ પિતાના મૃત્યુ પછી પુરેપૂરા માતા તરફ ઢળે છે. માતા-પુત્ર વચ્ચે અપાર માયા બંધાય છે. માતાનો છેડો ક્યારેય ન છોડનાર પન્નાલાલને 'માવડિયું સંતાન' તરીકે બધાં ઓળખતાં હતાં. ઘરના અન્ય સભ્યો સાથે એમનો ખાસ સંબંધ બંધાયો ન હતો પરંતુ પાછળના સમયમાં ભર્યા ભાદર્યા કુટુંબમાં એમને ફાવી ગયું હોય એવો કોઇ પ્રસંગ 'અલપ-ઝલપ' માં જોવા મળતો નથી એમ પ્રમોદકુમાર પટેલે નોધ્યું છે.[3]

અશિક્ષિત એવા ગામમાં બીજી ચોપડીમાં અભ્યાસ કરનાર પન્નાલાલ ગામના એક ભાઇને ત્યાં આવેલો કાગળ વાંચીને બધાને હેરત પમાડયા હતા એમ આબાંવાડિયામાં હિંમતનગરના રાજકુંવારના ઉતારાએ-

'બંસી વાલા ... ... આજે મોરે દેશ... ...'

ગીત ગાઇને રાજાનું હૃદય જીતી લીધું હતું. ટાબરિયા પન્નાલાલ પર પ્રસન્ન થયેલા આ રાજાએ પન્નાલાલને ઇડર બોર્ડિંગમાં ભણવાની વ્યવસ્થા કરાવી આપી હતી. ઇડરમાં ઉમાશંકર જોશી એમના સહાધ્યાયી હતા. પન્નાલાલ ઉમાશંકરથી એક વર્ષ નાના હતા પણ ઉમાશંકર કહેતા હતા કે નાનપણમાં હું એમનાથી નાનો હતો. એમણે પન્નાલાલના વ્યક્તિત્વને આમ વર્ણવ્યું છે-

"પન્નાલાલની કિશોર આકૃતિ છાત્રાલયમાં જુદી તરી આવતી. શરીર નાનકડું હૃષ્ટપુષ્ટ ગોળમટોળ કહી શકાય એવું લગભગ યુરોપીયન લાગે એવો ગોરો- બલકે લાલ લાલ ચહેરો. ચૂંટી ખણો તો લોહી નિકળે. અવાજ ઊંડો, ઘેરો પણ સૌથી વિશેષ તો મીઠાશભર્યો. કહો કે ગળ્યો. આંખમાં અચૂક વરતાતી 'હું સમજું છું કે બધું' એવી ચમક. મને સૌથી વધુ આકર્ષતી વસ્તુતે હતી એમની મોકળાશભરી વર્તણૂક. કહો રોકટોક અનુભવ્યા વગર બધી પરિસ્થિતિમાં એ એક જાતના આત્મવિશ્વાસ સાથે લીલાપૂર્વક વિચરતા... ..."[4]

સંગીત અને પ્રેમની અનુભૂતિ પન્નાલાલની મૂડી હતી. ઇડરમાં આઠશ્રેણી સુધીનો અભ્યાસ પૂરો થયો ને એમની સામે આવી પડેલી આર્થિક મુશ્કેલીઓને પરિણામે એમણે શાળાને છોડી દીધી. પછી જીવનની શાળામાં ઘડાવાનો વખત આવ્યો પણ ગમે એવી સ્થિતિઓમાંથી રસ્તો કાઢવાની કોઠાસૂજ તો એમને વારસામાં મળી હતી. પાંચમાં ધોરણમાં સો માંથી સો ગુણ પ્રાપ્ત કરનાર પન્નાલાલનું ગણિત વર્ગબહાર પણ સાચું પડતું હતું.

હેડમાસ્તરની સોટીના ત્રાસમાંથી બચવા અને સહાધ્યાયીઓને બચાવવા એવી કોઇ યુક્તિ કરે કે વિદ્યાર્થીઓને હેડમાસ્તર ખુશ થઇ જાય. મોડાસાથી બળદગાડીમાં બેસી ઇડર જવાનું હોય ને એમાં થોડી જગ્યા મળે તો બકાટી આવવાના અભિનય કરીને જગ્યા મેળવી લેતા. વિદ્યાર્થી પાસે

---

૩. 'પન્નાલાલ પટેલ', લે. પ્રમોદકુમાર પટેલ પ્રાક.વર્ષ ૧૯૮૪, પ્ર.આ. પૃ. ૩

૪. 'અલપ ઝલપ', લે. પન્નાલાલ પટેલ, પ્રસ્તાવના, પ્રકા.વર્ષ ૧૯૭૩, પ્ર.આ.

ધોતિયું ધોવડાવતા શિક્ષકનું ધોતિયુ ને ડોલ કુવામાં જ નાંખીને કાદવકીચડવાળા થઇને કૂતરાથી બચવા ભાગતા હોય એવી રીતે વર્ગમાં જતાં બીજે દિવસે કામવાળી બાઇને રાખીને સાહેબ પન્નાલાલ કૂવામાં પડતા બચી ગયાનું આશ્વાસન લેતા હતા.

ભાવના ભૂખ્યા પન્નાલાલે જુઠું બોલવાનું હોય કે ચોરી કરવાની હોય કે વગર ટિકિટે મુસાફરી કરવાની હોય કે અન્ય... ... એમણે ક્યારેય કશું છુપાવ્યું નથી. ચોરથી ડરતા ભૂતપ્રેતથી નહીં. જયશકરાનંદે માંડેલા યજ્ઞમાં ચૌદપંદર વર્ષની બઇબા અને એની સખી સાથેની પ્રથમ મુલાકાતને તેઓ પ્રેમની પ્રથમ અનુભૂતિ તરીકે ઓળખાવે છે. પન્નાલાલ ઉમાશંકરને કહે છે: 'પ્રેમ ગજબની ચીજ લોગે છે.'[૫]

આટલી નાની ઉમરમાં જીવનના ખાટામીઠા અનુભવોમાંથી પન્નાલાલને પસાર થવાનું આવ્યું એથી ભણતરમાં અવરોધ આવ્યા હતો પણ આ અનુભવો જ પન્નાલાલમાં રહેલી સર્જકતાને માટે અતિ મૂલ્યવાન સામગ્રી બની રહ્યા. એમનું સંવેદનતંત્ર ઘણું તીવ્ર હતું. અસ્તિત્વના ઊંડા પ્રવાહો, તેનાં રહસ્યો, વાતાવરણ, સ્થિતિઓ, વ્યક્તિઓ, જે કંઇ અનુભવમાં મુકાયા એમાંથી વેધક દૃષ્ટિથી ઊંડા સત્યને અવગત કરવાની સહજવૃત્તિ એમનામાં સક્રિય રહી હતી. ઇડર બોર્ડિંગમાં આ રીતે એમનું વ્યક્તિત્વનું ઘડતર થયું હતું.

આવી સ્થિતિમાં સંજોગોએ પલટો લીધો. જયશંકરાનંદે પન્નાલાલના વધુ અભ્યાસાર્થે અમદાવાદ ક્યાંક ગોઠવણ કરી આપી. એટલે એ વધુ અભ્યાસાર્થે અમદાવાદ આવ્યા. વીસીના એ સમયે અમદાવાદ ઔદ્યોગિક નગર તરીકે ખાસ્સું એવું વિકસ્યું હતું. અત્યાર સુધી માંડલી અને ઇડર વચ્ચે ઉછરેલા પન્નાલાલ એકાએક વિશાળ માનવસમૂહની વચ્ચે આવી ગયા. વિશાળ કદના ઉદ્યોગોનો કાનફાડી નાંખે એવો મમાટ ભભકાદાર ભવ્ય બજારો, વાહનોનો વ્યવહાર, રંગ રોશનીઓના ભપકાઓ ટોળાબંધ માનવોની થતી અવરજવર વગેરેના વિશાળ વ્યાપમાં તે મુકાઇ ગયા. જીવનની નિર્ણાયક સ્થિતિમાંથી તેઓ પસાર થઇ રહ્યા હતા.

વધુ અભ્યાસાર્થે આવેલા પન્નાલાલે પાંચમીના ભેટ મળેલા પુસ્તકોને વેચી નાખ્યા અને ભણતરની માયાને અભરાઇ ઉપર ચઢાવીને એમાંથી હમેશને માટે છુટા થઇ ગયા. આવા સમયમાં એમની મનોદશા સમજવી સરળ ન હતી. આર્થિક પરિસ્થિતિની બરાબરની ભીંસમાં ભારે રુંધામણ અને એમાંય માતાનું નામ આલંબન રહ્યું ન હતું. એટલે એકલતાની લાગણીઓ એમને કોરી ખાવા લાગી હતી. ગમે તે કારણ હોય પણ એમણે થોડો સમય ક્યું ન ક્યુંને પાછા માંડલી ગામે જતા રહ્યાં. માંડલીમાં થોડો સમય રહ્યા પછી અમદાવાદ આવ્યાને વળી પાછા માંડલી ગયા.

વતનમાં મા ન હોતી. વચેટભાઇનું અવસાન થયું હતું. મોટાભાઇ પોતાના કુટુંબની પળોજણમાં ડુબેલા રહેતા હતા. બહેનો સાસરે વિદાય થઇ ગઇ હતી, આવી સ્થિતિમાં એમના જીવને ઠંડક વળતી ન હતી. કોઇક અજ્ઞાત વચ્ચે બેચેની એમને મૂંઝવતી હતી... ... ખરેખર સ્કૂલનું પટાંગણ છોડીને ભાવિના અંધકારમાં એમણે ઝંપલાવ્યું.

ડુંગરપુરામાં કાપડની દુકાન ખોલી પણ નફો કાંઇ ન દેખાતાં કે અન્ય કારણે થોડાક સમયમાં એ બંધ કરી અને ક્લાર્ક તરીકે નોકરીમાં જોડાયા. એય નોકરી છોડીને સાગવાડામા વેરહાઉસમાં

૫. પન્નાલાલ પટેલનું પ્રદાન, લે. રઘુવીર ચૌધરી, પ્રકા.વર્ષ.૧૯૯૫. પ્ર.આ. પૃ.૧૧.

મેનેજર તરીકે કામગીરી બજાવી, વળી પાછા આ બધી મોહ-માયાને તિલાંજલિ આપીને માંડલીમાં આવી આઠ દસ માસ અલગારી જીવન વિતાવવા લાગ્યા. ખેતરમાં હળ ખેડ્યા, મેળા મહાલ્યા અને એકદમ મનમોજી બનીને પાવાના સૂરો રેલાવ્યા.

પન્નાલાલનું લગ્ન તો સોળેક વર્ષે થયેલું પણ સંસાર ચક્ર ચાલું કર્યું ન હોતું ફરી પાછા ડુંગરપુરાને ત્યાંથી અમદાવાદ ગયા આમને આમ જ એમનાં ચક્કરો ચાલવા લાગ્યા. તરુણ વયના વરસો આમ અસ્થિરતા અને અનિશ્ચિતતામાં પસાર થતા ગયા કઠોર ને કારમી મજૂરી કરી, ધંધા ધાપા કરી જોયા, નોકરી કરી, ખેતી કરી... ... એમને એમની સામે વિકરાળ રૂપ લઇને ઊભા રહેલ નક્કર વાસ્તવિકતાનો સામનો કર્યો. આવી વિષમ સ્થિતિમાંય એમણે રંગીન સ્વપ્નોને સેવ્યાં હતાં. નારી સ્નેહની અકળ ઝંખના અને જીવનની ઊંડી તરસ અનુભવી હતી.

પન્નાલાલ પૂરા પચ્ચીસના થાય એ પૂર્વેતો એમણે લોકજીવનનો વિશાળ અનુભવ આત્મસાત્ કરી લીધો. બાહર ને અંદરની વાસ્તવીકતાને ઠીક ઠીક જટિલરૂપે પ્રત્યક્ષ કરી લીધી હતી.

ત્રીસીના સમયમાં ગુજરાત અને આખાય દેશમાં રાષ્ટ્રીય મુક્તિના આંદોલનો ગતિશીલ થયાં હતાં. ગાંધીજીના નેતૃત્વ હેઠળ હિંદુસ્તાનના આબાલવૃધ્ધ મુક્તિ આંદોલનમાં સક્રિય પણે જોડાઇને સિંહફાળો આપતાં હતાં. પન્નાલાલ પણ ડુંગરપુરના એક ખેડૂતવર્ગના પ્રતિનિધિ તરીકે જોડાયા હતા. જોકે ત્યાર પછીની ચળવળોમાં એમણે ભાગ લીધો ન હતો.

પચ્ચીસ વર્ષની અતિ સંઘર્ષભરી સ્થિતિમાંથી પસાર થયેલ પન્નાલાલ એક નવાજ તબક્કામાં નવાજ પ્રવેશ કરે છે. કલમની દિશામાં. અમદાવાદના પ્રેમાનંદ હોલમાં ગાંધીજીના પ્રમુખપણા નીચે ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં સુપ્રતિષ્ઠિત કવિ ઉમાશંકર પન્નાલાલને અમદાવાદ મળવા માટે બોલાવે છે બાળમિત્રો મળતા સુખ દુ:ખની આપલે તાય છે. પન્નાલાલને તેઓ લેખનની દિક્ષા આપે છે. અહીં એમની સુંદરમ્ સાથે પણ મુલાકાત થાય છે.

ફુરસદના સમયે લેખનનો આરંભ કરીને પહેલાં તો કવિતાઓ રચીને સુંદરમ્ને બતાવી પણ એમણે એનો સ્વીકાર કર્યો નહીં. કવિતાક્ષેત્રમાં ઝાઝું કાંઇ ઉકાળવાનું નથી એમ સ્વીકારી ચૂકેલા પન્નાલાલે વાર્તાલેખન તરફ કલમ અજમાવી જોઇ. સુંદરમ્ની એમા તરત જ સ્વીકૃતિ મળી જતાં એ. 'શેઠની શારદા' નામક વાર્તા 'ફૂલછાબ' માં પ્રગટ થઇ હતી. પ્રથમ વાર્તા સારા મેગેઝિનમાં છપાવાથી એમની શ્રધ્ધા બેવડાઇ ગઇ હતી. એમનો ઉત્સાહ જાગ્રત થયો અને અંદર મોટી આશા જન્મવા લાગી હતી. 'પ્રસ્થાન' ના સંપાદક તો કડક વિવેચક હતા એમને રીઝવી શકાય એવી કૃતિ સર્જવાના કોડ પન્નાલાલને જાગવા લાગ્યા અને એ 'ઘણીનું નાક' અને 'સુખ દુ:ખના સાથી' નામની વાર્તાઓ રા.વિ.પાઠકની કસોટીમાંથી ખરી ઊતરી. આથી એમનો ઉત્સાહ વધ્યો લેખક તરીકેની પોતાની શક્તિનો વિશ્વાસ દઢ થવા લાગ્યો.

જીવનના અપાર અનુભવોની ભીંસ જાણે કે એમને વાર્તા લેખન માટેનું પ્રેરણાસ્ત્રોત બનવા લાગ્યું હતું. ટૂંકા ફલકને સ્થાને હવે તેઓ લાંબી વાર્તાઓ તરફ વળવા માડ્યા હતા. 'ભીરુ સાથી' નામની પહેલી નવલકથાનું સર્જન કર્યું હતું. એ પછી જ્યંતિ દલાલે 'વળામણાં' લઘુકથાને ૧૯૪૦ માં રેખા પ્રકાશનના નેજા હેઠળ પ્રગટ કરી હતી. આ કૃતિમાં પન્નાલાલ જ્યાં જન્મ્યા હતા અને એમનો ઉછેર થયો હતો એ પ્રદેશના લોકજીવનનું એમની મર્યાદાઓ સાથે જ સચ્ચાઇભર્યું આલેખન એમણે

કર્યું હતું. ગામડાના પરિવેશની એ વાર્તા નો મેઘાણી જેવા સાહિત્યકારને પ્રિય બની ગઈ હતી. ઝવેરચંદ મેઘાણીના કહેવાથી એમણે 'ફૂલછાબ' માટે 'મળેલા જીવ' નવલકથાને માત્ર વીસ દિવસના ટૂંકાસમયમાં લખી આપી હતી. અભ્યાસ વિનાજ સર્જાયેલી કૃતિમાં સૌષ્ઠવપૂર્ણ ઘાટ પ્રાપ્ત થયો હતો. એમની સર્જકતાને મેઘાણીએ ખુલ્લે મોઢે વખાણી હતી અને ઉમળકાભેર એ કૃતિનો પ્રસ્તાવ લખી આપી હતી.'વળામણાં'અને 'મળેલા જીવ' આ બે કૃતિઓના પ્રદાનથી તેઓ ગુજરાતી ભાષાના સર્જક તરીકે કીર્તિ કમાઇ ચૂક્યા હતા. આબન્નેય કૃતિ ગુજરાતી કથા સાહિત્યની સીમા ચિન્હ એવી એમની પ્રતિભા જ્યારે પૂર્ણ પણે હતી ત્યાં જ અન્ય કોઇ કારણસર તેઓ અમદાવાદથી વતનમાં જતા રહ્યા. ખેતીના વ્યવસાયમાં ઠરી ઠામ થયા ન થયા ત્યાં આગળ તો મુંબઇથી આમંત્રણ આવ્યું એમની 'મળેલાજીવ' નવલકથા પર ફિલ્મ રચાતાં એમને પટકથા માટે ત્યાં બોલાવ્યા હતા.એમાં એમણે બાળમિત્ર ઉમાશંકરનો સહયોગ પ્રાપ્ત થતાં તેઓ ફિલ્મી દુનિયામાં વિહરતા થયા હતા. મુંબઇમાં પ્રથમ પુત્રી રમા બીમારીમાં મૃત્યુ પામી,દુ:ખી બનેલું દંપતી વળી પાછું મુંબઇથી માંડલીમાં આવ્યું મેઘાણીએ તો એમને ફિલ્મી લાઇનમાં ન જવાની ચેતવણી-ચ આપી હતી. ગામમાં પુત્રનો જન્મ થયો ને આઠેક માસનો થઇને મૃત્યુ પામતાં વેદના અને ખાલીપો વિસરવા સારું વળી પાછાં લેખનકાર્યમાં તેઓ વ્યસ્ત રહેવા લાગ્યા.

એમને ક્ષય રોગની બીમારી હતી. એ માતાજીના આશ્રમમાં રહ્યાં ત્યાં ઓપરેશન વિના જ એમનું સ્વાસ્થ્ય સુધરવા લાગ્યું. એ માંડલીમાં ૧૯૫૮ સુધી રહ્યા પછી પોતાના પુત્રો-પુત્રીને સારી રીતે ભણાવવા કાયમી વસવાટ માટે આવ્યા. લેખનને જ આજીવિકાનું સાધન બનાવીને તેઓ લખ્યે જ ગયા અને ૧૯૭૧ થી પ્રકાશન પ્રવૃત્તિનો આરંભ કરીને પૌરાણિક કથાઓનું સર્જન કરવામાં ગૂથાયા અને સાધના પ્રકાશનને પગભર કરવામાં રોકાયા. આરંભ સમયે સર્જાયેલી કૃતિઓનું પાછળના સમયમાં પુન:મૂલ્યાકંનો થતાં જીવનના આરંભે મળેલી કીર્તિ પાછળથી બેવડાઇ ગઇ.ગાંધીજીએ નિર્દેશેલા માર્ગે નહી પણ પોતાની નસેનસમાં ભળી ગયેલા પ્રાદેશિક પરિવેશને લઇને તેઓએ સાહિત્ય જગતમાં પ્રવેશ કર્યો. આધુનિક સમયની સાહિત્ય વિચારણાને તેઓએ સ્પર્શજ ન કર્યો. સુરેશ જોષી એ ચીંધેલા ઘટના-તિરોધાનને તેઓ સ્વીકારી શક્યા ન હતા પરંતુ તેઓએ નગરજીવનને ઓળખવામાં થાપ ખાધી નહોતી.

આમ અનેક વિટંબણાઓમાંથી પસાર થઇને તેઓએગુજરાતી સાહિત્યકાર તરીકે કીર્તિ મેળવી હતી.

'વળામણાં' ૧૯૪૦ માં પ્રગટ થયેલી પન્નાલાલ પટેલની કૃતિને વિવેચકોએ લઘુનવલ,ટૂંકીવાર્તા કે નવલકથા તરીકે ઓળખાવી છે. સુથાર કોમની કન્યા ઝમકુને વેચવા નીકળેલા ગામના મુખી મનોરદા ઝમકુના સાચ્ચા અર્થમાં 'વળામણાં' કરે છે એ કથાવસ્તુ છે. આ કૃતિમાં નિરૂપાયેલી પરિસ્થિતિ ની પસંદગીમાં પન્નાલાલનું સર્જક મન ન્યારું છે ઘણા પ્રસંગો કૃતિમાં નિરૂપાયા હોવા છતાં એની વચ્ચે રહેલા માનવમનને તાગવાનો લેખકનો ઉપક્રમ રહ્યોછે. કુતૂહલથી શરૂઆત પામતી કથા ધીમે ધીમે સંઘર્ષમાં સરી પડે છે. પરનાતમાં લગ્ન કરીને પાછી ફરેલી ઝમકુને ન્યાતના રૂઢિચૂસ્ત રિવાજોમાંથી ઉગરવા જતી જમનાના પાત્રનિરૂપણમાં સર્જક સામાજિક વાસ્તવને અને માતૃહૃદયની વત્સલતાને આલેખી છે. આ બે સ્થિતિમાં રહેસાતી જમનાના ચરિત્રચિત્રણમાં સર્જકનો જબરજસ્ત સ્પર્શ જોવા

મળે છે. ઝમકુને વેચી થોડા રૂપિયા કમાઇ લેવાની વૃત્તિ ધરાવતા મુખીની લોલુપતા અને ઝમકુના ભોળા ને નિખાલસ વ્યક્તિત્વ આગળ ફિકકી પડી જાય છે અને એ સાચા અર્થમા મનોરદા બની રહે છે. અમરસિંહની લોલુપતા ને બહેચરનું રૂઢિચૂસ્ત માનસ એમના વર્તનમાંથી વ્યકત થયું છે. નાટયાત્મક પરિમાણ અને જાનપદી ભાષામાં નિરૂપાયેલા સંવાદ કૃતિનું જમાપાચું છે.

ગ્રામ્ય પરિવેશ જેમની નસેનસમાં વહે છે એવા સર્જકે કહેવતો, રૂઢિપ્રયોગો ને લોકબોલીના શબ્દોને કૃતિમાં સમર્થતાથી પ્રયોજી આપ્યા છે.

'મળેલા જીવ' એ પન્નાલાલનો યશ અપાવતી જાનપદી નવલકથા છે. ગુજરાતી નવલકથાઓમાં સર્વોત્તમ સીમાસ્તંભ કૃતિ તરીકે એની ગણના થાય છે. લોહી સાથે ભળેલું ગામડું અને એનાં માહોલ તથા પ્રેમનાં ગાઢ સંવેદનોને સર્જકે બરાબર પકડી રાખ્યાં છે. 'અવતરણ' તરીકે ઓળખાવતા પન્નાલાલની આ કૃતિ કલાકસોટીમાં પાર ઉતરે એવી પ્રતિભાસંપન્ન છે. કથાપટની અશિથિલ પકડ, ભાવસૃષ્ટિનું સંવેદન, કથાતંતુની ગૂંથણીમાં એમનું કોશલ જોઇ શકાય છે.

જન્માષ્ટમીના મેળામાં આકસ્મિત રીતે ભેગાસ્ થયેલા કાનજી અને જીવી એક જીવના હોય એવી લાગણી અનુભવે છે. પ્રેમની જટિલ સમસ્યા એ કથાવસ્તુ છે. સમાજના રૂઢિચૂસ્ત રિવાજોને કારણે કાનજી જીવીને પોતાના ગામના ધૂળિયાં સાથે લગ્ન કરાવીને આંખો સામે રાખે છે. વહેમીને અદેખું માનસ ધરાવતો જીવી પર અસહ્ય જુલમ ગુજારે છે. પરિણામે પારખાં કાનજીનો ગામવટો, ધૂળાનું કમોત, જીવીની ગાંડપણની અવસ્થા કથાને મજબૂત બનાવી આપે છે. પણ કથાનકને અંતે કાનજી જીવીને પોતાની કરીને જીવ મળ્યાનો આનંદ મેળવે છે. બાહ્યઘટનાઓ નીચે વહેતો કરુણ લાગણીનો ભાવ કૃતિનું ઉપંચ છે. જન્માષ્ટમીના મેળાથી આરંભાયેલી કથા બીજા વર્ષના કાર્તિકી પૂનમના મેળા વચ્ચેના સમયમાં બનતા બનાવોમાં કાનજી ને જીવીનાં હૈયાને ભવોભવની વેદનાનો અનુભવ કરાવે છે. કાનજી-જીવીનો વિયોગી પ્રેમ કથાનું ચાલકબળ છે.

ગ્રામીણ પરીવેશમાં વિહરતાં પાત્રોના હૃદયની ઊંડાણ ઘરાને જોવી અને એને અભિવ્યકત કરવી એ સર્જકનો આશય છે. કાનજી, જીવી, ભગત, હિતો, ધૂળિયો જેવા પાત્રોમાં નિરૂપણમાં એમાંય જીવીના પાત્રનિરૂપણમાં એમની લેખિની મ્હોરી ઊઠે છે. પાત્રો પોતાના નોખી ઓળખ જાળવી રાખે છે.

ગામડા ગામની સ્થિતિ, તળપદા જનજીવનની માહિતી, ગામડાનું માનસ, સામાજિક, ધાર્મિક ઉત્સવો અને લોકકથા, લોકગીતો, લોકભાષા, કહેવતો, રૂઢિપ્રયોગો વિગેરેનો પન્નાલાલે સમર્થ વિનિયોગ કર્યો છે.

'મળેલા જીવ' અને 'માનવીની ભવાઇ' આ બે કૃતિઓ વચ્ચે પન્નાલાલે 'ભીરુ સાથી' 'યોવના' અને 'સુરભી' નવલકથાઓનું સર્જન કર્યું હતું. બે રચનામાં શહેરી પરિવેશનું આલેખન કરતી રંજન ધર્મી પ્રણયકથા છે. કલાત્મક કસોટીએ ઊણી ઉતરે એવી આ કૃતિઓને જોઇને ઝવેરચંદ મેઘાણીએ આમ કહ્યું: 'ભાઇ! તું જે પાણીનું માછલું છે તેમાં જ રહેજે, નહિતર તું મૂવો પડયો છે! તારું તારાપણું રાખજે.' મેઘાણીની એ ચીમકીને પન્નાલાલે ધ્યાનમાં લીધી હતી. આથીજ એમની ઉત્કૃષ્ટ સાહિત્યસર્જનની પ્રતિભા 'માનવીની ભવાઇ' માં જોવા મળે છે. એ પછી 'ભાંગ્યા ભેરું' અને 'ઘમ્મર વલોણું ભાગ-૧ અને ૨' નું આગમન પન્નાલાલની નવલકથાની કીર્તિમાં કળશ ચઢાવે છે અને ગુજરાતી

સાહિત્યના નવલકથા સાહિત્ય જગતમાં અગ્રગણય સર્જક બની રહે છે.

'માનવીની ભવાઇ' નવલકથામાં કાળુ-રાજુના પ્રણય, પરિણય અને પ્રભુતા પ્રાપ્તિના નિમિત્તે ઇશાનિયા મુલક અને એના લોકસમુદાયની આર્થિક, ધાર્મિક, સામજિક, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને અનેક રીતે પન્નાલાલ સ્પર્શી છે. કથાનકના મૂળમાં 'કાળ' રહ્યો છે. કાળમાં જ ગામ, ગામમાં લોકો અને લોકોમાં કાળુ ને રાજુ છે. એમને પામવાની ગડમથલ આ કૃતિમાં આલેખાઇ છે.

પ્રથમ ખંડમાં કાળુ-રાજુના સંકુલ સંબંધો પ્રગટે છે અને સાથે છપ્પનિયા દુષ્કાળની ભયાનકતા તાદૃશ્ય થાય છે. ઘાસઘારા ના કાળમાંથી ઉગરવાની પ્રવૃત્તિમાં કાળુ આગેવાન બને છે. આ કથા નિમિત્તે સર્જકે કાળને ખોલવાનો પ્રયાસ કર્યો છે. આથી આ કૃતિને 'કાળપ્રધાન કૃતિ કહેવાઇ છે.'[૬] પન્નાલાલે કાળનું આધિપત્ય ઉપસે એવું આલેખન કરીને મહત્વાકાંક્ષી છલાંગ મારીને સમય અવધિ, દુષ્કાળ, મૃત્યુ, વિનાશને અભિવ્યક્ત કરીને કલાધાર આપ્યો છે. એમની આ કૃતિને લલ્લુભાઇ પટેલ કાળલીલાની વિવિધ ભંગિમાને છટાથી મૂર્ત કરનારો 'અખંડ રાસ' છે.

વિષયવાસના અને પેટની ભૂખ જેવી આદિમ વૃત્તિને સર્જકે આમાં રજુ કર્યો છે. 'ઉજળ આભલે અમી' પ્રકરણમાં સર્જકીય પ્રતિભાના ઉન્મેષો પ્રગટ થાય છે. કાળુ-રાજુની હૃદયની ભૂખ સાથે દેહની ભૂખ તૃપ્ત થાય છે. એનું સરસ આલેખન થયું છે. માનવીય પ્રણય અને પરાક્રમનું સમર્થ આલેખન અહીં થયું છે. માનવમનના અતાગ એવા પ્રદેશમાં ડોકિયું કરીને ભાવશ્વિને ગોચર બનાવ્યુ છે. એમાં ઋતુઓના વિવિધ ચિત્રો અનન્ય છે. 'પાછલે બારણે' એ એમને યશ અપાવતી લઘુનવલ છે. સુશ્લિષ્ટ કથાબંધ અને એમાં નિરૂપાયેલું માનવમનના સંચલનોનું ચિત્રણ તથા બાની નિવ્યાર્જ પારદર્શકતા કૃતિને ઉપસાવી આપે છે. આ કૃતિમાં દેશી રજવાડાની આંતરિક ખટપટમાંથી જન્મતી ઘટનાઓને વર્ણવી લેખકે માતૃહૃદયની ઊર્મિને અભિવ્યક્ત કરી છે. અહીં અહિંસા, અસહકાર આત્મગૌરવ માટેની સભાનતા, હકકને સ્થાપિત કરવાની પ્રબળ ઇચ્છા, ન્યાય મેળવવા માથું ઊંચકવાની ઉચ્ચ ભાવના વગેરે ગાંધીવિચાર ધારાઓ જોવા મળે છે. હિંમતની દેશપ્રેમની પ્રવૃત્તિમાં ગાંધીજીની તત્કાલીન ચળવળના અણસારો જોવા મળે છે.

કુંવરબાઇ આ કૃતિનું કરુણ પાત્ર છે. પન્નાલાલે એને સનાતન જનનીના રૂપે નિરૂપીને સાચા અર્થમાં ધરતીની માતા બનાવી છે. કદ્યાગરો પતિ અને શાંતિ અર્પે એવાં બાળકો હોવા છતાં અમરની યાદ એણે કાંટાની જેમ વીંધીનાંખે છે. બે પુત્રો વચ્ચે રચાયેલી અંટશને પરિણામે પુત્રને હાથેજ અપમાનિત થવાનો સંજોગો ઊભા થાય છે. પન્નાલાલની તાજગીપૂર્ણ જીવન ભાષા અહીં જોવા મળે છે. કૃતિના આરંભે નિરૂપાયેલું વાતાવરણ ચિત્ર કાવ્યમય કલ્પનાવૈભવથી ભરેલું લાગે છે.[૭] પાત્રના મનોભાવોને પ્રગટાવી આપે એવા સહસંબંધકો આજુબાજુના વાતાવરણમાંથી શોધીને સમર્થ વિનિયોગ કરી આપવામાં પન્નાલાલની સર્જકતા જોવા મળે છે.

'ના છુટકે' નવલકથા અડધી રચાઇ હશે ત્યાં 'માનવીની ભવાઇ' એ પન્નાલાલના હૃદયનો કબજો લઇ લીધો. એ પછી 'પાછલા બારણે' રચાઇ અને આ કૃતિ એક દસકા પછી પ્રસિધ્ધ થઇ હતી. વારસામાં મળેલા સંસ્કારો અને અનુભવોની મૂડી પર આ કૃતિ રચાઇ હતી. એમની અન્ય કૃતિની

૬. વાગીશ્વરના કર્ણ ફૂલો, લે દર્શક, પ્રકા.વર્ષ, ૧૯૬૩ પૃ. ૧૮૬

૭. પન્નાલાલનું પ્રદાન, લે. રઘુવીર ચૌધરી, પ્રકા. વર્ષ. ૧૯૯૫, પ્ર.આ. પૃ.

જેમ જ અહીં જીવ મળ્યા જેવા પ્રણય-પરિણયની હૈયાવલોપતી સમસ્યાને ગૂંથવામાં આવી છે. ડામોર અને કટારાં કોમના જીવનની હાડમારીનું ચિત્રણ થયું છે. બેતાલીના જાગીરદારી વગડાઉ નામને બરદાસ્ત કરવા પડતાં અન્યાય, અત્યાચારો, શોષણ સામે આળસ મરડીને ઊભી થતી લોકશક્તિના સુક્ષ્મ સ્થૂળ સંચારનો આલેખ આમાં નિરૂપાયો છે. અનેક કેન્દ્રોએથી મતલબી રાજકારણી, બહારવટિયા, ખંધા આગેવાનો, જુલ્મી રાજકર્તાઓના તાણાવાણાં અહીં ગૂંથાયા છે. આથી આ કૃતિને આગવો કલાઘાટ સાંપડ્યો છે.

ત્રણ તબ્બકામાં આ કથાને સર્જકે ગૂંથી છે. દરિયાવ-રૂમાલ વચ્ચે તરુણવયથી પ્રેમ હોવા છતાં એમના લગ્નમાં અંતરાય આવે ત્યાં સુધી પ્રથમ. એમના લગ્ન થાય ત્યાં બીજા અને ત્રીજામાં રૂમાલ-દરિયાવ, દલો, મથૂરો અને ઠાકોર તેમજ અન્ય પાત્રોનું સાતત્ય રહે છે. અહીં પ્રજાનો સંદર્ભ રહેલો છે.

રૂમાલ-દરિયાવના પ્રણય સંબંધના નિરૂપણમાં ઊર્મિસંચલનનું શબ્દાંકન સ્વાભાવિક અને મોહક છે. નાટ્યાત્મક અભિવ્યક્તિમાં સર્જકની કલાસૂઝ અને રજવાડા પાસેનો એમનો પ્રકોપ તથા ગાંધી વિચારધારા પ્રત્યેનો અભિગમ માનવપ્રેમને વિસ્તારી આપે છે.

'પડઘા અને પડછાયાં' એ 'જન્મભૂમિ-પ્રવાસી' માં હપ્તાવાર છપાયેલી સામાજિક નવલકથામાં પણ પ્રણયકથા છે. કૃતિમાં રસ જમાવીને કથાને કહેવાની ફાવટ પન્નાલાલમાં અનન્ય છે એ અહીં જોવા મળે છે. અહીં બે પેઢીની કથા છે. આજની પેઢીના કથાનાયકના પિતા અને નાયિકાની માતા લગ્નના બંધન સુધી પહોંચી નહીં શકેલાં માટે એ પ્રેમ કથામાં અગોચર છે. આથી સર્જકે પીઠઝબકારનો વિન્યાસ કરીને સરલાબેનના મનની મૂંઝવણો અને એનો ભૂતકાળ તેમજ એના કારુણ્યને અભિવ્યકત કર્યા છે. ઉમા અને ડ્રાઇવરી કરતા કિશોરનાં પ્રેમને આરંભથી નડતી મુશ્કેલીઓથી એમની ઉત્કટતા વધારી એમના સુખદ અંત સુધી રંગમંચ પર નાટક ભજવાય છે.

સાહજિક અને સ્વાભાવિક વસ્તુવાળી આ કૃતિને એટલી પ્રશંસા મળતી નથી. આ કૃતિમાં મનોનિરૂપણની સાથે મિતાક્ષરી પણ ચમત્કૃતિવાળાં પ્રકૃતિ વર્ણન અને અલંકાર જોવા મળે છે.

'કરોળિયાનું જાળું' કૃતિનું શીર્ષક જ ધ્યાનાકર્ષક છે. સામાન્ય કથાવસ્તુ પર રચાયેલી આ કૃતિમાં મોટાભાઇની પત્નીનું અવસાન થવાથી નાના ભાઇને પરણાવવામાં આવે તો મોટાભાઇના લગ્ન થઇ શકે એમ ન હોતાં એટલે નાનાભાઇની વાગ્દતાની સાથેજ મોટાભાઇના લગ્ન થાય છે. કથાની નાયિકા ચૂપ રહીને સહન કરે એવી ન હોવાથી એતો પતિને જેઠરૂપે અને દિયરને પતિ માનીને પત્નીની જેમ વર્તે છે. આકર્ષણ દેહસુધી વિસ્તરતાં પતિને માર્ગમાંથી કઇ રીતે કાઢવો? નાયિકાના પતિને બધી જાણ થતાં એ ઊંડા ઘરામાં પડતું મૂકે છે આથી દિયર-ભાભી વચ્ચે લગ્ન રચાય છે. વર્ષો પછી એવું જાણવા મળે છે કે: રાયમલ જીવતો છે, લોકો એને ભૂત કહે છે આ જીવતા ભૂતથી કથાનો આરંભ થાય છે. સર્જકે પીઠઝબકારનો અહી સમર્થ વિન્યાસ કર્યો છે.

ધારાવાહીરૂપે પ્રગટ થતી નવલકથાના જિજ્ઞાસારસને ટકાવી રાખવા પાત્રોને પ્રસંગને એ રીતે આલેખ્યા છે. કથાની શરૂઆતમાંજ અંતની જાણ થઇ જાય છે. આ કૃતિમાં પાત્રનિરૂપણ અને પ્રસંગનિરૂપણમાં પન્નાલાલીય શૈલીએ ઝાઝું કશું ઉકાળ્યું હોય એમ દેખાતું નથી. પાત્રોની સામે

ઉદ્ભવતી પરિસ્થિતિ કટોકટી ભરી છે. દુધા સાથેના સંબંધથી કેસરીને માતૃત્વપદ પ્રાપ્ત થતાં પૂર્વે તંગદિલીના વાતાવરણમાં, એ સ્થિતિમાંથી બહાર આવવા મથતા કેસરી-દુધાના નિરૂપણમાં ગર્ભનો નાશ કરવા જતી કેસરીમાં માતૃત્વભાવ જાગે છે, તો રાયમલનું કાસળ કાઢવાની વાતથી ગભરાઇ જતી અને પિતાની ઇજ્જતનોય વિચાર કરતી ભાઇના ખૂન કરવા જતાં દુધા પ્રત્યે ઘૃણા અનુભવતીને રાયમલ પ્રત્યે હમદર્દી અનુભવતી કેસરીના પાત્રનિરૂપણમાં પન્નાલાલનો સ્પર્શ પ્રાપ્ત થયો છે.

આ કૃતિમાં પ્રયોજાયેલી કથનરીતિ, લોકબોલીની વિવિધતા, અર્થસભર સંવાદો અને છટાઓ કૃતિને પોષક બનીને આવતી હોવા છતાં આ કૃતિ કલાકૃતિ બની શકી નથી.[૮]

'આંધી અષાઢની' કૃતિમાં ત્રીજે માળે પડેલો ખાટલો અન્યને વાગીન બેસે એ માટે તારા ત્રીજે માળે જાય છે. ત્યાં આગળ અજાણ્યા પુરુષને પોતાનો દેહ આપીને વાસનાની આંધીનું શમન કરે છે. જરાય ઓળખાણ વિના પરપુરુષને દેહ આપતી તારા સગર્ભા બનતાં વિદુલા એને નોકરીને બહાને સૌરાષ્ટ્ર લઇ જાય છે. અહીં 'મહાભારત'ની 'કુંતી'નું સ્મરણ થઇ આવે છે. સૌરાષ્ટ્રમાં એ પુત્રનો જન્મ આપીને પાછી ફરીને નવીનચંદ્રને પરણી જાય છે. તારાએ છુટાછેડા લીધા હોવા છતાં ઉદારચરિત્રવાળા પતિ નવીનચંદ્રના ગંભીરરોગને કારણે એની સાથે જાય છે અને ત્યાં પેલા અજાણ્યા યુવકને ટ્રંકકોલ દ્વારા થતા વાર્તાલાપથી કથાનો અંત આવે છે.

તારા શ્યામને પોતાની આત્મકથાની નોટને અજાણી યુવતી તરીકે આપીને જતી રહે છે ને શ્યામ એ નોટબુક વાંચે છે ત્યાંથી કથાનો આરંભ થાય છે. આરંભની જેમજ કથાના અંતમાં પણ શ્યામને કેન્દ્રમાં રખાયો છે.

'વવો વતનમાં' આ કૃતિમાં વર્ષોપૂર્વે કાકા-કાકીના ત્રાસથી ભાંગી છૂટેલો અમરત 'અમરતકાકા' બનીને ગામડે (વતનમાં) આવે છે. ગામલોકો ઉમળકાભેર સ્વાગત કરે છે પરંતુ વતનમાં રહેવાના નિર્ણયથી ગામલોક વિચારતું બની જાય છે. પીઠઝબકારની મદદથી લેખકે પચ્ચાસ વર્ષના અતિતમાં ડૂબકી મારે છે. સળંગ વહેતી કૃતિમાં સ્મૃતિરૂપે ભૂતકાળના પ્રસંગો આવી જાય છે. પચ્ચાસથી વધુ વર્ષોનો પટ ધરાવતી કૃતિમાં વધારે પાત્રો કે ઘટના મુકાયાં નથી. સઘળું અમરતકાકાની આજુબાજુએ બન્યા કરે છે. અમરત ને પાલુનો સ્નેહ કેન્દ્રસ્થાને નથી.

'મીણ માટીના માનવી' આ કૃતિમાં પ્રણયત્રિકોણ ને જ્ઞાતિભેદને કારણે ઊભી થતી મુશ્કેલીઓ વર્ણવાઇ છે. સામાજિક સ્થિતિનું આલેખન કરીને વડ ચઢાવીને વળ ને લેખકે ઉકેલવા મથે છે. આ કૃતિમાં એમને મળેલી વારસાઇ ભાષાનું ખમીર જોવા મળે છે.

'અલ્લડ છોકરી' લેખકે પોતાના નાટકની કથાવસ્તુને નવલકથાના સ્વરૂપમાં ઢાળવાનો પ્રયોગ કર્યો છે. નાટકમાં અવિકસિત એવાં પાત્રો પ્રસંગોને સ્થળોનાં કથનવર્ણનથી કથાનકનો વિસ્તાર થયો છે. અગાઉની કૃતિની જેમ અહીંયા પણ "પ્રેમ" જ કેન્દ્રસ્થાને છે.

અલ્લડ સ્વભાવની કંચનના પાત્ર નિરૂપણમાં પન્નાલાલીય સત્ત્વ જોવા મળે છે. પ્રણય સંબંધોના નિરૂપણમાં સચ્ચાઇ અને સ્વાભાવિકતા છે. પ્રેમ, ત્યાગ અને રાગ વચ્ચે રહેંસાય છે અને વ્યથા પામે છે છતાંય એ ત્યાગને માર્ગે આગળ વધે છે. કંચન હરીશ સાથે પરણવાનું સાહસ ખેડે છે.

---

૮. એજન, પૃ. ૨૦૪

'ગલાલસિંહ' નવલકથાનો નાયક મધ્યકાલીન રજપૂતનો પ્રતિનિધિ સરખો લાગે છે. પ્રેમ, શૌર્ય અને ઔદાર્યભર્યા ગુણો એ માં હોવા જોઇએ. દુશ્મનો સામે બાથ ભીંડવા, તલવારની ધારે ચાલવુ પડે કે માથું કપાવવું પડે.

કથાને આરંભે ગલાલસિંહ કુલા પ્રત્યે આકર્ષણ અનુભવે છે અને કુલાય એને ચાહે છે એનો અણસાર ઘણીવાર મળ્યા કરે છે. છતાંય ગલાલસિંહ પાછલા વર્ષોમાં વટ ખાતર બે બહેનોને પરણે છે. બે પત્નીને એક સાથે માણવાના ઇરાદામાંથી ઉગારવા લેખકે આવી ક્ષણે એની માતાનો પ્રવેશ કરાવવો પડ્યો.

મુસ્લિમસૈન્યને દગાફટકાથી હરાવીને ગલાલસિંહ પોતાના શૌર્યને જાળવે છે. ઔદાર્ય દાખવવામાં ગલાલ પાછો ક્યાં પડે છે! ઇડરની ગાદી છોડી અને લૂંટેલો માલ પાછો આપે છે ત્યાં એની એ ઉદારતા સપાટીની બની રહે છે.

મારવાડી ભાષા પરત્વેનું લેખકનું પ્રભુત્વ ધ્યાન ખેંચે છે. છતાંય આ કૃતિ ઐતિહાસિક તરીકે ઝાઝું ગજું કાઢી શકી નથી.

'એક અનોખી પ્રીત' એ ભાવનાગ્રહી લઘુનવલ છે. પ્રથમ પ્રેમના સ્પંદનની આલ્હાદકતા ભરી રોમાંચક અનુભૂતિના નિરૂપણમાં દિવ્યપ્રેમની અભિવ્યક્તિ એમાં થઇ છે. નાયિકાની આત્મનિષ્ઠા પ્રબળ છે. માતા-પિતાનો મક્કમતાથી વિરોધ કરીને વીટી સાથે લગ્ન કરવાનું સાહસ એમાં છે. અહીં દિવ્યપ્રેમ તથા દામ્પત્યજીવન વિશેની ભાવનાને સર્જકે વીટી-નામના જીવન દ્વારા મૂર્ત કરાવી આપ્યાં છે. લગ્નજીવનની એક ઉન્નત ભાવનાની અભિવ્યક્તિ અહીં થઇ છે. કૃતિ મહર્ષિ અરવિંદ વિચારણા તરફ ઢળતી હોય એમ લાગે છે. એમામ નિરૂપાયેલા પાત્રો વાસ્તવલક્ષી, ભાવનાલક્ષી ને આદર્શવાદી છે. સહૃદયી, ઔદાર્યને તેજસ્વી પાત્રોને સંઘર્ષાત્મક સ્થિતિમાં મૂકીને આત્મશોધ ને આત્મમંથન દ્વારા શ્રેયના માર્ગે આગળ વિસ્તાર્યા છે.

વીટી-નીમના પાત્રોથી પન્નાલાલે કોલેજીયન યુવક-યુવતીના માનસનું દર્શન કરાવીને પાત્રના માનસમાંથી પ્રગટતો પ્રેમ, ઇર્ષા, મહત્વાકાંક્ષા, વિજાતીય આકર્ષણ વિગેરે ભાવોને જીવંત રીતે આલેખ્યા છે એની સામે રૂઢિચૂસ્ત હઠાગ્રહી, માન-પ્રતિષ્ઠાને જ સર્વોચ્ચ ગણતા વડિલોની છબિ પણ અહીં આલેખાઇ છે. માનવ ભીતરમાં ડુબકી મારીને અતાગભાવોને અભિવ્યક્ત કર્યો જેમકે વીટીની માતાના રસોઇ સાથેના અવૈધ સંબંધ. નાટ્યાત્મક પ્રસંગો, સંવાદો કે પાત્રના બ્રાહ્યજગતનાં પ્રતિભાવોને સર્જકે તાદૃશ્ય કરાવી આપ્યા છે. પરંપરાગત સામાજિક રૂઢિઓ, પરિવેશ અને નીતિના ધોરણે અને સાંસ્કૃતિક ચેતના ને ઉચ્ચ આદર્શોને પન્નાલાલે વિરોધી પરિસ્થિતિઓ દ્વારા મૂકી આપ્યા છે. આ અને આવી અનેક નવલકથાઓનું સર્જન કરનાર પન્નાલાલે એ કલાકૃતિમાં પોતાના હીરને જળકાવ્યું છે.

નવલિકાકાર પન્નાલાલ પટેલ

કાવ્ય સ્વરૂપથી સાહિત્ય ક્ષેત્રમાં પ્રવેશ કરનાર પન્નાલાલને સમજાયું કે કાવ્ય રચવામાં પોતાની પાસે હીર નથી એટલે એમણે ટૂંકીવાર્તા પર હાથ અજમાવવાનો પ્રયત્ન કર્યો અને સદભાગ્યે એમાં સારું પરિણામ આવ્યું. રા.વિ.પાઠક અને સુંદરમ્ ઉષ્માભેર એમની વાર્તાને આવકારી હતી.

થોડા સમય ગાળામાં એ પ્રતિષ્ઠિત વાર્તાકાર બની જતાં એમનો આત્મવિશ્વાસ દૃઢ થવા લાગ્યો. ટૂંકીવાર્તા માટે કથાવસ્તુની ખોટ એમને ક્યારેય વરતાઇ નથી. લોકજીવનના જાતભાતના અનુભવોનો ખજાનો એમની પાસે હતો. ગામડાં અને શહેરના માણસોનાં સુખ-દુઃખ, એમના સંઘર્ષો, વિટંબણાઓ એમણે જોઇ જાણી અને અનુભવી છે. ટૂંકીવાર્તામાં માનવજીવનની કોઇક એકાદ ક્ષણને જેમાં રહસ્યભરી ઘટના કે ભાવસ્થિતિ કે માનવહૈયાની ગૂંચ કે એના મનના ખૂણાનું વેધક દર્શન વર્ણવામાં આવ્યું છે પન્નાલાલને નવલિકાના ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થતાં જ એમણે અવિરતપણે આ સ્વરૂપનું ખેડાણ કર્યું છે.

'સુખ દુઃખના સાથી', 'જિંદગીના ખેલ', 'જીવો દાંડ', 'લખ ચોરાસી', 'પાનેતરનો રંગ', 'સાચા સમણાં', 'વાત્રકને કાંઠે', 'ઓરતા', 'પારેવડા', 'મનના મોરલા', 'તિલોત્તમા', 'દિલની વાત', 'ધરતી આભના છેટાં', 'ત્યાગી અનુરાગી', 'દિલાસો', 'ચીતરેલી દિવાલો', 'મોરલીના મૂંગાસૂર', 'રંગમિનારા', 'માળો', ' વટનો કટકો', 'અણવર', 'કોઇ દેશી કોઇ પરદેશી', 'આસમાની નજર', 'બિન્ની', 'દેવનો દીધેલ', 'છણકો', 'ઘરનું ઘર' - આમ પન્નાલાલ પાસેથી સત્તાવીસ જેટલા વાર્તાસંગ્રહો પ્રાપ્ત થાય છે એમાંથી ચૂંટેલી વાર્તાઓના પાંચ સંપાદનોમાં 'પન્નાલાલની શ્રેષ્ઠ વાર્તાઓ', 'કડવો ઘૂંટડો', 'પન્નાલાલ વાર્તાવૈભવ', 'પન્નાલાલની વાર્તાઓ' અને 'વીણેલી નવલિકાઓ' પ્રગટ થયા છે. કોઇ વાર્તાકાર પાસેથી પ્રાપ્ત ન થાય એટલો જથ્થો પન્નાલાલ પાસેથી મળે છે. એમણે કારકિર્દીના આરંભમાં રચેલી વાર્તાઓમાં ઉત્કૃષ્ટ વાર્તાઓ આપી છે. એ પછી મોટા ભાગની રચનાઓ નીરસ ને વાસી બની રહી હતી. સમય જતાં બંધિયાર બની જતી વાર્તાની કથાવસ્તુમાં નવીનતા લાવવાનો એમણે ખાસ્સો પ્રયાસ કર્યો છે.

એમની ઉત્કૃષ્ટ વાર્તાઓમાં એમના નિજી જીવનની સંવેદના ટપકતી રહી છે. મોટાભાગની જનપદી જીવનને અભિવ્યક્ત કરતી વાર્તાઓ છે.- 'વાત્રકને કાંઠે', 'ઓરતા', 'ભાથીની વહુ', 'એળે નહી તો બેળે', 'ધરતી આભના છેટા', 'રેશમડી', 'મહેણાંની મોરલી', 'મશાણિયે વડલે', 'સાચી ગજિયાણીનું કાપડું', જેવી ગ્રામ્યજીવનની નવલિકાઓમાં પ્રેમ, લગ્નસંબંધ અને કુટુંબજીવનની કોઇ ગૂંચને આલેખવામાં આવી છે.

પન્નાલાલે આતંરસૂઝથી જ વાર્તાના સંવિધાન સાથે કામ કર્યું છે. એમની ઘણી રચનાઓ એની અનુભૂતિ કરાવી આપે છે. પન્નાલાલે જે સાહજિક વાર્તાકથાની રીતિ સ્વીકારી અને ખીલવી હતી એ સમય જતાં એકવિધતામાં સરી પડે છે. ઊંડાણના ગામડાનાં અને શહેરના ભદ્રસમાજનાં જુદી જુદી સ્થિતિમાં જીવતા માનવીઓની વાર્તાઓ એમણે સર્જી છે. એમા તરુણહૈયાંના પ્રેમસંબંધ, લગ્ન કે દામ્પત્યજીવનની ગૂંચ, માતૃત્વના પશ્નો અથવા તો કૌટુંબિક સંઘર્ષો રજુ થયા છે. આ જાતની વાર્તોના મુખ્ય પાત્રોની સ્થિતિ એમની માનસિક ભૂમિકા. આંટીઘૂંટી અને એનું વસ્તુ વૈવિધ્ય આપણામાં વસી જાય છે. 'વાત્રક ને કાંઠે', 'ઓરતા', 'એળે નહી તો બેળે' વાર્તાઓ નોખી છાપ ઊભી કરે છે. ગામડાના સપાટીના જીવનને બદલે એમનાં ઊંડાણમાં ડોકિયું કરીને અંદર ચાલતી ઉથલપાથલને વેધકતાથી પકડીને રજુ થઇ છે. 'મા' આ રચનામાં ગામડાની દારુણ ગરીબીને કંગાલિયતને રજુ કરવામાં આવ્યો છે. ઘર ચલાવવાને અર્થે તાજી જન્મેલા પાડાને દુર કરી ભરણપોષણનો માર્ગ શોધતી

જલમની પત્નીનું એમા હૃદયદ્રાવક ચરિત્ર નિરૂપાયું છે. 'નેશનલ સેવિંગ' માં સીમાડા પરની ભીલ પ્રજાની ગરીબાઇનું ચિત્ર વ્યંગ વિનોદથી નિરૂપાતા એ ચોટદાર બને છે. 'વનબાળા', 'બલા' ને 'લાઇન દોરી' ભીલ સમાજની આસપાસ રચાયેલી વાર્તાઓ છે. 'એપણ રાત્રે' ને 'બોલતો બહેડા' માં પ્રજા સ્પર્શી જતા ભૂતપ્રેતના ખ્યાલો ગૂંથાયા છે. 'નાદાન છોકરો', 'મનહર', 'વાત વાતમાં', 'પખાલીને ડામ' ને 'તિલોત્તમા' જેવી વાર્તાઓ શિક્ષિત સમાજના પાત્રો અને એમના પ્રશ્નોને લઇને આવે છે. 'બાપુનો કૂતરો' નવલિકામાં અસ્ત પામતાં રજવાડાંની પોલી દુનિયાને ઠાકોરના પાળેલા કૂતરાને નિમિત્તે રજુ કર્યું છે.

'લાડુના જમણ' માં અઠવાડિયામાં બે-ત્રણવાર લાડુનું જમણ કરતો દેવશંકર અઢાર અઠવાડિયા કઇ રીતે લાડુ વિના કાઢે છે? અપૂરતી આવકને કારમી મોંઘવારીમા લાડુ બનાવવા પોસાય એમ ન હતું. એમાંય હવે ઘરમાં ચાર જણાં હતાં. નોકરી ગુમાવનાર દેવશંકર હોટલમાં લાડુ જમવા જાય છે ને ત્યાં એ અપમાનિત થતાં લાડુને બદલે દાળ-ભાતથી જ ચલાવી લે છે. આરંભથી હાસ્યને નિષ્પન્ન કરતી નવલિકા અનપેક્ષિત વળાંક પામે છે અને કરુણતામાં સરી પડે છે. 'ભૈયાદાદા' માત્ર લાગણી પ્રધાન વાર્તા બની રહે છે. 'ઘરવટ' નામની વાર્તા ય અંતે કરુણતામાં સરી જાય છે. નવલિકામાં નાયક સોસાયટીના લોકો સાથે આત્મીય સંબંધ ધરાવે છે પન એ સોસાયટીના લોકો એમની ગેરહાજરીમાં એમના વિરુધ્ધ અભિપ્રાય આપે છે. પન્નાલાલ દોશીના એ ભ્રમને ભાગે છે. આવીજ રાગયુક્ત 'પોપટ' વાર્તા છે. હપ્તાએ હાર્મોનિયમ લાવીને સંગીતગાનમાં એકાદ વર્ષથી તલ્લીન એવા પોપટલાલનો બીજાઓનાં વાણી-વર્તનથી ભ્રમભાગી જાય છે. સ્ટાફના કર્મચારીઓનો ઉપહાસ સમજીન શકે એવા ભલા ભોળા માનસની વાર્તા છે. આરંભનું ભવ્ય હાસ્ય વાર્તાન્તે કરુણતામાં સરી પડે છે.

'વાત્રકને કાંઠે' માં ત્રણેય પાત્રો સબળ છે. બે પતિમાંથી એક પણ નબળો નથી. બેમાંથી પ્રિય કોણ? એ નિર્ણય નવલથી થતો નથી. એ માત્ર સ્ત્રી છે. છ માસ પછી લંગડો પતિ જેલમાંથી છૂટીને આવ્યો ને પેલો નિર્દોષ જન્મટીપમાં પડ્યો ત્યારે નવલને લાગે છે કે - પેલો અભાગી એને વધારે વ્હાલો હતો. પન્નાલાલે આ નવલિકામાં નવલના હૃદયના સત્યને આમ પ્રગટાવ્યું છે - પરંતુ નવલને - વાત્રકને. એના ડાબા જમણા કાંઠા માટે પક્ષપાત હોય તો આ બેમાંથી એકના ઉપર હોય! એને તો - ડાબી ફૂટે તોય ને જમણી ફુટે તોય આંખ તો પોતાની જ હતી ને![10] આજ રીતે 'લાગણી' વાર્તા સર્જાય છે. 'મલક ઉપર' નામક નવલિકામાં ચમાર કોમનું દસ્તાવેજી ચિત્રને રાજકીય,. સામાજિક, આર્થિક પૂર્વાપર સમેત એમાં વાસ્તવિકતાથી પન્નાલાલે ઉપસાવ્યું છે. 'રહેમું સિપાઇ' જોર, જુલ્મન શોષણનો ભોગ બનતો રહેમુનું સર્જકે યથાર્થ સમભાવથી આંતરદર્શન કરાવ્યું છે. સર્જકની સર્જકતા અહીં જોવા મળે છે. 'રેવામાં' માં વાર્તાની નાયિકાના હૃદયમાં પશુપ્રત્યે પ્રગાઢ પ્રેમ છે. બીજી બાજુએ એ જ રેવાને રુગ્ણવર્તનથી ગોંધી રાખતો સામાજિક સંકેત છે. પન્નાલાલે આ સંકેત પરમ કરુનાને ક્રૂરતાથી આ રેવાને રસપૂર્વક તાકી રહે છે. આજ એમની સર્જકતાનો ચમત્કાર છે.

કોઇપણ પાત્રને નિશ્ચિત કરેલા બીબાંમાં પન્નાલાલ બેસાડતા નથી. પથ્થરથી કઠણ એવાં પાત્રો પણ ક્યારેક લાગણી પ્રવાહમાં સરી જતાં જોવામાં એમને રસ પડે છે. 'ઘણીનું નાક' મા વાલાને જણ થાય છે કે - ઝવેરે બીજાનું ઘર માંડ્યું છે. પત્નીએ પોતાનું નાક વાઢ્યું છે એમ લાગતા અને

૧૦. એજન, પૃ. ૩૧

મિત્રોની ઉશ્કેરણીથી ઝવેરને મોતને ઘાટ ઉતારવા જાય છે. ઝવેરને જોતાંજ વાલાને એનાં પ્રત્યે લાગણીભાવ પ્રગટી ઊઠે છે અને એ મિત્રોથી ઝવેરને બચાવી લે છે અનઅપેક્ષિત અંત અને નાયકનું આત્મદર્શન કરાવી આપતા અંતમાં સર્જકનો આ કીમિયો વાલા પ્રત્યે વાચકને સમભાવ જગાડી આપે છે.

'દેવરુપ' માં ગોલી કન્યાના પેટે અવતરેલા પોતાના પુત્રને જોઇને મહારાજા કહે છે કે: આજથી મારા રાજ્યમાં કોઇ ગુલામ નથી કે ગોલો નથી. સર્જકનો વાર્તા કરતાં એના ભાવમાં વિશેષ રસ રહ્યો છે.

ટૂંકીવાર્તા માટે ભાષાએ ઉપાદાન છે પરંતુ પ્રભુત્વ વિનાની ભાષા ન ચાલે. કેવળ ભાષાથી જ ઉત્તમ નવલિકા સર્જવી એ અતિ દુષ્કર સાહસ છે. ગળથૂથીમાંથી ગામડાની ભાષાને લોકભાષા પરનું પ્રભુત્વ અનેરું છે એ પ્રાદેશિક ભાષાથી અને પાત્રોના મન-વચન ને કર્મનું પ્રભતિકર નિરૂપણ કરવાની ક્ષમતા ધરાવે છે. પન્નાલાલ સારા વાર્તાકાર હોવા છતાંય એ એક ધંધાદારી લેખક છે. એમની ઘણી વાર્તાઓ કલાત્મક કસોટી ખરી નથી ઊતરતી છતાંય ઘણી ખરી વાર્તાઓમાં એમનું સર્જકત્વ ઝળકી ઊઠે એવું તો છે જ.

નાટ્યકાર પન્નાલાલ પટેલ

ટૂંકીવાર્તા અને નવલકથા ક્ષેત્રે પ્રતિષ્ઠિત થતાં થતાં પન્નાલાલે નાટ્ય-સ્વરૂપમાં પણ ખેડાણ કર્યું છે. એમને 'જમાઇરાજ', 'ચાંદો શે શામળો?', 'ઢોલિયા સાગ સીસમના', 'સપનાનાં સાથી', 'કંકણ', 'અલ્લડ છોકરી', 'સ્વપ્ન' અને 'ભણે નરસૈંયો' નાટ્ય કૃતિઓ સર્જી છે એમાં 'સપનાના સાથી' અને 'ચાંદો શે શામળો?' આ બે કૃતિઓ પશ્ચિમની નાટ્યકૃતિ આધારિત છે.

પન્નાલાલની મૌલિક નાટ્ય કૃતિઓ ઊણી ઉતરે એવી છે એમાં પન્નાલાલીય સ્પર્શ ક્યાંય વર્તાતો નથી. રહસ્યભરી નાટ્યવસ્તુનો આધાર હોવાથી 'સપનાના સાથી' ધ્યાન પાત્ર બની રહે છે. તીવ્ર સંવેદનમાંથી જન્મેલી 'મળેલા જીવ', 'માનવીની ભવાઇ' જેવી કોઇ તીવ્રતા નાટકોમાં જોવા મળતી નથી. વાર્તા, વસ્તુ, પાત્રો, નાટકી લાગે એવા પ્રસંગો હોવા છતાંય પન્નાલાલ પાસે નાટક ક્રિયાની પકડનો અભાવ દેખાય છે.

'જમાઇરાજ' એ એક લાંબી રચના છે. જુદાં જુદાં સ્થાનોમાં વિસ્તારની જુદાં જુદાં પાત્રોને વ્યાપમાં લઇ લેતી ઘટનાઓને વિગતોની પ્રચુરતને કારણે એ એકાંકી કરતા લાબાં નાટક જેવું લાગે છે.

દૂરના સીમાડાના એક કસબાના ધનાઢ્ય વેપારીની પુત્રી ચંદન અને એમનો ઘરજમાઇ બનવા માગતો કિશોરનો પ્રેમ અને લગ્ન વિષયક ગૂંચની આજુબાજુ આ નાટક રચાયું છે.

અહીં હીરજી પોતાની દીકરી-જમાઇના લગ્નમાં વિઘ્નરૂપ બને છે. આની સાથે ગોબર કલાલની મેલી રમત એમાં થોડી મુશ્કેલી ઉભી કરી આપે છે પણ એ સપાટી પરની લાગે છે. આવો અંત પણ અસ્વાભાવિક લાગે છે. શિથિલ સંવાદોને, પ્રસંગો, કથનથી ચાલે છે તથા નાટકીય ઘટનાનો ઉઘાડ દેખાતો નથી.

'વૈતરણી ને કાંઠે', 'દેવદ્વારે' અને 'ચિત્રગુપ્તને ચોપડે' આ ત્રણેય કૃતિ સામ્ય ધરાવે છે. એમાં નિરૂપાયેલું દશ્ય આપણા પરિચિત જગતનું ને પરલોકનું છે. આપણા પૌરાણિક જગત વિષયક વિચારો પર એ જગતને તાદ્રશ્ય કરવામાં આવ્યું છે. પૃથ્વીપર મૃત્યુ પામેલા માણા ઘનાનો જીવાત્મા આનું મુખ્ય પાત્ર છે. ત્રણેય નાટકમાં આ કથાવસ્તુ વિસ્તરી છે. પાછળની બે રચનામાં પૃથ્વી પરના

એના કાળી સાથેના પ્રણયવૃત્તાંતનો આધાર છે. આ નાટકમાં જ્ઞાતિનાં બંધનો સામે પન્નાલાલનો રોષ પ્રગટ થયો છે.

'એળે નહિ તો બેળે' આ એમની ટૂંકીવાર્તામાંથી રચાયેલી કૃતિ છે. હાસ્ય એકાંકી તરીકે એ સારી એવી સફળ નીવડી છે.

'ચાંદો શેં શામળો?' એ બ્લેક ઓફ ધી મુન' કૃતિ આધારિત છે. પરભાષી નાટ્યકૃતિમાં પન્નાલાલે સહજતાથી છૂટ લીધી છે. પ્રેતલોકના ભૈરવને પૃથ્વી પરની સ્ત્રીના પ્રેમની તીવ્રઝંખના જાગે છે કે વાસના જન્મે છે. દેવકૃપાથી એ પૃથ્વીપર ઊતરીને રતનનો સ્નેહ પામે છે. પ્રેતલોકના દેવની શરત પ્રમાણે ભૈરવનો સ્નેહ જે દિવસ નંદવાશે એ દિવસે એ પાછો પ્રેતલોકમાં આવતો રહેશે ને બન્યું પણ એવું કે રતન સાથે લગ્નસંબંધ પછી એકલતાની ક્ષણમાં અરજણ સાથે એકાંતમા રતન ગોષ્ઠિ કરે છે. અહીં સ્નેહ નંદવાતાં ભૈરવ શરત પ્રમાણે પાછો પ્રેતલોકમાં જતો રહે છે. સર્જકને ફાવી ગયેલું પ્રણયક્ષેત્ર અને એની ગૂંચ અહીં કથાનક બને છે. આ કૃતિનો માનવલોક પરાયો હોય એમ લાગ્યા કરે છે.

'ઢોલિયા સાગ સીસમના' આ એમનું મૌલિક ત્રિઅંકી નાટક છે. ત્રણ અંકના આઠ પ્રવેશકમાં રચાયેલી આ કૃતિમાં પરેશ ચીની આક્રમણના પ્રસંગે આપણા રાષ્ટ્રના સંરક્ષણ અર્થે લશ્કરમાં ભરતી થવા ઝંખે છે. તનુમતિની વેણી વાગતા આંખમાં ઇજા થતાં પરેશ-તનુમતિ વચ્ચે પ્રેમ થાય છે. પરંતુ પરેશના રૂમ પાર્ટનર નવીનના મનમાં ઇર્ષા જાગે છે. ત્યાગ અને રાગ વચ્ચે પરેશ સંઘર્ષ અનુભવે છે અંતે એ મોરચે જાય છે. બીજી બાજુ તનુમતિ રેડ ક્રોસ સોસાયટીમાં જોડાય છે. નાટ્યકૃતિમાં નિરૂપાયેલા પ્રસંગો છીછરા લાગે છે.

'સપનાનાં સાથી' એ અમેરિકન લેખક જહોન સ્ટાઇબેકના નાટક 'ઓફ માઇસ એન્ડ મેન' નું રૂપાંતર છે. સ્ટાઇનબેકના જ્યોર્જ અને લેનિ બન્ને ખેતમજૂરો છે. આ બન્ને ફાર્મ પર મજૂરી કરીને ગુજારો કરે છે. એમની આગળ પાછળ કોઇ રહ્યું નથી એટલે એ પરસ્પરને વળગી રહ્યા છે. લેનિનાં અળવીતરાને કારણે બન્નેને એક ફાર્મથી બીજે ફાર્મ ભટકવું પડે છે. લેનિને શેખચલ્લી વિચારો ઘરાવે છે પણ કમનસીબે માલિકની પુત્રવધૂ એક વિલક્ષણ પરિસ્થિતિમાં લેનિનું ગળું ઘૂંટી દે છે. લેનિને ઉગારવા માટે જ્યોર્જ પોતેજ જીવનનો કરુણ અંત લાવી દે છે.

'અલ્લડ છોકરી' આ એમનું મોટું નાટક છે. તરુણ- તરુણીઓના સ્નેહ અને લગ્ન સંબંધની ગૂંચ નાટ્યવસ્તુ છે. અમેરિકાથી પાછા ફરેલા હરીશ, તેની વાગ્દત્તા કંચન અને પ્રીતિ એ ત્રણની આસપાસ મુખ્ય પ્રસંગો પ્રયોજાયા છે. અમેરિકાથી પાછા ફરેલા હરીશને કંચન મળે એવી વ્યવસ્થા કરતી પ્રીતિ હરીશને પ્રેમ કરવા લાગે છે. હરીશ પણ પ્રીતિને ચાહે છે. બીજી બાજુ કંચન પણ જગદીશ પ્રત્યે આકર્ષણ અનુભવે છે. ગામના અગ્રણી ભાઇલાલભાઇ પોતાની કન્યા હરીશને પરણાવવાની પેરવીમાં હતા. નાટકમાં સંઘર્ષ જન્મે એ પહેલાં કથા સુખી અંત તરફ આગળ વધે છે. કંચન ને જગદીશ તથા પ્રીતિ ને હરીશના મિલનની ચોકકસ યોજના સાથે રચાયેલું નાટક ફિક્કું પડી જાય છે. અહીં એવો કોઇ નાટ્ય અવકાશ પ્રાપ્ત થયો નથી. પ્રસંગ છીછરા, ચપટી અને લિસ્સી સપાટીના સંવાદો જોવા મળે છે.

આત્મકથાકાર પન્નાલાલ પટેલ

'અલપઝલપ' એ પન્નાલાલની આત્મકથાના પુસ્તકમાં ૪૪ પ્રકરણ છે એમાં એમના બાળપણથી માંડીને ઇડર છોડયું ત્યાં સુધીનાં સ્મરણો આત્મકથાનાત્મક રૂપે રજુ થયાં છે. આ પછીની એમની શ્રમ અને સાધનાભરી જિંદગીનાં ચિત્રો નથી. આથી આત્મકથાની પૂર્તિ કરવાના ઇરાદાથી એમણે 'અછડતી ઓળખાણ' માં એમનું ટૂંકુ જીવન ચરિત્ર રજુ કર્યું છે. કોઇ ત્રાહિત વ્યક્તિ કથાને કહે એ રીતિથી પન્નાલાલે એમના જીવનના મુખ્ય પ્રસંગો ટૂંકાણમા નિરૂપ્યા છે. ઉમાશંકરે લખી આપેલી પ્રસ્તાવના પન્નાલાના વ્યક્તિત્વને ઉઘાડી આપે એવી છે.

'અલપઝલપ' માં પન્નાલાલનું બાળપણ અને કિશોર પણું માર્મિક રેખાઓથી ઉપસી આવે છે. આ કૃતિમાં ત્યાંનો પરિવેશ તીવ્રતાથી અનુભવાય છે. 'વિદ્યાનું ઘર', 'માની વિદાય' અને 'પ્રમાંજલિ' પ્રકરણમાં પન્નાલાલ જીવનના ઊંડા પ્રવાહને અનુલક્ષે છે. એમની મસ્તી, મિજાજ, અલ્લડતા અને સ્વાશ્રયી પણ જેવા તત્વોને 'આંજણી', 'વર્ગ એક મોનિટર', 'ધોતિયું અને કૂવો', 'પોર્ટરના પંજામાં', 'દોરીવાળા બૂટ' અને 'એમ અડબંગ દોસ્ત' પ્રકરણોમાં જોવા મળે છે.

બાળ સાહિત્યકાર : પન્નાલાલ પટેલ

પન્નાલાલ પટેલ પાસેથી ૧૯૭૦ પછીના સમયમાં બાળ સાહિત્ય પ્રાપ્ત થાય છે. એમના બાલસાહિત્ય સર્જનને બે વિભાગમાં વહેંચી અપાય એવું છે. એક - વાસ્તવજીવન પર આધારિત અને બીજું - મહાભારત, રામાયણ આદિ ધાર્મિક ને પૌરાણિક સાહિત્ય પર આધારિત છે. પહેલા ભાગમાં 'દેવનો દીધેલ', 'બાળ કિલ્લોલ ગ્રંથમાળા' અને 'વાર્તાકિલ્લોલ ગ્રંથમાળા' ને સમાવી શકાય જ્યારે બીજામાં 'મહાભારત કિશોરકથા', 'રામાયણ કિશોરકથા' અને 'શ્રીકૃષ્ણ કિશોરકથા' મુખ્યત્વે છે.

પન્નાલાલ પાસે વાર્તાના આરંભથીજ વાચકવર્ગને પાત્રોની ભાવસૃષ્ટિની સાથે એકરૂપ બનાવી દેવાની ગજબની શક્તિ છે. એ સામાજિક હોય કે પૌરાણિક હોય. એમનાં પાત્રો વાચકના દિમાગને જ નહીં એના હૃદયને સ્પર્શી જાય એવાં હોય છે. એટલે કે માનવહૃદયની સૂક્ષ્મ ભાવસૃષ્ટિને સુપેરે આલેખી જાણે છે.

'દેવનો દિધેલ' વાર્તામાં માતાના કહ્યા પ્રમાણે કથાનાયક ઉચ્ચ આદેશ ભાવનાના પંથે વિચરે છે. કામગરા હાથ ભુખે ન જ મરે. એ ઉક્તિને સાર્થક કરવા દેવા દાતરડું કુહાડી લઇને મહેનત કરવા નીકળી પડે છે. એનાંમાં રહેલી સચ્ચાઇ, નીતિ, માનવતા અને સંતના જેવી વાણી દેવોમાં જોવા મળે છે. એને મળતા અનેક પાત્રો દ્વારા લેખકે જગતની વાસ્તવિકતાને અભિવ્યક્ત કરી છે.

'બાળકિલ્લોલગ્રંથમાળા' માં બાળકથાઓ છે. આ બાળવાર્તાઓ બાળમાનસનું ઘડતર કરે એવી છે કેટલીક પ્રસિધ્ધ કથા, કેટલીક સત્ય ઘટનાઓ અને કેટલીક માહિતીપ્રધાન કથાઓ છે. આ ગ્રંથમાંની કેટલીક પ્રાણી કથાઓ પણ સામાજિક સંદર્ભ લઇ આવે છે.

'વાર્તા કિલ્લોલ ગ્રંથમાળા' માં બે ગુચ્છમાં ૮ પુસ્તિકાઓ છે. 'સરસારાણા' માં બુધ્ધિબળને રજુ કરતી પ્રાણીકથાઓ અને 'રડતી સોપારી હસતા પાન' માં ચમત્કારિક પરીકથાઓ છે. સત્વશીલ સામગ્રી પુરી પાડતી વાસ્તવિક, સામાજિક સંદર્ભોવાળી કથાઓના પાત્રોમાં મનોભાવના નિરૂપણમાં લેખકનું કૌશલ ઝળકી ઊઠે છે.

'પગખડાંની પાંખે' માં ગ્રામ્ય જીવનની વાસ્તવિકતાનું આલેખન થયું છે. આ કથાઓના કેન્દ્રમાં માનવતા જોવા મળે છે.

પૌરાણિક કથાનક પર આધારિત બાળકથાઓમાં 'મહાભારત કિશોરકથા' અને 'શ્રી કૃષ્ણ કિશોરકથા' કૃષ્ણના જીવન સાથે સંકળાયેલી કથાઓ છે અને 'રામકથા' માં રામના જીવન સાથે સંકળાયેલી કથાઓ છે. કૃષ્ણની કથાઓ કરતાં રામકથાના વર્ણનમાં પન્નાલાલ ઝાઝા ઝળકી ઊઠે છે.

આ ઉપરાંત એમની પાસેથી 'ઋષિકાળની કથાઓ' અને 'સત્યયુગની કથાઓ' પ્રગટ થાય છે. પરંતુ એ કૃતિઓની બાળ સાહિત્ય માં ગણના કરવા કરતાં આપણાં સૌ માટેની કથાઓના જેવી છે.

'સત્યયુગની કથાઓ' ના પાંચ સંપુટોમાં કુલ ૫૦ પુસ્તિકાઓ છે. આમાં આપણી ભવ્ય સંસ્કૃતિના ઇતિહાસને આલેખીને બાળકોથી માંડીને શિક્ષીતોને એનો પરિચય કરાવવાની ફરજ બજાવી છે. કિશોરને ધ્યાનમાં રાખીને રચાઇ હોવાથી એ બાળ સાહિત્યમાં સ્થાન પામે એવી કથાઓ નથી. છતાંય એમાં નિરૂપાયેલી ચિત્રાત્મક વર્ણનો ને એ રોચક બની રહે છે.

આમ એમના બાળ સાહિત્યના પ્રદાન પરત્વે દષ્ટિપાત કરીએ તો આ કૃતિઓનાં પાત્રો સાચા માણસ તરીકે જીવવાની પ્રેરણા આપે છે.

અન્ય સાહિત્ય સર્જન :-

વિવેચન એ પન્નાલાલનું ક્ષેત્ર નથી. પરંતુ સાહિત્ય વિશે એમણે પ્રસંગોપાત પોતાના સાહિત્યિક વિચારોને અભિવ્યક્ત કર્યા છે. એમની આ વિચારણા સાહિત્યના ઊંડા અભ્યાસમાંથી નહીં પરંતુ સાહિત્ય સર્જનના અનુભવોમાંથી પ્રગટી હોય એમ લાગે છે. સાહિત્યની વ્યાખ્યા આપતાં એમણે આમ કહ્યું - 'સાહિત્ય એટલે જીવનનું ભીતર બહાર પ્રતિબિંબ અથવા તો જીવનની લીલા'૧ છે. આ પ્રમાણે એમને કવિતાની ભાષા, નવલકથાની ભાષા, સાહિત્યમાં આકાર, આધુનિક સાહિત્ય જેવી મૃદ્દાઓ પરત્વે ટીકાટીપ્પણ કર્યા છે.

આ ઉપરાંત પણ એમને 'પૂર્ણયોગનું આચમન', 'યોગમાર્ગ', 'ઝાંખી' માં શ્રી અરવિંદ વિષયક વિચારણાનું આલેખન કર્યું છે.

આમ સાહિત્યના અનેક ક્ષેત્રોમાં પન્નાલાલે પોતાનો હાથ અજમાવ્યો છે અને એમને સાહિત્યિક સૂઝ વડે પોતાની સાહિત્યિક પ્રતિભાને ખિલવી છે.

૩.૨. પૌરાણિક નવલકથાકાર પન્નાલાલ

"પાર્થને કહો ચઢાવે બાણ"

દુર્વાસામુનિના પુત્રમંત્ર પર શંકા કુશંકા ઉત્પન્ન થવાથી કુંતી એ મંત્રને ચકાસી જોવાનો પ્રયત્ન કરે છે. પરિણામ રૂપે એ કર્ણને જન્મ આપે છે ને કથાનકના અંતે લોકલાજથી હૃદયના ઘરાતલમાં ભંડારી રાખેલું રહસ્ય અન્ય પાંચ પુત્રો સામે મૂકકતાથી કહી દે છે કે 'કર્ણને તમો જલાંજલિ આપો!' - મહાભારતના પ્રચલિત કથાવસ્તુને લેખકે સુશ્લિષ્ટ, દઢ રચનાબંધમાં ગૂંથી લઇને નવલકથા ' પાર્થને કહો ચઢાવે બાણ' ભાગ એક થી ભાગ પાંચ સુધી કથાપ્રવાહને નાસાગ્ર ગતિ આપી છે. કૃતિનો આરંભ અને અંત વર્તુળાકાર સર્જે છે.

કુંતી આ કૃતિનું નાભી પાત્ર છે. ફોર્સ્ટરની પરિભાષામાં કહીએ તો આ પાત્ર round character ના ખાનામાં ગોઠવવું પડે. મહાભારતના વિશાલ ફલકમાં અસ્ત વ્યસ્ત છવાયલી કથાવસ્તુઓને લેખકે શક્ય તેટલા સકળ સત્ત્વોને સાગરમાંથી ગાગરમાં સમાવવાનો પ્રયત્ન કર્યો છે.

છેલ્લા આઠ નવ વર્ષો દરમિયાન પન્નાલાલે પૌરાણિક નવલકથાઓની ગ્રંથમાળા આપી છે. 'પાર્થને કહો ચઢાવે બાણ', 'રામે સીતાને માર્યા જો', 'કૃષ્ણજીવનલીલા', 'શિવપાર્વતી' 'ભીષ્મની બાણશય્યા' ઇ.સ.૧૯૭૪ થી આરંભાઇને ૧૯૮૦ સુધીના સમયગાળામાં આ કૃતિઓનું સર્જન થયેલું. પુરાણકથાઓ કરતાં આધુનિક સમયની સર્જાયેલી નવલકથાઓનું આંતર સત્ય જુદું છે. એની ચેતના નિરાળી છે. આધુનિક નવલકથાનું વિશ્વ જુદી ઘરાતલ પર મંડાયેલું છે. આધુનિક સમયના પરિબળો વચ્ચે જીવતા કે સભાનપણે જીવવા મથતા માનવીઓની કથા છે. જીવનના સમવિષમ પરિબળો વચ્ચે પોતાપણું સિધ્ધ કરવાની પોતાની સર્વ આંતરિક સ્ત્રોતને લેખે લગાડવાની શક્તિ અને સીમા નિર્બળતા અને નિષ્ફળતાની એ રીતે પોતાની hriteness ની ઓળખ કરવાની અહીં વાત છે. આવા સમયગાળામાં પન્નાલાલ પટેલ પાછલા પગે પ્રયાણ કરીને પુરાણકથાઓના વિશ્વ પાસે જાય છે. પુરાણકથાઓ પાસે જઇને નવા (અર્થ) ને જોવાનો તેમનો અભિગમ રહ્યો છે. પન્નાલાલ પહેલા પણ મુનશી જેવા સમર્થ નવલકથાકારો પાસેથી પૌરાણિક નવલકથાઓ ગુજરાતી સાહિત્યને મળેલી છે. મરાઠી સાહિત્યમાં ઓગણીસસો સાઠથી ઓગણીસો સિત્તેરના દસકાની નવલકથાનો પ્રવાહ બે દિશામાં વહેવા લાગ્યો હતો. તેમનો એક પ્રવાહ ભૂતકાળ તરફ વળ્યો ઇતિહાસ - પુરાણકથામાના પુરુષોત્તમનું ચિત્રણ કરવું અને તે દ્વારા આજને માટે કશીક પ્રેરણા પ્રોત્સાહન અને આશા પણ ભેળવવી એવા હેતુથી આ સમપીવધિમાં કેટલીક નવલકથાઓ લખાઇ હતી. જેમ કે વિ.સ.ખાંડેકરની (યયાતિ) પ્રમોદકુમાર પટેલના પૌરાણિક નવલકથા અંતેના વિચારો પણ આવા જ છે. તેઓ એમ માને છે કે: લેખકે પૌરાણિક સામગ્રી નો ઉપયોગ કરીને પૌરાણિક પાત્રો કે પ્રસંગોનો પ્રતીકાત્મક વિનિયોગ કરીને એમાં આધુનિક માનવીનું સંવિદ તેની નિરબતો અને તેની ચિંતાઓને અભિવ્યક્ત કરવી જોઇએ. અહીં આ કૃતિમાં લેખકે એવો કોઇ 'અર્થ' ને તાગવાનો પ્રયત્ન કર્યો છે કે કેમ? એ કૃતિની સમીક્ષા સાથે તપાસ કરીશ. પણ, ફરી

પાછો એક પ્રશ્ન ઊભો થાય છે કે એક સાથે બે વસ્તુઓને તેઓ કઇ રીતે નિરૂપવા માગે છે મહાભારતની પુરકકથામાં નવો 'અર્થ' જોવાનો તેમનો અભિગમ રહ્યો છે અને તે સાથે મૂળકથાને વળગી રહેવાનો પ્રયત્ન પણ દેખાય છે. પ્રમોદકુમાર પટેલે યથાર્થ કહ્યું છે કે પન્નાલાલનો અભિગમ સ્પષ્ટ રીતે ઓળખવામાં મુશ્કેલી પણ છે. 'પાર્થને કહો ચઢાવે બાણ' ની પ્રસ્તાવનામાં તેમણે આ જાતનું નિવેદન કર્યું છે.

"આ નિરૂપણમાં વ્યાસ જ મને અભિપ્રેત છે...મારા આ પ્રયત્નમાં ભાષાથી માંડીને પ્રસંગો સંકલના નિરૂપણ તેમજ નવલકથાનું સ્વરૂપ વગેરે બધું જ મારૂં આગવું છે. ને એટલે જ 'પાર્થને કહો ચઢાવે બાણ' ને હું પુન: સર્જન કરું છું"[2]

લેખકના આ જાતના નિવેદનને લક્ષમાં લીધા પછી તેમના અભિગમ વિશે એકદમ સ્પષ્ટ થવાતું નથી. મૂળ કથાનકોનું 'પુન: સર્જન કરવાની વાતપન તેમણે કરી છે. તો પાત્ર કે પ્રસંગમાં નવો 'અર્થ' તાગવાની તેમની દષ્ટિ રહી છે. એમ કહ્યું છે. અને વળી મૂળ કથાનકની 'નજીક' રહેવાની વાત પણ કરી છે એટલે મૂળ કથાનકો સાથે તેઓએ ખરેખર કેવી રીતે કામ પીડયું છે એની ચર્ચા કૃતિના આધારે કરીશું.

બાળપણથી સેવાપરાયણ એવી મુગ્ધાવસ્થાની કુંતી દુર્વાસામુનિના આગમનથી પ્રસન્નતા અનુભવે છે ને એ પિતાજીને વધામણીના સમાચાર આપવા માટે દોડી જાય છે. દુર્વાસામુનિ એટલે શાપ આપનાર ઋષિ. એમનાં આગમનના સમાચાર સાંભળતા કુંતીભોજ ભય અનુભવે છે. પિતાજીના ભયને નિવારવાને અર્થે કુંતી દુર્વાસામુનિનું સેવાકાર્ય પોતાના શિરે લઇલે છે. કથાનકનું બીજ અહીં મુકાયું છે. કુંતીની સેવાથી પ્રસન્ન થઇને દુર્વાસામુનિ 'પુત્રપ્રાપ્તિ' નો મંત્ર વરદાન રૂપે આપે છે. મૂળ કથાનકમાં નિરૂપાયા ન હોય એવા પાત્રના આંતર સત્વને અને બાહ્યસત્વને લેખકે નિરૂપીને કૃતિનો કલાઘાટ આપ્યો છે. ઋષિના વરદાનથી દરેક માનવી પ્રસન્નતા અનુભવે પરંતુ કુંતી પ્રસન્નતાને અનુભવવાને બદલે મૂંઝવણ ને અનુભવે છે. પોતે કુંવારી છે અને પિતાજીએ પુત્ર પ્રાપ્તિ અર્થે અનેક યજ્ઞોને, તપ-સાધના-ભક્તિ કરી હતી છતાંય પુત્રપ્રાપ્તિ થઇ નહતી એ કુંતી જાણે છે.

આવાં કારણે એના મનમાં શંકા-કૂશંકા ઉત્પન્ન થાય છે કે દુર્વાસાનો મંત્ર સત્ય હશે? મજાક તો નહીં હોય ને? હું કુંવારી છું મારે પુત્રનું શું કામ? મુનિના કહેવાથી દેવ પુત્રદાન કરવા તો આવતા હશે? આવા અનેક વિચારોને કુંતીના મનોમંથનમાં નિરૂપીને લેખક કુંતીને મંત્ર ચકાસી જોવાની ભૂમિકાએ લઇ જાય છે.

'અમસ્તી તું ભય પામે છે. કશું જ થવાનું નથી.' વળી દુર્વાસા જેવા ઋષિનો મંત્ર નિરર્થક હોય નહિ એ જાતની શ્રધ્ધા સામે પણ કારણ એણે શોધી કાઢયું 'આતો આપણે અમસ્તા અમસ્તા ભણીએ એટલે, બાકી આપણે જો ગંભીર થઇને સકારણ મંત્ર ભણીએ તો જરૂર-'[3]

---

૧. માહિમની ખાડી. મધુ મંગેશ કર્ણિક, અનુ. દીપક મહેતા પ્રકા. ચ. ક્રા. પ્રસ્તાવના.

૨. પન્નાલાલ પટેલ, પ્રમોદકુમાર પટેલ પૃ ૧૧૦.

૩. 'પાર્થને કહો ચઢાવે બાણ', લે. પન્નાલાલ પટેલ, પૃ.૨૪.

અમસ્તા અમસ્તા જ મંત્રનો પ્રયોગ કુંતીએ કર્યો. પણ મંત્ર તો સિધ્ધ થઇને ઊભો રહ્યો. સૂર્યને જોતાં જ કુંતીના મનમાં સંઘર્ષ સર્જાય છે. વાસ્તવિક સ્થિતિનું જ્ઞાન થવાથી કુંતી સૂર્યને પાછા ફરવાનું વિનવે છે. લેખકે સૂર્ય અને કુંતીના મિલનને સાર્થક બનાવવા 'શ્વેતકેતુની કથા' સૂર્યના મુખે મૂકી છે. ઉદ્દાલક એની પત્ની અને એનો પુત્ર શ્વેતકેતુ બેઠા હોય છે. ત્યાં એક માણસ ઉદ્દાલકની પત્નીને ઘસડીને લઇ જાય છે. શ્વેતકેતું એનો વિરોધ કરે છે. ત્યારે ઉદ્દાલકે પુત્રને સમજાવતાં કહ્યું 'સ્ત્રી તો સ્વતંત્ર છે.' કુંતીને આ કથા કહીને સૂર્ય પુત્રદાન કરીને જતા રહે છે.

લેખકે પાત્રના મનમાં વિચારોને અભિવ્યક્ત કરીને એની આંતરિક સ્થિતિને ઉપસાવી આપે છે. કુંતી આ ઘટનાને સ્વપ્નમાં ખપાવવાનો પ્રયત્ન કરે છે ત્યાં એની નાદાની જોવા મળે છે પરંતુ સમયનો પ્રવાહ વીતતા સત્ય એની સામે ઊભું રહ્યું. નાયિકા પિતાને બધું કહી દેવા માગતી હોય છે. પરંતુ પિતા શું નું શું કરી બેસે એ બીકે કહેતી નથી. અહીં પ્રસંગાનુરૂપ કાઠું બંધાતું જાય છે આ પરિસ્થિતિમાંથી બહાર નીકળવા વનવિહારનો કાર્યક્રમ ગોઠવીને કુંતી દાસીને લઇને વનવિહારાર્થે જાય છે.

વનવિહારમાં લેખક વનનું પ્રકૃતિ નિરૂપણ કે નાયિકાના મનોમંથનોને નિરૂપવાનું ટાળીને કર્ણના જન્મના પ્રસંગનું નિરૂપણ કરે છે. કુંતી કર્ણને જન્મ આપે છે. નાયિકાના માતૃવાત્સલ્ય ભાવને ઉત્પન્ન કરાવવા લેખકે આવું વર્ણન કર્યું છે

'દાસીની મદદથી યોગ્ય સમયે પ્રસવ થયો. દાસી સાથે કુંતી પણ એ નવજાત શિશુનું રૂપ જોઇને દુ:ખ અને શોક ઘડીભર ભૂલી ગઇ.'

આનંદવિભોર બની રહી. સૂર્યની આભા ધરાવતું એ આખુંય અંગ કવચ અને કુંડળથી જગમગ જગમગ થતું હતું મોટી મોટી આંખો હતી. હાથ પગ વગેરે અંગો પણ નાનાં છતાંય ભરાવદાર હતાં . હર્ષઘેલી કુંતી બાળકને લઇને જ્યાં છાતીએ વળગાળવા જતી હતી ત્યાં જ દાસીએ એને ભાનમાં આણી 'હવે આનું કરવું છે કેમ?'[૪]

આવા અનુપમને અદભુત કર્ણના સૌંદર્યનું વર્ણન કરીને કુંતીના હૃદયમાં માતૃત્વવાત્સલ્ય ભાવને લેખકે જન્માવી આપ્યું છે ને દાસી મુખે વ્યંગોક્તિ મૂકીને કથાપ્રવાહને વળાંક આપીને ઉતરમાં બનતી ઘટનાઓ માટે પરિવેશ રચી આપ્યો છે. 'હવે આનું કરવું છે કેમ?' નાટ્યવ્યંગનો સમર્થ વિનિયોગ અહીં થયો છે. આના વિવિધ અર્થઘટનો ઉત્પન્ન થાય છે. દાસીના આ કથન કુંતીના માતૃત્વવાત્સલ્ય છિન્ન ભિન્ન કરી નાંખે છે – ને એને નકરી વાસ્તવિકતાની ધરાતલ પર લઇ આવે છે. દાસીના કહેવાથી અને લોકલાજથી ઉગરવા માટે પુત્રનો ત્યાગ કરવા તૈયાર થાય છે. પુત્રનો ત્યાગ કરવા તૈયાર થયેલી કુંતીનું માતૃહૃદયને સર્જક પાત્રના આંતરજગતમાં ચાલતા ભાવોને અને પાત્રની બાહ્ય ગતિવિધિનું નિરૂપણ લેખકે આમ કરીને પ્રસંગને વધુ કરુણ બનાવ્યો છે.

'વહેતો! ગંગામાં! કુંતીની આંખો ફાટી ગઇ. રખેને જાણે દાસી એની પાસેથી આ બાળકને ઝૂંટવી લેતી. એ જાતના ભય સાથે એને છાતી સરસો ચાંપી દીધો કહ્યું 'નહિ, નહિ, દાસી. હું આને ગંગાના ખોળામાં નહિ પિતાજીના ખોળામાં જ મૂકી દઇશ! એમને હું કહીશ કે મેં જ એને જન્મ આપ્યો

૪. એજન. પૃ.૩૧.

છે. દુર્વાસાએ આપેલા મંત્રની વાત પણ હું એમને જણાવી દઇશ. પછી એમને મારું જે કરવું હોય તો ભલે કરે.'[૫]

નાયિકાના પાત્રને સંઘર્ષાત્મક સ્થિતિઓમાંથી પસાર કરાવીને લેખક પુત્રનો ત્યાગ કરવાની ભૂમિકાએ લઇ જાય છે. છતાંય માતૃહૃદયમાં રહેલો સ્નેહ તો ડંડળી ઊઠે છે ગંગા પ્રવાહમાં ડુબી ન જાય, એ કોઇના હાથોમાં આવે એમ ઊંડા વહેણમાં એને છોડજે, પેટીને અર્ધ ખુલ્લી રાખજે. જર ઝવેરાત કાઢી ના લેતી અને વિદાય ટાણે બેભાન બની જાય છે.

કુંતીના જીવનમાં આવેલા વળાંકથી સર્જકે કૃતિનો આરંભ કર્યો છે. દુર્વાસામુનિનો આશીર્વાદ વરદાન સ્વરૂપે ફળવાને બદલે અભિશાપ બનીને કુંતીના જીવનને ભરખી જાય છે. પુત્રત્યાગની કરુણ હૃદયદ્રાવક ઘટનાની કળ વળે એ પહેલાં જ વ્યાસમુનિનું આગમન થાય છે. સર્જકે કુંતીના સ્મરણપટ પર વ્યાસમુનિની ઉત્પત્તિની કથા ઉપસાવીને કુંતીના આ કર્મને આશ્વાસન આપવાનો પ્રયત્ન કર્યો છે. વ્યાસમુનિ એને સાંત્વનાના શબ્દોથી જીવન પ્રત્યે પ્રોત્સાહિત કરે છે.

નાયિકા કુંવારી રહેવાનો નિશ્ચય કરી લે છે પરંતુ ધર્મપરાયણ પિતાના કહેવાથી પાંડુ સાથે લગ્ન કરીને હસ્તિનાપુરમાં જાય છે. લેખકે અહીં ભીષ્મના પાત્રને નવીન રીતે પ્રસંગમાં નિરૂપીને પુરાણકથાનો નવીન અર્થ ઘટાવવાનો પ્રયત્ન કર્યો છે. શાન્તનુના અવસાન પછી હસ્તિનાપુરની રાજગાદી વારસનો પ્રશ્ન એમની સામે ઉપસ્થિત રહેતો હોવાથી ભીષ્મે કુંતીને નારદ મુનિ પાસે 'પુત્રપ્રાપ્તિ' ના આશીર્વાદ મેળવવાનું કહ્યું. નારદ ત્રિકાળદર્શી હોવાથી કુંતી પોતાના લગ્નજીવનને સાચવવા આશીર્વાદ લીધા વિના ચાલી જાય છે. અને પાંડુ કુંતીને પગલે પગલે જતો રહે છે. ભીષ્મને પોતાનું ભારોભાર અપમાન થયું હોય એમ લાગે છે. મૂળ કથાનક કરતાં અહીં જુદી પ્રયુક્તિનો વિનિયોગ કરીને પાંડવો કૌરવોના વેરને પોષનારા બીજારોપણ અહીં થાય છે.

અપમાનનો કડવો ઘૂંટડો ભીષ્મપી ગયા પણ આ ઘૂંટડો કઇ રીતે પીવે? નારદે કહ્યું કે 'કુંતીને દુર્વાસામુનિએ પુત્ર પ્રાપ્તિનો મંત્ર વરદાન રૂપે આપ્યો હતો ને ફલસ્વરૂપે એક પુત્રને જન્મ પણ આપ્યો છે.

બધા વચ્ચે પોતાનું અપમાન કરીને કુંતી નારદના આશીર્વાદ મેળવ્યા વિના ચાલી ગઇ અને પાછું આવું અધર્મ કાર્ય કર્યું હતુ. ભીષ્મના મનમાં કુંતી પ્રત્યે અણગમો બંધાય જાય છે. વ્યાસમુનિ અને નારદમુનિ ભીષ્મના મનમાં કુંતી પ્રત્યે ઉત્પન્ન થયેલી શંકાના બીજને શમન કરવાનો પ્રયત્ન કરે છે પણ ભીષ્મનાં મનની શંકાનું શમન ન થયું. વ્યાસ આ પામી જતાં સ્વગત બોલે છે.

'વિવાદના આ મૂળમાં તમને કુંતી લાગે છે જ્યારે મને એવું દેખાઇ રહ્યું છે કે તમારામાં પ્રવર્તી રહી છે એ પ્રકારની મનોદશા જ સૃષ્ટિ ઉપર વિપદ નોતરશે!'[૬]

વિદ્વાનોએ મહાભારતના યુદ્ધના કારણોમાં નારી અને જમીનને જોયા છે. બુધ્ધદેવ વસુએ પણ આ યુદ્ધના કારણોમાં નારી અને જમીનને જોયાં છે.[૭]

---

૫ એજન. પૃ.૩૩.

૬. એજન. ભાગ.૧. પૃ ૬૬

૭. 'પન્નાલાલનું પ્રદાન' સં. રઘુવીર ચૌધરી. પ્રકા. વર્ષ. ૧૯૯૫-ક્રમાં. પૃ૬૬.

પન્નાલાલ નારી કે જમીનના બદલે ભીષ્મના મનને જોતા હોય એવું લાગે છે. ભીષ્મના મનમાં ઉત્પન્ન થયેલી શંકાઓજ પાંડવો-કૌરવોને યુધ્ધભૂમિ પર લઇ જાય છે. એમ વ્યાસમુનિના સ્વગત ઉચ્ચારણમાંથી નિષ્પન્ન થાય છે. ભીષ્મના મનની શંકાઓને દઢ બનાવવા નીચેની ઘટનાઓનો વિન્યાસ થયો છે. ગાંધારીના ત્યાગને ભીષ્મ અહોભાવથી જુએ છે જ્યારે કુંતી આમ માને છે 'ગાંધારીએ આંખે પાટા બાંધ્યા એના કરતાં દેખતી આંખે પતિની સેવા કરી હોત તો વધુ સારું કહેવાયું હોત.' કુંતી તો સહજતાપૂવર્ક પોતાનો અભિપ્રાય આપે છે. પરંતુ, ગાંધારીના સાસુ અંબિકા, પોતાની વહુ વિશે કોઇ ખરાબ બોલે તે સાંખી ન શકવાથી અને વહુનું અપમાન ન જીરવવાથી તે ભીષ્મને ફરિયાદ કરવા દોડી જાય છે અને ભીષ્મ સત્યવતીમાતાને ફરિયાદ કરવા દોડી જાય છે. અહીં ભીષ્મના મનમાં કુંતી પ્રત્યેનો અહોભાવ જવાબદાર છે પરંતુ સત્યવતી આગળ તેઓ ફાવી શક્યા નહી. સત્યવતીએ તો સ્પષ્ટ કહ્યું કે 'કુંતી તો મહારાણી છે, એ શા માટે કોઇની ઇર્ષા કરે?' અહીં સર્જકે માદ્રીના લગ્નની પીઠિકાનું નિર્માણ કરી આપ્યું છે.

કુંતીને મહારાણી પદેથી દુર કરવાનુ બહાનું મળતા પાંડુનાં લગ્ન માદ્રી સાથે કરાવ્યાં. ભીષ્મનું ગણિત અહીં પણ નિષ્ફળ નિવડ્યું. કુંતી સ્નેહથી માદ્રીને પોતાની નાની બહેન બનાવી લે છે.

સર્જકે નાટ્યાત્મક ઘટનાઓનું નિરૂપણ કરીને પ્રસંગ પ્રવાહોનો વિકાસ કર્યો છે. દિગ્વિજયમાંથી મળેલી અસંખ્ય ભેટોમાંથી પાંડુ હીરા જડિત 'જ્યેષ્ઠિકા' ધૃતરાષ્ટ્રને ભેટમાં આપે છે.

અંબિકાને પોતાના અંધપુત્ર ધૃતરાષ્ટ્રનું ભારોભાર અપમાન થયું હોય એમ લાગવાથી તે ભીષ્મને ફરિયાદ કરવા જાય છે. પાંડુને અંબિકાના આવા વર્તનની જાણ થતાં એને દુ:ખ થાય છે. કુંતી પાંડુને વિષાદ મુક્ત બનાવવા 'વનવિહાર' નો કાર્યક્રમ બનાવે છે કુંતીના કહેવા પ્રમાણે પાંડુ સત્યવતી અને ભીષ્મની આજ્ઞા મેળવે છે. સર્જકે ધૃતરાષ્ટ્રના સંવાદમાં અભિવ્યક્ત કરી છે. પાંડુતો રાજ્યસભામાં બેસવાની જ વાત કરે છે ને ધૃતરાષ્ટ્ર રાજગાદીએ બેસવાનું અર્થઘટન કરે છે. ધૃતરાષ્ટ્રની રાજ્યસભાની લોલુપતા જોઇને પાંડુને દુ:ખ થાય છે.

પાંડુ કુંતી અને માદ્રી વનમાં ઉતરાણ કરે છે- આ સમયે લેખકે પ્રાકૃતિક સૌંદર્યને ઉત્પેક્ષ, સજીવારોપણ અલંકારોથી દષ્ટિગોચર કરાવી આપી છે.

"ગમે તેમ પણ પાંડુ સાથે પત્નીઓને પણ હિમાલયની તળેટીનો આ વસવાટ અનેરો આનંદ આપતો હતો. ગગનચુંબી શાલવૃક્ષો અહર્નિશ જાણે આભને વીંજણો ઢોળતાં હતાં. પક્ષીઓના કલરવ પણ વહેલી પરોઢે શરૂ થતાં તે અંધારાં ઉતરે ત્યાં સુધી બસ જાત જાતના ને ભાત ભાતના! મૃગ, હરણાંને નીલરોઝનાં ટોળે ટોળાં યથેચ્છ રીતે ઘૂમતાં હતાં તો જેનાં પગમાં સહાય માટે ભટક ભરેલી હોય એવા સાબરો પણ અવારનવાર જોવા મળતાં. હાથીઓનાં ટોળાં જાણે ભૂલાં પડેલાં આવી ચડતાં. ટહેલતા ટહેલતા નીકળી પડેલા વનરાજ પણ જરીક ડોકિયું કરી જતાં રાતનો રાજા ઘુવડ પણ ઘનઘોર વનમાં પોતાની આણ વર્તાવતો હોય તેમ ઘૂઘવ્યા કરતો ને વગડાઉ કુકડા સવિતાનારાયણની છડી પોકારી વનમાંની આ દુનિયાને જાણે ચેતવી રહેતા..."[૮]

નવલકથાકારે કથાનકના પ્રસંગોના ક્રમને ઉલટાવી આપીને કથાને રસપ્રદ બનાવી છે. વન વિહારાર્થે ગયેલા પાંડુ, કુંતી અને માદ્રીના જીવનમાં શું થાય છે એ ઘટનાઓને પ્રત્યાદભૂમાં ચળી

૮. એજન. ભાગ.૧. પૃ.૧૧૪.

છે ને વર્તમાન ઘટનાનું વર્ણન થયું છે. પાંડુને ઋષિએ શાપ આપ્યો છે. એ સમાચાર આપવા ઋષિ હસ્તિનાપુરમાં આવે છે. પાંડુ વન વિહારાર્થે જાય છે એ ક્ષણે ધૃતરાષ્ટ્રના પાત્રમામ સત્તાની લોલુપતાના બીજનું નિરૂપણ થયું હતું એ બીજ આ પ્રસંગે વિકસતું જાય છે. ધૃતરાષ્ટ્ર વારંવાર આમાત્યોને પૂછે છે કે સાચે જ પાંડુને ઋષિએ શાપ આપ્યો છે? એણે બ્રહ્મચર્ય ધારણ કર્યું છે? એણે વનવાસને સ્વીકાર્યો છે?

ધૃતરાષ્ટ્રના વાણી વ્યવહારનું સૂક્ષ્મ નિરૂપણ અને એના મનમાં અજ્ઞાત પણે રહેલો રાજ્યસત્તાની લોલુપતાને લેખકે અભિવ્યક્ત કરી આપી છે. ધૃતરાષ્ટ્ર માટે આનંદના સમાચાર હોઇ શકે પરંતુ પાંડુની માતા માટે તો આ સમાચાર આઘાતજનક બની જાય છે.

અંબિકાના પાત્રને વિચારશીલ બનાવીને એના વિચારો દ્વારા અંબિકાના માતૃહૃદયને ઉપસાવીને પ્રસંગને ઉર્મિસભર બનાવ્યો છે. અંબાલિકાને એક માત્ર પુત્ર છે ને એને ઋષિનો શાપ લાગ્યો એટલે એણે બ્રહ્મચર્ય ધારણ કર્યું ને એની બે પત્ની એના પગલે બ્રહ્મચર્યને અનુસરી. આ ઘટનાઓ એના માટે આઘાતજનક સાબિત થાય છે ને એમાંય પોતાની નાની બહેન પોતાનું 'રાજમાતા' નું પદ લઇ લે છે ને દુ:ખ ઉપર ડામ દેતી હોય એમ કહે છે કે 'ગાંધારીને સારા દિવસો જાય છે. અંબિકા-અંબાલિકાને આશ્વાસન આપવાને બદલે એને આઘાત પહોંચાડવા જ આ પગલું ભરે છે. આવી સ્થિતિમાં અંબાલિકા નિ:સહાયતા અનુભવે છે. પાત્રની કરુણતાને એની વેદનાને અભિવ્યક્ત કરવા માટે સર્જકે યોગ્ય પરિવેશને સર્જ્યો છે અને પાત્રની ભાવોર્મિને શબ્દ દેહ આપ્યો છે. પન્નાલાલ કથાને એક સૂત્રે લખવાને બદલે પ્રસંગોના ક્રમોને આડાઅવળા મૂકીને ફ્લેશ બેકનો વિનિયોગથી કથા રસતત્વને જાળવી રાખે છે. નાટયાત્મક ક્ષણો કથાને વહેતી રાખે છે. કુંતીએ યુધીષ્ઠિરને જન્મ આપ્યો એ સમાચાર આપવા હિમાલયથી એક ઋષિ હસ્તિનાપુર આવે છે. બે વર્ષથી ગર્ભધારણ કરીને પ્રસવની રાહ જોતી ગાંધારી આ સમાચારને સહન ન કરી શકવાથી પોતાના હાથે જ ઉદર પર પ્રહાર કરીને ગર્ભનો નાશ કરે છે. સર્જકને પાંડવોને કૌરવોના જન્મની કથાને કહેવામાં રસ નથી. એમને તો પાત્રના મનની ઘરાતલમાં ચાલતા વિચારોને અભિવ્યક્ત કરવામાં વિશેષ રસ દાખવ્યો છે. મૂળ કથાનકમાં ન હોય એવા પ્રસંગને કલ્પના દ્વારા સર્જીને એમણે ધૃતરાષ્ટ્રને સત્તાલાસુ પાત્ર તરીકે ઉપસાવવાનું પ્રયત્ન કર્યો છે. ધૃતરાષ્ટ્ર સારી રીતે જાણે છે કે પાંડુ હસ્તિનાપુરનો રાજા છે અને યુધિષ્ઠિર જ્યેષ્ઠપુત્ર હોવાથી રાજગાદીનો સાચો વારસ એ જ છે ને છતાંય ધૃતરાષ્ટ્ર બ્રાહ્મણને પૂછે છે કે: આના જન્મમાં સિંહાસન યોગ છે કે કેમ?' અહીં પુત્ર પ્રત્યેના આંધળા પ્રેમનું દર્શન કરાવીને સર્જક ઉત્તરમાં બનતા અધર્મ ભર્યા પ્રસંગોનું વસ્તુબીજ રોપ્યું છે. આંધળો પ્રેમ કરનાર ધૃતરાષ્ટ્રને વિદુર કહે છે કે અશુભ ક્ષણે જન્મેલા બાળકનો ત્યાગ કરો.' ધૃતરાષ્ટ્ર કઇ રીતે પુત્રનો ત્યાગ કરે? એ સભાનો ત્યાગ કરીને ચાલ્યો જાય છે. પાંડુ વનવિહાર ગયા પછી ત્યાં કેવી ઘટનાઓ ઘટે છે. એ ઘટનાઓનું નિરૂપણ કરવાને બદલે ત્યાં બનતી મહત્ત્વની ઘટનાના અંશોને લઇને ધૃતરાષ્ટ્રના પાત્રને તાગવાનો પ્રયાસ કર્યો છે. એમાં પાંડુને શાપ લાગે છે અને કુંતી પુત્રને જન્મ આપે છે. પછી શું બન્યું? એ પ્રસંગોને પ્રાશ્વાભૂમાં રખાયા છે. વર્ષો પછી કુંતી પાંચેય પુત્રો લઇને હસ્તિનાપુર આવે છે. કુંતીનું આગમન ભીષ્મને ખૂંચે છે. સર્જકે ફ્લેશબેકનો વિનિયોગ કરીને વિકાસ કર્યો છે.

હસ્તિનાપુરની સભામાં ઋષિ કુંતીના પાંચેય પુત્રોના જન્મ સમયની ભવિષ્યવાણી અને એમના પરાક્રમની વાત કહે છે. ભીમના બળની વાત સાંભળ્યા પછી ધૃતરાષ્ટ્ર એના બળની ખાતરી કરવા ભીમનો હાથ અસંખ્ય બળથી દબાવી જૂએ છે.

પતિનું અવસાન થવાથી કુંતી પુત્રોને અને પોતાને આશરો મળી રહે એ હેતુંથી હસ્તિનાપુર આવે છે. આવા સંજોગોમાં એને આશ્વાસન ઠૂંઠ, પ્રેમની જરૂર હતી પરંતુ એવું સદ્ભાગ્ય એનું ન હતું. ભીષ્મ એનાં પ્રત્યે અણગમો દાખવીને બેઠા હતા. ને ધૃતરાષ્ટ્ર પુત્રને રાજ વારસ બનાવવાના સ્વપ્નોમાં રાચતો હોય ત્યાં કુંતીનું આગમન કોને ગમે? પાત્ર માટે આવી સ્થિતિનું નિર્માણ થાય ત્યારે એ સ્વાભાવિક રીતે અતીત જીવનમાં સરી જાય પ્રસંગાનુસાર માહોલ રચીને લેખકે વનવિહાર સમયે બનેલી ઘટનાઓનું વિસ્તારપૂર્વક નિરૂપણ કર્યું છે. પન્નાલાલે પુરાણપાત્રોના કાઠાને પ્રાદેશિક પાત્રના બીંબામાં ઢાળવાનો પ્રયત્ન કર્યો છે. લોકબોલીનો વિનિયોગ કરતાં સર્જક કર્મ સચવાયું નથી આથી પુરાણ પ્રચલિત ભીમ પાત્રને લેખકે ભારોભાર અન્યાય કર્યો છે. એમ અનુભવાય છે. ઋષિઓની છત્ર છાયામાં ઉછરેલો ને ધર્મપરાયણ કુંતીનો પુત્ર ભીમ 'આ ડોસા ડગરા કોણ છે.' એ કઇ રીતે બોલી શકે? પન્નાલાલે ભીમના મુખે ઉપરનું કથન કહેવડાવીને શાંતનુના વંશવેલાનું નિરૂપણ કરવાનો ઉપક્રમ રાખ્યો છે. અહીં સ્મરણ કથન પધ્ધતિનો વિનિયોગ કર્યો છે.

'ચિંતાની ચિનગારી' પ્રકરણથી કથા મૂળ પ્રવાહપર આવે છે. મહાભારતના કથાનકમાં ન હોય એવા પ્રસંગોનું નિર્માણ કરીને સર્જકે પાંડવો અને કૌરવો વચ્ચેના વૈમનસ્ય અભિવ્યક્ત કરાવીને વિદુરના પાત્રને બોલક બનાવીને એ પાત્રનો ક્રમશ: વિકાર સાંધ્યો છે. કૌરવો પાંડવોને 'ટેણી, ટેણી', 'વનવાસીઓ' કહીને ચડિવે છે. જનપદ ભાષાનાં 'ટેણી' શબ્દ પુરાકથામાં પ્રયોગ કરીને પ્રસંગનુંરૂપ ભાવજગતને ઉપસાવી આપે છે. કૌરવોના ત્રાસથી ભીમ ભાઇઓની રક્ષા કરે છે. અહીં ભીમનું પાત્ર લેખકની કલમે લાડ પામતું હોય એમ લાગે છે.

વિદુર પાંડવો કૌરવોના વૈમનસ્ય ને પામી જતાં વૈમનસ્ય ને નષ્ટ કરવા ભીષ્મ પાસે જઇ ને વાત કરે છે. પરંતુ ભીષ્મ 'છોકરાઓ છે.' આમ કહીને હસી કાઢે છે. બીજી બાજુએ કૌરવોના મનમાં ઉત્પન્ન થયેલી ઇર્ષા વેરમાં પરિણામે છે. કૌરવો તરફથી પાંડવોને થતો અન્યાય ધર્મપુરુષ કઇ રીતે જોઇ શકે? વિદુર દૂરદેશી નજરવાળો હોવાથી ભીષ્મને ફરીવાર કહ્યું કે: 'પાંડવોને એમનો ભાગ આપીને અલગ કરી દો. એમની ઉછેરની જવાબદારી હું સ્વીકારી લઇશ.' પરંતુ, કુંતી પ્રત્યે વર્ષો પૂર્વે ભીષ્મના મનમાં બંધાયેલો અણગમો એને કુંતી પુત્રોના પ્રશ્નોમાંથી વિચલિત બનાવે છે. એ વિદુરની વાતને હસી કાઢે છે.

હસ્તિનાપુરના કુરુકુળના ઉધ્ધારાર્થે વિદુરે ધૃતરાષ્ટ્રને આજ વાત કહી. પરંતુ પોતાના જ્યેષ્ઠપુત્ર દુર્યોધનને ગાદીપર બેસાડવાનો મોહ હોય એ વિદુરની ભાગ આપવાની વાતનો કઇ રીતે સ્વીકાર કરે? શકુનિ પ્રપંચીને કપટી વ્યક્તિ છે. દુર્યોધન અને એનાં નવ્વાણું ભાઇઓના મનમાં બાળપણથી પાંડવો વિરૂધ્ધ ઝેર ભરે છે. શકુનિની કુટીલનીતિને પરિણામે દુર્યોધન ભીમના કાંટાને કાઢવા માટે વનવિહારનો કાર્યક્રમ ઘડી કાઢેછે અને ભીમને અતિ આગ્રહથી અને અતિ સ્નેહથી ઝેરી લાડું ખવડાવીને ગંગામાં નાંખી દે છે. કુંતી સહિત ચારેય ભાઇઓ ભીમ વિના અસહાયતા અનુભવે

છે. પન્નાલાલે ચમત્કારિક તત્ત્વોને સહજપણે સ્વીકાર્યો છે. ભીમ નાગલોકના રાજા આયંક પાસે 'અમૃતપાન' કરીને આવે છે.

દ્રોણના પાત્રનો કૃતિમાં પ્રવેશ ઔચિત્યયુક્ત થયો છે. કુરુકુળના બાળકોનો દડો અવાવરું કૂવામાં પડ્યો હતો. દ્રોણ મંત્રશસ્ત્ર વિદ્યાથી દડાને બહાર કાઢે છે. દ્રોણની આ અસ્ત્ર-શસ્ત્ર વિદ્યા એને હસ્તિનાપુરનો આચાર્ય બનાવે છે.

કૃતિમાં નિરૂપાયેલા પ્રસંગો એકમેકમાં ગૂંથાઇને આવે છે ને કથા ઝડપથી વિકસતી હોય એમ લાગે છે. અર્જુનની ધનુર્વિદ્યાની લગન જોઇને સહજપણે દ્રોણે એને વચન આપતા કહ્યું: 'તારા જેવો ધનુર્ધર અવનિ પર થશે નહી.' પરંતુ થોડા સમય પછી એકલવ્યના ધનુર્વિદ્યાના પરાક્રમને જોતાં દ્રોણ અર્જુનને આપેલા વચનને સાર્થક કરવા માટે એકલવ્ય પાસે ગુરુદક્ષિણામાં એના જમણાહાથનો અંગૂઠો માંગી લે છે.

મહાભારતની કથામાં આવતા ગૌણ પાત્રને સર્જકે પાત્રના બાહ્યભાવને એને આંતર ભાવને નિરૂપીને જીવંત બનાવી આપ્યું છે. એનું વર્ણન જુઓ.

'ગુરૂની આ માંગણી ઉપર મનોમન ખૂશ થઇ બેઠેલો અર્જુને જોયું તો એકલવ્યના મોં ઉપર તો એજ ધન્યતા હતી. એણે પડેલું તીર લેતાકને ઘરી જેવી ધારથી પોતાનો અંગૂઠો કટ કરતાકને કાપી નાંખ્યો જાણે રીંગણનું એણે ડીડું કાપ્યું"[૯]

અર્જુન પ્રત્યે વિશેષ ભાવ હોવાથી દ્રોણ એને રસપૂર્વક ધનુર્વિદ્યા શીખવે છે. કર્ણ મહત્વકાંક્ષી છે. એને ધનુર્વિદ્યા શીખવી છે પરંતુ સૂતપુત્ર હોવાથી દ્રોણ એને સીધી રીતે વિદ્યા શીખવતાં નથી. અર્જુનને એમણે 'બ્રહ્માસ્ત્ર'નું પ્રદાન કર્યું ત્યારે એનાં મનમામ અર્જુન પ્રત્યે ઇર્ષા ઉત્પન્ન થાય છે ને એ દ્રોણનો આશ્રમ છોડી પરશુરામ પાસે જાય છે.

પાંડવોની અસ્ત્રશસ્ત્રવિદ્યા પૂર્ણ થવાથી નગર સમક્ષ એમનાં કૌશલ્યને બતાવવા માટે ઉત્સવ પ્રયોજાય છે. સર્જક અન્ય કુરુકુળના કુમારોના પરાક્રમોને નિરૂપવાનું ટાળીને અર્જુનના ધનુર્વિદ્યાના અદ્દભુત પ્રયોગ કરાવીને પાત્રના પરાક્રમને નિરૂપે છે. અહીં નાટ્યાત્મક ઘટના ઘટતા કથા રસપ્રદ બને છે. કર્ણનો રંગમંચ પર પ્રવેશ ને અર્જુનને યુધ્ધ માટેનું આહવાન. લેખકને કર્ણને અર્જુનના પરાક્રમને અભિવ્યક્ત કરવામાં રસ રહ્યો છે. પ્રથમ નજરે જ કર્ણને કુંતી ઓળખી લે છે કે 'આ જ, આ જ, મારો પુત્ર.' વર્ષો પૂર્વે ગંગાવહેણમાં ત્યજી દીધો હતો એ પુત્રને જોતાં જ કુંતીનું માતૃહૃદય ધબકી ઊઠ્યું. કેવા વિષમ સંજોગોમાં મેળાપ થાય છે. એક તરફ માતૃવાત્સલ્ય છે ને બીજી તરફ ન સ્વીકારી શકાય એવી વાસ્તવિકતા છે. એને તો માત્ર પ્રેક્ષક બનીને મૂંગે મોઢે જોવું જ રહ્યું' ભરી સભામાં કર્ણનું અપમાન થયું ને છતાંય એ કશુંય કરી શકે એમ ન હતી. સર્જકે આ સઘળા બનાવોને કુંતી સામે બનતા બતાવીને એનાં મનને મનોમંથન કરાવીને પાત્રના સંવેદનને આમ શબ્દદેહ આપ્યો છે.

'અરેરે! મારા જ પુત્રો સામસામા યુધ્ધે ચઢશે? ભાઇ જ ભાઇનું માથું કાપશે? - અરે માથું તો ઠીક પણ એકબીજાને મહેણાંટોણાં ગાળો સદ્ધા -' જોરનો એક શ્વાસ લેતાં બબડી પડી

---

૯. એજન. ભાગ.૧. પૃ.૨૩૫.

'અરે –' આ સાથે એ બેભાન થઇ ગઇ. 'ભગવાન' શબ્દ ઉચ્ચારી પણ ન શકી.[૧૦]

અર્જુન દ્રુપદને બંદિવાન બનાવીને ગુરૂદ્રોણને ગુરૂદક્ષિણામાં આપે છે. પાંડવોના પરાક્રમોથી પ્રભાવિત થયેલા નગરલોકો યુધિષ્ઠિરને યુવરાજ બનાવડાવે છે. પાંડવોનું પરાક્રમને કીર્તિ જ એમને દુ:ખના શિખરે ચઢાવે છે. કૌરવો પાંડવોના પરાક્રમને કીર્તિને જોઇ શકતા નથી. આથી ધૃતરાષ્ટ્રને દુર્યોધન ષડયંત્ર રચીને પાંડવોને લાક્ષાગૃહમાં સળગાવી દેવાનું કાવતરું રચે છે.

વિદુર ધૃતરાષ્ટ્રની આજ્ઞા પાંડવોને કહેવા જાય છે. અહીં લેખકે પાંડવોને વાર્તાલાપ કરાવીને પાત્રોના વ્યક્તિત્વને ઉપસાવીને યુધિષ્ઠિરના ઉચ્ચ વિચારોનું વર્ણન કરીને અન્ય ભાઇ કરતાં એણે નોખા પાડી આપે છે. ભીમ ધૃતરાષ્ટ્રની યોજનાનો ક્યાસ કાઢવા માંગે છે. જ્યારે યુધિષ્ઠિર ભીમ અને અર્જુનથી જુદા વિચારો ધરાવે છે. એના ઉચ્ચ વિચારો જ પાંડવોને કુરુક્ષેત્રના મેદાનમાં લઇ જાય છે.

યુધિષ્ઠિરે કહ્યું કે: 'વડીલોની આજ્ઞાનું પાલન કરવું. એમાં સારાસારનો વિચાર ન કરવો જોઇએ.' ભીમ, અર્જુનના વિચારો મોટાભાઇના ઉચ્ચ ભાવો આગળ વિરમી જાય છે. અને પાંચેય ભાઇઓ આજ્ઞામાં રહેવાનું નીમ લે છે. ઉત્તરમાં બનતી ઘટનાઓની ભૂમિકા અહીં રચાઇ જાય છે.

ભીષ્મના પરાક્રમની ગાથાના પ્રસંગોના અંશોને વિદુર ચક્ષુ સામે ઉપસાવીને લેખકે ભીષ્મના પરાક્રમના વ્યક્તિત્વને સુપેરે ઉઠાવ આપ્યો છે. કુશળ ચિત્રકાર રંગોને ક્યાંને કેટલા પ્રમાણમાં પૂરવા, એ અંગે જેટલો સભાન હોય એમ જ અહીં લેખક સભાન છે. વિદુરને ભીષ્મ સ્મરણ કરાવે છે.

પાંડવોને 'લાક્ષાગૃહ' માં કાઢવા પાછળ કૌરવોનું કોઇ ષડયંત્ર હોવાના સંદેહની વિદુર ભીષ્મને કહેવા માટે જાય છે. બે વિરોધાભાસ પરિસ્થિતિઓનું વર્ણન કથા પ્રસંગને રસપ્રદ બનાવી આપે છે. વિદુર સામે ભીષ્મની બે છબીઓ છે એક અતીત ના પરશુરામને હરાવનાર ભીષ્મની અને બીજી અત્યારના ભીષ્મની જે પાંડવોના પક્ષે 'મૌન' રહે છે. અથવા તો નજર અંદાજ કરે છે. આ પ્રસંગે ભીષ્મે વિદુરને કહ્યું તારો પેલો ભાગ આપવાની વાતનો જ અમલ થઇ રહ્યો છે વિદુર ભીષ્મની વાતોમાં આવી જાય એ શક્ય ન હતું. કારણકે કૌરવોને એ સારી રીતે ઓળખતો હતો. એટલે વિદુર 'લાક્ષાગૃહ' ની યોજનાનું રહસ્ય શોધીને પાંડવોને મૃત્યુના કાળપંજામાંથી બચાવવામાં સફળ બને છે.

પુરાણ કથાનકના ખ્યાત પાત્રોને લેખકે જનપદી ભાષાનો વિનિયોગ કરીને એમના ગૌરવને ખંડન કરતાં હોય એમ ક્યારેક લાગે છે. પાંડવોના મૃત્યુના સમાચાર વિદુર ભીષ્મને કહેવા જાય છે ત્યારે પ્રયોજાયેલા સંવાદ વર્ણનમાં એમના ભાષાકર્મનું સામર્થ્ય અને અભાવ બન્ને જોવા મળે છે.

'જેમ કોઇ કૂવામાં અનેક પથ્થરો પડતાં પાણી ડહોળાઇ જાય એ રીતે ભીષ્મનું મગજ વિદુરના શબ્દોથી ડહોળાઇ ગયું. ઓછા છાસિયા સાથે સવાલ કર્યો?

શું આમ બકે છે, પુત્ર?

સાચું બકુ છું, પિતામહ!' વિદુરની આંખોમાં ચૂઇ પડી.'[૧૧]

---

૧૦ એજન. ભાગ.૧. પૃ.૨૫૯.

૧૧. એજન. ભાગ.૬. પૃ.૯.

અહીં પાત્રોચિત્ત ભાષાના અભાવથી પાત્ર ચ્યુત થાય છે. ને બીજી બાજુ, અલંકારિક ભાષા દ્વારા પાત્રના આંતરભાવને પ્રગટાવી આપે છે. વળી 'ચૂઇ પડવી' એ પ્રાદેશિક રૂઢિ પ્રયોગનો સમર્થ ઉપયોગ લેખકની સર્જકતાને દષ્ટિગોચર કરાવી આપે છે.

પાંડવો મૃત્યુ પામ્યા છે એમ ભીષ્મ સ્વીકારતા નથી ત્યારે વિલાપ કરતો ધૃતરાષ્ટ્ર આવીને પાંડવોના મૃત્યુના સમાચાર આપે છે. અહીં વિદુરના પાત્રમાં મૂકાયેલી ઉક્તિ 'બીજે અધ્યાયા ચાલુ' વિદુરના ઉદ્ગારમાં બૈરક બોલી એ તળપદી અસર ધારણ કરે છે. અહીં ભારોભાર વ્યંગ નિષ્પન્ન થતો જોવા મળે છે.

સ્વકલ્પના દ્વારા ઉપસાવેલા પ્રસંગમાં લેખકની સર્જકતાના ઉન્મેષોની ગેરહાજરી વર્તાય છે. પાંડવોના મૃત્યુ પછી એમનો અંતિમ ક્રિયાકાંડ કરીને ધૃતરાષ્ટ્ર સહિત કૌરવો વિલાપતા હોય છે. એમનો વિલાપ નગરજનો ને ઉંધે માર્ગે દોરવાનો હોય છે. જ્યારે પાંડવો હેમખેમ ગંગાપાર કરીને જતા રહ્યા છે એમ ગુપ્તચર સંકેત દ્વારા વિદુરને કહે છે ત્યારે વિદુરના આનંદની પરિસીમા નભને સ્પર્શી જાય છે અને એ ધૃતરાષ્ટ્રથી મોટા અવાજે પાંડવોને યાદ કરીને રડે છે. અહીં પુરાણ વાતાવરણ સર્જવાને બદલે પ્રાદેશિક પરિવેશ ઊભો થાય છે.

કૃષ્ણના પાત્રને પરોક્ષ પધ્ધતિનો વિનિયોગ કરીને ઉપસાવ્યું છે. લૌકિક અર્થે કૃષ્ણ અને બળરામ હસ્તિનાપુર આવે છે. વિદુરને કૃષ્ણને જોવાનો અને પાંડવો જીવતા છે એ સમાચાર આપવાનો આનંદ છે. ભીષ્મ કૃષ્ણનું સ્મરણ કરે છે. ધૃતરાષ્ટ્ર શકુનિ અને દુર્યોધનને કૃષ્ણનો ભય લાગે છે અને કૃષ્ણના ભયના નિવારર્થે દોડધામ કરે છે.

ભીષ્મને મળવા જતા કૃષ્ણના બાહ્ય સૌંદર્યના મનોહરી સ્વરૂપને ચિત્રાત્મકવર્ણન દ્વારા આમ ઉપસાવ્યું છે

'અને જ્યારે લોકોએ હીરામાણેકથી ઝળહળ થતા રથમાં બેસી, સોનેરી કિનારવાળું સફેદ પીતામ્બર પહેરેલા, જમણા બાહુની બગલ નીચે લઇ અંગે ઉપરણો ઓઢેલોને પાતળી પટીના મુગટ ઉપર મોરનાં રસિક પીછાંવાળા કૃષ્ણ આવ્યા, એમની જોડે બેઠેલા વિદુરને જોયા કે સહસા લોકોથી કહેવાઇ ગયું 'વાહ વાહ! ભક્તને ભગવાન! બેઉના દર્શન જોડા જોડ!"[૧૨]

અહીંયા લોકોના ઉદ્ગારમાં લેખકનો ભક્તિભાવ અભિવ્યક્ત થયો હોય એમ લાગે છે.

કૃષ્ણ અને બળરામનાં પાત્રો વચ્ચે બે વિરોધાભાસી વ્યક્તિત્વને નિરૂપીને લેખકે કૃષ્ણના પાત્રને આગવું વ્યક્તિત્વ પ્રદાન કરાવ્યું છે બળરામ ભીષ્મનો સખત વિરોધ કરે છે જ્યારે કૃષ્ણ પાંડવોના મૃત્યુને હળવાશથી લઇને ભીષ્મની અમન્યા જાળવીને પ્રેમથી ટકોર કરી આપીને ભીષ્મને સજાગ કરે છે કે

'ભૂતકાળને ભલે આપણે ભાવિમાં ન પલટી શકીએ પણ બીજી બાજુ ભાવિને વળી પાછું ભૂતકાળના બીબામાં ઢાળીએ એટલું તો આપણે કરી જ શકીએ.'[૧૩]

ભીષ્મ કૃષ્ણના દૂરંદેશી જ્ઞાનને સમજવામાં નિષ્ફળ નીવડે છે.

બીજી બાજુ, લાક્ષાગૃહમાંથી નીકળીને પાંડવો સહિત કુંતી વનમાર્ગે જાય છે. અહીં હિડિમ્બ

૧૨ એજન. ભાગ.૨. પૃ.૨૬.

૧૩ એજન ભાગ.૨. પૃ.૨૬

વધ, ભીમના હિડિમ્બા સાથેના લગ્ન, ઘટોત્કચનો જન્મબકાસુરનો વધ વગેરે કથાઓનું વર્ણન કરીને ભીમના પરાક્રમને દષ્ટિગોચર કરાવવા માં મૂળ કથા પ્રસંગને સર્જક વળગી રહ્યા હોય એમ લાગે છે.

બ્રાહ્મણ મૂખે દ્રૌપદીના સ્વયંવરના સમાચાર કુંતી જાણી લાવે છે. પાંડવોને જિજ્ઞાસા થાય છે એટલે એ બ્રાહ્મણ પાસે દ્રૂપદપુત્ર અને એની તનયાની ઉત્પત્તિ કથા જાણે છે. લેખકે ધૃષ્ટધુમ્ન અને દ્રૌપદીની ઉત્પત્તિ કથાના મહોલને રચી આપીને ચમત્કારિક અંશોને યથાર્થ રીતે સ્વીકારિને આ પ્રસંગોનું નિરૂપણ કર્યું છે.

દુર્યોધનના મનમાં રહેલી સ્ત્રી લોલુપતાને અભિવ્યક્ત કરવા માટે સર્જકે દ્રૌપદીના સૌદર્યના શબ્દચિત્રને ચિત્રાત્મક અને આલંકારિક વર્ણન દ્વારા આમ નિરૂપ્યું છે.

"સ્વભાવે એ માનુની છે. એને હસતી જોઇને જનારનાં દિલ કમળની જેમ ખીલી રહે છે. રંભોરું એ કુમારિકાની છાતી ભરાવદાર છે ને નીલ કમળશો રંગ એને સુગંધ થઇને મૃગના સરખા નયન એનાં તપોનિષ્ઠ ઋષિઓના ચિત્તમાં પણ ઘૂમરી જન્માવે છે. અંગ સૌષ્ઠવમાં હજી સુધી આ અવની ઉપર આવી બીજી કોઇ જન્મી નથી. ટૂંકમાં કહું તો યજ્ઞવેદીથી પ્રગટેલી ને નવયૌવનામાં આવેલી આ કૃષ્ણા આજે દેવોનેય દુર્લભ એવી દર્શનીય બની રહી છે... ...'

દુર્યોધના મનમાં લેખકે લોલુપતા જન્માવીને ક્રમશ: એનો વિકાસ સાધ્યો છે. એ દ્રૌપદીને પામવા માટે કર્ણ અને અશ્વત્થામાને સ્વયંવર સ્પર્ધામાંથી મિત્ર-દુહાઇ આપીને દૂર કરે છે. એ કૃષ્ણના અપહરણ કરવા સુધી તત્પર બની તો જાય છે. પરંતુ ભીષ્મનું નામ આવતાં જ ઠંડો બરફ બની જાય છે.

અહીં પ્રયોજાયેલા પ્રસંગમાં લેખક મૂળકથાનકથી જુદા પડે છે. દ્રૌપદી પોતાના સ્વયંવરથી ચિંતિત હોય છે. સ્વયંવરમાં ઉપસ્થિત રહેનારા રાજાઓના નામો અને એમનાં પરાક્રમો અંગે વિચારતી દ્રૌપદીનું એકપણ રાજા ઉપર મન બેસતું નથી. અર્જુનના પરાક્રમી પ્રસંગનું સ્મરણ કરાવીને સર્જકે દ્રૌપદીના હૃદયમાં અર્જુન પ્રત્યેના અનુરાગનું બીજ રોપણ કર્યું છે. અર્જુન લાક્ષાગૃહમાં મૃત્યુ પામ્યો છે એ સકળ આર્યાવર્ત જાણે છે ત્યારે દ્રૌપદીના હૃદયમાં પન્નાલાલે અર્જુન પ્રત્યે અનૂરાગ ઉત્પન્ન કરાવીને કથાવહેણની પીઠિકા રચી આપીને હવે પછી બનવાના પ્રસંગનો અણસાર યથોચિત રીતે આપ્યો છે. બીજી બાજુએ દુર્યોધનના મનમાં ઉત્પન્ન થયેલો દ્રૌપદીને પામવાનો કોડ ક્રમશ: પરાકોટીએ પહોંચાડવા યોગ્ય પ્રસંગોનું નિમાર્ણ થયું છે. દ્રૌપદીના રૂપથી પ્રભાવિત થયેલો દુર્યોધન દ્રુપદની રાજસત્તાના વૈભવને જોઇને વધુ પ્રભાવિત થાય છે. શકુનિ પોતાની કુટિલ નીતિથી દુર્યોધન અને દ્રૌપદીની મુલાકાત ગોઠવવામાં સફળ બને છે. દુર્યોધનની દ્રૌપદી પ્રાપ્તિની મહેચ્છાને લઇ જવા માટે ફરી એક વાર દ્રૌપદી સૌદર્યનું નખશિખ ચિત્રાત્મક શૈલીમાં આમ શબ્દસ્થ કરી આપ્યું છે.

'કૃષ્ણની પ્રતીક્ષા કરતાં પડદો ઊંચકી બારણા વચ્ચે ઊભેલા ધૃષ્ટધુમ્નની બાજુમાંથી અપ્સરા પ્રગટી. જાઇના ફૂલની માળાઓમાંથી સોહાવેલા ખારસ્સા મોટા અંબોડામાં લાંબી ડોકને આછી આછી લંબાઇ સાથે આસમાની કમળ સરખું એ મોહક મોં, સ્વપ્નોથી ભરેલા અને અણિયાળાં

નયન, ગુલાબી રંગની રેશ્મી પટીએ કસીને બાંધેલા ઉત્તુંગ સરખાં પયોધર તાજા ઉઘડેલા કમળદલશા ઉદર વચ્ચે ખારસ્સો મોટો ચકરાવો લેતી ઊંડી ઊંડી નાભિને ઝોલો ખાઇને ઉઠાવ ધરતી કમરની નીચે વીંટાળાલું પટકુળ તથા આંખે આવીને વળગે એવી ચુંવાળપવાળાં અર્ધ ઉઘાડાં નિતંબ પછી સંઘેડા ઉત્તાર પિંડીઓ નીચે નૂપુરનો આછો રણકાર! નૂપુરના આ ઠમકાર સાથે કમર પરનો હીરાજડિત કંદોરો પણ પોતાનો સૂર પરોવતો હતો.[૧૪]

સૌદર્યથી પ્રભાવિત થયેલા દુર્યોધન સામે લેખકે દ્રૌપદીનું પ્રત્યક્ષ સૌદર્યદર્શન કરાવીને દુર્યોધનની લોલુપતાને ચરમસીમા પર લઇ જઇને એમણે જબરજસ્ત પછડાટ આપી છે. અહીં સ્ત્રી-સ્વતંત્રતાના ભાવને નિરૂપવામાં આવ્યો છે. દ્રૌપદી દુર્યોધનની ભેટનો અસ્વીકાર કરીને ભીષ્મનું ભારો ભાર અપમાન કરીને ચાલી જાય છે. એ ભીષ્મની ભેટ દાસીને આપીને દુર્યોધનને એની વાસ્તવિક ઘરાતલપર લઇ આવે છે. દ્રૌપદી આટલેથી અટકી જાય એમાંની ન હતી. એ પિતાજીને ધૃષ્ટદ્યુમ્નની સામે ભીષ્મ અંગેનો પોતાનો અભિપ્રાય આપે છે કે:

'હા હા! ગંગાપુત્ર ભીષ્મની વાત કરું છું મને એ એક અર્થ વગરનો શિરોમણિ લાગે છે.' દ્રુપદ અને દ્રૌપદીના સંવાદનું વર્ણન કરીને લેખકે નવા અર્થને તાગવાનો પ્રયત્ન કર્યો છે. પાંડવોના જીવનમાં બનેલી કરુણ ઘટના પાછળ ભીષ્મ જ વિશેષ પણે જવાબદાર હતા એવું દ્રૌપદીના સંવાદમાંથી પ્રતીત થાય છે. આ પ્રસંગમાં દુર્યોધન બેષી પાસે બેષ બેવડાવે છે કે: પોતાના ભાગ્યમાં દ્રૌપદી છે કે કેમ? મૂળકથાનકમાં ન હોય એવી ઘટનાનું કલ્પના દ્વારા નિર્માણ કરીને લેખકે ઉત્તરમાં બનતી ઘટનાઓનું પ્લેટફોર્મ અહીં ઊભુ કરવાની સાથે પાંડવો જીવતા છે એ રહસ્યનો ધીમે ધીમે સ્ફોટ કરી આપ્યો છે. એકાચક્રથી પાંડવો સહિત કુંતી સ્વયંવરને જોવા આવે છે. માર્ગમાં ગંધર્વરાજ ચિત્રસેન સાથે અર્જુનનું યુધ્ધ થાય છે. અહીં સંવાદની પ્રયુક્તિ કામે લગાડી લેખકે ઉપસાવી આપ્યું છે. પોતાના પાંચેય પુત્રો આર્યાવર્ત સામે મૃત્યુ પામેલા છે. એટલે તેઓ સ્વયંવર સ્પર્ધામાં ભાગ ન લઇ શકે પણ કર્ણ તો અંગદેશનો રાજા છે. એ સ્વયંવરમાં ભાગ લઇને દ્રૌપદીને પામે તો એનું જીવન સુધરી જાય. પાત્રના મનમાં ચાલતાં સૂક્ષ્મ આંતર સંચલનનું નિરૂપણ કરીને લેખકે કુંતીના માતૃહૃદયના સૂક્ષ્મ તરંગોને સુપેરે ઝીલ્યા છે.

સ્વયંવર સભાનું શબ્દચિત્ર આપી વાચકોને એક આહલાદક વાતાવરણમાં લેખકે નિરૂપણ પ્રવેશ કરાવ્યો છે. મહાકવિ પ્રેમાનંદે 'નળાખ્યાન' માં કરેલું દમયંતી સ્વયંવર મંડપનું વર્ણન અહીં સહેજે સ્મરણમાં 'પ્રેક્ષકોની આગળની હરોળ પૂરી થતાં પાણીનો એક હોજ હતો. એ પછી રંગબેરંગી માળઓ, વસ્ત્રો અને ચિત્રોથી સોહાવેલી ઠીક ઠીક ઘેરાવાવાડી રંગભૂમિ હતી. રંગભૂમિની એક બાજુ પર ઝગમગ થતાં તોરણોથી ઓપતો મોટો એક દરવાજો હતો. દરવાજા પર જરૂરિયાત પડદા ઝુલતા હતા. દરવાજાની એક બાજુએ હવનની વેદી હતી. બીજી બાજુ પર ખાલી એક સિંહાસન હતું. એ પછી આગળના ભાગ પર હોજની કિનાર ઉપર મીનાકારીવાળો સોનાનો એક થંભ હતો ને થંભની ઉપર લક્ષ્ય હતું. ઇધર ઉધર ફૂલ ઝાડ પણ આવેલા હતા.'[૧૫]

---

૧૪. એજન. ભાગ.૨. પૃ.૧૩૨.

૧૫ એજન. ભાગ.૨. પૃ.૧૫૩

દ્રૌપદીને પામવા એક પછી એક રાજાઓ આવીને ધનુષ્યનું સંધાન કરવાના પ્રયત્નો કરે છે. આ પ્રસંગોમાં લેખકે પાત્રની ગતિવિધિનું સૂક્ષ્મ નિરૂપણ કરીને હાસ્યરસને ઉપસાવી આપ્યો છે. જેમ કે, શિશુપાળનો મુગટ પડી જાય છે. બે વાર ધનુષ્યસંધાન માં નિષ્ફળ નીવડેલો જરાસંધ પોતાની હાંસીન થાય એથી પાછો ફરે છે. દુર્યોધન લક્ષ્યવેધની સ્પર્ધાને જ પામી ગયો કે: 'આપણો ગજ અહીં નથી' દુર્યોધન પોતાની મર્યાદાથી પરિચિત હોવા છતાંય દ્રૌપદી પ્રત્યેની આસક્તિ એને ધર્નુરવેદીએ લઇ જાય છે. પાત્રના ચિત્તમાં ચાલતા વિચારોને ક્રિયા દ્વારા મૂર્ત કરાવી આપે છે. દુર્યોધન ધનુષ્યસંધાન કરતાં ગબડી પડ્યો ને ધૂઆંપૂઆ થતો પોતાને સ્થાને પાછો ફર્યો, દ્રોણપુત્ર અશ્વત્થામાય નિષ્ફળ નીવડ્યો, સકળ આર્યવર્તના રાજાઓ દ્રુપદે રચેલી કસોટીમાં અસફળ રહ્યા સભામંડપમાં સન્નાટો છવાઇ ગયો. પન્નાલાલે કર્ણ અને અર્જુનની ધર્નૂરવિદ્યા સાબિત કરી આપવા માટે પ્રસંગાનુકુળ પરિવેશનું નિર્માણ કરીને બન્ને પાત્રોનાં પરાક્રમ દર્શાવ્યાં છે. સકળ આર્યવર્તના ક્ષત્રિયો નિષ્ફળ નીવડતાં જ કર્ણ ઊભો થઇને ધનુષ્ય સંધાન કરે છે. અહીં નાટ્યાત્મક ઘટના ઘટે છે દ્રૌપદી એ કહ્યું કે: ' એ સૂતપુત્રને નહીં વરું' લોકની ચર્ચાઓને વડે કર્ણના પરાક્રમને લેખકે ન્યાય આપવાનો પ્રયત્ન કર્યો છે. દુર્યોધન ને શકુનિએ કર્ણનો પક્ષ લીધો હતો પરંતુ યોગ્ય સહકાર પ્રાપ્ત ન થવાથી ફરી એકવાર સભામંડપમાં શાંતિ છવાઇ ગઇ.

આવી ક્ષણોમાં કૃષ્ણનો સંકેત મળતાં જ અર્જુન ઊભો થઇને ધર્નુરવેદીએ જાય છે. અર્જુનનું વ્યક્તિત્વ અહીં કથાનાયકના ગૌરવને તે રીતે વર્ણવાયું છે તે જોઇએ.

"પણ ધીરે ડગલે જઇ રહેલો અર્જુન તો બસ પડખામાં લટકતી જનોઇ લઇને કમરમાં ખોસતો પોતાનામાં એકાગ્ર હતો ને માથે બાંધેલી જટા તથા મૃગ ચર્મમાં એ રુદ્રનો ખ્યાલ આપતો હતો. અંગ ઉપરની ભસ્મ સુધ્ધાં અત્યારે એવી ઓપતી હતી કે અંગે જાણે ચાંદની ચોળી."[૧૬]

અર્જુન મત્સ્યવેધ કરી નાંખે છે. દુર્યોધનની રહી સહી આશાઓ છિન્ન-ભિન્ન થતાં એણે કર્ણને ઉશ્કેરતા કહ્યું કે: આ અર્જુન જ છે. એણે બે વાર ભરી સભામાં તારૂં અપમાન કર્યું છે. તું એને હણી નાંખ.

દુર્યોધનના કહેવાનુંસાર કર્ણ વર્તતો નથી. પોતાનાથી બ્રહ્મ હત્યા ન થાય એ માટે તપાસ કરે છે.-ત્યારે પાત્ર ઉદાત્ત બની જાય છે. સભામંડપ રણ યુધ્ધના મેદાનમાં ફેરવાઇ જાય છે. એક બાજુ સકળ રાજાઓ વિરોધ કરે છે ને બ્રાહ્મણો બ્રાહ્મણરૂપે રહેલા અર્જુનની રક્ષા કરવા સામે આવીને ઉભા રહે છે, યુધિષ્ઠિર, નકુળર્ને, સહદેવને મંડપ બહાર કાઢીને ભીમ અર્જુનની રક્ષણાર્થે વૃક્ષને ખેંચી કાઢીને ઊભો રહે છે આવે સમયે દ્રૌપદી વરમાળા આરોપણનો પ્રસંગ નિરૂપ્યો હોત તો પ્રસંગનું ઔચિત્ય જળવાયું હોત.

અર્જુન ને ભીમ દ્રૌપદીને લઇને ઘરે જાય છે. કુંતીનું કથન 'વહેંચી લો' પાંડવો માટે વિટંબણા જન્માવે છે. 'પાંચાલીના પંચસ્વામીત્વની બાબતમાં ટીકાટિપ્પણ કરવા માટે રાહ ના જોઇ.' એમ હરીશ પંડિતે નોધ્યું છે.[૧૭] એ યોગ્ય જ છે. અર્જુન માતાની આજ્ઞાને ઉથાપવા સહમત નથી અને

૧૬. એજન. ભાગ.૨. પૃ.૧૬૫

૧૭ પન્નાલાલનું પ્રદાન, લે રઘુવીર ચૌધરી, પ્રકા.વર્ષ ૧૯૯૫, પ્ર.આ. પૃ.૨૨૯

દ્રૌપદી અર્જુનને પગલે ચાલે છે. વ્યાસમુનિ ને કૃષ્ણ દ્રુપદ અને અન્ય બ્રાહ્મણોના ઉદાહરણ આપીને સમજાવી લે છે.

શકુનિને પાકો વહેમ હોવાથી એ તપાસાર્થે અશ્વત્થામાની સાથે પાંચાલ છોડીને જાય છે. સત્ય માહિતી મળતાં જ અશ્વત્થામાં હસ્તિનાપુર મારતે ઘોડે જાય છે. અર્જુને મત્સ્યવેધ કર્યો એ સમાચાર જાણીને આનંદિત બની જાય છે.

દુર્યોધન, કર્ણને શકુનિ ચર્ચા કરતા હોય છે કે: પાંડવો હોય તો શું કરવું? એવામાં જ અશ્વત્થામા રહસ્યનો સ્ફોટ કરીને દુર્યોધનને વાસ્તવિક ધરાતલપર લઇ આવે છે. દુર્યોધન એમ હાર સ્વીકારી લે એમ ન હતો. પાંડવો એ દ્રૌપદી સાથે અધર્મયુક્ત લગ્ન કર્યા છે એમ કહીને એ ભીષ્મ તેમજ સમગ્ર સભાને ઉશ્કેરે છે. પરંતુ પાંડવોના લગ્નને વ્યાસમુનિએ અને કૃષ્ણે આપેલી અનુમતિની વિરુધ્ધ ભીષ્મ જતા નથી. દુર્યોધનના હાથ હેઠા પડે છે. છતાંય એણે કહ્યું કે: અમે શિક્ષા કરીશું.

પાંડવો જીવતા છે ને અર્જુને દ્રૌપદીને સ્વયંવરમાંથી પ્રાપ્ત કરી છે. એ સમાચાર જાણતાં જ ધૃતરાષ્ટ્રના મનમાં ઉદ્ભવેલા ભાવ વિશ્વને તાગીને લેખકે લખ્યું છે કે 'થોડાક દિવસો સુખમાં ગયાને આ પાછા છાતી ઉપર જમ પ્રગટીને ઊભા રહ્યા.'

અહીં 'જમ પ્રગટીને ઉભા રહ્યા' કહેવતનો વિનિયોગ સમર્થ રીતે કરીને પાત્રના મનોવલયોને વાચા આપી છે પણ અહીંયાં પન્નાલાલ બોલતા સંભળાય છે.

વિદુર પાંડવોને હસ્તિનાપુર લેવા જાય છે. આ પ્રસંગે સર્જકે વિદુર અને પાંડવો વચ્ચે સંવાદ પ્રયોજ્યો છે. એમાં ભીમના શબ્દોમાં બે સંવાદો જોઇએ.

'પ્રજ્ઞાચક્ષુમાં પ્રજ્ઞા પ્રગટીકે શું કાકા?' નાટ્યવ્યંગનો સમર્થ પ્રયોગ કરીને લેખકે સંવેદનનો સંકેત કરી આપ્યો છે. પાત્રની વ્યંગવાણી દ્વારા કથાંશોને જીવંત અખિલાઇમાં સંયોજવાનો પ્રયત્ન કર્યો છે. જ્યારે બીજા સંવાદને જોતાં – સર્જકની ભાષા પુરાણ પાત્રને જ નહીં કથાનકને પણ ગૌરવ વિમૂખ બનાવી મૂકે છે. અને ગ્રામ્યબોલીનો ઓથાર ચોક્કસ વરતાય છે. પન્નાલાલની કૃતિઓમાં ગ્રામ્યપરિવેશ. 'રખડી રખડીને ભીખ માંગી માંગીને દમ નીકળી ગયો. કાકા.'

સમર્થપણે કહેવતો કણિકાઓનો વિનિયોગ દ્વારા પ્રસંગાનુરૂપ ભાવોર્મિ કે પાત્રોના વ્યક્તિત્વને ઉપસાવી આવતા પન્નાલાલ અહીં શરતચૂક થઇ ગયા છે. 'અહીં લીટી ભેગો લસરકો થયો છે' એમ દેખાય છે. પાંચાલોને સંબોધતાં દ્રુપદ કહે છે કે:

'કુરુકુળપતિ ધૃતરાષ્ટ્રરાજે મોકલાવેલી નાનાવિધ પહેરામણીમાં આપણને એમને પ્રેમ જે રીતે દેખાઇ રહ્યો છે એ સાચો હોય એવી આપણે ભગવાનને પ્રાર્થના કરીએ છીએ. બાકી હે ધીમાન પાંડવો! તમે હતો જેમ એકલા નથી એ જ રીતે રાજ્યવિહોણા પણ નથી જ નથી. હસ્તિનાપુરની ગાદી અધિકારીની રૂએ તમારી છે ને તમને એ મળવી જ જોઇએ. એળે નહિ તો બેળે.'

'એળે નહિ તો બેળે' પન્નાલાલની પ્રિય કહેવત લાગે છે. આ શીર્ષકનું નાટક અને વાર્તા બંને એમણે લખ્યાં છે. એમના વિસ્તારની બોલી વિશેષતાઓ પન્નાલાલમાં ભરપૂર દષ્ટે પડે છે પણ દ્રુપદ રાજાના મુખમાં મુકાયેલી આ કહેવત કહે છે આપણને.

પાંડવોને હસ્તિનાપુરમાં આવતા રોકવામાં નિષ્ફળ રહેલો દુર્યોધન ધૃતરાષ્ટ્રને 'આપઘાત' ની ધમકી આપીને ક્રિયાશીલ બનાવે છે. અહીં 'ખાંડવપ્રસ્થ' ની ઘટનાનાં મૂળિયા નાખવામાં આવ્યાં છે.

ધૃતરાષ્ટ્ર પુત્રને ઉગારી લેવા માટે અને હસ્તિનાપુરની ગાદી દુર્યોધનને મળે એ હેતુથી પાંડવોને ખાંડવપ્રસ્થ આપે છે. એ તો માત્ર ખાંડવપ્રસ્થની જમીન આપીને જ અટકી જવા માંગતો હતો. પરંતુ ભીમે કહ્યું કે: 'ખાંડવપ્રસ્થ એકલું જ?'

ભીમમુખે મુકાયેલી વ્યંગાત્મક વાણીમાં ભારોભાર તિરસ્કાર છુપાયેલો છે. પરિણામરૂપે જ પાંડવોને 'મગની બે ફાળ' ની જેમ રાજ્ય સંપત્તિનો ભાગ મળે છે.

ખાંડવપ્રસ્થની વિરાનભૂમિને પાંડવો સુંદર નગરમાં ફેરવીને ઇન્દ્રપ્રસ્થનું નિર્માણ કરે છે. એ વેળાનું વર્ણન સર્જકે દ્રશ્યાત્મકશૈલીનો વિનિયોગ કરીને કર્યું છે.

"ઇન્દ્રપ્રસ્થની ચારે બાજુ ઊંડી ઊંડી ખાઇઓ હતી. તો પાંચ ભાઇઓની ઊંચી ઊંચી અટારીઓ જાણે આભથી વાતો કરતી હતી. ઠેક ઠેકાણે લાંબા પહોળાં સરોવરો હતા. સરોવર ઉપર પાકા પથ્થરે બાંધેલા અનેકવિધ ઘાટ હતા તો કુવા તથા વાવો જેવા જળાશયોનો પણ નગરમાં તોટો ન હતો. ચોરા હતા. ચકલે ચકલે રંગમંચને લાંબાં પહોળાં પ્રેક્ષકગૃહો બાંધ્યાં હતાં જાત જાતનાં સ્થાપત્યોને રાજકાજના કાર્યાલયો વળી રાજમાર્ગ પર શોભી રહેલી વેલીઓ અને ભાત ભાતના ફૂલ છોડો પણ એવા અદભૂત લાગતા હતા કે હવા લાગતા સાથિળા જાણે ઝાકમઝોલા ખાતા હતા."[૧૮]

ઇન્દ્રપ્રસ્થમાં નારદનું આગમનને પાંડવોને 'સુંદ-ઉપસુંદ' ની કથા કહીને દ્રૌપદી બાબતે નિયમ કરાવે છે. સર્જક કૃતિના પ્રવાહમાં મણકાં પરોવવાનો પ્રયત્ન કરતા હોય એમ લાગે છે. અર્જુનથી નિયમભંગ થાય છે ને એ બાર વર્ષ વનવાસ જાય છે. દુર્યોધન પાંડવોની રજેરજ માહિતી મેળવે છે. સર્જકે આમ કરીને દુર્યોધનની ઈર્ષાને વધુને વધુ પ્રદિપ્ત બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

'અર્જુનવનવાસપર્વ' મા નિરૂપાયેલાક અપ્સરાનો ઉધ્ધાર, ઉલપીની કથા, ચિત્રાંગદાની અને સુભદ્રાની કથાઓનું ક્રમશ: નિરૂપણ કર્યું છે. પન્નાલાલે નાટ્યવ્યંગ રીતીનો વિનિયોગ કરીને નારીહૃદયની કારમી વેદનાને એમણે આમ વર્ણવી છે.

'ચાલો પ્રિય' જે રીતે મણિપુરની સરહદ ઉપરથી હું તમારું હરણ કરી લાવી હતી એજ રીતે આજે પણ હું મણીપુરની સરહદ સુધી... ...' રુદન આડે નતો એ પોતાના અવાજમાં લહેરી પણાનો રણકો જાળવી શકી કે ન એ આગળ કશું કહી શકી. - અર્જુન પણ મૂંગો જ હતો... ...

- ને એ ચિત્રાગંદાએ એને આરે મણિપુરની સરહદ ઉપર ઉતાર્યો કે રડતી રડતી અર્જુનને વળગી પડી, કહેતી હતી મારું પેલું પૂરાણપણું મને પાછું આપતા જાવો? સ્ત્રીમાં લાવી આમ તમારે આટલી (પૃ.૩૨૧-૨)

અર્જુન ચિત્રાંગદાને પ્રેમ કરીને એની સાથે લગ્ન કરે છે અને ફલરૂપે પુત્ર પ્રાપ્ત થતાં જ અર્જુન ચિત્રાંગદાને છોડીને ચાલ્યો જાય છે એ સમયની ચિત્રાંગદાની અસહ્ય વેદનાને લેખકે મૂર્ત કરાવી આપી છે.

---

૧૮. એજન. ભાગ.૬. પૃ.૨૭૯

બીજા પ્રસંગમાં સુભદ્રાને લઇને અર્જુન ઇન્દ્રપ્રસ્થ આવી તે પછી દ્રૌપદીને મળવા માટે જાય છે. ત્યારના સંવાદોનું વર્ણન જુઓ-

'અહીં શું કામ આવ્યા છો? યાદવકુળની તમારી સુભદ્રા પાસે જ જાઓને?'

અર્જુન શું બોલે!

દ્રૌપદીની આંખમાંથી ખળખળ આસું ખરી પડયાં, હોઠ ચાવીને આસું ખાળવાનો પ્રયત્ન કરવા જતાં ઊલટાનું એનાથી ધ્રુસકુ નાંખાઇ ગયું. રડતી રડતી કહેવા લાગી: 'પાર્થ! સારી પેઠે બાંધેલા ભારા ઉપર બીજો બંધ બાંધીએ તો સ્વાભાવિક રીતે જ પહેલો બંધ ઢીલો પડવાનો!'[૧૯]

દ્રૌપદીની આંતરવ્યથા ખારસી ઘૂંટાઇને અભિવ્યક્તિ પામી છે...અહીં.

બાર વર્ષ વનવાસ ભોગવીને આવેલ અર્જુન કૃષ્ણની સાથે વિહારાર્થે જાય છે. અહીં એક ચમત્કારિક ઘટના બને છે. બ્રાહ્મણવેશ આવેલા આંગતૂકની ભૂખને મટાડવા અર્જુન ખાંડવવનને બાળે છે. અર્જુન ઇન્દ્ર વચ્ચે ઘમાસાણ યુધ્ધ થાય છે અને ઇન્દ્ર અર્જુન આગળ નમી પડે છે. બ્રાહ્મણનું અજીર્ણપણું મટી જવાથી અર્જુન ઉપર પ્રસન્ન થઇને દિવ્યાસ્ત્રો, રથ અને અક્ષયભાથા ભેટમાં આપે છે. અર્જુનના પરાક્રમોની વાત બહેલાવી બહેલાવીને કરતા લેકકે દુર્યોધનના ઇર્ષાભાવને પરાકોટીએ કેવી રીતે પહોંચાડયો છે તે જોઇએ.

"વાહ! દુશ્મનો આપણી છાતી ઉપર દિન પર દિન વૃધ્ધિ પામતા જાયને બધા ટગર ટગર જોયા કરીએ. એમ? એ વાત તો કદી બનવાની નથી પિતાજી.' ક્ષણેક ખરાડાઇને ઉમેર્યું: 'હા અમે જો નિવીર્ય હોત તો વળી જુદી વાત હતી. પણ અમે તો પાંચેય પૂતળાં એવાં છીએ કે પાંચ પાંડવોને છઠ્ઠા કૃષ્ણને ધારીએ તો આવતી કાલે રાંધી નાંખીએ.' હાસ્યનો ઠમકો કરી ઉમેર્યું: તમે અમને કમ ન સમજતા, પિતાજી."[૨૦]

દુર્યોધનની આ-ઇર્ષા જ વેરમાં પરિણામે છે. દુર્યોધનના વ્યક્તિત્વનો મોટામાં મોટો હિસ્સો તો આક્રોશનો છે. આ શીઘ્રક્રોધી, અદેખો, ઇર્ષાળુ અને વેર લેવાને પ્રતિબધ્ધ છે તેવો હોવાને કારણે તો એના વાણી કે વર્તનમાં વિવેકબુધ્ધિ ને અવકાશ જ નથી.

નારદના કહેવાથી પાંડવો "રાજસૂર્યયજ્ઞ" કરવા તત્પર થાય છે. કૃષ્ણનું મુત્સદીપણું યજ્ઞ માટેની ભૂમિકા રચી આપે છે. અર્જુન અને ભીમને લઇને કૃષ્ણ મથૂરાં જાય છે. 'જરાસંધવધ' માં જરાસંધવધની મંત્રણા, જરાસંધ ઉત્પતિ કથા, જરાસંધ સાથેનું યુધ્ધ, જરાસંધનો વધ, આ કથાઓનું મૂળકૃતિની જેમ નિરૂપણ થયું છે. લેખકનો આગળો પાસ અહીં ઝાઝો અનુભવાતો નથી જરાસંધનો વધ થતાં જરાસંધે કેદ કરેલા પંચ્યાશી રાજાઓ પાંડવોનું આધિપત્ય સ્વીકારી લે છે. અન્ય રાજાઓ પણ પાંડવોનું આધિપત્ય સહર્ષ કે અનિચ્છાએ સ્વીકારી લે છે.

લેખકે આર્યવર્તના સકળ રાજાઓને ઇચ્છા કે અનિચ્છાએ પાંડવોનું આધિપત્ય સ્વીકારતા વર્ણવ્યા છે. આ પરિવેશનો વિનિયોગ લેખકે દુર્યોધનના પાત્રને વિકસાવવા માટે ઔચિત્યયુક્ત રીતે કર્યો છે. દુર્યોધનની મૂંઝવણો વધી જાય છે કે: પાંડવો શું કરશે? પોતાને ખંડિયા રાજા બનાવશે? એમનું આધિપત્ય સ્થાપશે? પોતાને બોલાવશે? દુર્યોધન તો પાંડવો સાથે યુધ્ધ

૧૯ એજન. ભાગ.૩ પૃ.૧૭

૨૦ એજન. ભાગ.૨ પૃ.૪૪

કરવું પડે તો પણ કરવા તત્પર હતો એવા સમયે નકુળ યજ્ઞનું આમંત્રણ આપવા માટે આવે છે. અહી નાટ્યાત્મક ક્ષણ પ્રયોજીને લેખકે કથાપ્રવાહનો વિકાસ કર્યો છે.

પન્નાલાલ પટેલ રાજસૂર્યયજ્ઞ કેવી રીતે થાય છે એનું નિરૂપણ કરવાનું ટાળીને આ પ્રસંગમાંથી બે - ત્રણ ઘટનાઓ પર ફોકસ કરે છે. પાંડવોના અતિ સ્નેહથી દુર્યોધન ગદગદ બની જાય છે દુર્યોધનને સર્વથી મહત્વપૂર્ણ કામગીરી સોપવામાં આવી ત્યારે કૃષ્ણને મહત્વપૂર્ણ કામ સોપવામાં આવશે એવી આશંકા હતી પરંતુ કૃષ્ણ બ્રાહ્મણોના પગ ધોવાનુમ કામ સ્વીકારે છે ત્યારે એને શાંતિ થાય છે.

'અર્ઘ્ય' આપવાનો સમય આવે છે. જરાસંધવધના સમયે કૃષ્ણે પોતાનામાં સીંચેલા બળની ઘટના ભીષ્મને કહે છે. ભીષ્મને કૃષ્ણમાં ઇશ્વરનાં દર્શન થતાં હોય છે. એટલે જ એ કૃષ્ણને પ્રથમ અર્ઘ્ય આપવાનું સૂચન કરે છે. લેખકે અહીં જરાસંધવધ સમયની ભૂતકાળની ઘટનાના માધ્યમ દ્વારા કથા પ્રસંગને પ્રતીતિજનક બનાવવાનો પ્રયોગ કર્યો છે. સમગ્ર વર્ણન આસ્વાદ્ય બન્યું છે.

ભીષ્મના સૂચનનો વિરોધ કરતો શિશુપાળ ઊભો થાય છે. શિશુપાળ કૃષ્ણનો ઉગ્ર વિરોધ કરીને અશિષ્ટ ભાષા દ્વારા ભીષ્મનું અને કૃષ્ણનું ભારોભાર અપમાન કરે છે. શિશુપાળના અત્યાર સુધીના અપમાનને સહન કરી લેતા કૃષ્ણ ઊભા થાય છે. પન્નાલાલે આ વેળાએ ચિત્રાત્મક શૈલીમાં પ્રસંગને ઉપસાવ્યો છે.

"ત્યાં તો કૃષ્ણ આસન પરથી ઊભા થયા. મોરપીંછનો મુગટ ને પાંચ રંગના ફૂલથી સોહતી ઢીંચણ સુધીની માળામાં એ અનેરા લાગતા હતા. વળી, સહદેવે કરેલી પૂજાથી એ, આ બધા રાજાઓની વચ્ચે ઇન્દ્રની જેમ શોભતા હતા. એમનો મોં પર પથરાઇ રહેલી શાન્તિ જાણે દીપ્તિ થઇને જોનારનેય ડારતી હતી. રાજાઓ તરફ હાથ ઊંચો કરતાં કેવા લાગ્યા.'[૨૧] જેમ જરાસંધ વધ પૂર્વે બને છે એમ શિશુપાળ જન્મની કથા અને અંતે મૃત્યુ. આ પ્રસંગે કૃષ્ણ મુખે મુકાયેલા એક સંવાદને જોઇએ. 'આ ભાઇને રૂકમિણી સાથે પરણવુમ હતું. પણ મારી આગળ એનો ગજ વાગ્યો નહિ, -'

કૃષ્ણમે પૂરાણકથાનું ગૌરવપદ પાત્રને માનવામાં આવ્યું છે એટલું જ નહિ કૃષ્ણને સ્વયં ભગવાન તરીકે સ્વીકારવામાં આવ્યા છે. એ પાત્રના મુખે પ્રયોજેલી ભાષા પાત્રની ગરીમાના ચૂરે ચૂરા કરી નાંખે છે. 'વળાંમણા, માનવીની ભવાઇને મળેલા જીવંત સર્જનાર લેખક પાસે આવી અપેક્ષા કેવી રીતે રાખી શકાય? કૃષ્ણના મુખમાં આ શબ્દો શોભે નહિ.

પાંડવોથી છેતરાઇ ગયો એવી અનુભૂતિ દુર્યોધનને થાય છે. પરંતુ સકળ આર્યાવર્તના રાજાઓની સામે કૃષ્ણે શિશુપાળનો વધ કર્યો હતો. આ જોયા પછી દુર્યોધન શાંત પડી ગયો. પરંતુ મહાસભામાં દ્રૌપદીનું અપમાન સહી ન શકવાથી એ ઇન્દ્રપ્રસ્થ છોડીને ચાલ્યો જાય છે.

મહાસભામાં દુર્યોધન વારંવાર છેતરાઇ જાય છે ને હાસ્યાપદ બને છે. આ ઘટનાઓનું નિરૂપણ કરીને સર્જકે હાસ્યરસનું વર્ણન કર્યું છે.

દ્રૌપદીએ કહ્યું હતું કે: 'આંધળાનો અંધ' જ હોય ને! દુર્યોધનના રૂંએ રૂંએ આગ લાગે છે. અહીં પરિવેશનું નિર્માણ કથાને અસ્ખલિતપણે વહેવાનો માર્ગ સરળ કરી આપે છે. પાંડવોની

૨૧. એજન. ભાગ.૩. પૃ ૧૦૬

કીર્તિ, યશ, સમૃધ્ધિ જોઇને એને અદેખાઇ આવે છે એમાં વળી, જે દ્રૌપદી સાથે એ લગ્ન કરવા ઉત્સૂક હતો એ જ દ્રૌપદીએ પોતાનું ભારોભાર અસહ્ય અપમાન કર્યું એ એનાંથી જીરવી શકાયું નહી. એ ગરી જવાના વિચારો કરવા લાગ્યો. શકૂનિ દુર્યોધનને ઉત્સાહિત બનાવવા ષડયંત્ર રચે છે. 'જુગટુ' પૂર્વેનું ઔચિત્યયુક્ત વાતાવરણનું નિર્માણ અહીં સર્જકે કર્યું છે. લેખકે ધૃતરાષ્ટ્રના નિમંત્રણ પાછળ રહેલા ભાવનું આડકતરું સૂચન કર્યું છે. પરંતુ યુધિષ્ઠિર મનોમન કાંઇક નિર્ણય કરીને જુગટુ રમવા જાય છે. શકૂનિને પાસા નાખતો જોઇને ધૃતરાષ્ટ્રની યોજનાને એ યથાતથ પામી જાય છે. પાંડવોની સઘળી સંપત્તિ અને પાંડવો સહિત એમની ભાર્યા દ્રૌપદીને શકૂનિ કુટીલતાથી જીતી લે છે ને દુર્યોધનને કહે છે કે: 'કર હવે મજા, યુવરાજ, ઇન્દ્રપ્રસ્થનું રાજ્ય જ નહિ માત્ર, પાંડવો સાથે દ્રૌપદી સુધ્ધાં આજે તારાં દાસ બન્યાં છે.' પોટલી લઇને ઊભા થતાં ઉમેર્યું: 'એમનું હવે જે કંઇ તારે કરવું હોય તે કરી શકે છે.'[૨૨]

અહીં નાટયાત્મક ક્ષણો સર્જીને સૌને જાણીતી એવી કથાનું સંકલન પન્નાલાલે લોકભોગ્ય શૈલીમાં કર્યું છે. 'કર મજા' ના અનેકાર્થો ઉત્પન્ન થાય છે. દુર્યોધન પ્રતિકામીને કહ્યું: 'જો દ્રૌપદીને લઇ આવ' દ્રૌપદી એ સભા સમક્ષ પૂછાવ્યું કે: 'મને હાર્યા પછી મૂકી હતી કે હાર્યા પહેલા?' દ્રૌપદીના આ પશ્નથી ગુસ્સે ભરાયેલા દુર્યોધને દુ:શાસનને આજ્ઞા કરી અને દુ:શાસન દ્રૌપદીના કેશ પકડીને સભા સમક્ષ લઇ આવે છે.

યુધિષ્ઠિર તો પહેલેથીજ આ યોજનાને પામી ગયો હતો એટલે એ મુનિવ્રત લઇલે છે પરંતુ ભીમ માટે આ ક્ષણો અસહ્ય થઇ પડતાં એ દુ:શાસન વધની પ્રતિજ્ઞા સભા સમક્ષ લે છે.

કર્ણ પોતાનો અપમાનનો બદલો લેવા દ્રૌપદીના બધા વસ્ત્રો કાઢી નાંખવાનો આદેશ આપે છે. એ આટલેથી અટક્યો હોત તો સારુ પરંતુ અધર્મની પરાકાષ્ટાએ પહોંચ્યો હોય એમ દ્રૌપદીને 'વેશ્યા' કહે છે.

દુર્યોધને દ્રૌપદીને આંખ મારીને સાથળ પર બેસવાનો ઇશારો કર્યો. ભીમ ફરીવાર દુર્યોધન વધની પ્રતિજ્ઞા કરે છે. લેખકે આ ટાણે વિદુર અને વિકર્ણના પાત્રને ક્રિયાશીલ બનાવીને ધબકતા બનાવ્યાં છે. વિદુર દુર્યોધનના આદેશનો વિરોધ કરે છે ને વિકર્ણ અધર્મને પરાકાષ્ટાએ જતો જોઇને દુર્યોધનને પોતાનો મત કહી સંભળાવે છે. પરંતુ દુર્યોધન આગળ એ ફાવી શકતો નથી. બીજી બાજુ, દ્રૌપદીની બાહ્ય દશા કરતાં આંતર દશા કરુણ બની જાય છે. પોતાના ઉધ્ધાર માટે એ સભા સામે કાકલૂદી, આજીજી કરે છે પરંતુ એની ફરિયાદ સાંભળનાર કોઇ ન હતું. કર્ણના આદેશથી દુ:શાસન દ્રૌપદીનાં ચીર ખેંચવા લાગ્યો. સ્વરક્ષણ કાજે અશક્ત એવી દ્રૌપદી માટે અંતિમ એકજ માર્ગ રહ્યો પરમાત્માનો. એ પ્રાર્થના કરવા લાગી અને કૃષ્ણે એનાં ચીર પૂરીને દ્રૌપદીની ભરી સભામાં લાજ રાખી.

ચમત્કારીક ઘટનાથી ભયભીત બનેલો ધૃતરાષ્ટ્ર પાંડવો સહિત દ્રૌપદીને મુક્તજ નહી, એમની સંપત્તિ પાછી આપે છે. દુર્યોધન જીતેલી બાજી હારી જતાં એ ધૃતરાષ્ટ્રને પોતાના મૃત્યુની ધમકી આપે છે. ધૃતરાષ્ટ્ર તો દુર્યોધનના જન્મ સમયેથી જ પુત્રને આંધળો પ્રેમ કરતો હોવાથી એ પુત્રને

૨૨. એજન ભાગ.૩. પૃ ૧૬૧

ઉગારી લેવા માટે પાંડવોને ફરી એક વાર એક દાવ રમવાનું નિમંત્રણ આપવા બોલાવે છે. અને પાંડવો એક જ દાવમાં સઘળું હારીને બાર વર્ષનો વનવાસને તેરમુ વર્ષ અજ્ઞાતવાસની સજા મેળવે છે.

વિદુરનું સમજણ પૂર્વકનું સક્રિયપણું કથારસને જાળવી રાખે છે અને કથા પ્રવાહને વિકસતો રાખે છે. ધૃતરાષ્ટ્રને સત્યનું જ્ઞાન કરાવીને કુરુકુળને ઉગારવા વિદુર ઉપદેશ આપે છે. ગુસ્સે ભરાયેલો ધૃતરાષ્ટ્ર એને નગર ત્યાગનો આદેશ આપે છે. સર્જક વિદુરના પાત્રને અતીત જાવનની ઘટનાઓનું સ્મરણ કરાવીને હૃદયવેદના ઠાલવતો બતાવે છે. એ પોતાના ભાઇની પાસે જતો રહેવા માંગે છે. પણ આજ્ઞાનું પાલન કરે છે.

'વિદુરે ધૃતરાષ્ટ્રનો ત્યાગ કર્યો એ સાંભળીને ભીમને આનંદ થાય છે પરંતુ ધર્મજ્ઞાન ધરાવતા યુધિષ્ઠિરને દુ:ખ થાય છે. પાંડવો ભાતૃપ્રેમનો વધારે ઘનિષ્ઠ બનાવવા સર્જકે વિદુર અને ધૃતરાષ્ટ્રના પ્રસંગને પ્રયોજ્યો છે.

પાંડવો રાજસૂયજ્ઞ કરવાના હોય છે ત્યારે જે ભાવ દુર્યોધન અનુભવે છે એ ભય ફરીવાર અહીંયા અનુભવે છે, કૃષ્ણ કૈકયો અને ધુષ્ટકેતુ સૈન્ય સહિત પાંડવો પાસે જાય છે ત્યારે દુર્યોધનને એમ લાગે છે તેઓ હસ્તિનાપુર પર આક્રમણ કરશે આથી સમસ્ત તૈયારી આરંભે છે. પરંતુ એની શંકાનો ફિયાસ્કો થાય છે. પન્નાલાલ પ્રસંગને અદભૂત રીતે ઉપસાવીને અંતે નાટચાત્મક સ્થિતિને સજી પન્નાલાલ પ્રસંગને વધારે રસપ્રદ બનાવી આપે છે.

વ્યાસમુનિ પાંડવો અને કૌરવોના મનોભાવોને પામી ગયા હોવાથી કહે છે પાંડવોને કહ્યું કે: 'યુધ્ધ હવે અનિવાર્યજ છે.' અને અર્જુનને 'પ્રતિસ્મૃતિ' વિદ્યાનું પ્રદાન કરે છે અર્જુનને દિવ્ય અસ્ત્ર - શસ્ત્રો પ્રાપ્ત કરવા માટે સ્વર્ગે જવાનું સૂચન ઉત્તરકાલની ઘટનાઓની પીઠિકા રચી આપે છે.

'અર્જુન-કિરાત' ની કથાનું વર્ણન કથા રસને જાળવી રાખે છે. અર્જુન શીવના યુધ્ધ-પ્રસંગો, બન્ને પાત્રોની ગતિવિધિઓ અને એમના સંવાદો દ્વારા પ્રસંગાનૂસાર પરિવેશ સર્જાય છે. અર્જુન અને શિવના યુધ્ધ પ્રસંગને સર્જકે આલંકારિક ભાષાકર્મ દ્વારા આમ ઉપસાવ્યું છે.

'આમાં પણ અર્જુનના મુક્કા મહાદેવને જાણે ફૂલના દડાને મહાદેવનાં મુક્કા અર્જુન ઉપર હથોડા.'[23] અર્જુન શિવસ્તુતિ કરે છે અંતે મહાદેવ પ્રસન્ન થઇને અર્જુનને દિવ્યઅસ્ત્રો પ્રદાન કરે છે.

શિવના સૂચને અર્જુન સ્વર્ગે જાય છે. સ્વર્ગની અપ્સરા સાથે એનો ચક્ષૂરાગ પ્રગટે છે. અર્જુનનો ચક્ષૂરાગ જોઇને ઉર્વશીને અર્જુનની સેવામાં મૂકે છે. અર્જુન તો અસ્ત્ર-શસ્ત્ર વિદ્યા શીખવામાં અને નૃત્ય-સંગીતમાં વ્યસ્ત રહેવા લાગ્યો. તાલીમ પૂર્ણ થવા આવી હતી. ઉર્વશી કામવશ થઇને અર્જુન પાસે જાય છે. અર્જુન એનો અસ્વીકાર કરે છે ત્યારે અતૃપ્ત કામવાસનાથી પીડાતી ઉર્વશી અર્જુનને કહે છે કે: 'જેને તમે વિવેક કહો છો એનાં મૂળિયા દંભની ભોંયમાં પડેલા છે (ઇન્દ્રસભામાં) તમે પુરુષ હતા, હું સ્ત્રી હતી.... નિર્વિવાદ છે કે આ સ્વર્ગ છે, એનાં મૂલ્યો નિરાળા છે અને ઉર્વશી ઉર્વશી છે.'

23 એજન ભાગ.૩. પૃ ૯૬૨

સ્ત્રી-સ્વમાનના ભાવતંતુને ગૂંથીને લેખકે કથાને વધુ રસપ્રદ બનાવી છે. માનવજાતના દંભી સ્વભાવ પર ભારોભાર વ્યંગ કરવામાં આવ્યો છે અતૃપ્ત વાસનાથી પીડાતી ઉર્વશી પોતાનું સ્વમાન ઘવાતાં અર્જુનને શાપ આપે છે.

અર્જુન સ્વર્ગેથી પાત્રો આવ્યા બાદ પાંડવોને વાર્તાલાપ કરાવીને અતાંતિ પ્રસંગોનું વર્ણન પુરાણ કથા પ્રસંગોને આલેખવા કર્યું હોય એવી છાપ ઊભી થાય છે. જટાસુર કથા, હનુમાન કથા, વાનરકથા, અજગર પ્રસંગ વિગેરે.

અર્જુને દિવ્યાસ્ત્રો પ્રાપ્ત કર્યા છે એ સમાચારથી દુર્યોધન બળી ઊઠે છે. એ પાંડવોને બાળવા સૈન્યના રસાલા સાથે હિમાલય પર જાય છે. અર્જુનમિત્ર ચિત્રસેન દુર્યોધનની મૈલી મુરાદ પામી જતાં દુર્યોધન સહિત સેનાને બંદિવાન બનાવે છે અને પાંડવોનો કહેવાથી એમનો ઉધ્ધાર થાય છે. પાંડવોને બાળવા ગયેલો દુર્યોધન એમની કૃપાથી જ ઉગરે છે. પાંડવોનો ઉપકાર સ્વીકારવાનું એને સૂઝયું નહી પરંતુ દ્રૌપદીએ કરેલું અપમાન એને સતત ગૂંગળાવ્યા કરે છે. દુર્યોધનના મનોભાવને લેખકે આમ ઉપસાવ્યા છે.

"પાંચ પતિની પત્ની એવી એ કૂલટાની તમે ધૃષ્ટતા તો જુઓ! અમારી રાણીઓ એ જે મહામૂલાં આભૂષણો પહેર્યા હતા, એ એણે અમારા દેખતાં અમારા જ દાસ દાસીઓને વહેંચી દીધાં! મામા! તમે એને જોઇ નહિ હોય, પણ વગર જોયેય મને એનું ગૂમાન જાણે શારડીની જેમ શારતું હતું?[૨૪] બદલો લેવાને અર્થે દુર્યોધન દુર્વાસામુનિને પ્રસન્ન કરીને દુર્વાસાને એવે સમયે પાંડવો પાસે ભોજન માટે મોકલે છે જ્યારે દ્રૌપદી એ અક્ષયભાથાને સાફ કરીને મૂક્યું હોય. આથી દુર્વાસામુનિનું અપમાન થાય અને એ પાંડવોને શાપ આપે. લેખકે પાત્રની ક્રિયાઓ અને એનાં મનમાં પ્રદિપ્ત થતાં વિચારોને સહજતાથી વિકસાવીને કથાને વાચકને રાખવાનો પ્રયાસ કર્યો છે. અહીંયા ચમત્કારિક તત્ત્વને લેખકે સ્વીકાર્યા છે. કૃષ્ણ પોતાની લીલા દ્વારા દુર્વાસાને ભગાડી મૂકે છે.

એક પછી એક ઘટનાઓ પ્રયોજીને લેખક દુર્યોધનની ઇર્ષાને પરાકાષ્ઠા તરફ લઈ જાય છે. અને એટલે જ દુર્યોધન મારું મરું પર આવી જાય છે. પાંડવો આગળ એ ફાવી શક્યો નહી એવામાં, પાંડવોએ કરેલા જયપ્રથના અપમાનના સમાચાર ગુપ્તચર દુર્યોધનને આપે છે.

સત્યભામા અને દ્રૌપદીની વાતચીતમાં પ્રેમનું આગવું અર્થઘટન થયું છે. દ્રૌપદી સત્યભામાને કહે છે કે: આંગળી મૂકીને યુધિષ્ઠિરને, માંગણી વડે ભીમને, રીસામણાં-મણામણાં વડે અર્જુનને, લાડકોડ વડે નકૂળ-સહદેવને પ્રસન્ન કરું છું. એક ગુજરાતી સમજુ ને સુશીલ ગૃહિણી એના પાંચ પતિને કેવી રીતે સંભાળે એ માનસ શાસ્ત્રીય અભિગમથી અહીં આલેખાયું છે.

બીજી બાજુ, સર્જકે આડકથાનો આશ્રય લઇને કથાને વધુ પુષ્ટ બનાવવાનો પ્રયત્ન કર્યો છે. બ્રાહ્મણના અરણી પાત્રો મૃગ લઇ જાય છે ને પાંડવો અરણીપાત્ર લેવા જંગલમાં જાય છે. અહીંયા ચમત્કારિક પ્રસંગનું નિરૂપણ કરીને સર્જક વિરાટનગરના અજ્ઞાતવાસની કથાનો પરિવેશ ઊભો કરી આપ્યો છે. અજ્ઞાતવાસમાં પાંડવોને કોઇ ઓળખી ન શકે એવું વરદાન આપે છે.

---

૨૪. એજન ભાગ.૩. પૃ.

પાંડવોના વનવાસની અવધિ પૂરી થવાની ક્ષણે દુર્યોધન પાંડવો પર ગુપ્તચરનો કાફલો ગોઠવી દે છે. જેથી પાંડવોને અજ્ઞાતવાસ પહેલાં પકડી લઇને ફરી બારવર્ષ વનવાસ મોકલી શકે. પરંતુ પાંડવો ગુપ્તચરોને ઊંઘતા રાખીને અજ્ઞાતવાસ માટે ગુમ થઇ જાય છે. પાંડવોને દ્રૌપદી વિરાટનગરમાં વેશબદલીને યોગ્ય સ્થળે ગોઠવાઇ જાય છે.

વિરાટનગરમાં ભીમ અને દ્રૌપદી સાથે બનેલી બે નાટચાત્મક ઘટનાઓનું નિરૂપણ કરીને સર્જકે રંગ જમાવવાનો પ્રયાસ કર્યો છે. જીમૂત નામના મલ્લની સાથે ભીમે મલ્લયુધ્ધમાં ઉતરવું પડે છે. અને વિરાટનરેશ સાળાની નજર દ્રૌપદી પર સ્થિર થાય છે. કિચૂકે વિરાટનગરમાં ભય ઉત્પન્ન કરીને રાજ્ય સત્તાને પોતાના હાથમાં લઇ લીધી હતી. એની સામે રાજા કે એની બહેન એક શબ્દપણ ઉચ્ચારી શકતા ન હોય ત્યાં નગરલોકો શું કરે? અહીં પ્રસંગાનુરૂપ પરિવેશનું વર્ણન કરીને કિચૂકવધની કથા રસપ્રદ રીતે અભિવ્યક્ત થઇ છે. દ્રૌપદીના સૌંદર્યથી અભિભૂત બનેલો કિચૂક દ્રૌપદીને ભોગવવા ઉત્સૂક હોય છે. સુદેશ્ણા એ માટે માર્ગ કરી આપે છે. એકબાજુ, અજ્ઞાતવાસ પૂર્ણ થવામાં થોડાં દિવસોની વાર હોવાથી ગમે તેમ કરીને સહન કરવું જ પડે એવી સ્થિતિનું નિર્માણ દ્રૌપદી સામે થાય છે. દ્રૌપદીની સામે સંઘર્ષાત્મક સ્થિતિ ઉભી થઇ છે. કિચૂકથી બચવા એ ભાગીને રાજસભામાં બૂમો પાડવા લાગી. યુધિષ્ઠિર શાંત બનીને મૂક પ્રેક્ષક બનીને જોયા કરે! પરંતુ ભીમ માટે અસહ્ય થઇ પડતા એ કિચૂકને મારવા તૈયાર થાય છે. ત્યાં યુધિષ્ઠિર સમજાવી લે છે.

દ્રૌપદી માટે એક જ શરણ હતું એ ભીમનું. ભીમ અને દ્રૌપદી ભેગા મળીને કિચૂકના વધની યોજના ઘડીને કિચૂકનો વધ ભીમ કરી નાંખે છે. કિચૂકને ભીમની મારામારીના પ્રસંગનુંઅહીં લેખકે આનુકારી શબ્દો કે કંઇ સુસ્પેન્સ જેવું મૂક્યાં હોય તો રસપ્રદ રીતે એ વાત લખી.

કિચૂક વધ થવાથી પાંડવો માટે વિષમ પરિસ્થિતિ સર્જાય છે. એક બાજુએ આજ્ઞાતવાસના થોડા દિવસો જ બાકી હતા. દ્રૌપદીને ઉગારવની એ પાંડવોની ફરજ બની જતાં યુધિષ્ઠિર સંકેતાત્મક સૂચન દ્વારા ભીમને આજ્ઞા આપે છે અને ભીમ કિચૂકના નવ્વાણું ભાઇઓનો ખાત્મો બોલાવીને દ્રૌપદીને ઉગારી લે છે. ભીમની તાકાત બતાવવાનો આ મોકો સર્જક છોડતા નથી દુર્યોધનના ગુપ્તચરોએ વિરાટનગરના બનાવોની વાત કરીને જણાવ્યું કે: 'એ પાંડવો જ છે!' ને બીજી બાજુએ ભીષ્મે કહ્યું કે: પાંડવોને શોધી કાઢો, નહિતર એમના રાજ્યને પાછું આપવા તૈયાર રહો!' પ્રચોજીને કથાને પૂર્વ તૈયારી રૂપે આકરી વાસ્તવિક ક્ષણોને સ્વીકારવા ભીષ્મ દુર્યોધનને તૈયાર કરે છે. ગુપ્તચરની માહિતીનો આધાર લઇને વિરાટનગર પર દુર્યોધન ચઢાઇ કરે છે.

દુર્યોધન વિરાટનગર પર ચઢાઇ કરવાનું નક્કી કરે છે ત્યારે સર્જકે ભીષ્મમુખે નીચે પ્રમાણે પ્રયોજ્યા છે.

'શું કરીએ! કૌરવોનો રોટલો ખાઇએ છીએ!' વફાદારી રાખવી જોઇએ એ વાતથી તેઓ સંપૂર્ણ સભાન હતા. ભીષ્મએ મહાભારતનું સામાન્ય પાત્ર ન હતું. પણ જેનું અન્ન ખાઇએ તેના પ્રત્યેજ વફાદારી રાખવી જાઇએ એ વાતથી તેઓ સંપૂર્ણ સભાન હતા. ભીષ્મના જીવનની મોટામાં મોટી કરુણતા જ આ છે ને!

બૃહન્નલાને ઉત્તરકુમારના સંવાદો દ્વારા પાંડવો જીવતા છે અને આજ નગરમાં રહે છે. એ વાતનો રહસ્યસ્ફોટ તો થાય છે. પણ અર્જુનના શંખનાદને સાંભળતા જ દ્રોણ અને ભીષ્મ અર્જુનને ઓળખી જાય છે. રક્ષણાર્થે યુધ્ધ કરીને કૌરવ સૈન્યને મૂર્છાવશ બનાવી મૂકે છે. લેખક અહીં મૂળકથાનકમાં ન હોય એવી ઘટનાને ઉપસાવીને કથા પથસંગને નવીનતા અર્પે છે. ઉત્તરકુમાર કૌરવપક્ષના મહારથીના વસ્ત્રો કાઢીને પોતાની બહેનને ઢીંગલીના વસ્ત્રો બનાવવા આપે છે. પાંડવો અજ્ઞાતવાસ પૂર્ણ થતાં વિધિવત બહાર આવતાં એમની સામે રાજ્ય મેળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. સંઘર્ષાત્મક પરિવેશ અહીં સર્જાય છે. કૌરવો પાંડવોને રાજ્ય આપવા માંગતા નથી. કૃષ્ણની સલાહથી કૌરવોને ત્યાં દૂત મોકલવામાં આવ્યો પરંતુ સફળતા મળી નહીં બન્ને પક્ષો અંતિમે આવતાં યુધ્ધની તૈયારીનો આરંભ થાય છે.

અહીં કૃષ્ણ પાસે દુર્યોધન અને અર્જુન સહાયતા માંગવા જાય છે એ પ્રસંગ પણ ગૂંથાયો છે. એક બાજુ યુધ્ધની તડામાર પૂર્વતૈયારી થાય છે ને બીજી બાજુ પાંડવોના સૂચનથી અને આર્યાવર્તના રક્ષણાર્થે કૃષ્ણ "વિષ્ટિ" અર્થે જઇને કૌરવસભામાં "વિશ્વરૂપ" ના દર્શન કરાવીને યુધ્ધને અટકાવવાનો પ્રયાસ કરે છે. પરંતુ પાંડવોને એમની સત્તાને સંપત્તિ આપવાની સ્પષ્ટ પણે ના પાડતો દુર્યોધન તો વિષ્ટિ અર્થે આવેલા કૃષ્ણને બંદીવાન બનાવવા માંગતો હતો. અહીં તો ઊલટું બને છે. દુર્યોધન તો કાવતરાથી કૃષ્ણને પકડવા માંગે છે જ્યારે કૃષ્ણતો ભરી સભામાં દુર્યોધનને કેદ કરીને ધમકી ઉચ્ચારે છે. એ ધમકીમાં રહેલી સચ્ચાઇથી ધૃતરાષ્ટ્ર ને સભાજનો ફફળી ઊઠે છે. કૃષ્ણ પાંડવો કે કૌરવોને જ નહીં સકળ આર્યાવર્તને ઉગારી લેવા કૃતનિશ્ચયી છે. કૃષ્ણ અહીં દિવ્યદ્રષ્ટા, મુત્સદ્દી અને એક સંપૂર્ણ મહામાનવ પૂરવાર થાય છે. કૌરવોના વડિલોને સમજાવવામાં નિષ્ફળ રહેલા કૃષ્ણ કર્ણને એનાં અતિતથી પરિચિત કરીને એને પાંડવપક્ષે લઇ જવાનો પ્રયત્ન કરી ને યુધ્ધને ખાળવાનો એક વધુ પ્રયાસ કરે છે. અહીંયા કૃષ્ણ ને કર્ણના સંવાદો દ્વારા કર્ણનું પાત્ર વધુ ઊઘડ્યું છે.

'જે બાહુબલ ઉપર દુર્યોધન આજે યુધ્ધ કરવા ઝંખે છે એની હાલત શું થાય?"

કૃષ્ણને કહે છે કે: યુધિષ્ઠિરને કહેતા નહી કે હું એમનો ભાઇ છું નહિ તો રાજ્ય મેન સોપશે ને હું દુર્યોધનને રાજ્ય સોંપી દઇશ."[૨૫] કર્ણના હૃદયમાં રહેલો મિત્રપ્રેમ અને તાતૃભાવ અહીં પ્રગટ થાય છે. યુધ્ધના નગારાંઓનો સંકેત થવાથી કુંતી કર્ણને ઉગારી લેવાના પ્રયાસ રૂપે એને મળવા જાય છે. કુંતીને અહીં સફળતા પ્રાપ્ત થતી નથી. કર્ણ સામે બે પરિસ્થિતિઓ જન્મે છે. વર્ષોથી માતૃપ્રેમને માણ્યો ન હતો ને બીજી બાજુ દુર્યોધનની મિત્રતા. છતાંય એ લાગણીનો છેદ ઉડાડીને મિત્રતા નિભાવવા તત્પર થાય છે. અહીં કુંતી-કર્ણનો સંવાદ વેધક રીતે નિરૂપણ પામ્યો છે.

ભીષ્મના મોળા પડી ગયેલા વર્તનને પરિણામે દુર્યોધનને ભીષ્મ પ્રત્યે શંકા ઉત્પન્ન થાય છે કે: ભીષ્મ પાંડવોને મારશે ય નહી ને મરશે પણ નહી. અને દ્રોણ ગુરૂપ્રીતિ નીભાવશે? અને કર્ણએ કહ્યું કે: જ્યાં સુધી ભીષ્મ હશે ત્યાં સુધી પોતે અસ્ત્ર-શસ્ત્ર ઉપાડશે નહીં? લેખકે દુર્યોધનની મૂંઝવણને મૂર્ત કરાવવા માટે એક પછી એક એવાંજ પ્રકારની ઘટનાઓને આલેખી છે અને દુર્યોધનની મૂંઝવણને પરાકાષ્ઠાએ પહોંચાળે છે.

૨૫. એજન. ભાગ ૩. પૃ ૩૯૩-૩૯૪

શિખંડીની કથાનું આલેખન અહીં કરવાનું લેખકને ઉચિત લાગ્યું છે. કૌરવો મહાસમર્થ યોધ્ધાઓને મહારથી, અતિરથી, દ્વિરથી કે અર્ધરથી તરીકે ઓળખાવીને ભીષ્મ વખાણ કરે છે પણ કર્ણનો ભારોભાર તિરસ્કાર કરે છે. આ પ્રસંગ વડે લેખક કોઇ નવા અર્થને તાગવાનો પ્રયત્ન કરે છે. દુર્યોધન વણસી ગયેલી સ્થિતિને સંભાળી લે છે. રુક્મિણીની કથા કૃતિને હળવી બનાવવામાં ઉપકારક બને છે.

યુધ્ધની આગલી રાત્રે કૌરવો પાંડવો પાસે દૂત મોકલીને એમનું ભારો ભાર અપમાન ઉલૂક દ્વારા આમ કરાવે છે.

'દુર્યોધનરાજે મારી સાથે કહેવડાવ્યું છે કે હો ખાઉધરા ભીમ, તે વખતે દ્યૂતસભામાં પાડાની પેઠે બરાડા પાડીને બકવાસ કરતો હતો તો હવે અમે જોઇએ છીએ કે વિરાટરાજાના આ રસોઇયામાં કેટલુંક બળ છે ને તેં લીધેલી પ્રતિજ્ઞાઓ કેવી ક તું પાળી દેખાડે છે. અલ્યા, એ વખતે અમે તને ગાય ગાય કહીને બાયલા બાયલા કહીને એટએટલો ચીડવ્યો હતો છતાંય તેં જ્યારે અમારા ઉપર હાથ સુધ્ધાં ઉગામ્યો નહિ એટલા ઉપરથી જ અમે અને લોકો પણ પામી ગયા છે કે તું તો આ પૃથ્વી ઉપર માત્ર ખાવા માટે જ જન્મ્યો છે. તારામાં સાચેસાચ જ પૌરુષ હોત તો - અરે કોઇપણ શૂરો અને સ્વમાની માણસ આવાં મહેણાં સાંખી જ ન શકે. અમને તો હતું કે અમારા મહેણાં તને હાથ ઉગામતો કરી મૂકશે ને અમે પછી હસ્તિનાપુરમાં તમારા બધાંનો ઘડોલાગવો કરી નાખીશું પણ અમારા એ અભિલાષ એ વખતેય અધૂરા જ રહ્યા હતા, કારણ કે તમે પાંચેય ભાઇઓ નપુંસક નીકળ્યા હતા. હે ભીમ, મારા ગુપ્તચર પાસેથી મને એવી બાતમી પણ મળી છે કે તારો વિચાર હજીય યુધ્ધ કરવાનો સમૂળો નહોતો તેંતો પેલા કાળિયા (કૃષ્ણ) સાથેય કહાવ્યું હતું કે અમારે કૌરવો સાથે યુધ્ધ કરવું નથી. દુર્યોધનને કહેજે કે અમે તારી આજ્ઞામાં રહીને અનુચર તરીકે રહેવા માટે તત્પર છીએ. પણ અલ્યા, મને તારું મોં જ જોવું નથી ગમતું! અરે, તું આ પૃથ્વી ઉપર જીવતો હોય એ જ મને માન્ય નથી. ને એટલે જ મેં આ યુધ્ધ યોજીને તમને દુષ્ટોને પૃથ્વી પરથી મિટાવી દેવાનો નિર્ણય કર્યો છે.'[૨૬]

વ્યાસમુનિ દ્વારા દિવ્યદૃષ્ટિ પામેલો સંજયનો પ્રસંગ પણ અહીં ગૂંથાયો છે. યુધ્ધભૂમિમાં યુધ્ધારંભ પૂર્વે પાંડવો વડિલોના આશીર્વાદ મેળવવા સાથે ભીષ્મ અને દ્રોણના મૃત્યુ રહસ્યને જાણી લાવે છે. કૃષ્ણ ફરી એકવાર કર્ણને સમજાવીને પાંડવપક્ષે યુધ્ધ કરવાનું સૂચન કરે છે. પરંતુ કર્ણ મિત્રદ્રોહ કરવાનું અનુચિત માને છે યુયુત્સુ ભ્રાતૃદ્રોહ કરીને પાંડવપક્ષે જાય છે.

'પાર્થને કહો ચઢાવે બાણ' કૃતિના ચાર ભાગના સર્જનમાં સર્જકના લેખિનીના ઉન્મેષો ક્યાંક ક્યાંક અગ્નિપાની જેમ ચળકતા જોવા મળે છે. પરંતુ આ કૃતિના છેલ્લા ભાગમાં લેખકની સર્જકતા સોળેકળાએ મહોરી ઊઠતી હોય એમ જણાય છે. "કુરુક્ષેત્ર માં અઢાર દિવસ ચાલેલા મહાવિનાશક યુધ્ધમાંના કથાપ્રસંગોને એમણે ક્રમશ: આલેખ્યા છે. પુરાણ પ્રચલિત એવાં મહાપાત્રો અને ગૌણ પાત્રોનાં શૌર્ય, પરાક્રમને બલિદાનને લેખકે ચિત્રાત્મક વર્ણનકલા વડે દૃષ્ટિગોચર કરાવીને વીરરસનું અદભૂત નિરૂપણ કર્યું છે. એની થોડી વિગતો જોઇએ.

---

૨૬. એજન ભાગ.૩. પૃ.૩૬૯

'રાજન, યુધ્ધની વાત હવે પૂછશો જ નહિ! ભીષ્મ સામે અર્જુન છે. દુર્યોધન સામે ભીમ અફળાયો છે, દુ:શાસન સામે નકુળ અને અશ્વત્થામા સામે શિખંડી આ બધા એકબીજાના દાંતખાટા કરી રહ્યા છે. સુભદ્રાનંદન અભિમાન્યુ મહારાજા બૃહદબલ સાથે ભીડયો છે ને સિંહનું બચ્ચું હાથીના ગળે વળગ્યું હોય તેમ બૃહદબલ અકળાવી રહ્યો છે. બાહ્લિક સામે પાંડવપક્ષનો શિશુપાળપુત્ર ધૃષ્ટકેતુ રુધિતથી જાણે વસંતપંચમી ખેલી રહ્યો છે. તો રાક્ષસરાજ ઘટોત્કચ તમારા પક્ષના અલંબુસ રાક્ષસ સાથે-પર્વત જાણે પર્વત સાથે અફળાઇ રહ્યો છે-'[૨૭]

યુધ્ધ વર્ણનોમાં ચમકતાં તારાની જેમ લેખકનું ગદ્યપોત ઝગમગી ઊઠે છે. ભીમના યુધ્ધ ભૂમિ પ્રવેશ માટે 'હાથીએ અડાબીડ વનમાં પ્રવેશ કર્યો એમ દર્શાવીને ભીમના શૌર્ય અને પરાક્રમોને જાણે બિરદાવ્યાં છે.

અભિમન્યુ અને દુર્યોધનપુત્ર લક્ષ્મણના યુધ્ધ પ્રસંગનું વર્ણન કરીને ધૃતરાષ્ટ્રના મનોજગતમાં વિચરતા ભાવોને સર્જકે પકડીને કૃતિમાં અભિવ્યક્ત કર્યા છે.

પૌરાણિક કથાનકનાં પાત્રો પોતાની એક આગવી ગરિમા લઇને ભાવકના ચિત્તમાં જડાયેલા હોય છે પૌરાણિક કથા પર કલાકૃતિ રચનાર સર્જકે આ પાત્રોના ગૌરવને સાચવવાની કપરી જવાબદારી હોય છે. પણ અહીં ભીષ્મની શૌર્યને ઉપસાવવા માટે આમ વિધાન થયું છે: ડોસો હવે વીફર્યો હોય એમ લાગે છે, ભાઇ.' લોકબોલીમાં જે જે શબ્દો સહજતાથ વપરાય છે તે સર્જનકૃતિમાં કેવા ખટકે છે તેનું આ ઉત્તમ દષ્ટાંત છે. 'મહાભારતના ભીષ્મના પાત્રનું ગૌરવ અહીં ચૂરે ચૂરા થઇ જાય છે.

ધૃતરાષ્ટ્ર અને સંજય વચ્ચેના વાર્તાલાપ કથા આલેખનના ખૂટતાં અંકોડા રૂપે રજુ થયા છે. આઠ આઠ દિવસો પસાર થઇ ગયા છતાંય કૌરવોને જોઇએ એવો વિજય પ્રાપ્ત ન થયો આથી ધૃતરાષ્ટ્રને એમ લાગે છે કે: ભીષ્મ ને દ્રોણ મનમૂકીને લડતા નહી હોય. દુર્યોધન પણ એમ જ વિચારતો હતો. ધ્યેયને સિધ્ધ કરવા માટે દુર્યોધન ભીષ્મને યુધ્ધમાંથી નિવૃત્તિ લેવાનું સૂચન કરવાનું કહે એ પહેલાના સમયની ભીષ્મની વેદનાને હૃદયના સૂક્ષ્મત્તમ એવા ભાવ જગતને અભિવ્યક્ત કરીને પન્નાલાલે આમ વર્ણવી છે.

"આ સાથે ભીષ્મના મોંમાંથી એક કરુણ નિ:શ્વાસ સરી પડયો. આજે તો તું સાચે સાચ જ - અર્થનો જ દાસ નથી રહ્યો: દુર્યોધન જેવા અનિષ્ટના પક્ષમા તેં તારું જીવન સુધ્ધાં વેચી દીધું છે.' નહિ તો આજે દુર્યોધન તને આવીઆજ્ઞા કરત જ નહિને! ને તારે એને રીઝવવા માટે- 'હે ગાંગેય,' ભીષ્મે પોતાને ઉદ્દેશતાં મનોમન કહ્યું: 'આવતી કાલે તારું સમગ્ર તેજ પ્રગટાવ્યા વગર છૂટકો જ નથી. નહિ તો યાદ રાખજે, સાંજ પડયે આ મતલબી રાજા દુર્યોધન કર્ણના લાભમાં શસ્ત્રો છોડવા ચોખ્ખો તને આદેશ જ આપશે: પિતામહ, હવે તો બહુ થયું. તમે વૃધ્ધ થયા છો. શસ્ત્રો છોડીને યુધ્ધથી તમે નિવૃત્ત થઇ જાઓ. બોલ, આ વખતે પછી - સૂડી વચ્ચે સોપારી જેવો તું... ...'[૨૮]

ભીષ્મના મનમાં ઉદ્ભવેલા ભાવવિશ્વને તાગીને પન્નાલાલે કથાને રસપ્રદ બનાવી આપવાનો સમર્થ પ્રયાસ કરવાની સાથે પાત્રને હળવું બનાવ્યું છે. તથા ઉત્તર સમયમાં બનનારી

---

૨૭ એજન. ભાગ.૩ પૃ.૩૭૦

૨૮. એજન. ભાગ ૫. પૃ.૩૪૮

દારુણ ઘટના માટેનો પરિવેશ ઊભો કરી આપ્યો છે યુદ્ધ ઉપર અવધ્ય અને ઇચ્છિત મૃત્યુવાળા ભીષ્મ સામે કઠોડી સ્થિતિ ઊભી થાય છે. ભીષ્મના પરાક્રમની ઉપેક્ષા કરીને કૌરવો પોતાના સ્વાર્થ ખાતર યુદ્ધમાંથી બહાર કાઢવાનો પ્રયાસ કરે છે જ્યારે પાંડવો ભીષ્મના શૌર્યને સામર્થ્યને સારી રીતે સમજતાં હતા એટલે તેઓ ભીષ્મને કઇ રીતે મહાત કરવો એ મૂંઝવણમાં ઘેરાયેલા હતા. એકબાજુ ઘોર અપમાન અને બીજી બાજું પોતાના સામર્થ્યની કદર થાય છે. આવી કટોકટી ભરી સ્થિતિમાં ભીષ્મ સ્વાભાવિક રીગતે પોતાના મૃત્યુના રહસ્યનું પાંડવોને કહી દે છે. આ કથા પ્રસંગમાં સર્જકિય સ્પર્શ થવાથી કથાપ્રસંગ સમર્થરીતે ઉપસ્યો છે બે વિરોધાભાસી સ્થિતિઓનું વર્ણન કરીને ભીષ્મના પાત્રને ગૌરવ ભીનું કરનાર પન્નાલાલ આ રીતે વર્ણવે છે.

'કૃષ્ણને એ વખતે ભય લાગ્યો કે ભીષ્મ જો પૂર્વકાળની વાત કહેવા બેસશે તો કાશીરાજના સ્વયંવરમાં દેખાડેલું પરાક્રમને પરશુરામ સાથે માંડેલું યુદ્ધ કહેવામા સવાર જ પાડશે. એટલે એમણે તરત જ હુંકારો ભણતાં કહ્યું: તમારા પૌત્રોએ તો તમારાં આ પરાક્રમને કથાની પેઠે ઘણીવાર સાંભળેલા છે.'[૨૯]

ભીષ્મ અને અર્જુન વચ્ચેના યુદ્ધને સર્જકે આલમકારિક શૈલીમાં તાદશ કરી આપ્યું છે.

" -: ભીષ્મ ને અર્જુન - એક છે આથમતો ને બીજો છે ઊગતો. બન્ને સૂર્યો પોતપોતાના તેજથી બેઉ પક્ષની સેનાઓને આજે કાં તો બાળી જ મૂકશે. પછી તો એક તરફ મૃત્યુ પીધેલા ભીષ્મે પોતાના તાડ સરખા ધનુષમાંથી તીડના ટોળાં અર્ધચંદ્રનો આકાર રચતાં ઉડાવવા માંડયાં..

સામી બાજુ અર્જુને પન ભીષ્મનાં આ બાણોને દાતરડાવડે ઝાડની ડૂંપણો કાપતો હોય તેમ કાપવા માંડયાં.-"[30]

પન્નાલાલ આમ શૈલી પરત્વે ક્યાંક ક્યાંક અનોખી રીતે પાંગર્યા છે તો ક્યાંક લોકપ્રયોગોએ એમનો ભરડો લીધો છે એમ લાગે છે.

ભીષ્મ હણાયા ના સમાચાર જાણતાં જ ધૃતરાષ્ટ્ર હતબ્રહ્મ બની જાય છે. વિજયનો જામ હાથોમાંથી ઝુંટવાઇ ગયાની અનુભૂતિ થાય છે ત્યાં સંજયમુખે નાટચવ્યંગનો સમર્થ ઉપયોગ કરીને કૃતિ રસપ્રદ બનાવાઇ છે.

'છે ને તમારો કર્ણ, કૃપાનથ!'

અહીં સંજયનું પાત્ર જીવંત બનીને આવતું લાગે છે. એના સંવાદમાં ભારોભાર તિરસ્કાર છૂપાયેલો છે. હસ્તિનાપુરને ભ્રાતૃયુદ્ધમાંથી ઉગારી લેવા માટે એ સક્રિય બને છે.

કુંતિએ હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો ત્યારથી જ એનાં પ્રત્યે અણગમો બાંધીને બેસેલા ભીષ્મ કર્ણને ઓળખી જતાં જ્યાં જ્યાં અવકાશ પ્રાપ્ત થયો છે ત્યાં ત્યાં અપમાન કરીને એના આત્માને ઠેસ પહોચાડવાનુમ કૃત્ય આચર્યું ભીષ્મ બાણશય્યાએ પડે છે ત્યાં આગળ કર્ણને કહે છે કે: તું રાધા પુત્ર નહી, કુંતીપુત્ર છે! અહીંયા એક નવો જ ભાવ પ્રગટ થાય છે. ભીષ્મનું કર્ણ પ્રત્યેના આવા ક્રૂર વલણને સર્જકે અહીં સત્ય બનાવવાનો સમર્થ પ્રયાસ કર્યો છે. કુરુકુળને વિનાશના માર્ગેથી

૨૯. એજન. ભાગ ૫. પૃ.૫૪

30. એજન. ભાગ.૫ પૃ ૬૪

ખાળવાનો પ્રયત્ન અહીં ભીષ્મ દ્વારા થતો હોય એમ લાગે ચે. ભીષ્મ જાણતાં હતાં કે કર્ણ એક સામાન્ય યોધ્ધો નહી પણ અર્જુનનો સમોવડીયો જેવો છે એના જ સામર્થ્ય પર દુર્યોધન આ મહાયુધ્ધને છેડ્યું છે. જો કર્ણને આ યુધ્ધમાંથી બહાર કાઢી લેવામાં આવે તો કદાચ આ ભાતૃયુધ્ધનો વિરામ આવે. પણ કર્ણ આમ મધ્ય દરિયે મિત્રનો હાથ છોડે એમ ક્યાં હતો! ભીષ્મનું પાત્ર અત્યાર સુધી Flat character ની ભૂમીકાએ નિરૂપાયેલું છે પણ આ પ્રસંગ વડે સર્જકે નવીન અર્થને મૂકી આપીને ભીષ્મને ગતિ બક્ષી છે.

લેખકે યુધ્ધ પ્રસંગોનો ક્રમશ: કાર્યકારણના સંબંધે વિકાસ ક્યો હોય એમ લાગે છે. ભીષ્મ ઘવાતાં દ્રોણ સેનાપતિ બને છે. સેનાપતિ બનતાં જ દ્રોણે દુર્યોધનને વચન આપ્યું કે: 'યુધિષ્ઠિરને પકડી આપશે.' સેનાપતિ બનવાના અતિરેકમાં અપાયેલું વચન યુધ્ધભૂમિમાં પાડવું કેવું અશક્ય છે એનું જ્ઞાન દ્રોણને થઇ જાય છે. આથી દુર્યોધન પ્રપંચ, કાવતરાં સર્જીને દ્રોણ યુધિષ્ઠિરને પકડી શકે એવા વાતાવરણનું સર્જન કરી આપે છે. ત્રિગતો અર્જુનને રોકી રાખે છે. સહદેવ યુધિષ્ઠિરને સંપૂર્ણ રક્ષણ આપે છે. દ્રોણ યુધિષ્ઠિરને પકડવામાં નિષ્ફળ જાય છે. આથી કૌરવો છેલ્લે પાટલે બેસીને ચક્રવ્યૂહ રચીને પાંડવોને મહાત કરવાનું કાવતરું ઘડી નાંખે છે. પાંડવો સામે સંઘર્ષાત્મક સ્થિતિનું નિર્માણ થાય છે. કૃષ્ણે શસ્ત્રો નહી ઉઠાવવાનું નીમ લીધુ હતું. અર્જુન ચક્રવ્યૂહમાં જાય તો પાંડવ સૈન્યનો ખાત્મો બોલી જાય એમ હતું ચક્રવ્યૂહને કોઇ ભેદી શકે એમ ન હતું. એવા સમયે ચક્રવ્યૂહને ભેદી જાણનાર અર્જુન પુત્ર અભિમન્યુને બોલાવવામાં આવે છે પન એ ચક્રવ્યૂહમાંથી પાછા ફરવાનું જાણતો ન હતો. અભિમન્યુની સહાય અર્થે ભીમને પ્રયોજવામાં આવે છે. ચક્રવ્યૂહમાં પ્રવેશેલો અભિમાન્યુ પિતાની જેમ શૌર્ય પ્રગટાવવા લાગ્યો. એ દુર્યોધનને ભગાડે છે. અશ્મકુમારોને મારી નાંખે છે. દીર્ઘલોચન સુર્ષેણ, કુંડભેદીના માથાં વધેરી નાંખે છે. શલ્યને ઘાયલ કરે છે. દુ:શાસનને બેભાન બનાવે છે.

અભિમન્યુના આ વીરત્વપૂર્ણ પરાક્રમોનું પન્નાલાલીય શૈલીમાં થયેલું આલેખન રસપ્રદ બન્યું છે. અભિમન્યુના રૌદ્રરૂપનો સામનો કરવા માટે દ્રોણ, દુર્યોધન, કર્ણ, અશ્વત્થામા, બૃહદબલ તથા કૃતવર્મા એકી સાથે એના પર આક્રમણ કરે છે. અસ્ત્ર-શસ્ત્ર વિનાનો અભિમન્યુ આ પ્રપંચી યુધ્ધના નીતિ નિયમોને નેવે મૂકીને હિંસા આચરતાં આ ક્રૂર રાક્ષસો વચ્ચે ફસાઇ જાય છે. યુધ્ધભૂમિ પરનું ત્વરિત આલેખન કૃતિને જબરજસ્ત ગતિ બક્ષે છે અને અભિમાન્યુના વીરત્વને ઉચિત રીતે બિરદાવે છે, દા.ત.

'ઝાંઝાં મારતા અભિમન્યુના હાથમાં એક ગદા આવી ગઇ, લઇને વળી પાછો એ લોહી ભીનાં વસ્ત્રોમાં જાણે રુદ્રની પેઠે તાંડવ કરતો– અશ્વત્થામાના ઘોડા એણે મારી નાંખ્યા, અશ્વત્થામા પણ જીવ લઇને રથમાં આઘો ખસી ગયો. અભિમન્યુની ઝપટમાં શકુનિનો ભાઇ કાલિકેય આવી ગયો. એક જ ઘા માં અભિમન્યુએ એનો રોટલો કરતાકને પ્રચંડ એવો સિંહનાદ ક્યો. એની સામે દુ:શાસન તો ગદા લઇને ધસી આવ્યો. બેઉ વચ્ચે ઘમસાણ મચ્યું.'[૩૧]

રથ, ધનુર, તલવાર, ગદા વિનાનો અભિમન્યુ રથનું પૈડું લઇને કૌરવો સામે યુધ્ધ કરવા લાગ્યો. પરંતુ છ મહારથીઓ આગળ અર્જુન પુત્ર કેટલું ટકે? છયે મહારથીઓ એક સાથે એના

૩૧. એજન. ભાગ.૫ પૃ ૧૧૫

પર આક્રમણ કરીને એને મારી નાંખે છે.

પ્રાણપ્રિય પુત્રના મૃત્યુ સમાચારથી આઘાત પામેલો અર્જુન પ્રતિજ્ઞાબધ્ધ થાય છે. સર્જકે અહીં કથાને રસપ્રદ બનાવવા ધૃતરાષ્ટ્રને સંજયના સંવાદો પ્રયોજ્યા છે. ધૃતરાષ્ટ્ર એમ માનવા લાગ્યો: અર્જુનથી પ્રતિજ્ઞા પૂર્ણ નહી થાય તો એ અગ્નિ પ્રવેશ કરી લેશે અને કૌરવો યુધ્ધમાં નિશ્ચિતપણે વિજય થશે. કૌરવો બૃહદબલનું સંપૂર્ણ રક્ષાકવચ સર્જીને અર્જુનના માર્ગમાં અવરોધ બનીને ઊભા રહેલા અર્જુન માટે બૃહદબલનું માથું ઉડાડી દેવું અશક્ય બની ગયું. બીજી બાજું સૂર્યપર સૂર્ય અસ્ત થવા આવ્યો હોવાથી કૃષ્ણ યોગબળ દ્વારા સૂર્યપર વાદળનું આવરણ રચે છે ને અર્જુન બૃહદબલનો વધ કરી પ્રતિજ્ઞા પૂર્ણ કરે છે. અહીં મુત્સદ્દી કૃષ્ણનો પાંડવો પ્રત્યેનો પક્ષપાત સ્પષ્ટ દેખાય છે.

બૃહદબલનો વધ થવાથી દુર્યોધનનો ક્રોધ દ્રોણપર ઊતરે છે. દુર્યોધનના અપમાનથી છંછેડાયેલો દ્રોણ દુર્યોધનને વચન આપે છે કે: જ્યાં સુધી પાંચલોને અને કૈકયોનો સંહાર નહી કરૂ ત્યાં સુધી કવચ છોડીશ નહી.' પ્રતિજ્ઞાબધ્ધ એવો દ્રોણ અને કર્ણ સોળે કળએ ખીલીને પાંડવ સૈન્ય પર કાળો કેર વરતાવવા લાગ્યા. કર્ણના અઘોર રૂપને પામી જતાં કૃષ્ણ એની સામે ઘટોત્કચને ભીડાવ્યો. આ યુધ્ધમાં કૃષ્ણનું Involvement કેટલું પ્રબળ રહ્યું છે તેની પ્રતીતિ થયા વિના રહેતી નથી. પન્નાલાલે ઘટોત્કચની કથાને પ્રતીતિકર રીતે કથાનકમાં ગૂંથી લીધી છે. ઘટોત્કચની હત્યા પૂર્વેના યોગ્ય પરિવેશને એમણે ઊભો કરી આપ્યો છે. કર્ણ આજે પૂરા શૌર્યને સામર્થ્યપૂર્વક યુધ્ધ કરતો હતો. રાક્ષસી તાકાત ધરાવતા ઘટોત્કચ પૂરા રંગમાં આવીને કૌરવ સૈન્યનો કચ્ચરઘાણ વાળવા માંડયો. ઘટોત્કચના આ અઘોર પરાક્રમથી કૌરવ સૈન્યોમાં ભય ફેલાવા લાગ્યો. ચારે તરફ એક જ બૂમ સંભળાવવા લાગી. બચાવો, બચાવો! કૌરવ સેનાને ઉગારવી એ પ્રાણ પ્રશ્ન દુર્યોધન સામે ઉપસ્થિત થયો. આખરે કર્ણે અમૂલ્યવાન એવી 'અમોઘશક્તિ' નો પ્રયોગ કરવાની ફરજ પવી. અર્જુનના મૃત્યુ માટે રાખેલી અમોઘશક્તિ કર્ણે ઘટોત્કચ પર અજમાવી ત્યાં કૃષ્ણની યોજના સફળ થાય છે.

કર્ણની આ શક્તિ વડે જ દુર્યોધન પાંડવો પર વિજય મેળવવા માંગતો હતો. પરંતુ અમોઘશક્તિ વેડફાઇ જતાં સંજય ધૃતરાષ્ટ્રને ફરી એકવાર પાંડવો સાથે સંધિ કરી લેવાનું સૂચન કરીને કૌરવોને જ નહી રહ્યા સહ્યા ક્ષત્રિયોને ઉગારી લેવાનો પ્રયત્ન કરે છે.

બીજી બાજુ પાંડવોએ કૌરવનીતિનો પ્રયોગ કરીને દ્રોણનો વધ કર્યો. પિતાના અવસાનથી ક્રોધમય બનેલા અશ્વત્થામાએ 'નારાયણાસ્ત્ર' નો પ્રયોગ કર્યો. અર્જુન બ્રાહ્મણ, ગાય અને નારાયણાસ્ત્ર સામે ગાંડિવ નહી ઉપાડવાની પ્રતિજ્ઞાથી બંધાયેલો હતો. અર્જુનના આ કૃત્યથી ગુસ્સે ભરાયેલો ભીમ અશ્વત્થામાની સીધી ટક્કર લે છે. કૃષ્ણ અને અર્જુન ભીમને બચાવવા યુધ્ધમાંથી પાછો ખેંચી લે છે. **युधस्य कथा रम्या** એમ મનાય છે અને આ તો કૌરવ-પાંડવોનું યુધ્ધ, ધર્મ અને અધર્મ વચ્ચેનું યુધ્ધ. ભારતીય ઇતિહાસમાં ન થયું હોય તેવું અભેડ અને બેનમુન મહારથીઓનું યુધ્ધ પછી ક્ષણ ક્ષણના હિસાબો ચૂકવાતા હોય તેવા મહાભારતનાં યુધ્ધની કથા રમ્યતો હોય જ ને. પન્નાલાલે આ યુધ્ધનું વાતાવરણ સર્જવામાં સફળ પ્રયત્ન કર્યો છે.

દ્રોણનું મૃત્યુ થવાથી કર્ણ સેનાપતિ બન્યો. શૈલ્ય પાંડવોને આપેલા વચનને પૂર્ણ કરવા સજ્જ બને છે. કર્ણવધના પ્રસંગને પ્રતીતિકર બનાવવા માટે લેખકે નીચે પ્રમાણે યુક્તિ-પ્રયુક્તિનો વિનિયોગ કર્યો છે. અર્જુનને યુધિષ્ઠિરે પૂછ્યું કે: કર્ણનો વધ કઇ રીતે કરીશ? ત્યારે અર્જુને માત્ર કહ્યું કે: ચિંતા કરશો નહી. અર્જુનનું આ વિધાન યુધિષ્ઠિરના શૌર્યને પ્રગટાવી આપવા નિમિત્તરૂપ બની જાય છે. શૈલ્ય કર્ણનો તેજભંગ કરવા 'અભિમાની કાગડા' ની વાર્તા કહે છે. અહીં મૂળ કથાનકની વાર્તા યથાર્થપણે નિરૂપાયેલી જોવા મળે છે.

અર્જુનની વાતમાં ક્ષિકાશ દેખાઇ એમાંય યુધિષ્ઠિર કર્ણને હાથે શૈલ્યની સહાયથી બચ્યો હોવાથી એમને જબરજસ્ત આઘાત લાગે છે. ધૂંઆ પૂઆ થયેલા યુધિષ્ઠિર અર્જુન અને એનાં ગાંડીવને ધૂત્કારી કાઢે છે. ગાંડીવનું અપમાન થવાથી અર્જુન યુધિષ્ઠિરને અસત્ય વચન આમ કહે છે -

' હે રાજા, શું કામનું આમ પડયો બકવાસ કરી રહ્યો છે! તારા જ પાપે તો આજે અમે ચારેય ભાઇઓ - અરે દ્રૌપદી સુધ્ધાં કુતરાની જેમ રખડી રખડીને જીવ્યા છીએ! ધૂત રમવાનો ચસકો તને ન હોત તો કોની મગદુર હતી કે ઇન્દ્રપ્રસ્થની એ મહારાણીને 'તું' સુધ્ધાં કહી શકત.

-'અરે, ધૂતઘડીય તારા ધર્માત્મા થવું પડયું હતું એટલે ગંધર્વો પાસેથી આ દુષ્ટોને છોડાવરાવ્યા ને હવે જ્યારે યુધ્ધ કરવાનો સમય આવ્યો ત્યારે પોક મૂકીને રડવા બેઠો! યુધ્ધભૂમિ પર જે લડે છે એને ખબર પડે છે કે કેટલા વીસુએ સો થાય છે. તારે તો બસ બેઠા બેઠા જીભના ઘોડા ચલાવવા છે! રણ ભૂમિ પરથી નાસી આવ્યો તું ને નાક કપાયું અમારું! ને છતાંય પાછો પલંગમાં પડયો તું મને - અર્જુનને દબળાવે છે એમ? આમ, કહેતા આવેશમાં આવેલા અર્જુનથી યુધિષ્ઠિર સામે આંખ મંડાઇ ગઇ.'[૩૨]

ઉપરના જાનપદી ગદ્યપોત વ્યવહાર, વાતાવરણ અને લોકમાનસનું આલેખન કેવળ પીઠિકા બનીને અટકી ગયું નથી પરંતુ કથામાં વણાયેલા હૃદયના ભાવજગતને મૂર્ત કરનાર કારણ અને કાર્ય સ્વરૂપે અભિવ્યક્ત થયું છે. આ કારણે સંવેદનાનું ક્ષેત્ર સીમિત બન્યું નથી. બલકે સનાતન હૃદયભાવોને ઋણના આવિર્ભાવને રહસ્યને અર્દતાથી પ્રત્યક્ષ કરવાની સુવિધા પ્રાપ્ત થઇ છે. ઇશાનિયા પ્રદેશની ભાષાનું પ્રયોજન, લોક કહેવતો ને રૂઢિપ્રયોગનો સચોટ અને મર્મભેદી અર્થવ્યંજકતાએ અનોખું ગજૂં કાઢયું છે. અર્જુનના પાત્રમુખે મૂકાયેલા ની સંવાદો દ્વારા ઊર્મિ સ્પંદનને વ્યક્ત કરવાની તથા કથાનો અશિથિલ વિકાસ સાધવાની લેખકની ગજબની ક્ષાવટ અહીં જોવા મળે છે પણ મૂળકથાનકમાં બાકીના ચારેય ભાઇઓનો યુધિષ્ઠિર પ્રત્યેનો આદરભાવ અહીં નિર્મૂળ થઇ જતો વર્ણવાયો છે અર્જુન આવી તોછડી ભાષા વાપરી શકે! અને જો 'હા' માં જવાબ છે તો એ આદરભાવ અદશ્ય થઇ ચૂકેલો લાગે છે. આ અદ્યતન સંવેદના તો અહીં અભિવ્યક્ત નથી થઇ ને?

યુધિષ્ઠિર સામે અર્જુને પ્રતિજ્ઞાબધ્ધ થતાં કહ્યું:

"આજે અર્જુનની માતા પુત્ર વગરની થશે કાંતો કર્ણની માતા પુત્ર વિહોણી થશે."[33]

---

૩૨. એજન. ભાગ.૫. પૃ.૨૩૪

૩૩. એજન. ભાગ.૫. પૃ.૩૩૮

પાત્રોના હૃદય ઊંડાણના અનાગ એવા ભાવવિશ્વને તાગીને એ સંવેદનને મૂર્ત કરવામાં પન્નાલાલને ઘટનામાં નહી પરંતુ પાત્રના ઊંડાણના ભાવવિશ્વને અભિવ્યક્ત કરવામાં સવિશેષ રસ છે. અહીંયા ગર્ભિત અર્થને તાગીએતો સંવાદમાં 'કુંતી' કેન્દ્ર સ્થાને છે. ટૂંકમાં 'મા' કેન્દ્ર સ્થાને છે. યુધ્ધના દાવાનળમાં કર્ણ મરાય કે અર્જુન મરાય પણ દુ:ખ તો કુંતીને જ થવાનું હતું ને? અહીં Irony પ્રગટપણે નિરૂપાઇ છે. આજ પ્રમાણે દુ:શાસન વધ ની કથાનો વિનિયોગ કરાવીને સર્જકે ગાંધારીના હૃદયની વેદનાને મૂર્ત આમ કરાવી આપી છે! "ત્યાં તો ગાંધારી કપાળ કુટતી આવી લાગી." અરે આવો ક્રોધ જો એ વખતે પુત્રોને વારવામાં કર્યો હોત તો કુરુકુળની આવી દશા આવત શું કામ!"

દુ:શાસનનો વધ ભીમે કર્યો આ જોઇને અશ્વત્થામા એક વાર ફરી દુર્યોધનને પાંડવો સાથે સંધિ કરવાનું સૂચન કરે છે. એક ક્ષણ તો દુર્યોધન સંધિ કરવાનો નિર્ણય કરી લીધો. પરંતુ સમય તો વહી ચૂક્યો હતો: સંધિ કરવા કરતાં તો સાચા ક્ષત્રિયની જેમ યુધ્ધને વળગી રહેવામાં જ ધર્મ હતો.

યુધ્ધના વર્ણનોમાં પૂર્ણપણે પાંગરી ઊઠતાં સર્જકની કલમે કર્ણ-અર્જુન વચ્ચેનું યુધ્ધય આસ્વાદક બની રહે છે. પાંડવોને આપેલા વચનને સફળ બનાવવા શૈલ્ય કર્ણનો સારથિ બનીને કર્ણના તેજ ભંગ કરતો ને અર્જુનના ભારોભાર વખાણ કરતો હતો. કર્ણ વધના નિરૂપણમાં સર્જકનું ગદ્યપોત આગવાં પરિમાણો રચી આપે છે.

'સહુ પ્રથમ એણે કરાળ કાળ એવા રુદ્રાસ્ત્રનો જ પ્રયોગ કર્યો. કર્ણને હતું કે પરશુરામનું આ અસ્ત્ર આગળ અર્જુનનું ગમે તેવું સંહારક અસ્ત્ર પણ હારી જશે ને નક્કી અર્જુન-

ત્યાં તો અર્જુને બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કરીને કર્ણના રુદ્રાસ્ત્રને વિદારી નાખ્યું ને તરત જ એણે આગ્નેયાસ્ત્ર છોડયું.

કર્ણે એની સામે વરુણાસ્ત્ર છોડીને ચારે બાજુ ઘનઘોર અંધકાર પાથરી દીધો.

ને અર્જુને પછી વાયવ્યાસ્ત્ર છોડી અંધકારને વિદારી નાખ્યો.

વીફરેલા કર્ણે પછી અર્જુનના ધનુષની દોરી ઉપરા ઉપરી કાપવા માંડી. એક બે વાર નહિ પણ એક પછી એક એમ અગિયાર વખત કાપી નાખી.

ને રૌદ્ર રૂપધારી અર્જુને પછી કર્ણના વધનો નિર્ધાર કરી મંગલાચરણ કરતો હોય તેમ હાથીની સુંદર સાંકળ વાળા કર્ણના ધ્વજને દંડ સાથે જ છેદી નાખ્યો.-[૩૪]

આર્યાવર્તના બે બાણાવડીઓ વચ્ચે ખરાખરીનો ખેલ મંડાયો. એકબીજાપર પોતાના દિવ્યાસ્ત્રોનો પ્રયોગ કરીને પોતાના પ્રભાવ પાડવા ભરપૂર પ્રયાસો આદરે છે અહીં પન્નાલાલે પુરાણ કાલીન યુધ્ધ પ્રસંગને દશ્યાત્મક શૈલી વડે પાત્રોના પ્રતાપ અને શૌર્યને અનન્ય રીતે નિરૂપીને પ્રસંગને જીવંત બનાવી આપવા માટે ખાસ્સો એવો શ્રમ ખેડયાની પ્રતીતિ થાય છે. પરશુરામે આપેલો શાપ સત્ય બની જતાં અને ઇન્દ્રે આપેલી અમૂલ્ય શક્તિય વેડફાઇ જવાથી એ પરાજય તરફ ધકેલાવવા લાગ્યો. યુધ્ધભૂમિમાં રથ જમીનમાં ખૂંપી ગયો. છતાંય પૂરા શૌર્યથી અર્જુનનો પ્રતિકાર કરતો કર્ણ અર્જુનના હાથે મૃત્યુ પામ્યો

૩૪.. એજન. ભાગ.૫. પૃ.૨૭૪

જે કર્ણના બાહુબળે પાંડવોને જબ્બે કરવા ગયેલો દુર્યોધન કર્ણ મૃત્યુ પામતા આઘાત પામે છે એવો જ આઘાત ધૃતરાષ્ટ્ર અનુભવે છે. ધૃતરાષ્ટ્રને હવે ખાત્રી થઇ જાય છે કે: પાંડવો સામે જીતવું હવે શક્ય જ નથી! એ કર્ણના મૃત્યુને વિલાપવા લાગે છે. કર્ણના મૃત્યુ પછી શૈલ્ય સેનાપતિનો ભાર લઇ લે છે. અને એ યુધિષ્ઠિરના હાથે મૃત્યુ પામે છે

અઘોર સંહારમાં કૌરવોના મહાયોધ્ધાઓનો ભોગ લેવાયો. દુર્યોધનની રહી સહી આશાઓ પણ 'પરાજય' ના ખપ્પરમાં હોમાઇ ગઇ. પાંડવોને લલકારતા દુર્યોધનને પોતાના પ્રાણને બચાવવાનો સમય સામે ચાલીને ઊભો રહ્યો. આવા સમયે એને સંજય મળે છે. અહીં સંજય અને દુર્યોધન વચ્ચેનો વાર્તાલાપ વેધક બન્યો છે.

'હે તાત, મારા પ્રજ્ઞાચક્ષુ પિતાને કહેજો કે, હે પ્રભુ, આપણી અગિયાર અક્ષૌહિણી સેના સહિત તમારા બધાજ પુત્રો... ... હણાઇ ગયા છે... ... હું હજી 'જીવતો' છું... ... આવી સ્થિતિમાં હું કેટલું જીવીશ એ પણ કશું નિશ્ચિત નથી... ...! દુર્યોધનથી ઘૂસકું નંખાઇ ગયું.'[૩૫]

લેખકે અહીં સાદી સીધી ને સરળ ભાષાનો વિનિયોગ કરીને યર્થાથ તથા સચોટ રીતે પાત્રના હૃદયની વ્યથાને ઉપસાવીને એની કરુણતાને મૂર્ત કરાવી આપી છે. અશ્વત્થામા, કૃતવર્મા અને કૃપાચાર્ય દુર્યોધનને મળે છે પણ પાંડવોને આવતા જોઇને તેઓ દુર્યોધનને સરોવરનાં પાણીમાં સંતાઇ જવાનું કહીને તેઓ ભાગી જાય છે સર્જક કથાનકને આટોપી લેવાની ઉતાવળમાં હોય એમ નાટ્યાત્મક ક્ષણને પ્રયોજીને દુર્યોધન ક્યાં સંતાઇ બેઠો છે એ માહિતી પારધી પાસે અપાવી દે છે. કૃષ્ણ દુર્યોધનને આહ્વાન આપે છે: કોઇપણ પાંડવ સાથે ગદાયુધ્ધ કર ને યુધ્ધને જીતી લે. દુર્યોધન પાંડવોમાંથી એક માત્ર ભીમને પોતાનો પ્રતિસ્પર્ધી ગણતો હોવાથી ભીમને પડકારે છે. બાળપણથી ભીમ પ્રત્યે દ્વેષભાવ રાખતો દુર્યોધન પોતાના આત્માને તૃપ્તિ મળે એ અર્થે ભીમની લોહપ્રતિમાને બનાવીને એના પર ગદા પ્રહાર કરતો હતો. મનમાં રહેલી અભિપ્સા પાંડવોમાંથી કોઇપણ એક સાથે યુધ્ધ કરવાનુમ સૂચન થયું ત્યારે દુર્યોધને ભીમ સાથે જ યુધ્ધ કરવાનું નક્કિ કર્યું પુરાણ કથામાં બને છે એમ બન્ને ગદાધરો વચ્ચે યુધ્ધ મંડાય છે અંતે કૃષ્ણના કહેવા પ્રમાણે ભીમ ગદાયુધ્ધના નિયમો નેવે મૂકીને દુર્યોધનની સાથળ પર પ્રહાર કરીને જંઘ ભાગીને સ્વયંવરમાં લીધેલી પ્રતિજ્ઞાને પૂર્ણ કરે છે. યુધ્ધ નિયમો નેવે મૂકતાં જોઇને બળરામ ક્રોધ ભરાય પણ કૃષ્ણ એમને સમજાવી લે છે. અહીં લેખક કશું 'નવું' નિષ્પન્ન કરાવી શક્યા નથી

મિત્રની બેરહેમીથી થયેલી હત્યાને જોઇને કકળી ઉઠેલા અશ્વત્થામાં અઘોર સંહારલીલા કરીને પાંડવપુત્રોનો નાશ કરે છે પુત્ર વિયોગથી દુ:ખી બનેલી દ્રૌપદી પાંડવ પતિઓને પ્રતિશોધ લેવાનું સૂચન કરે છે.

ગાંધારી જેમ પુત્રના મૃત્યુથી દુ:ખ અનુભવે છે એમ અહીંયા દ્રૌપદીના દુ:ખને કથાપ્રસંગમાં ઉપસાવીને હવે પછી ઘટતી ઘટનાઓનાં બીજ રોપાયા છે.

પાંડવોથી પોતાના પ્રાણ બચાવવાને અર્થે અશ્વત્થામા વ્યાસમુનિના આશ્રમમાં છુપાયો હોવા છતાંય પાંડવોને જોતાં આશ્રમના નિયમોને નેવે મૂકીને 'બ્રહ્માસ્ત્ર' નો પ્રયોગ કરે છે. અર્જુન

૩૫. એજન ભાગ ૫ પૃ ૩૧૪

પરિસ્થિતિને પામી જવાથી 'બ્રહ્માસ્ત્ર' નો પ્રયોગ કરે છે. પરંતુ નારદના કહેવાથી બ્રહ્માસ્ત્રને અર્જુન પાછું વાળી લે છે. જ્યારે અશ્વત્થામાં એમ કરવા માટે શક્તિમાન ન હતો. આ કથા પ્રસંગને નિરૂપીને સર્જકે અર્જુનની અસ્ત્ર-શસ્ત્ર વિશારદતાને મૂર્ત કરાવી આપી છે. હવે પછી કથાનો પ્રવાહ સડસડાટ વહે છે. અશ્વત્થામાએ છોડેલું બ્રહ્માસ્ત્ર ઉત્તરાના ગર્ભ પર પડે છે. કૃષ્ણ યોગબળ વડે ઉત્તરાના ગર્ભનું રક્ષણ કરે છે. કૃષ્ણ અશ્વત્થામાને શાપ આપે છે. હવે પાંડવો કૃષ્ણના કહેવા પ્રમાણે ધૃત્રાષ્ટ્રને સાંત્વન આપવા જાય છે.

વર્ષો પૂર્વે ધૃતરાષ્ટ્રના ચિત્તમાં બંધાયેલા પીંડને સર્જક કથાનકના એ તે બહાર લાવ્યા છે. અહીં ધૃતરાષ્ટ્રની આંધળી પુત્રપ્રેમની ખેવના અભિવ્યક્તિ પામી છે. ભીમના અપ્રતિમ બળને તાગવા માટે ભીમની ભુજાઓને ધૃતરાષ્ટ્રે દબાવી જોઇ. કૌરવોનો સંપૂર્ણપણે વિનાશ થયો છે. એમ જાણતો હોવા છતાંય પોતાની જાતને આશ્વાસન આપવાને અર્થે ધૃતરાષ્ટ્ર પાંડવોમાંથી ભીમને પ્રચમડ અને અપ્રતિમ બલે પોતાની બાહુમાં સમાવીને એને મારી નાંખવાનો પ્રયત્ન કરે છે. પરંતુ ધૃતરાષ્ટ્રના મનોભાવોને પામી ગયેલા કૃષ્ણે ભીમને બદલે ધૃતરાષ્ટ્ર સામે ભીમની લોહપ્રતિમાને મૂકાવી દીધી હતી. જેનાં અસંખ્ય ટુકડા થઇ ગયા હતા. આ ઘટનાને અંતે ધૃતરાષ્ટ્રના હૃદયમાં પરિવર્તન આવે છે. વ્યાસમુનિની કથાને અનુસરીને પન્નાલાલે ગાંધારી ક્રોધની ઘટનાએ આલેખી છે. ઓગણીસમાં દિવસે ગાંધારી, કુંતી, દ્રૌપદી અને ભાનુમતી તેમજ અન્ય સ્ત્રીઓ યુધ્ધભૂમિપર જાય છે. આ પ્રસંગમાં નારી સહજ વેદના અને કારુણ્યનું પન્નાલાલે તાદૃશ રીતે નિરૂપણ કર્યું છે. અહીં સ્ત્રીજીવનની કઠોર કારમી અને નકકર વાસ્તવિકતાને બરોબર પકડમાં લઇને સર્જકે પ્રસંગને કરુણ બનાવી આપવા આ પ્રમાણે યુક્તિ-પ્રયુક્તિઓ કરી છે. યુધ્ધના ખટપટમાં હોમાયેલા પોતાના સ્વજનો પર આસું સારતી સ્ત્રીઓ પોતાના દુ:ખને રજુ કરે છે. પણ જેના બાહુબળ પર કૌરવો એ પાંડવો સામે યુધ્ધ કરવાનું સાહસ કર્યું એ 'કર્ણ' ને કોઇ જોતું ન હતું કે યાદ કરતું ન હતું. આ જોઇને કુંતીનો આત્મા કકળી ઊઠયો. ગાંધારી, ભાનુમતી અને દ્રૌપદી પતાના પુત્રોને જોતાં જ મુક્તપણે રડી લેતી પણ કુંતી સામે ન જીરવાય એવી પરિસ્થિતિ ઉભી થાય છે. ન તો પુત્રનો શોક કરાય કે ન તો દુ:ખને સહન કરી શકાય. એવી સ્થિતિ કુંતીમાં મૂંઝાય છે. 'કર્ણ' પ્રત્યેનો માતૃત્વભાવ પ્રગાઢ બની છલકાવા લાગે છે. પોતાના પુત્રની મૃત્યુ પછીની ઉપેક્ષા એક માતા કઇ રીતે સહન કરી લે? એ સાત્રિ કુંતીની મનોમંથન ભરી હતી. વીસમા દિવસની વહેલી સવારે ગંગાને તીરે યુધ્ધમાં મૃત્યુ પામેલા અર્ધરથી, દ્વિરથી, અતિરથીઓને જલાંજલિ આપવામાં આવતી હતી ત્યારે કુંતીના હૃદયમાં ઊંડાણમાં રહેલો પુત્રપ્રેમ બેવળા વેગે બહાર આવ્યો અને સમાજના સઘળાં બંધનોને છોડીને પાંડવોને આદેશ આપ્યો કે: 'તમે બધા ભાઇ કર્ણને પણ જલાંજલિ આપો.' માતાના કથનથી પાંડવોને આશ્ચર્ય થાય છે. અહીં કુંતી અતિત જીવનમાં બનેલી દુ:ખદ ઘટનાને પુત્રોને કહી સંભળાવે છે. પાંડવો માં રહેલો કર્ણ પ્રત્યેનો ભાવ અહીં પ્રગટ થાય છે.

કર્ણના જન્મથી આરંભાયેલી આ કૃતિ કર્ણ મૃત્યુ આગળ અટકી હોતતો કૃતિને કોઇ નુકશાન ન હતું. છતાંય સર્જકે મહાભારતમાં નિરૂપાયેલા ઘણાં બધાં કથા પ્રસંગોને આપવાનું ઉચિત માનીને આ પછી બનતી ઘટનાનુ અને પછી' પ્રકરણમાં નિરૂપણ કર્યું છે. એમાં પાંડવો કઇ રીતે રાજસત્ત

ચલાવે છે, ધૃતરાષ્ટ્ર ગાંધારી કુંતી અને વિદુરને વનવાસ કર્યો એ અને કઇ રીતે તેઓ મૃત્યુ પામ્યા એ કૃષ્ણના મૃત્યુ પછી યાદવો કઇ રીતે મૃત્યુ પામ્યા વગેરે ઘટનાઓ એમાં પ્રમુખ છે. કથારસ સાવ ફિકકો પડી જતો અનુભવાય છે.

હરીશ પંડિતે 'પાર્થને કહો ચઢાવે બાણ' કૃતિના લેખ નું શીર્ષક આમ પ્રયોજ્યું છે: 'પગ વ્યાસનો અને ચહેરો પન્નાલાલનો!' સર્જકે કૃતિની પ્રસ્તાવનામાં પણ આમ જ કહ્યું છે કે: વ્યાસને મેં સંપૂર્ણપણે વફાદાર રહેવાનો પ્રયત્ન કર્યો છે. ટૂંકમાં કહીએ તો પન્નાલાલે મૂળ મહાભારત ની કથાનું પ્રાદેશિક ભાષામાં સર્જન કરીને મહાભારતની કથાને ગુજરાતી વાચકો સમક્ષ લઇ જવાનો 'કીમિયો' કર્યો છે.[૩૯] તળપદી ભાષા, કહેવતો, રૂઢિપ્રયોગ, કણિકાઓનો સર્જકે સમર્થતાથી વિનિયોગ આ કૃતિમાં કર્યો છે. નવલકથાના ઘણા ખરા પ્રસંગોમાં પન્નાલાલનો સ્પર્શ મળતાં પ્રસંગો સમર્થ રીતે ઉપસી આવે છે પરંતુ કોઇ નવીન અર્થને તાગવામાં સર્જકને ઝાઝી સફળતા મળી નથી. ગ્રામ્યજનતા પાસે એમણે મહાભારત પહોંચાડ્યું છે એટલું જ કહી શકાય.

આ કૃતિની કેન્દ્રસ્થ સમસ્યા સ્ત્રી સ્વમાન અને સ્ત્રી સન્માનની હોવાથી પન્નાલાલને કુંતી, દ્રૌપદી, ઉર્વશી અને ઉત્તરા સુધી એનો ભાવતંતુ સાંપડયો છે ને એમણે એનો સચોટ વિનિયોગ કરીને સ્ત્રીત્વની પ્રસ્થાપના કરીને એ રીતે વિશ્વના આ કોમળ સંવિદને સર્જકીય અર્ઘ્ય ચડાવ્યો છે

૩૯. પન્નાલાલનું પ્રદાન, લે રઘુવીર ચૌધરી, પ્રકા.વર્ષ ૧૯૯૫, પ્ર.આ પૃ ૨૩૦.

શિવ પાર્વતી

'શિવ પુરાણ', 'રામાયણ'.'મહાભારત'. 'ભાગવત' 'હરિવંશ', અને અન્ય પુરાણોનો આધાર લઇને પન્નાલાલ પટેલે 'શિવપાર્વતી' નામની છ ભાગમાં વિસ્તરેલી નવલકથાનું સર્જન કર્યું છે.

સૃષ્ટિનો આરંભ ક્યારે અને કેવી રીતે થયો? આનો જવાબ શોધવા પુરાણો પાસે જવું પડે. અને એને જ પ્રમાણભૂત માનીને અનુસરવું પડે. પુરાણનું સત્ય અને વિજ્ઞાનનું સત્ય સાવ નોખું છે. છતાંય પુરાણોની આંગળી પકડીને જ એ અંગેનું જ્ઞાન મેળવીએ છીએ. આ કૃતિમાં પન્નાલાલે પૃથ્વીની ઉત્પત્તિના વર્ણનમાં રસ દાખવવાને બદલે પૃથ્વીના ઉદ્ભવ પછીના એના વિકાસની વાત કરવા માગે છે. શું સાચે જ પૃથ્વી ઉત્ક્રાંતિને માર્ગે વિચરી રહે છે? એ પ્રશ્ન એમના આંતરજગતમાં ઘુમરાયા કરે છે. હરણફાળની જેમ વિકાસપ્રથે આગળ વધતી ઉત્ક્રાંતિ પાછલાપગે તો પ્રયાણ નથી કરતી ને? અથવા તો આરંભનો પરિવેશ જ આજે નવા રૂપે તો આપણા સામે ઊભો નથી ને? આવા પશ્નો લેખકને મૂંઝવી નાંખે છે. આ મૂંઝવણ જન્માવનાર પરિબળ તરીકે એમણે તત્કાલીન રાજ્ય વ્યવસ્થાને ગણાવી છે.

સાંપ્રત સમયકાળમાં સત્તા પ્રત્યેનો આંધળો મોહ રાખનાર સ્વાર્થી સત્તાપીપાસુ લોકનેતાઓની ખુરશી માટેની ખેંચતાણ, ગાંધીજીના સમારકે લેવાતા ખોટી શપથ, પ્રજાને આપવામાં આવતા પોકળ આશ્વાસનો અને ખોટા વચનોથી સર્જક વાકેફ છે. ત્યાં એમણે ગાંધીમૂલ્યો અને આદર્શોનું 'ખૂન' થતું નિહાળ્યું છે. લોકસત્તાને નામે સ્વાર્થી લોકનેતાઓ પોતાના સ્વાર્થને સાધવા વિકરાળ રાક્ષસી મોં ધારણ કરીને લોકોનું રુધીર પીવામાં કોઇ કસર રાખતા ન હતા. આ જોઇને પન્નાલાલનો રોષ ભબૂકી ઊઠે છે. ત્યાં એમને પ્રશ્ન થાય છે કે: શું પૃથ્વી ઉત્ક્રાંતિને માર્ગે જ જાય છે ને?

તત્કાલીન રાજ્ય વ્યવસ્થાનાં અનેક પ્રશ્નો પૃથ્વીના આરંભકાળના જ પ્રશ્નો છે. આરંભકાળે ઉદ્ભવ પામેલા પદપ્રાપ્તિના પ્રશ્નો જ સાંપ્રત સમયના પ્રશ્નો છે માત્ર એમનો બાહ્ય પરિવેશ જ બદલાયો છે. એકવીસમી સદી તરફ પ્રયાણ આરંભી દીધું હોવા છતાંય એ આદિકાળનો માહોલ અકબંધ આપણી સામે છે. આવા પરિવેશને જોતા એમનો આક્રોશ ઊકળી ઊઠે એ સ્વાભાવિક છે. બીજું સર્જકે અરવિંદના દર્શનને આ કૃતિ દ્વારા આપવાનો પ્રયાસ કર્યો છે. મહર્ષિ અરવિંદના 'સનાતન સૃષ્ટિ' વિષયક ખ્યાલોને એમણે 'કચ-દેવયાની' , 'દેવયાની-યયાતિ' અને આ કૃતિમાં આલેખ્યા છે પુરાણો 'કલિયુગ' પછી અટકી પડે છે. કલિયુગ પછી શું? પ્રલય. આવા ભ્રામક ખ્યાલોથી અળગા રહીને સનાતન સૃષ્ટિના ખ્યાલોને રજુ કર્યા છે.

૧૯૪૭ માં હિંદુસ્તાન સ્વતંત્ર થયું. વર્ષોની અંગ્રેજોની ગુલામીમાંથી મળેલી સ્વતંત્રતાનો આનંદ માણીએ એ પહેલા તો 'સત્તા' માટેનો સંઘર્ષ વિકરાળ રૂપ ધરવા લાગ્યો. લોકનેતાઓ પોતાનું સ્થાન અને ખુરશી માટે એકબીજાના ગળા કાપવા લાગ્યા ગાંધીજીના ઉચ્ચ આદર્શોભર્યા

મૂલ્યોનું છડે ચોક અવમુલ્યન થવા લાગ્યું ધીમે ધીમે સંવાદ લુપ્ત થયો અને વિસંવાદ પગપેસારો કરીને વિકરાળ રૂપ ધરવા લાગ્યો. સાંપ્રત સમયની રાજકીય વ્યવસ્થામાં ફસાયેલી અંધાધૂંધીને લેખકે 'શિવપાર્વતી' કથાના માધ્યમ વડે વેધક રીતે મૂકી આપી છે.

પૃથ્વીના આરંભે જ બ્રહ્મા, વિષ્ણું અને શિવના પ્રાગટયે જ 'આદ્ય' કોણ? એવો વિવાદ સર્જાય છે. ત્રણેય દેવોએ સંવાદને સર્જીને બ્રહ્માએ સર્જનનું, વિષ્ણુએ રક્ષણનું અને શિવે સંહારકનું કાર્ય સ્વીકારી લીધું.

બ્રહ્માએ આકાશ, વાયુ, પાણી અને પૃથ્વીનું સર્જન કરીને એમણે વૃક્ષો, પશુ, પંખીઓને સર્જયા. એમણે સનક, સનંદન, સનાતન અને સનત્કુમાર એમ ચાર પુત્રોને સર્જીને આદેશ આપ્યો કે; માનસી પ્રજાને ઉત્પન્ન કરો. આ ચારેય પુત્રોએ બ્રહ્માની આજ્ઞાને અવગણીને તપને માર્ગે ચાલ્યા જાય છે. બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ પૂર્વે પણ માનસી પ્રજા હશે એ એમના સંવાદમાંથી પ્રગટ થાય છે. એ સમયે પૃથ્વીપર સુખ, દુ:ખ આનંદ, ક્લેશ વિગેરે વિરોધી ભાવોનું સંમિશ્રણ હતું આથી જ આ પુત્રોએ બ્રહ્માની આજ્ઞાને અવગણી હતી. અહીં સ્વાભાવિક પણે ૧૯૪૭ના સમયકાળનું સ્મરણ થઇ આવે છે. વેપારાર્થે આવેલા અંગ્રેજોએ ઇસ્ટ ઇન્ડિયા કંપનીની સ્થાપના કરીને ધીમે ધીમે સમગ્ર હિંદુસ્તાનમાં વિદેશી ઝંડો લહેરાવીને પોતાનું આધિપત્ય સ્થાપીને પ્રજા ઉપર કાળો કેર વરતાવ્યો. આ સમય કાળ એટલે કે સમગ્ર રાષ્ટ્રની પ્રજાએ વેઠેલી ગુલામી અવસ્થાનું ચિત્ર અને આઝાદીને પ્રાપ્ત કર્યા પછી ગોડસેએ ગાંધીજીની હત્યા કર્યા પછીની રાજકીય પરિસ્થિતિ અને ત્યારથી માંડીને અત્યાર સુધીની રાજકીય પરિસ્થિતિને લીધે સમગ્ર દેશની પ્રજાને પડતી અનેક મુશ્કેલીઓનો કાળ. રાજકીય વ્યવસ્થાને લેખકે વખોડી નાખવા આ કૃતિનું નિર્માણ કર્યું હોય તેમ લાગે છે. બ્રહ્માના ચારેય પુત્રો ઉચ્ચ વિચારસરણીને વરેલા હોવાથી જ એમણે પિતાનો વિરોધ કર્યો અને તપના માર્ગે ચાલ્યા ગયા હતા. પુત્રોના અવિવેકથી કોપાયમાન થયેલા બ્રહ્માએ 'પ્રગટ થા' નો નાદ કર્યો ત્યાં 'રુદ્ર' પ્રગટ થાય છે. ક્રોધમાંથી ઉત્પન્ન થયેલા રુદ્રે પિતાની આજ્ઞાને સહર્ષ સ્વીકારીને 'વિરૂપ' પ્રજાનું નિર્માણ કર્યું. વિરૂપ પ્રજાને જોઇને બ્રહ્મા ચિંતામાં ડુબી જાય છે. અહીં 'શિવ' બ્રહ્મને 'અર્ધનારીશ્વર' નું રૂપના દર્શન કરાવીને માનવ સૃષ્ટિ રચવાનો માર્ગ બતાવે છે. શિવ પ્રેરણાથી બ્રહ્માએ મનુ, શતરૂપા અને સપ્તર્ષિને સર્જ્યા. (મરીચિ, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, વસિષ્ઠ) તથા ભૃગુ, દક્ષ ને નારદનું સર્જન કર્યું.

પુરુષ અને સ્ત્રીને એકરૂપ બનાવવા હોય તો એમના વચ્ચે આકર્ષણને જન્માવવું પડે આથી બ્રહ્માએ રતિ અને કામનું સર્જન કર્યું. પુરુષ અને સ્ત્રીમાં અનેરો કામ પ્રેરીને બન્ને પાત્રોને એકમેકની નિકટ લાવવાનું વરદાન પામેલો કામ કંઇક શંકા ઉત્પન્ન થવાથી એનો પ્રયોગ બ્રહ્માપર કરે છે. કામનું પ્રભુત્વ વધી જવાથી બ્રહ્મા સંધ્યાપર કામાંધ બનીને એનો પીછો કરે છે. પરંતુ રુદ્ર એને અટકાવે છે. પૃથ્વીની ઉત્પત્તિકાળથી બનેલી ઘટનાઓના અંકોડાઓને પન્નાલાલે ગોઠવીને વેરવિખેર પડેલા પ્રસંગોને એક શૃંખલામાં નિરૂપ્યા છે. કથાનક સંવાદકલા, વર્ણન, વિચાર અને ચિંતનથી આગળ વિસ્તાર પામે છે. એમાં વિશેષ પ્રાધાન્ય સંવાદો અને કથન રોકી લે છે પાત્રો એમના વ્યવહાર, વાણી અને કાર્ય દ્વારા પોતાની આગવી છાપ ઉપસાવી આપે છે. સંવાદકળા

અને ઘટનાઓની શૃંખલામાં લેખકનું પ્રભુત્વ દેખાય છે. અન્યથા એમની લેખિનીના નવોન્મેષ ક્યાંય પ્રગટતા જોવા મળતા નથી. બ્રહ્માના ક્રોધનો કામ ભોગ બને છે અને શાપ પામે છે. સંધ્યા તપમાં બેસીને અરુંધતીનું રૂપ ધારણ કરે છે

મનુ અને શતરૂપાએ ચાર પેઢીઓનું સર્જન કર્યું. બ્રહ્માપુત્ર દક્ષની અનેક કન્યાઓમાંથી દિતિ અને અદિતિની ઈર્ષા એ સીમાઓને ઓળંગીને પરાકાષ્ઠાનું રૂપ ધારણ કર્યું. અદિતિનાં પુત્રો સ્વર્ગના દેવો બન્યા અને દિતિપુત્રો અસૂરો બન્યા. અદિતિના સ્વરૂપવાન પુત્રોને સ્વર્ગપતિ બનતા જોઇ ન શકતી દિતિ દનુના કહેવાથી અમંગળ ક્ષણે પતિ પાસે પુત્રદાન માગે છે અને એને હિરણ્યક્ષ અને હિરણ્યકશિપુ નામના બે પુત્રો થાય છે.

કથાનકનો બીજો પ્રવાહ રુદ્રનો છે. બ્રહ્માના આદેશથી પ્રેરાયેલા રુદ્ર પાછા ફરે છે ત્યાં સુધીમાં તો મૈથુની સૃષ્ટિ પર ચાર પેઢીઓનો વિકાસ પામી ચૂકી હતી. આથી ક્રોધિત થયેલા રુદ્ર પોતાનું લિંગ કાપીને પોતાના ક્રોધને ઠારે છે. અહીં પન્નાલાલે શિવના લિંગની કથાને ગૂંથી લીધી છે. ઈર્ષાભાવથી પ્રરાયેલી દિતિ અને દનુ પોતાના પુત્રોને ય એવુંજ જ્ઞાન આપીને બહેનના પુત્રો પ્રત્યે વેરવૃક્ષના બીજનું વાવેતર કરે છે. પોતાના સામર્થ્યના બેરે સ્વર્ગ મેળવવા માંગતા દાનવોના મનમાં દેવો પ્રત્યે વેરભાવ પ્રવર્ત્તવા લાગે છે

સૃષ્ટિને કલ્યાણ માર્ગે લઇ જવા માટે શિવને કઇ રીતે મૈથુની સૃષ્ટિ લાવવા એની મૂંઝવણ બ્રહ્માને કોરી ખાય છે પરંતુ આદ્યશક્તિ બ્રહ્માને આશ્વાસન આપે છે. ચિંતામુક્ત બ્રહ્મા તપારૂઢ થાય છે. આ સમયે દનુપુત્રો ઇલ્વવને વાતાપિએ સ્વર્ગ આક્રમણ કર્યું. દેવોય અસુરોથી પાછા ઉત્તરે એવા ન હોવાથી બન્ને પક્ષે યુધ્ધ થાય છે આ બન્ને પક્ષો વચ્ચે કઇ રીતે સંવાદને સર્જવો એ મુશ્કેલી બ્રહ્મા સામે ઉપસ્થિત થાય છે. અહીં લેખકે 'કચ-દેવયાની' નવલકથાની પ્રસ્તાવનામાં નોંધ્યું છે તે પ્રમાણે સંવાદના ઘણાં પ્રસંગોને અવગણ્યા છે એને પરિણામે આ સૃષ્ટિ પર વિસંવાદિતતાનુમ વિનાશક મોજું વિશ્વમાં વ્યાપી વળ્યું છે.[૧] બ્રહ્માનું ચિંતન એ કથાનું ચાલકબળ છે. મૃત્યુ પામેલા નશ્વર દેહને કઇ રીતે સજીવન કરી શકાય? મૃત્યુનો એકમાત્ર વિકલ્પ 'અમૃત' છે પન એને કઇ રીતે મેળવી શકાય. મૂંઝવણ ભરી પરિસ્થિતિમાં મુકાયેલા બ્રહ્મા વિષ્ણુ આગળ પોતાની મૂંઝવણને કહે છે. વિષ્ણુ 'સમુદ્રમંથન' નું સૂચન કરે છે.

ઇન્દ્રે બ્રહ્માની વાત સાંભળતાં કહ્યું કે 'આથી અમને શો ફાયદો?' પુરાણ કથાના પ્રસંગોમાં નિરૂપાયેલો નાટચવ્યંગ સાંપ્રત સમયના ભાવોને લપેટમાં લઇલે છે. ઇન્દ્રના જેવો જ પ્રશ્ન દાનવોને પણ ઉદ્ભવે છે કે: અમૃતપ્રાપ્તિ પછી દેવો અન્યાય તો નહી કરે ને!' સમુદ્રમંથન પૂર્વે જ દેવ-દાનવો વચ્ચે સર્જકે શંકા-કુશંકાનું વાતાવરણ સર્જ્યું છે. બ્રહ્મા અમૃત મેળવવા બન્ને પક્ષોને સમજાવીને કાર્યશીલ બનાવીને સમુદ્રમંથન માટે પ્રવૃત્ત બનાવે છે. દેવ-દાનવો ભેગા મળીને ઔષધિયુક્ત વનસ્પતિઓને કાપીને સમુદ્રમાં નાંખે છે. કથાનકના અન્ય પ્રવાહમાં દક્ષપુત્રોને વૈરાગ્યનો માર્ગ નિર્દેશવા જતા નારદમુનિ દક્ષના શાપના ભોગ બને છે. આથી આદ્યશક્તિ દક્ષને ત્યાં પુત્રી રૂપે અવતરે છે. જન્મથી જ શિવપૂજા મા રત રહેતી દક્ષપુત્રી પ્રત્યે દક્ષને અણગમો ઉદ્ભવે છે.

---

૧ કચ-દેવયાની, પન્નાલાલ પટેલ, પ્રકા વર્ષ ૧૯૮૧, પૃ. પ્રસ્તાવના

બીજી તરફ સમુદ્રમંથનની પ્રારંભિક કાર્ય પ્રવૃત્તિ પૂર્ણ થઇ હવે મહાગિરિ ને સમુદ્રમાં લઇ જવાનો હતો. દેવ-દાનવો અનેક કપરા પ્રયાસો કરીને મંદરાચળ ને લઇ જતા હોય છે પરંતુ હવે આગળ લઇ જવો લગભગ અશક્ય બની જાય છે. પન્નાલાલે આ કૃતિમાં આવતા મૂળ પ્રસંગોને નિરૂપવાનસિાથે પાત્રોના અદભૂત વ્યક્તિત્વને બતાવવા માટે પોતાનીપ્રતિભાને કામે લગાડી છે. લિંગનો છેદ કરતા રુદ્રનો પ્રભાવ સકળ દેવો પર પડે છે. એજ રીતે અટકેલા મંદરાચળ પર્વતને વિષ્ણુ કાઢીને દેવ-દાનવોને સહાય કરે છે. વિષ્ણુ અહીં સર્વોપરિ હોય એમ ફલિત થાય છે. એમનું આ સાહસકાર્ય એમના વ્યક્તિત્વને ઘોતક બની રહે છે. 'વિષ્ણુ' પ્રત્યે અણગમો રાખતા દાનવોને શંકા તો જાય છે પણ અટકી ગયેલા એ મહાપર્વતને સમુદ્ર સુધી પહોંચાડે છે આથી દાનવોની ઇર્ષા બેવળાઇ જાય છે.

હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ દેવોને વેરથી જ જુએ છે પણ એનો પુત્ર પ્રહલાદ તો વિષ્ણુનો પરમ ઉપાસક છે. સર્જકે ફ્લેશબેકનો વિનિયોગ કરીને પ્રહલાદનો જન્મ અને એના ઉછેરની કથાનું રસપ્રદ આલેખન કર્યું છે.

દેવ-દાનવો એ મંદરાચળને રવૈયાના સ્થાને ગોઠવીને વાસુકિનું નૈતરણું કર્યું. અમૃત પ્રાપ્તિના આરંભમાં જ ઇર્ષાભાવ પ્રગટયો. બન્ને પક્ષોએ નિશ્ચિત કર્યું ન હોવાથી યોગ્ય જગ્યાએ સ્થાન લીધું હતું. વાસુકિના મુખનો ભાગ દેવોએ પકડયો એમાંય કાલનેમિને શંકા જતાં તે કશિપુને ફરિયાદ કરવા લાગ્યો, બ્રહ્મા મધસ્થીની કામગીરી બજાવીને અસુરોને મુખનો ભાગ ખેંચવા માટે આપે ચે. રવૈયો ખેંચાવા લાગ્યો. પરંતુ તોડીવાર પછી મંદરાચળ સમુદ્રમાં ઉતરતો જતો હતો. સંઘર્ષભરી પરિસ્થિતિમાંથી ઉગરવા દેવ-દાનવો વિષ્ણુને આરાધવા લાગ્યા. દેવ અને દાનવો અસહ્ય પરિસ્થિતિમાંથી પસાર થાય છે ત્યારે વિષ્ણુ આવીને પોતાની ચમત્કારિક શક્તિઓથી દેવ-દાનવો ના વિઘ્નને દૂર કરીને સહાય કરે છે. અહીં લેખકે વિષ્ણુના બાહ્યરૂપનું ચિત્રાત્મક શૈલીમાં આમ નિરૂપણ કર્યું છે- "કેટલીક વાર થઇને સહુની આંખો ઊઘડી ગઇ. આકાશમાં જુએ છે કે કોઇ એક દિવ્ય આકાર નીચે ઊતરતો આવતો હતો. આ આકાર આમતો દેવ દાનવોના જેવો જ હતો. પણ એને બે હાથને બદલે ચાર હાથ હતા. ખભા ઉપર આવેલા એક હાથમાં શંખ હતો, બીજો હાથ આશીર્વાદ આપતો હતો. નીચે લટકતા ત્રીજા હાથમાં ગદા હતી ને છાતી આગળ રાખેલા ચોથા હાથમાં પદ્મ હતુ. આ પહેલાં કોઇએય ચાર હાથવાળી વ્યક્તિ જોઇ ન હતી.સહુ કોઇ સમજી ગયા. જે રીતે બ્રહ્માને ચાર શીશ છે ને રુદ્રને ત્રણ લોચન છે એ રીતે આ સૃષ્ટિના રક્ષણ નારાયણને ચાર હાથની વિશેષતા છે. કશિપુ જેવા દાનવને પણ આ ક્ષણે સ્વીકારવું પડયું કે આ જે નારાયણ છે એ આ સૃષ્ટિનો ત્રીજો અધિષ્ઠાતા ભગવાન છે."[૨]

કચ્છપનો અવતાર ધરીને ડૂબી જતાં મદંરાચળને વિષ્ણુએ સ્થિર કરી આપ્યો. શંકાથી પ્રેરાયેલો હરિણ્યાકશિપુએ મથને તપાસાર્થે સમુદ્રમાં મોકલ્યો. મથ તપાસ કરીને મથ વિષ્ણુની ચમત્કારિક લીલા કહેવા લાગ્યો આ વાતથી પ્રસન્નતા અનુભવતો પ્રહલાદ વિષ્ણુની જપ બોલાવતો હતો તે જોઇને - કશિપુ પુત્ર પર કોપાયમાન બન્યો પરંતુ હમણાં સમુદ્ર મંથનમાં રોકાયેલો હોવાથી એણે પુત્રને શિક્ષા કરવાનું ટાળી મૂક્યું.

૨. શિવ પાર્વતી, લે પન્નાલાલ પટેલ, પ્રકા.વર્ષ ૧૯૭૯ પૃ. ૧૭૯

સમુદ્રપર રવૈયો ચાલવા લાગ્યો ને એમાંથી 'વિષ' પ્રગટયું. અતિ તીવ્ર વિષનુમ શું કરવું. અહીં સંવાદની પ્રયુક્તિ વધુ કારગત નીવડી છે. આ કટોકટી ઊભી થતાં સૌ ઘેરા શોકમાં ડુબી ગયા. અહીં 'રુદ્ર' ના પાત્રની મહત્તા માટેનો યોગ્યત્તમ પરિવેશ ઊભો કરી અપાયો છે અંતે બધાએ ભેગા મળીને પોતાની મૂંઝવણ રજૂ કરી. તેઓ શિવને મળવા પહોંચ્યા ત્યારે - "તપમાંથી જાગેલા મહાદેવની આંખો હજી પણ નશો કર્યો હોય એવી ઘેનભરી લાગતી હતી. ગળામાં વીંટેલાં ફણીધર ચુધ્ધાં ચિતરામણા દિસતો હતા."[3] સૃષ્ટિના ત્રણ અધિષ્ઠાતા દેવોમાનાં એક દેવની બાહ્ય સ્થિતિને વાચક ચક્ષુ સમક્ષ પ્રગટવઆપવા માટે લેખકે 'નશો' શબ્દપ્રયોગ કર્યો છે. કૈફીપીણુ પીધા પછીની માનવ સ્થિતિ તપમાંથી ઊઠેલા દેવ જેવી ગણી શકાય? આ શબ્દ જરા ખટકે છે. તપ અને નશા આ બન્ને વચ્ચે આભ-જમીનનું અંતર દેખાય છે. પ્રાદેશિક ભાષામાં વર્ણન, અલંકારો, શબ્દ, કહેવતો કણિકાઓ નવલકથાઓમાં આગવી આબોહવા જમાવવા સૌંદર્ય લઇને આવે છે ત્યાં પન્નાલાલની પ્રતિભાના અંશો જોવા મળે છે. પણ અહીં અયોગ્ય શબ્દનો પ્રયોગ લેખકના ભાષાકર્મની ભાતને ભૂંસતો હોય તેમ અનુભવાય છે. આવા શબ્દપ્રયોગ દ્વારા પાત્રના ગૌરવને હાનિ પહોંચે છે તે વાત એમના ધ્યાન બહાર રહી ગઇ લાગે છે.

સકળ પૃથ્વીને વિષમય બનાવતી અટકાવવા શિવે વિષપાન કરીને બ્રહ્મા, વિષ્ણુ અને દેવ-દાનવોને ચિંતા મુક્ત કર્યા ફરીથી દેવ-દાનવો રવૈયા પર આવ્યાને રવૈયાને ફેરવવા લાગ્યા સમુદ્રમાંથી એક પછી એક ચૌદ રત્નો પ્રગટ થયાં છે. ઉચ્ચ:શ્રવા પ્રગટતાં દાનવોએ એને માંગી લીધો. સાત સૂંઢવાળો હાથી પ્રગટતાં ઇન્દ્રે માંગી લીધો. દાનવોને સતત એમજ લાગે છે કે: દેવો પોતાની સાથે છળકપટ કરીને સારી વસ્તુઓ લઇ લે છે અને પોતાને ભાગે નિરર્થક વસ્તુઓ આવે છે. આથી દાનવો પહેલાં ન માગવાનો નિશ્ચય કરે છે. બીજી બાજુ દેવોય દાનવોથી ઊણાં ઊતરે એવા છે. 'કૌસ્તુભ' મણિ વિષ્ણુ પાસે જાય એવો પરિવેશને ઉપસાવીને સર્જકે પ્રસંગાનુરૂપ વાતાવરણને જન્માવ્યું છે. કૌસ્તુભમણિ પ્રત્યે બન્ને પક્ષોને નિરુત્સાહી બતાવ્યા છે બ્રહ્મા બન્નેના મનોગત પામી જાય છે. અને એ કૌસ્તુભ મણિને વિષ્ણુનાં ગળામાં પહેરાવે છે. દિવ્યમણી પોતાનું તેજ ફેલાવતાં અસૂરો છેતરાયા હોય એવી લાગણી અનુભવે છે. 'કામધેનુ' ઇન્દ્રના કહેવાથી બ્રહ્મા ઋષિને આપે છે. 'પારિજાત' નો અસુરો ઇન્કાર કરતાં ઇન્દ્ર લઇ લે છે. એજ પ્રમાણે ચંદ્ર ય અસૂરોને નિરર્થક લાગવાથી એનો સ્વીકાર કરતાં નથી એજ રીતે ઇન્દ્ર પણ ના પાડતાં બ્રહ્મા વિષ્ણુની સલાહથી શિવને ચંદ્ર ભેટમાં આપે છે. પન્નાલાલે બ્રહ્માને વિષ્ણુના સંવાદો વડે શિવના પાત્રનો આમ વિકાસ કર્યો છે.

"બ્રહ્માએ વિષ્ણુ આગળ શંકા વ્યક્ત કરતાં કહ્યું: 'પ્રભુ, અવધૂત સરકા મહાદેવ આમેય નિર્મોહી તો છે જ ને એમાં વળી સૌંદર્યમંડિત આ વસ્તુ જોશે તો - કેમ જાણ્યું કે ના નહિ પાડે?'

વિષ્ણુએ નવાઇ સાથે કહ્યું: 'પિતામહ, કોણે કહ્યું કે મહાદેવ સૌંદર્યથી વિમુખ છે? એમના વિશે જે રીતે સંહાર અને કરુણા આવેલા છે એ જ રીતે વિરૂપતાની સાથે સાથે સૌંદર્ય પણ એમનામાં અહર્નિશ વિલસી રહ્યું છે. ચાલો આપણે ખાતરી કરીએ ' વિષ્ણુ સફાળા ઊભા થયા.'[4]

3 એજન ભાગ.૧. પૃ.૧૯૩

૪ એજન ભાગ ૧. પૃ ૨૨૧

લક્ષ્મીના પ્રાગટ્યની સાથે બન્ને જૂથો લક્ષ્મી પ્રત્યે આસક્ત બની ઊઠતાં લક્ષ્મીને મેળવવા ઉત્સુક બની જાય છે અમૃત પ્રાપ્તિના ધ્યેયને નજર સામે રાખતા હોવાથી બ્રહ્મા મધ્યસ્થીની કામગીરી બજાવીને શાંત પાડે છે અને 'લક્ષ્મી' ને જાતે જ નિર્ણય લેવાનું સૂચન કરે છે લક્ષ્મી વિષ્ણુપર કળશ ઢોળે છે. 'લક્ષ્મીનું પ્રાગટ્ય' પ્રસંગમાં સ્ત્રી સ્વતંત્રતાના ભાવને અભિવ્યક્ત કરવા માટે લેખકે નીચે પ્રમાણે બ્રહ્મા પાસે કહેવડાવ્યું છે - 'હે સુહૃદયો, આજથી હું આ પૃથ્વી પર નિર્માણ કરું છું કે જેટલો પુરુષ સ્વતંત્ર છે એટલી જ સ્ત્રી પણ સ્વતંત્ર છે. વળી પોતાની મેળે પતિ પસંદ કરવાની નીતિ કે જે લક્ષ્મી દ્વારા આ જગતમાં અસ્તિત્વમાં આવે છે એ વિધિને હું મારા આશીર્વાદ આપું છું. સ્વયમ્વર એવું નામ આપી લોકમાં એની સ્થાપના કરું છું.'[૫] લક્ષ્મી પ્રાપ્ત ન થવાથી દાનવો મદિરાદેવીને સહર્ષપણે સ્વીકારી લે છે. એ પછી પ્રચંડ ધનુષ અને શંખ પ્રગટ થાય છે. દાનવોએ સામેથી બ્રહ્મા પાસે એક વસ્તુની માંગણી કરી. દાનવોએ શંખ લઇને વગાડવાનો પ્રયત્ન કર્યો પરંતુ એમાં એમને ધારી સફળતા ન મળવાથી વરુણે દાનવોની મશ્કરી કરતાં કહ્યું 'એક તો તારામાં સામર્થ્ય નથી ને ઉપરથી -' - કશિપુને અસત્ય અપમાન જેવું લાગ્યું એથી ઘવાયેલો કશિપુ એ વરુણને જ કહ્યું: 'તું વગાડ'. વરુણે કહ્યું કે: 'હું એ વગાડવા સમર્થ નથી.' આમ બન્ને પક્ષો માટે આ ધનુષ્ય ને શંખ નિરર્થક હોવાથી બ્રહ્મા વિષ્ણુને આ બન્ને વસ્તુઓ પ્રાપ્ત થાય છે. પરંતુ જ્યાં વિષ્ણુ એ શંખનાદ કર્યો ત્યાં જ સહુના હૃદયમાં ધ્રાસકો પડ્યો. વળી પાછું વલોણુ ચાલુ થવાથી અપ્સરાઓ પ્રગટ થઇ. સ્વેચ્છાચારિણી અપ્સરા હોવાથી દાનવો નિરાશ થયા. અપ્સરાઓ સ્વર્ગે ગઇ.

અહંમી ને અભિમાની પ્રકૃતિનો કશિપુ દેવોના હાથે સતત છેતરાતો હોવાથી એનાં મનમાં દેવો પ્રત્યે અણગમો બંધાતો જાય છે એમાંય વિષ્ણુએ શંખ વગાડી દેકાડ્યો ત્યાં પોતાનું અવમૂલ્ય થયું હોય એમ એને લાગે છે. પૌરાણિક સમયના પરિવેશને ઉપસાવે અને કથાપ્રસંગને આકર્ષક બનાવવા માટે દાનવોના પ્રમુખ અસુરો જેવાં કે હિરણ્યાક્ષ, હિરણ્યકશિપુ, કાલનેમિ ને વૃષપર્વા જેવાં પાત્રો વચ્ચે ચર્ચાલાપ દ્વારા સર્જકે માહોલને ચરિતાર્થ કરાવી આપ્યો છે. કથાપ્રસંગમાં સંવાદોથી જ પાત્રોનું વ્યક્તિત્વ ઊભું થવાની સાથે કથાપ્રસંગનો ભાવવિશ્વ સમર્થ રીતે પ્રગટતું જોવા મળે છે.

દાનવોને અમૃત પ્રાપ્તિમાં શંકા જાય છે એટલે તેઓ છેતરાઇ ન જાય એને માટે કટિબધ્ધ બને છે. તેઓ અમૃત પ્રાપ્તિ માટે ષડયંત્ર રચે છે અને કશિપુ ધન્વંતરીના હાથમાંથી કુંભ લઇને ભાગી જાય છે. વિષ્ણુ રક્ષણહારની જવાબદારીને નિભાવવા માટે રૂપયૌવનાનું રૂપ લઇને કશિપુને કામાંધ ને મોહાંધ બનાવીને એનો માર્ગ રોકે છે. વેશ્યાના રૂપમાં અંધ બનેલો કશિપુ પોતાના હાથમાં અમૃતકુંભ છે એય ભૂલી જાય છે અને એ વેશ્યામય બની જાય છે. મોહિનીમય રૂપે રહેલા વિષ્ણુ માટે માર્ગ સરળ બની જાય છે. અને એ કશિપુને બ્રહ્મા પાસે લઇ આવે છે. બ્રહ્મા ય મોહિનીરૂપમાં ક્ષણવાર ખોવાઇ જાય ત્યાં દેવ-દાનવોની શી વિસાત હોય?

વિષ્ણુએ દાનવોને મોહિનીરૂપમાં લીન બનાવીને અમૃત વહેંચવાનો માર્ગ મોકળો કરી લીધો હતો. દાનવોને શંકા તો હતી પરંતુ તેઓ આ યૌવનામા રત બની ગયા હતા. મોહિની નૃત્ય કરીને

૫ એજન. ભાગ.૧. પૃ.૨૩૦

દેવો અને દાનવોમાં અમૃત વહેંચણી કરવા માંડી. દેવોને અમૃતપાન ને દાનવોને મદિરા પાન કરાવ્યું. દાનવો વિષ્ણુની લીલાને પામવામાં ઊણાં ઊતરે છે પરંતુ રાહુ નામનક દાનવને શંકા જવાથી દેવરૂપ ધરીને દેવની હરોળમાં બેસી જાય છે. જ્યાં એને અમૃતપાન આપવામાં આવ્યું ત્યાં એને ગળે ઊતરે એ પહેલાં દિવ્યાસ્ત્ર આવીને એના શિશને કાપી નાખે છે. અમૃત વહેંચણીની આ નાટચાત્મક ઘટનાને દાનવો વિષ્ણુનું કાવતરું જ સમજવા લાગે છે. અહીં બન્ને વચ્ચેનો ઈર્ષાભાવ જ્વાળામુખીની જેમ ફાટીને ધગધગતો લાવારસ બહાર આવવા લાગે છે. દાનવો અને દેવો વિષ્ણુને પોતાના શત્રુ માનીને બદલો લેવા તત્પર બની ઊઠે છે. એમાંય કાલનેમિનો શિવનું વરદાન હોય છે કે: પોતાના જ અસ્ત્રથી મૃત્યુ પામશે.' કાલનેમિ દેવોને આહ્વાન આપીને યુધ્ધે ચઢે છે. અનેકવાર દેવોને ઉગારનાર વિષ્ણુ કાલનેમિને એના જ શસ્ત્ર વડે વધ કરે છે.

અઘોર અપમાનનો ભોગ બનેલા દાનવો અસુરાચાર્ય શુક્ર પાસે જાય છે. વિષ્ણુ અને દેવોના હાથે પોતાના શિષ્યોને થયેલો અન્યાય એમનાથી સહન ન થવાથી તેઓ નારદ સામે પોતાનો વિરોધ નોંધાવે છે. શુક્રાચાર્યના પાત્રમાં મુકાયેલા સંવાદો પાત્રને અન્ય પાત્રોથી અનોખું બનાવી દે છે. હિરણ્યાક્ષ, કશિપુ, ઇલ્વલ વગેરે પાત્રો વચ્ચે સંવાદો પ્રયોજીને પન્નાલાલે શુક્રાચાર્ય સંજીવનીવિદ્યા માટે તપ કરવા જાય એવો પરિવેશ અહીં ઊભો થયો છે.

વિષ્ણુથી અપમાનિત થયેલા હિરણ્યકશિપુ સામે પ્રહલાદ વિષ્ણુની પ્રસંશા કરે તો કશિપુ ઊકળી ઊઠે ને! પૌરાણિક કથાનકના ભારને પન્નાલાલે હળવો કરીને પ્રસંગને સાદી સરળ ભાષા શૈલીનો વિનિયોગ કરીને પ્રસંગ અને એના ભાવજગતને ઊપસાવવ્યું છે. એવું એક વર્ણન પર દષ્ટિ કરીએ- 'ચૂપ કર નરાધમ! કપટી દિલની અમારી માસીને એમના આ દીકરાઓને અમે વધારે ઓળખીએ કે તું - આજ કાલનું દૂધ પીતું છોકરું વધારે ઓળખે? ગધેડા, અમે તો આ વિષ્ણુ સાથે બચપનમાં રમેલા છીએ. એ લૂચ્ચો તે વખતે ય આવી જ ચાલાકી કરતો હતો.' મોટી મોટી આંખો કાઢી પ્રહલાદને ચેતવી દીધો!'[૬]

પ્રહલાદ માટે હિરણ્યકશિપુની સભામાં વિષ્ણુની નિંદા અસહ્ય બની ઊઠતાં એ માતા પાસે જાય છે. પ્રહલાદ માતાને સમુદ્રમંથનની કથા કહે છે ત્યારે લેખક પ્રહલાદ મુખે 'રહ્યુચક્કર' પ્રાદેશિક શબ્દનો પ્રયોગ કર્યો છે. પન્નાલાલે એમની દરેક પૌરાણિક નવલકથાઓમાં ઇસાનિયા પ્રદેશની તળપદી ભાષાનો ઉપયોગ સહજતાથી કર્યો છે પણ કેટલીકવાર આ તળપદા શબ્દો કૃતિ કે પાત્રને ગૌરવ વિમુખ બનાવી મૂકે છે. અહીં પ્રહલાદ મખે પ્રયોજાયેલો 'રહ્યુચક્કર' શબ્દ બોલાય છે ત્યારે વિષ્ણુ ભક્તની છાપ ભાવકના મનમાં બદલાઇ જાય છે.

કથાનક બે સ્તરે સમાંતરે ચાલે છે. એક તરફ બ્રહ્મા, વિષ્ણુ ને મહેશની વાત આવે છે તો બીજી તરફ દેવ-દાનવોની પ્રક્રિયાઓ અને મનોસંચલનો વર્ણવાયાં છે. બે જૂથો વચ્ચે જન્મેલા વૈમનસ્યને કારણે વ્યગ્ર બનેલા બ્રહ્મા રુદ્ર પાસે જાય છે.

બ્રહ્માથી પ્રેરાયેલા નારદ શિવ સમક્ષ વિષ્ણુના મોહિનીરૂપની અતિ પ્રશંસા કરે છે. મોહિનીના અદ્દભૂત રૂપમય બનેલા શિવ ધ્યાનમાં ઊતરીને વિષ્ણુના આ નવારૂપમાં તરબોળ બની ઊઠે છે.

---

૬ એજન. ભાગ.૧. પૃ.૨૯૭

બ્રહ્મા, શિવ અને સતીના લગ્ન કરાવીને મૈથુની સૃષ્ટિ સ્વપ્નને સાકાર કરવાનો પ્રયત્ન કરતા હતા પરંતુ નિર્મોહી એવા શિવને સ્ત્રીમય બનાવવાનું કામ લોઢાના ચણાં ચાવવા જેવું દુષ્કર કામ હતું. અહીં શિવ તો મોહિનીમય બની ગયા એ સાંભળતાં પોતાનું સ્વપ્ન સાકાર થતું બ્રહ્માને લાગે છે. પ્રસંગો વચ્ચેના તાણાં વાણાંથી બારીકાઇ ભરી ગૂંથણી કથાને એકસૂત્રે બાંધી રાખે છે. શિવ નારદને દક્ષ પાસે સતીની માંગણી માટે મોકલે છે.

'શિવપુરાણ' કે અન્ય પુરાણોમાં નારદમુનિનું પાત્ર પોતાની એક આગવી પ્રતિભા લઇને આવે છે. આ પુરાણ પ્રચલિત પાત્રનું પન્નાલાલની કલમે કેવું ગૌરવ હણાય છે એ નીચેના વર્ણનમાં જોવા મળે છે.

'– પિતાજીને પણ થશે કે તેં શું કામ ઉતાવળ કરી? ... ... શિવ તો અડધા ગતાગમ વિનાના છે. એમનું કહેવું તેં શું કામ માન્યુ? મારી પાસે તું કેમ ન આવ્યો?'[૭] અહીં, બાવાના બેઉ બગડ્યા જેવી પરિસ્થિતિ થાય છે નારદ શિવ માટે આવા શબ્દોનો પ્રયોગ કરી શકે એવું વાચકનું મન સ્વીકારવા તૈયાર નથી. કથાને નિરૂપવાના મોહમાં સર્જકથી વિવેક ભંગ ઘણીવાર થઇ જાય છે. ત્યારે એ એમની સર્જકતાની મર્યાદા બની જાય છે. પુરાણ કથાઓનું ગુજરાતી કરણ કરવું અને પુરાણ કથાને સફળતાથી મૂકી આપવી એ બન્ને વાતો સાવ ભિન્ન છે.

અમરત્વ પામેલા દેવો એના નશામાં લીન બની ગયા હોવાથી નારદનેય સ્વર્ગમાં પ્રવેશવાની આજ્ઞા મેળવવી પડે એવી સ્થિતિનું નિર્માણ થાય છે. સત્તાનો નશો અદ્યતનયુગમાં કેવો જોવા મળે છે એનો સંકેત તો નથી ને? સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી ખુરશી (સત્તા) ટકાવી રાખવા માણસો કાવાદાવા કરી લોહીભીના ખેલ ખેલતા ગયા. ખુરશી પ્રાપ્ત થવાની સાથે અભિમાનની મદિરામાં અંધ થઇ ગયા અને જે લોકો દ્વારા એ સત્તાપદને પામ્યા છે એ લોકોને ભૂલીને પોતાનાં ખિસ્સાં ભરતા ગયા અહીં પુરાણ કથાપ્રસંગના માધ્યમ વડે પન્નાલાલે સાંપ્રત સમયખંડની ઝાંખી ઇન્દ્ર અને દેવોના રૂપમાં કરાવી હોય એવી પ્રતીતિ થાય છે, નહિતર નારદજેવા નિર્મોહી વ્યક્તિને બ્રહ્મા વિષ્ણુ કે મહેશ જેવાં સૃષ્ટિના અધિષ્ઠાતા પાસેય પ્રવેશ મેળવવા પરવાનગી લેવાની ન હોય ત્યારે ઇન્દ્રને ત્યાં અનુમતિ શા માટે મેળવવી પડે?

દેવો અમરત્વને પામીને સુખ અને શાંતિથી રહી શકતા ન હતા. દાનવોના ગુરૂએ મહાદેવનું તપ આરંભ્યું હતું. ઋષિ, મુનિઓ દેવાના ગુણગાન ગાતા હોવાથી દાવનોનાં દેવો પ્રત્યે દ્વેષ ભાવ વધારે પ્રદિપ્ત બની ઊઠ્યો હતો.

સત્તા અને અમરત્વ પ્રાપ્ત થયા પછી દેવગણ શિવને પ્રણિપાત કરવા ગયા ન હતા. નારદે ટકોર કરીને સત્તાનો નશો ઉતાર્યા. આથી ઇન્દ્ર નારદની વાતને સહર્ષ સ્વીકારીને શિવને પ્રણિપત કરવા તૈયાર થાય છે. સત્તાની જંજિરોમાં જકડાયેલા ઇન્દ્ર ઐરાવત પર બેસીને જ શિવ સામે જવા માંગતો હતો. નંદિને આ ગમ્યું નહિ. ઇન્દ્રના મનોગત ભાવને પામી ગયેલો નંદિ મૌન ધારણ કરે છે.

શિવ અનન્ય રૂપ ધરીને ઇન્દ્રના અભિમાનનો ચૂરો કરી આપે છે. સામાન્ય એવા બ્રાહ્મણ પર ઉગામેલો વજ્રાવાળો હાથ બ્રાહ્મણની આંખો સ્થિર થતાં જડ બનીને હવામાં સ્થિર થાય છે

૭. એજન ભાગ ૧. પૃ.

શિવની શક્તિનો પરચો મળતાં એ શિવને શરણે જાય છે. આ ઘટનાથી શિવને ઇન્દ્ર પ્રત્યે ક્રોધ પ્રગટે છે. એ દેવોના કહેવાથી પોતાના ક્રોધને સમુદ્રમાં ફેંકે છે. પૂર્વકથાના પ્રસંગોનું બીજ અહી ઇન્દ્ર અને શિવની ઘટનામાં વવાય જાય છે. શિવના ક્રોધમાંથી 'જલંધર' નામનો અસૂર જન્મે છે. જન્મતાવેંત એ બ્રહ્માના ગળાને દબાવી દે છે. લેખકે પાત્રની ક્રિયા વડે એના પ્રચંડ શક્તિઓનું ચિત્રણ કર્યું છે. ઇન્દ્ર સામે સંઘર્ષભરી સ્થિતિ સર્જાય છે. સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલા બાળકનો ભાવ એનામાં પ્રવર્તતો હોવાથી ધનવંતરીને પૂછીને પોતાને ઉદ્ભવેલી શંકાનું સમાધાન કરવામાં પ્રયત્ન કરે છે. પરંતુ સત્યની જાણ થવાથી ઇન્દ્રની ચિંતા બેવડાઇ જાય છે. એમાંય ધનવંતરીએ 'સૂરા' ને સર્જીને દેવોને સૂરાના નશામાં ગરકાવી આપ્યા દેવોય હવે સૂરા પીઇ ને વિલાસી બનવા લાગે છે.

દેવોના કારને અસુરોને અન્યાય થયો હોવાથી દુર્ગમાસુર બ્રહ્મા પાસેથી વરદાન મેળવીને જેમાં સૃષ્ટિના રહસ્યો રહેલા છે એવા ચાર વેદો ચોરી જાય છે. દેવો સૂરામાં ચકચૂર બનેલા હોવાથી અને આદ્યશક્તિની કરેલી અવગણનાથી પરાસ્ત થાય છે. ઇન્દ્રને પોતાનાથી થયેલી ભયંકર ભૂલો સુધારવા આદ્યશક્તિની પૂજા કરીને એમને રીઝવી લે છે. દુર્ગાના અસામાન્ય કાર્યને ચરિત્રાર્થ કરાવીને આદ્યશક્તિના કાર્યને ઉપસાવવામાં આવ્યું છે. દુર્ગામાતા દુર્ગાસુરને મારીને ચાર વેદોની રક્ષા કરે છે

શિવથી અપમાનિત થયેલા ઇન્દ્રના મનમાં શિવ પ્રત્યે અણગમો પ્રગટે છે એમાં એને દક્ષનો સાથ મળી રહે છે. શિવને ધૃત્કારતો દક્ષ બ્રહ્માના કહેવાથી સતીના લગ્ન શિવ સાથે કરવા તૈયાર થાય છે. અન્ય પુત્રીઓ કરતાં સામાન્ય રીતે લગ્ન કરે છે ત્યાં દક્ષનો શિવ પ્રત્યેનો અણગમો વ્યક્ત થાય છે એમાંય શિવે આશીર્વાદ માટે મસ્તક ન ઝુકાવ્યું ત્યાં દક્ષનો અણગમો બેવળાઇ જાય છે. પન્નાલાલે શિવ-સતીના લગ્નને અદ્વિતીયતા બક્ષી નથી. અવકાશ પ્રાપ્ત થયો હોવા છતાં સર્જક પાસે વર્ણનો મળતાં નથી. શિવને તૈયાર કરવાનો પ્રસંગ, જાનનું વર્ણન, લગ્ન સ્થળનું વર્ણન, સતી અને શિવના નખશિખ શબ્દચિત્રોનું વર્ણન - પરંતુ પન્નાલાલે આવા વર્ણનો આપવાનુમ ટાળ્યું છે. કથાનકના પ્રવાહને અતિ ઝડપે આપવાના પ્રલોભને તેઓએ લગ્ન પ્રસંગને સમેટી લીધો છે.

મૈથુનીસૃષ્ટિને સનાતની સૃષ્ટિમાં ફેરવવા માટે બ્રહ્માએ કામદેવને શિવ-શિવામાં કામ પ્રેરવાનું કાર્ય સોંપ્યું હતું. અહીં પન્નાલાલે શિવ-શિવાના શુધ્ધ અને નિર્મોહી એવા અનન્ય પ્રેમનું નિરૂપણ કરીને પાત્રોનું ચારિત્ર ચિત્રણ કર્યું છે. લુહાર જેમ લોઢાને કોઇ નવીન આકાર આપવા માંગતો હોય એ પૂર્વે એ લોઢાને યોગ્ય એવું ગરમ કર્યા પછી હથોડીનો ઘા કરે છે. એમ શિવ-શિવાના નિર્વ્યાજ સ્નેહનું શબ્દચિત્ર આપીને લેખકે કામદેવને પ્રવૃત્ત બનાવ્યો છે. પરંતુ એની સઘળી વિદ્યા નિરર્થક બનીને ઊભી રહે છે.

આ તરફ - કશિપુપુત્રોએ હિરણ્યાક્ષને નિ:સંતાનનું અસહ્ય મ્હેણુ માર્યું હોવાથી એ પુત્રપ્રાપ્તિ માટે શિવનું તપ કરવા બેસી જાય છે. લાબાં સમય પછી તપમાંથી જાગેલા બ્રહ્મા શિવને શિવાની તપાસ આદરે છે. કામદેવ શિવ-શિવાના દામ્પત્યજીવન અંગે અને એમાંથી ઉદ્ભવેલા

'અંધક' નામક પુત્રને શિવે હિરણ્યાક્ષને આપ્યો – આ ઘટનાઓ પીઠઝબકારથી અભિવ્યક્ત થઇ છે. આ ઘટના વડે ઇન્દ્ર ના મનમાં રહેલો શિવ પ્રત્યેનો અણગમાને સર્જકે તીવ્ર બનાવ્યો છે. શિવના કાર્યથી ઇન્દ્રની મૂંઝવણ વધી જાય છે. અહીં પન્નાલાલે ફ્લેશબેક પદ્ધતીનો વિનિયોગ કરીને હિરણ્યાક્ષને હિરણ્યકશિપુની પૂર્વજન્મની કથા આપી છે. પરિણામે આ પાત્રોમાં રહેલો વિષ્ણુ પ્રત્યેનો પક્ષપાત સત્ય બની રહે છે. જય અને વિજય નામના વિષ્ણુના દ્વારપાળોને બ્રહ્મકુમારોના શાપમાંથી વિષ્ણુએ ઉગારી લીધા ન હોવાથી આ બન્ને દ્વારપાળો તપમાં બેસી ગયા હતા તે નવા જન્મમાં હિરન્યાક્ષ અને- કશિપુના રૂપે જન્મ્યા હતા. શિવે હિરણ્યાક્ષને 'અંધક' નામનો બળવાન પુત્ર આપ્યો ને શુક્રાચાર્યને 'સંજીવની વિદ્યા' આપી એટલા ઇન્દ્રનો અણગમો ક્રમશ: વધતો જ જાય છે.

પન્નાલાલે રૂઢ થઇ ગયેલી શૈલીનો વિન્યાસ ચાલુ જ રાખ્યો હોય એમ લાગે છે. પાત્રના મનમાં રહેલા વિષને તેઓ અનેક ઘટનાઓ વડે ફેલાવવાનું કાર્ય કરે છે. જેમકે 'પાર્થને કહો ચઢાવે બાણ' માં પાંડવોનો એક પછી એક અનન્ય સાહસો ને ચમત્કારોથી દુર્યોધનની વેરવૃત્તિને પ્રજ્વલ્લિત રાખવાનો પ્રયત્ન કરે છે એમ અહીં પણ પ્રયોગ થયો છે.

પન્નાલાલના સંવાદો અહીં નોંધનીય છે –

"દક્ષ સાચે જ ડરી ગયો. બે પાંચ પળ પછી સ્વગતની જેમ બબડવા લાગ્યો! 'અરેરે! પાગલ સરખા આ મહાદેવને ક્યા તત્વે આ સૃષ્ટિનો આવડો મોટો સમર્થ દેવ બનાવી દીધો હશે? ઇન્દ્ર તરફ જોઇને કહ્યું: 'મેં તો સતીના વિવાહ વખતે પિતાજીને ચેતવ્યા સુધ્ધા હતા કે તમે ભલે સનાતની દુનિયા કર્યા કરો છે બાકી આ તમારો મહાદેવ જ એક ને એક દિવસ આ સૃષ્ટિનો પ્રલય કરી દેવાનો છે. હે ઇન્દ્ર, મારી વાત આખી નહિ તો અડધી તો સાચી પડીજ છે!'

ઇન્દ્રે કહ્યું: 'આજે અડધી ને આવતી કાલે આખી સાચી પડવાની જ છે દાદાજી!' ક્ષણેક થંભી ઇન્દ્રે જરી લાડથી પૂછ્યું: 'દાદાજી, આનો કશો ઉપાય ખરો? દક્ષને મૂંગો જોઇ ઇન્દ્ર કહેવા લોગ્યો: નહિ નહિ તો હવે પરિસ્થિતિ એવી હશે કે અમે દાનવોનો સંહાર કરીશું ને બીજી તરફ આ બ્રાહ્મણ મૃતસંજીવનીની મદદથી ફટોફટ બેઠો કરતો જશે.' ઉમેર્યું :'તમે જ કહો આવી રીતે અધર્મનો કદી અંત આવશે ખરો?'[૮]

પાત્રના મુખે પ્રયોજાયેલા જીવંત સંવાદો પાત્રના વ્યક્તિત્વ ધોતક બની રહેતા લાગે છે. મૃત સંજીવની વિદ્યાથી દાનવોની શક્તિ બેવળાઇ જવાથી પૂરા શૌર્ય સાથે તેઓ દેવો પર આક્રમણ કરે છે. દાનવસભાના ચર્ચાલાપ વડે સર્જકે દાનવોની શક્તિ અને જલંધરના અતુલબળને ઉપસાવી આપ્યાં છે. શિવમાંથી ઉત્પન્ન થયેલો જલંધર પિતાનું દુ:ખ સાંભળતા વેંત દેવો પર આક્રમન કરીને તેર રત્નો પાછાં મેળવવા તત્પર બની ઊઠે છે. પન્નાલાલે પાત્રને આ પ્રમાણે આલેખીને પ્રતાપીપાત્ર તરીકે કૃતિમાં ઉપસાવ્યું છે.

જલંધરે કહ્યું: 'કોણ છે આ વિષ્ણુ અને બ્રહ્મા પિતાજી! આ બન્નેનું ઠામઠેકાણું પણ તમે મને સત્વરે આપો.'[૯] પિતાને દેવોને લીધે ભોગવવું પડેલુ કષ્ટ અને રાહુનો દેવોને પરિણામે શિરચ્છેદ

૮. એજન. ભાગ.૧. પૃ.૧૦૯

૯. એજન. ભાગ.૧. પૃ.૧૩૬

થયો આ સાંભળીને જલંધરનો ક્રોધ વધી ગયો. એનું શબ્દચિત્ર સર્જકે આમ નિરૂપ્યું છે. 'જલંધરનો ચહેરો વધી અહીં ભેંકાર બની રહ્યો! પાંજરે પડેલા સિંહ જાણે કે ભૂખ્યો હતો! સિંહાસન પર બેઠો બેઠો સ્વર્ગમાં ફરતાં બકરાં જાણે જોતો હતો!'[૧૦] સામાન્ય લાગતાં વર્ણનોનો વિશિષ્ઠ રીતે પ્રયોજીને લેખકે એમાંથી પ્રતિપાદિત થતાં ભાવવિશ્વને અહીં કેવું ઉઘાડ્યું છે.

વિશાળ પટને આવરી લેતા કલાકૃતિમાં અનેક કથન કેન્દ્રો છે. વરદાન પામેલો હિરણ્યાક્ષ દેવો પર સંમોહન કરીને દેવોને દાનવલોકમાં બંદીવાન બનાવીને લઇ આવે છે. દેવો બંદી બનતાંજ અદિતિ બ્રહ્મા પાસે ને બ્રહ્મા વિષ્ણુ પાસે સહાયાર્થે દોડી જાય છે. પન્નાલાલે 'વરાહ અવતાર'. ના ચમત્કારિક પ્રસંગ પૂર્વે યોગ્ય માહોલનું નિરૂપણ કર્યું છે. નવીન જાતના દિવ્યપ્રકાશ ભાસતા પશુના પ્રચંડ ધડાકાથી ભયભીત થયેલા દાનવો આમ તેમ ભાગવા લાગે છે. હિરણ્યાક્ષની મૂંઝવણ વધી જાય છે. અંધક ક્રોધીત બનીને બહાર આવે છે. વરાહને મારી નાંખવા ધમપછાડા કરતા અસૂરોને સફળતા મળતી નથી. વિષ્ણુના ચમત્કારિક લીલાનો સ્વીકાર કરીને સર્જકે હિરન્યાક્ષનો વધ કરાવતી ઘટનાનું નિરૂપણ કર્યું છે.

"સહુ કોઇ જુએ છે તો જમીન ઉપર પડેલો હિરણ્યાક્ષનો હીરાજડીત મુગટ જાણે મરક મરક હસતો હતો! હિરણ્યાક્ષનું છેદાયેલું શિર રથમાં પડેલું હતું. બેઢક સાથે ટેવાઇ રહેલા ધડમાંથી ખળખળ રુધિર નીકળતું હતું.'[૧૧]

વિશાળ ફલકમાં ફેલાયેલી આ કૃતિમાં આવતા અનેક પાત્રોમાંથી અમુક પાત્રો કૃતિમાં પોતાની આગવી છાપ ઉપસાવી જાય છે. પ્રહલાદનું પાત્ર એનાં કાર્યથી અને એના આદર્શ વિચારધારાઓથી લેખકે પૂર્ણપણે ખીલવ્યું છે. હિરણ્યાક્ષમા વધના સમાચારથી કોપાયમાન થયેલો હિરણ્યકશિપુ વેર લેવાના મક્કમ નિરધાર સાથે તપારૂઢ થવાનો નિશ્ચય કરે છે - એ સમવાદ આ પ્રમાણે છે -

"હિરણ્યકશિપુ કહેવા જતો હતો. 'તારું કલ્યાણ થાઓ ત્યાં તો પ્રહલાદે કહ્યુ:'પિતાજી, આ તમે શું કરી રહ્યા છો? ઇર્ષા અને ક્રોધના નિવારણ અર્થે તપ હોય કે એને વધારવા માટે તપારૂઢ થવાનું હોય?'

પ્રથમ પગલે જ આ પ્રકારનો અવરોધ જોઇને - કશિપુ રોમે રોમ સળગી ઊઠ્યો. ક્રોધ આડે પોતાની આંખો સુધ્ધાં બીડી ગયો.

પ્રહલાદે વળી કહ્યું: 'હે તાત, ભગવાનના બીજા બળ સમાન તમારા જેવા દૈત્યેશ્વર જો પોતાના અંહકારનું મર્દન કરી ભગવાનનું કરણ બની રહેશે તો, મારું એવું નિશ્ચિત માનવું છે કે પૃથ્વી મૃત્યુ, જરા, ઇર્ષા, ક્લેશને વિસંવાદો સદાને માટે લોપ થશે - દિવ્યતાઓ પ્રગટી -'[૧૨]

'કચ-દેવયાની' ની પ્રસ્તાવનામાં લેખકે નોંધ્યું છે કે: દુનિયામાં ફેલાયેલી વિસંવાદિતાના વાતાવરણમાં સંવાદ સ્થપાય તો - અજ્ઞાતની સૃષ્ટિનો આરંભ થાય. લેખકના મનમાં રહેલા સંવાદિતાના ઉચ્ચ આદર્શો અહીં પણ અક્ષરદેહ પામીને આવ્યા છે. એક જ ભાવને લેખકે પુરાણકથાઓની બે ભિન્ન કૃતિઓમાં સરસ રીતે મૂકી આપ્યાં છે.

---

૧૦. એજન. ભાગ.૧ પૃ.૧૪૪

૧૧. એજન. ભાગ.૧. પૃ.૧૮૨

૧૨. એજન ભાગ.૧. પૃ.૨૧૧

તપના આરંભમાં અપશુકનરૂપ વાણી બોલનાર પુત્રને - કશિપુ પ્રચંડ વેગે લાત મારે છે. પાત્રની ક્રિયાવડે જ એના મનમાં રહેલો વિષ્ણુ પ્રત્યેનો અણગમો પ્રગટ થાય છે. દાનવોચ ભોજન દુર પડેલા પ્રહલાદને - કશિપુ સામે લાવીને - કશિપુ ભાઇનો પ્રતિશોધ લેવા માટે તપારૂઢ બને છે.

શિવપુરાણમાં બનતા અન્ય પ્રસંગોના તાનાવાના ને લેખકે રસપૂર્વક અભિવ્યક્ત કર્યા છે. ગરુડ અમૃત કૂંપનું અપહરણ કરીને લઇ જાય છે. અહીં ફલેશબેકથી પન્નાલાલે ગરુડ - ઉત્પત્તિની કથાનું આલેખન કર્યું છે. કદ્રુ અને વિનિતા નામની બે બહેનો કશ્યપમુનિને વરી હતી. આ બન્ને વચ્ચે ઇર્ષાભાવ થવાથી કદ્રુએ વિનિતાને છળકપટનો આશ્રયુ વડે પોતાની દાસી બનાવી હતી. સ્વર્ગલોકમાંથી અમૃતકૂંપ લાવીને ગરૂડ પોતાની માતાને દાસીપણામાંથી મુક્ત કરાવે છે. મૂળકથાનકના પ્રવાહમાં ભમતી આ આડકથા પોષક બનવાને બદલે હાનિકારક બનતી હોય એમ લાગે છે.

દક્ષે ચંદ્રને આપેલો શાપ, શિવે ચંદ્રને આપેલું વરદાન, ચંદ્રે કરેલું તારાનું અપહરણ અને તારાએ બુધને આપેલો જન્મ - આ ઘટનાઓનું લેખકે અતિ ઝડપથી આલેખન કર્યું છે.

દક્ષે આપેલા શાપમાંથી ચંદ્રને શિવે શાપ મુક્ત કર્યો આથી દક્ષ અપમાનિત થાય છે. ક્રોધિત થયેલો દક્ષ શિવને શાપ આપે છે પોતાના દેવને શાપ આપતા દક્ષને નંદિ પ્રતિશાપ આપે છે. પન્નાલાલે આ ઘટનાથી શિવના સમર્થ વ્યક્તિત્વને આમ ઉપસાવ્યું છે -

"મહાદેવે નંદી તરફ જોયું. કહ્યું: 'વત્સ નંદી શાપ આપવાથી મુક્ત થા. આ જગતમાં સહુકોઇ પોતે પોતાની વૃત્તિ પ્રમાણે ફળ પ્રાપ્ત કરે છે તો હે પ્રિય, સનકાદિને બોધ આપનાર તારા જેવા વિદ્વાનને પ્રતિશાપ આપવો ઘટતો નથી. તેં આ બ્રાહ્મણોના મોં ઉપર નરી પ્રસન્નતા હતી. બે પાંચ ક્ષણ પછી એમણે કહ્યું: 'હે પ્રિય નંદી, અહીં મને શાપ આપવામાં આવ્યો છે એ વાત જ તું ભૂલી જા. હે તાત, જે રીતે યજ્ઞની અંદર હું છું એ જ રીતે યજ્ઞની બહાર પણ હું જ છું. આ દક્ષ કોણ છે? તું કોણ છે? આ બધા ઉપહાસ કરનારા તેમ જ પેલા મૌન સેવનારા મુનિઓ એ બધા કોણ છે? હે નંદી, આ બધાં મારાં જ સ્વરૂપો છે, હે પ્રિય, ચાલો આપણે પ્રસ્થાન કરી જઇએ કે જેથી ક્રોધનું કારણ લુપ્ત થતાં યજ્ઞ સ્થાનમાં પ્રવર્ત્તી રહેલો આ વિસંવાદ પણ આપો આપ વિરમી જાય'[૧૩]

દક્ષે કરેલો યજ્ઞ, મહાદેવને યજ્ઞમાંથી બાકાત રાખવામાં આવ્યો તે પ્રસંગ, સતીનો આક્રોશ, સતીનો યોગાગ્નિ પ્રવેશ, શિવનો ક્રોધ, વીરભદ્રનો જન્મ અને એનું અઘોર પરાક્રમ ઘટનાઓનુ આલેખન કરીને શિવના સામર્થ્યને સમર્થ રીતે ઉપસાવી આપ્યું છે.

શિવની સામે પ્રતિશોધ લેવાને અર્થે દક્ષે યજ્ઞનો નિર્ણય કર્યો અને આ યજ્ઞમાં શિવ-શિવાને નિમંત્રણ આપવાનું ટાળીને એમનું અપમાન કરવામાં આવ્યું. સમગ્ર સૃષ્ટિના પરબ્રહ્મને દક્ષની સામે કોઇ વૈમનસ્ય ન હતું પરંતુ શીવાને પિતાના આવા કૃત્યોથી ઘણો આઘાત લાગ્યો અને એણે પિતાને વિનવીને શિવને પ્રસન્ન કરવાનું સૂચન કર્યું. અભિમાનમાં ચૂર બનેલો દક્ષ શિવને કટુ વેણોથી નવાજતો જોઇને સતી ક્ષણના ય વિલંબ વગર પિતાને શાપ આપીને અગ્નિમાં પ્રવેશ્યાં સતીના મૃત્યુથી કોપાયમાન બનેલા રુદ્રમાંથી 'વીરભદ્ર' નો ઉદ્ભવ થાય છે અને દક્ષના યજ્ઞમાં એ

૧૩. એજન. ભાગ ૧. પૃ.૨૫૫

શિવના આદેશાનુસાર મહાતાંડવ સર્જે છે. વિધ્વંસ પામેલા યજ્ઞ સ્થળને પુન: રચવા માટે વિષ્ણુ અને બ્રહ્મા પણ અસમર્થ હતા. એક માત્ર 'શિવ' જ આને પુન: રચી શકે એમ છે. દેવોના કહેવાથી નિર્મોહી રુદ્ર દક્ષને જીવંત બનાવીને યજ્ઞ સ્થાનને ફરીથી સર્જે છે.

દક્ષયજ્ઞમાં સતીએ દેહત્યાગ કર્યો ત્યારથી શિવ એવી અવસ્થામાં હતા કે ઇન્દ્રને શિવનો ભય લાગતો ન હતો ત્યારબાદ સુરા અને નૃત્યમાં ખોવાઇ જઇને ઇન્દ્ર બૃહસ્પતિનો આદર કરવાનો વિવેક ચૂકી જાય છે. દેવ સભામાં થયેલા આવા અસહ્ય અપમાનથી ક્રોધિત બની ઊઠેલા બૃહસ્પતિ દેવસભાનો ત્યાગ કરીને ચાલ્યા જાય છે. દેવો અને ઇન્દ્ર પોતાનાથી થયેલા અવિવેકને કારણે બૃહસ્પતિની શોધખોળ કરે છે પણ તેઓને બૃહસ્પતિનો કોઇ અણસાર પ્રાપ્ત થતો નથી.

દેવસભામાં ગુરુ ન હોય એવું તો કઇ રીતે બને? વિશ્વરૂપની દેવાના ગુરુ તરીકે સ્થાપના કરે છે. બીજી બાજુ, બ્રહ્મા સામે મૂંઝવણ ઊભી થાય છે કે: સતીનુ મૃત્યુ થવાથી એમની સાતમીવારની સનાતની સૃષ્ટિ રચવાનું કાર્ય અપૂર્ણ બની જાય છે. આને પૂર્ણ કરવાને અર્થે બ્રહ્મા આદ્યશક્તિને આરાધીને પોતાના સંકલ્પને પૂર્ણ કરવા માટે સહકારની અપેક્ષા રાખે છે.

અસુરપુત્ર દેવોનો ગુરુ થવાથી ઇન્દ્રને વિશ્વરૂપ પર શંકા જન્મે છે આથી એ એના પર ગુપ્તચર ગોઠવે છે. ઇન્દ્રની શંકા સાચી પુરવાર થતાં યજ્ઞમંડપમાં 'વિશ્વરૂપ' નો સંહાર કરી નાંખે છે. ઇન્દ્ર સામે એક પછી એક મુશ્કેલીઓ ને અવઢવો આવ્યા કરે છે. હિરન્યાક્ષ વધ પછી વિષ્ણુના મૃત્યુના સંકલ્પ સાથે હિરણ્યકશિપુ તપારૂઢ થયો, બીજી બાજુ વૃત્ર નામનો અઘોર દાનવે સ્વર્ગપર ચઢાઇ કરી, વૃત્રના સાહસથી ઇન્દ્રે યુધ્ધભૂમિ છોડીને ભાગી જવું પડ્યું. પન્નાલાલે ઇન્દ્ર અને વૃત્ર વચ્ચેનાં યુધ્ધને વર્ણવીને વૃત્રના બાહુબળને ઉપસાવીને પછી ફ્લેશબેક પધ્ધતીનો વિનિયોગ કરીને વૃત્રાસુરના જન્મની કથાના રસપ્રદ પ્રસંગનું આલેખન કર્યું છે.

વૃત્રાસુરનો સંહાર કરવા માટે "દધીચિ"ના હાડકાની આવશ્યકતાઓ ઊભી થતાં ઇન્દ્રની મુશ્કેલીઓ વધે છે. શિવને તૃણ તોલે ગણતા ઇન્દ્રને શિવભક્ત પાસે સહાયઅર્થે યાચવા જવું પડે? આવી વિકટક્ષણ ઉપસ્થિત થાય છે. શંકા-કુશંકા સેવતો. ઇન્દ્ર દેવગણ સહિત દધીચિ પાસે યાચના કરે છે. દેવકલ્યાણાર્થે પોતાના દેહનો ત્યાગ કરીને પોતાના હાડકાં ઇન્દ્રને આપે છે. અહીં લેખકને ચમત્કારનો આશરો સ્વીકારવો પડ્યો છે. વૃત્રનો સંહાર થવાથી બ્રહ્મહત્યા ઇન્દ્રની પાછળ પડે છે. બ્રહ્મહત્યાથી ઉગરવા માટે એ વિષ્ણુ પાસે અને પછી શિવના સાનિધ્યમાં જાય છે. દેવસભાનું ઇન્દ્રપદ ખાલી રહેવાથી ઇન્દ્રપદ માટે સ્પર્ધા થાય અને એમાંથી વેર ઉત્પન્ન થાય એવી સ્થિતિ આવી છે. બીજી બાજુ ધર્મજ્ઞ માનવરાજ નહુષ તપબળથી ઇન્દ્રાસનનો અધિકારી બન્યો હોવાથી બ્રહ્મા એને ઇન્દ્રાસને બેસાડે છે. 'કૃષ્ણજીવનલીલા' નવલકથામાં પન્નાલાલે જરાસંધ અને શિશુપાળના કથાપ્રસંગોને જે રીતે આલેખ્યા છે. એ જ રીતે એ અહીં વૃત્રાસૂર અને નહુષની ઉત્પત્તિની કથાઓ આપે છે. સર્જકે અહીં 'બુધ અને ઇલા'ની પ્રણયકથાનું નિરૂપણ કર્યું છે. ઇલકુમારને એકમાસ સ્ત્રી ને એકમાસ પુરુષનું વરદાન મળેલું છે. બુધ અને ઇલા વચ્ચે પ્રણય થવાથી ફલસ્વરૂપે 'પુરુરવા' નો જન્મ થાય છે. કથાનકના વહેણને વિકસાવવા માટે લેખકે એક બિંદુ મૂકીને પછી એ બિંદુને અસ્ખલિત વહેણમાં ફેરવી નાંખતા હોય એમ 'પુરુરવા અને ઉર્વશી' ની

કથાનું આલેખન કર્યું છે. આ બન્નેના પ્રણયમાંથી 'નહુષ' નો જન્મ થાય છે. મૂળ કથાનકના પ્રવાહમાં આવતી આ આડકથાનું નિરૂપણ મહદંશે ઉપકારક રહ્યું છે.

હવે શચીના પાત્રનું નખશીખ ચિત્રાત્મક વર્ણન કથામાં બનતી ઉત્તર સમયની ઘટનાઓ માટેનો પરિવેશ રચી આપે છે. ધર્મજ્ઞ એવો ઉત્તમવંશનો નહુષના પતનને પ્રતીતિ જનક બનાવવા માટે પન્નાલાલે શચીના બાહ્યસૌંદર્યનું વર્ણન આમ કર્યું છે.

'નહુષ શચીની પીઠ પાછળ તાકી જ રહ્યો. કેડે વીંટેલ પટકુળ નીચે અડધા નિતંબ ઉઘાડાંને છાતીએ બાંધેલ પટી પાછળ સદંતર ખુલ્લી પીઠને ખભા! શાશ્વતયૌવન શચીની દેહલતા પણ આછા ગુલાબી કમળના સરખી સુંવાળી ને ચિત્તાકર્ષક પણ એટલી જ હતી. આભૂષણો પણ - ઇન્દ્રાણી શાનું નામ! ખાસ્સા મોટા અંબોડા પર પુષ્પે ગૂંથેલ મુગટ ઘાટની વેણી હતી. લાંબી નમણી ડોકમાં ઝગમગ થતો એકાવળ હાર હતો. બંને બાવડે બાજુબંધને કટિમેખલાના રત્નો જાણે આંખમિચોલી રમતા હતાં. છાતી ભાગથી ઢોળાવ ખાતી કમરની લચક પણ ગજબની મોહક હતી. કુમકુમવર્ણી પાનીઓ ઉપર હીરા જડિત નૂપુર જાણે છમ્મક છમ્મક બોલતાં હતાં!"[૧૪]

પૃથ્વીલોકનો ધર્મજ્ઞ માનવરાજ નહુષ ઇન્દ્રાણીના રૂપ લાલિત્યને જોતાં એને પામવાનો મનસૂબો કરવા લાગ્યો. એ પોતાના રથના અશ્વોને રથાને બ્રાહ્મણોને જોડવાનુ અધર્મકાર્ય કરે છે અને એ શાપિત બનીને પૃથ્વીપર અજગર થઇને પડે છે.

બીજી બાજુ બ્રહ્માની સનાતની સૃષ્ટિનું સ્વપ્ન સાકાર થતું હોય એવી ઘટનાઓ બને છે. હિમાલય પુત્રી મેના બાળપણથી જ શિવભક્ત હતી, દર્શને આવેલી મેનાના રૂપથી પ્રસન્ન થઇ જવાથી શિવ વિચલિત બની ઊઠે છે. નિર્મોહી શિવ તપમાંથી વિચલિત ન થવાય માટે એ મેનાને કૈલાસપર આવવાનો પ્રતિબંધ મૂકે છે. પરંતુ મેના શિવને પ્રસન્ન કરીને એમના સેવાકાર્યમાં પ્રવૃત્ત થાય છે. પન્નાલાલે અહીં નાયિકાના હૃદયમાં રહેલા સૂક્ષ્મત્તમ ભાવોને આમ આલેખ્યા છે- 'પાર્વતી મહાદેવની આ સૂચનાથી કૃતકૃત્ય બની રહ્યા. મહાદેવને નમસ્કાર કરવા લાગ્યા.

મરક મરક હસી રહેલા મહાદેવ આંખો મીંચી ગયા.

પાર્વતીને એવું લાગ્યું: કેમ જાણે આ ભગવાને પોતાનેય પોપચાં નીચે બીડીભીડી ન લીધી હોય?'[૧૫]

- અહીં 'બીડીભીડી' શબ્દપ્રયોગ નાયિકાની પ્રણયની પ્રથમ અનુભૂતિના ભાવવિશ્વને સમર્થ રીતે ઉપસાવી આપે છે. શિવમાત્રને પ્રસન્ન કરવાને અર્થે આવેલી પાર્વતી પર કુબેરે કુદૃષ્ટિ કરે છે ત્યારે એણે આંખ ગુમાવવી પડે છે. લેખકે પાર્વતીના પાત્રને અસામાન્ય કન્યાને રૂપે આલેખી છે.

બીજી બાજુ બ્રહ્મા પાસે ઇચ્છિત વરદાનો મેળવનાર - કશિપુ ત્રણેયલોક પર પોતાનું આધિપત્ય જમાવે છે ત્રણેય લોક - કશિપુની પૂજા કરવા લાગે છે. સત્તામાટે મૂંઝવણ અનુભવતા દેવોની સ્થિતિ વિષમ બની જાય છે. પરંતુ એમના પાસે અન્ય કોઇ માર્ગ ન હોવાથી તેઓ - કશિપુનું શાસન સ્વીકારી લે છે. મધ્યાહ્ન સૂર્યની જેમ પોતાના પ્રભાવથી ત્રણેય લોક પર આધિપત્ય

૧૪. એજન. ભાગ.૩. પૃ.૧૨૮

૧૫. એજન ભાગ.૩ પૃ.૧૬૧

સ્થાપિત કરીને વિચરતા - કશિપુનું અભિમાન બેવડાઇ જાય છે. એની શરણાગતિ સ્વીકારી ત્રણેય લોક કશિપુની પુજા કરવા માંડે છે. ત્રણેય લોકમાં ફરજિયાત પોતાની પ્રાર્થના કરવાનો આદેશ એણે આપ્યો છે.

ત્રણે લોકે સહર્ષ નહીતો અનિચ્છાએ કશિપુનું આધિપત્ય સ્વીકારી લીધું. પરંતુ એનો જ પુત્ર પ્રહ્લાદનો સંહાર કરવાનો નિર્ણય લઇ લે છે. પુત્રને વિષ્ણુ ભક્તિ છોડીને પોતાની ભક્તિ માટે આદેશ પર આદેશ આપતો જાય છે છતાંય પ્રહલાદ તો ત્રણેય લોકના પરમ પરમાત્મા તરીકે વિષ્ણુને સ્વીકારે છે. અહીં લેખકે પિતા-પુત્રના સંવાદમાં પ્રહલાદમાં રહેલી વિષ્ણુ પ્રત્યેની અનન્ય શ્રધ્ધા અને સ્પષ્ટ સત્ય વક્તા તરીકે ઉપસતી જતી એની છાપ પાત્રને ગૌરવપૂર્ણ બનાવી આપે છે. નજર સામે મૃત્યુ ભમતું હોય ને છતાંય વિષ્ણુને એ આરાધે ત્યાં કશિપુની કેવી કરુણ વિષમ સ્થિતિ થાય? પ્રહલાદનું આ વ્યક્તિત્વ જ કશિપુના અભિમાનને જબરજસ્ત ઠેસ પહોંચાડે છે. પ્રતિનાયકનો ક્રોધ પરાકાષ્ઠાએ પહોચતા જ એ પુત્રને કહે છે કે: 'બતાવ! મને તારા વિષ્ણુ દેખાડ, નહિ તો આજ ક્ષને તને ભૂમિ ઉપર પછાડીને તારા ફુરચા બોલાવી દઇશ.'[૧૬] વિષમભરી પરિસ્થિતિમાં આવી પડેલા પોતાના ભક્તને ઉગારવા માટે વિષ્ણુ 'નૃસિંહ' રૂપ ધરીને પ્રત્યક્ષ થાય છે અને હિરન્યકશિપુનો વધ કરે છે. અહીં લેખકે નૃસિંહનું શબ્દચિત્ર આમ રચ્યું છે.

'બેબાકળી આંખે સભાસદો જુએ છે તો ફાટેલા થંભની વચ્ચે ધૂરકાટ કરતો કોઇ એક બિહામણો આકાર ચકકર વકકર આંખો સાથે આખીય સભાને ખાઇ જવા માગતો હોય તેમ ઊભેલો છે. સિંહને મળતું આવતું એનું મોં ફાટેલું ને વિકરાળ હતું. મોટામોટા દાંત હતા. માથુને ગરદન કેશવાળીથી ભરેલાં હતાં. માણસની જેમએ બે પગે ઊભો હતો. અભૂષણોથી ભરેલી છાતી હતી. બાજુબંધ બાંધેલા આગળના બંને પગ સિંહના જેવા નખ હોવા છતાંય માણસના હાથને મળતા વધારે આવતા હતા.'[૧૭]

ત્રણેય લોકપર આવી પડેલી વિપદને ટાળવા માટે વિષ્ણુ તારણહાર બનીને નૃસિંહ અવતાર ધારણ કરીને કશિપુનો વધ કરે છે. દિતિ હિરણ્યકશિપુને ગુમાવવાની વ્યથા ઠાલવતાં કહે છે કે: 'હે અદિતિના દુષ્ટ પુત્રો! ધીરી બાપુડિયા!'[૧૮] અહિંયા, સંવાદ ભેગો લસરકો બનીને કહેવત અટકી પડે છે. જેમ 'પાર્થને કહો ચઢાવે બાણ' કૃતિમાં દ્રુપદમુખે 'એળે નહી તો બેળે' કહેવતનો પ્રયોગમાં બને છે એવું અહી કહેવત લટકણિયા જેવી લાગે છે. સર્જકની અસભાનતા અહીંયા જોવા મળે છે.

લાબાં સમય પછી તપમાંથી જાગ્રત થયેલાં શિવ-પાર્વતી વચ્ચે આ પ્રમાણે સંવાદ નિરૂપાયો છે -

"પાર્વતી હસી ઊઠ્યાં. કહ્યું: 'પણ તમે તો અંચઇ કરી ગયા. મહાદેવજી!'

હોઠમાં હસવું ભરી મહાદેવ પાર્વતી તરફ હસતી અને પ્રશ્નભરી આંખે તાકી રહ્યા. પાર્વતી સમજી ગયાં! મહાદેવ અચંઇનો અર્થ પામી શક્યા નથી - "[૧૯]

---

૧૬ એજન ભાગ.૧. પૃ.૨૧૯

૧૭ એજન ભાગ ૧ પૃ.૨૨૨

૧૮. એજન ભાગ.૧ પૃ ૨૩૧

૧૯ એજન ભાગ.૧. પૃ.૨૩૩

અહીં પન્નાલાલે 'અંચઇ' શબ્દનો પ્રયોગ વિશિષ્ટ અર્થને પ્રગટાવી આપવાના હેતુસર કર્યો છે. બાળપણમાં રમાતી રમતોમાં બાળમુખે પ્રયોજાતો આ શબ્દનો સમર્થ રીતે ઉપયોગ થયો છે. પાર્વતી શિવને અપરા પ્રકૃતિમાંથી પરા પ્રકૃતિમાં લઇ જવાનો પ્રયત્ન કરે છે કથાના બીજા પ્રવાહમાં અસુરાના ભયને ખાળવા સજ્જ બનેલા ઇન્દ્ર દિતિના ગર્ભનો નાશ કરીને સુરક્ષિત બને છે પરંતુ એના બીજા ગર્ભનો નાશ કરવામાં નિષ્ફળ જાય છે. દિતિ-કશ્યપનો 'વજાંગ' નામનો અસૂર પુત્ર ગળથૂથીમાંથી દેવો પ્રત્યે વેર લેવાનું શીખીને ઉછર્યો હતો. પરંતુ એ શિવભક્ત હોવાથી બ્રહ્મા એના પર પ્રસન્ન થાય છે અને એ એક સ્ત્રીને ઉત્પન્ન કરીને એનાં લગ્ન એની સાથે કરાવીને વજાગને વરદાન આપે છે કે: 'તારા પુત્રને બ્રહ્મા, વિષ્ણુ શિવ કોઇ હણી શકશે નહી.' બ્રહ્માનું આ વરદાન કાર્તિકેયના જન્મ નો પરિવેશ રચી આપે છે. સૃષ્ટિના સર્જનકાળથી જ બ્રહ્મા સૃષ્ટિને મૈથુની સૃષ્ટિ બનાવવા માટે શિવ-પાર્વતીને મૈથુની જગતમાં પ્રવેશ કરવાની અવઢવમાં અટવાયા કરે છે. આ વરદાન પાછળ બ્રહ્માનું દષ્ટિ બિંદુ આવા જ પ્રકારનું હશે એમ લાગે છે. વજાગપુત્ર તારક દેવોનું આધિપત્ય સ્વીકારે એવા ન હતો. જ્યાં આગળ ઇન્દ્ર સુરક્ષિતતાનો શ્વાસ લેવા જાય ત્યાં જ કોઇ નવો અસૂર શાંતિના શ્વાસને હરી લે છે. તારકાસુરનો વધ શિવ-પાર્વતનિ પુત્ર કાર્તિકેયના હાથે થવાનો હોવાથી ઇન્દ્ર કે દેવોએ એના સામે યુધ્ધ કરવું હિતાવહ ન હતું. પોતાની વિટંબણા લઇને ઇન્દ્ર બ્રહ્મા પાસે જાય છે. અહીં બ્રહ્મા નારદને આમ કહે છે -

'પુત્ર, તું તો જ્ઞાની છે! તું જ પોતે જોને દેવો પણ ક્યાં ધર્મ ઉપર સ્થિર છે? આપણે ઇન્દ્રની જ વાત કરીએ એનું આચરણ ગૌતમ પત્ની અહલ્યા વિષે કેવું પ્રપંચી હતું! - વળી અશ્વિનીકુમારો ઉપરથી ઇર્ષાને લઇને બ્રહ્મર્ષિ દધીચિનું શીશ એણે છેદ્યુ હતું. તો દિતિમાં પ્રવેશ કરીને એનો ગર્ભ તોડી પાડ્યો.' ક્ષણેક થંભી ઉમેર્યું: 'મુનિ, શોધવા બેસીએ તો દેવોનું અધર્મ આચરણ પણ કંઇ ઓછું નથી.'[૨૦] ઇન્દ્રાસનને અકબંધ રાખવા માટે ઇન્દ્ર ધર્મના માર્ગને ત્યજીને અધર્મતાનો (અસુર વિદ્યાનો) ઉપયોગ કરતા સહેજે ખચકાટ અનુભવતો નથી સાંપ્રત સંદર્ભ વિચારીએ તો આઝાદી મેળવ્યા પછી સત્તા સ્થાને આવેલી સરકાર ભારત પર પોતાની સત્તાને ખુરશીને સહી સલામત રાખવાને અર્થે આવા અઘોર અત્યાચારો પ્રપંચ ષડયંત્રોનો આશ્રય લે છે. સામ્રાજ્યની સત્તા કોના હાથમાં રહેશે એની સાઠમારીમા અવિવેક , અનિતિ અને અધર્મ દષ્ટે પડે છે. પન્નાલાલને પુરાણકથાની ગૂંથણીમાં અદ્યતન હંસાતૂંસી તરફ પણ નિર્દેશ કરવાનો ઉપક્રમ ચોકખો દેખાવ છે.

ઇન્દ્ર તારકાસુરના વધ માટે સક્રિય બનીને શિવ-પાર્વતીને મૈથુની સૃષ્ટિ સર્જવા માટે પ્રવૃત થવા કામદેવને મોકલે છે. ત્રણેય લોકના ઉધ્ધારાર્થે કામ શિવને પ્રકૃતિ વશ બનાવવા વસંત પાસે હિમાલયના સૌંદર્યને અનેરું ખિલવે છે અને 'અનરાગ' દ્વારા શિવના હૃદયમાં પ્રેમને જાગ્રત કરાવે છે. એ મિત્રોની મદદથી કામદેવનું કામ સહેલું થઇ પડ્યું. અને એ યોગ્ય ક્ષને 'હર્ષણ' અને 'રોચન' નામનું બાણ પ્રયોજીને શિવને મોહવશ બનાવવામાં સફળ બને છે. શિવ અને પાર્વતી એકબીજા પ્રત્યે અનેરું આકર્ષણ અનુભવે છે

"આ વખતે મહાદેવની નજર ખારસા મોટા અંબોડાને વીંટળાઇ રહેલી વેણી ઉપર પડી. વેણી જાણે અંબોડાને બાથ ભરતી લાગતી હતી. મહાદેવની પ્રસન્ન નજર નીચે ઊતરી. પ્રૌઢ

૨૦ એજન. ભાગ.૩. પૃ.૨૫૬

યૌવના પાર્વતીના ઢોળાવ કાતા ખભા અને તસતસતી પીઠ ઉપરથી લસરતી લસરતી એ પુષ્પમય છાતીબંધ પર જઇ ઠરી."[૨૧]

નાયિકા પર નાયકની નજર પડે છે એ નજરથી નાયિકા અનહદ પ્રસન્નતા પામે છે અને એને એ નજર અંબોડાને બાથમાં લીધી હોય એમ લાગે છે. શિવને ધીમે ધીમે મોહવશ બનાવતી ઘટનાઓ પ્રયોજીને પાત્રમાં કામ પ્રેરીને સાયુજ્યની પરાકાષ્ઠાનો અનુભવ કરાવવાને તત્પર બનાવે છે. ત્યાં જ શિવને આત્મજ્ઞાન થાય છે. ; અહીં નાટચાત્મક ક્ષનોનુમ વર્ણન છે. સરળપણે ચાલતી કથા એકદમ અટકી પડે છે. પોતાનો આ મૈથુની જગતમાં લઇ જતાં કામદેવને શિવ ત્રીજા લોચન થી ભસ્મ કરી નાંખે છે. શિવમાં ઉત્પન્ન થયેલા 'ક્રોધાગ્નિ' ને કઇ રીતે ઠારવો એ પ્રશ્ન બ્રહ્મા સામે ઊભો થાય છે. પરંતુ અગ્નિએ ક્રોધાગ્નિનો ઉપાય કહે છે. બ્રહ્મા, વિષ્ણુ અને દેવગણ શિવને પ્રસન્ન કરીને ત્રણેય લોકના ઉધ્ધારાર્થે શિવને રીઝવીને કામદેવને પુન:જીવત કરવાનું સૂચન કરે છે ત્યારે શિવ કહે છે કે: 'છતાંય જા, કેટલાક કામ પછી પૃથ્વી ઉપર ભગવાન વિષ્ણુ જ્યારે પોતાના સકળ સામર્થ્ય સાથે અવતાર લેશે એ વખતે લક્ષ્મીદેવી પન અવતરશે ને બન્નેને મનુષ્ય દેહે જે પુત્ર અવતરશે તે જ પોતે કામદેવ હશે.-"[૨૨]

અહીંયા 'કૃષ્ણાવતાર' ના બીજ મૂકાયાં છે. કામદેવના સાહસને ફલસ્વરૂપે શિવ-પાર્વતીની નિકટ આવે છે એ નિકટતાને સાચવીને ત્રણેય લોકના ઉધ્ધારાર્થે શિવ પાર્વતીના હાથની માંગણી કરે છે પવર્ત શીખાએથી પ્રગટેલું ઝરણું તીવ્ર ગતિએ પર્વત તળેટીએ વહી જાય એમ કથાનો પ્રવાહ વહ્યે જાય છે. પાર્વતી સખી સાથે માતા-પિતાને સંદેશ મોકલે છે. કથાનકને રસપ્રદ બનાવવા માટે પન્નાલાલે કાસી એવી માવજખ લીધી છે. નારદને પાર્વતીના હાથની માંગણી માટે મોકલે છે એ પહેલાં બ્રાહ્મણરૂપે શિવ મેનાના કાન ભંભેરે છે. આથી નારદના માર્ગમાં મુશ્કેલી ઊભી થાય છે. શિવે મોકલાવેલા પ્રસ્તાવનો મેના અનાદર કરીને નારદને ધુત્કારી કાઢે છે. નારદના પ્રસ્તાવનો સખત વિરોધ કરતા પાર્વતીનાં માતા મેનાના હૃદયમાં પાર્વતી પ્રત્યે માતૃવાત્સલ્ય ઊભરાવીને સર્જકે પ્રસંગને રોચક બનાવ્યો છે. આથી સૃષ્ટિને મૈથુની સૃષ્ટિમાં લઇ જવા માટે સપ્તર્ષિ સહિત અરુંધતી મેનાને મનાવી લે છે. મેનાને શિવ સામે વાંધો ન હતો પરંતુ એમની બાહ્ય વેશભૂષા પ્રત્યે અણગમો હતો. મેનાને બ્રાહ્મણરૂપે આવીને કહ્યું હતું કે: પાંચ મુખવાળો દિવ્ય પુરુષ પાર્વતીને વરશે.' આવા જમાઇની અપેક્ષા તે રાખે છે. મેનાને આશ્વાસન આપીને સપ્તર્ષિઓ વિદાય લે છે.

શિવના લગ્નનો દિવસે અન્ય સજાવે એ પહેલાં એ તૈયાર થઇ જાય છે. પાર્વતીએ સૂચન કર્યું હતું છતાંય એ તો સર્પ, વીછીં, ગરોળી ને દેહપર ધારણ કરીને લગ્ન કરવા જાય છે. પંચમુખી વરરાજાને જોવાની અભીપ્સા મેના પોતાના મનને રોકી શકવા અસમર્થ બને છે એ ઇન્દ્ર, બ્રહ્મા અને વિષ્ણુ નુ રૂપસૌદર્ય જોઇને પોતાના જમાઇને પણ એવા જ કલ્પે છે ત્યારે નારદને સત્યઘટનાઓ કહે છે. રૂપામાને જરકસી વસ્ત્રોમાં શોભતા જમાઇની અપેક્ષાઓ સામે કુરુપ અને ઝેરી પ્રાણીઓના શણગાર વાળા જમાઇને કઇ રીતે મેના સ્વીકારી લે? લેખકે પાત્રની મૂંઝવણને સૂક્ષ્મતાથી નિરૂપીને મહાદેવે ધારણ કરેલા વિકરાળ રૂપનું નીચે પ્રમાણે વર્ણન કર્યું છે.

---

૨૧ એજન. ભાગ.૩. પૃ.૨૮૧

૨૨. એજન. ભાગ.૩. પૃ.૩૨૪

"મહાદેવે સાચે જ અઘોર રુપ ધર્યું હતું. જટાજુટ માથા ઉપર ફણીધર નાગ વીંટયો હતો. ગળામાં નાખેલા કોઇ ભેંકાર ભોરીંગ બબ્બે જીભો લબકારા પર લબકારા લેતી હતી. તેલની ધાર સરખી પાતળી પાતળી ત્રણ ત્રણ નાગણોની જનોઇ હતી વીંછી, કાનખજુરા તેમજ ગરોળીઓના બાજુબંધને કાનમાં કુંડળ, હાથમાં કડાંને દસેય આંગળીએ વેઢ ધારણ કર્યા હતા. વાઘનું ચામડું પહર્યું હતું ને હાથીનું ચામડું ખભા ઉપર નાખ્યું હતું..... આવું બધું જોઇને ચરર..... કરતો નારદના દિલમાં ચીરો પડયો, મન આખું ડહોળાઇ ગયું."[૨૩]

પાત્રના મુખે પ્રયોજાયેલા વિવિધ અર્થછાયાઓ ધરાવતા તેજાબી સંવાદો પાત્રને જીવંત બનાવી આપે છે. પોતાની કલ્પનાના જમાઇનું દર્શન કરવામાં નિષ્ફળ ગયેલી મેનાનો ક્રોધ ભભૂકી ઊઠે છે અને એ નારદને અસહ્ય શબ્દો સંભળાવે છે. મેનાના ક્રોધાગ્નિમાં પાર્વતી અસહ્ય વેણ જ સાંભળે છે એમ નહીં માતાના હાથનો માર ખાય છે, સપ્તર્ષિ અને અરુંધતીને મેના કપરાં વેણ બોલીને અપમાનિત કરે છે. માનવમનમાં ઉદ્ભવેલા ભાવવિશ્વને લેખકે પાત્રની ક્રિયા અને સંવાદ દ્વારા ઉપસાવી આપ્યું છે. લગ્નમાં વિઘ્ન આવી પડવાથી બ્રહ્મા શિવને પ્રસન્ન કરે છે. અહીં ચમત્કારિક ઘટનાનો આધાર લઇને લેખકે શિવને પંચમુખી બનાવીને લગ્નમાં ઊભા થયેલા વિઘ્નને રૂડીપેરે દૂર કર્યું છે.

શિવ-પાર્વતી પ્રકૃતિ વશ બની જતાં જોઇને નારદનાં હૃદયમાં પ્રકૃતિ ભાવનો સંચાર થવાથી એ કોઇ રાજાની કુંવરીના સ્વયંવરમાં જવા વિષ્ણુનું રૂપ માગે છે. વિષ્ણુએ રૂપને બદલે વાંદરમુખ આપ્યું એની જાણ થતાં એ વિષ્ણુને શાપ આપતાં કહે છે - 'હે વિષ્ણુ, એક કાળે તમારી પ્રાણપ્રિય પત્નીને રાક્ષસો ઉપાડી જશે ને તમારે એનો દારુણ વિયોગ થશે.[૨૪]

પન્નાલાલે અહીં સ્વકલ્પના વડે આડકથાની પ્રયુક્તિથી વિષ્ણુના 'રામાવતાર' નું સૂચન કર્યું છે. ઇન્દ્રાસનને સુરક્ષિત બનાવવા અને મૈથુની સૃષ્ટિને સાકાર કરાવવા સફળ રહેલા દેવગણ બ્રહ્મા અને, વિષ્ણુ ત્રણેય લોકના ઉધ્ધારાર્થે શિવને આરાધે છે. પ્રસન્ન થયેલા શિવ અગ્નિને વીર્ય આપે છે અને એમાંથી 'કાર્તિકેય' નામના પુત્રનો જન્મ થાય છે. સકળ દેવોમાં શિવના પાત્રની મહત્ત્વ ઉપસાવીને સર્જકે કાર્તિકેયના જન્મ, ઉછેરની ચમત્કારિક ઘટનાઓનો આશ્રય લીધો છે.

ઇન્દ્રાસન અને દવોના રક્ષણાર્થે બ્રહ્મા-વિષ્ણુ શિવ-પાર્વતી પાસે કાર્તિકેયની માંગણી કરે છે. દીર્ઘકાળ પછી સાંપડેલા પુત્રને દેવોને સોંપતા પાર્વતી ખચકાટ અનુભવે છે અહીં સર્જને માતૃહૃદયના ભાવજગતને અભિવ્યક્ત કર્યો છે. પરંતુ જે અર્થે, કાર્તિકેયનો જન્મ થયો હતો તે કાર્ય તો પરિપૂર્ણ કરવું જ પડે ને! તારકાસુર સામે યુદ્ધ કરતાં પહેલા સકળ દેવો પોતાની દિવ્યશક્તિઓ અને આયુધોની કાર્તિકેયને ભેટ ધરીને એની શક્તિમાં વધારો કરી આપે છે. અહીંયા એક નાટયાત્મક ઘટના બને છે. કોઇક એક ઋષિ પોતાના ચોરયેલા યજ્ઞબલિની શોધ કરી આપવા કાર્તિકેયને વિનવે છે કારણ કે: ત્રણેય લોક તારકાસુરના આધિપત્ય નીચે હોવાથી બ્રાહ્મણોને દેવોય ઉપકારક ન હોવાથી એ કાર્તિકેય પાસે આવે છે. સકળ દેવો અને બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશ

૨૩. એજન ભાગ.૩ પૃ ૩૨૪

૨૪. એજન. ભાગ.૩. પૃ.૩૩૫

તારકાસુરની શક્તિ આગળ નિરૂપાય હતા. આમ બતાવીને લેખકે કાર્તિકેયના પરાક્રમ અને એની સર્વોપરિતા ઉપસાવી આપવા આ આડકથાનો સમર્થ વિનિયોગ કર્યો છે. બ્રાહ્મણોના ચોરાયેલા યજ્ઞબલિને કાર્તિકેયનો ભાઇ વીરભદ્ર ક્ષણ માત્રમા લઇ આવે છે

ત્રણેયલોક પર આધિપત્ય જમાવીને મદિરા અને સુંદરીમાં અટવાઇ ગયેલો તથા અભિમાનની પરાકાષ્ઠાએ પહોંચેલા તારકાસુરને સમજાવવા કૌંચ માટે દુષ્કર બની ઊઠ્યું હતું. કાર્તિકેયની અપાર શક્તિ પરિચય મેળવેલા કૌંચની સ્થિતિ અસહ્ય થઇ પડે છે. એક બાજુ કાર્તિકેયની અપાર શક્તિ અને બીજી બાજુએ તારકાસુરનો પ્રમાદ આ બન્ને વચ્ચે એ રહેસાય છે. બન્ને સ્થિતિમાં ભીંસ અનુભવતો કૌંચ અંતે તારકાસુરને પરોક્ષપણે કાર્તિકેયની શક્તિનો ખ્યાલ આપે છે અને એને યુધ્ધસ્થળે લઇ જાય છે. પન્નાલાલીય શૈલી એટલે કે: 'પાર્થને કહો ચઢાવે બાણ', 'રામે સીતાને માર્યા જો!' , 'ભીષ્મની બાણ શય્યા' અને 'કૃષ્ણજીવનલીલા' માં નિરૂપાયેલા યુધ્ધ વર્ણનોની શૈલી અહીં અકબંધ રહી છે. પ્રમુખ પાત્રો વચ્ચે સંવાદ બાજી થાય અને દિવ્યાસ્ત્રો સામ-સામે અથડાયા બાદ અંતે કોઇ એક મૃત્યુ પામે એમ કાર્તિકેયના દિવ્યાસ્ત્રોથી તારકાસુરનો વધ થાય છે. ઇન્દ્રાસન અખંડિત રહેતાં ઇન્દ્ર કાર્તિકેયની ખુશામત કરતાં કહે છે કે - 'હે પ્રભુ, આપની સેવામાં કેટલાંક ગાંધર્વો, અપ્સરાઓ તેમ જ સેવકવૃંદ નિર્માણ -' (પૃ ૮, ભાગ-૪) સાંપ્રત તાસીર અહીં પણ સુપેરે ઝિલાઇ છે સત્તા અને ખુરશી પ્રાપ્ત થતાં વૈત પ્રલોભન આપવાનો ઉમળકો જાગી ઊઠે છે પરંતુ કાર્તિકેય ઇન્દ્રથી સવાયો હોય એમ નિર્મોહી રહે છે.

બીજી બાજુ દીર્ઘસમયના તપમાંથી જાગ્રત થઇને શિવ પાર્વતીને મળવા આવ્યા ત્યારે પન્નાલાલે પાર્વતી મુખે નીચેના જીવંત સંવાદ પ્રયોજ્યા છે - 'હજી પણ થોડાંક વર્ષ તપમાં ડુબી રહેવુ હતું ને મહાદેવજી!... ... પહેલાં તો તમે વાંઢા હતા પણ હવે તો ઘેર અર્ધાંગના છે. એનો ખ્યાલતો રાખો જરા'... ... [૨૫]. દરેક પરણેલી સ્ત્રીનો આ બડાપો તો નથી ને! ઉતાવળમાં હોવાથી અને પાર્વતી ને આવતાં વિલંબ થવાથી શિવ પાર્વતીને મળ્યા વિના જતા રહે છે. પાર્વતી શિવને મળી ન શકવાનો દોષ નંદિ પર આરોપીને એને છુટ્ટો કરીને 'પુત્ર ઉત્પન્ન કરે છે.' અહીં પન્નાલાલે 'ગણપતિ' ના જન્મ માટે નો પરિવેશ રચી આપ્યો છે. પાર્વતી ગણપતિને દ્વારપાળ તરીકે નિયુક્ત કરે છે શિવ અને શિવગણોથી અપરિચિત એવો બાળ દ્વાર પર પહેરો ભરે છે એવે ક્ષણે શિવ પાર્વતીને મળવા આવે છે. બાળક શિવને અને શિવગણને ઓળખતો ન હોવાથી શિવને પ્રવેશતાં અટકાવે છે. શિવ બાળકને સમજાવે છે, શિવગણો પણ સમજાવે છે છતાંય માતૃઆજ્ઞાએ બંધાયેલો આ બાળ જબરજસ્તી કરતા શિવ અને એનાં ગણો પર દડુકાનો પ્રહાર કરે છે. અહીં બાળ મુખે પ્રયોજાયેલા સંવાદો અને એનાં બાળ પરાક્રમો ઉપસાવવાનો આશય સ્પષ્ટ દેખાય છે. બાળના આ દુ:સાહસથી ખિન્ન થયેલા શિવ એનું મસ્તક છેદી નાંખે છે આથી પાર્વતી વિલાપ કરે છે અને એમનો ક્રોધાગ્નિ ભભૂકી ઊઠતાં ત્રણેય લોકમાં અગ્નિજવાળાં પથરાઇ જવાથી ત્રાહિમામ્ પોકારતા દવો પાવૃતીને રીઝવે છે અંતે શિવ ગનેશને સજીવન કરે છે. કથાનો વેગ તીવ્ર ઝડપે વધતો હોય એમ ગણેશના લગ્નની વાત, પૃથ્વી પ્રદક્ષિણા, ગણેશે માતા-પિતાની કરેલી પ્રદક્ષિણા ગણેશ રિધ્ધિ-સિધ્ધિને વરે છે એ ઘટનાઓને સર્જકે દ્રશ્યાત્મક રીતે નિરૂપી છે.

૨૫ એજન ભાગ ૪ પૃ ૧૦

માતા-પિતા દ્વારા પોતાને અન્યાય થયો હોય એમ કાર્તિકેયને લાગવાથી અન્યાયનો બદલો લેવા કટિબધ્ધ થાય છે. નારદ સઘળા બનાવો કાર્તિકેયને કહે છે.

શિવના ક્રોધાગ્નિમાં પ્રગટેલો, સાગરપુત્ર જલંધર અતુલ બાહુબળ ધરાવે છે એ વૃંદાના સાનિધ્યમાં પોતાના પિતાને થયેલા અન્યાયનો બદલો લેવાનું વીસરી ગયો હતો. પણ સ્મરણ થતાં વૃંદાની આજ્ઞા લઇને દેવો આગળ પોતાના સામર્થ્યને બતાવવા દૂતને મોકલે છે. તારકાસુરનો વધ થવાથી હવે જલંધરને મારીને સત્તાને જાળવી રાખવા જલંધરે માગેલાં પિતાના અમૂલ્ય રત્નો આપવાનો ઇન્કાર કરીને યુધ્ધના આહ્વાનને સ્વીકારી લે છે. દેવ-દાનવો વચ્ચે ભયાનક યુધ્ધના દશ્યનું આબેહુબ વર્ણન કરી વીરરસને જમાવ્યો છે. દાનવોના પક્ષે શુક્રની સંજીવની વિદ્યા અને દેવપક્ષે ઔષધિ છે. ઔષધિથી સાજા થતા દેવોને જોઇને શુક્રના કહેવાથી દ્રોણ પર્વતને જલંધર સંતાડીને દેવો સામે મુશ્કેલી સર્જે છે. જલંધર સામે ઇન્દ્ર, વિષ્ણુ પણ નમી પડે છે. પાત્રના પરાક્રમોને આલેખીને લેખકે એના આતુલ બાહુબળનો પરિચય કરાવ્યો છે. દેવો પર પોતાનું પ્રભુત્વ જમાવવા પાત્રના રહસ્ય ને લેખકે આમ નિરૂપ્યું છે -

'જલંધરે દેવોને મુનિઓને, સંતોને, સિધ્ધિોને તેમજ નાગલોકોથી માંડીને મનુષ્યોના અધિપતિઓને પોતાના નગરમાં લાવીને નાગરિકો બનાવ્યા હતા. જલંધરના સેવકો પણ આ બધાંની સાથે વિનયથી વર્તતા હતાં.

દેવોએ જોયું તો જલંધર પોતાની પ્રજાને પુત્રની જેમ પાળતો હતો એના રાજ્યમાં દીન દુ:ખી કે દરિદ્રી શોધ્યાં પણ જડતાં ન હતાં જલંધરે દેવોને કહ્યું કે હે અમંગળો તમે જો ઇચ્છતા હોતો તમારા કુટુંગોને મારા આ જલંધર નગરમાં લાવીને વસાવી શકો છો.'[૨૬]

મહાત્મા ગાંધીજીએ સેવેલું 'સુ-રાજ્ય' નું સ્વપ્ન અહીં ફળીભૂત થયું હોય એમ લાગે છે. દેવ અને દાનવો વચ્ચે આરંભકાળથી જ સત્તાની તીવ્ર ખેંચતાણને પરિણામે વિષમ પરિસ્થિતિઓનું નિર્માણ થયું છે અને કરુણ ઇતિહાસ સર્જાયો છે ગાંધીજીની વિચારધારા હેઠળ આવું કોઇ 'કલ્યાણ ગ્રામ' રચાય એવો પન્નાલાલનો શુભ આશય અહીં પ્રગટે છે.

અસુર હોવા છતાંય જલંધર સાચા અર્થમાં પ્રજાપાલક પિતાના જેવો હોવાથી એનાં રાજ્યમાં અનેક લોકો મુકતતાથી અને શાંતિથી રહેતા હોય છે. પન્નાલાલે જલંધરની પ્રતિભાને ઉપસાવવા માટે નારદ અને જલંધરના પાત્રો વચ્ચે સંવાદો પ્રયોજીને જલંધરના રાજ્યની શૌભા, અને રાજ્ય વ્યવસ્થાને વર્ણવી છે. નારદ જલંધરને અધર્મ યુક્ત કાર્ય કરવા પ્રેરે છે. ધર્મમય એવો જલંધર નિર્મોહી શિવને પોતાનો દેદી બનાવવા માંગતો ન હતો. આથી નારદે જલંધરના તપનો ક્ષય કરવા એને પાર્વતી તરફ વાળે છે. અધર્મતા ભરી માંગણીને પરિણામે શિવના ક્રોધનો ભોગ જલંધર બને છે. સર્વેશ્વર એવા શિવ પર દિવ્યાસ્ત્રોનો પ્રયોગ જલંધર કરે છે પણ એ દિવ્યાસ્ત્રો શિવ આગળ તૃણ તોલ બની જાય છે. અસુરી તાકાતોનો પ્રયોગ કરીને શિવને તપ માર્ગે વાળીને જલંધર પાર્વતી આગળ શિવનું રૂપ લઇને જાય છે. પાર્વતીને સંદેહ થવાથી દિવ્યજ્ઞાન વડે નકલી શિવને જાણી જાય છે અને એ જલંધરના મૃત્યુના રહસ્યને સ્ફોટ કરે છે કે વૃંદાના સતીત્વને પરિણામે જલંધર હણાતો

૨૬ એજન. ભાગ.૪ પૃ.૩૮.

ન હતો જો એની પત્નીનું સતીત્વભંગ થાય તો જ એ હણાય એમ છે. લેખકે જલંધર-શિવ વચ્ચેનું યુધ્ધ, ગંધર્વ-કિન્નરોનું સંગીત નૃત્ય, શિવનું ધ્યાનમાં ઊતરવું, જલંધરે ધરેલું શિવરૂપ, પાર્વતીના દેહ લાલિત્ય જોઇને જલંધરે આચરેલું વર્તન, પાર્વતીનો આક્રોશ - આ બધી ઘટનાઓ ક્રમશ: આલેખી કથાને તાદશ્ય કરાવી રસપ્રદ બનાવી છે.

પાર્વતી પાસેથી જલંધરના મૃત્યુનું રહસ્ય પ્રાપ્ત થવાથી વિષ્ણુ અસુરી પ્રકૃતિનો આશ્રય લઇને વૃંદાનો શિયળભંગ કરીને જલંધના મૃત્યુનો માર્ગ સરળ કરી આપે છે. વિષ્ણુ ફરી એક વાર દેવગણ સામે આવેલી વિકટ સમસ્યાને ઊકેલે છે. નવલકથાના શીર્ષકાનુસાર આ કૃતિના પ્રમુખ પાત્ર શિવના વ્યક્તિત્વ, પ્રતિભા અને પ્રભાવને ઉપસાવી આપવામાં પન્નાલાલ સફળ રહ્યાં છે. પરંતુ જલંધર કથામાં શિવનું પાત્ર અસરકારક રીતે ઉઠાવ પામતું નથી. સકળ દેવો અને વિષ્ણુ પણ જલંધરનું આધિપત્ય સ્વીકારી લે છે. આ સંજોગોમાં એક માત્ર શિવ ને શિવા જ અલિપ્ત રહ્યાં હોય છે તેઓ જલંધરનો વધ કરીને ત્રણેય લોકને અસુરી આધિપત્યથી મુક્ત બનાવે છે. આમ, શિવ એક માત્ર સર્વોપરી તરીકે પ્રસ્થાપિત બને છે. જલંધર વધ પછી એના સેનાપતિ શુંભ-નિશુંભ આદ્ય શક્તિ કાલીના હાથે મૃત્યુ પામે છે.

શિવના ક્રોધમાંથી ઉત્પન્ન થયેલા જલંધરમાંથી મુક્ત થતાં ઇન્દ્રની સત્તા સ્થિર થાય છે. લેખકે કથાનકનો વિસ્તાર કરવા માટે ઇન્દ્રના દૂતો ત્રણેય લોકના સમાચારો આપે છે કે: શુક્રાચાર્યને શિવ ગળી ગયા, વિશ્વામિત્ર નામના ક્ષત્રિયે બ્રહ્મઋષિપદ પામવા અઘોર તપ આદર્યું છે. પરશુરામ ક્ષત્રિય રાજાઓનો નાશ કરે છે. ઇન્દ્રાસનમાં આસક્ત એવા ઇન્દ્ર શુક્રાચાર્ય જતાં પરમ આનંદની અનુભૂતિ પામે છે એને વિશ્વામિત્ર કે પરશુરામનો ભય લાગતો નથી. કારણકે તેઓનું ધ્યેય સ્વર્ગનું ન હતું. ઇન્દ્રાસનની ચિંતામાંથી એક ક્ષણ પરમ શાંતિનો આનંદ મેળવતા ઇન્દ્રને સમાચાર મળે છે કે: શુક્રાચાર્ય ફરી પ્રગટયા. ત્યારે એના પગ નીચેની જમીન પણ સરકી ગઇ. પરંતુ એ અસુરી તાકાતને છિન્ન-ભિન્ન કરવા માટે સંજીવની વિદ્યા મેળવવા માટે કચને મોકલે છે. અહીં લેખકે 'કચ-દેવયાની' ની કથાને સંક્ષેપમાં ચાર પ્રકરણમાં આલેખી છે. કચ-દેવયાનીનું કથાનક સ્વયં ઘણા વિસ્તૃત ફલકને આવરી લેતું હોવાને કારણે આ કથા સંક્ષેપ નિરસ બનીને આવે છે.

કથાનકનો એક પ્રવાહ દિતિપુત્રો અને એના વંશજોનો ચાલ્યા કરે છે. તારકાસુરના ત્રણ અઘોર પુત્રો સુવર્ણ, ચાંદી અને લોહનગરનું નિર્માણ કરીને ધર્મમય જીવન જીવે છે. આથી એમનું તપ દિનપ્રતિ દિન વધ્યા કરતું હોવાથી ઇન્દ્રને ઇન્દ્રાસનની ચિંતા થવા લાગે છે. એમાંય નારદ ત્રણેય અસુરોના નગરના ગુણગાન ગાય છે. આથી ઇન્દ્રમાં ઇર્ષા ભાવ જાગ્રત થાય છે. હમેશાં જોવા મળે છે અમે ઇન્દ્રાસન ડોલતું દેખાય ત્યારે ઇન્દ્ર અને દેવગણો બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ પાસે મદદ માટે દોડી જતાં હોય છે. એમ અહીં પણ એજ બને છે. બ્રહ્મા કે વિષ્ણુના હાથે તેઓનો વધ ન હોવાથી દેવગણ શિવ પાસે જાય છે. અહીં પન્નાલાલનું ભાષાકર્મ તપાસીએ-

"શિવે કહ્યું: 'હે પિતામહ, કેવી રીતે આ સંભવી શકે? જે અસૂરો મારી ઉપાસના કરી રહ્યા છે, એમનો સંહાર હું જ પોતે કેવી રીતે કરી શકું? એમનો આરાધ્ય થઇને હું જ પોતે કેવી રીતે મારા ભક્તોનો કૃતઘ્ની થઇ શકું? સત્તપુરુષોએ ચોર માટે, હત્યા કરનાર માટે, વ્રત ભંગ

કરનાર માટે તેમજ અસત્ય બોલનાર માટે પ્રાયશ્ચિત કરેલાં છે. પણ કૃતઘ્ની માટે પ્રાયશ્ચિત છે જ નહિ. હે પ્રભુ, તમને જ હું પ્રશ્ન કરું છું : મારા આ ભક્તો પ્રત્યે શિવનો હાથ આશિષ રૂપે હોય કે સંહાર રીતે? હસીને ઉમેર્યું: જ્યાં સુધી અસૂરોએ ભગવાનની ઉપેક્ષા કરી નથી ત્યાં સુધી એમેન હું કેવી રીતે હણી શકું?

ઇન્દ્ર સહિત દેવોનાં મોં પડી ગયાં.

મહાદેવ ! વાત પામી ગયા. એમણે કહ્યું: 'હે તાત, દેવો તથા મુનિઓ સહિત તમારે ભગવાન વિષ્ણુના શરણે જવું ઘટે છે.'

એમની પાછળ દેવો તથા મુનિઓ પણ ભાંગેલા પગે જવા લાગ્યા."[૨૭] વિષ્ણુ અરિહન્‌ને પ્રગટાવી ત્રિપુરોની અક્ષયકીર્તિનો ક્ષય કરવાનું કાર્ય સોંપે છે. પન્નાલાલ પટેલે પૌરાણિક કથાવસ્તુમાં ગાંધીવિચારોને સમર્થતાથી આમ ગૂંથી લીધા હોય એમ લાગે છે.

"- દરેક પ્રાણીમાં આહાર, મૈથુન, નિંદ્રા અને ભય એક સરખાં જ પ્રવર્તે છે તો પછી આ વર્ણાશ્રમના ભેદ કોણે ઊભા કર્યા? શા માટે એ ઊભા કર્યા? માણસની પ્રકૃતિ બે એક સરખી જ છે તો પછી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર શા માટે?" હે સૃહ્યો, એ સાધુ એ આ સવાલનું નિરાકરણ પણ લોક સમક્ષ ટૂંકમાં અને વિશદ રીતે કરી આપ્યું. એને કહ્યું: 'કારણ કે ઊંચનીચનો ભેદ પાડનાર વ્યક્તિઓ પોતે સ્વાર્થી છે ને અહંકારથી પ્રેરાયેલી છે.'[૨૮]

વર્ણભેદ, જાતિભેદ, અસ્પૃશ્યતા ભેદના પ્રશ્નોને અહીં ગૂંથીને ગાંધી વિચારધારાને વેગ આપવાનો લેખકનો સભાન પ્રયત્ન લાગે છે. અંગ્રેજોએ ભારતદેશને સ્વતંત્રતાતો આપી પરંતુ દેશમાં કોમી રમખાણો કરાવીને દેશને અધોગતિ તરફ સરકાવી દીધું. પરિણામ રૂપે દેશના ભાગલા થયા. દેશભરમાં કોમી રમખાણોના ભોગ બનીને પોતાના પ્રાણ ગુમાવ્યા. એમાં જ ગાધીજીનું ગોડસેના હાથે મૃત્યુ થયું હતું. અહીં કોમી એકતા તરફ અંગૂલિનિર્દેશ કર્યા છે. અરિહન્‌ના વિચારોમાં ગાંધીવિચારોને અભિવ્યક્ત કરીને અરિહન્‌ના દેખાવને આમ વર્ણવીને ગાંધીજીના ચિત્રને આપવાનો પ્રયત્ન કર્યો છે.

"- પણ એ ભગવાન મેન એકાંગી લાગે છે. દુનિયા સાથે એમને કશી લેવાદેવા લાગતી નથી. જ્યારે આ યતિ તો લોકના અર્થે જીવી રહ્યો છે. એક જ વસ્ત્ર પહેરવું ને પગની અંદર પાવડી સુધ્ધાં ન રાખવી. આ યતિ તો મારા જેવો મૂડિયો જ છે. આ સંસારમાં એને કંઇ જ જોઇતું નથી. - સિવાય કે લોકનું કલ્યાણ બ્રહ્માની કે વિષ્ણુની પેઠે નથી વાહન જોઇતું, નથી આભૂષણો જોઇતા, કંઇ કહેતાં કંઇ જ જોઇતું નથી. આ તો માત્ર એટલું જ ઇચ્છે છે કે લોકો વર્ણોના ભેદભાવમાંથી મુક્ત થાય ને દેવોથી ડરવાનું છોડી દે... '[૨૯]

ત્રિપુરોને યતિમાં અનન્ય વિશ્વાસ હોવાથી એ એને માર્ગે અનુસરતાં પોતાની અક્ષયકીર્તિનો ક્ષય કરાવે છે. અક્ષયતેજથી વિમુખ બનેલા ત્રિપુરાના વધ માટે શિવ પાશુપતાસ્ત્રનું નિર્માન કરે

---

૨૭. એજન ભાગ.૪. પૃ.૨૨૭

૨૮ એજન ભાગ ૪ પૃ ૨૩૮

૨૯. એજન ભાગ.૪. પૃ.૨૩૯

છે. ત્રિપુરાના વરદાન અનુસાર પૂલ્ડશર્વત નક્ષત્રના સમયે ત્રણેય નગરો એક સાથે ભેગાં થાય છે એ ક્ષણે રુદ્ર ત્રીજા લોચનથી ત્રણેય નગરોને નિમિષમાત્રમાં ભસ્મ બનાવી દે છે.

હમેશા ઇન્દ્રાસનને બચાવવાના પ્રયાસમાં રઘવાયો કે મૂંઝવણ ભર્યો રહેતો ઇન્દ્ર હવે વિરોચનનાં તપનો ભય પ્રવર્તતા પ્રપંચથી બ્રાહ્મણવેશ ધારન કરી ધર્મજ્ઞ વિરોચનનું શિશ માંગીને સત્તાને આડે આવતા શત્રુને દાબી દેવાનો પ્રયત્ન કરે છે. ઇન્દ્ર સહિત છ દેવોએ બ્રાહ્મણનો વેશ ધરીને છડકપટનો આશ્રય લઇને વિરોચનનો કાંટો કાઢી નાંખે છે. અસૂર ગુરૂને આ ઘટનાની જાણ થતાં એ વિરોચનપુત્ર બલિનો રાજ્યાભિષેક કરાવે છે. અહીં અગત્સય અને લોપામૃદ્રા સાથે લગ્ન કરે છે. અહીં પ્રેતાત્મા જંગતમાં વિહરતા લોકોને તપણાર્થે તેઓ લોપામૃદ્રા સાથે લગ્ન કરે છે અહીં પ્રેતાત્મા ને અગત્સ્ય વચ્ચેના સંવાદો, રાજા અને અગત્સ્યનો પ્રસંગ, લોપામૃદ્રાની સાથેના લગ્ન અને લગ્નપછીની ઘટનાોનું આલેખન કરીને અગત્સ્ય અને લોપામૃદ્રાની કથાને રસપ્રદ રીતે નિરૂપી છે. લોપામૃદ્રાને સંસારરસમાં લાવવા માટે અગત્સ્યને ધનની જરૂરત ઊભી થવાથી ઇન્દ્ર અગત્સ્યને મદદ કરે છે. સાચ્ચા અર્થમાં ઇન્દ્ર અગત્સ્યને નહીં પરંતુ પોતાના ઇન્દ્રાસનને જળવી રાખવા જ મદદ કરે છે.

ધર્મજ્ઞ પિતાનો ધર્મજ્ઞ પુત્ર બલિ પણ તપેશરી છે દેવો તરફ અસૂરોને વારંવાર થતા અન્યાયનો પ્રતિશોધ લેવા માટે શુક્રાચાર્ય બલિપાસે 'વિશ્વજિત' નામક અદ્વિતીય યજ્ઞ કરાવીને દિવ્યાસ્ત્રો અને આયુધો પ્રાપ્ત કરાવીને એને શક્તિ શાળી બનાવવા માંગે છે. પન્નાલાલે અહી સંપૂર્ણ યજ્ઞનું વર્ણન આપ્યું છે. 'રામે સીતાને માર્યાજા!' નવલકથામાં મેઘનાદ યજ્ઞ કરીને દિવ્યરથ અને દિવ્યાસ્ત્રો પ્રાપ્ત કરે છે એ જ પ્રકારનો યજ્ઞ અહીં કરાવવામાં આવ્યો છે. અભિવ્યક્તિમાં ખાસ્સી પુનરુક્તિ જોવા મળે છે. તપથી અને શક્તિથી બળવાન થયેલા બલિને શુક્રાચાર્ય દેવો સાથે યુધ્ધ કરવાનો આદેશ આપે છે. દેવ-દાનવો વચ્ચે દિવ્યાસ્ત્રોનું ઘમસાણ યુધ્ધ ચાલે છે. પન્નાલાલે 'શિખર, વાઘવ્યાસ્ત્ર, જંબુકાસ્ત્ર, ત્વષ્ટાસ્ત્ર, શતવક્ત્રાસ્ત્ર, પરાઙ્મુખ- ' વગેરે અસ્ત્રોના પ્રયોગનુમ વર્ણન કરીને યુધ્ધનું વાતાવરણ સર્જી આપ્યું છે. બલિ સામે દિવ્યાસ્ત્રો નિષ્ફળ જતાં જોઇને ઇન્દ્ર યુધ્ધને સંકેલી લે છે. અસુરપાતિ બલિરાજ ત્રણેયલોકનો સ્વામી બની બેસતાં ઇન્દ્રના ઇન્દ્રાસનને ઉગારવા માટે વિષ્ણુ 'વામનઅવતાર' ધારણ કરીને બલિરાજના યજ્ઞમાં જાય છે. સર્જકે વામન અવતારનું નખશિખ ચિત્ર આમ વર્ણવ્યું છે.

'મુંજ ઘાસના કંદોરા પર લંગોટી શરીર ઉપર વીજળી પેઠે ચમકી રહેલી જનોઇ, ઊભી જટા બાંધેલીને જટા ઉપર રુદ્રાક્ષની માળાઓ વીંટેલી, કાંડા તથા બાવડા ઉપર પણ બેરખા બાંધ્યા હતા. એક હાથમાં દંડ હતો બીજા હાથમાં કમંડલુ હતું. આખાય મંડપને પી જતો હોય એ રીતે ચારે બાજુ જોતો હતો ને પોતાના તેજથી માર્ગ મોકળો કરતો દઢ પગલે ભૂમિને ચાંપતો એકલદંડી આવતો હતો.'[30] દિવ્યતેજ અને પ્રતિભા સંપન્ન લાગતા વામનરૂપ બ્રાહ્મણનું ઉમળકાભેર સ્વાગત કરીને બલિ યજ્ઞ સ્થળે લઇ આવે છે. બલિએ વામનનું પૂજન કર્યું અને તેઓ માગે તે પોતે આપશે એવી તત્પરતા દાખવી શુક્રમુનિ વામનરૂપે રહેલા વિષ્ણુને ઓળખી જાય છે આથી એ બલિને સતર્ક

30 એજન. ભાગ ૪. પૃ ૫૯

કરીને દેવોએ રચેલા પ્રપંચમાંથી ઉગારવાનો પ્રયત્ન કરે છે. સઘળું પામી જવા છતાં ધર્મના માર્ગેથી પાછા વળવાનું બલિને સ્વીકાર્ય ન હોવાથી એ વામનને ત્રણ પગલાં ભરવાનું કહે છે અને વામન વિરાટરૂપ ધરીને ત્રણેય લોક ત્રણ ડગલામાં લઇને બલિને પાતાળલોકમાં મોકલી આપીને ઇન્દ્રની સત્તાને અવરોધરૂપ બલિના કાંટાને દૂર કરે છે. બલિના યજ્ઞનું લેખકે કરેલું ચિત્રાત્મક વર્ણન નોંધપાત્ર છે.

"શુક્રાચાર્યને રાજા ઉપર ક્રોધ ચડ્યો. એમણે કહ્યું: 'અરે ઓ મૂઢ, તું મોટો પંડિતની જેમ વાત કરે છે પણ સામા પક્ષે કપટ ખેલાતું હોય એ પણ તારે જોવું જઇએ કે નહિ? હે હઠિલા ઉદારચરિત અસૂર શાસ્ત્રોમાં પણ સંકટના સમયે અસત્ બોલવાની છૂટ આપવામાં આવેલી છે. વળી આ બટુકની માંગણી જ રહસ્યમય વાણીથી ભરેલી છે. માટે તારે એને કંઇ પણ ન આપવું! હે રાજા, તમને આ બટુક સાવ ભિખારી કરી નાંખશે. અને વળી નરકમાં જવા જેવી તારી સ્થિતિ કરી મૂકશે. તું એને ઓળખતો નથી. કહી દે ના. કહી દે કે મને તમે દાન આપવા જેવા લાગતા નથી.

બલિરાજાના ગળે આજે ગુરૂની વાત તલભાર પણ ઊતરતી ન હતી. એણે કહ્યું: 'ભગવાન, એમ હશે તો પણ શું! મારા પિતાએ ભિક્ષુક બ્રાહ્મણ બનીને આવેલા ઇન્દ્રને શીશ ઉતારી જ આપ્યું હતું ને? ક્ષણેક થંભી સ્વગતની જેમ વળી કહ્યું: 'તો હું પણ વિરોચનનો પુત્ર જ છું! અને વળી વિષ્ણુ જેવા આ સૃષ્ટિનો કર્તા ભર્તાને હતો એવો ભગવાન પોતે જ જો છળ કરીને મારું સર્વસ્વ હરી લેશે તો પણ શું? ઊલટાનો હું આ અવની પર ધન્ય ધન્ય બની રહીશ.' આ વખતે બલિરાજાના મોં ઉપર સાચે સાચ જ ધન્યતા નો ભાવ ઝગી રહેલો લાગતો હતો."[૩૧]

આ સંવાદથી બલિનું વ્યક્તિત્વ વધુ ઓજસવંતુ લાગે છે. રાજા સામે નગ્ન સત્ય હોવા છતાંય પોતાના માર્ગમાંથી ન ફરવાનો અડગ નિશ્ચય અને મૃત્યુને પન સહજતાથી સ્વીકારી લેવાની એની તત્પરતા અનન્ય કરી શકાય એમ છે.

સત્તા આડે આવતા બલિરૂપ અવરોધ દૂર થતાં સ્વર્ગમાં ગંગાનું પ્રાગટય થાય છે. બલિનો કથાના અંતમાં ગંગાના જન્મનો અંકોડો મૂકીને પન્નાલાલે 'સગર' રાજાની કથાનું આલેખન કર્યું છે. મૂળકથાના પ્રવાહની સાથે આ આડકથા કૃતિનો વિશાળ પટ આવરી લે છે. સગરે મહાયજ્ઞ કર્યો હતો અને એનો યજ્ઞાશ્વ ગૂમ થઇ જતાં એના સાઢ હજારપુત્રો શોધખોળ કરતાં પાતાળલોકમાં ચ્યવનઋષિના ક્રોધથી ભસ્મ બની ગયા. અશુંમન પોતાના વડવાઓના તર્પનાર્થે પાણીની શોધખોળ કરવા લાગ્યો પણ પાણી મળતું નથી આથી ગરુડના કહેવાથી અશ્વમેધ પૂર્ણ કરાવીને ઋષિઓ પાસે વડવાઓનાં ઉધ્ધારનું રહસ્ય પુછે છે. ઋષિઓના કહેવાથી ગંગાનું પૃથ્વીપર આગમન થાય અને પોતાના પિતૃ ઓને તર્પણ મળે એ અર્થે અંશુમાન તપ કરે છે ને અંશુમાનના તપનું તેજ વધવાથી ઇન્દ્રને એની સત્તા ડોલતી દેખાય છે. આથી એ ગંગા ને માનવલોક વિરુધ્ધ ઉશ્કેરે છે. અંતે તપશ્ચર્યા કરતા કરતાં જ અંશુમાન મૃત્યુ પામે છે.

દેવી દેવતાઓ અને અપ્સરાઓની જેમ વિહરવા આવેલી ગંગા જહનુ ઋષિના પરિચયમાં આવતાં એનાં વ્યક્તિત્વ પ્રતિભાથી અંજાઇને એના પ્રત્યે અનન્ય આકર્ષણ અનુભવે છે સર્જકે

૩૧ એજન ભાગ.૫ પૃ.૬૫

ગંગાના પાત્રને જહ્નુની નીકટ લાવવાને અર્થે ફ્લેશબેકના માધ્યમ વડે પુરુરવા અને મેનકાની ઉત્તરકથાનું આલેખન કર્યું છે. પુરુરવા અને મેનકાનું પુન. મિલન, મેનકા પુત્રને સોંપવા આવે છે અને પુરુરવા સદેહે સ્વર્ગે જાય છે આ ઘટનાઓ વર્ણવીને પન્નાલાલે ગંગા અને જહ્નુ વચ્ચે પ્રણય સંબંધ સંભવી શકે એના સંકેતો સમર્થ રીતે કર્યા છે પાર્થિવ અને અપાર્થિવ વચ્ચે પ્રણય સંબંધ શક્ય નથી. જહ્નુના સાંનિધ્યમાં પૂર્ણપણે ખિલેલી ગંગા એને આલિંગન આપીને પોતાના પ્રેમની અભિવ્યક્તિ કરે છે. અહીં પાત્રો વચ્ચે થતાં સંવાદોમાંથી પ્રગટતું ભાવજગત હૃદયસ્પર્શી બની જાય છે. પોતાના પ્રણયને મુકતતાથી કહી દેતી ગંગાનો જહ્નુ તિરસ્કાર કતી દે છે. જહ્નુતો મહત્વાકાંક્ષી રાજર્ષિ છે. એને તો સદેહે દેવોને પૃથ્વી પર લાવવા છે અને એ પણ 'પ્રેમ, ભક્તિ અને સમર્પણ' થી. અહીં ગાંધીજીના વિચારો વણાઇ ગયાની છાપ સ્પષ્ટપણે દેખાઇ આવે છે... પન્નાલાલના ચિત્તમાં કદાચ સ્વર્ગને પૃથ્વી પર નહીં પરંતુ પૃથ્વીને સ્વર્ગ એટલે કે: ગાંધીજી ઇચ્છતા હતા એવું 'સુરાજ્ય' હશે એવી વાચકને પ્રતીતિ થાય છે. પોતાની અવગણના થવાથી ગંગાને જહ્નુ જ નહીં સકળ માનવ સમુદાય પરત્વે ઇર્ષાભાવ બંધાઇ જવાથી એ યુવનાશ્વને અઘટિત જવાબદારી આપે છે. ઋષિનું અસહ્ય અપમાન થવાથી એણે ગંગાને શાપ આપ્યો પરિણામ રૂપે ગંગાએ કાવેરી બનીને જહ્નુ સાથે લગ્ન કર્યા છતાંય એના હૃદયમાં જહ્નુ પ્રત્યેનો ઇર્ષાભાવ નષ્ટ થયો નહી.

પન્નાલાલે શાંત ચિત્તે ગંગા કથાનું આલેખન કરીને અંતે કથાના મૂળ પ્રવાહ સાથે જોડી આપ્યો છે. ગંગાને ઇન્દ્રે ઉશ્કેરી હતી. એના અંગત જીવનમાં બનેલી અઘટિત ઘટનાને કારને એ પૃથ્વી લોકને અવગણતી હોય તો સ્વાભાવિક છે કે પૃથ્વી પર એનું અવતરણ શક્ય ન બને. ગંગા નું અવતરણ પૃથ્વી પર થાય તો ઇન્દ્રને એની સત્તાનો ભય ઉદ્ભવે એ ઘરાર સત્ય હતું એમ ઇન્દ્ર માને છે કથામાં આવતી આડકથાઓ રસપ્રવાહને અવરોધતી નથી પણ રસપૃષ્ટિ માટે જાણે અનિવાર્ય બની રહે છે. વિશાળપટમાં એટલે કે પ્રકરણ નવથી પ્રકરણ ઓગણીસ સુધીનો ફ્લક ગંગાના પૂર્વજીવનનો પટ રોકે છે. એમાં 'અછડતી મુલાકાત' અને 'પ્રેમવશ ગંગા' આ બે પ્રકરણમાં પન્નાલાલની લેખિનીએ હૃદયસ્પર્શી પ્રસંગોને સારો એવો ઉઠાવ આપ્યો છે.

ગંગાના અવતરણ માટે રાજા દિલીપ તપશ્ચર્યા દરમિયાન મૃત્યુ પામવાથી ભગીરથ તપમાં બેસે છે. તપનાં પ્રભાવથી બ્રહ્મા વચન આપે છે અને ગંગા અનિચ્છાએ પોતાનો બાર કોઇ સહન કરે તો એ અવતરણ કરે એમ જણાવે છે ભગીરથ શિવને પ્રસન્ન કરીને ગંગાના ભારને સહન કરવાની વિનંતી કરે છે. જહ્નુ પ્રત્યના તિરસ્કારને લીધે પ્રચંડવેગથી પૃથ્વી પર પડેલી ગંગાને શિવ પોતાની જટામાં જ સમાવી ને એના ગર્વનો નાશ કરે છે. શિવના આ કાર્યને અભિનંદનો શ્લોક પન્નાલાલે એમની પરંપરા પ્રમાણે નિરૂપિત કર્યો છ. ગંગાના ઘસમસતા પાણીના પ્રચંડ પ્રવાહના વેગને ચિત્રાત્મક તાદશ્ય કરાવી આપતું વર્ણન આમ આલેખ્યું છે.

'ગંગા એટલે આ પહેલાંની પૃથ્વીભરની સરિતાઓમાં સહેજે મહારાણીના સ્થાને આવતી હતી. જેવો એનો વેગ હતો એવી જ એ વિશાળ હતી, માર્ગમાં આવતા વનોને એણે આડે સાથરે કરવા માંડયાં. ડુંગરો તોડવા માંડયા... ...

ને પાધર ભૂમિ આવતી ત્યારે રમતી ભમતી કિલ્લોલ કરતી આગળ ને આગળ વધતી હતી.'[૩૨]

૩૨ એજન. ભાગ.૫. પૃ.૧૮૫

ગંગાનું પૃથ્વીપરનું અવતરણ ઇન્દ્રને મૂંઝવણમાં નાંખી દે છે. પોતાને પણ પૃથ્વી પર અવતરવું પડે એવો સંદેહ ઉત્પન્ન થાય છે. લેખકે પાત્રના ચિત્તમાં શંકાનું બીજ રોપીને ઉત્તરકથાઓ માટેની પૂર્વ ભૂમિકા રચી આપી છે. બીજી બાજુ સુંદ-ઉપસુંદ નામના હિરણ્યકશિપુ વંશજ પ્રપૌત્રો એ ઇન્દ્રને પરાસ્ત કર્યા અને મહિષાસુરે પાડાનું રૂપ લઇ સ્વર્ગમાં આતંક મચાવી દીધો. હાવે ઇન્દ્ર માટે કોઇપણ સુંદ-ઉપસુંદને હરાવવા અનિવાર્ય થઇ પડતાં ભાગીરથ પુત્ર "શ્રુત" પાસે જવું પડે છે સ્વર્ગપતિ ઇન્દ્રને માનવરાજ પાસે યાચવા જવું અપમાનજનક લાગતું હોવા છતાંય એના અવની પર જવું પડે છે અને શ્રુતનો 'પોઠી' બનવું પડે છે. પન્નાલાલે એમની અસંખ્ય પૌરાણિક નવલકથાઓમાં નિરૂપેલા યુધ્ધવર્ણનોના બીબાનો અહીં પણ ઉપયોગ કર્ય સુંદ-ઉપસુંદ અને શ્રુતના યુધ્ધવર્ણનમાં પૌરાણિકકાળના અસ્ત્ર-શસ્ત્રોનો વિશિષ્ઠ વિનિયોગ અને પાત્રો વચ્ચે સામ સામે પ્રયોજાયેલા ચબારકીયા અને અર્થસભર તેજસ્વી સંવાદોથી વીરરસને ઉપસાવીને પાત્રોનો પરાક્રમને લેખકે પ્રગટાવી આપ્યાં છે.

ઇન્દ્રે પોતાને નહીં પરંતુ પોતાના ઇન્દ્રાસનને બચાવવા માટે જ મૈથુની સૃષ્ટિના પૃથ્વીલોકના સામાન્ય માનવ પાસે રક્ષણની સહાય માંગવા જવું પડે છે અને એ સામાન્ય માનવના પોઠી બનતાં ખચકાટ અનુભવતો નથી. એક માત્ર સ્વર્ગ શાસનને ટકાવી રાખવાનો ઉદ્દેશ ઇન્દ્રને કેવી વિચિત્ર પરિસ્થિતિમાં લઇ જાય છે એના માનસિક આઘાતના ભાવ તે સર્જકે આમ નિરૂપ્યો છે.

"પોતાની જાતનો તિરસ્કાર કરતો ઇન્દ્ર મનોમન વળી કહેવા લાગ્યો: 'રે અબુધ! તું બળદ ન થયો હોત ને એક વાર સ્વીકારી લે કે સુંદ- ઉપસુંદે તને પરાસ્ત કર્યો હોત તો પણ એથી થઇને થવાનું શું હતું? પૃથ્વીનું લોક થોડાક સમય એમ માની લેત કે ઇન્દ્રમાં કશું જ સામર્થ્ય નથી તો પણ શું? જ્યારે અહીં તો તેં બળદનું રૂપ લઇને તેં મનુષ્યનું વહન બનીને આ સૃષ્ટિમાં કાયમ ખાતે તારું નાક - અરે સમસ્ત દેવગણનું નાક કાપી નાખ્યું છે! ધિક્કાર છે, ધિક્કાર છે તારા ઇન્દ્રપણાને ને-"[33]

ઇન્દ્ર સત્તાની આડે આવતા અવરોધક અસુરોને બ્રહ્મા, વિષ્ણુ અને માનવરાજ સરલતાથી મૃત્યુની સેજમાં સુવડાવી દે છે એમ મહિષાસુરનો વધ 'દુર્ગા' કરી નાંખે છે.

વિશ્વામિત્ર મહિષીપદ પ્રાપ્ત કરે છે અને પરશુરામ પિતાની આજ્ઞાથી માતાનો વધ કરે છે. પન્નાલાલે આ કથાઓનો આછેરો લસરકો આપીને સુંદ-ઉપસુંદ કથા તરફ વળી જાય છે આ બન્ને અસુરોએ અઘોર તપ કરીને બ્રહ્માંડને ડોલાવીને વરદાન મેળવ્યું કે: અમે બન્ને ભાઇઓ એકબીજાથી હણાઇએ તો જ મૃત્યુ પામીએ. આ બે અસુરોને મહાત કરીને ઇન્દ્રાસનને સુરક્ષિત કરવાને અર્થે ઇન્દ્ર કિમીયાગરનું રૂપ ધરીને બન્ને ભાઇઓને અતિ અદભૂત એવી એક જ હોય એવી દિવ્યવસ્તુઓને બતાવીને એમના વચ્ચે વૈમનસ્ય સર્જવાનો પ્રયાસ કરે છે. એક વસ્તુને પરિણામે ભાઇઓમાં વૈમનસ્ય ઉત્પન્ન ન થાય એટલે તેઓ દિવ્યવસ્તુનો ત્યાગ કરે છે. અહી આ ઘટના નિમિત્તે બન્ને ભાઇ વચ્ચેનો અતૂટ સ્નેહને મૃત કરાવીને 'તિલોત્તમા' ની કથાનું બીજારોપણ કર્યું છે. બ્રહ્માના આદેશથી વિશ્વકર્મા તિલોત્તમાનું સર્જન કરીને એને સુંદ-ઉપસુંદના મૃત્યુ અર્થે પ્રયોજે છે.

---

33 એજન ભાગ ૫ પૃ ૨૮૪

અતિ સ્વરૂપવાન તિલોત્તમાથી પ્રભાવિત થયેલા આ બન્ને અસૂરો ભાન ભૂલીને પોતાનો હક્ક જમાવવા મહાયુધ્ધ ચઢે છે ને બન્ને મૃત્યુને વરે છે. નારી સૌંદર્યના વર્ણનનો જ્યારે અવકાશ પ્રાપ્ત થયો છે ત્યાં આગળ લેખકે સ્ત્રીના સૌંદર્યનું વણર્ન કર્યું છે. એવું જ અહીં તિલોત્તમાનુમ વર્ણન આમ થયું છે.

'દેવોના સ્થપતિએ તિલોત્તમાની અલબેલી આ દેહછટામાં ઊંચી નમણી ઉર્વશીની પ્રમત એવી દેહાકૃતિ નિરૂપી છે. તો ઉત્તંગ તેમ જ પૃષ્ટ એવા આ બે ગોલકો એણે મેનકાના ચોરી લીધેલા લાગે છે. વળી પૂર્ણિમાના ચંદ્ર જેવું તસતસતું જે આ ઉદર છે એ આ સ્થપતિ એ વિશ્વથી કલ્પ્યું છે ને કેળના થંભને ભૂલવે એવી તિલોત્તમાની આ જે મહાલોભામણી જંઘો છે એ તો એણે મસ્તી ભરી રંભાની જ પાયરી તિલોત્તમમાં ગોઠવેલી છે.'[૩૪]

ઇન્દ્રાસનનો માર્ગમાં આવતાં અસુરોનો વધ થવાથી ઇન્દ્ર તેમજ દેવો આનંદ મનાવતાં હોય છે ને ત્રણે લોકના સમાચાર સાંભળે છે. અહીં 'મરુત' ની કથાનું બીજ મૂકી અપાયું છે. અસૂરલોક કે પાતાળલોકનો ઇન્દ્રને ભય ન હતો પરંતુ ધર્મજ્ઞ એવા 'મરુત' રાજાએ મહાયજ્ઞ કરવાનો નિશ્ચય કર્યો આથી ઇન્દ્રને મરુતના વધતા જતા તપનો ભય લાગવા માંડે છે. સત્તાને ટકાવી રાખવા ઇન્દ્ર જુઠાણું, પ્રપંચ, ધાક-ધમકી વગેરેનો ઉપયોગ કરે છે. બૃહસ્પતિને યજ્ઞ કરવાની 'ના' પાડે છે. આથી મરુત માટે યજ્ઞ કરવો અસંભવ બની જાય છે. પરંતુ નારદનું આગમન માર્ગને સરળ બનાવવામાં મદદ કરે છે. નારદના કથન મુજબ મરુત સમવર્તને મળીને રીઝવીને પોતાના ગુરૂ બનાવીને યજ્ઞનો આરંભ કરે છે. ઇન્દ્ર માટે આ સમાચાર આઘાતજનક હોય એ સ્વાભાવિક હતું એ આ આવનારી આપત્તિને નિવારવા કોઇપણ હદે જવા તત્પર થાય છે એમ અહીં અગ્નિ અને ગંધર્વ દ્વારા મરુતને પ્રલોભન અને ધાક-ધમકીઓ અપાય છે. પરંતુ ગુરૂ માનીને એમને અનુસરવાનો મક્કમ નિર્ધાર કરેલો હોવાને કારણે મરુત એક નો બે નથી બનતો. એમાં એને ગુરૂનો આશ્રય મળે છે. પરિણામે મરુતને મારીને અથવા તો યજ્ઞ અટકાવીને એના પુણ્યને અટકાવવાની કારિકા ઇન્દ્રની પાસે જ રહી જાય છે અને સકળ દેવો સમક્ષ યજ્ઞપૂર્ણ કરે છે.

મહાયજ્ઞનો મક્કમ નિર્ધાર કરતો અને બૃહસ્પતિ પાસેથી નિરાશ બનીને આવતો મરુત, ઇન્દ્ર બૃહસ્પતિ પાસે યજ્ઞ ન કરાવવાનું વચન મેળવે છે, નારદ મરુતને માર્ગ ચિંધે છે, સંવર્ત અને મરુત મિલન પ્રસંગ, બૃહસ્પતિનો ક્રોધ, ઇન્દ્રની પ્રપંચલીલા વગેરે પ્રસંગોના વિશદતાપૂવર્ક થયેલા નિરૂપણથી કથા પ્રાણસભર બની જાય છે. દરેક ઘટનાઓમાં આવતાં અનેક પાત્રો પોતાના કર્યા, વાણી અને વર્તન દ્વારા આગું વ્યક્તિત્વ છાપણ કરે છે. અહીં સંવર્તનું પાત્ર ધ્યાનખેંચે એવું જીવંત લાગે આગવું છે.

મરુતનો ભય ટળે એ પહેલાં ઇન્દ્ર સામે વિશ્વામિત્રનો ભય ઊભો રહે છે. સર્જકે કથાને નવો વહેણ આપીને વિશ્વામિત્ર ને મેનકાની કથાનું આલેખન કર્યું છે. વિશ્વામિત્ર ને મેનકા જીવનમાં બનેલી ઘટનાઓને નિરૂપીને પન્નલાલે કથાના પ્રવાહને ભરતના જન્મ સુધી લઇ ગયા છે પ્રણયના કથા પ્રસંગોને નિરૂપવામાં અનેરી હથોટી ધરાવતા પન્નાલાલની કલમે વિશ્વામિત્ર સમુદ્રસ્નાન

૩૪ એજન. ભાગ.૫ પૃ. ૧૯૮.

પૂર્વે આવતી મેનકા સીધી રીતે નહી પરંતુ પરોક્ષ પણે વિશ્વામિત્રને પોતાના તરફ આકર્ષવાનો પ્રયાસ કરે છે. થોડાંક સમય તો વિશ્વામિત્ર કોઇક આશ્રમનિવાસી માને છે. રોજની મુલાકાતો થવાથી વિશ્વામિત્રના ચિત્તમાં મેનકા પ્રત્યે પ્રણયભાવ જાગ્રત થાય છે. સમુદ્રના કિનારે થયેલી મિલન-મુલાકાતોને લેખકે આશ્રમ સુધી અને અંતે અકમેકની અતિ નિકટ લાવીને એમના પ્રણય પુષ્પને ખીલવ્યું છે. વિશ્વામિત્રને મેનકાના મોહપાસમાં જકળાયેલા જોઇને એમનાં શિષ્યો આશ્રમ ત્યજી ચે છે. દીઘકાળ સુધી વિશ્વામિત્ર મેનકામાં ખોવાયેલા હોવા છતાં ગુરૂને કોઇ સંકેત કરતા ન હતા. પરંતુ અન્ય અપ્સરાનું આગમન કથાના પ્રવાહને વળાંક આપે છે. મેનકાના રૂપાળા મોહપાસમાંથી છુટામ થયા પછી વિશ્વામિત્રે શિષ્યને પૂછયું ત્યારે જ એમને આત્મજ્ઞાન થયું. એનું વર્ણન સર્જકે આમ કર્યું છે.

"ક્રોધભરી નજર સાથે એમની કોક શિલ્પ તરફ ફરે ન ફરે ને અંતરમાંથી જાણે કે અવાજ ઊઠયો: 'અરે એ વિશ્વામિત્ર! શું કરે છે? આ કઇ તારો શિષ્ય નથી બોલતો; સત્ય બોલી રહ્યું છે! તું તારો રહ્યો નથી! તું જ પોતે ખોવાઇ ગયો છે!- '"[૩૫] દશવર્ષના દિર્ઘકાળનો સમય મેનકામાં ગુમાવ્યાનું દુ:ખ વિશ્વામિત્રને ફરી વળ્યું એથી તેઓ મેનકાનો ત્યાગ કરીને ફરી તપારૂઢ બને છે.

પન્નાલાલ વિશ્વામિત્ર અને મેનકાના જીવનની ઘટનાઓનું આલેખન કરીને ઝડપપૂર્વક કથાને આગળ લઇ જાય છે અને દુષ્યંત ને શકુંતલાની કથાનું આલેખન કરે છે. મેનકા સગર્ભા હોવાથી પોતાના ગર્ભને પૃથ્વીપર છોડીને જાય છે. એ ગર્ભમાંથી બાળકી જન્મે છે. કણ્વઋષિ બાળકીને પોતાના આશ્રમમાં ઉછેરે છે. યૌવનમાં પ્રવેશેલી શકુંતલા અને દુષ્યંત વચ્ચે સ્નેહ જન્મતા એ ગંધર્વવિધિથી લગ્ન કરેને કામાગ્નિની તૃપ્તિ કરે છે. મેનકા સગર્ભા બને છે અને દુષ્યંતથી શકુંતલા સગર્ભા બને છે. યથા સમયે એ પુત્રને જન્મ આપે છે. શકુંતલા અને ઋષિ દુષ્યંતના આગમનની પ્રતીક્ષા કરે છે. દુષ્યંત સામે તો અવઢવ ઉત્પન્ન થાય છે. લેખકે પાત્રના આંતર સંઘર્ષને આલેખીને કથાને રસ સભર બનાવે છે. એનું વર્ણન જોઇએ-

'નગરના માર્ગે જતાં એને યાદ આવ્યું કે કામયુકત બનેલા પોતે શકુંતલાને વચન આપ્યું છે કે તારો પુત્ર મારા રાજ્યનો યુવરાજ થશે. આ કેવી રીતે સંભવી શકશે? અમારા કુળમાં આદિથી રિવાજ ચાલ્યો આવે છે, કે વડો પુત્ર એ જ ગાદી વારસ બની શકે. તો પછી બીજા પુત્રોને છોડી હું કેવી રીતે શકુંતલાના પુત્રને યુવરાજ બનાવીશ?"[૩૬]

એક બાજુ શકુંતલા પુત્ર મોટો થવા લાગ્યો બીજી બાજુ દુષ્યંતના કોઇક એંધાણ ન દેકાવાથી શકુંતલા સામે ચાલીને દુષ્યંત પાસે જાય છે. એવા સમયે દુષ્યંત સભાને સંબોધતો હોય છે. દ્વારપાળ વિદુષીણી વેશે રહેલી શકુંતલાને ધૂત્કારી કાઢે છે. કાકલૂદી અને આજીજી કરતી શકુંતલાની કરુણતા અહીં હૃદય સ્પર્શી હોવા છતાં પથ્થર હૃદયના દ્વારપાળના પેટનું પાણી હલતું નથી. દ્વારપાળ અંદર જવા દેતા નથી ને આશ્રમના શિષ્યો સહાય કરવાને બદલે એને પાછી આશ્રમ લઇ જવા માંગે છે. ગમે તેમ કરીને એ રાજા સામે જઇને અતિતજીવનની યાદ અપાવીને પોતાને

૩૫. એજન ભાગ ૬. પૃ.૪૨

૩૬ એજન ભાગ.૬. પૃ.૬૬

સ્વીકારવાનો અનુરોધ કરે છે. પરંતુ દુષ્યંત શકુંતલાને ઓળખવાનો જ ઇન્કાર કરી ને અસત્ય વેણો કહીને અપમાનિત કરી મૂકે છે. દુષ્યંતના આવા રૂપને સત્ય બનાવવા પન્નાલાલે પાત્રના આત્મચિંતનને અગાઉના પ્રસંગમાં આલેખ્યા છે. દુષ્યંતના આ ભાવને આ પ્રસમગ પૂર્વેને બદલે આ પ્રસંગ પછી રહસ્ય સ્ફોટ કરાવ્યો હોત તો વધુ પ્રતીતિકર બની જાત. પરંતુ એવી સાહિત્યિક સૂઝને અવગણીને સગવડિયા પ્રસમગોનો આશ્રય લઈને કથાનું આલેખન કર્યું છે. રડતી, કકળતી, વિલાપ્રતી શકુંતલા દુષ્યંતને પીગળાવવા અસમર્થ બની જાય છે. અહી લેખકે આકાશવાણીનો આશ્રય લઇ કથાનો માર્ગ મોકળો કરી આપ્યો છે. આકાશવાણી એક મહત્વનું ઘટક બનીને આવે છે. ભય પામેલો દુષ્યંત શકુંતલાનો સત્કાર કરીને એના પુત્ર ભરતને ગાદી પર બેસાડે છે. હવે લેખકે ભરતની વીરતાને ઉપસાવવા માટે સોદાગરનો પ્રવેશ કરાવ્યો છે. બાલપણથી હાથી, હરણ, સિંહ તેમજ અન્ય વન્ય પશુઓ સાથે કુસ્તી કરનાર ભરત સોદાગરના ઘોડાપર સવારી કરીને સોદાગરને જ નહી દુષ્યંતને હેરતમાં મૂકી દે છે. સર્જકે ભરત અને બલિ વચ્ચે સીધું યુધ્ધ કરાવીને ભરતના સાહસિક વ્યક્તિત્વ ઉપસાવીને ભરતને ચક્રવર્તી રાજા બનાવ્યો છે. પરાજય પામેલો બલિ તાપરૂઢ થતા પહેલા બાણાસુરનો રાજ્યાભિષેક કરે છે. મૂળકથાનકના પ્રવાહમાંથી ફંટાઇને આડકથામાં ખોવાયેલા પન્નાલાલ મૂળ કથા, પકડવાનો પ્રયાસ કરતા હોય એમ નારદ અને ઇન્દ્રના વાર્તાલાપમાંથી ફલિત થાય છે અસુરોને માનવોનો ભય ઓછો થયો હોવા છતાં ઇન્દ્ર બેદરકાર રહેતો નથી. પરંતુ શિવે કાશીમાં રહીને વેદવ્યાસને ચારેય વેદનું જ્ઞાન આપ્યું એમ સાંભળતાંજ એના નીચેથી જમીન ખસી પડવા જેવું વાતાવરણ સર્જાય છે અને એ જાણવા ઉત્સુક બને છે. આમ વેદવ્યાસની કથા પૂર્વેનો પરિવેશ સર્જીને ફ્લેશબેકનો વિનિયોગ કરીને લેખકે પરાશર મત્સ્યગંધાની કથાને જરૂરી એવી ઘટનાઓનું આલેખન કરી વેદવ્યાસના જન્મના રહસ્યને ઉકેલવાનો પ્રયત્ન કર્યો છે.

પ્રચંડવેગ પૂર્વક સમયનો પ્રવાહ વહે છે એમ કથાનો પ્રવાહ વેગ પૂર્વક વધે છે. એનું એક કારણ એ છે કે વિપુલ માત્રામાં બનેલી ઘટનાઓનાં ચાચરને પન્નાલાલે ગાગરમાં ભરવાનો પ્રયાસ કર્યો છે. પન્નાલાલ હવે રાવણ ને કુંભકરણની કથા ઉપર આવે છે. અઘોર તપ કરીને વરદાનો મેળવીને રાવણ ઇન્દ્ર ઉપર આક્રમણ કરીને અસુરી તાકાતોનો પરિચય કરાવે છે રાવણપુત્ર મેઘનાથ પણ ઇન્દ્રને પોતાની શક્તિનો પરચો આપે છે ને દેવોને બંદિવાન બનાવે છે. રાવણના હાથમાં રહેલુ ચંદ્રનામક ખડગનો રાવણ તિરસ્કાર કરે તો જ એનો પરાજય થાય. આથી નારદ ચતિવાન બનીને રાવણ મુખે ખડગનો તિરસ્કાર કરાવીને એની શક્તિને ક્ષિણ કરી નાંખે છે. પરંતુ માનવ હાથે રાવણનું મૃત્યુ થવાનુ હોવાથી ઇન્દ્રની મૂંઝવણ વધી જાય છે. અંતે રામના હાથે રાવણ મૃત્યુ પામે છે. 'રામાવતાર' ના કથા પ્રસંગને નિરૂપવાનું ટાળીને કથાને સડસડાટ આગળ લઇ જાય છે.

અઘોર તપ કરીને સહસ્ત્રબાહુબળને પ્રાપ્ત કરીને બાણાસુર શિવ-શિવાને પૃથ્વીપર લઇ આવે છે. પૃથ્વી કરુણ આક્રંદ કરતી દેવો પાસે આવે છે. કૃષ્ણરૂપે વિષ્ણુ પૃથ્વી પર અવતાર લે છે. ધીમે ધીમે દેવોય મનુષ્ય અવતાર ધરીને બ્રહ્માની વાણી સત્ય કરતા થાય છે. અહીં પન્નાલાલે પૌરાણિક કથાપ્રસંગને પૂર્ણપણે આલેખવાનું અવગણીને કથાના સારનું આલેખન કર્યું છે.

'રામાવતર' ની જેમ હવે પછીની કથાય નીરસ બનીને આવે છે. એક કથાનું વારંવાર આલેખન કરવામાં આવે તો પુનરાવર્તનનો દોષ રહી જવા પામે એ સ્વાભાવિક છે.

બાણાસુરને ત્યાં 'ઉષા' નામક પુત્રી જન્મે છે. એને બધા 'ઓખા' થી ઓળખે છે એની ચિત્રલેખા સખી હોય છે. સહસ્ત્રબાહુબળ એક માત્ર ઇન્દ્ર પર અજમાવાય એમ હતું પણ ઇન્દ્ર સહિત સઘળા દેવોએ બાણાસુરનું આધિપત્યને સ્વીકારી લીધું હતું આથી એ શિવને પોતાની અંદરની વેદના કહી સંભળાવે છે. કે-

'હે શંકર, આપે હજાર હાથ આજે કરંડિયામાં પુરાયેલા ભોરિંગોની પેઠે હતવીર્ય બની રહ્યા છે. હે મહાદેવ, હે રુદ્ર એકી સાથે પાંચદો ધનુષ ખેંચી શત્રુ પક્ષની સમુદ્રો સરખી સેનાઓને રાડારાડ પોકારવાની હોંશ મને બેચેન સરખો બનાવી રહી છે. મારું સામર્થ્ય જોઇને મારા શત્રુ 'વાહ વાહ' કરી ઊઠે છે એવા મને ઓરતા આજે ઊઠી રહ્યો છે! નિશ્વાસ નાખતાં વળી બબળ્યો: 'પણ હું લાચાર છું! શું કરું! પ્રતિસ્પર્ધી લાવવો ક્યાંથી?!'[૩૭]

બાણાસુરે તો શિવને કહ્યું કે: 'લડ નહી તો લડનાર આપ' અહીં પાત્રના અભિમાનનો રણકો સ્પષ્ટ પણે સંભળાય છે. એ પોતાના બાહુ અને શક્તિનો પરચો બતાવવા તાંડવ નૃત્ય કરીને શિવ-શિવા અને દેવોને પ્રસન્ન કરે છે. આજ કથાની સમાન્તરે 'પાર્વતીએ કરેલી લીલા' નું આલેખન થયું છે. મહાદેવને તાગી જોવા પાર્વતી ભીલ કન્યાનું અલ્લડ યૌવન ધરીને તપ કરતા શિવ સમીપ જાય છે. લેખકે એ વેળાનું પાત્રનું નખશિખ ચિત્રાત્મક શૈલીથી આલેખન આમ કર્યું છે-

'અજબ પ્રકારની એટલા માટે કે આ તરુણીએ વલ્કલ વસ્ત્રોને કોડીઓનાં સામાન્ય આભુષણો પહેર્યાં હતા. છતાંય એ અત્યંત આકર્ષક લાગતી હતી. આમ તો એ હતી પણ ભીનેવાન અને વળી ઉંમરે પણ ઠીક ઠીક એવી યૌવનવાળી હતી. પણ આ યુવતીનો ઠસ્સો અને ગુમાન જાણે કે રાજરાણીને ભુલાવે એવાં હતાં. પોતે જાણે આ આખાય વનની માલ્કણ હોય એમ ગર્વીલી ડોકે જાડ ઉપરના ફુલો વગેરે જોતી હતી. કોઇકવાર છલાંગ મારી ફળ તોડતી, બચકું ભરી ચાખતી ને છણકા સાથે હાથ વીઝીને દૂર દૂર ફેંકી દેતી.'[૩૮]

કથાન નિરૂપણની પન્નાલાલ પાસે અનન્ય સૂઝ છે. પાર્વતી ભીલકુમારીનું લોભામણું રૂપ ધરીને શિવની પરીક્ષા લે છે. અહીં સર્જકે ભીલકુમારના આકર્ષક દેહ સૌંદર્યને વર્ણવીને શિવના મનમામ મોહને જગાડવાનો પ્રયત્ન કર્યો છે. ભીલડીના રૂપથી મોહાંધ બનેલા શિવ ભીલડી પાસે જાય છે. શિવને ભીલડી વચ્ચેના સંવાદો પ્રસંગના ભાવજગતને અભિવ્યક્ત કરી આપે છે. અહીં પન્નાલાલે ઇશાનિયા મૂલકની તળપદી ભાષાનો સમર્થ વિનિયોગ કરીને પ્રસંગને લોક-ભોગ્ય બનાવવાનો પ્રયત્ન કર્યો છે અને પાત્રના ચિત્તમાં અનુભવતા સૂક્ષ્મત્તમ સંવદેદનને આમ વર્ણવ્યા છે.

'ભનીવ, ભનીવ, જા. હેતી દુનિયા પાંહે ભનીવને? મારે એનાથી હું મતલબ હે?'

મહાદેવે કહી નાખ્યું. 'હે ગર્વીલી, તુ પણ મને ભજ!'

---

૩૭. એજન. ભાગ.૬. પૃ.૨૪૬

૩૮. એજન. ભાગ.૬. પૃ.૨૭૧

'મારે હું કામ તારા જેવા જટાજુટને ભજવો છે?'

'અરે તું કહે તો આ મારી જટા પણ ઉતરાવી નાખીશ.'[૩૯]

નારી સહજ ભાવોની ક્રિયા પ્રતિક્રિયાનું હૂબહૂ વર્ણન કરીને શિવ-શિવાને એકમેકની નિકટ લઇ આવે છે. અહીં સર્જક મૂળ કથાનકથી થોડા આગળ લઇને પાત્રને રજુ કર્યું છે. ભીલડી માટે પોતાની 'જટા' ય કાઢી નાંખવા તત્પર બને છે. મૂળ પુરાણકથામાં મળતા પ્રસંગને અનુસરીને પ્રસંગનું આલેખન કર્યું છે. અહીંયા પણ તેમણે કોઇ નવીન અર્થ તાગવાનો પ્રયત્ન કર્યો નથી.

બીજી બાજુ પિતાને પગલે શિવ ભક્તિમાં રત રહેતી ઓખા પાર્વતી પાસે વરદાન મેળવે છે. વરદાન અનુસાર એક રાત્રિએ સોહામણો કામણગારો પુરુષ ઓખાનાં સ્વપ્નમાં આવે છે. સ્વપ્નમાં આવેલો પુરુષ અધિકાર પૂવર્ક ઓખા સાથે પલંગ પર બેસીને એને ભોગવીને જતો રહે છે. આ આખાય પ્રસંગના રસપૂવર્ક આલેખે વાચકને ઝકડી રાખે છે. ચિત્રલેખા ઓખાના સ્વપ્ન પુરુષ ઓળખી નાંખે છે. ચિત્રલેખા સામે દ્વિધા ભરી સ્થિતિ સર્જાય છે. ઓખા ત્રિલોકેશ્વરની પુત્રી છે. અને એનો પ્રિયતમ માનવલોકનો છે એથી બન્ને વચ્ચે મિલન થવું શક્ય ન હતું. ભારતીય સંસ્કાર ધરાવતી ઓખા 'વરુ તે જ વર' ની જેમ જ અનિરુધ્ધને પરણવાની જીદ લઇ બેસે છે. મુશ્કેલી તો ઓખા સામે ઊભી થાય છે ઓખાને સમજાવવાની પ્રણય કથાના નિરૂપણમાં મોહરી ઊઠતા પન્નાલાલે ઓખા - અનિરુધ્ધની પ્રણયકથાના પ્રસંગને દશ્યાત્મક શૈલીમાં આલેખન કર્યું છે.

કથાનકનમા આવતાં વિઘ્નોને દૂર કરવાને અર્થે લેખકે ચિત્રલેખા અને નારદના મિલનપ્રસંગ ગોઠવીને કથાનો માર્ગ મોકળો કરી આપ્યો છે. સંમોહનવિદ્યા જાણનારી ચિત્રલેખા પાસે નારદમુનિની 'તામસી' વિદ્યા આવતામ જ ઓખા-અનિરુધ્ધના મેળાપનો વિકટ પ્રશ્ન હળવો થાય છે. ચિત્રલેખા અનિરુધ્ધને મહેલમાં જાય છે અહીં એને પ્રતીતિ થાય છે કે: માત્ર ઓખા જ અનિરુધ્ધને ચાહે છે એટલું નહી પરંતુ અનિરુધ્ધ પણ ઓખાને વિશેષ પણે ચાહતો હતો. એકબીજાની દૂર રહેવાનું દુ:ખ બન્ને પાત્રોને કોરી ખાતું હતું. નારદની તામસી વિદ્ય અને અનિરુધ્ધનો સ્વપ્નમાં બબડાટ કથાનું ચાલક બળ છે. ચિત્રલેખા પ્રણયમાં ઝૂરતા આ પાત્રોનું મિલન કરાવીને ત્રિલોકેશ્વરને જાણ ન થાય એ અંગે યોગ્ય પગલાં ભરે છે. આ બધી ઘટનાઓની ગૂંથણીમાં સર્જકનો ખારસો એવો શ્રમ જોવા મળે છે. ક્રમશ: બનતી ઘટનાઓમાં ઉત્તેજના અને કુતુહલતાને જાળવી રાખી છે. હવે શું? એ પ્રશ્ન સતત ઉપસ્થિત રહ્યા કરે છે.

શિવ પાસે 'લડ અથવા તો લડનાર આપ' માંગતા બાણાસુરને શિવે કહ્યું: 'ધ્વજદંડ તૂટશે ત્યારે તારો અંત આવશે.' અનિરુધ્ધ ના આગમનથી ધ્વજદંડ તૂટી પડવાથી બાણાસુરની ઊંઘ ઊડી જાય છે. અંસૂરોના ચર્ચાલાપ દ્વારા અહીં કથા પ્રસંગ માટે નો માહોલ ઊભો કરી આપવામાં આવ્યો છે. કથાનો પ્રવાહ ક્યાંય અવરોધ વિના અસ્ખલિતપણે આગળ વિસ્તરતી જાય છે. ઓખાના મહેલમાં નિવાસી માનવની માહિતી સૈનિક સેનાપતિને આપતાં કથાપ્રસંગને વેગ મળે છે. અનિરુધ્ધને સામાન્ય માનવ માનીને સામાન્ય સૈનિકોને બાણાસુર મોકલે છે તેઓ અનિરુધ્ધ પકડવામાં નિષ્ફળ તો જાય છે. પણ માનવ હાથોએ ઘવાઇને આવે છે. પરિણામરૂપે સૈન્ય મોકલીને

---

૩૯. એજન. ભાગ.૬. પૃ.૨૬૪

એ માનવને જીવંત અથવા તો મૃત લાવવાનો આદેશ અપવામાં આવે છે ફરી એક વાર બાણાસુર સૈન્ય પરાસ્ત બને છે. આ બે ઘટનાઓથી બાણાસુરનો ક્રોધ પ્રદિપ્ત થાય છે. એક સામાન્ય માનવ સામે ત્રિલોકેશ્વર સૈન્ય પરાસ્ત થાય આ ઘટના અસહ્ય બની જવાથી કુભાંડના કહેવાનુસાર 'નાગાસ્ત્ર' થી અનિરુધ્ધને બાંધી દેવામા આવે છે. કથા પ્રવાહ અંતતરફ સરે છે. ત્યાં આગળ લેખકે બે નોંધપાત્ર સંઘર્ષાત્મક પરિસ્થિતિ સર્જી છે. કથનશૈલી પરંપરિત હોવા છતાંય કથારસ જળવાઇ રહે છે. કુભાંડના સૂચન પ્રમાણે અનિરુધ્ધના સકળ કુળનો નાશ કરવા આ માનવને પૂછવામાં આવે. બીજી બાજું નારદ મુંઝવણ ભરી સ્થિતિમાંથી પસાર થતાં કૃષ્ણને અનિરુધ્ધનું પગેરું જણાવે છે એટલું જ નહી પરંતુ ત્યાંની સ્થિતિથી પરિચિત કરાવે છે.

'કચ-દેવયાની' નવલકથામાં પન્નાલાલે દેવ અને દાનવો વચ્ચે સંવાદ રચાય એ હેતુથી સંવાદી સૃષ્ટિ' ની કલ્પના કરી હતી એજ ભાવ અહીં પણ અસુરેશ્વર પુત્રી ઓખા માનવકુળના અનિરુધ્ધ વચ્ચે લગ્ન કરાવીને આ બે લોકમાં સંવાદ સ્થાપવાનો પ્રયાસ કર્યો છે. બાણાસુર ને કૃષ્ણ વચ્ચે યુધ્ધ થાય છે એનો આખો પરિવેશ બ્રહ્મા અને નારદના સંવાદમાંથી ઊભો થાય છે. યુધ્ધના દશ્યને ઊભું કરી આપતું વર્ણન આમ નિરૂપાયું છે.

"મહાઅસુરની આંખ લાલ ઘૂમ બની ગઇ એણે કહ્યું: 'અલ્યા એ યાદવ! આ તેં કેવું દુ:સાહસ કર્યું છે? અલ્યા! અત્યાર સુધી મારા ધ્વજને ઉડાડનાર ત્રણે લોકમાં દેવ ને દાનવ કોઇ પણ વીર નીકળ્યો નથી. તું જ મને પહેલો મળ્યો! હે કૃષ્ણ, મેન હતું કે હું જરા તને રમાડી જોઇશ. પન તું હવે મારી આંખમાં કણી પેઠે-'

બોલતાં બોલતાં જ ક્રોધ આડે પ્રજળી ઊઠેલા બાણાસુરે બે-ચાર હાથોમાં રાખીને એક પ્રચંડ ગદા ફંજેટી.

કૃષ્ણનો રથ ત્રણ ગોઠિંબડાં ખાઇ ગયો. કૃષ્ણ પોતે તેમ જ સારથિ દારુક પણ ફંજેટાઇને ક્યાંય દૂર જઇ પડયા.

સહસ્ત્રબાહુના અભિમાનના નશામાં ચકચૂર એવો બાણાસુર કૃષ્ણના હાથે પરાસ્ત તરફ જાય છે. બાણાસુરના અસ્ત્ર-શસ્ત્રો નિષ્ફળ જવાથી એની સામે સંઘર્ષાત્મક સ્થિતિ સર્જાય છે. અભિમાન ઓગળતા એ શિવની પાસે સહાય લેવા જાય છે. બાણાસુરની સહાય અર્થે આવેલા શિવ અને કૃષ્ણ વચ્ચે યુધ્ધ થાય છે. નારદના મુખે શિવના રૌદ્રરૂપનાં દર્શન કરાવીને લેખકે શિવને કૃષ્ણની સામે ઊભા રાખ્યા છે. સૃષ્ટિના આરંભના અધિષ્ઠાતા એવા વિષ્ણુ અને શિવ વચ્ચે દિવ્યાસ્ત્રોનો મારો ચાલે છે. કૃષ્ણ સામે સંઘર્ષ ભરી સ્થિતિ નિર્માણ થવાથી એ શિવ શરણે જાય છે. અહીં શિવ બાણાસુરના વધનો આમ સંકેત કરે છે: મારી નજર સમક્ષ બાણાસુરનો પરાસ્ત કઇ રીતે જોઇ શકું માર્ગ મળી જતાં જ કૃષ્ણ શિવ તેમજ ભૂતસૈન્યને નિંદ્રામાં ઢાળીને બાણાસુરનો વધ કરે છે. નિંદ્રામાંથી જાગેલા શિવે પોતાના પરમ ભક્તને મૃત અવસ્થામાં જોતાંજ એમનો કોપ ભભૂકી ઊઠતાં ત્રણેય લોક ત્રાહિમામ્ પોકારવા લાગ્યા. પૃથ્વી બ્રહ્મા પાસે બ્રહ્મા શિવ પાસે જોઇને પ્રલયકાળને શાંત કરવા વિનંતી કરે છે. અંતે શિવ ત્રણેય લોકને કોપમાંથી ઉગારી લે છે.

આમ, પૃથ્વી આરંભસમયથી દેવો અને દાનવો વચ્ચે વૈમનસ્ય ભાવનો વ્યાપ વિસ્તરતો જતાં વેર અને વેરમાંથી યુધ્ધ, આ ચક્રમાં સમયનો પ્રવાહ વિશાળ પટમાં ફરી વળ્યો હોવા છતાંય ક્યાંય એનો અંત દેખાતો ન હતો. જન્મતાની સાથે જ દેવો વેર લઇને આવતા અસુરો બ્રહ્મા અને શિવને પ્રસન્ન કરીને ઇચ્છિત વરદાનો મેળવતા હતાં. એમાં ઘણીવાર મહાત કરીને સ્વર્ગલોક પર પોતાનું સામ્રાજ્ય જમાવી મૂકતાં પરંતુ એમની પ્રકૃતિમાં રહેલું અભિમાન તેઓને સ્વર્ગસુખ અને પ્રકૃતિ સુખથી વંચિત જ રાખતું હતું.

આદિકાળથી દેવ-દાનવ વચ્ચે ચાલ્યા આવતા વેરને શાંત કરીને લેખકે સંવાદ સ્થાપવાનો પ્રયાસ કર્યો છે. શિવને પિતા માનતો બાણાસુર શિવને કૃષ્ણ તરફ જોતા વિષ્ણુ પ્રત્યેના પેઢીઓથી ચાલી આવતા વેરને ભૂલીને પોતાની પુત્રી ઓખાને અનિરુધ્ધ સાથે પરણાવવા તત્પર થાય છે. દેવયાની અને કચ એટલે સ્વર્ગ અને પૃથ્વી વચ્ચેનો સંબંધ સ્થપાય તો જ વૈરભાવને બદલે પ્રેમભાવ પ્રગટી ઊઠે એમ હતું. જે ક્ષને સંવાદ રચાય એમ હતો ત્યાં સંવાદ ન રચાયા નું દુ:ખ સર્જકને છે. અહીં કૃતિનો અંત સંવાદમાં પરિણામે છે. ઓખા અને અનિરુધ્ધનું લગ્ન થાય છે.

રુદ્રના જન્મથી આરંભાયેલી આ નવલકથા અનિરુધ્ધ-ઓખાના લગ્ન સુધી વિશાળ પટમાં વિસ્તરેલી ઘટના પ્રધાન કૃતિ છે. સૃષ્ટિના આરંભકાળથી જ બ્રહ્મા સૃષ્ટિને સનાતની સૃષ્ટિ બનાવવાનો સંકલ્પ કર્યો હતો એ સંકલ્પ કથાને અંતેય પરિપૂર્ણ બનતો નથી. અથવા તો અસ્પષ્ટ જ રહે છે. મૈથુની સૃષ્ટિ પૂર્વે શિવે અર્ધનારીશ્વર રૂપના સાક્ષાત્કાર કરીને જ્ઞાન આપ્યું હતું એજ રૂપ કથાનકને અંતે બ્રહ્મદેવને ફરી બતાવ્યું હતું. છતાંય બ્રહ્મા એ સમજવામાં ઊણાં ઊતરે છે. જેમ જેમ એ સમજવાનો પ્રયાસ કરે છે તેમ તેમ એમનો દેહ બ્રહ્મતેજ બની જાય છે.

કથાને લેખકે વિશાળ પટમાં એટલે કે છ ભાગમાં વહેંચી અને છ ભાગોને વિશેષ શીર્ષક આપ્યાં છે. 'સમુદ્ર મંથન', 'દક્ષનો યજ્ઞભંગ', 'કામદહન', 'ત્રિપુરારિ', 'ગંગા અવતરણ' અને ઓખા હરણ એવા નામો પ્રયોજ્યા છે. દરેક ભાગના શીર્ષક પ્રમાણે એમાં કથાને પ્રયોજવામાં આવી છે. પરંપરાનુસાર કથાનકને કથન, વર્ણન, ચિંતન, આત્મ ચિંતન, સંવાદ વગેરે રીતિને પ્રયોજીને કથારસને જાળવી રાખવામાં પન્નાલાલ ક્યાંક સિધ્ધ થયો છે તો ક્યાંક ઊણા ઊતર્યાની છાપ છોડી જાય છે. એક જ બીબાની નિપજ હોય એવા કથાપ્રસંગો વારંવાર દૃષ્ટિ પડે છે. બ્રહ્મા કે શિવનું અઘોર તપ કરીને દાનવો અધર્મને પ્રાણપ્રિય માર્ગ બનાવીને દેવોને પરાસ્ત કરીને સ્વર્ગપર શાસન કરવા ઝંખે છે. એમનું આ અભિમાન એમનેજ ગળી જાય છે. આ જ કથા બીજ ઉપર હિરણ્યાક્ષ, હિરણ્યકશિપુ, અંધકાસુર, જલંધર, વૃષાસુર, તારકાસુર, મહિષાસુર અને બાણાસુર વગેરે અસુરો દેવો પર પોતાનું આધિપત્ય પ્રસ્થાપિત કરવાના ગર્વમાં જ નામશેષ બની ગયા છે. અધર્મી પ્રકૃતિના અસુરો જોવા મળે છે તો વૃષાસુર, પ્રહલાદ, કંસ, રાવણ, બલિ અને બાણાસુર જેવા દેવોની નિકટ બેસે એવા અસુરો પણ છે. સ્વર્ગ નિવાસી દેવોમાં ઇન્દ્રનું પાત્ર કેન્દ્ર સ્થાને હોવાથી અન્ય પાત્રો ક્યાંક ક્યાંક પોતાના વ્યક્તિત્વની છાપ છોડીને ચાલ્યાં જાય છે.

વિશાળ પટ રોકતી કથામાં અનેક પ્રસંગોમાં શિવશિવા નજર સમક્ષ ન પણ આવે અને છતાંય દરેક ના સર્વોપરી પાત્ર તરીકે શિવને લેકકે ક્યાંક ને ક્યાંક સમર્થતા પૂર્વક ગૂંથી લઇને પાત્રને ગૌરવન્વિત કર્યા છે.

રઘુવીર ચૌધરીએ કહ્યું છે કે: 'એક જ લસરકે પન્નાલાલ પાત્રચીત્રને ખડું કરી આપે છે.૩૭ છ ભાગમાં વહેંચાયેલા કથાનકમાં અનેક પાત્રો આવે અને અદશ્ય થઇ જાય છે પરંતુ પાત્રો ચિત વાણી, વર્તન અને વ્યવહાર જાળવવામાં મહદ્અંશે લેખક સફળ રહ્યા છે એમનાં પાત્રો મનપટ પર ખારસી અસર ઉપસાવી જાય એવા જીવંત છે. જેમકે ઇન્દ્ર, હિરણ્યાક્ષ, હિરણ્યકશિપુ, અંધકાસુર, બાણાસુર, જલંધર, વૃત્રાસુર, નહુષ, બલી, પ્રહલાદ, નારદ, શિવ, બ્રહ્મા, વિષ્ણુ, શિવા, ગંગા, જહ્નુ, ઇલા, મેનકા, વિશ્વામિત્ર, દક્ષ, ભગીરથ – આ અને આવા અનેક પાત્રો કૃતિમાં નિરૂપાયેલા છે.

ઇશાનિયા મુલકની નિપજ એવા પન્નાલાલ પટેલને જન્મથીજ તળપદી લોકબોલીનો પરિવેશનો અમૂલ્ય લહાવો મળ્યો છે એ જીવન સંસ્કારના વારસાને એમણે એમની કૃતિઓમાં જાળવી રાખ્યો છે. ગાંધીજીના આગમન પછી એટલે કે જે યુગને આપણે ગાંધીયુગ તરીકે ઓળખીએ છીએ એમાં 'કોશીયો પણ સમજી શકે એવું સાહિત્ય હોવું જોઇએ એના પરિપાકરૂપે સંસ્કૃત પ્રચૂર અને ભારેખમ શબ્દોને બદલે સાદી સીધીને સરળ ભાષાશૈલીનો વિનિયોગ અને પ્રાદેશિક ભાષાનો વિનિયોગ થવા લાગ્યો. પન્નાલાલ પૂર્વે ઉમાશંકર જોષી અને ઝવેરચંદ્ર મેઘાણીના કથા સાહિત્યમાં પ્રાદેશિક લોકબોડીઓ સાહિત્યમાં પ્રયોજાઇ છે. એ પરંપરા પન્નાલાલે જાળવી રાખીને તળપદી ભાષામાં જ 'વળામણાં' નું સર્જન કર્યું એ પછી એમને એ જ ભાષાનો વિનિયોગ કરીને નવલકથાઓ નું સર્જન કર્યું છે. એમની અંતિમ કૃતિ સુધી એ પ્રાદેશીક બોલીનું જ સામ્રાજ્ય ફેલાયેલું છે. પન્નાલાલ ધરતીના જીવ હતા અને ધરતીની સોડમ લઇને આવ્યા હતા. એમની દરેક કૃતિમાં એમનો પ્રદેશ સુગંધાય છે.

પન્નાલાલે પૌરાણિક કથાનકમાં આધુનિક સમયના પ્રાણ પ્રશ્નને ગૂંથી લઇને પોતાનાં મનમાં ઉદ્ભવેલા ભાવજગતને અભિવ્યક્ત કર્યું છે. પ્રસ્તાવનામાં પન્નાલાલે નોંધ્યા પ્રમાણે અનેક પૌરાણિક કૃતિઓમાં એમણે સનાતની સૃષ્ટિની જિકર કરી છે પરંતુ સનાતની સૃષ્ટિ જ સનાતની પ્રશ્ન બની જાય છે.

રામે સીતાને માર્યા જો!

'રામે સીતાને માર્યા જો!' માં પન્નાલાલ પટેલે રામાયણના કથાનકને કથાવસ્તુ તરીકે લઇને નવલકથાનું સર્જન કર્યું છે. કૃતિનુ શીર્ષક પ્રચલિત એવા લોકગીતનું લીધું છે.

'લવિંગ કેરી લાકડીએ રામે સીતાને માર્યા જો!'

રામ અને સીતા વચ્ચેના પ્રસન્ન પ્રણયભાવને પ્રગટાવી આપતા આ લોકગીતને નવીન દષ્ટિએ જોઇને સર્જક કથાનકને પોતાની દષ્ટિરૂપ આકાર આપ્યો છે. વજન વિહોણાં લવિંગથી સીતાને રામ મારે છે. લવિંગથી મારવી એમાં પ્રણયભાવ પ્રગટ થાય છે પરંતુ વાસ્તવિક જીવનમાં રામ જ સીતાના મૃત્યુનું કારણ બને છે. પન્નાલાલને એમ અભિપ્રેત હોવાથી જ એમણે કૃતિનું શીર્ષક 'રામે સીતાને માર્યા જો!' રાખ્યું હશે.

વિશ્વામિત્રના યજ્ઞનો સુબાહુ અને મારિચ નામના બે રાક્ષસો ભગ કરે છે ત્યાંથી કથાનકનો આરંભ થાય છે અને સીતા ભૂમિમાં પ્રવેશ કરે છે ત્યાં કરુણાંન્ત આવે છે.

વિશ્વામિત્રે આદરેલા યજ્ઞમાં વિઘ્ન નાંખવા મારિચ અને સુબાહુ નામના બે રાક્ષસો આવે છે પરિણામે વિશ્વામિત્રનો યજ્ઞ પૂર્ણ થતો નથી. યજ્ઞના આરંભમાં લેખકે ઋષિ, મુનિ અને બ્રાહ્મણો વિગેરે વ્યક્તિઓ વચ્ચે વાર્તાલાપ કરાવીને પ્રસંગને ઉપસાવવાનો પ્રયત્ન કર્યો છે. 'યજ્ઞ થશે કે કેમ?' આ પ્રશ્ન બધાને મુંઝવી નાંખે છે. વારંવાર યજ્ઞનો ભંગ થવાથી વિશ્વામિત્રે દિવ્યનેત્રોથી તપાસ કરી અને એ 'દશરથપુત્ર રામને લેવા જાય છે ' વિશ્વામિત્ર સકળ વિશ્વમાંથી એક માત્ર રામને જ કેમ લેવા જાય છે એ પ્રશ્ન જ એનો ઉત્તર બની જાય છે કે: રામ એ કોઇ વિરલ વ્યક્તિ હશે એટલે જ વિશ્વામિત્ર રામને લેવા જાય છે.

બ્રાહ્મણોમાં ચર્ચા ચાલે છે કે: આ રામ કોણ છે? અહીંયા પન્નાલાલે 'ઋષ્યશૃંગ'ની કથાને ત્રણ પ્રકરણમાં રસપ્રદ પ્રસંગો વડે નિરૂપી છે. મૂળ કથાનકના પ્રવાહમાં આ આડકથા રસપ્રદ રીતે આલેખાઇ હોવાથી વાચકવર્ગને સ્પર્શી જાય પરંતુ કૃતિના સંદર્ભમાં જોઇએ તો આ આડકથા મૂળ કથાનકને કંઇક અંશે પોષક બને છે પરંતુ એ વિશેષપણે બાધક બની જતી લાગે છે. આ આડકથાના નિમિત્તે સર્જકે એમ સિધ્ધ કરે છે કે: બાળબ્રહ્મચારી ઋષ્યશૃંગ દ્વારા દશરથે પુત્ર યજ્ઞ કરાવીને પુત્ર પ્રાપ્ત કર્યો હતો. જો ઋષ્યશૃંગ આવા મહાન તપસ્વી હોય તો એમના યજ્ઞથી ઉત્પન્ન થયેલા 'રામ' સામાન્ય તો ન જ હોય ને!

વિશ્વામિત્ર દશરથને વચન બધ્ધ કર્યા પછી 'રામ' ની માંગણી કરે છે. વિશ્વામિત્રની માંગણી સાંભળતા વેંત દશરથના પગ નીચેની જમીન સરકી જાય છે. સોળેક વર્ષનો, હજીય એને મૂછનો દોરો ફૂટ્યો નથી, જેણે યુધ્ધનો મોરચો જોયો નથી, એવા પુત્રને સુબાહુ અને મારિચ સામે યુધ્ધમાં દશરથ કઇ રીતે મોકલે? એક બાજુ ક્ષત્રિયનું વચન અને બીજી બાજુ રામ પ્રત્યેનો રાગ. આ બે સ્થિતિઓ વચ્ચે પિતાના હૃદયમાં તૃમુલ યુધ્ધ ચાલે છે. પ્રિયપુત્રને વિશ્વામિત્ર સાથે મોકલવાનો જીવ ચાલતો નથી. પીઠ ઝબકાર પધ્ધતિનો વિનિયોગ કરી કથાના અંકોડા ગૂંથતા ગૂંથતા લેખક આ પરિચિત કથાવસ્તુને અસરકારક રીતે મૂકી આપે છે. આ ક્રૂર ઘટનાને લેખકે સંવાદના માધ્યમથી ઉપસાવી છે.

જેમકે દશરથ-શ્રવણ, દશરથ અને શ્રવણ પિતા વચ્ચેના સંવાદ વગેરે. પોતાને પાણી પાનાર પોતાનો પુત્ર શ્રવણ નથી એવી શંકા જવાથી એ પૂછે છે કે: તમે કોણ છો? . ત્યારે દશરથે સઘળીકથા કહી સંભળાવે છે. પુત્રના મૃત્યુનો આઘાત અસહ્ય થઇ પડવાથી શ્રવણ પિતાનએ દુ:ખી હૃદયેદશરથને શાપ આપ્યો કે: "જેમ અમે પુત્ર વિયોગે પ્રાણ છોડીએ છીએ તેમ તું પણ પુત્ર વિયોગે મૃત્યુ પામીશ."[૧]

દશરથ સમક્ષ અતીતનો અને વિશ્વામિત્ર સાથે આ બનાવ પ્રત્યક્ષ થવાને પરિણામે એ રામને પોતાનાથી દુર કરવા માંગતા ન હતા. રામને મોકલવા આનાકાની કરતા હતા. પરંતુ વચન પાલન તો કરવું જ પડે છે! વશિષ્ઠમુનિ દશરથને સમજાવીને પુત્રોને મોકલવા તૈયાર કરે છે.

ઋષ્યશુંગ જેવા મહા તપસ્વીને બાળબ્રહ્મચારી દશરથને પુત્રયજ્ઞ કરાવીને 'રામ'નો જન્મ કરાવ્યો હતો એ જ રામને વિશ્વામિત્ર પોતાના યજ્ઞના રક્ષણાર્થે લઇ જાય છે. ત્યાં આગળ 'રામ' એવો કેવોક પ્રતાપી વ્યક્તિત્વ ધરાવતો હશે એનું કુતુહલ વાચકવર્ગને થાય છે. પન્નાલાલે અહીં અન્ય ઘટનાઓ વડે રામના વ્યક્તિત્વને પરોક્ષ રીતે ઉપસાવવા માટે ખાસ્સો એવો પરિશ્રમ કર્યો છે. વિશ્વામિત્ર ક્ષત્રિય હોવા છતાંય એમણે ઋષિ પદ પ્રાપ્ત કર્યું હતું. અહીં સર્જકે વશિષ્ઠની કામધેનુનો પ્રસંગ, વિશ્વામિત્રે કરેલી અઘોર તપશ્ચર્યાનો પ્રસંગ અને 'બ્રહ્મત્વ' પદની પ્રાપ્તિના પ્રસંગનું રસાસભર આલેખન કરીને રામના પાત્રનો વિકાસ સાંધવાનો પ્રયાસ કર્યો છે. મૂળ કથાનકને આ આડકથા પોષક રૂપ બનીને આવે છે.

રામ-લક્ષ્મણને લઇને વિશ્વામિત્ર આશ્રમ માર્ગે પ્રયાણ કરે છે. 'બલા અને અતિબલા' નામની વિદ્યાઓ દ્વારા રામ ઉંને લક્ષ્મણને રક્ષણ કવચ બાંધી આપે છે. માર્ગમાં વિશ્વામિત્ર રામ અને લક્ષ્મણને એમના પૂર્વજોની કથા કહી સંભળાવે છે. સર્જકે અહીં પીઠઝબકાર પદ્ધતિનો વિનિયોગ કરીને સૂર્યવંશ, ઇક્ષ્વાકુવંશ, ક્કુત્સ્થવંશ અને રઘુવંશના ઇતિહાસનો સંક્ષિપ્ત આલેખન કરીને ભગીરથની કથાનું અથથી ઇતિ આલેખન કર્યું છે. સગર રાજાએ 'અશ્વમેધ' યજ્ઞ આરંભ્યો. પરંતુ એમનો યજ્ઞાશ્વનું અપહરણ થતાં એમણે એમના સાઠ હજાર પુત્રોને આદેશ આપ્યો કે: યજ્ઞાશ્વને શોધી લાવો. પુત્રોએ યજ્ઞાશ્વને શોધી તો કાઢયો પરંતુ ક્રોધ્ધે ભરાયેલા સાઠ હજાર પુત્રો કપિલદેવ મુનિને ગમેતેમ બોલવા લાગ્યા. કપિલમુનિના ધ્યાનમાં અવરોધ ઊભા થયા તેથી ઉત્પન્ન થયેલા એમના ક્રોધ્ધને પરિણામે એ સાઠ હજાર પુત્રો મૃત્યુ પામ્યા. સગરે અંશુમનને યજ્ઞાશ્વને શોધવા મોકલ્યો. અંશુમને યજ્ઞાશ્વને શોધી કાઢયો. ત્યાં પોતાના કાકાઓની રાખને જોતાં પામી ગયો એટલે એ કાકાઓને જલાંજલિ આપવા એણે પાણીની શોધ આરંભી. પાતાળ લોકમાં ક્યાંય પાણી દેખાયું નહી આથી એ રડવા લાગ્યો. અહીં આકાશવાણી થઇ કે: "સામાન્ય પાણી નહી પરંતુ ગંગાને પૃથ્વી પર ઉતારો તો જ તમારા કાકાઓના આત્માને તૃપ્તિ થશે." અંશુમન પુત્રને રાજ્યની જવાબદારી સોંપી તપ કરવા ચાલ્યો ગયો અને એજ અવસ્થામાં મૃત્યુ પામ્યો. એજ રીતે રાજા દિલીપનું પણ મૃત્યુ થયું. અંશુમન ને દિલીપની જેમ ભગીરથ રાજ્યભાર પુત્રોને નહીં સોંપતાં રાજ્યમંડળને સોંપીને બ્રહ્માનું તપ કરીને ગંગાને પૃથ્વી પર લઇ આવ્યો.

પન્નાલાલને મૂળ-કથાનક પર જલ્દી જવાની કોઇ ઉતાવળ ન હોય એમ લાગે છે કારણ તેઓ આડકથાને વધારે મહત્વ આપતા હોય એવી છાપ અહીં ઊભી થાય છે. વિશાળ પટ ધરાવતી આ

---

૧ 'રામે સીતાને માર્યા જો!', લે. પન્નાલાલ પટેલ, પ્રકા. ૧૯૮૫, પુનઃમુદ્રણ, પૃ

આડકથા કૃતિને બાધક બનીને આવે છે. સર્જક પાસે વિપુલ કાચી સામગ્રી હોવાથી તેઓ દરેક આડકથા આપવાનું પ્રલોભન રોકી શક્યા નથી પણ એ નિરૂપણમાં કોઇ પ્રકારની કલાદૃષ્ટિ કે નવો અભિગમ નજરે પડતો નથી માત્ર કથાઓની ભરમાર લાગે છે.

મૂળ કથાનકમાં જેવા મળે છે એમ જ રામે તારકાનો વધ કર્યો. રામપર પ્રસન્ન થયેલા વિશ્વામિત્રે રામને અસ્ત્ર-શસ્ત્ર વિદ્યાઓ આપવાનો નિશ્ચય કર્યો ને પોતે સાચા અર્થમાં બ્રાહ્મણ બનવાનો મનસૂબો ઘડી કાઢ્યો.

સર્જકે એક સાથે બે પાત્રોના ચારિત્રોને સમર્થરીતે ખીલવતા હોય એમ લાગે છે. રામ એક પછી એક સિદ્ધિઓ હાંસલ કરે છે અને સિદ્ધિ સંપન્ન પુરૂષ બને છે. જ્યારે વિશ્વામિત્ર સઘળી અસ્ત્ર-શસ્ત્ર વિદ્યાનો સાચો ઉતરાધિકારી મળતાં બ્રાહ્મણત્વને સ્વીકારવાં તત્પર બની ઊઠે છે.

પન્નાલાલે ફ્લેશબેકનો વિનિયોગ કરીને પૂર્વ કથાઓના કૃતિ ઉપયોગી અંશોને સંક્ષિપ્તમાં આલેખીને મૂળ કથાના બીજને અહીં રોપ્યું છે. મારીચ અને સુબાહુની વાત કરતાં કરતાં વિશ્વામિત્રે પુલસ્ત્ય, વૈશ્વા અને રાવણના જન્મની કથા પણ વર્ણવે છે. કૈકયીએ સહજતાએ કરેલું સૂચનને પરિણામે રાવણ અને કુંભકર્ણ વૈશ્રવણ કરતાંય ભારે તપ આદરીને બ્રહ્મા પાસે મન ઇચ્છિત વરદાનો માંગ્યા. રાવણે કહ્યું કે:

"દેવ, દાનવ, ગંધર્વ, યક્ષ, નાગ તેમજ કિન્નર અથવા ભૂતો પણ ન તો મારો વધ કરી શકે ન એ કોઇ મને હતી શકે."[3]

અહંકારથી પ્રેરાયેલો રાવણ મનુષ્યને તૃણ્ય ગણતો હોવાથી મનુષ્યનું નામ બાકાત રાખે છે. ઉત્તરકાળમાં ઘટનારી ઘટનાના બીજ સર્જકે અહીં મૂકી આપ્યા છે.

તારકાવધના સમાચારથી પ્રસન્ન થયેલા બ્રાહ્મણો ઉત્સાહ ને આનંદનું મોજૂં ફરી વળ્યું. અહીં ભારદ્વાજ આમ ભવિશ્યવાણી ભાખતા કહે છે: "શ્રીમાનો, લખી લો મારી ભવિશ્યવાણી આપણામાં કહેવત છે કે: ચોરને માર્યા વગર ચોરની જનેતાનો જ સંહાર કરો કે ભવિશ્યમાં ચોર જન્મે જ નહિ! એવું જ આ વિષ્ણુના અવતારરૂપે રામે સહુ પ્રથમ તારકાને મારીને કર્યું છે. જોજો તમે! રાક્ષસોની આ જનેતાનો સંહાર કરનાર રામના હાથે પૃથ્વીભરના મહારાક્ષસોનું નિકંદન નીકળીને જ રહેશે."[4]

રામ વિષ્ણુનો અવતાર છે એમ જાણનાર આ ભારદ્વાજ મહા તપસ્વી હોય એવું મારૂ માનવું છે. રામની વિરલ પ્રતિભાને વિશ્વામિત્ર અને વશિષ્ઠ પામી ગયા હતા કે 'રામ વિષ્ણુનો અવતાર છે.' લેખકે માત્ર સંકેત કર્યો છે અહીં તો આ ભારદ્વાજ સ્પષ્ટ કહી દે છે: રામ વિષ્ણુનો અવતાર છે.

છ-છ વાર બંધ રહેલો વિશ્વામિત્રનો યજ્ઞનો આરંભ થયો. તાટકાની દારુણ સ્થિતિ જોઇને એનો પ્રતિશોધ લેવા કટિબધ્ધ થયેલા મારિચ અને સુબાહુ સિધ્ધાશ્રમમાં આવ્યા. અહીં મારિચ ને સુબાહુ તથા રામ-લક્ષ્મણ વચ્ચે યુધ્ધ થાય છે. અહીં ચમત્કારિક પ્રસંગોના નિરૂપણ દ્વારા અને પૌરાણિક સમય કાળના અસ્ત્ર-શસ્ત્રોનો આમને સામને થતાં પ્રયોગ દ્વારા પૌરાણકાલીન પરિવેશને લેખકે તાદશ્ય કર્યો છે. અઘોર યુધ્ધાંતે રામે સુબાહુનો વધ કર્યો અને વિશ્વામિત્રનો અધૂરો યજ્ઞ પૂર્ણ થયો. રામે કરેલા સુબાહુ ના વધને જોનાર ઋષિએ ભવિશ્ય ભાખ્યું કે: 'રામ ધનુષ્ય ચડાવશે જ! અહીં

૩. એજન. ભાગ.૧. પૃ..

૪. એજન. ભાગ.૧. પૃ.૧૪૦

ઋષિના પાત્રમાં સર્જકનો પ્રવેશ થયાનો સંદેહ જાગે છે.

વિશ્વામિત્ર જનકરાજાની અયોનિજ પુત્રી સીતાના જન્મની કથા રામને કહે છે. કથાનકનો પ્રવાહ સપાટ ભૂમી પર વિસ્તરતો હોય એમ લાગે છે. લેખકે અહીં પણ પીઠ ઝબકાર વડે કૃતિને ઉપયોગી ઘટનાની સહાયતા લીધી છે. વિશ્વામિત્ર તથા રામ-લક્ષ્મણ જનકપુર જતાં વિશ્રામાર્થે એક વેરાન આશ્રમમાં બેસે છે. આ આશ્રમ વિશે રામે જાણવાની ઇચ્છા પ્રગટ કરી એટલે વિશ્વામિત્રે ગૌતમમુનિ અને અહલ્યાના જીવનની કરુણ ઘટનાને કહી. અતિ સ્વરૂપવાન ગૌતમમુનિની પત્ની અહલ્યાના રૂપથી કામાંધ બનેલા ઇન્દ્ર કપટ વિદ્યાને આશ્રય લઇને અહલ્યા સાથે જાતીય સંબંધ બાંધ્યો પણ ઇન્દ્ર ગૌતમમુનિ આગળ પકડાઇ ગયો. ક્રોધ્ધાવિષ્ટ થયેલા ગૌતમમુનિએ ઇન્દ્રને શાપ આપ્યો અને અહલ્યાને કહ્યું કે:-

"તારા જેવી કુલટા સ્ત્રીનુમ મોં આજથી કોઇ પન મનુષ્ય જોશે નહિ."

પતિના શાપથી અતિ દુ:ખી થયેલી અહલ્યાની વેદનાને સર્જકે આમ ઉપસાવી છે.

'દુર દુર સુધી વિસ્તરી રહેલા આશ્રમને આમ ઉજ્જડ સરખો બનેલો જોઇને વળી પાછી અહલ્યા "હાય રે દેવ!" એમ કહી ચીસ નાખતી પૃથ્વી ઉપર ઢળી પડી. પશ્ચાતાપમાં હૃદય જાણે કે શોકાતું હોય તેમ ધરતી પર એ આલેખતી હતી. પોતાના કેશ વીંખતી હતી ને વિલાપતી હતી: 'અરેરે! દેવનું પ્રૈર્યું મનુષ્ય કદીક ભૂલ કરી બેસે તો શું સદાને માટે એ મનુષ્યમાંથી નીકળી ગયું?"[૫]

અહલ્યાની વેદનાને પન્નાલાલે પાત્રના ઉદ્ગારો દ્વારા ઉપસાવી આપી છે.

ગૌતમમુનિએ બાંધેલી મર્યાદારેખાનો ભંગ કરીને રામ અહલ્યાને મળવા જાય છે. આમ, ગૌતમમુનિને નાંખેલી આણને નષ્ટ કરીને અહલ્યાને પુન: ગૌતમમુનિની પત્ની તરીકે સ્થાપી આપે છે. આ ઘટના સપાટી પરની હોય એમ લાગે છે.

રામના પરાક્રમોથી અતિ પ્રભાવિત થયેલાં જનકરાજ સીતાના લગ્ન એની સાથે થાય એમ ઝંખે છે. બીજી બાજું ઉર્મિલા સીતાને રામના આગમનના સમાચાર આપે છે. અહીં સર્જકે સીતાનું નખશીખ રૂપલાવણ્યનું શબ્દચિત્ર આમ આલેખ્યું છે -

"મોટીબહેન એ જનકનંદિની સીતા હતી. સીતા જેટલી યુવાન હતી એટલી જ સુંદર હતી. પાતળી કમરની ઉપર નીચે સૌંદર્યના ઘામા સરખો નારી દેહ અપ્રતિમ ઉઠાવ લેતો, જોનાર માટે સહેજે લોભામણો લાગતો હતો. કમરે વીંટેલા રંગીન વસ્ત્રની નીચેના નિતંબ હાથીની સૂંઢ સરકા અડધા ઉઘાડા હતા. ઊંડી ઊંડી નાભી સાથે ઉદરનો ભાગ ઊડીને આંખે વળગે એ પ્રકારનો મોહક હતો. રેશમી વસ્ત્રથી કસીને બાંધવા છતાંય છાતીના બેઉ ગોલકો બંડખોર સરખા લાગતા હતા. અણિયાળી ચિબુક, વળાંકદાર હોઠ, ચોખાપૂર લાંબું નાક ને ભરાવદાર ગોરા ગાલ ઉપર બ્રહ્મા જાણે પાછળથી બેસાડી હોય એવી ઉપસેલી મોટી મોટી આંખો હતી. આછી આછી સુરખીથી એ અતિશય મોહક ભાસતી હતી. આકર્ષક ઊંચાઇને તંદુરસ્ત એવું અંગ સૌષ્ઠવ."[૬]

રામ પ્રત્યે સીતાના હૃદયમાં પ્રણયરાગને જન્માવવાનું લક્ષ્ય ઉર્મિલાના પાત્ર દ્વારા સધાયું છે. રામની અનેક વાતો ઉર્મિલા મુખે સાંભળતાં જ અનાયાસે રામને જોવાની ઉત્કંઠા સીતાના મનમા જાગે

૫. એજન. ભાગ.૧, પૃ.૧૬૪.

૬ એજન. ભાગ. ૧. પૃ.૧૭૮

છે. એના જ ઉદ્ગારો જોઇએ.

'મા! મને ખબર નથી, કે દશરથનંદન રામ કેવી રીતે મારા દિલમાં પેસી ગયા છે! કાંતો તું એને વિજય અપાવ નહિ તો હું જીવતી રહું એમ મને લાગતું નથી.

અનુરાગ પ્રદિપ્તમાન થાય એવી ઉર્મિલાની વાતોથી સીતા રામને મનોમન ચાહવા લાગે છે. એટલું જ નહીં પણ એ પ્રાપ્ત ન થાય તો મરવા સુધીના અતિમે જવા તત્પર બને છે. અહીં કોઇ સંઘર્ષ જોવાનો અવકાશ પ્રાપ્ત થતો નથી. સપાટ ધરા પર કથાનો પ્રવાહ વહ્યા કરે છે.

સીતા સ્વયંવરમંડપના વર્ણનને સર્જકે ટાળ્યું છે. શીવ ધનુષ્ય ને રામ હળવેકથી ઊંચકીને પણછ ચઢાવવા જાય છે ત્યાં ધનુષ્યના બે ટુકડા થઇ જાય છે. સીતા-રામના લગ્ન સાથે જનકરાજા પોતાની અન્ય ત્રણ દિકરીઓને દશરથ પુત્રોની સાથે પરણાવીને વિદાય કરે છે. અહીંયા રામ અને પરશુરામની ઘટનાને નિરૂપીને પન્નાલાલે રામના પ્રતાપી વ્યક્તિત્વને ઉપસાવ્યું છે અને રામ વિષ્ણુનો અવતાર છે એમ સાબીત કરવી આપવાનો પ્રયત્ન કર્યો છે. શિવ ધનુષના બે ટુકડા થયા એમ સાંભળતાં વૈત પરશુરામ રામ સામે આવીને યુધ્ધ માટે પડકાર ફેંકે છે. પરશુરામના વીરત્વને સારી રીતે જાણનાર દશરથ રાજાના મોતીયા મરી જાય છે. વહાલસોયા પુત્રને ઉગારવા માટે એ પરશુરામને વિનવવા લાગે છે. પરંતુ પરશુરામ તો પોતાના મક્કમ નિર્ણયમાંથી ચડે એવા ક્યાં હતા! લક્ષ્મણ ને સીતા રામને તાકી રહ્યાં. રામે પરશુરામે આપેલા વિષ્ણુના ધનુષ્યની પણછ બાંધીને ટંકાર કર્યો. અહીં ભયનું વાતાવરણ સર્જાઇ જાય છે. બધાનો જીવ પડીકે બંધાય જાય છે. આ બે વચ્ચે યુધ્ધ થશે તો? સર્જકે અહીં નાટયાત્મક ક્ષણ પ્રયોજીને અણધાર્યા વળાંક આપ્યો છે. પરશુરામને ખાતરી થઇ જાય છે કે: રામ વિષ્ણુનો અવતાર છે. રામની ખાતરી કરવા ગયેલા પરશુરામ પોતાનું તેજ ગુમાવે છે.

કથાનકના આરંભે થયેલ ભવિષ્ય વાણી અહીં સ્મરણ થાય છે. તાટકાનો વધ થતાં ભારદ્વાજ ભવિષ્યવાણી ભાંખે છે કે: રામ વિષ્ણુનો અવતાર છે. એક ભારદ્વાજ રામને પામી જતો હોય તો અહીં પરશુરામ રામને ઓળખવામાં કેમ થાપ ખાઇ જાય છે એનું આશ્ચર્ય વાચકને થાય એ સ્વાભાવિક છે. અહીં પરશુરામના પાત્ર સાથે અન્યાય થતો હોય એમ લાગે છે. ચમત્કારિક પ્રસંગને બૌધ્ધિક રીતે આપવાના પ્રયાસમાં સર્જકે સાહિત્યિક સૂઝને ગુમાવી હોય એમ લાગે છે.

આ કૃતિના આરંભથી પીઠઝબકારનો વિનિયોગ કરીને સર્જકે અન્ય પૌરાણિક પાત્રોના ગૌરવને જાળવી આલેખન કરવા પ્રયાસ કર્યો છે. જેમકે વિશ્વામિત્ર, ઋષ્યશૃંગ પરંતુ પરશુરામના ગૌરવને જાળવવામાં સર્જકનું કૌશલ્ય દેખાતું નથી.

રામ અને સીતા એકબીજા પ્રત્યે પ્રગાઢ પ્રણયભાવ અનુભવે છે. પોતાના તરફનો અનન્ય અનુરાગને જોઇને સીતાને રામ પ્રત્યે ઉત્કટ લાગણી જન્મે છે આવું કૃતિમાં બે-ત્રણ વાર બને છે.

રામના રાજ્યાભિષેકથી આખાય નગરમાં આનંદનું માહોલ સર્જાય છે. આ સમાચારથી પ્રસન્નતા અનૂભવતી કૈકયી મંથરાનેગળાનો મુલ્યવાન હાર કાઢી આપે છે. કથાનકનો અહીં અણધાર્યો વળાંક આવે છે. પુત્રવત્ રામના રાજ્યાભિષેકથી કૈકયી આનંદમાં હોય છે પરંતુ મંથરા આમાં ભેદ જુએ છે. પન્નાલાલે કૈકયી અને મંથરા વચ્ચે પાત્રોચિત્ત જીવંત સંવાદોને પ્રયોજીને પ્રસંગના ભાવવિશ્વને અભિવ્યક્ત કરી આપ્યો છે. મંથરા કૈકયીની ધીમે ધીમે કાન ભંભેરણી કરે છે. શરૂઆતમાં મંથરાની

વાતને હસી કાઢતી કૈકયીને પાછળથી મંથરાની વાતોમાં વિશ્વાસ બેસવા લાગ્યો. એ લેખકના શબ્દોમાં જોઇએ-

'અરે ઓ મુર્ખ કૈકયી? એટલુંય તું સમજતી નથી કે તારો પતિ તારાથી આજે ભયંકર કપટ રમી રહ્યો છે?' બારીમાંથી લાંબી એક નજર નાખી હાથ લંબાવતા કહ્યું: 'જો, જરા જો, નૃત્યુ સંગીતમાં પાગલ થયેલા નગર ઉપર ઊઠી રહેલાં અબીલગુલાલનાં વાદળો જો! ગંધર્વોને કિન્નરીઓનાં આવાસ સરખા તારી શોકોના ભવનો ઉપર કાન માંડ કે તને પોતાને ખાતરી થાય કે કેટલી હદે કૈકયીની અવહેલના થઇ રહી છે. હાય રે હાય! અત્યારથી જો!- ક્રોધ્ધ આડે આગળ એ બોલી જ ન શકી."[૭]

ધારેલું કાર્ય કુનેહતાથી મંથરા કરે છે. કૈકયીને હવે મંથરાની વાતમાં વિશ્વાસ બેસવા લાગે છે. અત્યાર સુધી અયોધ્યામાં સુખ-શાંતિ પ્રવર્ત્તતિ હતી. પણ મંથરાએ કૈકયીના કાનભંભેરવામાં કોઇ કશર બાકી ક્યાં રાખી હતી? પરિણામે કૈકયી મંથરાની આંખે જોવા લાગી. મંથરા વ્યંગવાણીનો પ્રવાહ હળવે હળવે તીક્ષ્ણ બનાવતી જાય છે પોતાની વાતોને કૈકયીના ગળામાં ઊતારીને એ કૈકયી પાસે વચન માંગી લે છે અને ભૂતકાળમાં થયેલા યુધ્ધમાં દશરથ રાજાએ બે વચન કૈકયીને આપ્યા હતા એની યાદ અપાવીને પોતાની યોજનારૂપ કૈકયીને તૈયાર કરે છે.

"કૈકયી પોતે જ નહિ માત્ર, એના ભવનની કૂબડી ખૂંધલી દાસીઓની છટા અને માદકતા આગળ પણ કૌશલ્યા કે સુમિત્રાની દાસીઓ જાણે પાણી જ ભરતી! આ બધી દાસીઓમાં મંથરા સહુથી ટોચ પર હતી. વિલાસમાં ને કામદીપન વિદ્યામાં જ નહિ માત્ર, રૂપમાં પણ. એક વાર ખુદ કૈકયીએ મંથરાના વખાણ કરતાં કહ્યું હતું: 'તારા અંગે આ ખુંધ ન હોત તો હે સખી, તારી આ માતબર છાતી અને ઊંડી ઊંડી નાભિવાળું તસતસતું આ ઉદર તથા હાથીની સૂંઢ સરકા તારો આ સુંવાળા સુંવાળાં નિતંબો વગેરે સુધ્ધાં એટલી હદે કામપ્રેરક છે કે મારી સામે પણ મજાથી તું હરીફાઇમાં ઊતરી શકત!"[૮]

આવાં એક સરખાં સૌદર્ય ના ચોકઠાબંધ વર્ણનો સર્જકે કોઇપણ નાયિકા માટે અને ગૌણપાત્રો માટે છૂટથી આપતા રહે છે.

મંથરાની યોજના અનુસાર મહેલની અંદર-બાહર દીપકો બુઝાવીને અંધારપટ કરી મૂકવામાં આવે છે. કૈકયીએ જીર્ણક્ષીર્ણ મેલું વસ્ત્ર ધારણ કર્યું. એક બાજું અયોધ્યામાં આનંદોત્સવ ઉજવાતો હોય છે અને બીજી બાજુ કૈકયીના અંધારપટમાં ઘેરાયેલા આવાસને જોતાં દશરથને ધ્રાસકો પડયો. મહેલમાં પ્રવેશતા એ દુ:ખી દુ:ખી થઇ ગયો. કૈકયી આવા વેશમાં? રાજ માટે આ બધું અસહ્ય બની જાય છે. રાજાએ આ બધાનું કારણ પૂછ્યું. મંથરાએ પાયેલું હળાહળ વિષ કૈકયીના મુખેથી બહાર આવવા લાગ્યું, મંથરાના માર્ગદર્શનથી રાજાને વચનબધ્ધ કરીને કહ્યું: 'ભરતનો રાજ્યાભિષેક કરો ને રામને ચૌદવર્ષનો વનવાસ આપો.' પત્નીના કાળરૂપથી દશરથ હેબતાઇ ગયો. કૈકયીને સમજાવવાનો દશરથે ઘણો પ્રયત્ન કર્યો પણ જેની નસેનસમાં વિષ વ્યાપી વળ્યું હોય એ કૈકયી રાજાની લાગણીને કે વાતને કઇરીતે સમજી શકવાની હતી.

પત્ની આગળ ઝૂકી પડતાં દશરથે ભરતને રાજ્યાગાદી આપવાનો નિર્ણય કર્યો પણ રામને વનવાસ જતો અટકાવવા પ્રયત્ન કર્યો. નગરજનો પર રામ ના પ્રભાવને સારી રીતે જાણનારી કૈકયી

૭. એજન ભાગ.૧. પૃ ૨૪૯.

૮. એજન ભાગ.૧. પૃ.૨૬૬

રાજાની વાતને સ્વીકારના તૈયાર ન હતી. અહીં મંથરા ક્યારેક ઇશારાથી તો ક્યારેક બોલીને કૈકયી પ્રેરણાને પ્રોત્સાહન આપતી હતી કે: તારા કાર્યમાંથી વિચલિત ન થઇશ.

દશરથ રાજા સામે સંઘર્ષાત્મક ક્ષણ સર્જાય છે. રઘુવંશની પરંપરા પ્રમાણે વચનમાંથી પાછાં ફરી શકાય એમ નથી. એકવાર વિશ્વામિત્રને વચન આપ્યુંને છાતી પર પથ્થર મૂકીને વહાલસોયા પુત્રને સોપવો પડયો હતો. રામથી છુટાં પડતાં દશરથને વિશેષ આઘાત એટલા માટે થાય છે કે: અજાણતાથી પોતાના હાથે શ્રવણનું મૃત્યુ થયું હતું અને એના માતા-પિતાએ દશરથને શાપ આપ્યો હતો. આથી આ ક્ષણ કઇ રીતે નીકળશે? કૈકયીતો ચૌદ વર્ષ રામને પોતાનાથી દૂર કરવા માંગતી હતી. સર્જકે દશરથના પાત્રને વિચારોના વમળમાં ગરકાવ કરાવીને દશરથની અસહાયતા અને કરુણતાને પ્રગાટાવી આપી છે. બીજી બાજુ બીજા અંતિમે બેઠેલી કૈકયી પોતાના વચન લેવા કટિબધ્ધ છે. આમ ને આમ આખી રાત્રિ પસાર થાય છે. અહીં પ્રાકૃતિક સૌદર્ય કથાને માટે ઉદ્દીપકનું કાર્ય કરે છે એ જોઇએ-

"જોતા જોતામાં સૂર્યનો ઉદય થયો. આજનો સૂર્ય અવધપુરીનાં નગરજનોને અનેરો લાગવા માંડયો. કેટલાકે કહ્યું: 'જુઓ, જુઓ આજનો સવિતાદેવ પણ રામચંદ્રને અભિનંદન આપતો કુમકુમવર્ણો ઊગ્યો છે. સોનલવર્ણો પ્રકાશ વેરતો મરક મરક હસી રહ્યો છે.'"[૯]

રામના રાજ્યાભિષેક થવાનો હોવાથી નગરમાં આનંદનો માહોલ સર્જાયેલો છે. કૈકયીને આવાસે દશરથરાજાને લેવા ગયેલો સુમંત રાજાને જોતા સઘળું પામી જવાથી દુ:ખમાં સરી પડે છે. અમંગળમય ઘટના કૈકયી ને દશરથ વચ્ચે બની હશે પરંતુ રામના આગમનથી એ ય મંગલમય બની રહેશે એવા સુખદ વિચારોથી સુમંત રામને તેડવા જાય છે. અહીંયા નગરનું વર્ણન ધ્યાન ખેંચે એવું નિરૂપાયું છે-

કૈકયી અને દશરથ વચ્ચે બનેલી અમંગળમય ઘટનાથી સાવ અપરિચિત એવો રામ માતા કૈકયીના આશીર્વાદ લેવા મળશે એમ માને છે. આખાય નગરમાં ચોગાની ઝળહળ થતી હોય ને કૈકયીના મહેલમાં છવાયેલા અંધાર પટથી લક્ષ્મણને સંદેહ જાગ્રત થવાથી એ રામની સાથે જાય છે. નગરલોક રામનો જય જયકાર કરી અભિવાદન કરે છે. પ્રસન્ન બનીને જતો રામ પિતાને જોતા જ દુ:ખમાં સરી પડયો. માનવમાંથી પાશવી બનેલી કૈકયીએ સઘળી બાજી પોતાના હાથમાં લેતાં રામને ગોળ ગોળ વાતો કરીને એનેય વચન પરત્વે સભાન બનાવીને પોતાના બે વરદાનોની વાત કહી નાંખે છે. કૈકયીના બે વચનોને પાળીને પિતાને દારુણ સ્થિતિમાંથી ઉગારવા તૈયાર થાય છે. અહીંયા પિતા તરફનો અનન્ય ભક્તિભાવ રામના વ્યક્તિત્વમાં જોવા મળે છે. સર્જકે રામ અને કૈકયી તથા દશરથ ને કૈકયી વચ્ચે વ્યંગ સંવાદો પ્રયોજીને કરુણતામાં વધારો કર્યો છે. એવા સંવાદ પર એક દષ્ટિ કરી એ.

'અરે! અરે! આ તું શું બોલી રહી છે? ધિક્કાર છે. તારી બનાવટ ને ધિક્કાર છે મારા મોહને કે તારા જેવી નાગણ-'

× × ×

'અરે! અરે! ક્રૂર હૃદયનો શિકારી પણ ધરણી ઉપર ઢળી ચૂકેલા ઉપરથી શસ્ત્ર ચલાવતો નથી!'[૧૦]

---

૯. એજન ભાગ.૧. પૃ.૨૮૧.

૧૦. એજન. ભાગ.૧. પૃ.૨૯૭-૨૯૮.

રામ કૌશલ્યાની આજ્ઞા લેવા માટે આવે છે પુત્રને શૂભકામનાના આશીર્વાદ આપતી માતાને ક્યાં ખબર હતી કે: એ રાજ્યા સિંહાસન માટે નહીં વનમાં જવાની આજ્ઞા લેવા આવ્યો છે. સત્યની જાણ થતાં કૌશલ્યાના માથે તો પહાળ પળ્યો. પુત્રને વનમાં જતો રોકવા સઘળી મર્યાદાને લપવા તત્પર બને છે. પુત્ર આગળ માતા ફાવી ન શકતાં એ પોતાની સ્થિતિ કેવી થશે એની વાત કરે છે - સર્જક માતૃત્વ હૃદયની વેદનાને સમર્થ રીતે એની વાણી, વચન અને વ્યવહારથી અભિવ્યક્ત કરીને કથાપ્રસંગને કરુણરસમાં ઢાળ્યો છે.

પન્નાલાલે મુખ્ય પાત્રોની સાથે આવતા ગૌણ પાત્રોના ચરિત્ર ચિત્રણમાંય વિશેષ રસ દાખવ્યો છે. કૈક્યીના આવા કઠોર આવરણથી ક્રોધ્ધવિષ્ટ બનેલો લક્ષ્મણ કહેવા લાગ્યો કે: 'મોટાભાઇ જો આજ્ઞા આપે તો આ ઘડીએ કૈક્યીને ભવનમાં પૂરતાકને એનાં સકળ કર્મચારીઓને કેદ કરવા સમર્થ છું ... ... વળી અભિધિક્ત થવા આવી રહેલા ભરતને પણ હું માર્ગ માંથી પકડી લઇશ.'-

અન્ય એક સંવાદને જોઇએ-

'હે મોટાભાઇ, મારી એક વિનંતીનો સ્વીકાર કરો ચાલો આપણે આ જ પગલે અભિષેક મંડપમાં મહુરત પણ થઇ ગયું છે ને સામગ્રી તથા બ્રાહ્મણો બધા તમારી પ્રતીક્ષા કરતા હવન આગળ બેઠેલા છે. આ જ મહુર્તમાં તમારો અભિષેક કરાવી લો. જોઉ છું કોણ આવે છે અભિષેક રોકવા?"[૧૧]

લક્ષ્મણ કૈક્યીના આદેશનો ચોખ્ખો તિરસ્કાર કરીને રામનો રાજ્યાભિષેક થાય એમ જ માને છે અને એ માટે એને યુધ્ધ કરવું પડે તો પન એ સંપૂર્ણ તૈયાર છે. સર્જક લક્ષ્મણના ચરિત્રને એના કાર્ય અને સંવાદ વડે ઉપસાવી આપ્યું છે.

પિતાની આજ્ઞાથી વચનબધ્ધ થયેલા રામને વાળવો અશક્ય લાગતા કૌશલ્યાએ પુત્રને વનમાં જવાની આજ્ઞા આપે છે. હવે એ સીતાની આજ્ઞા માંગવા જાય છે. આર્યનારીને શોભે એ સંસ્કારો સીતામાં હોવાથી પતિને પગલે પગલે વનમાં જવા તત્પર બની ઉઠે છે. લક્ષ્મણે તો કૈક્યીના ભવને જ રામ સાથે જવાનો નિર્ણય કરી લીધો હતો. આવા સમયે પન્નાલાલે ત્રિજટ નામના દરિદ્રની કથાને આલેખી છે. આ આડકથા કૃતિને પોષક બનતો હોય એમ ક્યાંક લાગતુ નથી. આ- નિરૂપવા પાછળ સર્જકનો કયો આશય રહેલો છે એ કહી શકાય એમ નથી. અતિ દરિદ્ર ત્રિજટ બ્રાહ્મણને રામે કહ્યું કે: 'આ લાકડીને જેટલી દુર ફેકીશ અટલી ગાયો તને આપીશ. અને આ બ્રાહ્મણ ખુબ દૂર લાકડી ફેંકે છે. આડકથા પાછળનું સર્જક પ્રયોજન ગર્ભિત જ રહે છે. મૂળ કથાનકના પ્રવાહમાં આડકથાનો વિનિયોગ કરીને સર્જક મૂળ કથાના પ્રવાહને આકર્ષક બનાવી આપે છે. પરંતુ જ્યારે તેઓ એમ રી શકવામાં ઊણાં ઊતરે છે ત્યારે એ આડકજથા પોષક ને બદલે બાધક બનીને આવે છે. અહીં સર્જકની સાહિત્યિકસૂઝનો અભાવ જ એને માટે કારણભૂત માનવો પડે છે. મૂળ કથાનકને ઉપયોગી ન બને તો એ આડકથા માત્ર 'થીંગડું' બનીને કૃતિને ગંભીર નૂકશાન પહોંચાડે છે.

રામને વિદાય આપવાની ક્ષણ આવીને ઊભી રહી. દશરથની સ્થિતિ નાજુક બની ગઇ. અતિ વહાલ સોયા રામ-લક્ષ્મણ અને પુત્રવધુને વિદાય આપવાની ઘડી રાજા માટે દારુણ બની ગઇ. રાજા કઇ રીતે વિદાય આપે? આવી વિષમ પરિસ્થિતિમાંય કૈક્યીનું પથ્થર હૃદય પીગળ્યું નહી. પોતાની

૧૧. એજન ભાગ.૧. પૃ.303.

મર્યાદાઓને નેવેમૂકીને સુમંત બગળેલી બાજી સુધારવાનો પ્રયત્ન કરવા કૈકયીને કડવા વચનો બોલવા લાગ્યો. પરંતુ પાકકા નિર્ધાર સાથે કૈકયી ઊભી રહીને સાંભળતી ગઇ. અહીં લેખકનું ભાષાકર્મ ધ્યાન ખેંચે તેવું છે- "અરેરે, ધિક્કાર છે તને! તારા જેવી ક્રૂર રાણી ક્યાંથી પાકી? હે કૈકયી, હજીય તું વિચાર કર! મોટાને બદલે નાના કુમારને રાજ અપાવવાનો તારો દુરાગ્રહ છોડી દે, નહિ તો અધર્મથી મેળવેલા તારા રાજ્યમાં એક પણ બ્રાહ્મણ વસશે નહિ. અરે તારાં પોતાનાં સ્વજનો પણ તને ત્યજી જશે. હે દેવી, હું સત્ય જ કહું છું. તું તારા ભલા ખાતર મારી સલાહનો સ્વીકાર કર નહિ તો -"[૧૨]

દશરથ સીતાને રોકવા માંગતો હતો પણ આર્યસંસ્કારોને વરેલી સીતા અલંકાર અને સુંદર વસ્ત્રોનો ત્યાગ કરીને પતિ સાથે વનમાં જવા તૈયાર થાય છે. ભગ્ન હૃદયે દશરથે પુત્રોને વિદાય આપી. કથા પ્રસંગને કરુણરસમાં ઢાળવા માટે સર્જકે દશરથની વેદનાનું વર્ણન આમ કર્યું છે. "બેઠા થયેલા દશરથ ઝબકીને જાગતા હોય તેમ રામના સ્મરણ સાથે વળી પાછા રામનો રથ ગયો હતો એ દિશા તરફ હાથની છાજલી કરીને જોવા લાગ્યા. પાગલની જેમ બબડતા હતા: 'હાય રે રામ! તું મને ક્યારે જોઇશ? ... ... ઓ! ચૌદ વર્ષે!' અને જાણે ધૂળની આડે રથને રથમાં બેઠેલા રામને જોતા હોય તેમ ક્ષિતિજમાં આંખો પરોવીને એ જોઇ રહ્યા... ... જોઇ રહ્યા! બબળતા હતા: 'ઓ જાય... ... ઓ જા... ...ય' બાળકની જેમ ડૂસકાં મૂકી રડી પડયા."[૧૩]

રામના રાજ્યાભિષેકથી રામ વનવાસ જાય છે ત્યાં સુધીના પ્રસંગ નિરૂપણમાં પન્નાલાલની સર્જકતાનો સ્પર્શ કથાને રસપ્રદ બનાવી આપે છે. રામના આગમનથી પ્રસન્ન બની ઉઠેલો ગૂહ સાચી હકીકત જાણતા દુ:ખી બની ઊઠે છે. ગૂહ અને રામ, રામ અને સુમંત વચ્ચેના સંવાદો કથાને કરુણ બનાવી મૂકે છે. રામ, સીતા ને લક્ષ્મણ જમીન પર દર્ભની પથારીમાં સૂવે છે એ અને વડના દુધથી જટાઓ બાંધે છે એ પ્રસંગ વાતાવરણને ઘણું જ ભારઝલ્લું બનાવી દે છે.

વનની પ્રથમ રાત્રી પછીના સવારના પ્રાકૃતિક દૃશ્યને સર્જકે આમ નિરૂપ્યું છે-

"વાતાવરણ સાચે જ આહલાદક હતું: ઊગમણી ક્ષિતિજમાંથી કોઇએ ટોપલે ટોપલે ગુલાલ ઉડાડયું હોય તેમ આખુંય આભ ગુલાલવર્ણ રંગોથી છવાઇ વળ્યું હતું. જળ ભરી પાવનકારી ગંગાનો રૌદ્ર-રમ્ય કિનારો હતો. ચારે બાજુ વન હતું. વસંત હતી ને કોયલ રાણી મોકળા કંઠે સૂર્યના વધામણાં કરતી હતી. - "[૧૪]

પિતાના વાત્સલ્યભાવને સારી રીતે સમજતો હોવા છતાંય રઘુકૂળની રીતિ ને નિભાવવા હૃદય પર પથ્થર મૂકીને અયોધ્યાથી વિદાય લેનાર રામ ગૂહની મિત્રતાથી પ્રભાવિત થઇ ઉઠે છે પન એ વચન પ્રમાણે ગૂહના રાજ્યમાં રહેવાને બદલે રામ વનમાં પ્રયાણ કરે છે. અહીં રામ અને ગૂહની મિત્રતાતા ભાવજગતને સંવાદ, કથન અને એમનો વાણી, વર્તન અને કાર્ય દ્વારા ઉઘાડ આપવાનો શ્રમ કર્યો છે.

પન્નાલાલે કૃતિના આરંભથી જ દશરથના પાત્રને એ રીતે પ્રયોજ્યું છે કે: એ રામને વિપુલપણે ચાહે છે. અતિ પ્રિય વનગમનથી દશરથ તન અને મન થી ભાંગી પડેલા દશરથ રાજા આગળ કૌશલ્યા પોતાની વેદનાને ઠાલવે છે. અહીં સર્જકે માતૃહૃદયના ઝુરાવાનું વાસ્તવિક હૃદયસ્પર્શી નિરૂપણ આમ થયું છે.

---

૧૨ એજન. ભાગ.૧. પૃ.૩૩૬

૧૩. એજન. ભાગ ૧. પૃ ૩૫૩

૧૪ એજન. પૃ. ૨૨/૨

"કૌશલ્યા દીન સરખાં બની ગયાં. કહેવા લાગ્યા : 'અરે! તમારે તો કંઇકેય ઠીક છે! હે મહારાજ, તમે તો હજીય કૈકયીના થઇ શકો છો. ભરત પણ આખરે તો તમારો જ પુત્ર છે. સુમિત્રાને પણ શત્રુઘ્નની ઓથ છે. પણ મારે તો હવે રામ જતાં ઉપર આભ ને નીચે ધરા! મારા રામની સામે જોઇને અત્યાર લગી મેં દુ:ખના દિવસ વિતાવ્યા હતા. સુખની ઘડી આવી ત્યાં તો - અરે મારું સુખ તો ગયું એ ગયું પણ એની સાથે મારા લાલને વનમાં રખડતો કરી દીધો! હાય રે, ચૌદ ચૌદ વર્ષ લગી - "[૧૫]

આ માતૃહૃદયને કોણ આશ્વાસન આપી શકે? વચનથી બંધાયેલો દશરથ પત્નીને કઇ સહાયતા કરી શકવાને અસમર્થ હોવાથી કૌશલ્યાની માફી માગે છે. આ સમયે સુમંતનું આગમન થતાં રામના સમાચાર સાંભળીને પુત્ર વિયોગે દુ:ખના સમુદ્રમાં સરી પડે છે ને એ બેભાન બનીને ઢળી પડે છે. કૈકયીએ વચન માંગ્યું ત્યારથી જ મનથી હણાઇ ગયેલો દશરથ રામના ગયાના પાંચમા દિવસે જ મૃત્યુ પામે છે. પન્નાલાલે પ્રસંગને પ્રતીતિકર રીતે કૃતિમાં આલેખ્યો છે. મૂળ કથાનકનાં છેડાને બરોબર પકડીને ચાલતાં પન્નાલાલે આ પ્રસંગોમાં આવતા સંવેદન સભર દૃશ્યને ખિલવવામાં કૌશલ દાખવ્યું છે.

અયોધ્યામાં શોકનું સામ્રાજ્ય ફેલાયેલું છે. ચાર ચાર પુત્રો હોવા છતાંય આ રાજાના મૃત્યુ વેળાએ એકેય પુત્ર એમની પાસે ન હતો. અહીં શ્રવણના મૃત્યુની કથાના અંકોળાને સમર્થ રીતે જોડાણ કરી આપ્યું છે. રાજાના અંતિમ સંસ્કાર વિધિ કરવા માટે મોસાળમાં ગયેલા ભરત અને શત્રુઘ્નને તાબડતોબ બોલાવી લાવવા રથ મોકલવામાં આવ્યો. અચાનક પોતાને બોલાવવા આવેલા દૂતોને જોઇને ભરતને શંકા જન્મે છે. શંકાનું સમાધાન કરવામાટે ભરતે ઘણા પ્રશ્નો પૂછ્યાં પણ કોઇ સંકેત મળ્યો નહીં. પરંતુ શુમ શામ શાંતિમાં ગરકાવ એવા અયોધ્યાને જોતા જ ભરતને ફાળ પડી એનું હૃદય અજ્ઞાત ભયે કંપવા લાગ્યું. બગીચાઓ નિર્જન લાગતા હતા. વસંત હોવા છતાં સહેલાણીઓનાં વૃંદ દેખાતાં ન હતા. નૃત્ય, સંગીત શાંત હતું. મોર, કોયલના ટહુકા શાંત પડી ગયા હતા. બ્રાહ્મણોના આશ્રમની વેદીઓથી મંત્રોચ્ચાર બંધ હતો - આ બધા બનાવો ભરતની શંકાને પુષ્ટિકારક બની રહે છે.

આખુંય નગર શોકમાં ડુબી ગયુ હો ત્યાં ભરતના પ્રશ્નને કૈકયી આમ ઉત્તર વાળે છે: 'તારા મહાત્મા પિતા સત્યવાદીઓનેય દુર્લભ એવી સદ્‌ગતિને પામ્યા છે.' પોતાનો અખંડ ચાંલ્લો ગુમાવનારી કૈકયી કેવી સહજતાથી પતિના મૃત્યુની વાત કરે છે. પરંતુ માતાને પગલે ચાલે એવો ભરત ક્યાં છે. માતાના પક્ષે બેસવાને બદલે એ સત્યની વધારે નિકટ જાય છે. સર્જક કૈકયી અને ભરત વચ્ચે અર્થસભર, સંવેદનશીલ સંવાદો પ્રયોજીને કથા પ્રસંગને કરુણ બનાવવાનો જબરજસ્ત પ્રયાસ કર્યો છે. રઘુકુળ પરંપરાને અનુસરતો ભરત રાજ્યગાદીનો ઇન્કાર કરીને માતાને છોડીને એ કૌશલ્યાને આવાસે જાય છે. પુત્ર વિયોગનો ભાર હજી ઉતર્યો ન હતો ત્યાં અણધાર્યા પતિના મૃત્યુથી કૌશલ્યાને કારમો આઘાત લાગ્યો હતો. એ પોતાની વેદના ભરત આગળ ઠાલવે છે. બન્ને ય પાત્રો પોતાની વેદના સામ સામે ઠાલવે છે. મોસાળેથી આવતા ભરતના પાત્રને ચિંતનમાં ઢાળીને કૈકયીના યોજના પર પાણી ફેરવીને ભરતના પાત્રનું ગૌરવ અને ઓજસ લેખકે સુપેરે જાળવ્યું છે. રામ પ્રત્યેની અનન્ય ભક્તિભાવ એના હૃદયમાં છલકાતો જોવા મળે છે. કૌશલ્યાને આશ્વાસન આપીને રામને વનમાં લેવા જવાનો ભરત

૧૫. એજન. ભાગ.૨. પૃ.૩૬

તત્ક્ષણ નિર્ણય લઇ લે છે. કૈકયી માટેનો એનો પ્રેમ નામશેષ થઇ જાય છે.

ભરત માટે જે કર્યું કરાવ્યું એ ધૂળમાં રોળાઇ જતું જોઇને કૈકયી ઠંડી પડી ગઇ. કૈકયીની પરિસ્થિતિને પામી ગયેલ મંથરા તત્ક્ષણ પાટલી બદલી નાંખે છે અને ભરત સાથેના રસાલા સાથે રામને લેવા વનમાં જવા તૈયાર થાય છે. પરંતુ અહીંયા નાટ્યાત્મક વળાંક આવે છે. કૈકયીના ભવનનો સેવક શત્રુઘ્નને સઘળી માહિતી આપે છે. અયોધ્યામાં બનેલી અમંગળમય ઘટનાઓનું મૂળ શત્રુઘ્નને મળતાં વેંત એ કોપાયમાન બનીને મંથરાને પુષ્કળ માર મારે છે. પુત્રને સ્ત્રી હત્યામાંથી ઉગારવા કૈકયીએ ઘણો પ્રયાસ કર્યો પણ એમાં સફળતા પ્રાપ્ત ન થવાથી કૈકયી ભરત આગળ આજીજી કરે છે. ભરત શત્રુઘ્નને 'સ્ત્રી-હત્યા' ના દોષની અને રામની દુહાઇ આપીને શાંત કરે છે.

એક ધારી સપાટ ભૂમીમાં ફેલાયેલો કથાનો પટ જ્યાં કથા પ્રવાહને ઉછાળો અથવા તો વળાંક આપતાં સપાટીએ વહેતો પ્રવાહ નવીન આકાર ધરે છે. એવી જ રીતે અહીં કૈકયી વરદાન માંગે છે એ ઘટના, ભરત આગમનની ઘટના, ગૂહને રામનું મિલન, રામ ને લક્ષ્મણ વડના દુધથી જટા બાંધે છે એ - ઘટનાઓ કૃતિને રસપ્રદ બનાવી આપે છે. સૈન્યના મોટા રસાલો લઇને ભરત રામેન પાછાં લેવા વન પ્રતિ પ્રયાણ આદરે છે. ગૂહનો સૈનિક આનો અન્ય અર્થ કાઢીને ગૂહના કાન ભંભેરે છે. ભરત રામ પર ચઢાઇ કરવા માટે જ આવ્યો છે. પ્રિય મિત્રને બચાવવા ગૂહ ભરતના સૈન્ય સામે નાનકડું સૈન્ય લઇને સામે જાય છે અહીં ગૂહનો મિત્ર પ્રેમ પ્રગટ થાય છે. સત્યની જાણ થતાં જ ગૂહનો આનંદ બેવળાઇ જાય છે. લક્ષ્મણ પણ ભયાનક આંધી અને વિશાળ રસાલા ને જોઇને ગૂહનો સૈનિક અમંગળમય કલ્પના કરે છે એમ જ વિચારે છે કે: ભરત ચઢાઇ કરવા જ આવ્યો છે. ભરત અને એનાં સૈન્યને મૂહતોળ જવાબ આપવા એ સજાગ બની જાય છે. પરમતુ ઉદારચરિત અને દીર્ઘ વિચારશીલ રામ લક્ષ્મણને શાંત રાખે છે. રામે મનોમન નિશ્ચય કરી લીધો કે કોઇપણ સંજોગોમાં વચનને વળગી રહીને વનવાસ ભોગવવો, સીતાને દુ:ખ થાય છે કે જો આ બધાં પોતાને તેડી જશે તો? આદર્શ નારી તો સીતા પર્યાય છે. લક્ષ્મણના મનમાં ઉદ્ભવેલી શંકાનું નિવારણ થાય છે અને ભરત રામ સાથેનો અપૂર્વ ભાવવાહી મિલાપ થાય છે. પન્નાલાલે આ મિલનને યથોચિત રીતે વર્ણવ્યું છે.

ભરતનું આવવાનું પ્રયોજન સાંભળીને રામે પોતાનો નિર્ણય જાહેર કર્યો. ભરત કોઇ કોઇપન ભોગે રામેન પાછાં લઇ જવા માંગતો હોવાથી એ દર્ભની પથારી એક પડખે સૂઇ રહેવાની પ્રતિજ્ઞા કરે છે. રામ એને પ્રેમથી સમજાવે છે રામના આ વલણને ઋષિઓ આમ જૂએ છે.

'અવશ્ય, રાક્ષસોના સંહાર અર્થેજ દેવોએ આ રામવનવાસની પરિસ્થિતિનું સકળ નિર્માણ કર્યું છે.'[૧૬]

ઉદારતા અને ઉદાત્તભાવો મોટાભાઇની ગૌરવશાળી પ્રતિભાની પ્રતીતિ કરાવે છે અને બાતૃપ્રેમના ઉન્નત શિખર પર બિરાજમાન કરે છે. ઋષિઓના કથનથી શાંત બનેલાં ભરત રામની 'પાદુકા' લઇને અયોધ્યા પાછો ફરે છે.

રામ સીતા અને લક્ષ્મણ અત્રિઋષિના આશ્રમમાં જાય છે. પન્નાલાલે અહી થોડું નવસંસ્કરણ કરીને કથાને પ્રતીતિકર બનાવવાનો પ્રયત્ન કર્યો છે. પોતાની માતા અને સ્વજનોને વસવાટની ખબર હોવાથી તેઓ અવાર નવાર આવીને વચન આડે ઉતરતા રહેશે એમ માનીને જ રામ એ સ્થળ

૧૬. એજન. ભાગ.૨ પૃ.૧૦૬

છોડીને અત્રિઋષિને આશ્રમે જાય છે. અહીં સર્જકે આડકથાનો વિનિયોગ કરીને અનસૂયાના પ્રતાપી વ્યક્તિત્વને ઉપસાવી આપ્યું છે. આ આડકથા રામવનવાસમાં ગયા પછી શું બન્યું એ દર્શાવતી ઘટના બનીને અટકી જાય છે. વિરાટ રાક્ષસનો વધ, શરભંગ ઋષિએ તપોબળ વડે અદભૂત રૂપ મેળવ્યું અને એ બ્રહ્મલોકમાં ગયા, આ ઘટના બને છે. આમ દસવર્ષનો વિશાળ પટ વહી જાય છે. અહીં આપણને 'પાર્થને કહો ચઢાવે બાણ!' નવલકથાનું સ્મરણ થઇ આવે છે. ગાયોની રક્ષાર્થે અર્જુનના થી નિયમનો ભંગ થવાથી એને બાર વર્ષનો વનવાસ ભોગવવો પડે છે પન્નાલાલે આ સમય દરમ્યાન અર્જુનના જીવનમાં બનેલ મહત્વપૂર્ણ ઘટનાઓનું વર્ણન કરીને એ ગાળાને પૂરવાની સાથે સાથે પાત્રના શૌર્ય અને પરાક્રમને ઉપસાવી આપવાનો પ્રયાસ કર્યો છે. અહીં પણ એજ રીતિનો વિન્યાસ કરીને રામના જીવનમાં બનતી ઘટનાઓનું આલેખ્યા છે અને કથાનકને રસપ્રદબનાવવાનો પ્રયાસ આદર્યો છે. આ બધા ચમત્કારિક બનાવો કૃતિને પૌરાણિક પરિવેશ પૂરો પાડી આપે એવા છે. વિશાળ કાય વિરાધ રામના બાણથી બે ભૂજીઓ વિંધાઇ જતાં દેવરૂપ પ્રાપ્ત કરીને સ્વર્ગે જાય છે. અનસૂયા પોતાના તપોબળ વડે સૂર્યને ઢાંકી રાખે છે. શરભંગ ઋષિ અગ્નિ પ્રવેશ કરીને દિવ્યરૂપ પામીને બ્રહ્મલોક તરફ જાય છે. આ બધી ઘટનાઓ કૃતિનો ઠીક ઠીક વ્યાપ રોકી લે છે. મૂળકથાનકમાં આવતી નાની નાની ચમત્કારિક ઘટનાઓ નિરૂપવાનું લેખકનું પ્રલોભન એમની કૃતિને કથા બનાવે છે પણ નવલ તત્ત્વથી સંપૂર્ણ દૂર રાખે છે એટલે કૃતિ વાંચતાં વાચકને જાણેલી વાત ફરીથી જાણવાનો અને માણવાનો મોકો મળે છે પણ કૃતિ નવલકથા બનતાં અટકી જાય છે. વિરાધ રાક્ષસનો વધ રામના હસ્તે થાય છે ત્યાં રામનું પરાક્રમ જોવા મળે છે. ત્યારબાદ રામ અગસ્ત્યના આશ્રમમાં જાય છે. અગસ્ત્યના આશ્રમમાંથી રામ પંચવટી માં જાય છે દસ વર્ષના રઝળપાટ પછી રામને પંચવટી ગમી જાય છે. પંચવટીના પ્રકૃતિ સૌંદર્યનું નિરૂપણ પન્નાલાલે કરતાં લખ્યું છે કે:-

'હે સૌમ્ય, આપણે જે જે સ્થળ જોયાં એ બધા માં મેન આ સ્થળ અતિ ઉત્તમ લાગે છે. જો, દક્ષિણ ભાગમાં કમળોથી હીંચી રહેલી મજાની તળાવડી છે. દક્ષિણમાંથી વાતા પવનો સીતા ઉપર સદાય જાણે સુગંધી વીજણા ઢોળ્યા કરશે. આ તરફ ગોદાવરી નદી નથી તો દુર કે નથી એટલી નજીક પણ. ચારેબાજું આસપાસનાં વૃક્ષો પણ જાતજાતના ને ભાત ભાતનાં છે. આબો છે ને આસોપાલવ પણ ઠેર ઠેર નજરે પડે છે. તાલ છે ને તમાલ છે, શાલ, પનસને, જળકંદબ છે, તો સોપારી ને સુખળના વૃક્ષો પણ ગણ્યાં ગણાંય નહિ એટલી સંખ્યામાં પથરાઇ રહ્યાં છે. ચંપો છે કેવડો છે, ખાખરો, ખીજડા, ખેર ને રોહીડો, કદંબ છે, ધાવડો છે, તિલક છે, અશ્વકર્ણ, ખજૂર અને તગરનાં વૃક્ષો પણ કેટલાં બધાં નજરે પડે છે! હે ભાઇ, વેલીઓથી વીંટળાયલી ને ફુલ ફળથી હીંચી રહેલી વૃક્ષોની આ સૃષ્ટિ જોઇને સીતાને તો ખબર પણ નહિ રહે ક્યારે દિવસ ઊગ્યો ને ક્યાં આથમી ગયો... ... ઢારેપાળની જેમ આઘેના આ પર્વતો તો જો લક્ષ્મણ! વૃક્ષ આડે વચ્ચે વચ્ચે દેખાતા ને સોનું રૂપું તથા તાંબું વગેરે ધાતુઓથી ભરેલા એ કેવા લીલા, લાલ ને પીળા રંગે ચમકી રહ્યા છે! પક્ષીઓ પણ - હંસો છે, કારંડવ છે ને ચક્રવાકો પણ ક્યાં ઓછાં છે? જ્યારે મોર તો વળી એમનું જાણે વન હોય તેમજ. અહો! સીતાને જે અતિ પ્રિય છે એ સારસો પણ સરોવર કાંઠે યુગલો જ યુગલો!'[૧૭]

---

૧૭. એજન. ભાગ.૨ પૃ.૧૫૭.

આવી પંચવટીમાં રામ, લક્ષ્મણ અને સીતાની સાથે જટાયુ મળતાં ચારે ય પંચવટીમાં રહેવા લાગ્યા.

એક દિવસે રામાન સૌંદર્યમાન દેહના આકર્ષણથી શુર્પણખા પોતાનો ભાર્યા તરીકે સ્વીકાર કરવા માટે રામને વિનવે છે. રામનાં તો લગ્ન સીતા સાથે થયેલાં હતાં અને સીતા તો એમની પાસે જ હતા તેથી લક્ષ્મણ તરફ અંગૂલિ નિર્દેશ કરે છે. લક્ષ્મણ તો ક્રોધ્ધનો સાગર હોય એમ ઊકળી ઊઠ્યો અને શુર્પણખાનો વિરોધ કરીને એનાં નાક, કાન કાપી લીધાં. અપમાનિત થયેલી શુર્પણખા પોતાના ભાઇ કર પાસે ગઇ. અને સઘળી હકીકત જણાવી રાક્ષસ કૂળના અસહ્ય અપમાનનો પ્રતિશોધ લેવા ચૌદ રાક્ષસોને મોકલ્યા પન આ બધાને રામે એકજ બાણે યમસદન મોકલી આપ્યા ધૂઆં પૂઆં થયેલો ખર સૈન્ય લઇને રામ પર આક્રમણ કર્યું. રાક્ષસોની ક્રોધ્ધને પામી ગયેલો રામે સીતા અને લક્ષ્મણને કાઢી મૂકીને એકલે હાથે સઘળા રાક્ષસોનો ખાત્મો બોલાવવા લાગ્યા. સર્જકે અહીં રામ અને રાક્ષસો વચ્ચેના યુધ્ધને પ્રત્યક્ષ કરી આપ્યું છે. અસૂરી તાકાતો સાથે રાક્ષસો રામ પર આક્રમણ કરતા હોય છે ત્યાં રામ આગ્નેયાસ્ત્ર, ગંધર્વાસ્ત્રનો પ્રયોગ કરીને ખર અને એના સૈન્યને મૃત્યુસેજમાં ઢાળી મૂકે છે.

સપાટી પરના થિાપ્રસંગોમાં પન્નાલાલ કાંઇક મૌલિક પણું પ્રગટતું ન હોવાથી કથા માત્ર પુનરાવર્તન બનીને અટકી જાય છે. થાકીને શુર્પણખા ભાઇ રાવણ પાસે જાય છે. અકંપન રાવણને સઘળી ઘટના કહી સંભળાવે છે. ક્રોધાવિષ્ઠ બનેલો રાવણ રામને મારી નાંખવા તત્પર થાય છે પરંતુ મારીચ જેવા સુજ્ઞ વડિલે રામની શક્તિનો પરિચય આપ્યો તેથી રાવણ શાંત બનીને બેસી રહે છે. રાવણ રામ સાથે બદલો લેવાનું ટાળે છે પરંતુ શુર્પણખાના રક્તભીંના અને કમકમાટી છૂટે એવા દેહને જોતાં જ એનામાં આસૂરી શક્તિ પ્રગટવા લાગી. રાવણની પ્રકૃતીને જાણનારી શુર્પણખાએ સીતાના રૂપસૌંદર્યના ગુણગાન ગાઇને રાવણને ઉશ્કેરવાનો પ્રયાસ કરવા લાગી. સીતાના સૌંદર્યનું વર્ણન એ એવી રીતે કરે છે કે રાવણના મનમાં સીતા વસી જાય છે. પોતાનો પ્રતિશોધ લેવા ઝંખતી શુર્પણખા રાવણને ઊંધે માર્ગે દોરવાનો પ્રયાસ કરતાં કહે છે કે:

"હે ભાઇ! જ્યાં સુધી તું રામની પત્ની સીતાનું હરણ કરી તારા ભવનમાં લાવીશ નહિ ત્યાં સુધી મારું વેર વળવાનું નથી, રાવણ."[૧૮]

કામી પ્રવૃત્તિનો રાવણ સીતાના રૂપથી અતિ પ્રભાવિત બની ઉઠે છે. મારીચ અને અસૂરી તાકાતોનો સાથ લઇને પ્રપંચલીલા ગોઠવે છે. રામના બાણથી બચી ગયેલા મારીચ લંકેશ્વરને સમજાવવાનો પ્રયત્ન કરે છે. પરંતુ સીતાના સૌંદર્યથી પ્રભાવિત એવો રાવણે મારીચની સલાહને અવગણીને સીતાના હરણની યોજના ઘડી નાંખે છે. મૂળ કથાનકમાં બને છે એજ રીતે અહીં કથા પ્રસંગો આલેખાયા છે. મારીચ સુવર્ણમૃગ બનીને રામેન ગાઢ જંગલમાં લઇ જાય છે. અહીં પન્નાલાલે સુવર્ણમૃગનું આમ વર્ણન કર્યું છે.

"એમની નજરે અદભૂત રંગનો મૃગ પડ્યો. એ જાણે કે સાવ સોનાનો બનેલો હોય એવો મોહક લાગતો હતો. અંગો ઉપર ઠેર ઠેર ઇન્દ્રનીલ મણિ જડ્યાં હોય એ પ્રકારનાં ટપકાં-ઝગમગ થતાં હતાં.

---

૧૮ એજન ભાગ ૨. પૃ.૨૧૪.

નાની-નાની શિંગડીઓ ગજબની ઘાટીલી હતીને રત્નોમાંથી ઘડી હોય એ રીતે પ્રકાશતી હતી. વળી એ શિંગડીઓ ટોચ ઉપરથી વૈદૂર્યમણિની જેમ ઝબક ઝબક થતી હતી. ખરીઓ સુધ્ધાં મોંઘામૂલાં રત્નોની બનેલી હતી. નાનકડું પણ જાણે મેઘધનુષ્યનું બનેલું હોય એવું અદભૂત ઓપતું હતું. કમળની પાંદડીઓ સરખાં સોહામણા એના કાન હતા. આંખો સુધ્ધાં નાગમણિ જડ્યા હોય એવી ચકળવકળ થતી હતીને બોલું બોલું લાગતી હતી અરે આખુંય એ અંગ જાણે કે ધૂપછાવનું બનેલું હતું. પળેપળના રંગ બદલતુણ જતું હતું જોનારની આંખોમાં એ સૌંદર્યની ઝબકારા પ્રગટાવતું હતું."[૧૯]

આવા અજબ ગજબના સૌંદર્યવાન સોનલમૃગને જોઇને સીતા એને મેળવવાની જીદ કરે છે. રાક્ષસી માયાથી પરિચિત રામે સીતાને સમજાવવાનો પ્રયાસ કર્યો. પરંતુ નારી હઠ આગળ રામે ઝૂકી જવું પડ્યું. અશુભનો અણસાર વર્તાતા રામે લક્ષ્મણ અને જટાયુને સતેજ કરીને મૃગને પકડવા જાય છે. મૂળ કથાનકની જેમ રામના બાણથી ઘવાયેલાં મારીચે 'ઓ... લક્ષ્મણ! ઓ... સીતા!' ની બૂમ પાડે છે. રાવણની યોજનાનુસાર સઘળું પાર ઉતરતું જાય છે. રામના આર્તનાદ સીતા ને લક્ષ્મણ સાંભળે છે. લક્ષ્મણ રામની આજ્ઞા ઉથાપવા તૈયાર નથી એ રામની રાહ જુવે છે. પરંતુ મુશ્કેલીમાં મૂકાયેલા પતિને બચાવવા માટે સીતા લક્ષ્મણને રામની સહાય અર્થે મોકલવા તત્પર બને છે. લક્ષ્મણ સામે સંઘર્ષભરી સ્થિતિનું નિર્માણ થાય છે. પન્નાલાલે અહીં રામે કરેલી સૂચનાને વળગી રહીને લક્ષ્મણ પંચવટી છોડવા તૈયારી બતાવતો ન હોવાથી સીતા એના પર આળ મૂકે છે કે:

'- અરે દિશાઓ કંપી ઊઠે એવો એમણે આર્તનાદ કર્યો છે ને હજીય તું નઘરોળ થઇને પગ ઉપાડવાની ઇચ્છા સુધ્ધાં નથી કરતો? નક્કી મને તારામાં કંઇક કૂડ લાગે છે. તને કદાચ એમ નશે કે રામના જતાં સીતાને હું પ્રાપ્ત કરીશ--'[૨૦]

લક્ષ્મણ બન્ને બાજુએથી ભીંસ અનુભવે છે ન જાય તો માથા પર કલંક લાગે એમ છે ને જાય તો રામની આજ્ઞાનો અનાદર થાય એમ છે. છતાંય કાળી કાલીમાને કપાળે લગાડવાનું સાહસ લક્ષ્મણ કરતો નથી અને એ સીતાની રક્ષાર્થે લક્ષ્મણ રેખા દોરીને સીતાને સૂચન કરીને ચાલ્યો જાય છે. લક્ષ્મણ લક્ષ્મણરેખા દોરતો હતો ત્યાં અચાનક આવેલા પક્ષીથી એનાં હૃદયમાં ચરર કરતો ચીરો પડ્યો. અહીં પન્નાલાલે અનિચ્છિત ઘડીનો સંકેત સમર્થ રીતે કર્યો છે.

લક્ષ્મણને અસહ્ય મેણું મારવાનો સીતાનો જરાય આશય તો ન જ હતો આવું કેમ બોલાયુ એ સીતાને સમજાતું ન હતું. એને પ્રશ્ચાતાપ થવા લાગ્યો. સીતાને એમ લાગે છે કે સઘળું વિધિએ ધાર્યું હોય તે જ થાય છે. એવામાં ઋષિરૂપે રાવણનું આગમન થાય છે. સીતાને પ્રત્યક્ષ જોઇને અભિભૂત થયેલો રાવણ સીતાને કહે છે:

"અહો! અહો! કેવું અદભૂત રૂપ છે તારું! તારું જ ઘન જેટલું વિશાળ છે એવાં જ તારા નિતંબો સુંવાળાને પ્રમત્ત છે. પાતળી કટિને કટિ ઉપર ઝબૂળી રહેલાં તારા બે સ્તનો તો જાણે સૌંદર્યના ગોલકો હોય તેમ પરસ્પર મળેલાં ઊંચાં તેમજ ગોળમટોળ ને અગ્રભાગોથી મઘૂરો આકાર લેતાં મને તો એ આછાં આછાં કંપતા પણ દેખાઇ રહ્યાં છે. હે સુનિતંબિની! તારા જેવી રૂપયૌવનાએ વનમાં વસવું યોગ્ય

---

૧૯ એજન. ભાગ.૨. પૃ ૨૨૬

૨૦ એજન ભાગ.૨. પૃ.૨૩૯.

નથી. અહો! યૌવનસભર અંગો ઉપર તે પરિધાન કરેલા તારા આ પીળા રંગના વસ્ત્રની પણ મને ઇર્ષા આવી રહી છે '[૨૧]

કામવાસનાથી ખદબદતો રાવણ સીતાના રૂપલાવણ્ય ને જોતાં એનામાં કામ પ્રદિપ્ત બની ઉઠે છે. પન્નાલાલે દેહસૌંદર્યના વર્ણનમાં આટલા બધા કામુક ન દેખાયા હોત તો ચાલત. જ્યાં સ્ત્રી લાવણ્યની વાત આપે છે ત્યાં આવા નિશ્ચિત વર્ણનો વાંચતાં પન્નાલાલની કલમની નબળાઇ સિવાય અન્ય કાંઇ ફલિત થતું નથી. આ ભાષાકર્મની નબળાઇની નોંધ તો લેવી જ રહી.

રામની દિશામાં પળે પળે સીતા દૃષ્ટિ કરે છે પણ એને માત્ર લીલો અંધકાર જોવા મળે છે. સીતાને મનાવવાના પ્રયત્નમાં નિષ્ફળ રહેલો રાવણ સીતાનું અપહરણ કરી જાય છે. મદદ માંગતી સીતા કરુણ આક્રંદ કરે છે. અચાનક એને જટાયુનું સ્મરણ થતાં પોતાની મદદ માટે બૂમ પાડે છે. જટાયુ ક્ષણવારમાં રહસ્યને પામી જતાં સીતાને બચાવવાનો મરણિયો પરચાસ આદરે છે પન્નાલાલે રાવણ અને જટાયુ વચ્ચેના યુધ્ધને જટાયુના શૌર્યની પ્રતીતિ કરાવતાં સુપેરે વર્ણવ્યું છે. અંતે અસૂર શાર્દુલથી જટાયુ ગંભીર રીતે ઘવાઇને પૃથ્વી પર પડે છે. સીતાની અંતિમ આશા પણ ધૂળમાં રોળાઇ જાય છે. એ સ્થિતિનું દૃષ્ટાંત, અલંકાર વાપરીને સર્જકે વર્ણન કરતાં નોંધે છે કે -

'ગભરુ સીતા બિલાડીને ત્રાટકેલી જોઇને કબૂતર જેમ ઊડવું ભૂલી જાય એ રીતે ભાગવું ભૂલી ગયાં.'[૨૨]

કામમાં પ્રમત્ત એવો રાવણ સીતાને રીઝવવા લંકાનો વૈભવ દેખાડે છે પરંતુ આર્ય સંસ્કારો ધારણ કરેલી પતિપરાયન સીતા રાવણનો ઘરાર ઇન્કાર કરી દીધો. રાવણ બળાત્કારે સીતાનો ઉપભોગ કરી શકવા સમર્થ હતો પણ કુબેરના શાપને કારણે એ સાહસ કરવા અસમર્થ હતો.

બીજી બાજુ લક્ષ્મણને પોતાની સહાયાર્થે આવેલો જોઇને રામને ફાળ પડી. આથી તેઓ પંચવટી તરફ જવા લાગ્યા. પરિસ્થિતિ વિપરિત બની ગઇ હતી. શંકા સાચી પડતાં રામનું હૃદય બંધ પડી જાય છે. અહી રામના કરુણ વિલાપનું વર્ણન વાચકને કરુણરસથી તરબોળ કરી મૂકે છે. સીતા પ્રત્યેનો અનન્ય પ્રણયભાવ રામના વિલાપમાં પ્રગટે છે.

"પાગલની જેમ આમથી તેમ ઘૂમી વળતા ને બાવરી આંખે ઇધર ઉધર નજર નાખવતાં રામ ઓસરીમાંથી મઢીમાં ને મઢીમાં પણ ખૂણે ખૂણાં ભમી વળતા હજીય એ આક્રંદ કરતાં સીતાને પોકારતા હતા. 'બોલ હોં સીતા! હે મૈથિલી! જોતું હવે નહિ દેખાય તો ... ... હું રડી પડીશ હાં! હે જે. . નકી!' રામના ગળામાંથી ધ્રુસકું નીકળી પડ્યું. "[૨૩]

પંચવટીમાં સીતા ક્યાંય ન દેખાતા રામની સ્થિતિ અસહ્ય બનવા લાગી. આ સ્થિતિમાં કશુંય અનુમાન બાંધવુય ઉચિત ન હતું. સીતાની શોધખોળ કરતા રામને ટૂટેલા રથના, મુંગટના અવશેષો જળતા એ આગળ ધપે છે. એવામાં વિકરાળ જટાયુ અસંખ્ય જગ્યાએ ઘવાયેલો જળ્યો. રાવણે સીતાનું હરણ કર્યું એની જાણ થતાં શોધખોળ જારી રાખે છે. પરંતુ ખરેખરો સંઘર્ષ હવે ઊભો થાય છે. કાળરૂપ જંગલમાં રાવણને શોધવો ક્યાં? છતાંય પ્રયાસો ચાલુ રાખે છે. અહીં કંબંધ અને રામ

૨૧. એજન ભાગ.૨ પૃ.૨૪૫.

૨૨ એજન. ભાગ ૨. પૃ ૨૫૬.

૨૩. એજન ભાગ.૨ પૃ ૨૭૦.

વચ્ચેનો યુધ્ધપ્રસંગમાં રામની શૂરવીરતાને પ્રગટાવી આપવામાં સફળ રહે છે પરંતું કંબંધ રાક્ષસના પૂર્વજીવનની કથા મૂકતા મૂળ પ્રવાહ થોડો ફંટાય છે. કથાનકના પ્રવાહને સરળ બનાવી આપતી ઘટનાઓ ઘટે છે. દેવોનો શાપ પામેલો કંબંધ નો રામથી ઉધ્ધાર થાય છે. એ રામને શબરી પાસે જવાનું સૂચન કરે છે. અહીં કથા પ્રસંગો સહજતાથી બનતાં નથી. આથી રસક્ષતિનો અનુભવ થયા કરે છે. કંબંધના સૂચનથી રામ શબરીને મળવા જાય કે શબરીના સૂચનથી શુગ્રીવને મળવા જાય અના બદલે પન્નાલાલે આકસ્મીત પણે મૂલાકાતો ગોઠવી હોય તો કથા પ્રસંગનું ઔચિત્ય જડવાઇ રહ્યું હોત. પરંતુ એમ કરવામાં લેખક ઊણાં ઉતર્યા છે.

રામના આગમનથી ભાવવિભોર બનેલી શબરી રામની આગતા સ્વાગતા પૂર્ણપણે કરે છે. સર્જકે આ પ્રસંગ નિમિત્તે જાતિભેદના ભાવને સમર્થ રીતે ગૂંથી લીધો છે. સાંપ્રત સમયમાં અમીર-ગરીબ, માલિક-મજૂર, ઉચ્ચ-નિચ્ચ જાતિ ભેદ્યના પરિણામે અવની પર અસમાનતાનો વરવો માહોલ રચાય છે એને પરિણામે ઘણાંય અનિષ્ઠ પરિણામોનો ભોગ માનવીએ બનવું પડ્યું છે. અહીં એ દિશામાં થતો પન્નાલાલનો અંગૂલિનિર્દેશ સ્પષ્ટ પમાય છે. દેહલોક છોડીને પરલોક જવાની આજ્ઞા શબરી રામ પાસે માંગે છે ત્યાં લક્ષ્મણને સંદેહ જાગે છે કે: હલકાવર્ણની સામાન્ય સ્ત્રી જેને તપ, ભક્તિ કાંઇ કર્યું નથી એ કઇ રીતે બ્રહ્મલોક જઇ શકે? પરંતુ લક્ષ્મણની શંકા શંકા જ બનીને થંભી જાય છે. શબરી વિના વિઘ્ને અગ્નિકૂંડમાં દેહ વિલોપીને નૂતન દેહે સ્વર્ગે સિધાવે છે.

કથાનકના પ્રવાહના તાણાં વાણાંને ગૂંથવામા સર્જક મુશ્કેલી અનુભવતા હોય એમ સગવડીયા પ્રસંગો પ્રયોજે છે. સામે ચાલીને હનુમાન રામને મળે છે. સુગ્રીવનો પત્તો પ્રાપ્ત થતાં રામનો ઉત્સાહ વધી જાય છે. મૂળ કથાનકની આંગળી પકડીને ચાલતા લેખકે સુગ્રીવ-વાલીની કથા આલેખે છે. રામને સીતાના નૂપર અને રેશમી વસ્ત્ર પ્રાપ્ત થવાથી એ ઘેરા શોકમાં ડુબી જાય છે ને એવામાં 'વર્ષાઋતુ' આવતા એમનું દુ:ખ અનેક ઘણું વધી જાય છે. એ સ્વાભાવિક છે. અહીં કાલીદાસનું 'મેઘદૂત' યાદ આવી જાય છે. પન્નાલાલનું વર્ણન જોઇએ-

"એક તો વન ને એમાં વળી વર્ષાઋતુ! રંગબેરંગી ઉષાઓ ને છાલક છોળ સંધ્યાઓ, માથા ઉપર ગાજતાં ગોરભાતાંને વિદ્યુતના સલાવા સાથે વારે વારે ઝબકી જતાં રુદ્ર એવા આભલાં! તો નીચે વળી ભીની પોચી ધરતી સુધ્ધાં - સોળે શણગાર સજ્યાં છે. યૌવન ઊભરે ચડ્યાં છે ને સરિતા તેમ જ સરોવરમાં પ્રેમનાં વારી છલક્યે જાય છે!"[૨૪]

કુદરતની રમણીયતા અહીં આસ્વાદ્ય બની છે. વર્ષાઋતુ, સારસ-સારસી, કળા કરતા મોર આ બધા રામની વિરનવેદનાને પ્રદિપ્ત કરે છે.

વાલીનો વધ થવાથી શાંત બનીને બેસી રહેલા સુગ્રીવ પર લક્ષ્મણ કાળઝાળ બની ઊઠે છે. એ સુગ્રીવને કહે છે કે: "લક્ષ્મણે મૂઠીઓ ભીંસી દાંત પીસ્યાં. બબળ્યો: 'તો તો આજે આ રળિયામણી નગરી રામદંદ્રનાં બાણે - અરે કાં તો મારાં જ બાણે ધરાશયી! ઝેરની પેઠે લક્ષ્મણના અંગના ક્રોધની જ્વાળા પ્રસરી રહી."

× × ×

૨૪. એજન. ભાગ ૩. પૃ.૮.

– વચ્ચે બોલતા લક્ષ્મણે કહ્યું: 'હે વત્સ અંગદ, ક્ષણના પણ વિલંબ વગર તારા સુગ્રીવને ખબર આપ કે લક્ષ્મણ આવ્યો છે ને તારી પ્રતીક્ષા કરતો દ્વાર ઉપર એ ઊભો છે."[૨૫]

સીતા વિહોણા રામની અસહ્ય સ્થિતિ જોઇ ન શકવાથી લક્ષ્મણ સુગ્રીવ પાસે ગયો સુગ્રીવને માનુની સાથે રમણ કરતો જોઇને લક્ષ્મણનો ક્રોધ્ધ બેવડાઇ જાય છે. સુગ્રીવ રામને સહાય આપવા માટે ચારે બાજુ પોતાના દૂતોને દોડાવ્યા હતા. કેટલીક ટુકડીઓ પરિણામ વિના પાછી ફરી હતી એકમાત્ર હનુમાન ટૂકડી પાછી આવી ન હતી. અહીં ઉત્તરમાં બનતી ઘટનાઓનું બીજ મૂકાયું છે એક માસની મુદ્દતનો સમય પૂર્ણ થવામાં હતો. શોધખોળમાં આગળ નીકળી ગયેલી આ ટૂકડીને તરસ લાગતાં 'ઋક્ષ બલિની ગૂફા' માં પ્રવેશ કરે છે. આ વાનરોનું યુથ મૂંજવણ અનુભવે છે. સીતાને શોધવામાં નિષ્ફળ જવાથી અંગદ પાછાં ફરવાની સ્પષ્ટ 'ના' કહે છે. આ બધી ચર્ચા કરતાં હોય છે ત્યાં 'જટાયુ' નું નામ પડતાં જ સંપાતિ આ વાનરો પાસે આવીને જટાયુનો સઘળો વૃતાન્ત સાંભળીને પછી કહે છે કે: રાવણ સીતાને લંકા લઇ ગયો છે. સીતાને શોધવામમ સફળ રહેલા વાનરો સામે વિકટ પ્રશ્ન ઊભો થાય છે. સમુદ્રને ઓળંગીને સામે કઇ રીતે જવું? પન્નાલાલે વાનરો વચ્ચે ચર્ચાલાપ કરીને પ્રસંગના ભાવજગતને અભિવ્યક્ત કરે છે. દરેક વાનરો પોતાની શક્તિઓ કહેતા હોય છે પણ હનુમાન શાંત ચિત્તે સાંભળ્યા કરે છે. જાંબુવાન હનુમાન ની સુક્ષુપ્ત શક્તિથી પતિચિત હતો જે હનુમાનતે ય જાણ ન હતી. હનુમાનને એની શક્તિનું જ્ઞાન કરાવીને એને પોરસ ચઢાવ્યો. હનુમાનને એનાં બાળપણ ના પ્રસંગોની યાદ દેવળાવીને એને માનસિક રીતે સજ્જ કર્યો. અહીં પન્નાલાલે પીઠઝબકારનો વિનિયોગ કરીને હનુમાનના બાળપણના પ્રસંગોનું નિરૂપણ કરીને હનુમાનના ચમત્કારિક વ્યક્તિત્વને ઉપસાવ્યું છે.

પોતાનામાં રહેલી સુક્ષુપ્ત શક્તિનું જ્ઞાન થવાથીએ વિશાળ કુદકો મારીને હનુમાન લંકા પહોંચે છે. બિલાડાનો વેશ ધરીને હનુમાન સીતાની શોધ ખોળ કરે છે. અહીં પન્નાલાલે લંકાનગરીનું શબ્દચિત્ર આપ્યું છે. દા.ત. ત્યાંના વૈભવી ભવનો, ઉદ્યાનો, રાક્ષસો અને રાક્ષસીઓના વર્ણન. લંકાનગરીના અધિષ્ઠાત્રી દેવીને એક તમાચો ચોઢીને સીતાની શોધખોળ હનુમાન કરે છે.

સીતાને જોતાં હનુમાનના ચિત્તમાં નીચેના ભાવો ઉત્પન્ન થાય છે–

'સીતાની ભાળ મળી જ ગઇ છે એમ માનીને હનુમાન હર્ષમાં આવી ગયો. આનંદના અતિરેકમાં દીપકવાળ થાંભલા પર એક બે વાર ચડી ઊતર્યો. રાવણ માટે પણ થવા લાગ્યું ન્યાલ થઇ ગયો' લ્યા રાવણ તું તો. રામ હવે કોને લેવા લંકા આવશે? ફાવી ગયો જીવનભર તું તો– લક્ષ્મી કરતાં અધિક સીતાને આમ રીઝવી લઇ ને?"[૨૬]

આદરણીય પૌરાણિક પાત્ર હનુમાન આવું વિચારે ખરો? અહીં પાત્રની ગરિમાના જતનનો પ્રશ્ન ઊભો થાય છે. પાત્રોમાં વાણી, વર્તનનું ગ્રામ્ય ગુજરાતીકરણ કરવા જતાં સર્જક ઘણીવાર પાત્રોચિત સંવાદો રચતા નથી અને વાચકના મનને ખારસી ઠેસ પહોંચાડે છે.

સીતાને મનાવવાનો પ્રયત્ન કરતો રાવણ સીતાને કહે છે કે: '–ભલેને રામની પિપૂડી વગાડ્યા કરે!–"[૨૫] વિધ્વાન એવા રાવણ મુખે આ ભાષા હોય શકે? અહીં પાત્રોચિત્ત ભાષાનો પ્રયોજવામામ

૨૫. એજન. ભાગ.૩. પૃ.૬૨.

૨૬ એજન ભાગ.૩ પૃ.૭૪.

લેખક ઊણાં ઉતરતા જાય છે. 'પિપૂડી' શબ્દ કેટલો બધો ખટકે છે.

સીતાની શોધ કરતો હનુમાન સીતા પાસે પહોંચી જાય છે. હનુમાન અને સીતાના સંવાદ માં લેખકે સમવેદનના સૂક્ષ્મત્તમ ભાવવિશ્વને ધબકતો રાખે તે રીતે નિરૂપ્યા છે. રાક્ષસી માયાથી પરિચિત એવી સીતા હનુમાન પર વિશ્વાસ મૂકતાં ખચકાટ અનુભવે છે. અહી મૂળ કથાનકની જેમ જ હનુમાન રામે આપેલી મુદ્રિકા આપે છે

હનુમાનના શૌર્ય અને પરાક્રમના વર્ણનો જૂઓ-

-'ખાખરના પાનનો પડિયો હોય તેમ બેઉ બાજુ દબાવતાકને રોકલો જાણે! ભવનો પન એક પછી એક કડુડુડુ ભૂંસ થવા માંડયા.' (૯૫/૩)

રાવણના ઉદ્યાનો, ભવનો ને મેદાનો તોડી ફોડીને હનુમાને ચારેબાજુ ત્રાહિમામનું વાતાવરણ સર્જી આપ્યું. હનુમાનના ભયથી ઉગરવા માટે રાક્ષસો રાવણ પાસે જાય છે. સામાન્ય વાનર જાણીને રાવણે ચુનંદા વીર યોધ્ધાઓને મોકલ્યા પરંતુ હનુમાને તો એ બધાને તત્ક્ષણ મૃત્યુ સેજમાં મોકલી આપ્યા. આથી 'અક્ષકુમાર' સૈન્ય લઇને હનુમાન પર ચઢી ગયો. અક્ષય કીર્તિને પામેલો આ કુમાર હનુમાના હાથે ભયાનક મોત મરે છે આથી રાવણે 'મેઘનાદ' ને મોકલ્યો એ હનુમાનને પકડીને સભામાં લઇ આવે છે મેઘનાદને વિનવતો રાવણ, હનુમાનનું પરાક્રમ, મેઘનાદનું શૌર્ય. આ પ્રસંગો કથાને રસપ્રદ બનાવી આપે છે. હનુમાનના આવા દુધર્ષ સાહસથી કોપાયમાન બનેલો રાવણ એને મૃત્યુ દંડ દેવા તત્પર બને છે પરંતુ વિભીષણ રાવણને ધર્મજ્ઞાન આપીને હનુમાનને ભયાનક સજામાંથી ઉગારી લે છે. છતાં પણ રાવણ હળવી શિક્ષા રૂપે હનુમાનનું પૂછડું સળગાવવાનો આદેશ આપે છે. મેઘનાથના બ્રહ્માસ્ત્રથી બંધાયેલો એવા પરતંત્ર હનુમાન એ અવસ્થામાં ય મુક્ત પણે સીતાને પાછી સોંપવાની ચેતવણી આપવાનું સાહસ કરે છે પરંતુ કામી પ્રકૃતીનો રાવણ સીતાને પાછી સોંપે તો એ રાવણ શાનો? પોતાની શક્તિને દબાવીને બેસેલો હનુમાન પૂછડું સળગાવે એની રાહ જોવા લાગ્યો. પણ પછી એ લંકાનગરી પર તાંડવ ખેલવા લાગ્યો. એનું એક જીવંત શૈલીમાં નિરૂપાયેલું ચિત્રાત્મક વર્ણન જૂઓ-

"દોરડામ પકડનાર રાક્ષસો તો બિચારા- હાદોટા આપે જ કોઇકના હાથમાંથી દોરડાં છૂટી ગયા તો આંટી પાડીને દોરડું પકડીને રહેનારા પણ કેટલાંક સુધી ઘસડાઇ ગયા. એક જણતો વળી અધ્ધર જ લટકી રહ્યોને હનુમાને જ્યારે ઉપર જઇને પોતાના બંધ તોડવા માંડયા ત્યારે એ ભૂમી ભેગો થઇ શક્યો. હાડકાં ખોખરાં થવાથી કેટલીક વાર સુધી એ એમને એમ જ પડી રહ્યો."[૨૬]

ક્ષણવાર લંકાનગરીને આગમાં લપેટીને હનુમાન પાછો ફરે છે. પન્નાલાલે તળપદી ભાષામાં કથાપ્રસંગને થોડોક રસપ્રદ બનાવ્યો છે એથી આગળ વધવાનું એમને ટાળ્યું હોવાથી અહીં પણ પુરાણ કથા પ્રસંગ માત્ર કથા જ બનીને અટકી જાય છે.

સફળતાના નશામાં ગરકાવ થયેલા આ યૂથે પોતાના આનંદને મનાવવા રાજ્યની ફળીવાળીમાં તોફાન મચાવીને વાડીને વેરવિખેર બનાવી મૂકે છે અને એના રખેવાળને ખૂબજ મારે છે. અહીં પ્રયોજાયેલો શબ્દ 'દે ઢીંસ, દે ઢીંસા!' તળપદી ભાષાની છાંટ ઊભી કરે છે અને પ્રસંગના ભાવને સમર્થ રીતે ઉપસાવે છે.

---

૨૬ એજન. ભાગ ૩ પૃ ૧૧૭

માનવમનની ઊંડી ધરાતલના સૂક્ષ્મતમ ભાવોને સુપેરી રીતે તાગીને એ ભાવને નિરૂપણ કરવાની ગજબની પ્રતિભા ધરાવતા પન્નાલાલે અહી રામના અતાગ ભાવજગતને નિરૂપીને રામની વેદનાને આમ અભિવ્યક્ત કરી છે

' હનુમાન દ્વારા સીતૌ મોકલાવેલો ચૂડામણિ જોતાં જ રામની આંખો સ્ત્રવી પડી- મોતીની સેર તૂટી! આંખે, કપાળેને છાતીએ લગાડતાં ગદગદ કંઠે કહેવા લાગ્યા: 'અહો! અહો! સીતાના સહચારમાં અહર્નિશ રહેલા હે ચૂડામણિ! મને આજે અડધી જાણે સીતા મળી! અરે એકલી અટૂલી સીતાને તું ક્યાં છોડી આવ્યાં?... ... બોલ રે બોલ! તારી પાસે સીતાના દિલની શી શી વ્યાધાઓ નહિ ભરી હોય! રાક્ષસોની આધીનતામાં કોમળ દિલની સીતાને શી શી યાતનાઓ નહિ સહેવી-' રામનો અવાજ અટકી ગયો, ધ્રુસકે ધ્રુસકે રડી પડયા... ...'[૨૭]

પન્નાલાલે પાત્રની મનોવ્યથાનું હૃદયસ્પર્શી નિરૂપણ કર્યું છે. સીતાનું પગેરું મળી આવતાંજ સુગ્રીવની વાનરસેના સાથે રામ અને લક્ષ્મણ સમુદ્ર કાંઠે આવી ઊભા રહે છે. હવે પ્રશ્ન એ છે કે - સમુદ્રને ઓળંગવો કઇ રીતે? જંબુવાનના કહેવાનુસાર રામે સમુદ્રને પ્રસન્ન કરવાનો પ્રયત્ન કર્યો પણ રામની પ્રાર્થના એળે જવાથી એમણે 'બ્રહ્માસ્ત્ર' નો પ્રયોગ કર્યો ત્યારે સમુદ્રે રામને માર્ગ કરી આપ્યો. અહીં ચમત્કારિક ઘટના ઘટે છે.

બીજીબાજુ હનુમાનના અનન્ય સાહસથી રાવણ ચિંતિત બની ઊઠતા રાક્ષસ સભાને તાબળતોબ બોલાવીને 'સીતાને રામને સોંપવી કે કેમ?' આ પ્રશ્નની ચિર્ચા કરે છે. કુંભકર્ણ રાવણના કૃત્યને વખોડી નાંખે છે. પરંતુ ભાતૃભાવે એ રાવણને સહાય થવાનું વચન આપે છે. સભાના મોટા ભાગના અસૂરો રાવણને પોષક વિધાનો કરે છે પરંતુ ધર્મજ્ઞ એવો વિભીષણે આ બધાથી જુદાં પડીને રાવણને સલાહ આપી કે: સીતાનેપાછી સોંપી દો. પોતાનો જ ભાઇ આવી સિલાહ આપે એ રાવણ કઇ રીતે સ્વીકારે? અધર્મતાના રંગે રંગાયેલો રાવણ ક્રોધ્ધાવિષ્ઠ બનીને વિભીષણને લંકાનગરી છોડી જવાનો આદેશ આપે છે. એ રામના શરણે જાય છે. વિભીષણનું આગમન રામને માટે અડધા વિજય જેવું લાગે છે કારણ કે લંકાગનરીના યુધ્ધની વ્યૂહરચનાનો ખ્યાલ મળી રહે છે.

રામનું સૈન્ય સમુદ્રને કાંઠે બેઠું હશે એમ માનતો રાવણને શુકે કહ્યું કે: રામ અને એનું સૈન્ય લંકાનગરીમાં પ્રવેશી ચૂક્યું છે. ત્યારે તો રાવણના પગ તળે થી જમીન સરકી પડે છે.

હનુમાનના વીરકાર્યથી એકમાત્ર રાવણ જ નહી સમગ્ર લંકાનગરી ભયભીત બની ગઇ હતી. પતિને ઉગારી લેવા મંદોદરી ઘણો પ્રયત્ન કર્યો પણ જ્યાં આગળ આંખો માં વાસના ખદબદતી હોય ત્યાં સારાનરસાનો વિવેક ક્યાંથી હોઇ શેક? અર્ધાંગિનીની ઉપેક્ષા કરતો રાવણ માલ્યવાણની સલાહ ને અવગણી કાઢે છે.

વિના પ્રયોજને યુધ્ધ કરવું એ ઔચિત્યપૂર્ણ ન લાગવાથી રામે એકવાર અંગદને રાવણ સભામાં દૂત તરીકે મોકલીને યુધ્ધ ખાળવાનો પ્રયત્ન કર્યો પરમતુ આંખો વાસના લઇને બેસેલો અહંકારી પ્રકૃતિના રાવણે સીતાને પાછી સોંપવાની સ્પષ્ટપણે 'ના' પાડી હવે યુધ્ધ નિશ્ચિત જ હતું.

રામના પાત્રમાં રહેલા ઉદાસભાવોને અહીં લેખકે આમ વર્ણવ્યા છે.

---

૨૭. એજન ભાગ.૩. પૃ.૧૩૪

"રામે કરુણ એવું હાસ્ય કરતાં કહ્યું: 'રાક્ષસશ્રેષ્ઠ, મને રાવણ મરે એની ચિંતા લેશ પણ નથી, પણ એની સાથે એના સકળ પરિવારનું ને અસંખ્ય બીજા રાક્ષસોનું નિકંદન નીકળી જશે એની જ માત્ર ચિંતા છે."[૨૮]

રામ અને રાવણ વચ્ચે યુધ્ધ થાય છે અધર્મ સામે ધર્મનું યુધ્ધ 'પાર્થને કહો ચઢાવે બાણ', 'ભીષ્મની બાણશય્યા' અને 'કૃષ્ણજીવનલીલા' માં યુધ્ધના પ્રસંગોને ચિત્રાત્મક શૈલી દ્વારા પન્નાલાલે તાદશ કર્યા જ છે. એમ અહીં હનુમાન, અંગદ, પ્રજાદષ્ટ, અકંપન અને અન્ય વીર રાક્ષસ સૌધ્ધાઓ તથા વાનર વચ્ચે થતાં યુધ્ધનું સૂક્ષ્મતાથી નિરૂપણ કર્યું છે.

ધ્રુમાશ, પ્રજાદષ્ટ અને અકંપન જેવાં સેનાપતિ ઓ હણાઇ જવાથી રાવણ ડઘાઇ જાય છે. પ્રથમ દિવસે વિજયધ્વજ પોતાના હાથમાં આવી જશે એમ માનતા રાવણની મૂંઝવણ અનેક ઘણી વધી જાય છે. મૂંઝવણમાં મૂકાયેલા પિતાને સહાય કરવા એનો પુત્ર ઇન્દ્રજીત આવે છે. ઇન્દ્રજીતના શૌર્ય, સાહસ ને પરાક્રમને તાદશ કરાવવા પન્નાલાલે એ પાત્રની સામે જાંબવાન, અંગદ અને નીલ સાથે યુધ્ધ કરાવીને ઇન્દ્રજીતના અનન્ય પરાક્રમને પ્રગટાવી આપ્યું છે. વીરરસની જમાવટમાં લેખકે ઠીક ઠીક કસબ દાખવ્યો છે. દા.ત. નીલના શૌર્યને બીરદાવી આપતું વર્ણન-

'અપમાનિત થયેલો નીલ ક્રોધને લીધે મશાલની જેમ સળગી ઊઠ્યો. હાકોટા સાથે નિકુંભ તરફ છલાંગ ભરી. એક જ હાથે નિકુંભના રથને ધરીમાંથી ઊંચો કરી ત્રણ ગોઠિંબડો ખવડાવી દીધાં એક પૈડું ધરીમાંથી ખેંચી કાઢયું. ચક્રની જેમ ઘૂમાવતાકને એવા બળથી છોડયું કે નિકુંભનો મુંગટ ઉડાડતાંકને કંઇક રાક્ષસોનો કચ્ચરઘાણ કાઢી નાંખ્યો.'

અંગદના સાહસને અભિવ્યક્ત કરી આપતું વર્ણન-

'અંગદે દાંત ભીંસીને હાથમાંથી ગદાને ઇન્દ્રજીતના રથ ઉપર ફેંકેટી. ગદાના વેગથી હવા સુધ્ધાં સળગતી હોય એવા લિસોટો પડયો હતો. ઇન્દ્રજીત એને બાણ છોડે એ પહેલા તો-'[૨૯]

દેવો, યક્ષો અને ગંધર્વોને પરાસ્ત કરનાર ઇન્દ્રજીતને રામ-લક્ષ્મણ સામે જતાં લોઢાના ચણાં ચાવવા પડયા. અસૂરી તાકાતો ધરાવતો ઇન્દ્રજીત આકાશમાં લોપ થઇને વાનર સૈન્ય પર ત્રાસ વરતાવીને લક્ષ્મણ અને રામને બેહોશ બનાવી તેઓ મૃત્યુ પામ્યા છે એમ માનીને રાવણને ખુશખબર આપવા ઉમળકાથી દોડી જાય છે. રામ-લક્ષ્મણના મૃત્યુના સમાચારથી આનંદિત બની ઉઠેલો રાવણ ત્રિજટા સાથે સીતાને સંદેશો આપીને રીઝવી લેવાનો પ્રયાસ કરે છે પણ ત્રિજટા સીતાને સત્ય જણાવીને સીતાના આક્રંદને શાંત કરે છે. પ્રિય પતિ રામના મૃત્યુના સમાચારથી સીતા ભગ્ન હૃદયે વિલાપ કરવા લાગી. સીતાની કરુણતાને પન્નાલાલે આમ અભિવ્યક્ત કરી છે.

'અરેરે, જેમની પાસે વરુણાસ્ત્ર, આગ્નેયાસ્ત્ર, ઐન્દ્રાસ્ત્ર અને વાયવ્યાસ્ત્ર તથા બ્રહ્માસ્ત્ર જેવાં મહાદુર્ધષ અસ્ત્રો હતાં એમની આજે આવી દશા જે રામ તલવારની ધાર પેઠે સત્યને જ અનુસરે છે ને જેમનામાં કરુણનો પાર નથી એવા રામ નાગપાસથી બંધાઇ ગયા? અરે બેઉ રાઘવો મૂર્છા પામી રણભૂમિ પર પડયા છે છતાંય સ્વર્ગના દેવો ને તપોનિધિ ઋષિઓ શું ટગર ટગર જોયા જ કરતા હશે?

---

૨૮ એજન. ભાગ ૩. પૃ.૨૦૧.

૨૯ એજન ભાગ ૩. પૃ ૨૨૩.

ધર્મની વહારે બે દેવો નહિ ચડે તો દેવોને પછી પૂઝશે કોણ ને પુછશે પણ કોણ? અરેરે! જે રામે દશરથ જેવા ધર્મનિષ્ઠ પિતાના કહેવા છતાંય યુવરાજ પદ માટેનો પોતાનો હક આગળ કરી શસ્ત્રો હાથમાં ન લીધાં તેનજ સીધાં એવા ત્યાગી ને એવા નિર્મોહી રામની દોહ્યલી વેળા છે છતાંય - ધર્મના ઘરે જ ઘાડ પ્રભુ! .... '[30]

પ્રસંગોનું આલેખન સહઝતાથી થાય છે. કુતૂહલનું વાતાવરણ સર્જાય છે. રામના શીશને ભેટમાં આપીને દુ:ખી થઇ ગયેલી સીતાને પોતાની બનાવવાના ઉમળકાભેર રાવણ આવ્યો તો ખરો પરંતુ અહીં નાટયાત્મક ઘટના ઘટે છે. એ સીતાને રીઝવવા જતો હતો એ વેળાએ એની સામે દૂત આવીને કહે છે કે: રામ-લક્ષ્મણ જીવતા થયા છે. અચૂરી તાકાતો અને પ્રપંચને આશરે સીતાને પામવાના કોડ તો રાવણના હૃદયમાં જ રહી જાય છે.

નાગપાશમાં બંધાયેલા રામ-લક્ષ્મણને ગરૂડ આવીને મુક્ત કરે છે. રામને મારી નાંખવાના મક્કમ નિર્ધાર સાથે રાવણે પ્રહસ્ત અને કુંભ-નિકુંભના રાક્ષસો સાથે રાક્ષસસેનાને મોકલી આપી. ફરી વાર રાક્ષસ ને વાનરોના સૈન્યો વચ્ચે ઘમાસાણ યુધ્ધ ખેલાવવા માંડયું. અસંખ્ય રાક્ષસોને વાનરો મૃત્યુ પામતાં તો કેટલાંક ઘાયલ થતાં. સોળે કળાએ યુધ્ધમાં તાંડવ મચાવતા પ્રહસ્તને શીલા મારીને નીલે યમભૂમી મોકલી આપ્યો.

કૈકસી રાવણને ભયાનક મોતમાંથી ઉગારવાનો પ્રયત્ન કર્યો પણ સીતાના રૂપમાં અંધ બનેલાં રાવણ અભિમાનના નશામાં ચૂર બનીને માતાની આજ્ઞાને પણ અવગણી નાંખે છે.

સામાન્ય માનવને તૃણ તોલે ગણતો રાવણ માનવ આગળ ઘૂંટણ કઇ રીતે ટેકવી દે? રાવણના આવા વ્યક્તિત્વથી માતાની મુંઝવણ અનેક ઘણી વધી પડે છે. પ્રતાપી ને તપોનિધિ, શાસ્ત્રજ્ઞ પુત્ર પર ક્રોધ કરવો કે શોક કરવો. માતાને કાંઇજ સમજાતું નથી. અહીં સર્જકે પાત્રના મનની અવઢવને સુક્ષ્મતાથી પકડીને વર્ણવી આપી છે.

યુધ્ધના આરંભે સુગ્રીવ રાવણના રથપર ચઢીને એનો મુગટ પાડી નાંખે છે રાવણ સુગ્રીવની ગ્રીવાએ પકડીને પછળાટ આપે છે. હનુમાન-રાવણ અને નીલ-રાવણ વચ્ચેનું યુધ્ધ આમ વાનરસૈન્યના મહાયોધ્ધાઓને પોતાની શક્તિનો પરિચય આપતો રાવણ લક્ષ્મણ અને રામ સામે આવીને ઊભો રહે છે. લક્ષ્મણ સાથે અઘોર યુધ્ધ કરીને રાવણે એને મુર્છામાં ઢાળી મૂક્યો. સૂર્યાસ્ત થવાથી રાવણ પાછો ફર્યો. લક્ષ્મણ ઘવાતાં રામનું હૃદય દુ:ખી બની ઉઠયું. લક્ષ્મણને લોહી ભીનો જોઇને રામનું હૃદય કકળી ઉઠયું.

લોહી ભીના લક્ષ્મણને જોતાં કોપાયમાન બનેલા રામ પુરા વેગ અને સાહસ થી રાવણનો સામનો કરવા તત્પર બને છે રાત્રિનો સમય હોવાથી યુધ્ધવિરામ થાય છે.

મનુષ્યને તણખાની તોલે અવગણતા રાવણના દિવ્યાસ્ત્રો વિફળ જવા લાગ્યા આથી એનામા ભય પ્રવેશવા લાગ્યો. અહીં પન્નાલાલે રાવણના. અતિત જીવન ડોકિયું કરાવીને કથાનકને પ્રતીતિજનક રીતે આપવાનો અભિગમ રાખ્યો છે.

ભૂતકાળમાં વિધ્વતા નામની કુશધ્વજ ઋષિની પુત્રીને બળાત્કારે ચોટલો પકડયો હતો. પાપ

30. એજન ભાગ ૩. પૃ.૨૮૮

યુક્ત છાયાને નષ્ટ કરવા વેદવતીએ પોતાના હાથની તીક્ષ્ણ દાથી ચોટલો કાપી નાંખ્યો અને ચિતા પ્રવેશતા કહ્યું: ' હે ઇશ, જો મેં એક ચિત્તે નિષ્ઠાપૂર્વક તપ કર્યું હોય તો આવતા જન્મે હું કોઇ ધર્માત્માને ત્યાં અયોનિનીપુત્રી થાઉં તો પતિવ્રતા ધર્મનું પાલન કરી આ દુષ્ટ નિશાચરના મૃત્યુની હું જ પોતે નિમિત્ત બનું."[30] રાવણના ભયને પરાકાષ્ઠાએ લઇ જવા માટે પન્નાલાલે મૂળકથાનકમાં ન હોય એવા કથાપ્રસંગને સ્વકલ્પના બળે આલેખન કર્યું છે. આથી એ કુંભકર્ણને ગાઢ નિંદ્રામાંથી જગાડે છે. રામ-લક્ષ્મણને સામાન્ય માનવ ગણીને કુંભકર્ણ અભિમાનમાં ચકચૂર થયેલો એકલે હાથે જ મારી નાંખવા તત્પર બન્યો. પરંતુ રામ-લક્ષ્મણની અમાપ શક્તિને સારી રીતે પામી ગયેલો રાવણ કુંભકર્ણને સઘળો વૃતાંત કહી સંભળાવીને કુંભકર્ણ સાથે રાક્ષસસૈન્ય મોકલી આપે છે.

કુંભકર્ણના વિકરાળરૂપથી વાનરો ભયભીત બની ઉઠે છે. પાત્રો સામ-સામે સંવાદો બોલે અને એક મેકને પરાસ્ત કરીને પોતપોતાની સર્વોપરિતા સાબિત કરવા અવનવા સાહસભર્યા પરાક્રમો કરે આ પ્રક્રિયા ખાસ્સો સમય માંગી લે છે. વાનરોને 'ઓરતો' કુંભકર્ણ, સુગ્રીવનું પરાક્રમ, લક્ષ્મણ અને કુંભકર્ણ વચ્ચેનું અઘોર યુધ્ધ, રામ અને કુંભકર્ણ વચ્ચે યુધ્ધ,- આ બધા બનાવોને ચિત્રાત્મક વર્ણનકલાથી નિરૂપીને સર્જકે પાત્રોની અનન્ય વીરતાને વર્ણવતો વીર અને હાસ્ય બન્ને રસની જમાવટ કરી છે. અંતે કુંભકર્ણ મૃત્યુ પામે છે.

કુંભકર્ણ અને રાવણના ચાર પુત્રોના મૃત્યુથી રાક્ષસો હતભ્રમ બની જાય છે. આવા માઠાં સમાચાર રાવણને કઇ રીતે આપવા એની અવઢવમાં પડયા. આખરે રાક્ષસોએ કૈકસી મારફતે સમાચાર પહોંચાડે છે. કૈકસી ફરી એક વાર રાવણને પાપકર્મમાંથી ઉગારવાનો પ્રયત્ન ને આજ્ઞા કરે છે. રાવણ સામે યુધ્ધ શીવાય અન્યથા કોઇ માર્ગ રહ્યો નહીં.

ઇન્દ્રજીત જ્યારે રામ-લક્ષ્મણને મૂર્છિત બનાવે છે ત્યારે હનુમાન અદભૂત પરાક્રમ કરીને હિમાલથી ઔષધિ લઇ આવે છે અને સૌની સુશ્રુષા કરે છે.

એક પછી એક મહાયોધ્ધાઓ યુધ્ધમાં હોમાતા જોઇને રાવણ પુત્ર ઇન્દ્રજીત પાસે યાચના કરે છે. યાચના કરતા પિતાને ઇન્દ્રજીત કહે છે કે: 'ક્યાં પેલો એક જ હાકોટે સ્વર્ગના દેવોને ઉંદરોની જેમ ભગાડી મૂકનાર દશગ્રીવ રાવણને ક્યાં આ આજનો-'[31] સીતાને ઉઠાવી લાવવામાં વીરત્વ દાખવનાર રાવણ નો અહંકાર બળી ગયા પછી કેવી નિ:સહાયતાનો અનુભવ કરે છે. બ્રહ્માના વરદાન પ્રમાણે ઇન્દ્રજીત પાસે દિવ્યાસ્ત્રો હોય તો જ એ વિજયી બનશે. દિવ્યાસ્ત્ર ધારણ કરેલા ઇન્દ્રજીતને મારવો લોખંડના ચણા ચાવવાથી દુષ્કર કાર્ય હતું. સર્જકે વિભીષણના મુખે આ ટકોર કરાવીને ઉત્તર સમયમાં બનનારી ઘટનાનો પરિવેશ સર્જી આપ્યો છે. બીજીબાજુ કટોકટીભરી સ્થિતિ ઉત્પન્ન થવાથી ઇન્દ્રજીતને યુધ્ધમાં રાવણને મોકલ્યા વિનાં કોઇ માર્ગ ન હતો. પરંતુ રોજે રોજ દિવ્યાસ્ત્રને અભિમંત્રિત કરવા ઇન્દ્રજીત માટે અશક્ય થઇ પડે છે. આથી ઇન્દ્રજીત માયાવી શક્તિનો આશ્રય લઇને સીતાનો વધ કરીને રામને માનસિક રીતે હણી નાંખીને હોમ-યજ્ઞમાં સમય કાઢી લેવાનો પ્રયત્ન કરતો હતો પરંતુ વિભીષણની ટકોરથી ચેતી ગયેલી રામ-લક્ષ્મણ ઇન્દ્રજીતને એવો કોઇ સમય જ આપવા માંગતા ન હતા. આથી તેઓ ઇન્દ્રજીતને આહ્વાન પર આહ્વાન આપવા લાગ્યા. આ પ્રસંગે લેખકે લક્ષ્મણ અને

30 એજન ભાગ.3 પૃ.૨૮૮.

ઇન્દ્રજીત પૌરુષત્વને આમ વર્ણવ્યા છે. એ જોઇએ-

'લક્ષ્મણે સામે સૂર્યાસ્ત મૂકી આગ્નેયાસ્ત્રનું પણ સૂરસૂરિયું કરી હાસ્યાસ્પદ જ બનાવી મૂક્યું.. ...'(પૃ.૩૦/૪) અહીં 'સૂરસૂરિયું' તળપદી ભાષાનો શબ્દ સમર્થ રતિ પ્રયોજાયો છે તત્કાલીન ભાવને સહજતાથી ઉપસાવી આપે છે. અંતે લક્ષ્મણ હાથે ઇન્દ્રજીતનો વધ થાય છે મૂળ કથા પ્રસંગોમાં બને છે એમ કૈકસી ને મંદોદરી રાવણને પાપાકર્મમાંથી બચાવીને લંકાનગરીને ઉગારવાનો પ્રયત્ન કરે છે. ઇન્દ્રજીતના વધના સમાચારથી હતપ્રભ થયેલો રાવણ ધૂંઆપૂંઆં થઇ જાય છે. રાવણના ક્રોધને પન્નાલાલે આમ ઉપસાવ્યો છે. "રડતો રાવણ ધૂંધવી ઊઠયો. ' હે દુષ્ટ મા, મારી આગળ આવી વાત હવે કરીશ નહિ, નહિ તો-' ક્રોધના આવેશ વચ્ચે આગળએ બોલી જ ન શક્યો.

મહાક્રોધી રાવણની આંખો મૂળે લાલ હતાં એમાં વળી પોશ પોશ આસુંએ રડયો હતો! જોનાર ને તો એમ જ લાગ્યું: હમણાં એની અંગાર સરખી આંખોમાંથી લોહીના ટીપાં પડવા માંડશે.'[૩૨]

જ્યારે પોતાની હાર નજર સામે દેખાય ત્યારે મહાપરાક્રમી રાવણનુમ વ્યક્તિત્વ પણ કેવી અસહાયતા અનુભવે છે. ક્રોધ્ધાની ભભૂકી ઊઠતાં સીતાનો વધ કરવા જતાં રાવણને સુયાશ્રવે 'સ્ત્રીહત્યા' ના પાપકર્મમાંથી ઉગારી લે છે. યુધ્ધભૂમિ પરના એનાં પ્રવેશ સાથે આક્રમક બનેલાં રાવણ વિભીષણ પર વિજળીવેગે ગદાપ્રહાર કરે છે અને લક્ષ્મણને બેભાન બનાવી મૂકે છે. નાનાં ભાઇનું રક્તભીંનું શરીર જોતાં રામના શરીરમાં ક્રોધ વ્યાપી વળ્યો એ મહાયુધ્ધનું વર્ણન જોઇએ-...

'રાવણનાં અસ્ત્રમાંથી પ્રગટેલાં અનેકાનેક સર્પો પાણીમાં તરતી માછલીઓની જેમ હવામાં તરતા ને ભયંકર સુસવાટ કરતા કેટલાંક રામ તરફ સીધા તો કેટલાક વળી વાનરસેના પર વેગપૂર્વકના લાગ્યા. પણ-

અડધે પૂરા પહોચ્યા નહિ ને રામે છોડેલા ગરુડાસ્ત્રમાંથી અનેકાનેક ગરુડ પ્રગટયા. કીડીઓ ચનતા પક્ષીની જેમ ચપોચપ ચાંચમાં લેવા માંડયા! જઠરાગ્નિમાં હોમવા માંડયા.

રાવણે છોડયૂ ગંધર્વાસ્ત્ર તો રામે સામુ દેવાસ્ત્ર મૂક્યુમ. રાવણે મૂક્યું અસુરાસ્ત્ર તો રામે છોડયું રોદાસ્ત્ર. ....

હવાની અંદર પ્રલયકારી કડાકા ને ભડાકા થતાં હતાં. અંધ કરી દે એવા પ્રકારના ઝબકારાઓએ ભૂમિ તેમ જ નભોમંડળને કારમા ત્રાસથી-ભરી દીધું."[33]

રામ રાવણનું માથુ ધડથી છેદી નાંખે છે પરંતુ છેદાયેલું શીશ મૂળ સ્થાને આવી જવાથી રામની મૂંઝવણ અનેક ઘણી વધી જાય છે. અહીં માતાલિનો સંકેત રાવણવધનું નિમિત્ત બની રહે છે. રાવણના શીશને બદલે રાવણના હૃદયપર નિશાન લઇને બાણ છોડીને રામે રાવણનો વધ કર્યો રાવણનાં વધના સમાચારથી એની પત્ની મંદોદરી અતિશય દુ:ખ અનુભવે છે. રામે વિભીષણનો રાજ્યાભિષેક કર્યો.

લંકાપર વિજયી ધ્વજ ફ્રેલાવનાર રામ સીતાને મળવાને બદલે સીતાને રાજ્ય સભામાં બોલાવે છે. અહીં નાટયાત્મક વળાંક કથા રસપ્રદ બનાવી આપે છે. ભરી સભામાં રામે સીતાને કહ્યું કે: 'હે ભદ્રે, આજથી હવે હું છૂટો છું. તું તારી મરજીમાં આવે ત્યાં જઇ શકે છે.' પન્નાલાલે રામના પાત્રને આ

૩૨ એજન ભાગ ૩ પૃ ૩૬

૩૨ એજન ભાગ ૩. પૃ.૫૫-૫૬

સ્થિતિમાં લઇ આવતા પૂર્વે પ્રસમગાનુરૂપ પરિવેશની અદભૂત માંગણી કરી છે. રામ ઘણાં લાંબા મનોમંથન બાદ આ વિચાર રજૂ કરી શક્યાં છે. લોકપવાદનો ખ્યાલ આવતા જ એ મનોમન નિશ્ચય કરીને આવો દારુણ નિર્ણય સભાસમક્ષ જાહેર કરે છે. લક્ષ્મણ વિભિષણ, અંગદ અને અન્યને રામના આવા વર્તનથી ન જીરવાય એવો આઘાત લેગે છે. ત્યારે સીતાની શી હાલત થાય? ક્ષણવારતો સીતાને એમ જ લાગ્યું કે: આ મારો રામ નથી. રાવણની કોઇ પ્રપંચલીલા ભાસે છે. સીતાના આંતર-બાહ્ય ભાવજગતની ઋજુ લાગણીને સારી રીતે સમજી શકતા રામ હૃદયની ભાષાને અવગણીને રાજ તરીકેના કર્તવ્યભઅવને પૂણકરવા માટે સીતાને એનાથીય અસહ્ય એવા કટુ વચનો બોલવા લાગે છે. અંન્ય કોઇના વેણ સાંભળી લેવાય પણ પતિ મુખે જ ચારિત્ર્ય પર કિચડ ઉછાડવામાં આવતું જોઇને સીતાએ તત્ક્ષણ અગ્નિપ્રવેશ કરવાનો નિશ્ચય કર્યો.

વિચિત્ર પરિવેશથી કોપાયમાન બનેલો લક્ષ્મણ રામ તરફ દષ્ટિ કરે છે ત્યારે રામ લક્ષ્મણને આંખ મીંચકારે છે. અહીં પન્નાલાલે રામને માનવમાંથી દેવ બનાવી મૂક્યો છે. રામ માનવ નહીં પરંતુ વિષ્ણુનો અંશ તરીકે સર્જકે સ્વીકારીને એ પ્રમાણે કથાનું આલેખન કર્યું છે. હવે પછી શું થશે? એનાથી રામ પરિચિત છે. એટલે જ એ લક્ષ્મણને સાંકેતિક ભાષામાં શાંત બનીને જોયા કરવાનું કહે છે. કથાના રહસ્યને અકબંધ રાખવાનું તાકકે અવગણીને પ્રસંગના રહસ્યનો સ્ફોટ કરાવીને ઉત્તરમાં બનનારી ઘટનાનો સંકેત કરવામાં પ્રસંગની ગોપનીયતાનો વિવેક ચૂકાઇ જવાથી પ્રસંગ રસપ્રદ બનવાને બદલે રસભંગ થાય છે અહીં પન્નાલાલમાં કલાકિય સૂઝ ને સમજનો અભાવ સ્પષ્ટપણે તરી આવે છે.

આ પ્રસંગનું નિર્માણ કરીને પન્નાલાલે પોતાને જે ભાવ અભિપ્રેત છે એ ભાવોને આમ અભિવ્યક્ત કર્યો છે. રામે સીતાનો ત્યાગ કર્યો આથી જ સીતાએ અગ્નિપ્રવેશનો નિર્ણય કર્યો અને અગ્નિમાં પ્રવેશવા લાગી ત્યારે વાનરો અને રાક્ષસો મનોમન કહેવા લાગ્યા કે:

'અરે! આવા માણસની શું પ્રતિક્ષણા કરે છે, સીતા! એણે તને જકારો તો દઇ દીધો છે. ક્યાં હવે એ ધર્મથી તારો પતિય રહ્યો છે કે-' (પૃ.૧૦૨/૪)

અહીં પન્નાલાલનો રામ પ્રત્યેનો પ્રચંડ આક્રોશ પ્રગટ થયો છે. રામ સીતાના ચારિત્ર્યને સારી રીતે જાણે છે અને સમજે છે છતાંય સીતાન અગ્નિ પરીક્ષા આપવા સુધી લઇ જાય છે. અહીં વિષ્ણુના અવતારધારી રામ લોકપવાદને મહત્વ આપી અજુગતું વર્ણન કરે છે ત્યારે સ્વાભાવિક પણે પન્નાલાલ જેવા લાગણીશીલ માનવને આ કહે અને એમના કોપનું બિંદુ બને છે. લોકોમાં સીતાના ચારિત્ર્ય અંગેનો કોઇજ વિચાર બહાર આવ્યો ન હોવા છતાંય રામ પોતે જ લોકો આમ વિચારશે એમ માનીને સીતાને અગ્નિમાં પરીક્ષા તરફ દોરી જાય તે અસહ્ય લાગે છે. અંતે સીતા અગ્નિપ્રવેશ કરે છે. અગ્નિમાં પ્રવેશેલી સીતાને જોઇને રામની આંખો પણ દ્રવી પડે છે. અહીં રામ માનવ બની જાય છે. આમ પન્નાલાલે રામને દેવ અને માનવ એવા બન્ને રૂપો પ્રગટાવીને સગવડ પ્રમાણે આલેખન કર્યું છે. અહીંયા ચમત્કારિક ઘટના બને છે: સીતા અગ્નિમાં પવિત્ર બનીને બહાર આવે છે. વાનરો ને રાક્ષસો સીતાનું અભિવાદન કરે છે. સીતાના મનમાં રામ પ્રત્યે થોડો ઘણો અણગમો ઉદ્ભવે છે પરંતુ અયોધ્યા જતાં રામે યુધ્ધમાં બનેલી ઘટનાઓ અને વનમાં આવી પડેલી વિટંબણાઓની વાતો કરી સંભળાવી ત્યારે સીતાના મનમાં રહેલો અણગમો દૂર થાય છે.

રામ અને સીતા પુષ્પક વિમાનમાં અયોધ્યા પ્રયાણ કરે છે. માર્ગમાં આવતા પરિચિત સ્થળો, ગૃહનું મિલન કથાને પોષક બનીને આવે છે. ભરત અને રામનું મિલન થાય છે. ભ્રાતૃપ્રેમનું લેખકે લાગણીપૂર્વક નિરૂપણ કર્યું છે. અહી અનેરું સ્નેહ મિલનનું દૃશ્ય ઊભું થયું છે. હવે, કથાનકમાં પ્રસંગો વેગપૂવર્ક બને છે. રામનો રાજ્યાભિષેક થાય છે, વાનરોનું ભવ્ય સ્વાગત કરીને એમને ઉચિત એવી ભેટોથી નવાજવામાં આવે છે.

લોઢાને યોગ્ય માત્રામાં તપાવ્યા બાદ લુહાર પોતાને અભિપ્રેત એવો આકાર આપે છે એમ લેખક અહીં પોતાના ચિત્તમાં રહેલા ભાવને રૂપ આપવા માટે એવા પરિવેશનું સર્જન કરે છે સગર્ભા બનેલી સીતા રામ સાથે પ્રસન્ન દામ્પત્યજીવન જીવે છે પરંતુ સીતાના જીવનમાં સુખ લખાયું જ ન હોય એમ એની સામે વિટંબણા આવીને ઊભી થઇ જાય છે. ચૌદવર્ષ ના વનવાસના દારુણ દિવસો હજીય ભૂલાયા ન હતા અને થોડાંક દિવસો પતિનું સુખ પ્રાપ્ત થયું હતું ત્યાંજ લોકચર્ચા સાંભળીને રામે ત્રણેય ભાઇઓને વચને બાંધીને સીતાનો ત્યાગ કરવાનો નિર્ણય જાહેર કર્યો: સીતા આ વાતથી અજાણ હતી. એણે તો આગલી રાત્રે જ વનવિહારે જવાની આજ્ઞા રામ પાસે માંગી હતી એટલે લક્ષ્મણ એને મૂકવા માટે આવે ત્યારે એને શું સંદેહ હોય? એક પાત્રને ઘટનાથી પૂરેપૂરી પરિચિત બનાવીને અને એક પાત્રને તત્કાલીન ઘટનાથી અજ્ઞાત રાખીને લેખકે પ્રસંગને રસપ્રદ બનાવ્યો છે. વનવિહારમાં જવાનો આનંદ સીતાના હૃદયમાં હોવા છતાંય એના મનમાં કોઇક આશંકા જાગે છે. પરંતુ રામે કહ્યું હતું કે: બે ચાર દિવસ પછી મળીશું! એટલે એ વનમાં મૂકવા આવ્યા હોય. અહીં લક્ષ્મણની મૂંઝવણ પળે પળે વધ્યા કરે છે. સીતાના સવાલો એને મૂંઝવી નાંખે છે સીતાને કઇ રીતે કહેવું કે: લોકપવાદને લીધે રામે તમારો ત્યાગ કર્યો છે. માનવમનમાં ચાલતા અતાગ ભાવને પકડવાની કુનેહ ધરાવતા પન્નાલાલે લક્ષ્મણના મનની ઘરાતલના ભાવજગતને પડકયું છે. લક્ષ્મણ જે મૂંઝવણભરી સ્થિતિમાંથી પસાર થાય છે એવીજ સ્થિતિ રામે સીતાનો ત્યાગ કરતાં પૂર્વે અનુભવી હતી. રામની મૂંઝવણને નિરૂપીને પન્નાલાલે રામના હૃદયમાં સીતા તરફ રહેલો અનન્ય પ્રેમ ભાવને અભિવ્યક્ત કરી આપ્યો છે. રામની મનોવ્યથા પણકઇ ઓછી ન હતી? એમણે હૃદય પર પથ્થર મૂકીને જ આ પગલું ભર્યું હશે ને! પન્નાલાલની અભિવ્યક્તિ જોઇએ-

"અંત:પુરમાં પ્રવેશ કરી રામ સીધા જ સીતાની સુવર્ણ પ્રતિમા આગળ જઇ ઊભા. ઘૂંટણભર બેસી ગયા. પ્રતિમા પર માથું ઢાળી ધ્રૂસકે ધ્રૂસકે રડી પડયાં. મનોમન વિલાપતા ગયા. 'હે પ્રિયે! હે જાનકી! હે સીતા! તારે મારે છેલ્લાં વંદન! અરેરે... ... મારા જેવા દુર્ભાગી મનુષ્ય સાથે જીવન જોડીને કેવાં કેવાં અઘોર કષ્ટને પામી છે તું! ને છતાંય - અરેરે તારી આવી સગર્ભા સ્થિતિમાં હું તારો કાયમનો ત્યાગ-' રામની આંખે ઘુમ્મસ જાણે છવાઇ ગયું. વાચા સુધ્ધાં બંધ થઇ ગઇ."[33]

લેખકે રામ હૃદયનો તલસાટ પ્રત્યક્ષ કરી આપ્યો છે. રામની વેદના જેમ તીવ્રતાએ પહોંચે છે એમ લક્ષ્મણનો અજંપો પણ અવર્ણનીય છે. સીતાના ત્યાગને ન જીરવી શકતા એની ગૂંગળામણ પણ અસહ્ય બને છે એણે રડતાં રડતાં રામે કરેલો નિર્ણય સીતાને જણાવ્યો છે. અહીં સીતાના મુખે ઉચ્ચારાયેલા આ શબ્દો- 'મહારાજે મારો ત્યાગ?-' (પૃ.૨૧૨/૪) નાટયવ્યંગનો સમર્થ વિનિયોગ

33 એજન. ભાગ.૩. પૃ

અહીં થયો છે. પગ તળેથી જમીન સરકી ગઇ હોય એમ સીતા કહે છે કે: 'રામે મારો ત્યાગ કર્યો!' લક્ષ્મણની વાત પર વિશ્વાસ ન બેસવાથી એ વારંવાર પૂછે છે અને બેભાન બની જાય છે. પતિના આવા કઠોર વર્તનને પરિણામે સીતા ગંગામાં પડતું મૂકવા તત્પર બની જાય છે. અહીયા પણ એનું નસીબ સાથ આપતું ન હતું એકવાર અગ્નિ કસોટી આપીને ચારિત્ર્યની ખાતરી કરાવી છતાંય સીતાને લોકપવાદ ભરખી જાય છે. હવે કઇ રીતે લોકોને પોતાના સતીત્વનું પ્રમાણ આપવું! ગંગામાં પ્રાણ ન્યૌછાવર કરીને કાલિકાને નષ્ટ કરવા તત્પર બનેલી સીતાના ઉદરમાં અયોધ્યાના નરેશો આકાર લઇ રહ્યા હતા. આર્ય સંસ્કારને વરેલી ધર્મજ્ઞ સીતા બાળ હત્યા કઇ રીતે કરે? આજુ બાજુની સ્થિતિ સીતાને ગૂંગળાવી મૂકે છે છતાંય એ ચારેય બાજુએ ઝઝૂમતી રહે છે. એવી હૃદયસ્પર્શી પરિસ્થિતિનું વાસ્તવપૂર્ણ વર્ણનમાં લેખકની લેખિની ઊઠે છે સીતાને છોડીને લક્ષ્મણ ચાલ્યો જાય છે ત્યારે સીતના મનમાં બે વિચાર ભાવો પ્રગટી આવે છે. લક્ષ્મણ પાછળ જઉં પણ જીવનની નગ્ન વાસ્તવિકતા પોતાની સામે વિકરાળ દેહ લઇને ઊભી હતી. એમાંથી ઉગરવું સીતા માટે લોઢાના ચણા ચાવવા તુલ્ય હતું. 'સીતા ત્યાગ' અને લક્ષ્મણની વેદના' આ બે પ્રકરણમાં લેખકની પ્રતિભાના ઉન્મેષો સઘન રીત સાર્થક રીતે પ્રગટયા છે. લેખકની શૈલી અને પ્રસંગાનુ ભાવવાહી નિરૂપણ ધ્યાનાકર્ષક છે.

વાલ્મિકિ ઋષિના ભાર્ગવો સીતાને આશ્રમે લઇ જાય છે. સીતા શોકમાં રામ ત્રણ દિવસ મહેલની બહાર નિકળતા નથી ત્યારે લક્ષ્મણ ધર્મઉપદેશ અને લોકપવાદનું જ્ઞાન આપીને રામને કર્તવ્ય પ્રત્યે સભાન બનાવે છે. અયોધ્યામાં રામરાજ્ય સ્થપાવાથી ચારેબાજું શાંતિમય અને સુખમય વાતાવરણ ઊભું થાય છે બીજી બાજું સીતા લવ-કુશ નામના બે બાળકોને જન્મ આપે છે.

કથાના તંતુઓને સાંકળવા માટે લેખકે બ્રાહ્મણની કથાને મૂળકથાનકને પોષક બનાવીને નિરૂપી છે. બ્રાહ્મણ પુત્રનું અકાળે મૃત્યુ થવા પાછળ શુદ્રોએ આરંભેલું તપ હોય એમ લાગવાથી રામના અંગે તપાસ કરે છે રામ નારદને પૂછે છે કે: 'અધર્મના ચાર કયા કયા પોગ કહેવાય? ત્યારે નારદ આમ કહે છે· 'અનૃત (અસત્ય), હિંસા, અસંતોષ અને વિગ્રહ આ ચાર પગ અધર્મ કહેવાય છે.' (પૃ.૨૪૬/૪) રામે આ અધર્મી શુદ્રને શોધીને મૃત્યુમુખમાં મોકલી આપ્યો. આથી દેવોએ રામ પર પ્રસન્ન થઇને પુષ્પવૃષ્ટિ કરી. અહીં રામને સૂચન કરવામાં આવે છે કે: અગસ્ત્યના આશ્રમની મુલાકાત લો. આ સૂચન કથાને આગળ વિકસવાની ભૂમિકા પૂરી પાડે છે. વત્રાસુરના વધને પરિણામે ઇન્દ્રને બ્રહ્મહત્યાનું પાપ લાગ્યું હતુ. આ વાત રામના હૃદયને સ્પર્શી જવાથી એ 'અશ્વમેધ યજ્ઞ' કરવાનો નિશ્ચય કરે છે. બીજી બાજુ લવણાસુર નામક રાક્ષસને હણવાં ગયેલા શત્રુઘ્નને રામપુત્રો સાથે ભેટો થાય છે. આ અંગે ઉચિત સમયે ચર્ચા કરવાનું નક્કી કરીને શત્રુઘ્ન અશ્વમેધની તૈયારીમાં ખોવાઇ જાય છે.

રામ અશ્વમેધ યજ્ઞ કરે છે આ સાંભળતામ જ લોકોમાં અનેક પ્રકારની ચર્ચાઓ થવા લાગી. અશ્વમેધ યજ્ઞમાં પત્ની જોઇએ તો જ યજ્ઞ થાય. તો રામ ક્યાંથી પત્ની લાવશે? બીજા લગ્ન કરશે કે સીતાને પાછાં લઇ આવશે? લોકો આ સવાલો અવઢવમાં નાંખી દે છે. અહીં માનવ પ્રકૃતીનું નિરૂપણ લોકચર્ચા દ્વારા અભિવ્યક્ત કરી આપ્યું છે.

'કેટલાક લોકો મોં મચકોડી સ્વગતની જેમ બબડતા પણ હતા: ' એવું હતું તો તે વખતે સીતાનો

ત્યાગ જ ન હોતો કરવો.' ટાપસી પૂરતાં કેટલીક બાઇઓ કહેતી હતી: 'આ તો ઊલટું સીતાનો વધ કરીને કાંચળીનું પૂંજન કરવા જેવો ઘાટ મહારાજે કર્યો છે.'

તો કેટલાંક લોકો રામેન સમજવાનો પ્રયત્ન પણ કરતા હતા. રામનો બચાવ કરતાં કહેતાં હતા: 'ભાઇ, ગોળીના મોઢે ગળણું પણ કુવાના મોઢે- રામ જેવા પ્રજાપ્રેમી રાજા કેવી રીતે બાંધી શકે? થાકીને પછી લોકોનું મોં બંધ કરવા નિર્દોષ એવા સીતાનો ત્યાગ કરવો પડ્યો."[33]

અમાત્યોએ આ અંગે રામને પૂછ્યું ત્યારે રામે સીતાની સુવર્ણપ્રતિમાને બતાવીને એ લોકોને શાંત પાડ્યા. પરંતુ અયોધ્યામાં લવ-કુશના મોઢે ગવાતા 'રામચરિત્ર' ની ચર્ચા નગરમાં થવા લાગી. રામને આની જાણ થતાં આ ચરિત્ર ગાનારનો સભામાં બોલાવવામાં આવ્યા. લવ-કુશ વાલ્મિકીએ શિખવેલા રામચરિત્રને સભાસમક્ષ ગાઇને બધાને મંત્રમુગ્ધ બનાવી મૂકે છે. એક માત્ર શત્રુઘ્ન આ રહસ્યને પામી ને યોગ્ય અવસરે હૃદયના ભાવોને અભિવ્યક્ત કરવા આતૂર હોય છે. પણ આ બાળગંધર્વોના અવાજમાં સીતાના અવાજની આશંકા જન્મતાં એ તત્કાળ વાલ્મિકીના આશ્રમે તપાસ કરાવે છે.

પન્નાલાલની આ એક વિશિષ્ટ લાક્ષણિકતા રહી છે કે થેઓ પોતાની કૃતિમાં ક્યાંયને ક્યાંક તો પ્રસંગોચિત ગીતો મૂકી આપે છે. એમનામાં રહેલો કવિજીવ જાગ્રત થઇ જાય છે. અહીં પણ જોઇએ-

'તમસા તીરે પારધી. . .. ઊભો ચડાવી બાણ
મૂનિ આવ્યા ઝીલવા... . થયો હતો મધ્યાહ.
વનરાજી ઘૂંઘટ ભરીને પક્ષી યુગલ ક્રૌંચ
આનંદે રમમાણ ત્યાં ÷ '

× × ×

બાણે વીંધ્યો ક્રૌંચને મુનિ વીંધાયા ઉર
ક્રૌંચી વલવલ જોઇને સરી પડ્યો મુખ સ્ફુર!
'મરતું ભૂંડા પારધી ઘડીક ન રહી ધીર
અર્ધા આનંદે હણ્યો!'[34]

બાળગંધર્વોના મુખે પોતાની પ્રશસ્તિ સાંભળતાં રામને શંકા ઉદ્ભવી ને એ સાચી ઠરતાં અનેરો રોમાંચ અનુભવે છે. આ સાથે જ કુશંકા ય ઉદ્ભવે છે કે: લવ-કુશ સાથે સીતા પોતાને ફરી પ્રાપ્ત થશે કે કેમ? આના તંતુઓ લોકચર્ચામાં ભળી જાય છે. 'સીતા શપથ' ની જેમ સીતા અગ્નિપ્રવેશ કરશે કે કેમ? અહીં ઉત્તેજનાપૂર્ણ પરિવેશ ઊભો થાય છે.

અશ્વમેધ પૂર્ણાહુતીના દિવસે સુગ્રીવ, અંગદ, હનુમાન, જાંબવાન, નલ, નીલ અને અનેક યુધપતિઓનું આગમન થાય છે. ભાર્ગવોની સાથે સીતા અશ્વમેધ યજ્ઞમંડપપર આવે ચે. વાલ્મિકીનો આદેશ ઉપાડીને રામ સીતાના પ્રત્યેનો પોતાનો અગાધ પ્રેમ અને સીતા સતીત્વનાભિરોભાર પ્રશંસા કરે ચે. સઘળો સમુદાય રામના ભાષણને સહર્ષ પણે સ્વીકારી લે છે પણ સગર્ભાક્ષણે સીતાનું નસીબ

---

33. એજન ભાગ 3 પૃ.૨૬૦.

34 એજન. ભાગ.3. પૃ ૨૭૪.

રૂઠ્યું હતુ એમ રામનું નસીબ આજે એણે સાથ આપવાને બદલે હરણફાળ ભરીને આગળ વધવા લાગ્યું હતું.

અહીં લેખકે સીતાના ભૂમિપ્રવેશ પૂર્વેનો પરિવેશ રચી આપ્યો છે. નાટ્યાત્મક વળાંક કથાને નવીનતા બક્ષે છે. લોકોમાં આશા બંધાય છે કે: રામ-સીતાનું પુન:મિલન થશે! પરંતુ વિધિને એ ક્યાં મંજૂર હતું! રામના પ્રણયભાવને સહર્ષ સ્વીકારીને સીતાએ પોતાનો નિર્ણય જાહેર કરે છે. વિશ્વામિત્ર સીતાના હૃદય પરિભાષા રામને કહે છે કે:

'હે પ્રિયરામ, જે રીતે તમે સીતાની સુવર્ણ મૂર્તિને તમારા જીવનમાં વણી લીધી છે એ રીતે મેં પણ મારા એક તપવર્ષમાં (બાર વર્ષ) વનવાસ દરમિયાન તમારી મૂર્તિને મારા દિલમાં સુસ્થાપિત કરી લીધી છે. હે સ્વામી, એક વાર મેં લંકામાં અગ્નિપ્રવેશ કરીને સોગન લિધા હતા. છતાંય લોકોએ એનો સ્વીકાર કર્યો નહિ. તો આજે હું માત્ર સોગન લઇશ એટલાથી કંઇ ઓછું માનવીનું મન માનવાનું છે? બીજી તરફ- હે રામ, જે રીતે ઝેરના પારખાં એકપણ વાર થતાં નથી એ રીતે સત્યનાં પારખાં પણ વારે વારે હોતા નથી! એનો કશો અર્થ નથી. તો-'[૩૫]

માનવ મનમાં રહેલો અવિશ્વાસનો, શંકા-કુશંકાનો પ્રગાઢભાવ અન્યને કેવો છિન્ન-ભિન્ન કરી મૂકે છે. માનવમનની આ નબળાઇ પર પન્નાલાલનો આક્રોશ અહીં ભભૂકી ઊઠ્યો છે. માનવમનની સાથે એમણે 'રામ' ને દોષિત ઠેરવવાનો અભિગમ રાખ્યો છે. સીતાને અગ્નિકુંડમાંથી પસાર કરાવીને, બારવર્ષ આશ્રમમાં કાઢીને અને છેલ્લે પોતાના નિર્વ્યાજ પ્રેમનો એકરાર- આ બધી ઘટનાઓના કાળચક્રમાં સીતા કૃજેત ફાળકામાં રહેંસાયા કરી છે. ભવ્યવૈભવમાં ઉછરીને એ રામ સાથે દામ્પત્યજીવનમાં પાપા પગલીઓ ભરતી હોય અને ત્યાં કૈકયી પોતાનું રૂપ પ્રકાશીને રામને વનવાસ જવાનો આદેશ આપે અને પોતે રામને પગલે અનુસરીને રામની સાથે વનમાં જાય, વનના કપરા, કઠણ જીવનને સહર્ષ સ્વીકારીને પતિના સાંનિધ્યમાં રહેવા લાગી. પરંતુ પતિનું સુખ લલાટે લખાયું ન હોય એમ રાવણ સીતાનુમ હરણ કરીને લઇ ગયો. કામાંધ રાજાને ત્યાં રહેલી સીતાના દિવ્યરૂપને પ્રગટાવવા રામે સીતાની અગ્નિ કસોટી કરી. અહીં રામ અગ્નિકસોટીમાંથી શું પરિનામ આવશે એ જાણે છે. ત્યાં એ માનવમાંથી વિષ્ણુનો અંશ બનીને કૃતિમાં આવે છે કારણ કે એ વાતથી લેખક વાકેફ છે અને ભૂમિપ્રવેશ પ્રસંગે સીતાના મનની અંદર ચાલતા વિચારો પકડી લેવાં લેખક નિષ્ફળ જાય છે.

ચારિત્ર્ય પર અંગૂલિનિર્દેશ કરીને એને અગ્નિપરીક્ષા આપવાની વિધિવત ફરજ પાડવી એ તો સાવ સહેલું છે પરંતુ સ્ત્રીના ચારિત્ર્ય પર અનન્ય વિશ્વાસ રાખવો એ કાર્ય દુષ્કર છે. આ વિચારધારાને વાચક વર્ગ રામના નિખાલસ એકરારમાં સુખદ અંત આવશે એવી આશા લઇ બેસે છે. પણ સીતા તો આમ કહે છે કે: 'જો મેં રામ સિવાય બીજા કોઇ પુરુષનું મન વડે પણ કદીય ચિંતન ન કર્યું હોય તો હું પૃથ્વી દેવી મને તારામાં સમાવી દે! હે માગધી માતા! માર્ગ આપ મને.'[૩૬] આ કથા અણધારી રીતે ફૂટાઇ જાય છે અને નવીન દિશામાં ઝડપથી વધે છે. સીતાના આ નિર્ણય સાંભળીને સભામંડપ મા રહેલી માનવોને જબરો આઘાત લાગે એ સ્વાભાવીક છે. પોતાના નિર્ણયને મક્કમતાથી વળગી રહેલી સીતા પૃથ્વીને પોકારવા લાગી. ચમત્કારિક

---

૩૫ એજન ભાગ.૪ પૃ ૨૮૯

૩૬ એજન ભાગ.૪ પૃ.૨૯૦

પ્રસંગ દ્વારા લેખકે આ ઘટનાનું આલેખન કર્યું છે. ધરતીમાંથી સિંહાસનમાં બેઠેલાં પૃથ્વીમાતા સીતાને પોતાના ખોળામાં લઇને પેટાળમાં અદૃશ્ય બની ગઇ

અહીં ફરી પાછો પેલો પ્રશ્ન આવીને ઊભો થાય છે. અગ્નિકસોટી પછીશું પરિનામ આવશે એ રામ જાણે છે. ત્યાં અવતારી પુરુષની આભા ઊભી થાય છે અને અહીં રામ માનવ બની જાય છે. એટલે કે પ્રસંગ ગૂંથણીમાં અને પાત્રના મનોવ્યાપાર પામવામાં લેખકે પોતાની આગવી સગવડ ભરી દષ્ટિ અપનાવે છે.

અતિશય વ્હાલી સીતાને ગુમાવવાનું દુ:ખ હૃદય પર છવાઇ જવાથી રામની પરિસ્થિતિ કરુણ બની જાય છે. એનું વર્ણન જોઇએ-

"પણ આવી વખતે રામનો જીવ એમ તમ્મર ખાઇને સીતાથી ઓછો છેટે પડે એવો હતો! હજીય એ તો રડતા રડતા વિલાપતા હતા. સીતાને પોકારતા હતા: 'હે સીતા! પાછી આવ... ... પાછી આવ... ... અરેરે પ્રિય... ... આટલી બધી કઠોર તું? ... ... બાર-બાર વરસે મળીને ... ... આવી રીતે ... ... કાયમ ... ... પોતે આ જગતમાંથી તું ... ... એકલો મને છોડીને પ્રિ...યે?' ... ... ધ્રુસકાં આડે અવાજ સુધ્ધાં અટકી પડ્યો! બાળકની જેમ છુટા મોંએ સીધી જ પોક મૂકી બેઠા: 'ઓ... ...ઓ!'... ...[૩૭]

પન્નાલાલની વર્ણનશૈલી અને ભાષાકર્મ બહુજ સામાન્ય પ્રકારનું લાગે છે. રામનું જે પ્રકારનું વ્યક્તિત્વ વાચકના મનમાં કંડારાયેલું છે તે અખંડિત રહે એવો પ્રયાસ પન્નાલાલ દરેક વખતે કરી શક્યા નથી. આ ઉદ્ગારો તો કાયમને માટે વિરહી બનતા કોઇપણ સામાન્ય પાત્રના કોઇ શકે. આ વેદના હૃદય સોંસરી ઊતરી જવાને બદલે કૃતક બની જતી લાગે છે.

પ્રિય પત્ની સીતાને ગુમાવવાનું અસહ્ય દુ:ખ સામે પડવાથી ઊંડો આઘાત અનુભવતા રામ મુક્ત મને રડી ઊઠે છે.

આ કૃતિનું શીર્ષક ઉપર ધ્યાન નાંકતા સ્પષ્ટપને પન્નાલાલનો દષ્ટિકોણ સમજાય જાય એમ છે. 'રામે સીતાને માર્યા જો!' સમય અને સંજોગો સીતાની વિપરિત દિશામાંથી આવતા હોવાથી એ જીવનના કાળચક્રમાં પસિાઇ જાય છે અને આનુમ કારણ રામજ ચે: માનવ તરીકે સર્વ પ્રથમ રામના જ હૃદયમાં સીતા પ્રત્યે સંદેહ જાગે છે. રામના મનમાં પડેલું આ બીજ લંકાના લોકમન પર અને પછી અયોધ્યાના નગર લોકના મન પર વિકસવા લાગે છે. ફલરૂપે સીતાએ અગ્નિકુંડની અગન જ્વાળામાંથી પસાર થઇને વસુધાના ગર્ભમાં છુપાવા સુધીની યાતના સહેવી પડે છે. સીતાના જીવનમાં બનેલી આ દારુણ અને અતિ આઘાત કારક ઘટનાઓ પાછળ સૂત્રધાર તરીકે રામને જ પન્નાલાલે નિહાળ્યા છે.

પન્નાલાલે કથાને અહીંથી અટકાવી હોત તો ઔચિત્ય પૂર્ણ લાગત પરંતુ '- અને પછી' નામનું પ્રકરણ આપીને સીતાના મૃત્યુ પછીના સમયકાળમાં બનેલી મહત્વપૂર્ણ ઘટનાઓનું સંક્ષિપ્ત આલેખન કર્યું છે. લવ-કુશ સાથે રામ રાજ્ય વ્યવસ્થામાં ઘણો લાંબો સમય વિતાવે છે. કથાનકને અંતે લેખકે ચમત્કારિક ઘટનાઓ વિનિયોગ કરીને રામ અને લક્ષ્મણના મૃત્યુની ઘટનાઓનું પણ વર્ણન કર્યું છે. કાળે રામની પાસે આવીને કહ્યું કે: તમારી સાથે અંગત મંત્રણા કરવી છે અને આ મંત્રણા દરમ્યાન કોઇપણ આવે તો એમનો તમારે વધ કરવો. દુર્વાસામુનિને ઉગારવા લક્ષ્મણ કાળ અને રામ વચ્ચે

૩૭. એજન ભાગ.૩. પૃ ૨૯૨.

કૃષ્ણજીવનલીલા

'મળેલા જીવ', 'વળામણાં', 'માનવીની ભવાઇ' જેવી અનેક જાનપદી નવલકથાઓને સર્જનાર પન્નલાલે જીવનના પાછળના વર્ષોમાં પૌરાણિક કથાનકો પર આધારિત અનેક નવલકથાઓને સર્જી એમાંની એક 'કૃષ્ણજીવનલીલા' ભાગ એક થી પાંચ નવલકથા છે. 'ભાગવત' અને 'હરિવંશ' નો આધાર લઇને આ કૃતિનું સર્જન થયું છે.

કૃતિના શીર્ષકને જોતાં જ સ્પષ્ટપણે કહી શકાય છે આ કૃતિમાં બનતી ઘટનાઓના કેન્દ્રમાં કૃષ્ણ હશે. કૃષ્ણના જીવનમાં બનતી ઘટનાઓને નિરૂપીને કૃષ્ણની લીલાને અભિવ્યક્ત કરવાનો લેખકે અભિગમ રાખ્યો છે.

'કૃષ્ણજીવનલીલા' ના પ્રથમ ભાગની પ્રસ્તાવનામાં પન્નાલાલે કહ્યું છે: કંસ એવો કેવો હતો કે વિષ્ણુએ કૃષ્ણનું માનવરૂપ લઇને પૃથ્વી પર અવતરવું પડ્યું. પન્નાલાલની આ કેફિયત જોતામ આપણને સર્જકનો અભિગમ કડી જવાય છે. પૂર્ણ પુરુષોત્તમ કૃષ્ણના પાત્રને બદલે કંસના વ્યક્તિત્વમાં એમને વિશેષ રસ રહ્યો છે. આથી એ કંસના વ્યક્તિત્વને કૃતિમાં ઉપસાવીને કૃષ્ણની લીલાને નિરૂપી છે.

ઉગ્રસેનની પત્ની રજસ્વલામાંથી મુક્ત થઇને સમુદ્રસ્નાને આવે છે. આ રાણીના રૂપથી સામાંધ બનેલો દુર્મિલ ઉગ્રસેનનું રૂપધરીને રાણી સાથે સમાગમ કરે છે. ઉગ્રસેનમાં અનેરો આવેગજોતાં રાણીને શંકા ઉદ્ભવે છે ઉગ્રસેનના રૂપમાં રહેલા દુર્મિલને રાણીએ શાપ આપતા એ મૂળ રૂપમાં પ્રગટે ચે. અધર્મયુક્ત સમાગમને પરિણામ જન્મ લેનાર પુત્રમાં અધર્મતા ભરાયેલી હશે. આવા પ્રકારનું અર્થઘટન પન્નાલાલે અહીં યથાર્થરીતે કથાપ્રસંગથી આલેખન કર્યું છે. અહીં 'પાર્થને કયો ચઢાવે બાણ!' અને 'ભીષ્મની બાણશય્યા' કૃતિનું સ્મરણ થઇ આવે છે. કર્ણના જણમને પણ ભીષ્મ અધર્મતાના પાયારૂપ ગનાવે ચે. અધર્મયુક્ત થયેલા સમાગમને પરિણામે એમાં અનિષ્ટ તત્વો ઘર કરે છે એમ ભીષ્મ માનતા હોવાથીજ એ કર્ણનો હમેંશા વિરોધ કરતા હતા. એજ બીબાનો ઉપયોગ કરીને કંસ માટેની પૂર્વ ભૂમિકા લેખકે બાંધી છે

લાબાં સમય સુધી પુત્ર પ્રાપ્ત થયો ન હતો અને એમાંય રાણી સગર્ભા બનશે કે કેમ? એ પશ્ન રાણીને મૂંઝવી નાંખે છે સગર્ભા ન બને રાજાને આ અમંગળમય ઘટના કહી ચે તો પોતાના જ દામ્પત્યજીવનમાં આગ લગાડવાનું સાહસ આ રાણી કરવા તૈયાર ન હતી. સગર્ભા પૂર્વે દ્વિધાભરી સ્થિતિમાં અનેરી મૂઝવણમાં મૂકાઇ ગયેલી રાણી સગર્ભા બનતા અમંગળમય ઘટનાને ભૂલીને પુત્ર આનંદમાં ગરકાવ બની જાય છે. હૃદયની ઊંડાણની ઘરામાં અમંગળમય ઘટનાને દફનાવીને સામેની વાસ્તવિક સ્થિતિ છે એનો સ્વીકાર કરે છે - અને પુત્રને જન્મ આપે છે.

કંસ બાળપણથી જ ક્રૂર અને ઘાતકી છે એકનું એક સંતાન હોવાને કારણે ઉગ્રસેન અને રાણી કંસની ફરિયાદને નજર અંદાજ કરીજતાં હતાં. ફલરૂપે સ્વતંત્રતા સ્વછંદતામાં ફેરવાઇ ગઇ. સસલાને બેરહેમીથી મારી નાંખવું, ક્રૂર અને ભયાનક હાસ્ય હસવું, બાળકોપર પોતાનું આધિપત્ય જમાવીને એમને ડરાવીને મારવા, દાનવો સાથે મૈત્રી કરવી, આવા અનેક પ્રકારના અધર્મતાના કાર્યોને વ્યવહાર આ બાળક કરવા લાગ્યો. કંસના બાળપણને પન્નાલાલે પરોક્ષ કથન દ્વારા ઉપસાવી આપ્યું છે.

પાત્રનું માળખુ અહીં ઘડાય છે. પાત્રના વાણી, વર્તન, વ્યવહાર અને ક્રિયાકલાપોને ચર્ચાઓથી ઉપસાવવાનો પ્રયત્ન લેખકે કર્યો છે.

અસહ્યપણે કંસનો અત્યાચાર વધતા યાદવો ઉગ્રસેનને ફરિયાદ કરવા જાય છે એ સમયે કંસના બાહ્ય દેખાવનું શબ્દચિત્ર આમ આપ્યું છે.

'આખીય સભા કંસ તરફ તાકી રહી. કંસના મોં પર મૂછનો દોરો માંડ હમણાં ફૂટતો હતો છતાંય એ યુવાન જેવો લાગતો હતો. એની આંકો વિશાળ હતી. ઊંચાઇ અને બાંધો પણ મજબૂત હતો. અવાજ જેવો ઘેરો હતો એવો જ સત્તાવાહી, માથા ઉપર રત્નજડિત મુગટ ઝળહળ થતો હતો એવો જ કંઠમાં રત્નો-મઢયો હાર હતો ને નાભી સુધી ઝૂલતો હતો. તો બાહુ ઉપર ગાજુબંધ પણ ચમક ચમક થતા હતાં. વીંટીઓ પહેરેલ આંગળીઓ પર તાર જાણે રમતા હતા.'[૧]

સુંદર શબ્દચિત્ર દ્વારા પન્નાલાલે પાત્રના વૈભવ અને વ્યક્તિત્વનો અંદાજ આપ્યો છે. અત્યાર સુધી કંસના અધર્મતા ભર્યા કાર્યોને અન્ય પાત્રોના સંવાદો દ્વારા પરોક્ષ રીતે કંસના વ્યક્તિત્વના મૃદ્દાઓને અંકિત કરી હતી. અહીં એ પ્રથમવાર પ્રત્યક્ષ બનીને આવે છે. નાનો સરખો નમૂછીયો એવો યુવાન કંસ યાદવસભમાં આવીને સભાખંડની પરંપરાનો ભંગ કરીને યાદવોને સામંતમાંથી 'ખંડિયા' બનાવી મૂકે છે. કંસના આવા અધર્મ કાર્યથી અકળાઇ ઉઠેલા યાદવોને ભવિશ્યમાં અધર્મ ફેલાઇ જશે એવો વહેમ પડવા લાગે છે. યાદવોનું રાજ્ય હમણાં સુધી એકમેકના સહકારથી ચાલતું હતું એને બદલે કંસ તો મથુરાનો 'યુવરાજ' બની જાય છે.

ઉગ્રસેન એમ માનવા લાગે છે કે: સમયની સાથે કંસ ધર્મમય બની જશે. પરંતુ સમય સાથે સાથે એ ધારણાઓ ખોટી પડવા લાગી. મથૂરામાં દુષ્કાળના ઓળા ઉતરી આવતા યાદવો ઇન્દ્રને રીઝવવા યજ્ઞ કરે છે. કંસ આ યજ્ઞનો વિરોધ કરીને ઇન્દ્રને યુધ્ધ માટે પડકાર ફેંકે છે. ઇન્દ્ર આખરે કંસના પરાક્રમથી પ્રભાવિત થઇને એની આગલ નમી પડે છે. કંસની ક્રિયાઓ જ ક્રમશ: એના અનર્થભર્યા વીરત્વ પ્રતીતિ કરાવી જાય છે

ધર્મજ્ઞ એવા યાદવોએ કંસના આ કાર્યનો નિંદ્ધા કરવા લાગ્યા તો કેટલાંકે કંસના આ કાર્યને મુક્તપને બિરદાવવા લાગ્યા. પન્નાલાલે મૂળ કથાનકમાં ન હોય એવા પ્રસંગોને સ્વકલ્પનાથી કૃતિમાં નિરૂપીને કંસના પાત્રમાં રહેલી ક્રૂરતાને તાદ્દશ કરી આપી છે.

યાદવો પર પગ મૂકીને ચાલવા માંડેલો કંસ ગર્ગાચાર્યને ભરીસભામાં નપુંસક કહીને એમની મશ્કરી કરે છે. ઝરાસંધ જેવા ચક્રવર્તીરાજાના અમાત્યને ય તૂલ્ય તૂણ ગણીને જરાસંધનો ખોફ વહોરી લેવાનું સાહસ દાખવે છે. કંસના આ સાહસની જરાસંધ વિશેષ નોંધ લે છે. કંસે વરુણદેવ અને યક્ષો સામે વિજય મેળવે છે. જરાસંધ કંસના પરાક્રમથી પ્રભાવિત થાય છે. યોગાનુયોગ અસ્તિ અને પ્રાપ્તિ વિહારાર્થે જવાનો મનસુબો ઘડતી હોય છે. આ તકનો લાભ લઇને કંસના વીરત્વને જાણવા માટે પોતાની પુત્રીઓ માટેનું વિહારસ્થાન એ બાજું નક્કિ કરે છે. અને પોતાના દૂતને મોકલીને પોતાની પુત્રીઓની જરૂરીયાત પૂરી પાડવાની આજ્ઞા કરે છે. અધર્મતાથી ભરેલો બળનો અનેરો ઘમંડ કરતો કંસ જરાસંધની આજ્ઞાનો સ્વીકાર કરે? જરાસંધની આજ્ઞાનો ઘરાર ઇન્કાર કરીને અસૂર મિત્રો

---

૧ કૃષ્ણજીવનલીલા, લે. પન્નાલાલ પટેલ, પ્રકા.વર્ષ પ્રથ આવૃત્તિ પૃ ૨૦/૧

અરિષ્ટ, કેશી, તૃણાવર્ત, પ્રલંબને લઇને જરાસંધના જમાઇ 'હંસ' સામે યુધ્ધે ચઢીને જરાસંધસૈન્યનો ખાત્મો બોલાવે છે.

કંસના અવિવેકી કાર્યથી મથૂરા પર તોળાતા જરાસંધભયને નિવારવા યાદવોએ સભા ભરીને વાસુદેવને યાદવોનો દૂત બનાવીને જરાસંધ સામે કંસવતી ક્ષમા યાચવા મોકલે છે. બીજી બાજુ જરાસંધ તો પોતાની શક્તિ અને બળને વધારવા માટે જ હંસને રક્ષાણત્મક યુધ્ધનો આદેશ આપ્યો હતો અને કમસના વીરત્વપૂર્ણ પ્રસંગોને સાંભળીને અસ્તિ અને પ્રાપ્તિનું વાગ્દાન કંસ સાથે કરે છે જરાસંધ પુત્રીઓને વાગ્દાનની વાત કરે છે તે દ્રશ્યને સર્જકે ભાષાકર્મનો વિશિષ્ઠ વિનિયોગ કરીને આલંકારિક ભાષાશૈલીથી આમ વર્ણવ્યું છે.

"બેઉ દીકરીઓમાં હરિણી સરખાં નયનોમાં એક વાર તો પશ્ચરૂપી ઘુમ્મસ પથરાઇ વળ્યું. અને જ્યારે પિતાની વાત સમજાઇ ત્યારે બંને જણના સુંદર મોં પર શરમનું જાણે અષાઢી વાદળું ઉતરી પડ્યું."[૨]

વાસુદેવ માટે આ બધું અણધાર્યું હતું. એને માટે તો આ કોયડો બની જાય છે. વસુદેવ અને જરાસંધના સંવાદ વડે વસુદેવના જન્મ સમયની આનાહીને અહીં ફ્લેશબેકની મદદથી, આછેરા લસરકાથી વસુદેવના વ્યક્તિત્વને ઉઘાવ આપવામાં આવ્યો છે. વસુદેવના પાત્રને ચિંતનમામ ઢાળીને સર્જકે કથા રસને પોષે છે. ચક્રવર્તી સમ્રાટે કંસના કરેલા અભિવાદનથી ધર્મજ્ઞએવા યાદવો સામે મૂંઝવણ ભરી સ્થિતિ રચાય છે. સામ્યર્થથી ભરેલો કંસ અહંકારને ઓગાળીને ધર્મમય જીવનનું આચરણ કરે તો જ એનું વ્યક્તિત્વ મ્હોરી ઊઠે ોમ યાદવો માને છે ઉગ્રૈસેન આવી વાતોને કાન પર લેવાને બદલે કંસના પરાક્રમને અભિનંદે છે. અને આજ કંસ પિતાની આજ્ઞાની અવગણના કરીને યવનરાજ પર ચઢાઇ કરવાનો સૈન્યને આદેશ આપવા લાગ્યો. એવા સંજોગોમાં નારદમુનિ કંસને એનામાં રહેલ સુષુપ્ત બળનો પરિચય કરાવતાંજ અમંગલમય ક્ષણના પરિણામે ઉત્પન્ન થયેલા અસૂર કમસને પોતાના સામર્થ્યની જાણ થતાં તે આનંદિત બની ઊઠે છે. મૂળ કથાનકમાં ન હોય એવી કાલ્પનિક ઘટનાને સર્જકે સ્વકલ્પનાબળે ઉપસાવીને કંસના સામર્થ્યને બરાબર ખીલવવાનો ઔચિત્યભર્યો પ્રયાસ કર્યો છે.

પ્રતીતિકર રીતે નિરૂપાયેલા પ્રસંગોથી કંસનું વ્યક્તિત્વ ખીલતું જાય છે. કંસને પોતાનામાં રહેલા સામર્થ્યની જાણ થાય છે. અહીં એ રાજા બનશે એનું સંધાન આ ઘટના સાથે થાય છે. યાદવો સામે સંઘર્ષભરી સ્થિતિ સર્જાય છે. અધર્મતાની પરાકાષ્ટાએ પ્રયાણ કરતા કંસને રોકવો અશક્ય હતો, તો જરાસંધની પાસે મદદની અપેક્ષા રાખવાનું પણ શક્ય ન હતું. જરાસંધ તો કંસની આગળ વધીને નરબલિયત માટે રાજાઓને બંદિવાન બનાવતો હતો. વાસ્તવિક સ્થિતિ સ્વીકારી ન શકનાર યાદવો કાંઇપણ કરવાય અસમર્થ હોવાથી સઘળું દેવ ઉપર છોડી દે છે. પન્નાલાલે કંસના અધર્મ ભર્યા વ્યક્તિત્વને આલેખવાની સાથે કૃષ્ણના આગમનનો પરિવેશને સૂક્ષ્મતાથી ઊભો કરી આપ્યો છે. યાદવો કશુંય કરવા અસમર્થ બને છે ત્યારે એ દેવ પર છોડે છે.

યાદવ સભામાં કંસથી અપમાનિત થયેલા ગર્ગચાર્ય શિવનું તપથી કાળયવનને પુત્ર રૂપે પામે છે. કંસના પાત્રની સાથે જ વસુદેવના પાત્રને લેખકે ક્રમશ: વિકાસ કરતા કહ્યાં છે. નારદની ચેતવણીને

૨. એજન પૃ.૧૧૦/૧.

ધ્યાનમાં લઇને કંસ ધર્મજ્ઞ એવા યાદવો પર એમાંય વસુદેવ પર વિશેષ નજર રાખે છે. ધર્મનિષ્ઠ, સત્યવકતા વસુદેવ કંસ વિરુધ્ધી પ્રવૃત્તિમાં કે કંસ વિરુધ્ધય કાંઇ ઉચ્ચારતા ન હતા. વસુદેવના આ ઉચ્ચ સંસ્કારોથી કંસ પ્રભાવિત થાય છે અધર્મતાની સીમાલોઘંન કરતા કંસના પાત્રમાં રહેલા માન વ્યભાવને એમણે પકડી અભિવ્યક્ત કર્યા ચે. દેવકી અને વસુદેવના લગ્નમાં ઉમંગભેર અને ઉત્સાહથી કંસ મહાલે છે પરંતુ નારદની ભવિશ્યવાણીને સાંભળતા જ લગ્નનો આનંદ ક્રોધમાં પરિણામે છે અને કંસ વિનાશક રૂપ ધારણ કરીને મૃત્યુના ભયને નિવારવા કટિબધ્ધ થાય છે. વસુદેવે કાકલૂદી ને આજીજી કરીને દેવકીને ઉગારવાનો પ્રયત્ન કરવા લાગે છે. વસુદેવની સત્યનિષ્ઠા પર વિશ્વાસ રાખીને કંસે એમને બંદી બનાવે છે. સર્જકે ચિત્રાત્મક રીતિનો વિનિયોગ કરીને આ દ્રશ્યને તાદ્રશ્ય કરાવી આપવી અર્થસભર સંવાદોને પ્રયોજ્યા છે.

દેવકીનો આઠમો પુત્ર પોતાનો વધ કરશે એ આકાશવાણી કંસના મનમાં અનેક વમળ સર્જે છે. એમાંથી ઉગરવા એણે દેવકી પર સખત પહેરો રાખે છે. દેવકીને મૃત્યુ મુખમાંથી ઉગારવા વસુદેવે કંસને વચન આપ્યુ હતુ કે - દેવકીના કરેક સંતાનને એ કંસને સુપરત કરશે. સત્ય આચરણ કરતો ધર્મજ્ઞ વસુદેવ કાળજા પર પથ્થર મુકીને, પિતૃહૃદયનું ગળું ટુંપીને પોતાના પ્રથમ સંતાન ને કંસને સોપે છે કંસ અધર્મતાથી સીડીઓ સડસડાટ ચઢતો હોય એમ પોતાની બહેનના પુત્રને 'ધોબી જેમ શિલા પર વસ્ત્રને ઝીકે એમ દેવકી પુત્રને ઝીકે છે.'[3] પ્રથમ પુત્રને આપવા જતાં વસુદેના ચરિત્રને પન્નાલાલે ઉપસાવ્યું છે-

"પણ વસુદેવ તો અગ્નિભર્યા કોઇ પીંડને પોતાના બંને હાથમાં રાખ્યો હોય તેમ તીરની પેઠે સીધા જ કંસના ભવને આવી ઊભા. ગળુ સાફ કરી દ્વારપાળને કહ્યું: 'હે તાત, કંસરાયને કહે કે વસુદેવ બાળક સોપવા આવ્યા છે.'[4] વચનથી બંધાયેલો વસુદેવ લાગણીઓને હૃદયમાં જ દબાવી રાખીને છ બાળકો કંસને સોપે છે અને કંસ એજ નિર્દયતાથી, ક્રૂર બનીને એમને મારી નાંખે છે. નારદના આગમન અને એમની વાતોથી વસુદેવ અને દેવકીમાં આનંદ ઉભરાઇ જાય છે. અહીં કથાનકને નાટયાત્મક વળાંક મળે છે. પન્નાલાલે મૂળ કથાનકમાં ન હોય એવા પ્રસંગને સર્જકે કલ્પના વડે નિર્માણ કરીને કથારસને જાળવવાનો પ્રયાસ કર્યો છે. દેવકીની સેવામાં રહેતી અંજના દેવકી પ્રત્યે અનુરાગથી બંધાય છે. આથી દેવકીનો સાતમો ગર્ભ કંસના હાથમાંથી ઉગરી જાય છે.

કથાનકનો પ્રવાહ અસ્ખલિતપણે આગળ વિસ્તરતો જાય છે. સાતમાં ગર્ભનો નાશ કરીને કંસ સજાગ બની જતાં પૂતનાં અને અન્ય અસૂર દાસ દાસીઓનો સખત પહેરો કારાગારમાં ગોઠવે છે. કંસના આવા કાર્યોથી દેવકી-વસુદેવ ઘણી વાર આત્મવિશ્વાસ ગુમાવી દે છે. અહીં દેવકીના મનોજગતની ભાવોર્મિને અભિવ્યક્ત કરીને માતૃત્વહૃદયની કરુણ વેદનાભર્યું ચિત્રને આલેખવાનું સર્જકે ટાળ્યું છે. યોગ્ય સમયે પ્રસવ થયોને દેવકીએ આઠમા પુત્રને જન્મ આપ્યો. પુત્રને જોતાં જ દેવકીના સ્તનમાં ઉભરો આવવા લાગ્યો પન એ સ્તનપાન ન કરાવી શકી. દેવકીના દુ:ખ કે વેદનાને સર્જકે અપૂર્ણ વાક્ય રાખીને વાચક પર છોડી મૂકે છે

વ્યાસમુનિ રચિત 'મહાભારત' ની જેમ જ અહીં કૃષ્ણ જન્મ સમયની ઘટનાઓને લેખકે નિરૂપી

---

૩ એજન પૃ ૨૧૭/૧.

૪ એજન પૃ ૨૧૭/૧

છે અષાઢી મેઘ, વા-વંટોળ, ભયાનક વરસાદ, બીજળીના ચમકારા, કંસનો સમૂળો ગુપ્તચર ઘોર નીંદ્રામાં પોઢી જાય, આખી નગરી મૃછામાં ઢળી પડે અને કારાગારના દરવાજા ચમત્કારથી ખૂલ્લા થઇ જાય, યમુના માર્ગ આપે ને વસુદેવ નંદને ઘરે પુત્ર મુકીને નંદપુત્રીને લઇ આવે છે. વસુદેવ સઘળી જવાબદારી પાર પાડ્યા પછી કહે છે કે:

'હવે તો કંસ જ નહિ માત્ર, પૃથ્વી ઉપર પ્રવર્તી રહેલું અધર્મનું સામ્રાજ્ય પણ જખ મારે છે.'[૫]

પન્નાલાલે વસુદેવના પાત્રના વ્યક્તિત્વને સરસ રીતે ઉઘાડી આપ્યા પછી એ પાત્રના મૂખે અનોચિત્યપૂર્ણ ભાષાનો પ્રયોગ કરે છે ત્યાં પાત્રની ગરીમાનો ભંગ થાય છે. સત્યવક્તા અને ધર્મજ્ઞ એવા વસુદેવને મુખે 'જખ મારે છે' નો પ્રયોગ અહીં ખટકે છે. આવા અપશબ્દો વસુદેવ ન બોલે. અહીં પાત્રને બદલે પન્નાલાલ બોલતા હોય એમ લાગે છે.

કૃષ્ણના જન્મ સમયની સઘળી ઘટનાઓમાં મૂળ કથાને વળગી રહીને પ્રસંગનું આલેખન કરતા પન્નાલાલે અહીં અંજનાપુત્રી ને આ ઘટનાની સાક્ષી બનાવીને મૂળકથા પ્રસંગથી છુટ્ટા પડે છે. અહીં કુબજાના પાત્રને સર્જક જુદી દષ્ટિએ જુવે છે.

પુતનાએ દેવકીની આઠમી બાળકીને કંસ સોંપી અને કંસે એ બાળકીને બેરહેમીથી દિવાલમાં પછાડીને મૃત્યુના ભયને નષ્ટ કરવા માંગતો હતો. પણ અહીં ચમત્કારીક ઘટના બને છે બાળકી અદૃશ્ય થાય છે ને ભયંકર હાસ્યમાં આકાશવાણી થાય છે કે: તારો કાળ જન્મી ચૂક્યો છે. મૂળ કથાનકને વળગી રહેવાનો એમનો પ્રયત્ન હોવાથી ઝાઝુ હીર ઝડકાવવામાં સર્જક ઉણા ઉતરે છે.

કંસ આ ઘટનાને 'તૂત' જ માને છે પણ અસૂરોને ભય ઉત્પન્ન થાય છે જો કંસ ધર્મમાર્ગે ચઢી જાય તો? પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા અસૂરો દેવકીના આઠમા સંતાનને શોધીને મારી નાંખવાની કાનભંભેરણી કરે છે. અસૂરોની વાતમાં સત્ય લાગતા કંસ આ સમયે જન્મેલા બાળકોને મારી નાંખવાનો નિશ્ચય કરે છે. અહીં પન્નાલાલે નવસંસ્કરણ કરીને કથાપ્રસંગની ઔચિત્યાને જાળવવાનો પ્રયાસ કર્યો છે. પૂતના આ સમયે જન્મેલા બાળકોને મારી નાંખવા નીકળે છે.

નંદના ઘરે પુત્રજન્મનો ઉત્સવ યોજાય છે ને બીજી બાજું દેવકીને પુત્રનું દુ:ખ અનહદ થતું હોવા છતાંય નકરી ને નજરવી શકાય એવી વાસ્તવિકતા સામે દેવકીનું માતૃત્વહૃદય કકળીને શાંત બની જાય છે કર ભરવા આવેલા નંદ પાસે પુત્રના સમાચાર જાણવા મળશે એ આશાએ બેસેલી દેવકીને કુબજાએ કંસે યોજેલા ગુપ્તચરોની વાત કહી ત્યારે પુત્ર સમાચાર આશા ય ડુબી જાય છે અની એષણા તો વણ સંતોષાયેલી રહે છે. દેવકીની માતૃત્વ વેદનાને અભિવ્યક્ત કરીને કરુણરસને ખારસો ઉપસાવ્યો છે.

રાધાનો પ્રવેશ સર્જકે આમ કરાવ્યો છે. પટલીએ પડતા કૃષ્ણને જોઇને રાધા આનંદિત બનીને ઝૂમી ઊઠે છે. પહેલેથી રાધા કૃષ્ણ સાથે સ્નેહથી જોડાયેલી હોય એમ પન્નાલાલે સૂચવ્યું છે. કૃષ્ણ જન્મના એક વર્ષે બનતી ઘટનાને મૂળકથાનકને અનુસરીને સર્જકે આલેખી છે. એક વર્ષ કૃષ્ણ ગાડાને લાત મારીને દુર ફંગોળી નાંખે છે કૃષ્ણની આ લીલાને કોઇ તાર્કિક કારણ આપવાનું અવગણીને માત્ર કૃષ્ણની લીલાને ચમત્કારિક પ્રસંગ રૂપે જ રજૂ કર્યું છે અહીં ગાડુ કઇ રીતે ઊંધું વળ્યુએ ગોકુળવાસી માટે જ નહી પણ વાચકવર્ગ સામેય પશ્નાર્થ બની રહે છે. મૂળ કથાપ્રસંગોને અનુસરીને લેખકે કૃષ્ણ ને

---

૫ એજન પૃ

ચમત્કારિક પુરુષ એટલે કે વિષ્ણુ ના અંશરૂપે જ અહી આલેખ્યાની છાપ પડે છે

કથાનકને રસપ્રદ બનાવવાને અર્થે કંસના પાત્રને અહી લેખકે ભયભીત ચીતર્યું છે. જાગતા ને ઊંઘતાં એને કૃષ્ણનો ભય લાગે છે. દુર્ગાની કરાળકામ મૂર્તિઓરડામાં તાદ્રશ્ય થાય છે, એ ભયાનક અટ્ટહાસ્ય કરે છે, નારદ દેખાય છે. ભયાનક સ્વપ્નો કંસને ભયભીત બનાવી મૂકે છે પોતાના ભયને જળમૂળમાંથી દૂર કરવા અરિષ્ટ તૃણાવર્ત, કેશી અને ધેનુકને સતેજ કરે છે. આથી પૂતના ને એના અસૂર મિત્રો મથુરામાં અને મથુરા બહારના બાળકોને મારી નાંખવા જાય છે. અહી ગોકુળમા બનતી કૃષ્ણ લીલાઓ માટેની ભૂમિકા બંધાય છે.

'યમલાર્જુનનો ભેદી બનાવ' ની ઘટનાનો વિશિષ્ટપણે વિનિયોગ થયો છે. કૃષ્ણના પરાક્રમને સાંભળતી પૂતનાને કૃષ્ણનું પગેરું મળે છે. એ કૃષ્ણને સ્તનપાન કરાવીને મારી નાંખવા માગે છે પરંતુ પોતે જ મૃત્યુને વરે છે. મૂળ કથાનકને વળગી રહેતા લેખક અહીં કશુંક પણ નિષ્પન્ન કરાવી શક્યા નથી. માત્ર કંસ ભયને ટાળવા માટે ગોપાલકો પૂતનાના દેહને સળગાવી દે છે.

બે વર્ષનાં લાંબા સમય સુધીમાં ને મદિરાને સુંદરીમાં મગ્ન બનેલા કંસને પૂતના સાંભળી આવે છે. બક અને પ્રલંબને પૂતનાની તપાસાર્થે મોકલે છે.

કૃષ્ણની બાળલીલાના પ્રસંગો સપાટી પરના હોય એવી પ્રતીતિ થાય છે. યશોદાએ કૃષ્ણમુખમાં બ્રહ્માડના દર્શન કર્યા, એથી વિશેષ સર્જક પોતાનું કર્મને બતાવી શક્યા નથી. બાળકૃષ્ણના મુખમાં બ્રહ્માંડદર્શન કરતી યશોદાની આંતરછબિ લેખકે સુપેરે ઉપસાવી શક્યા હોત પણ એમ એ કરી શકવામાં નિષ્ફળ નીવળ્યા છે એજ પ્રમાણે નિરૂપણમાં રસજમાવટની બાબતમાં લેખક મોળા પડે છે. માખણ ચોરીના પ્રસંગમાં, ચિત્તચોરના પ્રસંગમાં કે તૃણાવર્તના વધમાં લેખકનું કોઇ કૌશલ જોવા ન મળવાથી આ કથાપ્રસંગો માત્ર કથાપ્રસંગ બનીને અટકી જાય છે.

કા'નના એક પછી એક પરાક્રમોને ચમત્કારો જોઇને ગોકુળવાસીઓ કંસના ભયથી બચાવવા માટે ગોકુળનો ત્યાગ કરે છે. પન્નાલાલને ઝાઝેભાગે ફાવતો અને ભાવતો એવા પ્રણયને આલેખવા તરફ વળે છે એ કૃષ્ણ-રાધાના પ્રણય ભાવને આલેખવા તરફ ઢળે છે. રાધા કૃષ્ણને ચાહે છે અહીં 'મળેલા જીવ' નવલકથાના કાનજીના પાવામાં ગીત મૂક્યું એમ કા'નની મોરલીમાં ય ગીત મૂક્યું છે.

'કોણ કે' છે તે ગાય નોતી મારી વાલા,
કોણ કે' છે કે ગાય નથી રે ....
'સોના શિંગડીએ ને રૂપાની ખરીએ
એરે એંઘણે ગાય હતી રે .....'[૫]

કૃષ્ણની વાંસળીમાં મુકાયેલા ગીતમાં પન્નાલાલનું કવિત્વ પ્રગટ થાય છે. અહીં 'કચ-દેવયાની' ના પ્રસંગનું સ્મરણ થઇ આવે છે. ગાયોને હંકારીને આવતા કચમુખે લેખકે ગીત મૂક્યું છે.[૬]

કચના મૂખે ગવાતા ગીતનો અર્થ દેવયાની પોતાને અનુકુળ કાઢી લે છે એમ અહીં દેવયાનીની જેમજ રાધા પોતાના હૃદયમાં ઉદ્ભવેલો એવો અર્થ કાઢે છે. સર્જકની આ બીબાંઢાલ અભિવ્યક્તિ કોઇ દિશા ચીંધી શકતી નથી. કૃષ્ણને રાધા એકમેકને ચાહવા લાગે છે. બીજી બાજુ એ પૂતના પછી તૃણાવર્ત

---

૫ એજન પૃ

અદ્રશ્ય થવાથી કંસની મૂઝવણ વધી જાય છે. તૃણાવર્ત ને પૂતનાના રહસ્યને પામાવા માગતો કંસે વ્યોમાસૂર, અંધાસૂર અને બકાસૂરને આદેશ આપે છે કંસને ક્રિયાશીલ બનાવવા માટે પાત્રાનુંરૂપ પરિવેશને સર્જી આપનાર સર્જકે કૃષ્ણની બાળલીલાની જેમ જ તરુણલીલાઓને આલેખી છે. ક્યાંય સર્જક સ્પર્શનો અનુભવ થતો નથી 'દાણલીલા, યમુના કિનારે વસ્ત્રાહરણ અને શિશુપાળની ચમત્કારિક ઘટના - આ પ્રસંગો જમીન પરના પ્રસંગો બનીને અટકી જાય છે. માત્ર કથાનકનો પ્રવાહ આગળ વધે છે એથી વિશેષ કાંઇ નહી.

વિચિત્ર એવા છોકરા (શિશુપાળ) ને જોવા માટે બળરામ, શ્રીદામ અને કૃષ્ણ ચેદિદેશ જાય છે. અહી માર્ગમાં પ્રથમવાર કા"ન અને રુકિમણીનો પરિચય થાય છે. માથાપર મોરમુંગટ ને કમરે વાંસળી ભરાવેલા કા'નને જોતા રુકિમણી અનેરું આકર્ષણ અનુભવે છે.

ગોપાલકનાં વિચિત્ર વેશભૂષાઓ વાળો બાળકોને જોઇને શિશુપાળની માતા ગર્જી ઉઠે છે કે:-

"હતાશ બની રહેલી રાણીના કાન ઉપર 'ગોવાળો' એવું નામ પડતાંજ દારૂમાં જાણે દેવતા પડ્યો. આગ આંખો એ દ્વારપાળ તરફ નજર માંડતાં પ્રશ્ન કર્યો: 'ચૂપ કર દુષ્ટ! કોણ છે તુમ આવો નરાધમ કે આ રીતે તુમ મારો ઉપહાસ કરી રહ્યો છે? ક્રોધ આડે એ આગળ બોલી ન શકી."[૭]

પન્નાલાલે અહીં મૂળકથાનકમાં ન હોય એવા પ્રસંગને ઉપસાવીને શિશુપાળની માતાના હૃદયની વેદનાને અહી જુદી રીતે અભિવ્યક્ત કરી છે. જન્મથીજ ચાર હાથો વાળા ને વિચિત્ર દેહવાળા બાળકને એના વધારાના અંગો ખરી પડે ને શિશુપાળ માનવ બની રહે એ માટે આકાશવાણી પ્રમાણે અનેક રાજાઓ, રાણીઓને એમના પુત્ર-પુત્રીઓના ખોળામાં મૂકી જોયા પણ શિશુપાળના વધારાના અંગો ખર્યા નહી. આથી એના હૃદયમાં આઘાત લાગ્યો હશે. આવે ક્ષણે ગોવાળો શિશુપાળને જોવા માંગે છે ત્યારે એન એમ થાય છે કે એની આ ગોવાળો મજાક કરે છે. આથી એની વેદના અહીં ક્રોધાવેશમાં પ્રગટે ચે. અહીં માતૃત્વપ્રેમની અગાધ લાગણી જોવા મળે છે. શિશુપાળની માતા કૃષ્ણના રૂપને દેખાવથી અંજાયને એના ખોળામાં પુત્રને મૂકવા માગે છે. પન્નાલાલે ફ્લેશબેકનો વિનિયોગ કરીને શિશુપાળના જણમ ભવિશ્યવાણીની કથાને કૃષ્ણને રાણીના સંવાદથી નિરૂપી છે. કૃષ્ણના ખોળામા મૂકતાં જ શિશુપાળના વધારાના અંગો ખરી પડ્યા. પુત્રને સારો થયેલો જોઇને રાણી આનંદિત બની ઉઠે છે. પણ બીજી ક્ષણે એને ભવિશ્યવાણી સ્મરણ થતાં દુ:ખી બની જાય છે. કારણ કે: 'જેનાં ખોળામાં એના વધારાના અંગો ખરશે એના હાથે એ મૃત્યુ પામેશે. કૃષ્ણના ચમત્કારથી પ્રભાવિત થયેલા શ્રીદામ અને બળરામના મનમાં કૃષ્ણ માટે ઉચ્ચભાવ નીપજે છે. એમાંય વળી કૃષ્ણ બકાસૂરને મારી નાંખે છે અને કાલીનાગને નાથે છે. સુપ્રચલિત એવા આ બે કથાપ્રસંગો સપાટી પરના બની રહેતા એમાં સર્જક કર્મની સુવાસ આવતી નથી. કંઇક અંશે રાધાના પ્રેમને ઉપસાવી શક્યા છે. કાલીનાગને નાથવા કૃષ્ણને જોઇને રાધાને કૃષ્ણ ગુમાવવાનો ભય લાગતા એ બેભાન બની જાય છે. અહી હૃદયસ્પર્શી સંવેદનનુમ નિરૂપણ કંઇક અંશે થયું છે.

પન્નાલાલે કૃષ્ણના પરાક્રમો કે લીલાને કોઇ વિશિષ્ટ એવી દ્રષ્ટિ બિંદુએથી જોવાનું ટાળીને સામાન્ય

---

૬ 'કચ-દેવયાની', પન્નાલાલ પટેલ. પ્ર આ. પ્ર વર્ષ પૃ

૭ એજન ૬૨/૨.

વાચકની જેમ જોયા હોય એવી છાપ કૃતિમાં પડે ચે. પાત્રોને એની ક્રિયા કલાપો દ્વારા કૃતિમા ઉપસાવી આપવાનો સર્જકનો દૃષ્ટિકોણ રહ્યો હોવાથી પુરાણના ચમત્કારભર્યા પ્રસંગો મૂળકથાનાકમાં છે એ જ બીબાઢાળમાં નિરૂપાયા છે. અને ગ્રામ્ય ગુજરાતી વાતાવરણ ખડું થાય છે.

કૃષ્ણ એક પછી એક પરાક્રમો કર્યે જાય છે. પરંતુ અહીં તો સાવ ઉંધું બન્યા કરે છે નદ અને યશોદાને લેખકે પ્રાશ્વાદભૂમાં રાખ્યા છે. કૃષ્ણના પરાક્રમો બીજી બાજું કંસનું જુલ્મી શાસન છે છતાંય નંદ-યશોદાની આંતર-બાહ્ય પરિસ્થિતિને નિરૂપવાનું ટાળીને લેખકે માત્ર પ્રસંગ નિરૂપણમાં જ વહ્યા જાય છે. કૃષ્ણના ચમત્કારિક કથા પ્રસંગોને દર્શાવીને એમણે કંસના પાત્રને ભયભીત બનાવવાનો પ્રયત્ન કર્યો છે

બક અને વ્યોમાસુર વ્રજપાસે મૃત્યુ પામ્યા છે અને કૃષ્ણેજ એમને મારી નાંખ્યા છે એમ વત્સાસુર પાસેથી જાણતાંજ કંસને ભય વ્યાપી વડે છે. કંસ હવે સક્રિય બનતા કથાનકનો પટ વિસ્તરતો જાય છે. કંસ હવે જરાસંધની સહાય લે છે.

કૃષ્ણ ગોવર્ધન પર્વતને ઊંચકીને વ્રજવાસીઓની રક્ષા કરે છે. આ ઘટનાને રસપ્રદ બનાવવા માટે સર્જકે કૃષ્ણ પાસે ઇન્દ્રના યજ્ઞનો વિરોધ કરાવ્યો છે. વ્રજવાસીઓને પહેલા બની ગયેલી કંસની ઘટનાનું સ્મરણ થતાં 'કૃષ્ણ' ને મૂલવવામાં ઊણાં ઊતરે છે કૃષ્ણનેય અસૂરતત્વ રૂપે ઓળખાવવા મથતા વ્રજવાસીઓ સામે કૃષ્ણે જ્યારે ગોવર્ધનની પૂજા કરવાનુમ સૂચવે છે. ત્યારે એમને શાંતિની અનુભૂતિ થાય છે. ઇન્દ્રનું અપમાન થવાથી એ અષાઢી મેઘ થઇને વરસે છે. ઇન્દ્રના કોપાયમાન રૂપને પામી જાય છે અને એ ગોવર્ધન પર્વતને ટચલી આંગળીએ ઉંચકીને વ્રજવાસીઓને ઉગારી લે છે. અહીં મૂળ કથાવસ્તુનું પ્રતિબિંબ ઝીલાયું છે.

કંસના એક પછી એક અસૂરોને સહજતાથી મૃત્યુના મુખમાં ધકેલી મૂકતો કૃષ્ણ સાંઢના રૂપમાં રહેલા અરિષ્ઠને મારી નાંખે છે. કંસને આ વાતની જાણ થવાથી ઘણો ખિન્ન થાય છે અને એ કૃષ્ણને મારી નાંખવાનો મક્કમ નિર્ધાર સાથે કટિબધ્ધ બને છે.

પ્રણયકથાને અને પ્રણયપ્રસંગને નિરૂપવામાં સોળે કળાઓ ખીલીઉઠતાં પન્નાલાલે અહીં વૃષભાનુ રાધાને કૃષ્ણને મળવાની મનાઇ ફરમાવે છે ત્યારે રાધા પિતાને કહે છે કે:

'પિતાજી, આ બાબતમાં હું હવે અવશ છું. કા'નને મળ્યા વગર રહી શકતી જ નથી. તેમાં પણ એ જ્યારે રાસ માંડે છે ને મોરલી વગાડે એ વખતે તો હું સાચે સાચ જ અવશ બની જાઉ છું. સૂધસાન સુધ્યાં ખોઇ બેસું છું. હું જાણે કે કોઇક અદૃશ્ય શક્તિની ખેંચાયેલી જતી હોઉં એ રીતે ગયા વગર રહી શકતી જ નથી, પિતાજી' .. ... ને અંતમાં પછી પિતા આગળ મોં ખોલીને રાધાએ કહી દીધું હતુ: 'એક જ ઉપાય છે પિતાજી, તમાર મને ઘરની અંદર પૂરી દેવી!'[૮]

કૃષ્ણ પ્રત્યેના પ્રગાઢ પ્રણય ભાવજગતને સર્જકે રાધાના પાત્ર દ્વારા ઉપસાવ્યો છે.

રાધા જ નહીં પણ સમગ્ર ગોપીઓ કૃષ્ણને ચાહતી હતી અને એ રાસ રમાડે ત્યારે તો ગોપીઓ પુત્ર, પતિ, પિતા, ભાઇને તરછોડીને ચાલી નીકળતી આથી ગોપાલકો કૃષ્ણની રાસને નિષ્ફળ બનાવવા ભેગાથાય છે અને દરેક વ્યક્તિઓ ગોપીઓને ઘરમાં બંધ કરીને કૃષ્ણ કેવો રાસ રમે છે એ જોવા જાય

---

૮. એજન ભાગ ૨ પૃ ૧૪૧

છે સર્જકે અહીં ચમત્કારિક પ્રસંગને સ્વીકારીને કૃષ્ણને ભગવાનરૂપે સ્વીકાર્યા છે. ગોપીઓ વિના રાસ નહી થાય એમ માનતા ગોપાલકો રાસ રમાય એ જગ્યાએ જતાં આશ્ચર્યચકિત બની ઉઠ્યા. પોતે જેમણે ઘરમાં બંધ કરીને આવ્યા હતા એ તો કૃષ્ણ સાથે રાસ રમતી હતી ગોપાલકોને આ બધો ભ્રમ લાગવાથી ઘરે તપાસ કરે છે તો રાસ રમતી ગોપીઓ તો ભરનિંદ્રામાં સૂતેલી હતી. અહીં પન્નાલાલે ચમત્કારિક પ્રસંગ વડે કૃષ્ણના વ્યક્તિત્વને ઉઘાડ આપીને પાછળ બનતી ઘટનાઓ માટેની ભૂમિકાઓ સર્જી આપે છે.

કેશીના વધથી ભયભીત બનેલો કંસ કોઇપણ રીતે કૃષ્ણનો સંહાર કરવા તત્પર બને છે. અને એ ષડયંત્ર રચે છે. મૂળ કથાનક સાથે છુટ લઇને સર્જકે અંધકના પાત્રને મૂર્તીમંત બનાવવાની સાથે કથાને સરપ્રદ બનાવવાનો પ્રયાસ કર્યો છે. કૃષ્ણ અને બલરામને મથુરાં બોલાવવાનો આદેશ અધંકને આપવામાં આવે છે. અંધક શૂરવીર છે ને યાદવોનો વડિલ સામંત છે. અહીં અંધકના મુખે જીવંત સંવાદોને પ્રયોજીને સર્જકે અંધકના શોર્યને પ્રગટાવી આપ્યું છે. કંસનું અપમાન કરીને કંસની સભાનો ત્યાગ કરતાં અંધક ખચકાટ અનુભવતો નથી. પરંતુ કૃષ્ણને મારી નાંખવા કટિબધ્ધ થયેલ કંસે 'અક્રૂર' ને આજ્ઞા કરે છે.

યાદવ યોધ્ધાઓ અને સામંતો સામે પડકારરૂપ સ્થિતિ સર્જાય છે. કંસની આજ્ઞાને અવગણના કરવી પણ શક્ય ન હતી તો કૃષ્ણને કંસના હાથોમાં સોપવો પણ શક્ય ન હતો. મુંઝવણ ભરી સ્થિતિમાં મૂકાઇ ગયેલા યાદવો દેવકીના આઠમા પુત્ર તરીકે જન્મેલા તારણહારને બચાવી લેવા સજાગ બને છે.

કૃષ્ણ ભયથી વર્ષો સુધી ભયભીત અવસ્થામાં રહેતો કંસ કૃષ્ણને મારી નાંખવાની પ્રપંચલીલા રચે છે. કૃષ્ણ સભામાં પ્રવેશ કરે એ જ ક્ષણે કુવલયાપીડ હાથી કૃષ્ણને મારી નાંખે. એ ન મારી નાંખે તો મુષ્ટિક અને ચાણૂર મલ્લયુધ્ધને બહાને કૃષ્ણ અને બળરામને મારી બનાંખે અને આ મલ્લો પણ સફળ ન થાય તો પોતે જ તેઓના સંહાર કરી નાંખવાની યોજના ઘડી કાઢે છે.

કંસના મનનો પાશવી માયાજાળને પામી ગયેલા ધર્મ યાદવોના સામંત અને યૌધ્ધાઓ કંસના કાળપંજામાંથી ઉગારી લેવાના વેતરણમાં પડે છે. જીવંત સંવાદો દ્વારા આ સ્થિતિને ઉપસાવી આપવામાં આવી છે.

બાળસહજતાથી રંગારાને મારી નાંખીને રાજવી પોશાક ધારણ કરીને કૃષ્ણ મુક્તપણે ભ્રમણ કરે છે. કુબજાને એક ઝાટકે સ્વરૂપવાન બનાવે છે. લેખકે ચમત્કારિક ઘટનાને અને મૂળકથાનકને યથાર્થ રૂપે નિરૂપી છે. અહીં મૂળ કથાનકની જેમ જ ઘટનાઓ એક પછી એક વર્ણવાતી જાય છે. રંગારાનો પ્રસંગ કુબજાનો પ્રસંગ અને અક્રુરને થયેલા કૃષ્ણ દર્શન - આ બધાય પ્રસંગોમાં સર્જકનું પોતાનું કોઇ મૌલિક દર્શન જોવા મળતું નથી. આથી કૃતિ કથા જ બની રહે છે. માત્ર કૃતિમાં આવતા સંવેદનશીલ દ્રશ્યોમાં લાગણીની પ્રચૂરતા એ દ્રશ્યને રોચક બનાવે છે.

ચાણુર અને કૃષ્ણ વચ્ચેના મલ્લયુધ્ધનું ચિત્ર તાદશ કરાવતા એમણે નોંધ્યું છે કે:

'પણ આટલા સમયમાં ચાણૂર પામી ગયો હતો કે કૃષ્ણને ફેંકવા પોતાનું અંગ ઉછાળશે તો કૃષ્ણ સાટે પોતાના ચપળ હાથ નીચે ઘાલી દેશે ને રોટલાની જેમ ફેરવતાકને ચીત કરશે! આ હિસાબે ચાણૂર પાટલાઘોની જેમ જમીન સાથે ચોંટી જ રહ્યો. કૃષ્ણ પણ સમજી ગયો કે આ મહાકાય મલ્લને

ચીત કરવા પાછળ મહેનત વેડફવા જેવું છે. આગળ ઉપર દેખવું છે.'[૯]

'રોટલાની જેમ ફેરવતાકને ... ...' કહેતાની સાથે જ ગ્રામ્ય પરિવેશ અને પન્નાલાલ કેવા નજર સમક્ષ ખડા થાય છે. મલ્લયુધ્ધના પ્રસંગને તાદૃશ્ય કરાવવા માટે સર્જકે ચાણૂરના પાત્રની મનોજગત ભાવોને અને મલ્લયુધ્ધના દાવોને આલેખ્યા છે. કૃષ્ણ સાથે મલ્લ યુધ્ધ કરતાં ચાણૂરને કૃષ્ણની શક્તિ અને એની ચપળતાનો ખ્યાલ આવી જવાથી એને પ્રપંચનો આશ્રય લઇને કૃષ્ણને મારી નાંખવાનો પ્રયત્ન કરે છે. પરંતુ કૃષ્ણ એને નિમિષ માત્રમાં યમસદન મોકલી આપે છે. મોતને સામે ઝઝુમતું જોઇને કોપાયમાન બનેલાં કંસે બન્ને ગોવાળીયાઓને મારી નાંખવાનો આદેશ આપ્યો. કંસના આદેશને એના યોધ્ધાઓ અનુસરે એ પૂર્વેજ ક્ષણમાત્રમાં કૃષ્ણે કંસનો વધ કર્યો. આમ, અધર્મતાની સીમાઓને ઓળંગનાર કંસ મૃત્યુશૈય્યામાં પોઢી જાય છે.

મથુરામાં બનેલી આ અદ્વિતીય ઘટનાને યાદવો સહર્ષ વધાવી લે છે. કંસના ચરિત્રને આરંભથી જ સરસ રીતે આલેખનાર સર્જકે કંસના મૃત્યુનાં પ્રસંગને રસપ્રદ બનાવવામાં સફળ થયા નથી. કંસનું મૃત્યુ સપાટી પરનું લાગે છે. કંસના પાત્રની ક્રૂરતા વર્ણવતા પન્નાલાલ જે પરિશ્રમ કર્યો છે એ એના મૃત્યુવાળા પ્રસંગના વર્ણન માટે હોત તો કંસના ઘાતકી પરાક્રમી વ્યક્તિત્વને વધુ ન્યાય મળ્યો હોત. આવો આવડો રાક્ષસી કાયા અને બુધ્ધિ ધરાવતો કંસ ક્ષણવારમાં રગદોળાઇ ગયો.

સંવેદનશીલ એવા પ્રસંગોને નિરૂપવામાં સર્જકની લેખિની ખીલી ઉઠે છે. દેવકી-કૃષ્ણના પ્રથમ મિલનના ભાવજગતને અભિવ્યક્ત કરવા માટે લેખકે ખાસ્સો એવા સફળ થાય છે.

"પાગલ સરખી દેવકીતો આસન પરથી અડધી ઊભી થઇ ન થઇ ને કૃષ્ણને છાતી એ ભીડતી વળી પાછી આસન પર બેસી ગઇ. કૃષ્ણને પણએ પોતાના ખોળામાં સમાવવા માગતી હતી-

કૃષ્ણ અડધો માના પગ આગળ જમીન ઉપરને અડધો માના ખોળામાં! શાંત બનીને પડી જ રહ્યો, પડી જ રહ્યો!

દેવકી પણ પોતાના આ લાલના માથે, મોઢે, ખભે, બાવડે પીઠ પર પોતાનો હાથ ફેરવી રહી. ચોસરધારે રડચે જતી માતાનું વાત્સલ્ય હૃદય ભરીને ઠાલવી રહી. નવો અવતાર પામી હોય તેમ પ્રેમવત્સલ બની રહી.

હૃદયસ્પર્શી આલેખન કરતાં લેખકે માતૃવાત્સલ્ય નીતરતું બતાવ્યું છે.

કંસવધના સમયની અને એ પૂર્વેની ગતિ વિધિ એ સમયગાળાનું વાતાવરણ રાજકિય ખટપટ, પ્રપંચ, ષડયંત્ર વિગેરેને વર્ણવામાં સર્જકે સારો પ્રયત્ન કર્યો છે. કંસનો જન્મ પૂર્વેની ઘટના, એનું બાળપણ, એની અધર્મતા, વિપુલની પ્રપંચ લીલા, કૃષ્ણનો જન્મ, કારાગારનું વર્ણન, કંસની ગભરામણ, યાદવોની વિચારના, એમની શૌર્યતા, ચમત્કારિક ઘટનાઓ તથા અરિષ્ટ, કેશી, પૂતના, વ્યોમાસૂર, અંઘકાસૂર આ બધાં પ્રસંગોના માધ્યમ વડે પુરાણકાલીન વાતાવરણ તાદૃશ કરી આપે છે.

બાળપણથી જ ચમત્કારો કરતાં કૃષ્ણ, ગોપીઓ સાથે પ્રણય-મસ્તી કે આનંદ-પ્રમોદ કરતો કૃષ્ણ આ પ્રસંગ ઉદાત્તપાત્ર તરીકે ઉભરી આવે છે. મથુરાનગરીના રાજાનો વધ કર્યા પછી એનું રાજ્યપદ લેવાને બદલે કૃષ્ણ ઉગ્રસેનને રાજા બનાવે છે. અધર્મતાનો નાશ થવાથી મથુરામાં આનંદ-ઉત્સવ

૯. એજન. ભાગ. ૨ પૃ. ૪૪૮.

૧૦ એજન ભાગ ૨ પૃ.૪૫૯

યોજાય છે પણ જરાસંધ સામે જુદી જ સ્થિતિ સર્જાય છે. બળ અને સત્તાના અભિમાનમાં રત એવો જરાસંધ એક સામાન્ય ગોવાળે પોતાના જમાઇને આમ સરળતાથી મારી નાખ્યો? આવી દારૂણ ઘટના જરાસંધ કેવી રીતે સહન કરી લે જમાઇના મૃત્યુથી કોપાયમાન થયેલા જરાસંધ કાળઝાળ બનીને મથુરામા ગદા ફેંકે છે. જરાસંધે ફેંકેલી ગદાવાળા પ્રસંગને સર્જકે નવું અર્થઘટન કરીને કૃષ્ણના પાત્રને ચમત્કારિક પુરુષ તરીકે ઉપસાવ્યું છે. એકબાજું જરાસંધ પ્રતિશોધ લેવા તત્પર બને છે. બીજીબાજુ ઉપવીતના પ્રસંગે ઘના બધા સ્નેહીજનો આવે છે. એમાં દમઘોષ કૃષ્ણને જરાસંધનો ભય બતાવીને ભયભીત કરવાનો પ્રયાસ આદરે છે પરંતુ કૃષ્ણ એવી વાતોથી ભયભીત થતો નથી. અહીં દમઘોષે કૃષ્ણ અદભૂત પરાક્રમને ઉધ્ધવના પાત્ર દ્વારા આમ ઉપસાવ્યું છે-

"આત્મજનો, તમે માત્ર આ ગદા તેમ જ ગદાને ફેંકનારનો જ વિચાર કરો છો પણ બીજું કશું વિચારો છો ખરા?... ... આ ગદા ન તો દૂર દૂર દેખાતા અમારા સેનાસ્થાન પર પડી કે ન એ મથુરા ઉપર ઝીંકાઇ, એન બદલે નગર બહાર આ નિર્જન સ્થાનમાં જ પડી છે એનો તમે કંઇ વિચાર કર્યો? તમને એમ નથી લાગતું કે કોઇકે જાણેઆ ગદાને અહીંજ રોકી પાડી હશે- "[૧૧]

જરાસંધે મથુરા પર ફેંકેલી ગદાનું નગરની બહાર અટકી જવું કેટલું સમકેતિક છે! અહીં લેખકનું નવું અર્થઘટન દષ્ટે પડે છે અને આ સાથે 'ઉધ્ધવ' ના પાત્ર નો વિકાસ સાંધ્યો છે.

અહંકારી અને અભિમાની પ્રકૃતિનો પૌંડું જરાસંધ પાસેથી દૂત કાર્ય માંગીને મથુરા જઇને કૃષ્ણ અને યાદવોને જરાસંધનો ખૌફ બતાવીને ભયભીત બનાવવાનો પ્રયાસ કરવા ગયો તો હતો પણ એજ યાદવસભામાં ભયંકર રીતે અપમાનીત થાય છે. જરાસંધની ધમકીને વશ થયાને બદલે એનો પ્રતિકાર કરવા પૂર્વતૈયારી આરંભી દેતા યાદવોમાં આવેલી નૈતિક તાકાતનો જુસ્સો પ્રગટ થાય છે. શસ્ત્ર અને અસ્ત્ર જ્ઞાન પ્રાપ્ત કરવા સાંદીપણિ ઋષિને ત્યાં જતાં પહેલા કૃષ્ણ કુબજાને ઘરે જાય છે. વેદાભ્યાસમાં પ્રવિણ એવા ઉધ્ધવ કૃષ્ણના સામે ચાલીને એક સામાન્ય સ્ત્રીને ત્યાં જાય છે એથી મુંઝવણમાં મુકાય છે. કૃષ્ણના આ અકલ્પ કાર્યને અને કૃષ્ણને સમજવામાં ઉધ્ધવ અસમર્થ બને છે. પરંતુ વ્રજના ગોપ-ગોપીઓ અને રાધાને મળતાંજ કૃષ્ણ પ્રત્યેનો જાગ્રત થયેલ અણગમો દૂર થઇ જાય છે. વ્રજવાસીઓનાં કૃષ્ણ પ્રત્યેના વાત્સલ્ય ભાવને સર્જકે વ્રજવાસીઓ અને રાધાને આશ્વાસન આપવા માટે ગયેલા ઉધ્ધવની સ્થિતિ અહીં અસહ્ય બની જાય છે. નાટ્ય સંવાદ દ્વારા સર્જકે રાધાના હૃદયની વેદનાને ચરિતાર્થ કરાવી આપી છે અને ઉધ્ધવના મનોજગત ભાવવિશ્વને આલેખીને કથા પ્રસંગને વેદનાસભર બનાવી આપ્યો છે.

'આપો દિલાસો લો, આ બેઠી.' રાધાનો સૂર કંઇકે બદલાઇ ગયો. મોં ઉપરનું હાસ્ય પન ભીંતસ્માંની સાગ જાણે કે ડોલવા લાગી.

-- -- -- --

'માહપંડિત ઉધ્ધવ રાધાના અવાજમાં રહેલો વ્યંગનો રણકો પરખી ગયોને વળી પાછો એ પોતાની જાતને ચેતવવા લાગ્યો:' ભલા ઉધ્ધવ, પ્રભુની આ પ્રિયતમાને તું શું દિલાસો આપવાનો છે? રાધા સામે જોઇને એ પણ હસવાલ લાગ્યો. કહ્યું: 'મને જ ખબર નથી, શોભના, ભગવાને મને ઉપદેશ આપવા મોકલ્યો છે કે ઉપદેશ પામવા મોકલ્યો છે!' ઉમેર્યું: ' હું તો વ્રજના લોકોનો પ્રેમ જોઇને ડગાઇ જ

ગયો છું.'[૧૨]

રાધાના પાત્રનો અહીંયા પન્નાલાલે હજું વધારે સમર્થ પણે ઉપસાવી શક્યા હોત.

કૃષ્ણ ને બળરામ અસ્ત્ર, શસ્ત્રવિવધા મેળવવા જવાના છે એ સમયે પાંડુપુત્રો મથુરામાં આવે છે. આ કૃતિ કૃષ્ણના જીવન પર આધારિત હોવાથી કૃષ્ણના જીવનને સ્પર્શતી ઘટનાઓને લેખકે પ્રાધાન્ય આપ્યું છે.

કૃષ્ણ અને રુકિમણીનો બીજો મિલન પ્રસંગમાં અને સાંદિપનિ ઋષિના આશ્રમમાં બનતી ચમત્કારિક ઘટનાઓના નિરૂપણમાં સર્જકિય સ્પર્શ ક્યાંય જોવા મળતો નથી. માત્ર મૂળ કથામાં બને છે એજ ઘટનાઓ ક્રમશ: નિરૂપાતી આવે છે. સાંદિપની ઋષિ ગુરૂદક્ષિણામાં કૃષ્ણ પાસે મૃત્યુ પામેલા પુત્રની માંગણી કરે છે. અને કૃષ્ણ પંચજન્ય રાક્ષસને મારી નાંખીને એના પેટમાંથી 'પંચજન્ય' નામનો અદભુત શંખ મેળવે છે તથા યમ પાસેથી મૃત્યુને વરેલા સાંદિપની ઋષિના પુત્રને કૃષ્ણ પાછો લઇ આવે છે.

કૃષ્ણના આવા ચમત્કારિક પરાક્રમોથી જરાસંધ વધારે ને વધારે ક્રોધિત બની ઊઠે છે. એમા વિધવા પુત્રીઓને જોતાં જરાસંધ આક્રોશમાં આવી જાય છે. વિપુલ અને વિજય નામના જરાસંધના ગુપ્તચરો કૃષ્ણ સંબંધી સઘળી માહિતી જરાસંધને આપે છે. પન્નાલાલે કથાનકમાં આવતા ગૌણપાત્રોને મનોમંથન અને ચિંતનમામ ઢાળીને type character માંથી round character બનાવી આપે છે. આરંભકાળથી જરાસંધનો અતિ વિશ્વાસુ ગુપ્તચર વિપુલ કૃષ્ણના પરાક્રમને જોઇને કૃષ્ણને વિષ્ણુનો અવતાર માનવા લાગ્યો. વિપુર ગુપ્તચરમાંથી છુટ્ટો થવા માંગતો હતો પણ જરાસંધના ક્રોધ્ધને સારી રીતે જાણતો હોવાથી 'નોકરી' માંથી છુટ્ટો થવાની માંગણી કરવાનું ટાળે છે. અહીં 'નોકરી' શબ્દ પ્રયોજાયો છે. સર્જકનું અપુરતું શબ્દભંડોળ અથવા તો સાહિત્ય વિવેકની સુઝ અહીં જોવા મળતી નથી. પુરાણકથાના પરિવેશને ઉઠાવી આપવામાં આ શબ્દ બાધક બનીને આવે છે.

આર્યવર્તના ઘણાબધાં રાજાઓને ગીરીબ્રજ બોલાવીને કૃષ્ણને મારી નાંખવા કૃતનિશ્ચયી થયેલો જરાસંધ સશસ્ત્ર સૈન્ય લઇને મથુરા ચઢાઇ કરે છે. કૃષ્ણ અને બળરામને જરાસંધને સોપવાને બદલે એના પડકારને ઝીલી લેતાં યાદવો સામે મુંઝવણ ભરી સ્થિતિ આવી પડે છે. હવે જરાસંધના સૈન્યને કઇ રીતે ખાળવું? બળરામને પણ ચિંતા પ્રવર્તે છે કે: વિશાળ સૈન્યને કઇ રીતે પરાસ્ત કરવું? લેખકે ચમત્કારિક ઘટનાને સહર્ષ સ્વીકારી છે. કૃષ્ણ ઇન્દ્રનું સ્મરણ કરે છે અને ઇન્દ્ર આવીને દિવ્યાસ્ત્રો આપે છે. બીજી બાજું ઉગ્રસેન યાદવોને જરાસંધનો ભય બતાવવાનો પ્રયાસ કરે છે. આવા સમયે પન્નાલાલે યાદવશોર્યને આમ વર્ણવ્યું છે.

"સભામાંથી એકી સાથે પાંચ-સાત અવાજ આવ્યા: 'ધિક્ છે, ધિક છે જરાસંધને-એ એના આ રાજવીકુળને.' કોઇકે કહ્યું: 'હે બીકણ રાજાઓ, યાદવો કંઇ તમારા જેવા બીકણ નથી કે કૃષ્ણ-બળરામને સોંપવાનો વિચાર સુધ્ધાં કરી શકે.'

મંચ ઉપર બેઠેલો સાત્યકિ ઊભો થયો - કહ્યું: 'હે મદ્રપતિ રાજાઓને અમારા વતી કહેજો કે જરાસંધના ચરણ બરાબર સેવજો, નહિ તો પકડીને પશુપતિના બલિ બનાવી દેશે.'[૧૧]

૧૧. એજન. ભાગ. ૩ પૃ ૧૧૮/૩.

૧૨. એજન. ભાગ ૩ પૃ ૮૨

અધર્મયુક્ત માંગણીઓને વીરતાપૂવર્ક અવગણતા યાદવ પ્રજાના સંસ્કારોને અહીં પન્નાલાલે પાત્રોચિત્ત એવા જીવંત અને અર્થસભર સંવાદોથી ઉપસાવીને 'સાત્યકિ' ના પાત્રની શુરવીરતા વર્ણવી છે. નાટયવ્યંગ વાણીથી પ્રસંગનો ભાવજગત યથાર્થ રીતે ઉપસ્યું છે

જરાસંધ અને યાદવસેન્ય વચ્ચે ઘમાસણ યુધ્ધ થાય છે. યુધ્ધના શબ્દચિત્રો યુધ્ધના દ્રશ્યને નયન સમક્ષ તાદશ કરાવઆપે છે. એમાં પાત્રોના શૂરતા ને પરાક્રમો પાત્રોના વચ્ચે સંવાદોને પ્રયોજીને તો ક્યારેક યુધ્ધવર્ણન કરીને યુધ્ધના વાતાવરણને દષ્ટિગોચર બનાવી આપ્યું છે.

કૃષ્ણને યુધ્ધ માટે આહ્વાન આપતા પૌડુંના મુંગટને એક તીરથી ફંગોળી દે છે અને એને બેભાન બનાવી મૂકે છે. બળરામ મૂશળ વડે જરાસંધના સૈન્યનો ખાત્મો બોલાવે છે, યાદવો ય પોતાની શુરવીરતાનું પ્રદર્શન કરતા અનેક સાહસભર્યા પરાક્રમો સર્જે છે. આ બધા બનાવો યુધ્ધના દશ્યને ખડુ કરી આપે છે. કૃષ્ણના શોર્ય ને પરાક્રમથી પરિચિત થયેલો જરાસંધે યુધ્ધનો વ્યૂહ બદલી નાંખ્યો, પણ એને કૃષ્ણના દિવ્યાસ્ત્રો સામે ઝૂકવું પડે છે અને જરાસંધ પરાસ્ત થઇને પાછો ફરે છે.

યુધ્ધ થયા પછી બન્નેય પક્ષે યુધ્ધ દરમ્યાન બનેલી મહત્વપૂર્ણ ઘટનાઓની ચર્ચા થાય એ સ્વાભાવિક હોય. ચક્રવર્તી રાજા એક સામાન્ય ગોવાળહાથે પરાસ્ત થાય તો રાજાઓમાં તર્કવિતર્ક થવા લાગ્યા ક્યાંક બચાવ થતો હોય, ક્યાંક પોતાની ભૂલોને સંતાળવાનો પ્રયાસ થતો હોય. પન્નાલાલે આ પરિવેશને સર્જીને કથાનક પ્રવાહને નવીન દિશામાં લઇ જવાનો પ્રયાસ કર્યો છે. રુકમીને વસવસો રહ્યા કરે છે કે જો પોતાની બહેન રુકિમણીએ પોતાને વચનથી બાંધ્યો ન હોત તો એ કૃષ્ણને યુધ્ધનો સ્વાદ ચખાડે. રુકમીને આ વિદાર ઝંઝોળી મૂકે છે. પીઠ-ઝબકાર રીતિનો પ્રયોગ કરીને સર્જકે રુકમી અને રુકિમણી વચ્ચે બની ગયેલી ઘટનાને નિરૂપી છે. યુધ્ધમા થયેલી પોતાની અપકીર્તિનો સઘળો ચોષ રુકિમણીને માથે રુકમી નાંખે છે. પરંતુ એની માતાને કૃષ્ણના સામર્થ્યની પૂર્ણ ખબર છે. અન્ય પાત્રો વચ્ચે સંવાદો રચીને પન્નાલાલે કૃષ્ણના પાત્રને પરોક્ષ રીતે ઉઘાડી આપ્યું છે. ગુસ્સો તો ઠંડો થયો પણ રુકિમીના મનમાં કૃષ્ણ પ્રત્યે અણગમો બંધાય જાય છે.

બીજી બાજું આર્યવર્તના કરેક રાજાઓના માથાપર પગ મુકતાં જરાસંધની હાલત કફોડી બની જાય છે. સામાન્ય એવા બે ગોવાળિયાઓ દ્વારા અપમાનિત બનેલા ડરાસંધ માટે હારને જીરવવાનું મુશ્કેલ બનતાં સંપૂર્ણ તૈયારી સાથે તે મથૂરા પર ચઢાઇ કરે છે.

જરાસંધના આક્રમણથી જીર્ણક્ષીર્ણ બની ગયેલા કિલ્લાને પરિણામે આ વખતે જરાસંધના સૈન્યનો મુકાબલો કરવો અશક્ય બની જાય છે. યાદવોના કેટલાક સામંતો તો કૃષ્ણ ને બળરામને બચાવી લેવાને બદલે મથૂરાને ઉગારવા માંગે છે. અક્રૂર એમ માને છે કે: ભગવાનને માન ને પાન કેવા? જે લોક કલ્યાણ થતું હોય તો એમણે જરાસંધને શરણે થવું જોઇએ અથવા તો ભાગી જવું જોઇએ. યાદવસભામાં થયેલી ચર્ચા જાણીને બળરામ તો સમસમી જાય છે પણ કૃષ્ણ તો નીરવતા પણે બળરામને કહ્યું:

'આપણે છીએ પણ આગંતુક જ, બળ ભાઇ, તમને ખબર નથી પણ મેન ખબર છે, આપણે આ પૃથ્વી ઉપર અમુક કાર્યો કરવા માટે જ આવેલા છીએ- આગંતુકો જ છીએ.'[૧૨]

પન્નાલાલે ગોમંતક પર્વત પર બનનારી ઘટનાનો પરિવેશ રચવામાં કોઇ પ્રતિભા દર્શાવી શક્યા

૧૨. એજન. ભાગ. ૩ પૃ.૧૯૪

નથી. કથા પ્રસંગની પકડ એમના હાથમાંથી સરી જવાથી કથારસ જળવાતો નથી. કૃષ્ણના સંવાદમાં કૃષ્ણ પોતે સ્વયં વિષ્ણુનો અવતાર છે એમ પ્રગટ થાય છે. અહીં પૂર્વે બની ગયેલી ઘટનાનું અનુસંધાન થાય છે. રડતી કકડતી પૃથ્વી પોતાના પર ફેલાઇ રેહલા અધર્મને પાપાચારને નાશ કરવા વિષ્ણુને વિનંતી કરે છે અને વિષ્ણુએ એમને વચન આપ્યું હતું, આથી કૃષ્ણ 'અમુક કાર્યો' કરવા માટે મૈથુની સૃષ્ટિમાં અવતાર ધર્યો છે. અહીં પન્નાલાલે કૃષ્ણને માનવરૂપે લેવાને બદલે પ્રભુરૂપે જ સ્વીકાર્યા છે.

જરાસંધના ભયમાંથી ઉગરવાના યાદવોની સભામાં તીવ્ર ચર્ચાલાપ થાય છે. સાત્યકિ અને ઉધ્ધવ કૃષ્ણપક્ષે રહીને દલીલો કરે છે ત્યાં એમનામાં રહેલો કૃષ્ણ પ્રત્યેનો અનન્ય વિશ્વાસ ને પ્રેમ નિતરતો જોવા મળે છે. તેઓ પ્રાણ ભોગેય કૃષ્ણને બચાવવા તત્પર બને છે અને અક્રૂર 'મથુરા' ને ઉગારવા કૃતનિશ્ચયી બને છે. પ્રસંગાનુરૂપ વાતાવરણ અહીં સર્જાયું છે અને ઘટનાઓને વિશિષ્ટ રીતે ઊભી કરવામાં લેખકની સર્જન પ્રતિભાના અંશો અહીં જોવા મળે છે. બન્ને પક્ષોમાં ચાલતો તીવ્ર વાદવિવાદને આલેખીને કથાપ્રવાહને નવીન દિશામાં વળાંક આપે છે. અહીં નાટ્યાત્મક ઘટના બને છે. યાદવો અને મથુરાને ઉગારવા મથુરાનો ત્યાગ કરવાનો નિર્ણય જાહેર કરે છે. કૃષ્ણનો આ નિર્ણયથી યાદવો અસમજસ સ્થિતિમાં મુકાય જાય છે પણ એની માતા દેવકીનું શું?

કૃષ્ણ જન્માતાની સાથે જ નંદને શરણે મૂક્યો, કંસની બીકે કૃષ્ણને મળી પણ ન શકી. જ્યારે પુત્ર દુનિયા સામે પ્રગટ થઇને મથુરાલોકને કંસની અધર્મતા અને અત્યાચારોમાંથી મુક્તિ અપાવી અને હવે એ પોતાની પાસે રહ્યો છે ત્યાં તો વળી પાછાં મથૂરા લોક માટે મથૂરાનો ત્યાગ? દેવકીની અસહ્ય સ્થિતિ થઇ જાય છે. વર્ષો સુધી પુત્ર પ્રત્યેની પ્રગટ લાગણીઓને દબાવી બેસેલી દેવકી બોલે છે ત્યારે માતૃત્વહૃદયની વ્યથા વહેતી અનુભવાય છે.

"વાત સાંભળતાં જ દેવકીની આંખો આંસુથી છલછલી ઊઠી, હોઠ માના શબ્દો પણ રુદનથી ખરડાયેલા નીકળતા હતા: 'અરેરે! કૃષ્ણને બળદેવ વિષ્ણુનો શેષનાગનો અવતાર ગનાય છે તો શું દેવોએય કશાંય પાપ કર્યા હશે?"[૧૩]

માતાના દુ:ખને હળવું બનાવવા કૃષ્ણ આશ્વાસન આપતા પોતાના જન્મની અને ગોકુળના ઘણાંય પ્રસંગોની યાદ અપાવીને માતાના ભયને નિવારે છે.

જરાસંધના ભય મથુરામાંથી ભાગી જવું અને એમાંય કૃષ્ણ પોતાનો વેશ ત્યજતો નથી એનું આશ્ચર્ય બળરામને થયા કરે છે. કૃષ્ણ અહીં ગણતરીપૂવર્ક આ વ્યવહાર કરે છે. કારણ કે જરાસંધને માહિતી મળે કે: 'કૃષ્ણ આ બાજુ એ ગયો છે તો પોતાનો પીછો કરતો તે આવશે તે ફલસ્વરૂપે મથુરાંના યાદવોનો ઉધ્ધાર થશે. અહીં પન્નાલાલે મૂળ કથામાં નિરૂપાયેલા ચમત્કારિક પ્રસંગને અનુસર્યા છે. ઇન્દ્રના કહેવાથી ગરૂડ કૃષ્ણની સેવામાં ઉપસ્થિત થાય છે. કૃષ્ણ બળરામને સહ્યાદ્રિ પર્વત પર લઇ જાય છે ત્યાં બળરામને મદિરા મળે છે. અને તે દિવ્ય આયૂધો પ્રાપ્ત કરે છે.

મૂળકથાનકના પ્રસંગોને અનુસરી કૃતિ સર્જતા પન્નાલાલની સર્જક પ્રતિભાના ઉન્મેષો અમુક ઘટનાઓમાં જોવા મળે છે. લેખકનું મૌલિક દર્શન કથાનકને ઝાઝો ઉઠાવ આપે છે એવી એક ઘટના પ્રસંગને જોઇએ. કૃષ્ણ એન પરશુરામનું મિલન

કૃષ્ણનાં જીવનમાં દષ્ટિ કરતાં પરશુરામને બ્રહ્મજ્ઞાન થાય છે કે: કૃષ્ણ ધર્મસંસ્થાપનાર્થે મૈથુની

૧૨. એજન. ભાગ. 3 પૃ.૨૩૬.

સૃષ્ટિમાં અવતાર લીધો છે. પરંતુ વિધિ વિધાનનામ રહસ્યને અકબંધ રાખે છે. છતાંય પરશુરામ કર્ણની કથા કહે છે. 'પાર્થને કહો ચઢાવે બાણ' નવલકથામાં પન્નાલાલે નારદ મુખે સંવાદ પ્રયોજ્યા છે કે ' મંત્રને ચકાસી જોતાં કુંતીને એક કવચ-કુંડળ ધારી પુત્ર પ્રાપ્ત થયો હતો.' અહીં સર્જકકર્મ જુદાં પ્રકારનું રહ્યું છે. એમ 'ભીષ્મની બાણશૈયા' માં પણ આ ઘટના આ રીતે જ બને છે. કુંતીએ યુવાવસ્થામામ અધર્મ આચર્યો હોવાથી એ સંતાનમાં અધર્મના દોષો સહજ પણે વણાય જાય છે એથી જ કર્ણ અધર્મમાર્ગે વળે છે એમ ભીષ્મ માને છે. કુંતી પ્રત્યેના ભીષ્મના અણગમાનું પ્રમુખ ઘટનાબળ આ હતું એમ સર્જકે સિધ્ધ કરી આપ્યું છે. અહીં પરશુરામ દેવોની આ લીલાને પામી જાય છે. ત્યારે કૃષ્ણ હસવા લાગે છે.

જરાસંધે મથુરામાં લાવલશ્કર સાથે પડાવ નાંખ્યો, યાદવો મૂંઝવણ બધી જવાથી મથુરામાં સભા ભરાઇ. મથુરાના ઉધ્ધારાર્થે કૃષ્ણ-બળરામને તો કાઢી મૂક્યા પણ જરાસંધને કઇ રીતે કાઢવો? લેખકનું ભાષાકર્મ અહીં તપાસવા જેવું છે.

'ઉધ્ધવે હસીને કહ્યું: 'કાકા, જેની પાસે ઉપાય હતો એને તો આપણે કાઢી દીધો!' -

ગૂનેગાર સરખો બુઢો વિદુર લાચાર સૂરતે બોલ્યો: 'ભાઇ આપણે કાઢી દીધો છે! એણે જ પોતે આ માર્ગ સ્વીકાર્યો છે.'

'એટલે જ હું કહું છું કે આપણે જેવી ઇચ્છા બલકે દાનત હતી એનો કૃષ્ણે સ્વીકાર' - [૧૪]

અહીં નાટયવ્યંગનો સમર્થ વિનિયોગ કરીને સર્જકે પ્રસંગના ભાવને ઘેરો બનાવીને અભિવ્યક્ત કર્યો છે. જરાસંધના ભયમાંથી ઉગરવાનો એક માત્ર માર્ગ હતો. કૃષ્ણ અને બળરામને જરાસંધને સોંપી દેવો. પણ આ બન્ને તો મથુરા છોડીને ભાગી ગયા હતા. આથી યાદવો શું કરે? કૃષ્ણની ગેરહાજરીમાં એનું મહત્વ યાદવોને સમજાવવા લાગ્યું. છતાંય, યાદવો મથુરાને ઉગારવા જરાસંધને મળવા જાય છે. અહીં મૂળ કથાનકમાં ન હોય એ ઘટનાને નિરૂપીને કથાપ્રસંગને પ્રતીતિકર બનાવવાનો પ્રયત્ન થયો છે. જરાસંધ વસુદેવને બાનમાં રાખીને કૃષ્ણની તપાસાર્થે શીઘ્ર દૂતોને દોડાવે છે. અહીં કથાનકના પ્રવાહમામ અણધાર્યો વળાંક આવે છે. કૃષ્ણના ગુપતવાતો લઇને વિપુલ આવે છે. વસુદેવ પુત્ર વિષયક સાચી વાતો કહી આથી જરાસંધ એન મુક્ત કરે છે. પન્નાલાલે અધર્મ પાપાચાર આચરતા પાત્રોમાં માનવતાના ભાવોને આરોપીને પાત્રમાં રહેલી માનવતાને પ્રગટાવી આપી છે. જરાસંધ હવે કૃષ્ણનો પિછો કરતો દક્ષિણમાં પ્રયાણ આદરે છે.

કૃષ્ણને બળરામ ગોમંત પર જાય છે. અહીં બળરામ કદંમના થડમાંથી એનો રસ પીને 'ઠે' થઇ જાય છે. પુરાણ કથાનકમાં સર્જકે પોતાની ઘરતીની સોડમને સમર્થ રીતે ઉપસાવી છે. સામાન્ય માણસો દારૂ પીધા પછી એવી અવસ્થામાં પહોંચી જાય છે. જ્યાં-એને પોતાનુંય ભાન રહેતું નથી ત્યારે એવા માનસને ગ્રામ્ય ભાષામાં એને 'ઠે' થઇ ગયો એમ કહે છે. 'ઠે' શબ્દનો સમર્થપણે વિન્યાસ થયો છે. બળરામનું પાત્ર અસામાન્યમાંથી સામાન્ય માનવ તરફ વધુમ ઢળી પડે છે. લોકબોલીના પ્રચલિત એવા શબ્દોને પ્રાધાન્ય આપીને સર્જકે બળરામની બાહ્ય સ્થિતિને ઉપસાવી આપી છે.

---

૧૩ એજન ભાગ. ૩ પૃ.૨૪૪.

૧૪ એજન ભાગ. ૩ પૃ.૨૬૯

પન્નાલાલે વિજયના પાત્રને સ્વકલ્પનાથી નિર્માણ કરીને એને આગવા દૃષ્ટિકોણથી નિરૂપી એને વાણી, વર્તન અને વ્યવહારથી અસામાય બનાવી આપ્યું છે. આગળ જણાવ્યું એમ આ પાત્રને round character બનીને કૃતિમાં ઉપસે છે. કૃષ્ણના અવતારને એ પૂર્ણપણે પામી ગયો હોવા છતાં એ પોતાનાં કર્તવ્યમાંથી વિચલિત નતો નથી. એ કૃષ્ણની દરેક હિલચાલને જાણીને જરાસંધને માહિતી આપે છે. પોતાને આવેલા સ્વપ્નની વાતને જરાસંધને કહીને પોતાના રાજાને મોટા તોફાનમાંથી ઉગારી લેવાનો પ્રયાસ કરે છે. વેરમાં અંધ બનેલો જરાસંધ વિજયની વાતને હાસ્યમાં ખપાવીને કૃષ્ણનો પીછો પકડવાનો આદેશ આપે છે.

ગોમંતની ઘટનાને તાદૃશ્ય કરાવવા સર્જકે જરાસંધ અને અન્ય રાજાઓ વચ્ચે સંવાદો રચીને ભુમિકા બાંધી આપી છે. ગોમંતની શિખાએ ગયેલા કૃષ્ણ અને બળરામને કઇ રીતે મારી નાંખવો! આ પ્રશ્ન બધાના મનમાં ઘુમરાયા કરે છે. રુકમી, પૌંડ્ર શિશુપાળ, શાલ્વ અને હંસ પોતાના આગવા મંતવ્યો રજૂ કરે છે. અંતે શિશુપાળના કથન અનુસાર ગોમંત પર આગ મૂકીને બન્ને ગોવાળોને મારી નાંખવાની યોજના નક્કી થાય છે. ગોમંત પર લાગેલી આગનું વર્ણન આમ કર્યું છે.

"પવનના સુસવાટાને લીધે પર્વતના આ ટોચના ભાગ સુધી ધૂમાડો આવી શકતો ન હતો. અગ્નિ પણ હજી તો જાણે ઊંચામ લીલાં ઝાડોથી ને વનરાજીથી બથંબથી કરતો નીચેના ભાગમાં અટવાઇ રહ્યો હતો. હા હાથીઓ તેમ જ બીજાં પશુઓના ચિત્કારો, સિંહનાદો ને વાઘોની ત્રાડો ઉરાંત ઉપરની યા ભાગી છૂટવાની ધમાચકડી વગેરેનું એક પ્રકારનું ભેંકાર ઘસમાણ પ્રતિપળે વધતું વધતું ઉપર જાણે કે વેગથી ચડી રહ્યું હતું."[૧૫]

ગોમંત પર્વતની ચારે બાજુંએ પ્રગટેલી આગે ભયાનક રૂપ ધારણ કરતું જોઇને બળરામ અગ્નિ સામે બાથ ભીડવા તત્પર બની ઊઠયો ત્યાં કૃષ્ણ સ્મરણ કરીને દિવ્યાસ્ત્રો પ્રાપ્ત કરે છે અને ગંગાને પ્રસન્ન કરીને ગોમંત ને લાગેલી આગને બુઝાવે છે. ગરૂડો વિશાળરૂપને ધરીને જરાસંધ સૈન્ય પર હુમલો કરે છે- આ બધી ચમત્કારિક ઘટનાઓને આધારે અહીં પૌરાણિક ઉપરાંત ગ્રામ્ય પરિવેશ સારી રીતે ઊભો થયો છે.

ગોમંત પર લાગેલી આગને પરિણામે ત્યાં સર્જાયેલી પરિસ્થિતિના વર્ણનમાં લેખકની વર્ણનશૈલીનાં દર્શન થાય છે.

"પણ આવી વખતે ચિત્તો સુધ્ધાં જીવ બચાવે કે શિકાર કરે? કોઇ કોઇ ઠેકાણે તો હાથી સિંહને, હરણાં સુધ્ધાં એક જ પંથનાં પંથી હતા. શિયાળ સૂવરને સસલાં પન મોટાં મોટાં પ્રાણીઓના પગમાં અટવાઇ રહ્યા હતા."[૧૬]

કૃષ્ણ, બળરામ ને ગરૂડ જરાસંધ સૈન્ય પર ઘેરો ઘાલીને હુમલો કરે છે. તેઓ મોટા રાજાઓને પણ નમાવી મૂકે છે. દંતવક્ત્રનો કૃષ્ણ 'રોટલો' બનાવી નાંખ્યો, સાગર ઊંચાં ઊંચાં મોજાઓ લઇને સૈન્યને ભીંસમાં લે છે. જરાસંધના સૈન્યની દારૂણ સ્થિતિ સર્જાય છે. એને વર્ણવતાં સર્જકે આમ નોંધ્યું છે કે-

'અને આમ ઘનઘોર અંધારામાં ભરાઇ પડેલી જરાસંધની સેનાઓ ખાણિયામાં ડુંડા ખંડાતાં હોય તેમ બધી જ પાથી ખંડાઇ રહ્યાં!'[૧૭]

૧૫, ૧૬, ૧૭, એજન. ભાગ. ૩ પૃ.૩૦૨, ૩૧૦, ૩૨૦.

પૌરાણિક કથા લોકબોલી પ્રયોગોથી અને વર્ણનોની સાહજિકતા સાચે જ ઘણી જગ્યાએ જીવંત વાતાવરણ સર્જી આપે છે. પૌંડ્ર, રુકમિ, શિશુપાળ અને શાલ્વ કૃષ્ણને બળરામ હાથે પરાસ્ત થાય છે. એમાંય જરાસંધ બળરામના મૂશળનો માર ખાઇને યુધ્ધ ભૂમિને છોડીને ચાલ્યો જાય છે

આ પ્રસંગમાં વિજયના પાત્રમાં પન્નાલાલે પ્રવેશ કર્યો હોય એમ નીચેના વર્ણનમાં સ્પષ્ટપણે દેખાય છે.

'દુર દુર ઊભેલા કૃષ્ણ-બળદેવ ઉપર નજર પડતાં વિજયને પાસે જઇને વંદન કરવાનું ખુબ દિલ થઇ આવ્યું, પણ - આટલેથી જ એ વંદી રહ્યો. મનોમન બબડ્યો પણ ખરો: 'ભગવાન! તમારું આ ચક્રમુશળનું યુધ્ધ તો યુધ્ધોના ઇતિહાસમાં વિક્રમ સરખું બની રહેશે. ભગવાનમાં ન માનનારને પણ કહેવુમ પડશે: આ નામ ભગવાન ને આનું નામ યોગશક્તિ.'[૧૮]

પન્નાલાલમાં રહેલો કૃષ્ણ પ્રત્યેના ભક્તિભાવ વિજયના પાત્ર દ્વારા અભિવ્યક્ત થયો છે.

કૃષ્ણને હાથે પરાજય પામેલો જરાસંધ કોઇનેય જાણ ન થયા એમ યુધ્ધમાંથી ભાગી જાય છે. કૃષ્ણ અને બળરામને માર્ગમાં દમઘોષ મળે છે અને એ એમને કરવીરપુરના રાજા શુગાલ પાસે લઇ જાય છે. મૂળ કથાનકની જેમ જ શુંગાલ અહંકારી અને અભિમાની વૃત્તિનો છે. અભિમાન મદમા કૃષ્ણના માહાત્મ્યને અવગણીને એકલે હાથે યુધ્ધ કરવા જાય છે અને એ કૃષ્ણ હાથે મૃત્યુ પામે છે.

કૃષ્ણમાં દેવી અંશો છે એમ માનતા વિજયને ગોમંતકનાં યુધ્ધમાં ખાતરી થઇ જાય છે કે! કૃષ્ણ જ વિષ્ણુનો અંશ છે. એટલે એ ત્યાંથી મથુરા જઇને પોતાના નામને ગુપ્ત રાખીને કૃષ્ણ વિજયના સમાચાર આપીને ચાલ્યો જાય છે. મથુરાના યાદવો ફરી એકવાર અમંગળમય બનાવોને ભૂલીને કૃષ્ણને આવકારે છે.

કથાનકનો પ્રવાહ હવે નવીન દિશામાં વહે છે. કૈશિક અને રુકિમણી કૃષ્ણના અદભૂત સાહસ અને શૌર્યના સમાચારથી પ્રભાવિત થઇ જાય છે.

આર્યાવર્તના સઘળા રાજાઓ સામે પરાસ્ત થવાનો આઘાત જરાસંધને થવા લાગ્યો. 'કૃષ્ણને હણવો કેવી રીતે?' એ પ્રશ્ન એને મુંઝવવા લાગ્યો. જરાસંધના પાત્રને ચિંતન માં ઢાળીને પન્નાલાલે પ્રસંગને રસપ્રદ બનાવવાનો સમર્થ પ્રયાસ કર્યો છે. કૃષ્ણના અદભૂત પરાક્રમનો પરિચય જ નહી, એ પરાક્રમોનો સ્વાદ માણ્યો હોવા છતાંય એનામાં રહેલી વેરભાવનાનું શમન થતું નથી. વિજયે કરવીરપુરના શુંગાલવધના સમાચાર આપ્યા હોવા છતાંય એ વેર લેવાના વિચારોમાંથી મુક્ત રહી શકતો નથી. અહી એ વિજયની વાતોને હસી કાઢવાનું સાહસ કરતો નથી. આથી જરાસંધ તત્કાલીન સમયે યુધ્ધ કરવાનુમ ટાળી મૂકે છે.

કૃષ્ણની સલાહથી મથુરા ગયેલો બળરામ મંદિરાના નશામાં ('ઠે' પન્નાલાલ ભાષામાં) યમુનાને આદેશ આપે છે કે: એનું વહેણ પોતાની આગળથી વહે. પરંતુ યમુના ન આવતાં બળરામ આ યમુના નદીને શિક્ષા કરવા તત્પર બને છે. અને મૂશળથી એનું વહેણ બદલી નાંખે છે. ભય પામેલી યમુના ક્ષમા યાચના કરે છે. અહીં ચમત્કારિકઘટનાને આલેખીને ગોકુળના લોકો સમક્ષ શું સિધ્ધ કર્યું એ કળવું અશક્ય બની જાય છે પરંતુ અહીં બળરામના જીવનમાં બનેલી ચમત્કારીક ઘટનાનું વર્ણન અને

૧૮. એજન. ભાગ. 3 પૃ. ૩૨૨.

બળરામના શેષનાગના અવતારને લોકો સમક્ષ લાવવાનો પુરુષાર્થ કર્યો હોય એમ લાગે છે. આ પ્રસંગમાં સર્જકે ગોકુલજનો હૃદયમાં રહેલા કૃષ્ણ પ્રત્યેનાં લાગણી ભાવને સંવેદનસભર નિરૂપ્યો છે. બળરામના આગમનને ઉત્સાહપૂર્વક વધાવી લેતા ગોકુળજતો કૃષ્ણ નથી આવ્યો ત્યારથી આઘાત પામે છે. એમાંય રાધાના પાત્રનામ ઉર્મિસ્પંદનને વ્યક્ત કરીને કરુણરસને આમ નિરૂપ્યો છે -

"રાધા તરતજ અંદરની ચા મોં ફેરવી ગઇ. ચૂલા આગળ બેસતાં એના મોંમાથી નિશ્વાસ નીકળી ગયો છે. શબ્દો પણ સરી પડ્યા ! હાસ્તો તું હવે શાનો આવે અંદરથી મળવાનું કહીને ગયો છે જાતે આવીને બહારથી મળે તો તું પછી ભગવાન શાનો? અરેરે! કા'ન, એમ તો તુમ મળ્યા જ કરે છે પણ આખરે સમણું જ થઇ રહ્યું જ ને?..... તેં મને તે રાતે કહ્યું હતું કે સાચુ હતું એ પન આખરે સમણું જ થઇ રહ્યું છે ને? તારી વાત છે તો સાચી જ પણ ભલા, કેમેય કર્યું મન અમારું માનતું નથી..... એક વાર તો આવીને દર્શન આપી જા, કા'ન! રાધાનેય ખબર નહોતી આંખોમાંથી સરરર આમસું વહી રહ્યાં છે! ત્યાં તો કાને દાસીનો અવાજ પડ્યો: 'સખી કશુંક બળે છે કલેડામાં રોટલા જેવું!' [૨૦]

મિલનના તલસાટની ભાવોર્મિની મંગલતાને તમતોતંત અવતારવામાં સર્જકની સચોટ અને મર્મભેદી અર્થવ્યમજક ભાષાશૈલીએ અનોખું ગજું કાડ્યું છે. એમ નથી લાગતું?

રુકિમણીનો સ્વયંવર નક્કી થવાથી કૈશિકના જીવનામાં સંઘર્ષાત્મક સ્થિતિ ઉત્પન્ન થાય છે. એવો પુત્ર કંથ તો નામ પૂરતો જ રાજા હતો ને રુકમી રાજ્યનો સર્વેસર્વા હતો. રુકમી કૃષ્ણને ગોવાળીયાથી વિશેષ માનતો ન હતો. માતા અને દાદાએ એને સમજાવ્યો છતાંય એતો કૃષ્ણનો તિરસ્કાર કર્યા કરતો હતો. આથી એને મથુરાને નિમંત્રણ આપવાનું અવગણ્યું. કૈશિક કૃષ્ણના સામર્થ્યને અને રુકિમણીના પ્રમભાવને જાણતા હોવાથી એમની સ્થિતિ સૂળી વચ્ચે સોપારી જેવુમ થઇ ગઇ. કૈશિકની આવી સ્થિતિ થાય તો રુકિમણીની સ્થિતિ કેવી બની હશે? એતો મથુરાના પોતાનો હૃદયેશ્વર કૃષ્ણને સ્વયંવરમા માળા આરોપવાના સોનેરી સ્વપ્ન માણતી હતી પણ અહીં તો 'મથુરા' ને નિમંત્રણથી વંચિત રાખવામાં આવ્યું એટલું જ નહી રુકમીએ તો સ્પષ્ટ આદેશ આપતા કહ્યું કે! શિશુપાળને જ વરમાળા પહેરાવવી. પન્નાલાલે રુકિમણીના પાત્રને અનેરી ભીંસમાં મૂકીને પાત્રના કારુણ્યને આલેખ્યું છે સોનેરી સ્વપ્નો તૂટી જવાથી એની સામે અંધકારમય વાતાવરન સર્જાય છે. આમાંથી ઉગારવાનો માર્ગ એને જડતો નથી. રુકમી આગળ દાદાય ફાવી શકતા ન હોય ત્યાં રુકિમણી ય શું કરે? અંતે એ દાદાના સૂચન અનુસાર કૃષ્ણને શરણે જાય છે.

ગોમંતમા પરાસ્ત થયેલો જરાસંધ અન્ય રાજવીઓમાં પોતાના પ્રત્યે કેવોક ભાવ છે એ જોવા લાગ્યો. રુકમીતો પોતાને પિતાતુલ્ય માનતો હતો. જરાસંધના પડ્યા બોલને ઝીલવા તત્પર રહેનાર રુકમીને સમજાવવા કૈશિક માટે તો નેવના પાણી મોભે ચઢાવવા જેવું હતું. પણ રુકિમની પિતા કે દાદાની જેમ હાથ ઘરીને બેસી રહે એમ ક્યાં હતી એતો રુકમીના આદેશને અવગણીને કહે છે કે:

'મને આસન સાથે કે સિંહાસન સાથે નિસબત નથી, નિસબત છે મોરમુંગટધર કૃષ્ણ સાથે.'[૨૧]

દાદા અને પિતાજે સાહસ દાખવવામાં ઊણાં ઉતરે છે એ અહીં રુકિમણી દાખવે છે. રુકિમણીની આ સાહસ સાથે કૃષ્ણ પ્રત્યેનો એનો અણિશુધ્ધ દિવ્યપ્રેમ પ્રગટે છે. પન્નાલાલે અહીં પાત્રોચિત્ત

૨૦. એજન. ભાગ. ૪ પૃ.૩૬.

૨૧. એજન. ભાગ. ૪ પૃ.૯૦.

એવા જીવંત સંવાદોને પ્રયોજીને કથારસ જાળવ્યો છે. રુક્મી આગળ લાચાર બનેલા દાદાને રુક્મિણી પશ્ન કરે છે કે: કેમ તમે મથુરાને નિમંત્રણ ન મોકલ્યું. રુક્મિણીના પ્રશ્નનો ઉત્તર આપવાના હોશકોશ દાદામાં ન હોતા. પરંતુ રુક્મિણી તો પોતાના હૃદયની ઘરાતલ પર ઇદ્દભવેલી લાગણીઓને બહાર લાવતા લગીરેય ખચકાટ ક્યાં અનુભવે છે. એ તો દાદાને સ્પષ્ટપણે સંભળાવી આપે છે કે-

'કૃષ્ણ વગર કોઇનેય હું વરમાળા પહેરાવવાની છું જ નહિ, દાદા. કૃષ્ણનહિ હોય તો વરમાળા સાથે ભવનમાં પાછી ફરીશ.'[૨૨]

પન્નાલાલની કલમે રુક્મિણીનું પાત્ર વધારે સારી રીતે ઉપસ્યું છે. પાત્રમાં મૂકાયેલા જીવંત સંવાદો અને એવી વિચારના જ એ પાત્રને ગૌરવવંતું બનાવી આપે છે. હૃદયની ઘરાતલમાં ઉદ્દભવેલા પ્રણયભાવોને અંકૂશમાં રાખીને પોતાનાસિાથે થતાં અન્યાયને ભારતીય નારીની જેમ હસતે મોઢે ઝેર પીએ એવી રુક્મિણી ન હતી. એ તો સમય આવ્યે વધુ આક્રમક અને ઉગ્ર સ્વરૂપ ને વરે છે.

અહીં ત્રણ ત્રણ બિંદુએથી કટોકટી ઊભી થાય છે. કૈશિક કૃષ્ણને આવકારવા તત્પર છે. પણ રુક્મી આગળ લાચાર છે. રુક્મિણી કોઇપણ ભોગે કૃષ્ણને વરવાનો નિશ્ચય કરે છે અને રુક્મી કૃષ્ણના કાંટાને કાઢવા મરણિયો પ્રયાસ આદરે છે. ખરેખરો સંઘર્ષ અહીં સર્જાય છે. કુતૂહલતાનું પ્રમાણ ભારોભાર જળવાઇ રહે છે. પાછળથી બનનારી ઘટનાઓની જબરજસ્ત પીઠિકા અહીં બંધાઇ ચૂકી છે.

સ્વયંવરમાં ઉપસ્થિત થયેલા રાજાઓ ત્રણ જૂથમાં વહેંચાય જાય છે. જરાસંધ, રુક્મી, શિશુપાળ અને પૌંડ્ર કૃષ્ણ વિરોધ પક્ષમાં અને કૃષ્ણના આગમનને ખાળવાની વિમાસણમાં પડ્યા છે. કરૂપ્રદેશના કૃષ્ણ સંબંધી રાજા દન્તવક્ત્ર કૃષ્ણના તરફેણમાં રહે છે. જ્યારે નાના નાના રાજવીઓ કૃષ્ણને પક્ષે છે. રુક્મિણીના સ્વયંવરમાં યાદવોની બાદબાકી થવાથી એમને ભારે અપમાન થયું હોય એમ લાગે છે. યાદવોના મનમાં પ્રજ્જવલિત થયેલા ઘગઘગતા લાવાને શાંત કરીને કૃષ્ણ અતિથિ બનીને કુંડનપુરમાં જાય છે. કુંડનપુરમાં કૃષ્ણનું આગમાન રાજાઓને મૂંઝવી નાંખે છે. રાજાઓનાં પ્રત્યાઘાતોનું વર્ણન કરીને પાત્રોના વિરલ વ્યક્તિત્વની છાપો ઉપસાવી આપાવાનો લેખકનો કસબ અહીં દષ્ટિગોચર થાય છે. કૃષ્ણની ચમત્કારિક શક્તિથી પરિચિત એવો જરાસંધ અહીં કાંઇપણ કરવા માંગતો ન હતો. પૌંડ્ર કૃષ્ણને અટકાવવા તત્પર છે, દમઘોષ આવનારા ભય તરફ અંગૂલીનિર્દેશ કરતાં કહ્યું કે: કૃષ્ણ રુક્મિણીનું અપહરણ કરે ય ખરો! દંતવક્ત્ર કૃષ્ણ તરફી રજૂઆત કરે છે, કૃષ્ણનું આગમન જ સઘળા રાજાઓને વિચારતા કરી મૂકે છે. છતાંય તેઓ કોઇ અંતિમ નિર્ણય લઇ શકતા નથી. આવી કટોકટી ભરી સ્થિતિમાં કૈશિક રાજાએ આ રાજવીઓને વિનંતીપૂર્વક કહેવળાવ્યું કે: "... ... આવતી કાલે સવારે સૌદર્યદેવી ઉષા આભનાં આંગણે સુવર્ણના સાથિયા પૂરતી હશે એ સમયે અર્ધ વિદર્ભના રાજ્યપદે દેવકીનંદન શ્રીકૃષ્ણનો કૈશિક ભવને રાજ્યાભિષેક થશે... ..."[૨૩]

કૃષ્ણને સ્વયંવરમાંથી કાઢવાના પેંતરા રચતા રાજવીઓને એજ કૃષ્ણના રાજ્યાભિષેકનું નિમંત્રણ મળે ત્યારે મોટી મુસિબત ઊભી થાય છે.

રુક્મી અને જરાસંધના કાવાદાવા, પ્રપંચલીલાથી વાકેફ બનેલી રુક્મિણી સામેય સંઘર્ષયુક્ત

૨૨. એજન. ભાગ. ૪ પૃ.૯૭

૨૩ એજન. ભાગ ૪ પૃ.૨૦૭.

પરિવેશ રચાતાં એનીય મુંઝવણ વધી જાય છે. 'વરુ તે જ વર' ને વળગી રહેલી રુકિમણીએ કૃષ્ણને જ વરવાનો મક્કમ નિર્ણય કરીને બેઠી. જ્યારે આખો માહોલ એની વિરુધ્ધમાં રચાયો છે. રુકિમણીના પાત્રની અવઢવ અને મુંઝવણોનું વર્ણન કરીને કથારસને જાળવી રાખ્યો છે.

'પાર્થ ને કહો ચઢાવે બાણ' નવલકથામાં પ્રથમ પ્રકરણનાં 'ઉદ્દાલકની આડકથા' અહીં પણ લેખકે વણી લઇને 'સ્ત્રી સ્વાતંત્ર્ય' ના પોતાના ઉદાત વિચારોને અભિવ્યક્ત કરવાનો મોકો ઝડપી લીધો છે. અહીં કૃષ્ણના પાત્ર દ્વારા એ વિચારોને અભિવ્યક્ત કર્યા છે. અધર્મના પાયાપર રચાયેલા સ્વયંવરને કૃષ્ણે વખોડી નાખતા કહ્યું: સ્વયંવરને નામે થતા દંભી થાય છે. ઇચ્છિત વરને બદલે એને કહેવામાં આવતા રાજાની ગ્રીવામાં વરમાળા આરોપવી પડે છે. 'કૃષ્ણે સ્વયંવર પાછળના નરકટનો પર્દાફાશ કરીને સ્વયંવરને મોકુફ રખાવે છે. અહીંયા પણ મૂળકથાનકમાં બનતી ઘટનાઓને અનુસરીને કૃષ્ણની લીલાને આલેખવામાં આવી છે. 'રુકિમણીનાં સ્વયંવર' બંધ રહેવાથી રાજાઓમાં અનેક પ્રકારના પ્રત્યાઘાતો પડે છે. બીજી બાજુ. રુકમી રુકિમણીનું વાગ્દાન શિશુપાળ સાથે કરે છે.

જરાસંધ અને એના મળતીયા રાજાઓ કૃષ્ણનો કાંટો કાઢવા તત્પર બની ઊઠે છે. જરાસંધની કારિ અહીં ફાવી નહી એટલે એણે પ્રપંચલીલાનો આશ્રય લઇને કૃષ્ણને યવનરાજને હાથે મરાવવા માટે શાલ્યને યવનરાજ પાસે મોકલે છે. દૂતકાર્ય અનેરી રીતે કરી જાણનાર શાલ્યરાજ યવનની કાનભંભેરણી કરીને કૃષ્ણને મારી નાંખવા ઉશકેરે છે. યવનપણ શાલ્યનાવાતોમાં આવી જાય છે

મથુરા આવીને કૃષ્ણ-મથુરા છોડવાનો નિર્ણય જાહેર કરે છે ત્યારે કૃષ્ણ આગળ બનનારી ઘટનાથી પૂર્વપરિચિત હોય એમ લાગતા આ પાત્ર માનવ્યને બદલે દૈવીપાત્ર હોય એમ લાગે છે. યવનરાજ મથુરા પર આક્રમણ કરશે તો યાદવો સહિત મથુરા ય અનાં ક્રોધથી ભસ્મીભૂત બની જાય એમ જાણતો હોવાથી જ એ નવા નગરને નિર્માણ કરવાની યોજના ઘડે છે.

સંવેદનને હૃદયસ્પર્શી અને માર્મિક બનાવવામાં લેખકની પ્રતિભા ખીલી ઉઠતી હોય એમ લાગે છે. પાત્રની બાહ્ય અને આમતર જગતની લાહ્ય અને બળાપાને પકડીને સર્જકે એનું આમ વાસ્તવદર્શી વર્ણન કર્યું છે.

'કીર્તિને ને વિજયને શું કરે? બચકા ભરે! મારા લાલને ઘડી ભરેય પગ વાળીને બેસવા મળતું નથી. અરે! આ બધા યાદવોએય મારા બમને લાડકાઓને તે વખતે જકારો દઇને કાઢયા હતા!'[૨૪]

દેવકીના મુખે પ્રયોજયેલા સંવાદમાં પુત્ર પ્રત્યેનો પ્રગાઢ પ્રેમ અહીં પ્રગટ થાય છે. પુત્રની સામે આવીને ઊભી રહેતી દારૂણ સ્થિતિથી દેવકીનું માતૃત્વ હૃદય કકડી ઊઠે છે. કથાનકનો પ્રવાહ ઝડપથી વિસ્તરતો જાય છે. કૃષ્ણની યોજના સાથે સહમત થયેલા યાદવો નવા નગરને વસાવવા કૃષ્ણ સાથે નીકળી પડે છે. બીજી બાજું યવન મથુરા પર ચઢાઇ કરે છે. કાળયવનના મૃત્યુ માટેનો પરિવેશ અહીં ઉભો થાય છે.

પૌરાણિક કથાનકોમાં જોવા મળે છે એમ યુધ્ધપૂર્વે રાજાઓ વચ્ચે દૂતોનું આગમન ને ગમન થાય એમ અહીં પણ બને છે. કાળયવનનો દૂત મથુરા આવીને કહ્યું કે: કૃષ્ણને બળરામને સોંપી ચો. દૂત ની અસહ્ય વાતોથી સંયમ રાખીને બેસેલા બળરામનો ક્રોધ માઠા મૂકતાં જ એણે આર્ય પરંપરાને તોળીને દૂતને દરવાજાની બહાર ઘકેલી આપ્યો. કૃષ્ણે વિના પ્રયોજને દૂતને મોકલીને શાંતિ સ્થાપવાની

વાત કરી. કૃષ્ણને ખબર હતી કે: કાળયવન મથુરામાં જન્મેલા યાદવોને હાથે પરાસ્ત થવો જ ન હતો એથી યાદવોને ઉગારવા કૃષ્ણ એમને નવા નગર તરફ લઇ જાય છે. કાળયવનને કૃષ્ણની આ યોજનાની ખબર ન હોતી એટલે એ મથુરા આવે છે અને યાદવોને થોડો સમય મળી રહેતા કૂચ આદરે છે. કૃષ્ણ રૈવતક પર્વની દિશામાં પોતાનો માર્ગ બદલી નાંખે છે. કૃષ્ણની ધારના સાચી ઠરે છે. અને કાળયવન એના મૃત્યુ તરફ ખેંચાઇ આવે છે. કાળયવન 'કબુતર કે કૂકળાઓની' (યાદવોની) પાછળ જવાને બદલે કૃષ્ણનો પીછો કરે છે. સર્જકે કૃષ્ણ, બળરામ અને સાત્યકિના પાત્રો વચ્ચે સંવાદો સર્જીને પ્રસંગાનુસાર ભાવવિશ્વ, પરીવેશ અને કાળયવનના ભયંકર વ્યક્તિત્વને આલેખી આપ્યા છે.

કૃષ્ણ અને કાળયવન વચ્ચે દ્વંદ્વ યુધ્ધ થાય છે. કૃષ્ણ ગણતરી યુક્ત રીતે કાળયવનને એના મૃત્યુ નિકટ લઇ જાય છે. એ કાળયવનને મુચુકુંદની ગુફામાં લઇ જાય છે. કાળયવનના મૃત્યુને અહીં ગુપ્ત રાખીને કથા રહસ્યમય વાતાવરણ સર્જીને કુતૂહલ વાતાવરણ ઊભું કર્યું છે. મુચુકુંદને મહાદેવનું વરદાન હતું કે: જે એણે ઉઠાડશે એ એના ક્રોધથી ભસ્મીભૂત થઇ જશે. કૃષ્ણને આ રહસ્યની ખબર હતી એટલે જ એ કાળયવનને એ ગૂફા સુધી લઇ આવે છે. ક્રોધમાં તપતો કૃષ્ણને વસ્ત્રો ઓઢીને સૂતેલા મુચુકુંદને કૃષ્ણ માનીને ઉઠાળવાનો પ્રયત્ન કરે છે અને એ મુચુકુંદના ક્રોધનો ભોગ બને છે. ચિત્રાત્મક વર્ણન, સંવાદોથી ઉભુ થતું વાતાવરન ને એમાંથી પ્રગટતો પ્રસંગ અહીં સપાટી પરના જ બની રહે છે. મૂળ કથાનો પ્રસંગ અહીં રચાતો હોવાથી માત્ર ચમત્કારિક પ્રસંગ જ બની રહે છે.

કૃષ્ણના મૃત્યુના સમાચાર જાનવા ઉત્કૃષ્ટ એવા રાજાઓને કૃષ્ણ વિજયના અને કાળયવનના મૃત્યુ સમાચાર મળતા એમના પગોની નીચે જમીન સરકી પડતી લાગે છે. માત્ર યાદવોને જ આ સમાચાર આનંદિત બનાવી મૂકે છે. કૃષ્ણના અદભૂત સાહસને રુક્મી વખોડી નાંખે છે ત્યારે રુકિમણી વાસ્તવ ઘરાની વાત કહે છે!

'બુધ્ધિસામર્થ્ય તો ખરું જ ને ભાઇ!'

'બુધ્ધિ તો કાગડામાં પણ હોય છે. રુકિમણી.

રુકિમણી હળવી હળવી ફૂલ હતી. હસતાં કહેવા લાગી: 'કાગડાની વાત જવા દે. તમારી જ વાત કર અત્યારે. તમે કૃષ્ણને બુધ્ધિથી નથી હરાવતાં?'

'કારણકે અમે ક્ષત્રિયો છીએ.'

'અને કૃષ્ણ?'

'એ ગોવાળ છે.'

'ક્ષત્રિયો હતા તેથી તમે ગોમંત ઉપર ચઢવાને બદલે કૃષ્ણ-બળદેવને શસ્ત્રોથી હણવાને બદલે અગ્નિ મૂકીને બાળી નાખવા માગતા હતા કેમ?' રુકિમણીનું મોં લાલ લાલ થઇ ઊઠયું, કહ્યું: ગણ્યા ગણાય નહિ એટલા બધા ટોળે મળેલા હતા પણ કોઇ ક્ષત્રિય બચ્ચાએ એટલો વિચાર ન કર્યો કે બે ગોવાળોને બાળીને મારી નાંખવા જતાં પર્વત ઉપર તપ કરી રહેલા અનેક બ્રાહ્મણો, આદિવાસીઓ તેમ અસંખ્ય પશુઓ બળીને ખાખ થઇ જશે! ઘૃણા સાથે ઉમેર્યું: ' આ તમે ક્ષત્રિયો કે બીજા કોઇ.'[૨૫]

પન્નાલાલે અહીંયા નાટ્યાત્મક સંવાદો, રૂઢિ પ્રયોગો નો સમર્થ વિનિયોગ કરીને પ્રસંગને જીવંત બનાવી આપવા ખાસ્સો એવા શ્રમ ખેડયો છે. પોતાના મોટા ભાઇ આગળ રુકિમણી એની

૨૫. એજન. ભાગ ૪ પૃ.૨૮૧.

બુધ્ધિપ્રતિભાથી એન ક્ષત્રિયોના ષડયંત્રોને બહાર પાડે છે. ત્યારે આ પાત્ર હૃદયસ્પર્શી બની જાય છે. રુકમીને નરી વાસ્તવિકતાનું અને પોતે કેટલા પાણીમા છે એનું ભાન કરાવી આપીને રુકિમણી પોતાના ભાઇનો સબળ વિરોધ કરીને રુકમીને અપમાનિત કરીને કાઢી મૂકે છે.

કાળયવનના મૃત્યુથી જરાસંધને પોતાનું મૃત્યુ આંખો સામે ભાસવા લાગે છે. જરાસંધની ભયભીત ભરી સ્થિતિને ઉપાસાવવા માટે સર્જકે વિજયે મોકલાવેલા જરાસંધના સંદેશાને નિરૂપ્યો છે. પન્નાલાલે હાથે વિજયનું પાત્ર લાડ પામતું લાગે છે. કૃષ્ણને સારી રીતે પામી ગયેલ વિજય પોતાના રાજાને ઉગારવા પ્રયત્નશીલ બનીને રાજાનું ઋણ ચૂકવે છે. કર્તવ્ય પ્રત્યેની વિજયની નિષ્ઠા દાદ માંગી લે તેવી છે. જરાસંધ પણ કૃષ્ણના રહસ્યને કંઇક અંશે પામી ગયો હતો એટલે એ વેર લેવાનું ટાળી મૂકે છે. પરંતુ એના મળતીયા પૌંડ્ર, શાલ્વ, રુક્મી, શિશુપાળ અને હંસ-ડિંભક તો જરાસંધના નિમંત્રણની રાહ જોઇને બેઠા હતાં.

પન્નાલાલે અહીં નવું અર્થઘટન કરાવ્યું છે. કાળયવનના મૃત્યુ પછી જરાસંધ અને કૃષ્ણ વચ્ચે કોઇ યુધ્ધ થતું નથી. કૃષ્ણના મૃત્યુનો પિપાસુ જરાસંધ એકદમ શાંત બનીને કેમ બેસી રહ્યો. એ રહસ્યને સર્જકે ઉપર પ્રમાણે સ્ફોટ કર્યું છે. એમનું એ અર્થઘટન સત્યની વધુ નિકટ હોય એમ લાગે છે.

જરાસંધને નિર્પૂણ પાણીમાં બેઠેલો જોઇને શાલ્વ રાજા પૌંડ્રને ઉશ્કેરે છે. કાળયવન જેવા રાજાને કૃષ્ણ વિરુધ્ધ ભલકાવવા નિર્પૂણ રહેલો શાલ્વ પૌંડ્રને ભળકાવવામાં કોઇ વિશેષ પ્રયાસો કરવા પડતા નથી. કારણ કે પૌંડ્ર કૃષ્ણને સખત તિરસ્કારતો હતો.

પૌરાનિક કથાનકના કથા પ્રસંગોમાં પન્નાલાલે ગ્રામીણ શબ્દો, કહેવતો ને રૂઢિપ્રયોગનો સમથતાથી પ્રયોજી આપ્યા છે. એવું એક વર્ણન જોઇએ.

"શાલ્વની ઇચ્છા કૃષ્ણ પાસે પૌંડ્રનો ઘડોલાડવા કરાવી દેવાની તો હોય જ નહિને? વળી 'ચળ જાઓ બેટા શૂળીએ' એવુમ પણ શાલ્વને પૌંડ્ર માટે ન હતું. બળકે શાલ્વ વગેરે રાજાઓ પૌંડ્રની શક્તિ જાણતા હતા. પૌંડ્ર અઘોર તપ કરીને મહાદેવ પાસેથી વરદાન મેળવ્યું હતું: 'જ્યાં સુધી ધર્મના પંથે હોઇશ ત્યાં સુધી અવધ્ય રહીશ."[૨૬]

ઉપરના વર્ણનમાં 'ઘડો લાડવો' શબ્દપ્રયોગ અને 'ચડ જાઓ બેટા શુળીએ!' કહેવતનો પ્રયોગ કરીને શાલ્વના હૃદયની ઊંડાણમાં રહેલા ભાવજગતને સમર્થ રીતે ઉપસાવી આપે છે.

જરાસંધને ત્યાં ભરાયેલી રાજસભામાં જરાસંધને કાયરોની ભાષા બોલતો જોઇને પૌંડ્ર, હંસ, શિશુપાળના હૃદયમાં પડેલો કૃષ્ણ પ્રત્યેનો ભારોભાર તિરસ્કાર બહાર આવે છે. તેઓ કૃષ્ણને મારી નાંખવા અધીરા બની ઊઠે છે. સર્જકે અહીં રુકિમણી અપહરણ પૂર્વેની ઘટનાની પૂર્વભૂમિકા તૈયાર કરી છે. કથાનકનો પ્રવાહ એક ધારા સપાટ પર વિસ્તરતો લાગે છે. કથાનકના પ્રસંગો માટે ભૂમિકાઓ રચાય છે. એક ઘટના સાથે બીજી ઘટનાઓનું અનન્યપણે થયેલું સન્નિધાન કથાને રસપ્રદ બનાવી આપે છે. પરંતુ જ્યાં મુશ્કેલી ઊભી થાય છે ત્યાં ચમત્કાર મદદે દોડી આવે છે.

રુકિમણીના સ્વયંવરમાં કૃષ્ણ રુકિમણીનું અપહરણ કરશે જ. એવો ભય જરાસંધ રુક્મી અને શિશુપાળને લાગે છે. આથી કૃષ્ણને આવો કોઇ અવકાશ પ્રાપ્ત ન થાય એવી વ્યવસ્થા ગોઠવવામાં

૨૬. એજન. ભાગ. ૪ પૃ.૩૯૨.

આવે છે.

રુકમીની કારિને સારી રીતે જાણતી હોવાથી રુકિમણી કૃષ્ણને સંદેશો મોકલીને પોતાના હૃદયની વાતને કહે છે. પૂતના, અંધાસુર, બકાસુર, કેશી, અરિષ્ઠ જેવા અસુરોનો વધ કરનાર, કંસને જાનવરથી બદતર રીતે યમ પાસે મોકલી આપનાર, કાલીનાગનું દમન કરનાર, ઇન્દ્રને નમાવનાર, કાળયવનને મુચુકુંદની ગુફામાં લઇ જઇને મરાવી નાંખનાર, ગોપીઓના હૃદયના ઊંડાણની ઘરામાં રહેલા પ્રેમને પારખનાર કૃષ્ણની રુકિમણી સાથે ઘણી મુલાકાતો થાય છે છતાંય એનાં હૃદયમાં રહલા પોતાના તરફના પ્રણયભાવને પામી ન શકે! ત્યારે મોટું આશ્ચર્ય થાય છે. રુકિમણીની સહાય અર્થે કૃષ્ણ કુંડિનપુર જાય છે. યાદવો તો પોતાના અપમાનનો બદલો લેવા 'રુકિમણી-હરણ' માં જ માને છે.

કૃષ્ણ રુકિમણીનું હરણ ન થાય એ માટે જરાસંધ ને રુકમી ગુપ્તચરો અને સૈન્યનો જાપ્તો પહેરો ગોઠવે છે. અને દમઘોષને કૃષ્ણની સાથે જ રાખે છે. આટલી બધી વ્યવસ્થા રાખવા છતાંય કૃષ્ણ ક્યારે બધાને ચકમો આપીને રુકિમણીને હરી જાય છે એ કોઇનેય ખબર પડતી નથી. આ પ્રસંગ મૂળકથા પ્રસંગને જ અનુસરતો હોવાથી સર્જકનું કર્તવ્ય અપ્રગટ બની રહે છે. આ કૃતિમાં એવા અનેક પ્રસંગો મુળ કથાનકની આંગળી પકડીને વર્ણવાયા છે. એવો એક પ્રસંગ બળરામ અને રેવતીનો છે. (કૃષ્ણજીવનલીલા.૪/૩૦૩)

કૃષ્ણને રોકીને રુકિમણી પાછી લેવા ગયેલા જરાસંધ, શિશુપાળ, પૌંડ્ર, હંસ, ડિંભક અને શાલ્વ કૃષ્ણને હાથે પરાસ્ત થાય છે. આ સઘળા રાજાઓ રુકમીના જેવું જ ખોટું આશ્વાસન લે છે કે: કૃષ્ણ ભાગી ગયો, નહિ તો ... .. ' પરંતુ રુકમીતો વચનબધ્ધ હોવાથી પોતાના નગરમાં જવાનું ટાળે છે.

આ કૃતિના પાંચમાં ભાગમાં કથાનકને મહત્વપૂર્ણ ન હોય એવી ઘટનાઓનું વર્ણન કથાનકને શિથિલ બનાવી મૂકે છે. રુકિમણી અને કૃષ્ણ લગ્ન પછીની ઘટનાઓનું વિગતે વર્ણન કરવામાં આવ્યું છે. 'આનંદ મંગળ, લગ્નોત્સવ' આ બે પ્રકરણ આનું ઉદાહરણ છે. કદાચ, પન્નાલાલની ભાષામાં કહીએ તો 'કૃષ્ણજીવનલીલા' માં લીલારૂપે જ ઘટનાઓ આવે છે. કૃષ્ણ પૌંડ્રનો વધ કરે છે એ ઘટના અને 'સ્યમંતકમણી' ની ઘટના નિરસ પણે આલેખાઇ છે. સત્યા અને જાબુંવાન સાથેના કૃષ્ણના લગ્નની ઘટનાઓ ઘટે છે. 'પારિજાતની પધરામણી' પ્રકરણમાં સત્યાને ખોટું લાગવાથી કૃષ્ણ પારિજાત વૃક્ષને સ્વર્ગથી જમીન પર લાવે છે. એજરીતે સુદામાની કથાનાં નિરૂપણને જોતાં સહજપણે અહીં પ્રેમાનંદની 'સુદામાચરિત્ર' આખ્યાનકૃતિનું સ્મરણપટ પર ઘવાઇ જાય છે. શતન્ધવા ક્ષત્રજિતને મારીને સ્યમંતક મણી ચોરી લે છે, કૃષ્ણ સતન્ધવાનો શિરચ્છેદ કરે છે પણ એના પાસે મણી મળતો ન હોવાથી બળરામને કૃષ્ણ પર શંકા જાય છે. કૃષ્ણ અને બળરામ વચ્ચે પ્રથમવાર એક મણી માટે મતભેદ સર્જાય છે. કૃષ્ણથી ક્રોધિત થયેલો બળરામ મિથિલાનરેશને ત્યાં વસે છે અને અહીં એ દુર્યોધનને ગદાયુધ્ધ શીખવીને એને વરદાન આપે છે અહીં પાંડવોની કેટલીક ઘટનાઓનો સંકેત સર્જકે કર્યો છે.

કૃષ્ણ અને બળરામ વચ્ચે સર્જાયેલા મતભેદથી હંસ-ડિંભકને આનંદ થાય છે. નારદનું આગમન એવા સમયે થવાથી બ્રહ્મદત્ત ય ખુશ થાય છે. કૃષ્ણ પ્રત્યેનો વેરભાવને નષ્ટ કરવાની સલાહ આપે છે.

જરાસંધના ગુપ્તચર વિભાગનો મહાઅમાત્ય વિજય કૃષ્ણ કાર્ય કરતો હતો. એણે સ્યમંતક મણીની શોધ આદરી અને અમાં એને સફળતા મળી. મણી મળવાથી બળદેવ પાછો ફરે છે. એમ

અક્રૂર ય દ્વારકા પાછો ફરે છે.

'રાજસૂયયજ્ઞ' કરાવવા સક્રિય બનેલાં હંસ, ડિંભક, ઋષિઓ પર ત્રાસ ફેલાવવા લાગ્યા હતા. દુર્વાસામુનિ આ રાજાઓથી ત્રસ્ત થઇને કૃષ્ણ પાસે સહાય માગવા ગયા કૃષ્ણે આ રાજાઓને ચેતવીને સુખદ અંત લાવવા દૂતને મોકલ્યો, પરંતુ અહંકારની સીમા ઉલ્લોઘન કરી બેઠેલા આ રાજાઓએ કૃષ્ણની માંગણીની મશ્કરી કરીને પરિણામે એમના વચ્ચે યુધ્ધારંભ થયો. વ્રજની બાજુમાં એટલે ગોવધર્ન પર્વતની પાછળના ભાગમાં યુધ્ધ ખેલાતું હોવાથી વ્રજના ગોપ-ગોપીઓ પણ કૃષ્ણના પરાક્રમને જોવા માટે ત્યાં આવી ચઢે છે. મહાદેવના ભૂતોથી અને વરદાનથી રક્ષાયેલા હંસ-ડિંભક અને કૃષ્ણ વચ્ચે અઘોર યુધ્ધ થાય છે. અહીં દિવ્યાસ્ત્રોનો પ્રયોગ પુરાણકાલીન વાતાવરણને ઉપસાવી આપે છે. અંતે કૃષ્ણ હાથે હંસ મૃત્યુ પામતાં જ ડિંભક યમુનાનાં પાણીમાં પોતાનો પ્રાણ ત્યાગે છે. અહીં ડિંભકના પાત્ર વડે ભ્રાતૃ પ્રેમને તાદશ્ય કરાવ્યો છે.

આ યુધ્ધ દરમિયાન જ વચમાં વચમાં ગોઠવાતું રાધા અને કૃષ્ણનું મિલન કથાને એકાંગી બની જતાં અટકાવે છે અને રસજમાવટ કરી શકે છે. કૃષ્ણ વ્રજમાંથી વિદાય લે છે અને દ્વારકામાં જાય છે. અહીં વિદુરનો સંદેશો આવ્યો કે: પાંચાલ પુત્રી દ્રૌપદીનો સ્વયંવર ભરાવવાનો છે અત્યાર સુધી બળરામ જ નહીં સકળ આર્યાવર્ત એમજ માને છે કે: કુંતી સહિત પાંડવો લાક્ષાગૃહમાં સળગી ગયા છે ને મૃત્યુ પામ્યા છે. પરંતુ અહીં બળરામ સામે પાંડવો સહિત કુંતિ જીવતાં છે એવી વાત જાહેર થતાં તેઓ પશ્ચાતાપની લાગણી અનુભવે છે. કૃષ્ણે ગોપિત રાખેલા રહસ્યને બળરામ અહો ભાવથી જુએ છે.

પન્નાલાલે આ કૃતિના અંતે કથાના તંતુઓને 'પાર્થ ને કહો ચઢાવે બાણ' નવલકથાઓને જોડી આપતી ઘટનાના બીજ અહીં મૂકી આપ્યા છે.

પન્નાલાલે કૃષ્ણને ભગવાનરુપે નીરખીને એમની લીલાઓને આલેખવાનો જ્યાં અવકાશ પ્રાપ્ત થયો છે ત્યાં આગળ પન્નાલાલે કૃષ્ણના ચમત્કારોને નિરૂપ્યા છે. જેમકે નારદ કુતૂહલને સમાવવા માટે કૃષ્ણ અનેક રૂપો ધરીને સોળ હજાર ગોપીઓ સાથે રહે છે અને છતાંય એજ કૃષ્ણ નારદ સાથે હોય છે.

'કૃષ્ણજીવનલીલા' ના પ્રથમ ભાગમાં કંસના પાત્ર ઉપસાવવા અને કથાનકને રસપ્રદ બનાવવા સર્જકે જે પ્રયત્ન આદર્યો છે એ બીજભાગથી ઓછો થાય છે. કદાચ લેખકના ઉત્તર જીવનકાળની અસર અહીં સ્પષ્ટપણે વર્તાય છે. કૃતિની પ્રસ્તાવના સર્જકે નોધ્યું છે કે: કેવું વ્યક્તિત્વ હશે જેના કારણ વિષ્ણુએ કૃષ્ણનો અવતાર ધરીને મૈથુની સૃષ્ટિ પર જન્મ લેવો પડ્યો. સર્જકનાં મનનો વલોપાતો આ ભાવ વધારે સારી રીતે કૃતિના પ્રથમ ભાગમાં આસ્વાદક બન્યો છે. ભગવાને પૃથ્વીપર ઊતરીને અનેક વર્ષો કષ્ટ ભોગવ્યું ત્યાર પછી કંસનો વધ કર્યો. ભગવાનને આ પૃથ્વી પર અવતરવા માટેની ભૂમિકા પ્રસ્થાપિત કરવા કંસના વ્યક્તિત્વની રાક્ષસી ક્રિયાઓ, અહંકારી વાણી, અસત્ય વ્યવહાર અને પાપી ચરિત્રને વર્ણવી પ્રભુના જન્મ પાછળના માહોલને તેઓએ સર્જી આપ્યાં છે.

બાળપણથી જ અચૂરી તાકાતો લઇને જન્મેલા કંસ પાછળ અમંગળ ઘટના વિશેષ પણે જવાબદાર હોય એમ પન્નાલાલ માને છે. 'પાર્થને કહો ચઢાવે બાણ' અને 'ભીષ્મની બાણશય્યા' નવલકથાઓમાં કર્ણના જન્મ પાછળય અમંગળ ઘટના વિશેષ જવાબદાર હતી એમ ભીષ્મ માને છે.

આને પરિણામે જ કુળમાં આવનારી અશુભ આપત્તિઓના અણસાર મળે છે. પન્નાલાલે આવો જ દૃષ્ટિકોણ અહીં રાખ્યો છે. ઉગ્રસેનની પત્ની અને દુર્મિલ નામક અસુર ના મિલન ને સર્જકે જવાબદાર ઠેરવ્યું છે. કંસ અધર્મતાની પરમસીમાઓને આંબીને વર્તે છે. નગર પરનો ત્રાસ હવે કુટુંબમાં ફેલાવવા માંડ્યો છે. કંસના આવા આચરણથી મથુરાજનો ત્રાહિમામ્ પોકારી ઉઠે છે. પરંતુ ઉગ્રસેન અને એની રાણી કંસને વિશેષ ચાહતા હોવાથી યાદવોની ફરીયાદ સામે આંખ આડા કાન કરતાં હતાં. યાદવો કંસનો વિરોધ કરી શકે એમ ન હોવાથી માથે હાથ દઇને બેસી રહે છે. નારદની વાત સાંભળતાં જ કંસમાં રહેલી અસૂરી તાકાત પ્રજ્જવલિત થઇ ઊઠે છે. અને એ દેવકીના છ બાળકોને બેરેહમીથી હણી નાંખે છે. કંસ એટલો બળવાન હતો કે એને ઇન્દ્ર અને વરુણનેય હરાવે છે. એમાંય એને પૂતના, અંધાસુર, વ્યોમાસુર, કેશી, અરિષ્ઠ જેવામ અસૂરોનો સાથ મળે છે. સોનામાં સુગંધ ભળે એમ જરાસંધ એની પુત્રીઓના લગ્ન કંસ સાથે કરે છે. આથી કંસમાં અહંકાર પ્રગટે એ સ્વાભાવિક હતું. આ અહંકાર ધીમે ધીમે પરાકાષ્ઠા એ પહોંચવા લાગ્યો. અને પાપનો ઘડો ફુટવાનો સમય થયો હોવાથી કંસનું ગણિત હવે ખોટું પડવા લાગ્યું. સાતમાં અને આઠમાં પુત્ર કંસના બેરહમી ક્રૂર પંજામાંથી બચીને વ્રજમાં ઉછરવા લાગ્યા. કંસને આઠમા પુત્રને બદલે પુત્રી થઇ હોવાથી સંદેહ ઉત્પન્ન થવાથી એ એ સમયના તમામ બાળકોનો કંસે નાશ કરાવ્યો. અને અંતે કૃષ્ણના હાથે કંસનું મૃત્યુ થાય છે. કંસના જન્મથી આરંભાયેલી આ કૃતિ કૃષ્ણના હાથે કંસનું મૃત્યુ થાય છે. કંસ ત્યાં સુધી આસ્વાદક બની રહે છે. એ પછી વ્રજમાં ઉછરતાં કૃષ્ણ, મથુરામાં આગમન, જરાસંધનો પરાજય, ગોમંતપર્વતના બનાવો, રુકમી સાથેનું યુધ્ધ, કાળયવન સાથેનું યુધ્ધ, રુકિમણી સ્વયંવર વિગેરે ઘટના પ્રસંગોના તાણાંવાણાં પન્નાલાલે કથાનકમાં ગૂથ્યાં છે. ત્યાં આગળ આપણને કૃતિનું શીષર્ક સ્મરણ થઇ આવે છે કે! આ સઘળું લીલાઅર્થે જ થયું છે. સર્જકનો અભિગમ પણ આવા જ પ્રકારનો રહ્યો છે. આથી પન્નલાલ નવું કશુંક નિષ્પન્ન કરાવવાનું ટાળીને કૃષ્ણના જીવનમાં બનેલા પ્રસંગોનું રસસભર વર્ણન કરીને કથાને ગુજરાતી વાચકો સુધી લઇ જવા માંગતા હોય એવી છાપ આ કૃતિમાં ઉપસે છે. ત્યાં તેઓ એમની પૌરાણિક નવલકથાઓની પ્રસ્તાવનામાં આવો ઉલ્લેખ કરે છે કે: 'મૂળ કથાનકનત મેં સ્વીકારી છે. લેખક પોતે જ ચૌકકસ કહી શકાય એવી 'લક્ષ્મણરેખા' માં બંધાય જાય છે.' પુરાણ કથાનકોમાં જઇને સર્જકે કશું ક જુદું ઉપસાવી આપવાનું સાહસ કર્યું નથી. માત્ર મૂળ કથા પુન: નિરૂપણથી વિશેષ કંઇ સિધ્ધ કરી શકવા અસમર્થ બની જાય છે. પુરાણ કથાની કાચી સામગ્રીને લઇને યથાર્થ એવા પરિવેશના નિર્માણ સાથે કથાનકના ભાવને અસ્ખલિતપણે એમણે વહેતો રાખ્યો છે. એજ એમની ઉપલબ્ધિ છે. અને એજ એમનું નવસંસ્કરણ છે. આરંભથી અંત સુધી આ કૃતિને તપાસીએ તો એ સાદ્યંત આસ્વાદ્ય રહેતી નથી.

ધરતીની સુવાસને રંગેરગમાં આવિશ્કાર કરીને પન્નાલાલે આ કૃતિને તળપદી ભાષામાં આપી છે. એમણે હૃદયની સરળ ભાષાને પ્રયોજી એમના સ્વત્વને પ્રગટ કર્યું છે. અહીં વર્તાતો પન્નાલાલીય કૃતિને ઓજસ આપે છે.

અહીં કૃષ્ણ, કૃતિના કેન્દ્રસ્થાને છે. જ્યારે ખલનાયક રૂપે કંસ અને જરાસંધ ઉપસે છે. ઉગ્રસેન, દેવકી, વસુદેવ, અક્રૂર, નંદ, રુકમી, કૈશિક, રુકિમણી, નારદ, બળરામ, ઉધ્ધવ, રાધા, સાત્યકિ, શાલ્વ, શિશુપાળ - વિગેરે પાત્રો અને એ સમયનું રાજકીય વાગતાવરણ, રાજખટપટ, યુધ્ધો, અપહરણ, વિગેરે દ્વારા પન્નાલાલે પૌરાણિક પરિવેશને ઉપાસાવી આપ્યો છે.

ભીષ્મની બાણશય્યા

'રામાયણ', 'મહાભારત, શ્રીમદ્ ભાગવત અને શિવપુરાણ' જેવાં બહુમુલ્ય પ્રાચીન ગ્રંથોને લોકભોગ્ય સ્વરૂપે ગુજરાતની પ્રજા સમક્ષ સફળતાથી મુક્યા બાદ પન્નાલાલે મહાભારતની એક અતિ મહત્વના અને અનેક વિધ્વાનોને અને અભ્યાસીઓને પોતાના વ્યક્તિત્વ તથા વર્તનથી મૂંઝવનારા ભીષ્મના પાત્રને પોતાના આગવા દષ્ટિકોણથી મૂલવવાનો પ્રયત્ન કર્યો છે. 'પાર્થને કહો ચઢાવે બાણ', 'રામે સીતાને માર્યા જે', 'કચ-દેવયાની', 'દેવયાની-યયાતિ', 'કૃષ્ણજીવનલીલા' અને 'શીવ પાર્વતી' નવલકથાઓમાં પન્નાલાલ પુરાણ કથાઓને મહદ્અંશે વફાદાર રહીને ચાલ્યા છે પરંતુ આ કૃતિમાં પ્રચલિત પુરાણકથાને ખાસ્સો આંચકો આપે એવું આલેખમ કર્યું છે.

મહામુનિ વ્યાસે પણ જેનો સ્પષ્ટ અને અસંદિગ્ધ ઉલ્લેખ કર્યો નથી એવા મુદ્દાને સ્પર્શીને પન્નાલાલે સર્જકતાની સૂઝનો અંદાજ આપ્યો છે. આ બાબતથી પોતે સભાન હોવાથી પન્નાલાલે પ્રસ્તાવનામાં કહ્યું છે કે - 'અહીં મેં ભીષ્મને પરણાવ્યા છે એ જોઇને મોટા ભાગના વાચકોને નવાઇ લાગશે કોઇ કોઇને નહી પણ ગમે.'[૧]

સકળ આર્યવર્તના રાજાઓની હાજરીમાં કાશીની ત્રણ રાજકન્યાનું સ્વયંવર મંડપમાંથી અપહરણ કરનાર, એકવીસ વાર પૃથ્વી ને નક્ષત્રિય કરનાર પરશુરામને પરાજય આપનાર વૈધવ્ય પ્રાપ્ત કરતી સત્યવતીને સોંપવાની અધર્મ માગણી કરતા ઉગ્રાયુધનો વધ કરનાર અને પિતાની કામેચ્છાને પરિતૃપ્ત કરાવાને અર્થે નૈષ્ઠિક બ્રહ્મચર્યસ્વીકારીને ભીષ્મ બનેલા દેવવ્રત ખરાખરીને ટાણે 'અર્થસ્ય પુરુષો દાસ:' અને 'બધ્ધોસ્માર્થેન કૌરવે:!' જેવું ઉચ્ચારીને અને 'ધિક ક્ષાત્રધર્મન્:।' જેવાં મિથ્યા સંતાપ કરીને દુર્યોધનના પક્ષે લડીને જીવંત સમર્પી દે છે. આવા વિરોધાભાસીથી છવાયેલું દેવવ્રતનું જીવન સૌને મુંઝવણમાં નાખી દે છે. આથી દરેક લોકોને સર્જકો દેવવ્રતને જુદી જુદી નજરે જુએ છે.

વેદવ્યાસ રચિત 'મહાભારત' માં ભીષ્મ અપરણિત હતા. પરંતુ અહિં સર્જકે મૂળ કથાનકની સાથે મોટી છૂટ લીધી છે. ભીષ્મ પરણયા હતાં કે નહી! એ વિવાદના મધપૂડાને છંછેડ્યા વિના પૌરાણિક પ્રચલિત કથાવસ્તુ સાથે મોટી છૂટછાટ લીધી છે. જે નવલકથાકારોને લેવાનો હક્ક હોય છે. પન્નાલાલ પૂર્વે પણ કનૈયાલાલ મુનશી, રમણલાલ અને ગુણવંતરાય આચાર્ય આવા પ્રકારની છૂટ લે છે. અહીં પ્રશ્ન એ છે કે: મૂળ કથામાં કરેલાં ફેરફાર કે છૂટને તેઓ કેટલી ઔચિત્યતાથી પ્રસ્તુત કરવામાં સફળ બન્યા છે. બારસો પાનાન વિશાળ કદમાં ફેલાયેલી આ કથા વસ્તુ ' મહાભારત' માંથી લેવામાં આવી છે.

ઉશિનરનો પુત્ર જિતવતીના ઋણમાંથી મુક્ત થવા માટે સાત વસુ અને એમની પત્ની પૃથ્વી પર આવીને વસિષ્ઠ મુનિની 'કામધેનુ' ને જિતને ભેટ આપે છે. કથાનો પ્રારંભ આ ઘટનાથી થાય છે અને ભીષ્મની ચિરવિદાય સાથે કથાનો અંત થાય છે. લગભગ ચાર પેઢી સુધીનો વિશાળ ફલક કૃતિનો વિષય છે. પહેલી પેઢી ભીષ્મની, બીજી પેઢી વિચિત્ર વીર્ય ને ચિત્રનંદાની, ત્રીજી પાંડુ ને ધૃતરાષ્ટ્રની અને

૧. ભીષ્મની બાણશય્યા, પન્નાલાલ પટેલ. આ.૧૯૯૦. પૃ.પ્રસ્તાવના.

ચોથી પાંડવો- કૌરવોની છે. આ ચાર ચાર પેઢીનાં સમયગાળાના કથાનકને પન્નાલાલે ત્રણ ભાગમાં વિભાજિત કરી છે.

કથાનકના આરંભે જ પન્નાલાલે સ્વકલ્પના બળથી કથાનકને, પ્રતીતિકર બનાવી આપે અને કથા ઔચિત્યપૂર્ણવાળી બની રહે એવા પ્રસંગને અભિવ્યક્ત કર્યો છે. ઉત્તરકાલીન ઘટના માટે સર્જકે યોગ્ય એવું પ્લેટફોર્મ ઊભું કરી આપ્યું છે. જીતવતીએ ધ્રુવસુની પત્નીને મદદ કરી હતી એ ઋણમાંથી મુક્ત થવા માટે આ સાતેય ધુ વસુ અને એમની પત્નીઓ પૃથ્વીપર આવે છે. અહીં એમને વિશિષ્ટ એવી કામધેનુ નજરે ચઢે છે. સાતેય વસુઓમાં ચર્ચા ચાલી કે: જીતવતીને કામધેનુને ભેટમાં આપી એ અને એના ઋણમાંથી મુક્ત થઇએ. પરંતુ સાતેય વસુઓ એમની પત્નીઓને જાણ ન હોતી કે: આ ગાય વસિષ્ઠમુનિની અસામાન્ય કામધેનુ હતી. વસિષ્ઠમુનિની કામધેનુના દુધપાનથી જિતવર્તી નિત્ય-યૌવના' બની જાય છે. અહીંયા પન્નાલાલે મૂળ કથાનકમાં ન હોય એવા કાલ્પનિક પાત્રને સરસ ઘાટ આપ્યો છે. લાંબા પટના સમયમાં વિસ્તરેલી કથાને માટે કૃતિની મુખ્ય નાયિકા પાત્રને 'નાયકના પાત્રાનું રૂપ બનાવવાનો પ્રયાસ કરવો ડડે એમ હોવાથી અહીં જિતવતીને ભીષ્મની અર્ધાંગીની બનાવવા માટે સર્જકે એને કામધેનુનું દુધપાન કરાવીને 'નિત્યયૌવના' બનાવી આપી છે. સર્જકમનમાં ઉદ્દભવેલો આ પ્રસંગ કૃતિના કથાનકમાં એકરૂપ બનીને આવતો હોય એવી પ્રતીતિ વાચકવર્ગને થાય છે. આશ્રમમાં કામધેનું ન હોવાથી વસિષ્ઠ મુનિએ કામધેનુંની ચારેબાજુ તપાસ કરાવીને માહિતી પ્રાપ્ત થતાં એમને ઉશીનરેશને ત્યાં શિષ્યોને મોકલે છે. ધર્મજ્ઞ એવો રાજા વસિષ્ઠ મુનિની કામધેનુને પૂરા સન્માન પૂર્વક પાછી સોંપે છે. રાજાને મુનિનો ભયતો લાગતો હતો.. જિતવતીએ કામધેનુનું દુધપાન કર્યું હોવાથી દુધની તાકાત વિફળ ન જાય અને ઉશીનરેશનું ગૌરવ જળવાય તે માટે વશિષ્ઠ કહે છે કે:

' હે પુત્રી, સબલાનું દુધ પીવાથી તું જેકે નિત્યયૌવના બની રહે છે ખરી પણ એની સાથે તારું જીવન મનુષ્યના જીવન સરખું રહેશે નહિ- તું હવે આ જગતમાં પ્રજોત્પતિ કરી શકીશ નહિ. પણ મારા તપોબળથી હું તને ભાઇઓ આપીશ.'[૨]

જિતવતીને લાંબા સમય સુધી પૃથ્વીપર રહેવાનો શાપ અને એને પ્રાપ્ત થયેલું 'નિત્યયૌવન' સાર્થકતાપૂવર્ક કથાનક માટેનો પરિવેશ રચી આપે છે. બીજીબાજુ ધુ વસુને વસિષ્ઠમુનિએ શાપ આપ્યો કે: 'આઠેય વસુઓ પૃથ્વી પર અવતરો. વશિષ્ઠ મુનિના શાપથી ભયભીત બનેલા વસુઓ શાપને નિવારનાર્થે મુનિ પાસે જાય છે. ત્યારે મુનિએ કહ્યું કે: 'ધુ વસુ' જ લાંબા કાળ સુધી પૃથ્વી પર નિવાસ કરશે!' પન્નાલાલે અહીં પોતાને અભિપ્રેત એવું અર્થઘટન કરીને કથાને પ્રતીતિજનક બનાવવા માટે મૂળકથાના પ્રસંગમાં આમૂલ પરિવર્તન કર્યું છે. ચાર પેઢીના લાંબા સમયપટનો સમયગાળો અહીંથી જ ગૂંથાય છે. ભીષ્મના પાત્રનું ગૌરવ વધારે સારી રીતે પ્રગટાવી આપે એવી ભીષ્મની પત્નીનું સર્જન અહીં કર્યું છે. મૂળ કથાનકમાં ભીષ્મ તો અખંડ બ્રહ્મચર્યવ્રત ધારી હોવાની સાથે કુંવારા હતા. એ ભીષ્મને પન્નાલાલે અહીં નવા રૂપે મૂકવા માટેની ભૂમિકા આપે છે.

પોતાના પરિણામે જ ધુમતીના પતિ ધુ વસુને શાપ મળ્યો એમ માનતી જિતવતી ધીમે ધીમે ધુ વસુના સાનિધ્યમાં આવે છે એ ધુ વસુની સેવા કરીને એના શાપને સત્ય બનાવવા માંગે છે. એથી એ

૨ ભીષ્મની બાણશય્યા, પન્નાલાલ પટેલ આ.૧૯૯૦ પૃ.૪૯

૩. એજન. પૃ.

નવા જન્મમાં પોતાની મૈત્રી સભર્ય રહે એમ ઇચ્છે છે. જિતવતી સામે પ્રશ્ન આવીને ઊભો રહે છે કે: પૃથ્વીના ક્યા સ્થાને દ્યુ વસુ જન્મશે? જિતવતીના સાનિધ્યમાં જ વશિષ્ઠ મુનિને આશ્રમમાં દ્યુ વસુ પોતાનો દેહ છોડીને નવપ્રસ્થાન કરે છે. પન્નાલાલે અહીંયા ચમત્કારિક ઘટનાનો સ્વીકાર કર્યો છે. આ ઘટનાથીજ જિતવતીને દ્યુ વસુ પ્રત્યે સહાનુભૂતિ ઉત્પન્ન થાય છે ને એ સહાનુભૂતિ પ્રણયમાં પરિવર્તન પામે છે. જિતવતીના હૃદયમાં ઉદ્ભવેલા પ્રથમ પ્રણયના અંકૂરોને વર્ણવતા સર્જક નોંધે છે કે: "જિતવતી દ્યુ વસુના અદશ્ય થવા ઉપર આસુ સારવા લાગી અને વારે વારે એકની એક જ વાત બબળવા લાગી: 'અરેરે, તું મને કહેવા પણ ન રહ્યો? તું શું મારા આ જીવનમાંથી ગયો જ ગયો?... ... કહી જ નહિ મળે... ... નહિ નહિ?-"[3] દ્યુ વસુ સાથે પ્રીતિ બંધાઇ જવાથી જિતવતી વ્યાસમુનિ પાસેથી રહસ્ય જાણવાનો પ્રયત્ન કરે છે. દ્યુ વસુને ઓળખવાએ ગુપ્તચરોની જાળ બીછાવી દે છે. અહીં સર્જકે જરાસંધના જન્મની કથાને આ કૃતિમાં સમર્થ રીતે ગૂંથીને કથાનકને રસપ્રદ બનાવવાનો પ્રયત્ન કર્યો છે. અદભૂત બાળકને જ જિતવતી એક ક્ષણ દ્યુ વસુ માની લે છે. (જરાસંધ). પરંતુ વ્યાસમુનિ એના સ્વપ્નોને ભાંગી નાંખે છે. જિતવતી સામે સંઘર્ષાત્મક સ્થિતિ સર્જાય છે. દ્યુ વસુને કઇ રીતે ઓળખી કાઢવો? અહીં વ્યાસમુનિ દ્યુ વસુને ઓળખવા ત્રણ વાત કહે છે: 'સ્ત્રી સંગથી દૂર રહેશે, પિતૃભક્ત નીકળશે અને અપુત્ર રહેશે.' પન્નાલાલે અહીંયા જિતવતીના પાત્રને જબરદસ્ત ભીંસમાં પકડ્યું છે.

પન્નાલાલે અહીંયા શાંતનુના જીવનમાં બનેલી ઘટનાઓ, જેવીકે ગંગા સાથેના લગ્ન, સાત બાળકોને નદીમાં નાંખતી પત્ની, વચનભંગ થવાથી સાન્તનુને છોડી જતી ગંગા, મત્સ્યગંધાના પ્રેમમા પડતો શાંતનુ, પિતાની બિમારીને દૂર કરવા અખંડ બ્રહ્મચર્ય ધારણ કરતો દેવવ્રત- આનો પ્રયોગ કરીને જિતવતીને ખાત્રી કરાવે છે કે: દેવવ્રત જ દ્યુ વસુનો અવતાર છે. દેવવ્રત જ દ્યુ વસુ છે એની ખાત્રી કરવા માટે હસ્તિનાપુરમાં ઉત્સવમાં જાય છે. અહીંયા સર્જકે ભીષ્મના નખશીખ વર્ણન આ પ્રમાણે કર્યું છે.

"પણ જિતવતીના કાન, આંખો ને સમગ્ર તંત્ર અત્યારે દ્વાર ઉપર મંડાયેલું હતું દ્વારમાંથી એકની પાછળ એક બે વ્યક્તિઓ બહાર નીકળી. જળહળ હડહળ મુંગટ, કુંડળ, હાર વગેરે અલંકારોની વચ્ચેય સહુ કોઇએ ગૌરવભરી ચાલે ચાલતા મહારાજ શાન્તનુને ઓળખી લીધા. એમની પાછળ થનગન ચાલે ચાલતાં ને વછેરા સરખા લાગતા યુવાનને પણ પ્રક્ષકોએ યુવરાજ તરીકે ધારી લીધો. એણે એનાં કાળાં ભમ્મર થોભિયાં ઉપર પાતળી પટીનો મુગટ પહેર્યો હતો. ગળામાં એક સરો હીરા-રત્નોનો હાર હતો, ઉઘાડા અંગે ઉપર ગુલાબી રંગનો રેશમી દુપટ્ટો બાંધ્યો હતો. રાજાના હાથમાં તલવાર હતી. કુમારના હાથમાં ધનુષબાણ હતાં."[4]

જિતવતીને શંકા-કુશંકા થવા લાગી કે : આજ દ્યુ વસુ હશે? પન્નાલાલે જિતવતીની શંકાને સમાધાન કરવાને અર્થે શાંતનુના અતિત જીવનમાં બનેલી ઘટનાઓનો સૂપેરે વિનિયોગ કર્યો છે. ધીમે ધીમે શંકાનું શમન થવા લાગે છે.

હસ્તિનાપુરમાં ક્ષત્રિયો પોતાનું કૌતક અને પરાક્રમને સભા સમક્ષ બતાવતા હોય છે. અહીં સર્જકે દેવવ્રતના પરાક્રમી વ્યક્તિત્વને આમ આલેખ્યું છે.

---

૩. એજન. ભાગ-૧, પૃ.૮૪.

૪. એજન. ભાગ-૧, પૃ ૧૪૧.

'સહુ કોઇ-પેલા કુમારો સુધ્ધાં દેવવ્રતનાં ઊભા રહેવાની છટા, ભાથામાંથી બાણ ખેંચવાની તેમજ ધનુષ ઉપર ચઢાવવાની અદા વગેરે જોવા લાગ્યા. દેવવ્રતે દાન સુધી ધનુષ ખેંચી વળી એક દિવ્ય બાણ દિશાઓમાં વહેતું મૂક્યું. એની પાછળ બીજુ બાણ છોડીને લાગલું એણે પિતા સામે જોયું, કહ્યું: 'હે તાત, પહેલું બાણ એ યોગંધર નામનું અસ્ત્ર હતું ને એની પાછળ છોડેલું પરાઙ્મુખ નામનું અસ્ત્ર છે. જુઓ પરાઙ્મુખ અસ્ત્રના પ્રયોગથી મેં યોગંધરને પાછું વાળી લીધું છે એ આવે!'.૫

પાત્રના વ્યક્તિત્વની સાથે સાથે સર્જકે પૌરાણિક પરિવેશને સર્જી આપ્યો છે. પુરાણકાળના અસ્ત્ર-શસ્ત્રોનો સામર્થ્ય પૂર્ણ પ્રયોગ અહીં શબ્દસ્થ થયો છે. દેવવ્રત એક પછી એક દિવ્યાસ્ત્રોનો પ્રયોગ કરીને બધાને દેવવ્રત મંત્રમુગ્ધ બનાવી મૂકે છે. આ દૃશ્યથી અભિભૂત થયેલી જિતવતી દેવવ્રતને વિજયમાળા પહેરાવે છે. દેવવ્રતના જન્મ પછી એનાં જીવનમાં બનેલી ઘટનાઓને સાંભળ્યા પછી પ્રતીતિ થાય છે કે: આજ ધુ વસુ છે. પણ વિજયમાળા દેવવ્રતને વિચારશીલ બનાવી મૂકે છે. આથી દેવવ્રતને કુતૂહલ થાય છે કે: કોણ હશે? શા માટે મને જ વિજયમાળા આરોપી? પાત્રના હૃદયપર ધીરે ધીરે જિતવતી છવાવવા લાગી. આથી એ જિતવતીને તેડવા માટે રથ મોકલે છે.

બીજી બાજુ, કથાનકનો પ્રસંગને પ્રતીતિજનક બનાવવા માટે પન્નાલાલે જિતવતીને ઉશીનરનો ચર્ચાલાપ ગોઠવે છે. ઉશીનર જિતને દેવવ્રત સાથે પરણવવા માગે છે. જિતને પિતાનો પ્રસ્તાવ ગમી જાય છે ને એ સોનેરી સ્વપ્નોમાં ખોવાઇ જાય છે.

સ્ત્રી હૃદયના સૂક્ષ્મ હૃદયોર્મિના ભાવતંતુઓને સર્જકે નીચેના વર્ણનમાં ગૂંથ્યા છે. 'ચારેક દાયકાનો ભૂતકાળ ચીરી, ઘેલી સરખી જિતવતી તીરછાનયને મીઠો માદક ઠપકો કરતી દેવવ્રતને કહેતી હતી: 'કેમ સુહૃદય, પકડાઇ ગયાને? તે વખતે તો દેવ હતા તે છેતરી ગયા પણ હવે તમે મારા જેવા મનુષ્ય છો હો કે! આપણી વચ્ચે ન તો હવે દેવ-મનુષ્યનો ભેદ રહ્યો છે કે નથી રહ્યો ઉમ્મરનો પણ અતંરાય કરશો... ... હે સખા, તે આપેલું નિત્યયૌવન તાર જ ચરને અશેષપણે પાથરી દઇને ધન્ય થવું છે. તું મારો સ્વીકાર -'૬

જિતવતીનો હૃદયથી દેવવ્રતની બની ગઇ હતી. એમાંય દેવવ્રતનો રથ એને લેવા માટે આવતાં જ જાણે સોનામાં સુગંધ ભળી ગઇ. કથાનકના પ્રવાહમાં બનતી ઘટનાઓના ક્રમોને ઊલટાવી ચૂલટાવીને સર્જકે આલેખ્યા છે. ઉત્સવમાં દેવવ્રતને જિતનો ખ્યાલ ન રહ્યો પણ એકાંત મળતાં જ જિતના વિચારો એના મનના સામ્રાજ્ય પર શાસન કરવા લાગે છે. પ્રથમ મિલને બન્ને પાત્રોમાં સ્નેહના અંકૂરો ફુટે છે.

પ્રથમ મૂલાકાતે જ જિતવતી ધુ વસુની કથા કહી સંભળાવે છે. પછી તો વારંવાર મૂલાકાતોને પરિણામે પ્રેમના અંકૂરોનો વિકાસ થવા લાગ્યો. પ્રણયભાવ ગાઢ થવાથી બન્ને લગ્નગ્રંથીથી જોડાવવા માંગે છે. પરંતુ અહીં નાટ્યાત્મકતા આવે છે. હસ્તિનાપુરના મહોત્સવમાં ઉશીનરના પુત્રોનું અસહ્ય અપમાન થવાની દેવવ્રત સાથે જિતના લગ્ન માટે સહઝપણે તૈયાર થાય એ મુશ્કેલ હતું. જિતને મેળવવાનો એકમાત્ર માર્ગ આ જ હતો કે 'સ્વયંવર' માંથી જિતવતીને દેવવ્રત ઉઠાવી જાય.

સકળ આર્યાવર્તમાં દેવવ્રતની યોજના ફેલાઇ જવાથી આર્યાવર્ત આર્યાવર્તને અને ઉશીનરને પણ

---

૫. એજન. ભાગ-૧, પૃ.૧૬૩.

૬. એજન. ભાગ-૧, પૃ ૧૭૩.

દેવવ્રતનો ભય લાગવા માંડે છે. ઉશીનર અને એનાં પાંચેય પુત્રો વચ્ચે ઉગ્ર સંવાદોની પ્રયુક્તિ દ્વારા લેખકે પ્રસંગાનુરૂપ પરિવેશ સર્જ્યો છે. પિતા-પુત્રોની ચિંતા વધી જાય છે. આથી પોતાના સ્વમાનને જાળવવા પિતા ને પુત્રો જિતવતી પાસે જાય છે. પિતાની આબરું ને સ્વમાનને જાળવવા જિતે દેવવ્રતને મનાવી લે છે. આ મિલન મુલાકાત કથાનકને નવીન દિશામાં વળાંક આપે છે. એક સ્થાનેથી નીકળતી નદીના વહેણમાંથી માર્ગમાં અન્ય વહેણો મળે તો એ નદીનું બહેણ વધારે વ્યાપમાં વિસ્તરવા લાગે છે અહીં જિતવતીને ભીષ્મના જીવનમાં વહેણમાં શાન્તનુની બિમારી મહત્વનો ભાગ ભજવે છે. પુરાણ કથાના પ્રસંગોને સર્જકે કથાનકમાં સુયોગ્ય સ્થાને મૂક્યા છે. શાન્તનુની બિમારી અનુવર્તી ઘટનાઓ સાથે તાર્કિક સંબંધ ધરાવે છે.

શાન્તનુ અને મત્સ્યગંધાની મિલનકથા અહીં નિરૂપાઇ છે. દેવવ્રત ને જિતવતી સાથે લગ્ન કરાવીને પિતૃઋણમાંથી મુક્ત થવા ઝંખતા પિતા સામે રાજગાદીનો પ્રશ્ન ઊભો થાય છે. દેવવ્રતતો અપુત્ર રહેશે. એ ચિંતા શાન્તનુને કોરી ખાય છે એની આ બિમારીનું કારણ પણ આ ચિંતા જ છે. રાજગાદીનો વારસ કોણ એ વિચાર અને અસ્વસ્થ બનાવી દે છે. આમાંથી મુક્ત થવા એ વનવિહારાર્થેય અહીં મત્સ્યગંધાના સંપર્કમાં શાન્તનુ આવે છે ને શાન્તનુને માછીકન્યાપર અનુરાગ જાગે છે. પરંતુ માછી કન્યાનાં પિતા પોતાની પુત્રીના પુત્રો શાસન કરે એવી માંગણી મૂકે છે. અને શાન્તુની મુંઝવણ તીવ્ર બની જાય છે. શાન્તનુના મનોજગતને નિરૂપતાં લેખક કહે છે-

"એક દિવસ તો શાન્તનુએ પોતાના મનને ધિક્કારી પણ નાંખ્યું: 'ધિક્કાર છે તારા આવા આંધળા મોહને! અરે જગત તને શું કહેશે! આ તો તું ગંગાદેવીનું પણ હડહડતું અપમાન કરી રહ્યો છે! ક્યાં પતિતાને પાવન કરનારી ગંગાદેવી ને ક્યાં આ માછલાં ભેગી ઊછરેલી માછી-કન્યા!... ... અરે સુગંધ તો કદાચ કોઇક કારણસર હોઇ શકે છે પણ આખર એના સંસ્કારો તો માછી... ... કન્યાના જ ને? ભલા જે સ્થાન ઉપર ગંગાદેવી બેસતી હતી એ સ્થાન ઉપર તારી અર્ધાંગના બનીને આ માછી કન્યા કેવી રીતે બેસી શકે? અને વળી લોક અને જગત અરે ઇતિહાસ તને શું કહેશે?'[૭]

શાન્તનુના મનમાં ચાલતા અવઢવને રજુ કરીને સર્જકે શાન્તનુના વ્યક્તિત્વને ઓજસઅર્પે છે. એક તરફ શાન્તનુની મૂંઝવણને ચરમ સીમાએ વર્ણવાઇ છે તો બીજી તરફ દેવવ્રતના લગ્ન જિતવતી સાથે થાય છે. પિતાનું દુ:ખ દેવવ્રત માટે અસહ્ય બની જાય છે જિતવતીનું દુ:ખ આ બે પાત્રોથી પણ વિશેષ છે. એને તો પતિ, સસરાનું અને પોતાનું દુ:ખ છે. સત્ય પોતાની સામે હોવા છતાંય પોતાની ચિંતાને પોતાના પૂરતી સીમિત રાખી ધીરજ પૂર્વક કપરા કાળમાંથી પસાર થાય છે. દેવવ્રત, ભીષ્મ બને તે માટેની સર્જકે પ્રતીતિકર થાય તે રીતે નિરૂપ્યો છે.

પિતાની બીમારીનું રહસ્યને પામી ગયેલો દેવવ્રત પિતાને બિમારીમાંથી ઉગારવા માટે મહાન ત્યાગ કરે છે. માછીકન્યાના પિતાને વચન આપે છે કે: આજથી માંડીને હું સદાને માટે અખંડ બ્રહ્મચર્યનું પાલન કરીશ.' પન્નાલાલે 'પાર્થને કહો ચઢાવે બાણ' નવલકથાને રચી હતી ત્યારે જ એમનું ધ્યાન 'ભીષ્મ પ્રતિજ્ઞા' પર ગયું હતું. કદાચ આ જ ભાવ એમને આ કૃતિને રચવાની પ્રેરણા આપી હશે. મૂળ કથાનકમાં પણ ઉપર પ્રમાણેજ પ્રતિજ્ઞા લેવાય છે કે: આજથી માંડીને મારું અખંડ બ્રહ્મચર્ય રહેશે.'[૮]

સર્જક ભીષ્મના પાત્રને અલગ દષ્ટિકોણથી જુએ છે. સમગ્ર જીવનકાળ દરમ્યાન ભીષ્મનું

૭. એજન. ભાગ-૧, પૃ.૨૩૧.

જીવન 'સ્ત્રી' થી વીંટળાયેલું રહ્યું છે. એવી વ્યક્તિ અવિવાહિત કઇ રીતે રહી શકે? બીજી બાજુ ભીષ્મે ત્રીસ અશ્વમેધ યજ્ઞો કર્યા હતા. હવે પ્રશ્ન એ થાય કે અવિવાહિત પુરુષ અશ્વમેધ યજ્ઞ કઇ રીતે કરી શકે? આના જવાબમાં આટલું કહી શકાય કે: ભીષ્મ પરણેલા હશે... એમ પન્નાલાલ માને છે. આથી જે સર્જકે મૂળ કથાનકમાં ફેરફાર કરીને ભીષ્મના પાત્રને પરણાવ્યા છે. અનેક વિદ્વાનો અને સંશોધકો તથા ઉપેન્દ્રરાય સાંડેસરા પણ બેધડક કહે છે કે: ભીષ્મ પરણ્યા હતા.'[૯]

આ એક અલગ પ્રશ્ન બની જાય છે. સર્જકને પુરાણ કે ઐતિહાસિક કથાઓમાં યોગ્યત્તમ છૂટછાટ લેવાનો અધિકાર હોય છે. આ અગાઉપણ મુનશી કે ર.વ.દેસાઇ જેવો સર્જકો આવી છૂટછાટ લઇને કૃતિઓનું સર્જન કર્યું છે. અહીં તપાસવાનું એ રહે છે કે: સર્જકે લીધેલી છૂટછાટને કેવીક રીતે પ્રયોજીને કથાનકને રસપ્રદ બનાવે છે અને કથાને પ્રતીતિજક રીતે ઉપસાવી આપે છે.

દેવવ્રતને ભીષ્મ બનાવવાનો સમર્થ પરિવેશ રચવામાં પન્નાલાલની સુઝ-સમજ અને કલાનું કૌશલ પ્રગટ થાય છે. અખંડ બ્રહ્મચર્યધારી ભીષ્મને સર્જકે વિચારશીલ બનાવી દે છે. પોતાનું આ પગલું ધર્મમય કે અધર્મયુક્ત છે એ તપાસે છે. ભીષ્મની તપાસ સાથે જિતનું પાત્ર સંકળાયેલું હતું. આથી એ વિચારે એ સ્વાભાવિક હતું. ભીષ્મની પ્રતિજ્ઞા એ માત્ર ભીષ્મની નહી પણ જિત માટે એ પ્રતિજ્ઞાજ બની જાય છે અહીં 'રામાયણ' નું ઉર્મિલાનું પાત્ર યાદ આવી જાય છે. ભાઇને મદદરૂપ થવા ગયેલાં લક્ષ્મણના વિયોગમાં રાજમહેલમાં રહેતી ઉર્મિલા માટે વનથી ભયાનક હતું. સીતા તો પતિ સાથે હતી એટલે વન ય એને ઉદાન લાગે પણ રાજમહેલમાં પતિ વિહોણી ઉર્મિલાની શી સ્થિતિ બને? અહીંયા પણ પ્રતિજ્ઞા તો ભીષ્મે ધારણ કરી પણ આચરણ તો જિતે કરવી પડે છે ને? જિતવતી ને હવે બ્રહ્મચર્યભરી પરિસ્થિતિમાંથી પસાર થવું પડે છે. પન્નાલાલે ભીષ્મની અવઢવ કરતાં જિતની અવઢવને સમર્થ પણે મૂકીને નારીવેદના અભિવ્યક્ત કરીને કથાપ્રસંગને કરુણ બનાવ્યો છે. જિતવતી પોતાની પ્રતિજ્ઞા કનેતા પૂર્વે ભીષ્મે અનેક મનો મંથનમાંથી પસાર થવું પડે છે. જિતવતીની વેદનાને સર્જકે આમ અભિવ્યક્ત કરી છે. 'પ્રિય, તમે તો મારા ગત જીવનના સુહૃદય છો. પરમ મિત્ર છો.' (૨૩૫/૧) જિતની સામાન્ય નારી કરતાં નોખી પડી જાય છે. આર્યસંસ્કારને વરેલી અથવા તો પોતાના માટે સ્વર્ગને દ્યુ વસુને પૃથ્વી પર માનવરૂપે અવતરીને પૃથ્વીની મુશ્કેલી વેઠવી પડે છે. એમ માનતી જીત એને શક્ય એટલી મદદરૂપ થવાને આશયે ભીષ્મની પ્રતિજ્ઞાને સહર્ષ સ્વીકારે છે. એ જાણે છે કે: ભીષ્મના જીવનમાં આવું કંઇક બનવાનું છે.

કૃતિના આરંભથી હળવી ગતિએ વહેતો પ્રવાહ ઘસમસતા પૂરની જેમ હવે વહે છે. શાન્તનુના લગ્ન સત્યવતી સાથે થાય છે અને ચિત્રાગંદા ને વિચિત્રવીર્યનો જન્મ થાય છે, શાન્તનુનું અવસાન થાય છે. આમ કથાપ્રસંગો ઝડપથી બન્યા કરે છે. સર્જકને અન્ય પાત્રો ના જીવનમાં બનેલી ઘટનાઓ કરતાં ભીષ્મના પાત્રની આજુબાજુ બનતી ઘટનાઓમાં સવિશેષ રસ હોવાને પરિણામે અન્ય ઘટનાઓને કલાકિય સૂઝ વડે દુર કરી ને આગળ વધ્યા છે.

માતૃની રક્ષાર્થે ઉગ્રાયુધ જેવા મહા બળવાન ચક્રવર્તીરાજા સાથે યુધ્ધ કરવા તત્પર બનતા ભીષ્મ ઉગ્રાયુધને મહાત કરે છે. ભીષ્મના શૌર્ય, પરાક્રમને આ પ્રસંગમાં ઉપસાવી આપ્યા છે. ઉગ્રાયુધના

---

૮. એજન પ્રસ્તાવના.

૯. એજન. પ્રસ્તાવના..

મૃત્યુને આમ નિરુપે છે.

"ત્યાંજ - માંડવા પરથી તૂંબડી તૂટે એટલો જ માત્ર અવાજ થયો! એક બાજુ ઉગ્રાયુધનો ઝગારા મારતો મુંગટ ઊડ્યો. બીજી બાજુ ઉગ્રાયુધનું શીશ ઊડ્યું મૃત્યુનો પેગામ લઇને જતુમ હોય એ રીતે પોતાની જ સેનાઓના મધ્યમાં જઇ પડ્યું."[૧૦]

તળવદા શબ્દોની સમૃધ્ધિ તો પન્નાલાલને સહજ છે એથી પ્રસંગાનુરૂપ ભાવવિશ્વ લોકભોગ્ય રીતે તેઓ ખૂબજ સ્વાભાવિકતાથી ખડું કરી શકે છે. એમના ગ્રામ્ય શબ્દ સૃષ્ટિના લહેકા અને લય તો એમની કૃતિઓનો પ્રાણ છે.

ભીષ્મના શૌર્યને પ્રગટાવીને એની ઉદારતાને આલેખીને સર્જકે પાત્રના વ્યક્તિત્વને ઉઘાડ આપ્યો છે. ભીષ્મ ઉગ્રાયુધના રાજ્યને એના પુત્રને સોંપી દે છે અને પૃષતને આર્થિક તેમજ જરૂરી એવી સહાયતા આપે છે.

ભીષ્મ યજ્ઞની દિશા લે છે એજ વેળાએ ગંધવરાજ ચિત્રાગંદાને યુધ્ધમાં હણી નાંખે છે. ભીષ્મ યજ્ઞની દિશા લીધી હોવાથી એમનાથી શસ્ત્રો પકડાય નહી આનો લાભ કદાચ ગંધવરાજ લીધો હશે. ચિત્રાગંદાના મૃત્યુ થવાથી રાજ્યના વારસની મુંઝવણ ભીષ્મ સામે આવતા ભીષ્મ કાશીરાજની ત્રણ કન્યાઓને સ્વયંવર મંડપમાંથી અપહરણ કરીને વિચિત્રવીર્ય સાથે પરણાવે છે. સઘળું હેમખેમ જ ઉતરતુમ જાયતો કથા સાવ નિરસ બની જાય. પરંતુ ઘસમસતો પૂરનો પ્રવાહ ચારે બાજુ ફેલાય એમ નાટ્યાત્મક ઘટના કથાને રસપ્રદ બનાવે છે. અંબિકા ને અંબાલિકાની જેમ અંબા વિચિત્રવીર્યને પરણવાની સ્પષ્ટ 'ના' પાડી છે. તે શાલ્વને મનથી વરી ચૂકી હતી ભીષ્મ પૂરા માન-સન્માનથી અંબાને શાલ્વની પાસે મોકલે છે. એ શાલ્વ પાસે મોકલે છે. પણ અંબાનો સ્વીકાર કરવા તૈયાર ન હતો. પોતાના સામે ઊભી થયેલી કરુણ સ્થિતિના મૂળમાં અંબા ભીષ્મને માને છે. આથી એ પરશુરામ પાસે સહાયાર્થે જાય છે. અંબાને થયેલા અન્યાયને દૂર કરવા માટે પરશુરામ ભીષ્મ સાથે યુધ્ધ કરે છે. અહીં સર્જકે ચમત્કારને સહારે આગળ વધવાનું સ્વીકાર્યું છે. ગંગાનું પ્રાગટ્ય, દેવોનું આકાશમાં આવવું, સાત વસુઓ પ્રગટે ને દિવ્યાસ્ત્રો અર્પે, નારદનું આગમન - વિગેરે. ભીષ્મ અને પરશુરામના પરાક્રમને નિરૂપવા લેખકે પાત્રોચિત્ત સંવાદોનો વિનિયોગ કર્યો છે. પાત્રોના અવનવા અસ્ત્ર-શસ્ત્રોનો પ્રયોગ કરે છે ત્યાં પૌરાણિક પરિવેશ ઉભો થાય છે અને અહીં પ્રસંગ વીરરસથી તરબોળ બની જતો અનુભવાય છે.

સાતે વસુઓ દિવ્યાસ્ત્રનું પ્રદાન કરીને ભીષ્મની શક્તિમાં વધારો કરે છે. પરશુરામ સાથેના ચાલતાં યુધ્ધને હવે પૂર્ણ કરવા કૃતનિશ્ચયી બનેલા ભીષ્મ દિવ્યાસ્ત્રનો પ્રયોગ કરવા મંત્રજાપ કરતો હતો ત્યાં આકાશમાંથી ઘોષ ઊઠ્યો કે: નહિ નહિ ભીષ્મ! આ દિવ્યાસ્ત્રોનો પ્રયોગ ન કરો!' એ સમયના ભીષ્મના વર્તનને સર્જકે આમ કંડાર્યું છે.

"છતાંય ભીષ્મ હવે પરશુરામને હણીને સૃષ્ટિભરમાં પોતાની કીર્તિ સ્થાપવા જેમો અદ્વિતીય લાગ જતો કરવા તૈયાર ન હતા. એમને મંત્રજાપ ચાલુ જ રાખ્યો."[૧૧]

અહીંયા ભાવક વર્ગને જબરદસ્ત ઝાટકો લાગે છે કે: ભીષ્મ આટલી નિર્દયતાએ જઇ શકે ખરો? પિતાના સુખ માટે અખંડ બ્રહ્મચર્ય ધારણ કરનાર અને રાજ્યવારસ માટે કાશીની ત્રણ કન્યાઓનું

૧૦ એજન. પૃ. ૩૧૩

૧૧ એજન. પૃ ૩૭૪.

સ્વયંવરમાંથી અપહરણ કરનાર ભીષ્મ પોતાનાજ ગુરૂની હત્યા કરીને યશને પ્રાપ્ત કરવાની અધર્મતાએ જય એ પ્રતીતિજનક લાગતું નથી. ભીષ્મને કહેવામાં આવે કે: દિવ્યાસ્ત્રનો ગુરૂપર પ્રયોગ ન કર છતાંય ભીષ્મ કીર્તિ અર્થેમંત્રજાપ ચાલુ જ રાખે છે. એમાં ભીષ્મનું ગૌરવ ક્યાં? આવી ક્ષણે નારદમુનિ ભીષ્મને ધર્મમય જ્ઞાન આપીને પૃથ્વીને પ્રલયમાંથી ઉગારી લે છે. અહી ભીષ્મ કરતાં ક્ષણવાર માટે આવતું નારદનું પાત્ર ચિરંજીવ બની જાય છે.

પરશુરામ પણ પોતાને ન્યાય અપાવવામાં ઊણાં ઊતર્યા છતાંય અંબાએ સામાન્ય નારીની જેમ માથે હાથ કઇ બેસી એવી ક્યાં હતી. એતો યુધ્ધ સ્થળે જ પ્રતિજ્ઞા લે છે કે: 'હવે તો હું એવી શક્તિના શરણે જઇશ કે જેની કૃપા મેળવીને હું જ પોતે ભીષ્મનો નાશ કરીશ.'[૧૨] અંગાની પ્રતિજ્ઞાથી બધાંય સ્તબ્ધ બની જાય છે. ભીષ્મને પણ ભય પ્રવેશી જાય છે, અંબાની મક્કમતાથી કે મૃત્યુથી નહી પણ એક નારીના હાથે પોતાનું મૃત્યુ થા તો પોતાની આર્યાવર્તમાં અપકીર્તિ થાય એવો ભય ભીષ્મને કોરી ખાય છે. એકવીસવાર પૃથ્વીને નક્ષત્રીય કરનાર પરશુરામને હરાવનાર ભીષ્મને એક નારીમા બદલો લેવાની મક્કમતામાં છલકાતો અનન્ય એવો આત્મ વિશ્વાસને જોતાં ભય અનુભવે છે. આથી એ અંબા પાછળ ગુપ્તચરોને પ્રયોજે છે.

વ્યાસ અને જિત વચ્ચે સંવાદોને પ્રયોજીને પન્નાલાલે સ્ત્રી સ્વતંત્રતાના ભાવજગતને પૌરાણિક કથાના વાઘામાં આમ અભિવ્યક્ત કર્યો છે.

'વ્યાસ અત્યારે ગહનતામાં ડુબેલા લાગતા હતા. એ બોલ્યો તે પણ ઊંડાણમાંથી: 'હે ભદ્રા, ભીષ્મ પોતે સ્ત્રીના સ્વાતંત્ર્યનો સ્વીકાર કરે છે કેમ એક પણ એ' મારા મનથી પ્રશ્ન છે.

જિંતે કહ્યું: 'ભીષ્મ જ શા માટે પ્રભુ! આખાય આ જગતમાં સ્ત્રીને વળી સ્વતંત્રતા કેવી? હું નથી ધારતી વિશ્વના નિયંતાને સ્ત્રીને સ્વતંત્ર તરીકે નિર્માણ કરી હોય! એમ હોય તો પણ આ જગતમાં મને તો ક્યાંય દેખાતું નથી.'[૧૩]

સ્ત્રીને માનવ તરીકે સ્વીકારવા અને એના વ્યક્તિત્વની આગવી ઓળખ ટકાવી રાખવા ભયના ઓથાર નીચે જીવતો ભીષ્મને સમાચાર મળે છે કે: અંબાએ શીવને પ્રસન્ન કરીને ભીષ્મનો વધ કરવાનું વરદાન મેળવ્યું છે. ત્યારે ભીષ્મની ચિંતાની માત્રા અનેક ઘણી વધી જાય છે. એમની અકળામણનો આરો નથી. ભીષ્મના મનમાં વારે વારે એક જ સવાલ ઉઠતો હતો: 'અરેરે! મારા આવા મહા જીવનનો અંજામ આખરે આટલી બધી હીન રીતે જ આવશે! ભીષ્મ જેવા ભીષ્મને એક સ્ત્રીને હાથે મૃત્યુ પામશે! ઉગ્રાયુધ જેવાનો સંહાર કર્યો, હજારો રાજાઓની વચ્ચેથી કાશીરાજની કન્યાઓને હરી લાવ્યો ને જે પરશુરામ અત્યાર સુધી શાશ્વત વિજયી મનાતા હતા-એમની પાસે પણ ભીષ્મે કબૂલ કરાવ્યું કે. 'હા, હું હાર્યો છું!' એવા દુર્દમ ભીષ્મને એક મામૂલી સ્ત્રી હણી નાખશે! અને તે પણ યુધ્ધભૂમિ પર!' ભીષ્મના જીવને એટલી હદે ત્રાસ વર્તાતો હતો કે એ માત્ર બેભાન થવાના જ બાકી હતા... ...'[૧૪]

એકબાજુ અંબાનો ભય ભીષ્મને ઘેરી વળે છે એમાંય વિચિત્રવીર્ય અપુત્ર મૃત્યુ પામવાથી રાજ્યના વારસનો પ્રશ્ન એની સામે ઊભો થાય છે. રાજ્યના વારસ માટે સત્યવતી, કૃપાચાર્ય, ભીષ્મને

૧૨. એજન. પૃ. ૩૬૮.

૧૩ એજન પૃ. ૩૮૯.

૧૪ એજન. પૃ. ૩૯૩.

પ્રતિજ્ઞામુક્ત થવાનું સૂચન કરે છે પરંતુ ભીષ્મ 'અડોલ ભીષ્મ' રહે છે. ભીષ્મ બ્રહ્મચર્યને વળગી રહેતા સત્યવતીને મૂંઝવણ વધે છે. પન્નાલાલે મૂળકથામાં ન હોય એવી આડકથાનો વિનિયોગ અહીં કર્યો છે. બૃહસ્પતિ શાપથી મોટાભાઇની પત્નિને અંધપુત્ર જન્મ્યો હતો. એનુ નામ દીર્ઘતમા હતું. આ મુનિએ પાછળ જતાં લોકનાં વિશે મર્યાદા સ્થાપી છે કે: સ્ત્રીને જીવનમાં એક જ પતિ રહેશે. પતિના મૃત્યુ પછી પણ એ બીજો પતિ પામશે નહી. અને જો એ તેમ કરશે તો લોકના વિષે એ સ્ત્રીનું પતન થયેલું ગણાશે [૧૫] અહીં પ્રયોજયેલી આ આડકથા કથાને પોષક બનીને આવવાને બદલે બાધક બનીને આવતી હોય એમ લાગે છે. ભીષ્મના વ્યક્તિત્વને ઉઘાડી શકવામાં આ આડકથા નિરસ બની રહે છે.

પીઠ ઝબકારનો વિનિયોગથી અહીં દયાવાન વ્યાસમુનિના જન્મની કથાનું વર્ણન કર્યું છે. અત્યાર સુધી પોતાના હૃદયના ઊંડાણમાં છૂપાવી રાખેલી અતીત જીવનની ઘટનાનું રહસ્ય ઉકલે છે. આ અતીતમાં બની ગયેલી ઘટના હસ્તિનાપુરની રાજગાદીના વારસાનો પ્રશ્ન ઉકેલી નાંખવામાં સહાયક ભૂમિકા પૂરી પાડે છે. પન્નાલાલે બાળ વ્યાસનું સત્યવતીની નજરે શબ્દચિત્ર આમ આલેખ્યું છે:

'આંખો ખોલતાં એમણે કહ્યું: કેટલીક વાર પછી હું મારી પહેલાંની સ્થિતિમાં આવી બેઉ છુંતો મારી સમક્ષ એક જનોઇધારી બટૂક ઊભો હતો. એના માથે બાંધેલી જટા હતી. એક હાથમાં કમંડલુ હતું. બીજા હાથમાં દંડ હતો. બાળક હોવા છતાંય એ મને ચારેય વેદ ભણેલા મુનિ સરખો લાગતો હતો. એણે મને પગે પડીને નમસ્કાર કર્યા પછી મેન કહ્યું: 'હે માતા, મને તુમ તારો આજ્ઞાધીન પુત્ર સમજ. હે મા, સંકટના સમયે કે વગર સંકટે તું મને જ્યારે જ્યારે બોલાવીશ ત્યારે હું ક્ષણના પણ વિલંબ વગર તારી સમક્ષ પ્રત્યક્ષ થઇશ. તું મને આશીર્વાદ આપી વિદાય આપ.'[૧૬]

ચારેય બાજુએથી ભીષ્મપર દબાણ થવા લાગ્યું કે: રાજ્યના વારસને પ્રાપ્ત કરવા 'નિયોગ' કરવો જોઇએ. ભીષ્મના મનમાં આ ક્ષણે અનેક વિચારો હરણની જેમ દોડી જાય છે. આ મૂંઝવણથી મૂક્ત થવા ગયેલા ભીષ્મને જિતવતીએ 'ધક્કા' મારી કાઢી નાંખ્યો. જિતને ભય લાગે છે કે: ભીષ્મ કદાચ પ્રતિજ્ઞા વિમુખ બને તો? અહી વાચકવર્ગને ખારસી એવી ઠેસ લાગે છે કે: જે ભીષ્મને અતિ નિકટથી જોયો છે એ પતિપર જિત જેવી આર્ય સંસ્કારથી સંપન્ન નારીના મનમાં આવો વિચાર આવે ખરો? જિતના મન પ્રવેશેલો ભય જ એને 'ધક્કો' મારવા સુધી લઇ જાય છે. બીજો પ્રશ્ન આ પણ છે? સત્યવતી ભીષ્મને 'બાપુ' કહીને સંબોધે છે ત્યારે પાત્રોચિત્ત ભાષાનો અભાવ લાગે છે. કઇ માતા પોતાના પુત્રને 'બાપુ' કહીને બોલાવે? એમાંય આવી નાજુક સ્થિતિમાં! પતિ પોતાની પ્રતિજ્ઞામાંથી ચલિત થાય તે પત્નીને મંજૂર નથી માટે દૂર રાખવાનો પ્રયત્ન છે પણ ધક્કો મારવાની ક્રિયા પટેલ સમાજની સ્ત્રીઓ પ્રત્યેના વ્યવહારની ચાડી ખાય છે. પન્નાલાલનાં પુરાણ પાત્રો ગ્રામ્ય સમાજમાં અને ખાસ કરીને પટેલ,કોમનાં હોય એવું ઘણીવાર લાગ્યા વગર રહેતું નથી.

એકબાજુ દ્રુપદનો અને બીજીબાજુ ધૃતરાષ્ટ અને પાંડુનો જન્મ થાય છે. સર્જક ધૃતરાષ્ટ્ર કે પાંડુના જીવનને નિરૂપવાનું ટાળીને દ્રુપદના જીવનને નિરૂપીને ભીષ્મના મનમાં ડરને પરાકાષ્ઠાએ લઇ જવા માટે ખારસો એવો પ્રયત્ન કર્યો છે. દ્રુપદને ધૃષ્ટધુમ્ન, દ્રૌપદીને, શિખંડી આમ ત્રણ સંતાનો થાય

---

૧૫ એજન. પૃ

૧૬ એજન પૃ. ૪૦૩

છે. કથાનું વહેણ ધસમસતું આગળ વિસ્તરે છે.

શિખંડી વેશે અંબાના અવતારથી ભીષ્મની મૂંઝવણ અનેક ઘણી વધી પડે છે. સ્ત્રી હાથે મૃત્યુ પામીને એ અપકીર્તિભર્યા મૃત્યુમાંથી ઉગરવા માંગતો હતો. આથી એ જિતને કહે છે કે: 'શિખંડી વેશે રહેલી અંબા સાથે ક્યારેય યુધ્ધ નહી કરે. બીજી બાજુ ગાંધારીના મહાન ત્યાગથી ભીષ્મના મનમાં ધૃતરાષ્ટ્ર અને ગાંધારી પ્રત્યે અહોભાવ જાગે છે. જ્યારે પાંડુ પત્ની કુંતીનો અતીત જાણ્યાં પછી એમના મનમાં શંકા ઉત્પન્ન થવાથી એ કુંતી પ્રત્યે અણગમો બાંધી બેસે છે. અહીંયા બે વિરોધાભાસી પરિસ્થિતિઓનું વર્ણન થયું છે. ઉતરકાળમાં બનનારા પ્રસંગોને પોષક એવા બીજને પન્નાલાલે અહીં મૂકી આપ્યાં છે.

કર્ણના જન્મ પછી જિત ભીષ્મને કહે છે કે: 'કુંતી જેવી નિદોર્ષ કન્યાના કુતુહલમાંથી સૂર્ય દ્વારા પ્રગટેલો આ વસુષણે આ જગતને કાળે જતાં ઊંચુનીચું કરી મૂકશે.' જિતના સંવાદમાં મહાભારતનું નવીન અર્થઘટન થયું છે. અહીં સર્જકે પોતાને અભિપ્રેત હોય એવા ભાવજગતને અભિવ્યક્ત કર્યા છે. તેઓ કથાને આગવા દૃષ્ટિકોણથી જુવે છે. તેઓ એમ માને છે કે: કર્ણનો જન્મ જ કુરુકુળને મહાઆપત્તિમાં મૂકી દેશે. પન્નાલાલે આ પહેલા કથાનકના અંતિમે બનનારી દારુણ ઘટનાઓ માટે યથાર્થ વાતાવરણને ઊભું કરીને આવા અપ્રતીતિજનક દર્શનને આપવાનું ટાળવું જોઇતું હતું. કથાને વધારે ગૂંચવવામાં સર્જક પોતેજ એમાં ગૂંચવાઇ જાય છે.

કુંતી પ્રત્યે અણગમો રાખીને બેઠેલા ભીષ્મ પાંડુનાં બીજા લગ્ન કરાવીને કુંતીને માથે શોકનો ભાર નાંખે છે.

આટલા દીર્ઘકાલમાં ક્યારેય ન અનુભવેલો આંચકો અહીં ભીષ્મ અનુભવે છે. પાંડુ ભીષ્મની આજ્ઞા વિનાં જ આરામ ને પ્રમોદ કરતાં સૈનિકોને જાગ્રત કરીને રાજ્યનો વિસ્તાર કરવા અને ધનપ્રાપ્તિ કરીને પોતાની સત્તાને વધુ મજબુત બનાવવા માટે પાંડુ દિગ્વિજય કરવાનો આદેશ આપે છે આથી ભીષ્મને એમ લાગે છે કે પોતાની અવગણના થઇ રહી છે.

કુંતીના માથા પર શૌક્યનો ભાર નાંખીને ભીષ્મ કુંતીની સામે મૂંઝવણ મૂકી દે છે. પણ કુંતી અને માદ્રી તો એકમેકની પૂરક બહેનો બનીને રહેવા લાગતા ભીષ્મની યોજના અહીં નિષ્ફળ જાય છે. જિતવતી કુંતી માટે ઉચ્ચ અભિપ્રાય આપે છે છતાંય ભીષ્મના મનમા રહેલો અણગમો તો અકબંધ જ રહે છે.

બીજી બાજુ, પાંડુ દિગ્વિજય કરીને યશ અને ધન પ્રાપ્તિ કરે છે. પ્રજાને રાજ્યવહીવટમાં કુશળ અને કાર્યદક્ષ એવો રાજા મળે છે. પરંતુ ફરી એકવાર એના સામે મુસિબત આવીને ઊભી રહે છે. પાંડુના દિગ્વિજય કરીને આવ્યા પછીના બનાવોનું આંકલન કરવાનું પન્નાલાલે મુનાસિબ માન્યું નથી તેથી કથારસને જકડી રાખવાની એમની કલાદૃષ્ટિ અહીં દેખાય છે.

'પાર્થને કહો ચઢાવે બાણ' માં નિરૂપાયેલા કથાપ્રસંગો અહીં પુનરાવર્તન થઇને આવતા નથી. આ કૃતિને ઉપયોગી એવી કેટલીક ઘટનાઓને સર્જક આ કૃતિમાં ઉપયોગ કર્યો છે. પાંડુ કુંતી અને માદ્રી વનવિહારાર્થે જાય છે ત્યાં આગળ અજાણ પણે સંવનન કરતા મૃગ ઉપર બાણ ચલાવવાથી પાંડુ શાપનો ભોગ બને છે. શાપના નિવારણ અર્થે પાંડુ બ્રહ્મચર્ય ધારણ કરે છે. પાંડુને શાપ લાગવાથી

ભીષ્મની મુંઝવણ વધી જાય છે. આવી નાજુક ઘડીએ વ્યાસમુનિ ગાંધારીને સૌ-પુત્રોનું વરદાન આપે છે. બે વર્ષથી ગર્ભધારણ કરનાર ગાંધારીનો પ્રસવકાળ નિકટ આવતો ન હતો. બીજીબાજુ હિમાલયથી આવેલા એક ઋષિ હસ્તિનાપુરમાં આવીને રાજાને વધામણીના વાવડ આપે છે કે: 'કુંતીને યુધિષ્ઠિર નામના પુત્રને જન્મ આપ્યો છે.'[૧૭]

હસ્તિનાપુરના માટે આ વાવડ આનંદના જ હોય પરંતુ ઉંચા મિનારાઓ બાંધીને બેઠેલી ગાંધારી માટે આ મંગલમય વધામણીના સમાચાર વંટોળ સર્જે છે. પોતાના સોનેરી સ્વપ્નો તૂટી જતાં એ પોતે જ કાળ બનીને પોતાના હાથે ઉદર પર પ્રહાર કરીને ગર્ભનો નાશ કરે છે. પરંતુ વ્યાસમુનિની પધરામણી આ મહાદારુણ સમયને સાચવી લે છે.

પાંડુના કહેવાથી જ કુંતીએ ધર્મરાજનું આહ્વાન કરીને યુધિષ્ઠિર નામના પુત્રને જન્મ આપ્યો હોવા છતાંય ભીષ્મને એમાં પણ કુંતીનો દોષ દેખાય છે. ભીષ્મના મનમાં ઉદ્ભવેલી શંકાનું શમન કરવા જિત ઘણો પ્રયત્ન કર્યો પણ એ ભીષ્મના મનની શંકાને લેશમાત્રપણ નિવારી શકી નહી.

સમય જતાં ગાંધારીની સો પેશીઓમાંથી પુત્રો ઉત્પન્ન થાય છે. પન્નાલાલે અહીંયા ધૃતરાષ્ટ્રના મનમાં ચાલતાં સૂક્ષ્મ ભાવોને પકડવાનો ખાસ્સો પુરુષાર્થ કર્યો છે. ધૃતરાષ્ટ્ર સારી રીતે જાણતો હોવા છતાંય વડીલોની હાજરીમાં જ બેષીને પૂછે છે કે: 'આના ભાગ્યમાં રાજયોગ છે કે કેમ?' પુત્ર પ્રત્યેનો આંધળો પ્રેમ કે વર્ષો સુધી જે રાજગાદી પોતાને પ્રાપ્ત થઇ ન હતી એ પોતાના પુત્રને રાજગાદી હશે કે કેમ? એ પૂછવાનું સાહસ કરે છે. ગાંધારીનો ઉદરપટનો પ્રહાર અને ધૃતરાષ્ટ્રનું આ વર્તનને જોતાં સ્પષ્ટપણે ખ્યાલ આવે છે કે: તેઓ પોતાના પુત્રને હસ્તિનાપુરનો રાજા બનાવવાનો નિશ્ચય કર્યો હશે. બંનેના અંતરને જાણે ભવિષ્યનો અણસાર મળ્યો હોય એવાં એમનાં વાણી અને વ્યવહાર છે. પુત્રને રાજગાદી પર બેઠેલો જોવા માંગતા ધૃતરાષ્ટ્રને વિદુરે કહ્યું કે: આનો જન્મ અમંગળ ક્ષણોમાં થયો હોવાથી એનો ત્યાગ કરવો જોઇએ. તો શું અંધ ધૃતરાષ્ટ્ર તૈયાર થાય?

કુંતી ભીમ અને અર્જુનને તથા માદ્રી નકુળ-સહદેવને અને ગાંધારીને સો પુત્રો થાય છે. સર્જકે સમયના પ્રવાહને અતિ વેગથી વહાવ્યો છે. હસ્તિનાપુરમાં બધું હેમખેમ ચાલતું હોય છે ત્યાં કુંતી પાંચ પાંડવોને લઇને હસ્તિનાપુરમાં પ્રવેશ કરે છે. અહીં પન્નાલાલે પાંચ પાંડવોનું ચિત્રાત્મક વર્ણન આમ આપ્યું છે.

'સભાજનોએ જોયુ તો ગૃહમાં પ્રવેશ કરતા હિમાલયવાસી મુનિઓ ગોરા ગોરા તેજથી ભરેલા લાગતા હતા. આગળ ચાલતા બે-ત્રણ મુનિઓ પછી ચીર વસ્ત્ર પહેરેલી એક આધેડ સરખી સ્ત્રી ઉપરાંત વ્યાઘચર્મ પહેરેલા પાંચેક બટુકો હતા. ઉઘાડામ અંગવાળા જનોઇધારી આ બટુકોમાં એક બટુક શ્યામ વર્ણનો હતો. એ સિવાય બાકીના ચાર બટુકો ગૌરવર્ણા હતા. વળી આગળ ચાલતા એક કુમારના હાથ ઢીંચણ સુધી લાંબા હતા. તો બીજો એક કુમાર શરીરથી જાડો હતો. પાંચેય કુમારો એટલા બધા સુંદર અંગોવાળા હતા કે એને જોનારા લોકો ઘડીભર તેજથી ભરેલા મુનિઓનાં દર્શન કરવાનું પણ ભૂલી જતા હતા. એમની પાછળ બીજા મુનિઓ પણ હતા.'[૧૮]

---

૧૭. એજન. પૃ

૧૮. એજન. પૃ

પન્નાલાલે સંક્ષિપ્તમાં પાંડુના અવસાનની અને માદ્રીની સતી થવાની ઘટનાને આલેખી છે સર્જકે પાંડવો અને કૌરવો વચ્ચે વૈમનસ્યને ઉપસાવવા માટે એમના બાળપણના કેટલાંક કથા પ્રસંગોનો ઉપયોગ કર્યો છે. ઋષિઓની છત્રછાયામાં ઉછરેલા પાંડવો અને હસ્તિનાપુરના રાજ્યમાં ઉછરેલા કૌરવોમાં સંસ્કાર ભેદ જોવા મળે છે. પરિણામે એ બે પક્ષોમાં વિભાજીત થઇ જાય છે. પાંડવો-કૌરવોમાં વધતી જતી ખાઇને જોતા વ્યાસમુનિ પામી જાય છે કે 'કપરો કાળ આવી રહ્યો છે.' એટલેએ સત્યવતીને વનવાસે જવાનું સૂચન કરે છે. સત્યવતી વનમાં ચાલી જવાના છે એમ સાંભળતાં ભીષ્મની મુંઝવણ વધવા લાગે છે. અત્યાર સુધીએ માતાની છત્રછાયામા હતો પરંતુ માતાના ગયા પછી તો હસ્તિનાપુરની જવાબદારીનો સઘળો ભાર પોતાના માથાપર આવી પડે એમ હતો. ભીષ્મના મનમાં અનેક વિચારો દોડી જાય છે. એ જેમ જેમ પરિસ્થિતિને ઉકેલવાનો પ્રયાસ કરે છે તેમ તેમ વધુ ને વધુ ગૂંચવાતો જાય છે. ધર્મ-અધર્મમા આ પાત્ર ભીંસાતુમ જાય છે. કુરુકુળના વારસો હવે પાંડુપુત્રો ને કૌરવ પુત્રો તરીકે પ્રસ્થાપિત થવા લાગ્યા. ગાંધારી ને ધૃતરાષ્ટ્રને અહોભાવથી જોતા ભીષ્મ એમનાં પુત્રો પ્રત્યે મમત્વ રાખે છે જ્યારે કુંતી પ્રત્યેના અણગમાને કારણે પાંડુપુત્રોને જોઇએ એટલો પ્રેમ આપતા ન હતાં. આવી નાજુક ક્ષણે દ્રૌણનો હસ્તિનાપુરમાં પ્રવેશ થાય છે. સર્જકે દ્રૌણનો વ્યક્તિત્વ અનુરૂપ જ કૃતિમાં પ્રવેશ કરાવ્યો છે. પાંડવો-કૌરવો મોટા થાય છે એ સમયમાં ભીષ્મ અનેક અશ્વમેધ યજ્ઞો કરે છે. અહીં લેખકે સમયના પ્રવાહને ઝડપીથી આલેખ્યો છે

પન્નાલાલે પાંડવોને કૌરવો વચ્ચેના વૈમનસ્યનું પ્રસંગાત્મક નિરૂપણ કરવાનું ટાળીને વિદુર મુખે જ એ ઘટનાઓને નિરૂપી છે. કૌરવોએ ભીમને ઝેરી લાડુ આપીને ગંગામાં ડુબાડી દીધો હતો. કૌરવો તરફથી પાંડુપુત્રો પર થતાં અત્યાચારો વિદુર ભીષ્મને કહે છે. પરંતુ ભીષ્મ આ બાબત ધ્યાન આપતા નથી. બીજી બાજુ અર્જુનમાં ઉત્તમ બાનાવળીના લક્ષણો જોતામ દ્રૌણ એને વરદાન આપે છે કે: તારા જેવો પૃથ્વીપર કોઇ ધનુર્ધન થશે નહી.'

ભીષ્મ એમ માને છે કે: પાંડવોએ ધૃતરાષ્ટ્ર પુત્રો સાથે સંપીને રહેવું જોઇએ. એ પાંડુપુત્રો છે અને રાજગાદીના સાચા વારસ છે. તો એમની પાસે 'સેવક થઇને રહે' એવી અપેક્ષા ભીષ્મ કઇ રીતે રાખી શકે? ભીષ્મ કુરુકુળને ઉગારવાને અર્થે નહી પરંતુ કુંતી પ્રત્યે રહેલી શંકાથી પ્રેરાઇને અને પાંડવ પુત્રોના ઉચ્ચ સંસ્કારોને જોઇને જ એમના પ્રત્યે ઉદાસીનતાના સેવતા હોય એવી પ્રતીતિ ભાવક વર્ગને થાય છે.

જિતને ભીષ્મના સંવાદ વડે કર્ણના પાત્રનો કૃતિ પ્રવેશ કરાવ્યો છે. જિત હમેંશા ભીષ્મને સભાન રાખવા સજાગ રહે છે. એ કહે છે કે: 'અત્યંત મનસ્વી સ્વભાવના કર્ણ સાથે કૌરવોને મિત્રતા કરતામ કેમ અટકાવતા નથી.' ખરેખરતો ભીષ્મ પાંડવો-કૌરવોનાં પ્રશ્નોને ધર્મ-અધર્મના ત્રાજવામાં જોખી જોખીને જુવે છે. એને જ કારણે પરિસ્થિતિ ભીષ્મના હાથમાંથી રેતની જેમ સરકી પડે છે.

કુરુકુળમાં વિષમભરી સ્થિતિ સર્જાય છે ને બીજી બાજું શિખંડી યક્ષ પાસેથી પુરુષત્વ પામે છે. આ સમાચારથી ભીષ્મ હૃદયના ઊંડાણમાં વર્ષો પૂર્વેનો ભય ફુંફાળા મારીને ભીષ્મને ઘેરી વળ્યો. સર્જકે ફ્લેશબેક પધ્ધતિનો વિનિયોગ કરીને શિખંડીની કથાને સંક્ષેપ્તમાં વર્ણવી છે.

એકજ કથાવસ્તુનો આધાર લઇને બે અલગ અલગ કૃતિઓ રચાય તો સ્વાભઅવિક પણે પ્રથમ કૃતિના કથા પ્રસંગોની છબી બીજા પ્રસંગમાં જોવા મળે જ. એમ અહીં 'પાર્થને કહો ચઢાવે બાણ'

માં નિરૂપાયેલા ઘણાં બધાં પ્રસંગો જોવા મળે છે. જેમકે 'પરીક્ષા' પ્રકરણ. આ પ્રકરણમાં કર્ણ અર્જુનને હસ્તિનાપુરની સભામાં યુધ્ધ માટે આહ્વાન ફેંકે છે. પરંતુ દ્રોણ વણસી ગયેલી સ્થિતિને થાળે પાડે છે.

કર્ણને જોતા જ ઓળખી ગયેલી કુંતીની સ્થિતિ શૂળી વચ્ચે સોપારી જેવી થાય છે. પુત્રને જોતાજ બેભાન બની ગયેલી કુંતીને જોતાં જ ભીષ્મ સઘળું રહસ્ય પામી જાય છે. દુર્યોધન કર્ણને અંગદેશનો રાજા બનાવે છે. એ સમયે નિરૂપેલા વર્ણનમાં પન્નાલાલની લેખિનીના ઉન્મેષો આમ અભિવ્યખત થયેલા છે.

"પાણી પાણી ઝંખી રહેલી તૃષાર્તોને અચાનકનું જળાશય મળી આવ્યું હોય એ રીતે કૌરવોને કર્ણની આસપાસ ટોળે વળી આનંદ મનાવતા જોઇને ભીષ્મને કર્ણ ઉપરનો ક્રોધ પણ - એમણે લીધેલા ઊંડા શ્વાસ સાથે અંતરતલમાં ઘરબાઇ ગયો!"[૧૯]

'પાર્થને કહો ચઢાવે બાણ' નવલકથાના અભ્યાસ વખતે જ મારા મનમાં આ પશ્ન ઉત્પન્ન થયો હતો કે: કર્ણના પ્રવેશ સમયે અને દુર્યોધન કર્ણને અંગદેશનો રાજા બનાવે છે એ સમયે ભીષ્મ કેમ મૌન ધારણ કરી લે છે? પન્નાલાલે આ કૃતિમાં મારા ચિત્તમાં ઉદ્દભવેલા પશ્નને જિતવતીના પાત્ર દ્વારા સમાધાન કરવ્યું ચે. પતિના મૌનને ઉગ્રતાએ વખોડી નાખતાં જિત સહેજપણ કચાશ બાકી રાખતી નથી. ભીષ્મ જિતના પશ્નોનો કોઇજ ઉત્તર આપી શકતો નથી.

ભીષ્મ એમજ માને છે કે: કર્ણનો જન્મ જ દોષયુક્ત સ્થિતિમાં થયો છે એથી વિનાશ થશેજ. કુરુકુળના વિનાશના ઘણાં બધાં કારણોમાંનું આ એક કારન હોઇ શકે. કર્ણ માટે આવો અભિપ્રાય બાંધનાર ભીષ્મ દુર્યોધનના જન્મ સમયની અમંગળ ક્ષણ કઇ રીતે ભૂલી જાય છે? એટલે અહીંયા પણ સર્જકનું નૂતન અર્થઘટન કૃતિને પોષક બનાતા અટકી પડે છે.

કર્ણના પડકારમાં અને ભીમના અટ્ટહાસ્યમાં ભીષ્મ ભવિષ્યમાં બનનારી દારુણ ઘટનાઓના બીજને જુવે છે. અને છતાંય એ શાંત બની મૂક પ્રેક્ષક જેમ બેસી રહે છે. એમાંય દ્રોણના કહેવાથી પાંડવો અને કૌરવો દ્રુપદને બંદિવાન બનાવવા માટે પાંચાલ યુધ્ધ કરવા માટે જાય છે. આ પ્રસંગને લેખકે નવીન રીતે ઘટાવવાનો પ્રયાસ કર્યો છે. ભીષ્મને ચિંતા થવા લાગી કે: અંબાવાળી ઘટના હવે સત્યરૂપ સાબિત થઇને રહેશે. અહીં સર્જકે નારીપાત્રની પતિપરાયણતાના ભાવવિશ્વને વ્યક્ત કર્યો છે. ભીષ્મ યુધ્ધભૂમીમાં પર પ્રવેશ કરે ત્યારે પતિને પડખે ઊભી રહીને અંબાનો વધ કરવાનો જિત મક્કમ નિર્ધાર કરે છે.

ઉતાવળે પોતાના શૌર્યને બતાવવા ગયેલા કૌરવો દ્રુપદ સૈન્ય સામે પરાસ્ત બનીને આવે છે પરંતુ પાંડવો દ્રુપદ સૈન્યનો ખાત્મો બોલાવીને દ્રુપદરાજને બંદિવાન બનાવીને દ્રોણને ગુરૂદક્ષિણામાં આપે છે. પાંડવોના વિજય સમાચાર આપવા હરખાતી ભીષ્મની ઉપરવટ જવા માંગતી ન હતી. સર્જકે ભારતીય નારીના ઉચ્ચ સંસ્કારોને જિતના પાત્રમાં અભિવ્યક્ત કર્યો છે.

પાંચાલપતિને અર્જુને બંદિવાન બનાવવાથી ભીષ્મ સામે મૂંઝવણભરી સ્થિતિ સર્જાય છે. ત્યારે દ્રોણ તો અર્જુનના પરાક્રમથી પ્રભાવિત થઇને અર્જુન પાસે સંજોગો વશ આપણે સામ સામે યુધ્ધ કરવાનું થાય તો બરાબરીનું યુધ્ધ કરવાનું વચન માંગે છે. પન્નાલાલે પુરાણ કથાઓને એમના

---

૧૯ એજન. પૃ. ૫૫૬

પરિવેશમાં જોવાનું ટાળીને નવીન રીતે કૃતિમાં પ્રયોજીને ભીષ્મના પાત્રને ભીસમાં લેવાનો પ્રયાસ કર્યો છે. મૂંઝવણોમાંથી માર્ગ કરવાનો પ્રયાસને આરંભે એ પૂર્વે તો અનેક એવી ઘટનાઓ બને છે જે ભીષ્મને ભીંસમાં લઇ લે છે ધૃતરાષ્ટ્ર ભીષ્મની આજ્ઞા વિના યુધિષ્ઠિરને યુવરાજ બનાવવાની ઘોષણા કરે છે. અલબત્ત એ ઘોષણા નગરજનોની માંગણીને આધારે જ થઇ હતી ધૃતરાષ્ટ્ર તો પોતાના પુત્રને જ રાજગાદીએ બેસાડવા માંગતા હતા. એ પહેલાનું વર્ણન જોઇએ –

"વિદુર આજે સાચે સાચ વિફરેલા હતા. એમણે કહ્યું! 'હે ગંગાનંદન, હજી પણ કઇ બહુ મોડું થયું નથી ભલે તમે ધર્મનો પક્ષ ન લો પણ કૃપા કરીને અધર્મને તો આગળ વધતો રોકો જરા!'

'ક્યાં મેં ધર્મનો પક્ષ ન લીધો મહાત્મા?'

'નથી જ લીધો. લીધો હોત તો જે વખતે પાંડવો દ્રુપદ ઉપર મહાદુષ્કર વિજય કરીને આવ્યા એ જ વખતે તમે ધૃતરાષ્ટ્રને આજ્ઞા કરી હોત કે યુધિષ્ઠિરનો તું યુવરાજ પદે અભિષેક કર.'

વિદુરે શાંત પડતાં કહ્યું: 'પિતાજી, આજે પણ કોણ યુધિષ્ઠિરનો અભિષેક કરવાનું હતું? તમારા જેવા ખુદ કુરુકુળ શિરોમણિ મૂંગા હતા, તો મારા જેવા સેવકથી ઓછું કંઇ કહેવાવાનું હતું! હું કદાચ કહું તો પણ કોણ કાને લેવાનું હતું?'[૧૯]

અહીંયા પન્નાલાલે પાત્રાનુરૂપ જીવંતચબરાકિયા સંવાદો પ્રયોજીને વિદુરનાં પાત્ર ને સમર્થ પણે તાદશ્ય કરાવી આપ્યું છે વિદુરના મનની અવઢવ, એનો બળાપો, એનો આક્રોશને સર્જકે અભિવ્યક્ત કરી આપ્યો છે. રોષ અને રીસભર્યું ભાવદર્શી વાસ્તવિક ચિત્ર શબ્દોમાં હુબહુ ઝિલાયું છે. હૃદયસ્પર્શી જીવંત સંવાદો પ્રયોજીને ગૂઢતાની સંવેદના જગાવી જાય છે. અને માનવીના આંતર સંચલન નો પડઘો પાડે છે.

ધૃતરાષ્ટ્ર યુવરાજ તરીકે યુધિષ્ઠિરની ઘોષણા કરી એ માટે ભીષ્મને તો શંકા ઉત્પન્ન થાય છે કે: પ્રજાને વિદુરે અથવા તો કૃષ્ણના અમાત્ય અક્રૂર કે ખુદ કૃષ્ણે ભળકાવી હશે. ભીષ્મ એ મહાભારત' કથાનકનું અતિ મહત્વનું પાત્ર છે એ પાત્રને કાઢી નાંખીએ તો કથાનક સાવ ફિક્કું પડી જાય એમ છે. એનાથી પન્નાલાલ પણ પરિચિત છે. વિશિષ્ટ ગૌરવ પામેલું પાત્ર કૃષ્ણ કે વિદુર પ્રત્યે શંકા સેવે ત્યારે ભીષ્મના પાત્રનું ગૌરવ હણાતું હોય એમ લાગે છે. સર્જકે પુરાણ કથાના પ્રસંગોની ગૂંથણીને એની માવજત યથાર્થ રીતે કરીને કથાપ્રસંગોને પ્રતીતિજનક રીતે પ્રયોજવી જોઇએ. પરંતુ અહીં ભીષ્મના પાત્રની વૈચારિક ભૂમીકા સાવ સામાન્ય કહી શકાય એવાં છે. એક સજાગ પત્નીની જેમ જિતને આ સ્થિતિમાંથી બહાર લાવવાનો પ્રયત્ન કરે છે.

કૃષ્ણને અત્યાર સુધી સાવ સામાન્ય માનવ માનતા ભીષ્મ જરાસંધ અને એની અક્ષૌહિણીની હાર બાદ પોતાનુમ મંતવ્ય બદલે છે. સર્જકે અહીં આ ઘટનાને કથનાત્મકરૂપે નિરૂપીને હવે પછી બનવાની ઘટનાઓની પૂર્વભૂમિકાની માંડણી કરી છે.

હસ્તિનાપુરમાં પાંડવોની કીર્તિ દિનપ્રતિદિન વધતી જતી જોઇને ધૃતરાષ્ટ્ર પાંડવોનું કાસળ કાઢવા છડકપટનો આશ્રયલે છે ને પાંડવોને 'વારણાવર્ત' માં આરામ અર્થે મોકલી આપે છે. ધૃતરાષ્ટ્રની આ મેલી યોજનાની મૂળને પામી ગયેલા વિદુર ભીષ્મને ઝઝોળીને પાંડવોને ઉગારવાનો પ્રયાસ કરે છે.

---

૨૦ એજન. ભાગ-૨, પૃ ૧૮

પરંતુ હમેંશાની જેમ ભીષ્મતો 'મૌન' ધારણ કરે છે. ભીષ્મતો વિદુરનો આમ કહ્યું: પાંડવોને વારનાવર્તને રાજધાની બનાવવાનો આદેશ આપીને થોડી ઘણી સંપત્તિ આપીશું. ભીષ્મના આ અકળાવી મૂકે એવા અકળ વલણ પાછળ પન્નાલાલે એ વિરોધાભાસી ઘટનાઓને નિરૂપી છે. ગાંધારી પ્રત્યેનો અહોભાવ અને કુંતી પ્રત્યેનો અભાવ પ્રમુખપને જવાબદાર છે. ભીષ્મ તો આમ જ માને છે કે: પાંડવો એ પોતાના સામર્થ્યથી નવા નગરનું નિર્માણ કરી શકે એવા છે.

ભીષ્મને કેન્દ્રમાં રાખીને રચાયેલી આ કૃતિમાં આવતાં ગૌણ પાત્રોને પણ સર્જકે જીવંત બનાવી આપ્યા છે જેમ કે: પાંડવોને થતો અન્યાયને જોઇ ન શકતો વિદુર ભીષ્મને વારંવાર ઝંઝોળે છે. અહીં પાત્રના વાણી વર્તનને વ્યવહાર દ્વારા પાત્રના વ્યક્તિત્વની લાક્ષણીકતાઓને ઉપસાવી આપી છે. ભીષ્મને મુખે પરોક્ષ પધ્ધતિ એ કુંતીના પાત્રને આમ ઉઘાડ આપવમાં આવ્યો છે.

'નહિ, નહિ સુભગા, તારી દયા ખોટી છે. જે સ્ત્રીની આધીનતામાં સિંહ બલકે દેવ જેવા પાંચ પાંચ પુત્રો છે એની દયા ખાનાર પોતેજ દયાને પાત્ર છે.' પત્ની સામે નજર માંડતા ઉમેર્યું: 'ના, તો આ કુંતીએ વનમાં દુ:ખો વેઠેલા છે. વળી એણે અઘોર તપ કરેલું છે. આના લીધે એનામાં દુર્ધષ એવી સહન શીલતા આવી હોય એ સ્વાભાવીક છે. બાકી એ જો પોતાના આ સમર્થ પુત્રોને આજ્ઞા કરે તો આ પુત્રો માતાની આજ્ઞાનું પાલન ક્યાં વગર બ્રહ્માંડે પણ રહે નહિ.' હસીને પત્નીને જાણે ઠપકો આપતા હોય એ રીતે કહે છે: 'જો જો ક્યાંય કુંતીને દીન સમજતાં! દીનતા જેવું લાગે તો પણ તમારે સમજી લેવું કે આ દીનતા માત્ર કરુણામાંથી પ્રગટેલ છે. એટલે કે સ્વેચ્છાએ વહોરેલી દીનતા છે. મારું એવું માનવું છે કે પાંડવો જેવા આજ્ઞાધીન પુત્રોવાળી કુંતી જેવી ધન્ય માતા આ સૃષ્ટિમાં ન ભૂતોન ભવિષ્યતિ!'[૨૧]

કુંતી અને એનાં પાંચેય પુત્રો માટે આટલા ઊંચાં અભિપ્રાય આપતા ભીષ્મ મૌન ધારણ કરીને શા માટે બેસે છે? વિદુરની વાતો પર ધ્યાન આપીને કોઇ ઠોસ પગલાઓ લેવાને બદલે એ તો વિદુરનેય મધભરી વાણીથી કાઢી મૂકે છે.

લાક્ષાગૃહમાં પાંડવો મૃત્યુ પામ્યા છે એ સાંભળતા જ જિતવતીને જબરદસ્ત આઘાત લાગે છે. જિતના આંતર-બાહ્ય જગતનું સૂક્ષ્મતા ભર્યું-નિરૂપણ કરીને સર્જકે પ્રસંગને વધુ કરુણ બનાવ્યો છે. જિતનું રુદન કરુણ કલ્પાંત એનો બાહ્ય વ્યવહાર અદભુત રીતે મૂકીને એમણે પ્રસંગોચિત ભાવોર્મિને સઘનતાથી ઉપસાવી આપી છે

પન્નાલાલે ભીષ્મના પાત્રનું નવસંસ્કરણ કર્યું છે. કૌરવોના આવા અધર્મકાર્યથી કોપાયમાન બનેલા ભીષ્મ કૌરવોને શિક્ષા આપવા ત્રાડ નાંકે છે. પરંતુ પછી શું? લેખકે એમના ભાવજગતને ક્ષણિક-અભિવ્યક્તિ આપી પછી એ ભાવકવર્ગ ઉપર છોડી મૂક્યું છે.

'હું આ દુષ્ટ કૌરવો પાસેથી આવા અઘોર અધર્મનો બદલો લઇશ. હું એમને ... ... એમને' ... ... ભીષ્મને સૂઝયું નહિ ક્યા પ્રકારની શિક્ષા કરવી.[૨૨]

ક્ષણવાર માટે ભભૂકી ઊઠેલો કૌરવો પ્રત્યેનો રોસ નિમિષ માત્રમાં જ શાંત થઇ જાય છે. પન્નાલાલે એમની આ પૂર્વેની 'પાર્થને કહો ચઢાવે બાણ' નવલકથામાં નિરૂપાયેલું 'શોકાજંલી' પ્રકરણ અહીંયા પુનરાવર્તન પામીને એના સાર રૂપે નિરૂપાયું છે. ધૃતરાષ્ટ્ર પાંડવો પર મગરના આંસુ સારે છે. અને વિદુર પાંડવો હેમખેમ ગંગાપાર કરીને ચાલ્યા ગયા છે એ જાણતાં હર્ષમાં અતિ જોર જોરથી રડવા લાગે છે.

૨૨. એજન. ભાગ-૨, પૃ ૬૫.

વિદુર જુઠો જુઠો વિલાપ કરીને પોતાના આનંદને અભિવ્યક્ત કરવા લાગે છે.

પાંડવોના મૃત્યુના સમાચાર જાણ્યાં પછી કૃષ્ણને બળરામ પાંડવોની અંતેષ્ટિ કરવાને અર્થે હસ્તિનાપુરમાં આવે છે. ભીષ્મના પાત્રને પન્નાલાલે ચિંતનશીલ બનાવ્યું છે. ભીષ્મને કૃષ્ણનાં એક એક પરાક્રમોનું સ્મરણ થવાને બદલે એના બાહ્યરૂપને જોતાં એવી પ્રતીતિ થાય છે કે: "કૃષ્ણ સ્વયં ભગવાન છે." અહીં સર્જકે કૃષ્ણનું તાદશ શબ્દચિત્ર આપ્યું છે. કૃષ્ણે ભીષ્મને સૂચન આપતાં કહ્યું કે 'ભૂતકાળને ભાવિમાં ન પલટી શકીએ પન બીજી બાજુ ભાવિને ભૂતકાળના બીબામાં ન ઢાળીએ એટલું તો આપણે કરી જ શકીએ "[૨૨] 'પાર્થ ને કહો ચઢાવે બાણ' નવલકથાનો સંવાદ અહીં પુનરાવર્તન પામીને અહીં આવે છે. એકજ કથાનક પર બે કૃતિઓ સર્જાતી હોય ત્યારે આવા દોષ સામાન્ય રીત જોવા મળે એ સ્વાભાવિક છે. પાંડવોના પ્રશ્ન પ્રત્યે ઘેરી ઉદાસીનતા સેવતા ભીષ્મ સામે આવવાનું વિદુરે ટાળ્યું. આથી ભીષ્મ એને બોલાવીને જ્ઞાનની વાતો કરે છે કે: 'પાંડવો આપણને દર્શન આપવા આવ્યા હતા. આપણા ખોળામાં રમીને આપણને ધન્ય કરી ગયા છે.' વધુમાં કહ્યું: તું પાંડવોના દુ:ખને ભૂલી જા. ભીષ્મનું આ જ્ઞાનપ્રદ ભાષણ અકળાવી મૂકે એવું છે. પાંડવો માટે કાંઇ જ નહીં કરી શકનાર પાંડવોને ભૂલી જવાની સલાહ આપે છે. પુરાણ કથાના ભીષ્મ અહીં જરા જુદામ સ્વરૂપે વર્તતા બતાવાયા છે. પાંડવોના મૃત્યુ પછી કૌરવોમાં અને હસ્તિનાપુરમાં શાંતિ પ્રવર્ત્તવા લાગી. પરંતુ ભીષ્મના જીવનમાં શાંતિ ન હતી શાંતિ જ્યાં છવાય ત્યાં જ એવી કોઇ ઘટના ઘટી જાય છે જે ભીષ્મના મનને ઝંઝોળી નાંખે છે.

કથાનક જ્યાં અટકવાની ક્ષણે આવીને ઊભી હે ત્યાં જ સર્જકે કૌરવોમાં શાંતિ સ્થપાતાં ભીષ્મના મનમાં થોડીક હળવાશનો અનુભવ થવા લાગ્યો પરંતુ સ્ત્રીમાંથી પુરુષ બનેલા શિખંડીનો ભય ભીષ્મના હૃદયમાંથી નષ્ટ નહોતો થયો. શિખંડીના એક પછી એક કાર્યોને લેખકે ભીષ્મ સામે સંક્ષિપ્ત રીતે નિરૂપીને ભીષ્મના ભયને સમર્થતાથી દઢિભૂત થતો દર્શાવ્યો છે.

કથાનકમાં આવતાં ગૌણ પાત્રો પણ પોતાનો આગવો ચમકારો કરી જાય છે. એવું દ્રોણનું પાત્ર છે. પોતાનું મૃત્યુ ધૃષ્ટદ્યુમ્નના હાથેજ થવાનું છે એમ જાણવા છતાંય એ ધૃષ્ટદ્યુમ્નને અસ્ત્ર-શસ્ત્ર વિદ્યા આપવા તત્પર થાય છે. પાત્રનું ચરિત્ર ચિત્રણ કરવાની ગજબની ફાવટ એમને હાથવગી હોય એમ પાત્રને એમના વાણી, વર્તન, વ્યવહાર અને એમનાં કાર્ય દ્વારા જ ઉપસાવી આપે છે. અહીં દ્રોણની ઉદારતાને યથાર્થ રીતે સર્જકે ઉપસાવી આપી છે.

જિત અને ભીષ્મના પાત્રો વચ્ચે સંવાદો રચીને પન્નાલાલે ઉત્તરકાળમાં બનનારી ઘટનાઓના રહસ્યનો પર્દાફાશ કરાવવાનો પ્રયાસ કર્યો છે. સર્જક કલ્પનાના ઉન્મેષો અહીં જિતના પાત્રમાં જોવા મળે છે: કુરુકુળ અને પાંચાલો વચ્ચે સંઘર્ષ થશેજ! જિતનું આ દર્શન પ્રતીતિકર બની રહે છે. ભીષ્મ શિખંડીના હાથે અને દ્રોણ ધૃષ્ટદ્યુમ્નના હાથે મૃત્યુ પામાવાના છે પરંતુ આ ક્યારે શક્ય બને? જ્યારે કુરુકુળને પાંચાલો વચ્ચે યુધ્ધ થાય તો જ આ સંભવ હતું. મૂળ કથાનકમાં ન હોય એવી કાલ્પનિક ઘટનાઓને સર્જકે સ્વકલ્પના બળે ઉપસાવીને કૃતિને રસપ્રદ બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

---

૨૧. એજન ભાગ.૨, પૃ ૫૫

૨૨. એજન. ભાગ.૨, પૃ. ૬૫

દ્રૌપદીને વરવાની અથવા તો એનું અપહરણ કરવાની યોજનામાં દુર્યોધનને રુકિમણીના અપહરણ પાછળ રહેલા નગ્ન સત્યનુમ જ્ઞાન આપીને ભાન કરાવે છે. દુર્યોધન ને કર્ણની શક્તિ અને સામર્થ્યથી ભીષ્મ સંપૂર્ણ પરિચિત હતા. એથી જ એમને દુર્યોધન અને કર્ણ કોઇ અવિચારી કાર્ય કરી બેસે એવો ભય સતત લાગ્યા કરે છે. ભીષ્મના ભયને વધુ સારી રીતે જિત વધારે સ્પષ્ટ કરી આપે છે. જિત એમ માને છે કે: જો દુર્યોધન દ્રૌપદીને સ્વયંવરમાંથી અપહરણ કરી લાવવાનું સાહસ કરે તો કુરુકુળ અને પાંચાલો વચ્ચે મહાભીસણ યુધ્ધારંભ થાય તો જ કદાચ ભીષ્મ શિખંડીને હાથે મૃત્યુ પામે. આ કારણથી જ ભીષ્મ ભય અનુભવતો હોય એમ લાગે છે. એમનો ભય તો સાચો જ છે. જો દુર્યોધન દ્રૌપદીનું અપહરણ કરે તો આ બે કુળો વચ્ચે યુધ્ધ જ થાય. ભીષ્મનું ચિંતન એના મનોગત ને વ્યક્ત કરવામાં કારગત નીવડ્યું છે.

અહીંયા નાટ્યાત્મક વળાંક આવે છે. ભીષ્મ સામે તો ભય ઝઝુમતો હતો અને પરિસ્થિતિ એમનાથી વિમુખ બનતી જતી હતી. અર્જુન મત્સ્યવેધ કરીને દ્રૌપદીને વરે છે ભીષ્મ અર્જુનના પરાક્રમને સહર્ષ સ્વીકારે છે પરંતુ દુર્યોધન માટે મંગલમય સમાચાર અમંગલ બની જાય છે. અર્થવ્યંજકતાએ નોખું ગજુ કાઢ્યું છે. ઇશાનિયા મુલકની ભાષાની લઢણ તાજગીપૂર્ણ છે. પાત્રોની લાક્ષણિક ઉક્તિઓ, પાત્રોની ક્રિયાઓ દ્વારા પાત્રને અને ભાવવિશ્વને અભિવ્યક્ત કરવાની રીત તથાનો અશિથિલ વિકાસ સાધવાની પન્નાલાલને ગજબની ફાવટ છે.

"ભડકેલ વછેરા જાણે કે ડબામાં પુરાઇ ગયા! હેબતાઇ રહેલા કૌરવો તથા સભાજનો દૂત તરફ આંખો ફાડી જોવા લાગ્યા.

શાંતિ છવાતાં દૂતે કહ્યું: 'હે કૃપાનાથ, આ વાત આવી નથી. એનાથી સાવ અવળી વાત છે. હે રાજન્, આશ્ચર્યની વાત એ બની છે કે પાંડવો પાછા સજીવન થયા છે ને સ્વયંવરમાં અર્જુને મત્સ્યવેધ કર્યો છે.

'હેં?' ધૃતરાષ્ટ્રથી ફાળ ભરી રાળ નંખાઇ ગઇ. એણે રાડ પાડતાં કહ્યું: 'અરે ઓ સંજય! આ કોણ બોલી રહ્યું છે?'[૨૩]

તળપદી ભાષાનો વિશિષ્ટતાથી વિનિયોગ કરીને લેખકે પ્રસંગના ભાવવિશ્વને મૂર્તિમંત બનાવી આપ્યું છે.

પાંડવોને પ્રત્યક્ષ નહી તો પરોક્ષપણે કૃષ્ણનું રક્ષણ છે એમ જિતને સમજાઇ જાય છે અને એ પતિને સમજાવવાનો પ્રયાસ કરે છે. એવે ક્ષણે પાંચેય પાંડવોએ દ્રૌપદી સાથે લગ્ન કર્યાએ જાણીને ભીષ્મને પાંડવોના આ અવિવેકી ને અધર્મ કાર્યથી અણગમો ઉત્પન્ન થાય છે. પરંતુ કૃષ્ણ અને વ્યાસમુનિએ આ લગ્નને અનુમોદન આપ્યું હતું એથી ભીષ્મ કંઇ કરી શક્યા નહીં.

દ્રૌપદીને વરવાના ઉચ્ચ સ્વપ્નો સેવનાર દ્રૌપદીને તો ગુમાવી ચૂક્યો છે ને હવે સત્તા પણ ગુમાવવાની ક્ષણ પ્રત્યક્ષ થવાનો ભય લાગવાથી દુર્યોધન પાંડવોને હસ્તિનાપુરમાં આવતાં રોકવા માંગે છે. સભાસમક્ષ ભીષ્મ દુર્યોધનને પ્રેમથી સમજાવતા જોઇને વિદુરનો અંતરઆત્મા કકળી ઊઠે છે. વિદુરના પાત્ર દ્વારા સર્જકે નાટ્યવ્યંગનો સમર્થ પ્રયોગ આમ કરીને પ્રસંગને રસપ્રદ બનાવી આપ્યો છે.

'પિતાજી, આ તમારું મોળું વલણ તમારાં જ પગમાં પડશે હોં... ...'

વિદુરના જેવો જ ભાવ જિતવતી અનુભવે છે. ધૃતરાષ્ટ્ર પુત્રોના હાથમાંથી રાજગાદી જતી અટકાવવા માટે મધ્યમમાર્ગ કાઢીને પાંડવોને ખાંડવપ્રસ્થમાં કાઢી મૂકીને પુત્રોને હસ્તિનાપુરનું રાજ્ય મળે એ માટે ભીષ્મને વિનવે છે. ભીષ્મ સહર્ષ ધૃતરાષ્ટ્રને અનુમોદન આપે છે. ધૃતરાષ્ટ્રની આજ્ઞા સ્વીકારીને પાંડવો ખાંડવપ્રસ્થ ચાલ્યાં જાય છે.

આ કૃતિમાં બનતી દરેક ઘટનાઓ પછી લેખકે જિત અને ભીષ્મ વચ્ચે સંવાદ આયોજનની પ્રયુક્તિનો ઉપયોગ કર્યો છે. યુધિષ્ઠિરે ધૃતરાષ્ટ્રની આજ્ઞાનો વિરોધ કરવો જોઇતો હતો એમ ભીષ્મ માને છે.

પાંડવો ખાંડવાપ્રસ્થને ઇન્દ્રપ્રસ્થ બનાવે છે. અર્જુન નિયમ ભંગ થવાથી બાર વર્ષ વનવાસ જાય છે. દુર્યોધન ગુપ્તચર દ્વારા પાંડવો સઘળી માહિતી ભેગી કરે છે. નારદ અને ભીષ્મના પાત્રો વચ્ચે સંવાદોને પ્રયોજીને લેખકે અહીં સ્ત્રી સ્વતંત્રતાના ભાવજગતને અભિવ્યક્ત કયુ છે. ભીષ્મના મનમાં રહેલો કુંતી પ્રત્યેનો અણગમો દૂર કરવા નારદ પ્રયત્ન કરે છે. પરંતુ ભીષ્મના મનમાં ઉત્પન્ન થયેલી શંકાનું શમન કરાવવામાં નિષ્ફળ જાય છે.

પાંડવોના અનેક પ્રશ્નમાં 'મૌન' ધારન કરીને બેસી રહેતા કે 'કૌરવોને' કાંઇ પણ ન કહી શકતા ભીષ્મની સામે શિશુપાળ કૃષ્ણનું ભારોભાર અપમાન કરે છે ત્યારે સકળ આર્યાવર્તના રાજાઓ સામે શિશુપાળને લલકારીને આહ્વાન આપતા સંકોચ અનુભવતા નથી. રાજસૂર્યયજ્ઞમાં ભીષ્મ ના પરાક્રમી વ્યક્તિત્વને લેખકે સારી રીતે ઊઠાવ્યું છે ભીષ્મ સામે શિશુપાળનો વધ કરાવીને લેખકે ભીષ્મને કૃષ્ણના સામર્થ્ય અને શક્તિના દર્શન કરાવ્યાં છે. શિશુપાળનો વધ સકળ આર્યાવર્તના રાજાઓની સામે કૃષ્ણે કર્યો આથી જિતને મૂંઝવણ ઉત્પન્ન થાય છે. શિશુપાળનો વધ ધર્મમય કે અધર્મમય હતો એમાં એ ગૂંચવાઇ પડે છે. એણે ભીષ્મ અને દ્રોણ માટે ઉત્પન્ન થયેલા સંહારકોનો અર્થ તાગવાનો પ્રયાસ કર્યો. જિતને હવે સમજાઇ જાય છે કે: પાંચાલોને કૌરવો વચ્ચે યુધ્ધ થશે જ. ભીષ્મ સામે સંઘર્ષમય ક્ષણ ઉત્પન્ન થાય છે.

દુર્યોધનની કુટીલ પ્રપંચલીલાને પામી જવાથી વિદુર ભીષ્મને કહેવા જાય છે કે: "દુર્યોધનની 'ધૂતસભા' માં મહા અનિષ્ઠ સમાયેલું છે. પરંતુ ધૃતરાષ્ટ્રની આજ્ઞાને ભીષ્મ અનુમોદન આપે છે. ભીષ્મ વિદુરની સત્યને દર્શનને સારી રીતે સમજતા હોવા છતાં પણ એ રાજાની ઉપરવટ જવા માંગતા નથી. અહીં દુર્યોધનના જન્મ સમયે વિદુરે કરેલી આગાહીનું ભીષ્મને સ્મરણ થઇ આવે છે. ધૃતરાષ્ટ્ર અને ગાંધારીને લાંબેકાળે સંતાન પ્રાપ્તિ થઇ હતી. લેખકનું આ અર્થઘટનમાં વિશેષ નવીનતા લાગતી નથી. ધૂતસભામાં શું થશે એ ભીષ્મ ખુબજ સારી રીતે જાણતા ને સમજતાં હતા. કૌરવો પાંડવો એ સંપત્તિ છીનવી લેશે તો પણ પાંડવો આપતાં સહેજ પણ ખચકાટ નહી અનુભવે અને કૌરવો એ સંપત્તિ તેઓને પાછી આપશે ય નહીં. ભીષ્મ દરેક બનાવોને ધર્મ-અધર્મના ત્રાજવામાં તોલી તોલીને જૂએ છે પરિણામે પાણી માથાપરથી સરકીને ચાલ્યું જાય છે. ધૂતસભામાં પ્રસંગનું સર્જકે વિસ્તારપૂવર્ક આલેખન કર્યું છે.

---

૨૩. એજન. ભાગ:૨, પૃ ૧૨૩

દ્રૌપદીને દાવમાં મૂકવામાં આવે છે એ પહેલા દ્રૌપદીના બાહ્યસૌંદર્યનું ચિત્ર આમ વર્ણવ્યું છે. "યુધિષ્ઠિર જાણે કે 'ડુબ્યા ઉપર વાંસ પાણી!' કરી બેઠા દાવરૂપે દ્રૌપદીનાં ગુનગાન એમને ગાવા માંડ્યા: 'જે નીચી નથી, તેમ ઊંચી નથી, જે પાતળી નથી તેમ જાડી નથી, જેવી સ્ત્રીની પુરુષ હમેશા કામના કરે એ સોહામણી, લજ્જાભરી ને લક્ષ્મી જેવી રૂપ-સંપત્તિવાળી રાણી સૌથી છેલ્લે સૂએ છે ને સહુ થી પહેલા ઊઠે છે અને જે ગોવલો અને બ્રહ્મણો જમી રહે પછી જ પોતે જમે છે. વળી જે રાજ્યની આવક-જાવકનો હિસાબ રાખે છે એવી કમળોના સુવાસવાળી પાંચાલ તનયા સર્વાંગસુંદર દ્રૌપદીને હાય રે હું દાવમાં મૂકી રહ્યો છું!'[૨૪] ધૂતસભામાં દ્રૌપદીને હારી ગયા પછી યુધિષ્ઠિર ખુબ દારૂ પીધેલા દારૂડીયાની જેમ કોથળો વળીને હતવીર્ય થઇને તકિયા પર પડી રહ્યા.[૨૫]

યુધિષ્ઠિર ધર્મના રસ્તે ચાલ્યા કરે પણ દ્રૌપદી કઇ રીતે એ કંટક ભર્યા રસ્તા પર પગ મૂકે? ભરી સભામાં આવીને દ્રૌપદી સભાને સંબોધીને પ્રશ્ન પૂછે છે પણ કોઇપણ એનો ઉત્તર આપવા સમર્થ હોતા નથી. ભીષ્મ પણ ગોળ ગોળ વાતો કરે છે. પરિણામે જ દુર્યોધન દુ:શાસન પાસે દ્રૌપદીના વસ્ત્રાહરણ કરાવ્યું. પરંતુ કૃષ્ણની ચમત્કારિક લીલાથી વસ્ત્રાહરણનો આશય રગદોળાઇ જાય છે. ધૂતસભામાં પ્રસંગને સૂક્ષ્મતાથી વર્ણવી પ્રસંગને તાદશ્ય કરાવી આપી, પ્રસંગપૂર્ણ થયા પછી જિત અને ભીષ્મ વચ્ચે સંવાદો પ્રયોજવામાં આવ્યા છે. નારી પાત્રને મુખે તેજબી આક્રોશયુક્ત વાણી સાંભળી સભા મૂક બની જાય છે મહેલ ગયા પછીનો જિતનો ભીષ્મ સાથેનો સંવાદ ઘણોજ સૂચક બની રહે છે.

"પત્નીનું મોં હાસ્યથી મઢેલું લાગતાં ભીષ્મને સાચે સાચ નવાઇ લાગી. પૂછ્યું: 'સાથી?' જિત બોલી: 'કુરુકુળની આ ધૂતસભાથી.'

પત્નીના આ ટોણાંથી ભીષ્મનું મોં પડી ગયું. એમણે કહ્યું: મને શંકા હતી જ કે તમને મારુ વર્તન નહિ રુચે. બેસો નિરાંતે.'

જિતે આસન લીધું. સાથે સાથે પોતાની જાતને પણ એ ચેતવી રહી રખેતું સ્વામી સાથે ઝઘડી પડતી!'[૨૬]

પતિના અકળ વલણથી ખિન્ન બનેલી જિત પતિ આગળ કેવી સભાનતાથી આવે છે. અહીં આદર્શ પત્નીનું રૂપ આ પાત્રમાં પ્રગટતું જોવા મળે છે. પતિનું સંપૂર્ણપણે ગૌરવને જાળવવાની સાથે ય એ પતિને સત્ય વાત કહેતા ખચકાટ અનૂભવતી નથી ત્યારે ભીષ્મના પાત્ર કરતાં આ પાત્ર વધારે તેજોમય બની જાય છે.

'પાર્થને કહો ચઢાવે બાણ' નવલકથામાં નિરૂપાયેલો પ્રસંગ અહીં પુનરાવર્તન પામીને આવ્યો છે. એમાંનું એક ઉદા. લઇએ - ધૂતસભા દ્રૌપદી અસહાય સ્થિતિનું વર્ણન આમ થયું છે.

"અરેરે, અહીં ભરતવંશી ધૂરંધરો બેઠેલા છે, કુરુવીરોની વચ્ચે મને રજસ્વલાને એક વસ્ત્રમાં ખેંચી લાવવામાં આવે છે છતાંય કેમ કોઇ બોલતા નથી? અહીં ક્ષાત્રધર્મમાં સ્થિર રહેનાર વીર પુરુષો બેઠેલ છે છતાંય કેમ કોઇ વીર ક્ષત્રિય આવા અઘોર અનર્થ સામે શું સુધ્ધાં કરતો નથી? શું પૃથ્વી

૨૪. એજન. ભાગ:૨, પૃ ૧૯૨

૨૫. એજન. ભાગ.૨, પૃ. ૧૯૫

૨૬ એજન. ભાગ:૨, પૃ.૨૧૨

પરથી[૨૭] ક્ષાત્રધર્મ રોળાઇ ગયો છે? શું આજે સાચેસાચ ભીષ્મ, દ્રોણ, મહાત્મા વિદુરને રાજા ધૃતરાષ્ટ્રનું સત્વ પરવારી ગયું છે?.. ... હે ધર્મજ્ઞો, મારા પ્રશ્નનો જવાબ આપો: 'હું જિતા છું કે અજિતા? યુધિષ્ઠિર પહેલાં મને હોડમાં મૂકી હતી કે પોતાની જાતને મૂકી હતી? આ સભામાં પુત્રો અને વધૂઓના પ્રભુ જેવા કુરુવૃધ્ધો બિરાજ્યા છે તો મારા પ્રશ્નનો જવાબ આપો." - આ અને કૃષ્ણને પોકારતી દ્રૌપદીનું વર્ણન પુનરાવર્તન પામીને રજૂ થયું છે.

પાંડવોને બાર વર્ષનો વનવાસ આપ્યો હોવા છતાં દુર્યોધનને પાંડવોનો ભય હમેંશા રહ્યા કરે છે. આથી એ પાંડવોનો નાશ કરવા માટે સૈન્ય લઇને જાય છે. પરંતુ વ્યાસ મુનિના સૂચનથી તેઓ પાછા ફરે છે. બાર વર્ષના સમયકાળમાં ઘણી બધી ઘટનાઓ બને છે. પરંતુ પન્નાલાલે કૃતિના કથાનકને પોષક એવી જ કેટલીક નોંધપાત્ર ઘટનાઓ નિરૂપી છે. પાંડવોને વનવાસ મળ્યો ત્યારે કૃષ્ણ અને પાંચાલોની સેના હસ્તિનાપુરની સીમામાં આવે છે ત્યારે દુર્યોધન અને ધૃતરાષ્ટ્ર ભયભીત બની ઊઠ્યા હતા પરંતુ ભીષ્મએ પડકારને સહર્ષ સ્વીકારે છે. ભીષ્મે યુવાવસ્થામાં કરેલા પરાક્રમનું સ્મરણ ભાવક વર્ગને થઇ આવે છે. પાંડવોને કૌરવોના પ્રશ્નમાં 'મૌન' ધારણ કરીને નિરસ બનીને બેસી રહેલા ભીષ્મ સામે રાજ્યનો પ્રશ્ન આવતા એ સજાગ બની જાય છે.

યુધ્ધમાં નગારાં વાગતાં જોઇને જિતને ભય પ્રવર્ત્તવા લાગ્યો કે: શિખંડીના હાથે ભીષ્મનું મૃત્યુ થશે. પતિને મૃત્યુના મુખમાંથી ઉગારવા સાવિત્રી યમના પાછળ ગઇ હતી એમ જિતવતી ભીષ્મને ઉગારી લેવા માટે યુધ્ધને અટકાવવાનો પ્રયાસ કરે છે. આવી નાજુક ક્ષણે ગુપ્તચર આવીને કહે છે કે: અર્જુને પોતાના કુળને ઉગારી લેવા કૃષ્ણ ને પાંચાલને વિંનવી લીધા છે.

અધર્મતાની ચરમસીમાને ઓળંગતો દુર્યોધન વનવાસ ભોગવતા પોતાના જ ભાત્રુઓને પાંડવોને બાળવા માટે વૈભવશાળી ઠાઠ સાથે સશસ્ત્ર સૈન્ય લઇને હિમાલયમાં જાય છે. પરંતુ મેલી મુરાદ લઇને ગયેલા કૌરવો ગંધર્વરાજના હાથે પરાસ્ત થઇને બંદિવાન બને છે. ત્યારે પાંડવો જ એમને ઉગારે છે. સત્ય જાણવા છતાં પાંડવોની ઉદારતા અથવા તો એમને મળેલા સંસ્કારોજ અહી જોવા મળે છે કૌરવોના અધર્મયુક્ત પ્રવૃત્તિને પરિણામે કુરુકુળ પર ભવિશ્યમાં આવનાર આપત્તિમાંથી ઉગારવા માટે ભીષ્મ ધૃતરાષ્ટ્રને ચેતવે છે. પરંતુ પુત્ર પ્રત્યેનો અંધ પ્રેમને જોતાં જ ભીષ્મ ફરી એક વાર 'મૌન' ધારણ કરી લે છે. અહીંયા ભીષ્મ લાગણીના પ્રવાહમાં તણાય છે. આથી જ એ ધૃતરાષ્ટ્રને આજ્ઞા આપવાને બદલે માથે હાથ દઇને બેસી જાય છે. એ કશું પન કરવાના નિશ્ચિય પર આવી શકતા જ નથી અને ધૃતરાષ્ટ્રની જેમ 'લાચાર' (નબળા) બની જાય છે. ભીષ્મનું આ અકળ વલણ કુરુક્ષેત્રના યુધ્ધના ઉદ્દીપક તત્વોમાનું એક તત્વ બની રહે છે.

દુર્યોધનની પ્રપંચલીલાને પોતાની આંખોએ જોતાં જ ભીષ્મ તૂટી પડે છે. 'ઘોષયાત્રા' વખતે દુર્યોધન બંદિવાન બન્યો. આથી ભીષ્મે દુર્યોધનને સમજાવવાનો પ્રયત્ન ક્યો પણ એમાં તો પોતાનું જ ગૌરવ હણાયું. પૌત્ર દ્વારા પોતાનું અપમાન અને હાંસી થઇ. આ ક્ષણ ભીષ્મ માટે વજ્રાપાત્ર જેવી બની ગઇ હતી. સમયનો પ્રવાહ એમનાં માથાપર થઇને પસાર થવા લાગ્યો. કૌરવો છદ્મવેશ અને પ્રપંચલીલાના માહિર એવા કુશળ અને કુટીલ નીતિજ્ઞ હતા.

---

૨૭. એજન. ભાગ:૨, પૃ. ૧૯૮

કર્ણના દિગ્વિજયને સર્જકે નવા અર્થઘટન સાથે વર્ણવ્યો છે. કર્ણે કરેલા દિગ્વિજય એ સાચા અર્થમાં પાંડવોના સામર્થ્યના આધાર પર જ થયેલો હતો એમ પન્નાલાલ માને છે. એ નીચેના વર્ણનના આધારે આપણે કહી શકીએ.

"ઘણાખરા રાજાઓ તો હસતા હસતા કર્ણનું સામૈયું કરતા હતા. અમારા મનથી ઇન્દ્રપ્રસ્થના પાંડવોને હસ્તિનાપુરના કૌરવો એવો ભેદ છે જ નહિ. જરાસંધના વધ પછી અમે સહુએ કુરુકુળનું છત્ર સ્વીકારેલું જ છે." આ બધા રાજાઓ ભેટો પણ મનમાની આપતા હતા."[૨૭]

ભીષ્મના મનમાં બંધાયેલા ભાવને લક્ષ્યમાં લઇને જ એ કર્ણને જૂએ છે. દિગ્વિજય કરીને આવેલા કર્ણના પરાક્રમને સહજ ને સરળ રીતે સ્વીકારી લે તો છે પણ એમાં કર્ણનુમ પરાક્રમ છે એમ ભીષ્મ માનતા નથી. અહીં કર્ણ ભીષ્મની બરાબરી કરવાનો પ્રયત્ન કરે છે. કર્ણ ભીષ્મથી સવાયા પરાક્રમ કરવા થનગને છે એવી જિતના પાત્ર દ્વારા પણ જાણ થાય છે. ભીષ્મ આમ સ્પષ્ટપણે માને છે: 'કુંતીએ કુંવારી અવસ્થામાં જન્મ આપવાથી આ એનો પુત્ર અધર્મી પાક્યો છે.' આ વાતને મનમાં ઊંડાણમાં સતત સંઘરી રાખ્યા બાદ ભીષ્મ બાકીની ગતિવિધિના નિર્ણયો કરે છે અને તેથી જ પૂર્વગ્રહ પીડિત મન સાર નિર્ણય લઇ શકતું નથી.

પાંડવો કૌરવોના ગુપ્તચરોને ઊંઘતા રાખીને અજ્ઞાતવાસમાં અદૃશ્ય થઇ જાય છે. પાંડવોનો અણસાર કૌરવોને ક્યાં મળતો નથી. ત્યારે કર્ણ કહે છે: 'એમનો નાશ થયો હશે.' લાક્ષાગૃહમાંથી હેમખેમ ઊગરીને વીરતાપૂર્વક આર્યવર્ત સામે આવ્યા અને બાર વર્ષના વનવાસનો કારમી મુશ્કેલીઓ વેઠનાર પાંડવો તેરમાં વર્ષે મૃત્યુ પામે? એવી કર્ણની કલ્પના કે વિચાર જ મૂળમાંથી હાસ્યાસ્પદ લાગે છે. કર્ણ સૂતપુત્ર નહી પણ હવે એ અંગદેશનો રાજા છે કાયરને રૂચે એવા વિધાનો એની ગરીમાને હાનિ પહોંચાડે છે.

પાંડવોના અજ્ઞાતવાસનો એક વર્ષનો સમય વીજળીની ગતિ એ પસાર થઇ જાય છે. એક વર્ષના સમયપ્રવાહમાં પાંડવોના જીવનમાં ઘટેલી ઘટનાઓને પ્રાશ્વભૂમાં રાખીને અજ્ઞાતવાસ પૂર્ણ થયા પછી બનેલી ઘટના એટલે ગાયોના રક્ષનાર્થે 'અર્જુન પ્રગટે છે.' ત્યાંથી કથા આગળ વિસ્તરતી જાય છે. 'પાર્થને કહો ચઢાવે બાણ' નવલકથામાં નિરૂપાયેલો આખો પ્રસંગ અહીં પુનરાવર્તન પામીને આવે છે. પન્નાલાલે આ ઘટનામાં કોઇ નવીવ દર્શનને અભિવ્યક્ત કર્યું હોત તો કદાચ વધુ આસ્વાદક બની રહેત. વિરાટનગર પર ચઢાઇ કરવા ગયેલા કૌરવોને પાંડવો જીવતા છે એટલી જાણકારી ઉપરાંત પાંડવપુત્ર અર્જુન અસ્ત્ર-શસ્ત્ર વિદ્યાનો પરિચય પણ મળી રહે છે. અર્જુનના હાથે કૌરવોની સેના હારી ગઇ છે એવા સમાચાર ગુપ્તચર દ્વારા જિતને મળી જાય છે. વિરાટનગરમાં થયેલી ચઢાઇમાં કૌરવોની હાર થઇ એ પછીના સમયે પાંડવપક્ષનો દૂત ભીષ્મને મળવા આવે છે. પન્નાલાલે અહીં જિતના પાત્ર મુખે હૃદય સ્પર્શી સંવાદ મૂકીને ભીષ્મનાં મનને પમાડવાનો આમ પ્રયત્ન કર્યો છે.

'સ્વામી, તમે જો ધારી જ બેસો તો હજી પણ આ યુધ્ધ અટકાવી શકો છો.'

'મૌખિક રીતે વિરોધ કરીને જ એ?' ભીષ્મનો અવાજ ઢીલો હતો.

'મૌખિક રીતે ખરો પણ એની પાછળ ધનુષ્યટંકારનો રણકો હોવો જોઇએ

'પછી?' તરત જ ભીષ્મે ઉમેર્યું: 'આમ કરવા છતાંય દુર્યોધન ન માને તો?'

'તો પછી સાચો ટંકાર. છતાંય જો ન માને તો ખભે ભાથો ભેરવવો જ પડે. હે પ્રભુ, મારું એવું માનવું છે કે પાંડવો સામે તમે રણે ચડો એનાં કરતાં કૌરવો સામે રણે ચડવાનું આવશે તો તમારી કીર્તિ આ જગતમાં બેવળાઇ જ જશે. આખુંય જગત બોલી ઉઠશે. ભીષ્મ છેવટે અધર્મની સામે યુધ્ધે ચડ્યા ખરા."[૨૮]

જિતના પાત્ર દ્વારા લેખકે પોતાને અભિપ્રેત એવા અર્થઘટનને દૃઢતાથી મૂક્યું છે. અહીં જિતનું પાત્ર વધારે ગૌરવવંતું લાગે છે. જિત પોતાના પતિને અપકીર્તિવાળા મૃત્યુમાંથી ઉગારવાને પ્રયત્નશીલ છે. ભીષ્મ સારી રીતે બંધુ જ સમજતો હોવા છતાં પણ એ કૌરવો સામે 'લાલ આંખ' કરી શકતા નથી. ત્યાં શસ્ત્ર ઉઠાવવાના હોય તો ભીષ્મ શું ઉઠાવી શકે? ભીષ્મની લાચાર પરિસ્થિતિને પન્નાલાલે સરસ રીતે ઉપસાવી આપી ચે. આ સંવાદમાં ભવિશ્યના યુધ્ધના ભણકારા સંભળાય છે. ભીષ્મનું આ વલણ જોતાં એમ જ લાગે છે કે દુર્યોધનની કોઇપણ યોજનામાં એ 'હા એ હા' કરશે એને અનુમોદન આપશે.

'પાર્થને કહો ચઢાવે બાણ' નવલકથાના પાંચમાં ભાગમાં નિરૂપાયેલું આખું પ્રકરણ આ કૃતિમાં પુનરાવર્તન પામીને આવે છે. પાંડવપક્ષનો દૂત આવે છે ને પાંડવોના રાજ્યની માગણીની વાત કરે છે. દુર્યોધન રાજ્ય આપવાની ના પાડે છે. કૌરવોની સભા ભરાય છે અને એમાં યુધ્ધનો નિર્ણય લેવાય છે. પાંડવો યુધ્ધને ટાળવા પ્રયત્ન રૂપે પાંચ ગામની માંગણી કરે છે, કૌરવો એક ગામ પણ તૈયાર ન થવાથી કૃષ્ણ સ્વયં વૃષ્ટિ અર્થે જાય છે. કૌરવ સભામાં વિરાટરૂપના દર્શનને જોયા પછી ધૃતરાષ્ટ્ર, દ્રોણ, ગાંધારી બધાંય દુર્યોધનને સમજાવવા લાગ્યાં પરંતુ યુધ્ધ કરવાના અંતિમ નિર્ણય પર આવેલો દુર્યોધન એકનો બે ન થયો, ત્યારે ભીષ્મને એમ લાગે છે આ દુર્યોધન નહી પરંતુ એના કાળનું આ રૂપ છે. કૌરવોના આ મહાયોધ્ધાઓના વડિલોની લાચારી જોઇને કૃષ્ણને તિરસ્કાર થાય છે. આથી જ એ અધર્મને રોકવા માટે દુર્યોધનને ક્ષણવારમાં પકડીને બંદિવાન બનાવવા તત્પર થાય છે. પૃથ્વીપર ફેલાયેલા અધર્મનો નાશ કરીને ધર્મના સંસ્થાપના અર્થે જ એમનો જન્મ થયો છે એમ આ પ્રસંગના નિરૂપણને આધારે પ્રગટ થાય છે. કૌરવસભામાં દૂતકાર્યની જવાબદારી લઇને આવેલા કૃષ્ણ કૌરવોની ભરી સભામાં જ એમના રાજાને કૈદ કરવાની વાત મૂકે ત્યારે આ પાત્રમાં નૈતિક જુસ્સો કેટલો બધો બળવાન હશે. કૃષ્ણના સૂચનથી ગભરાઇ ગયેલો ધૃતરાષ્ટ્ર પત્ની દ્વારા પુત્રને સમજાવવાનો પ્રયાસ કરે છે. પરંતુ હવે એ અવકાશ જ ક્યાં રહ્યો હતો? વિષનું બીજ વટવૃક્ષ બનીને ફુલ્યું હતું. દુર્યોધન અધર્મતાના દરેક સીમાળાઓ વટાવી ચૂક્યો હતો. આ બધાય બનાવો પુનુરુક્તિ પામી છે. ભીષ્મના પાત્રને કોઇ નવીન દષ્ટિએ મૂકવાનો પ્રયત્ન લેખક કરી શક્યા હોત. આ ઘટના બન્યાં પછી જિત અને ભીષ્મના પાત્રો વચ્ચે ચર્ચાલાપ થાય છે અને આ ચર્ચાલાપને નિમિત્તેજ પન્નાલાલ પોતાને અભિપ્રેત એવા અર્થઘટનોને જિતના કાલ્પનિક પાત્ર દ્વારા કૃતિમાં આપીને ભીષ્મને સમજાવવાનો પ્રયાસ કરે છે. કૌરવસભામાં ભીષ્મના અકળાવી મૂકે એવા અકળ વલણથી જિત ખિન્ન બની જાય છે. આથી એ પતિ આગળ પોતાનો બળાપો કાઢીને પાંડવો કૌરવોને નહિ, સમસ્ત આર્યાવર્તના ક્ષત્રિયકુળને નહી, ભીષ્મને નહીં પરંતુ અહીંયા તો જિત પોતાને આ યુધ્ધમાંથી ઉગારવાની મહેનત કરે છે. આવાં સ્થાનોએ લેખક 'ક્ષણ' ને પકડી પાત્રના મનોભાવ રજૂ કરવાની તક

૨૮. એજન. પૃ ૩૨૧

ઝડપી લે છે. પાંડવો-કૌરવો વચ્ચે યુધ્ધ નક્કી થઇ ગયું છે. ત્યારે આ નાયિકાની વેદનાને લેખકે મૂર્ત કરીને સ્ત્રી સહજ ભાવને અભિવ્યક્ત કરતાં લખ્યું છે કે -

"સ્વામી, આંખ ઊઘડતી ન હોય તો આ કુળના સર્વે સર્વા તરીકે ઉઘાડવી પડે. તમે કંઇ વિદુરજીની જેમ શસ્ત્રરહિત નથી? વળી કૌરવોને બળાત્કારે વારવા પાછળ તમારો મૂળ આશય તો એમને વિનાશમાંથી બચાવી લેવાનો જ છે પણ - જવાદો એ વાત હવે ગંગાનંદન! અકળામણને લીધે જિતનો અવાજ ભાંગી ગયો. ગળું સાફ કરતાં એણે રુદનભર્યા સૂરમાં કહી જ નાખ્યું: 'નાથ: કૌરવોના વિનાશની તો તમને ને મને બેઉને ખબર છે! ... ... તમે તો રણશ્લાઘી છો! ... ... અને વળી બંને પક્ષે યુધ્ધની આ અભૂતપૂર્વ તૈયારીઓ જોઇને તો તમને રણ ખેલવાનો કેફ ચડતો હોય તો પણ બનવાજોગ છે ... ... પણ પાછળથી મારી શી દશા થશે એનું તમે કંઇ ગણ્યું છે ... ... ખરું કંઇ! ... ... તમારી સાથેનો અનેકાનેક વર્ષોનો સહવાસ આજે તો - તમે જ જાણે તોડવા ... ... બેઠા છો! ... ...' ઘુસકું ખાતી જિત આસન પરથી ઊઠતીકને ચાલતી થઇ ગઇ."[૨૯]

યુધ્ધભૂમીમાં અજેય એવા ઇચ્છિત મૃત્યુ વરદાન ધારી જન્મથી જ રણશ્લાઘી હોવા છતાંય દુર્યોધનને એમની વીરતામાં વિશ્વાસ ન હતો. એને તો ભીષ્મ કરતાં 'કર્ણ' પર વધારે આસ્થા છે. જિતનું ઉદાત્ત અને દીર્ઘદૃષ્ટા પાત્ર વધુ ઓજસવંતું લાગે છે. ભીષ્મના પૂર્વજીવનમાં બની ગયેલી અનેક ઘટનાઓ જિતના ચિત્તમાં છવાઇ જતાં નાયિકાની સ્થિતિ અસહ્ય બની જાય છે. ભીષ્મ સેનાપતિ બનતાં જ એ પોતાના વીરોના સામર્થ્યને બિરદાવે છે પરંતુ કર્ણનું તો ભારોભારને અસહ્ય અપમાન કરે છે. પોતનુ ભારોભાર અપમાન થવાથી સ્વમાન ઘવાયેલો કર્ણે ભરી સભામાં કહ્યું કે: ભીષ્મના હાથ નીચે યુધ્ધ નહી કરું? કર્ણનો આ નિણર્યને કારણે જ દુર્યોધન ભીષ્મને યુધ્ધ દરમિયાન સેનાપતિપદેથી દૂર કરવા તરફ લઇ જાય છે. અહીં વર્ણનકલા પરત્વે પન્નાલાલની અનેરી શૈલીનાં દર્શન થાય છે.

કુરુક્ષેત્રના યુધ્ધ પડઘમ, નગારાંઓ ગૂંજવા લાગ્યાં. ભીષ્મની સેનાપતિ તરીકે વરણી થઇ ગઇ. બધા જ આર્યવર્તના રાજાઓ પોતાને માફક આવે એમના પક્ષે ગોઠવાઇ જાય છે પરંતુ એ ગૌણ બનીને કૃતિમાં રહી જાય છે. સર્જકનું કર્મ પુરાણકથાને આપવાનું નથી. અહીં તો સર્જકે માનવમનમાં ઉત્પન્ન થતાં અતિ સુક્ષ્મ મનોસંચલનોને બરાબર પકડીને પાત્રના મનની મૂંઝારને કૃતિના કથા પ્રસંગોમાં મૂર્ત કરીને માનવ્ય ભાવનાને ઉપસાવી આપી છે. યુધ્ધને ઘરાર નકારી નાંખતી જિત પતિને સમજાવવામાં નિષ્ફળ જાય છે. 'વિદાય' પ્રકરણમાં પાત્રનું ચિંતન સુપેરે ઝીલાયું છે.

કુંતીના પ્રશ્ને અથવા તો પાંડુપુત્રોના પ્રશ્નો આગળ ભીષ્મ શા માટે સક્રિય બનીને યોગ્યત્તમ એવા નિર્ણય લેવાનું ટાળીને 'મૌન' ને ધારણ કરે છે અથવા તો 'અર્થના દાસ' બનીને માથે હાથ દઇને બેસી રહે છે એનો ઘટસ્ફોટ પન્નાલાલે આમ કરે છે.

'જિતને આ કારણ જોઇએ તેવું બેઠું નહિ. એના મનને થતું હતું: 'ખુદ થડને છોડીને ડાળાં પાંદડાં ઉપર રોષ ઠાલવવો એ કેટલી હદે વ્યાજબી ગણાય? મારો આત્મા આ કારણ સ્વીકારતો નથી. કર્ણ પ્રત્યેના ભીષ્મના અણગમાનું અસલી કારણતો કુંતીએ કુંવારાપણામાં કર્ણને આપેલો જન્મ એ જ હોઇ શકે. કર્ણ માટે ભીષ્મનો અણગમો પણ દેખી શકાય એવો હતો. એમણે પાંડુને માદ્રી વળગાડી એની

૨૯. એજન, પૃ. ૩૬૩.

પાછળ કુંતી પ્રત્યેનો અણગમો જ મુખ્ય કારણ હતુંને? બીજું કયું કારણ હતું?[૨૯]

ભીષ્મના જીવનમાં બનેલી ઘણીબધી મહત્વપૂર્ણ ઘટનાઓ જિતના ચિત્ત પર છવાઇ જાય છે. આજીવન બ્રહ્મચર્યને ધારણ કરનારનુમ સમગ્ર જીવન સ્ત્રીઓથી વીંટળાયેલું રહ્યું હતું. પિતાના હિતને કારણે જ બ્રહ્મચર્યને ધારણ કરવું પડ્યું હતું. કુટુંબના વંશવેલાને જાળવી રાખવા માટે જ 'કાશીરાજ' ની ત્રણ કન્યાઓનું અપહરણ કર્યું હતું. અને એમાની એક અંબા ભીષ્મના મૃત્યુનું કારણ બનીને સામે પ્રત્યક્ષ થયું. દ્રૌપદી વસ્ત્રહરણ પ્રસંગ માટે દુનિયાને જેટલો દોષ આપે છે. એનાથી વિશેષ જવાબદાર પોતે હતા. એજ રીતે કર્ણને અપમાનિત કરવાનું કારણ - આ અને આવા ઘણાં કારણોમાં ભીષ્મ પોતે પાંડવો-કૌરવોને કુરુક્ષેત્રના યુધ્ધ સુધી લઇ જવા માટે પ્રમુખપણે જવાબદાર હોય એમ જિતને લાગે છે. ભીષ્મ જેમ 'ધર્મ-અધર્મ' ના ત્રાજવામાં દરેક ઘટનાઓને જોતાં હતાં ને એમાં જ એ અટવાઇ પડતા હતા. પણ હવે ભીષ્મ નહીં જિતવતી જ દ્વિધા ભાવ અનુભવે છે. 'શું ભીષ્મને કૌરવોના પક્ષે ધર્મ હોવાનું અભિપ્રેત હશે?' પાત્ર મનને નવીન દિશામાં વાળવાનો પ્રયત્ન અહીં કરીને લેખકે પાત્રના મનની મૂંઝવણોને વધારે ગૂંચવી નાંખી છે. 'સાચ્ચો ધર્મ કોના પક્ષે' એવા પ્રશ્નમાં જિતવતી ખોવાઇ જાય છે. જિત આવા અનેક વિચારોના વંટોળમાં ફસાતી જાય છે. ફજેત ફાળકાની જેમ ઉપર નીચે ફંગોળાયા કરે છે. એનાં જીવનને ત્રાસ ત્રાસ થઇ જાય છે. યુધ્ધમાં વિજય ધર્મનો કે અધર્મનો ગમે તેનો થાય પણ એ જાણવા માટે કેટલા સદ્‌ભાગી જીવતા હશે! લેખકે સનાતન પ્રશ્નને કેવી સરસ રીતે પુરાણ વાઘામાં ગૂંથી લીધો છે. જિતના અનેક વિચારોમાંઆપણને ગાંધીજીની અહિંસાની ભાવનાના વિચારોનાં દર્શન થાય છે. અનેક વિચારોના વમળમાં રહેંસાતી પીસાતી નાયિકા અંતે યુધ્ધમાં પતિને વિદાય આપવા માટે જાય છે અહીં નાયિકાની સ્ત્રી સહજ ભાવોર્મિને અભિવ્યક્ત કરીને લેખકે પ્રસંગને કરુણરસથી તરબોળ કરી આપ્યો છે.

"સ્વસ્તિવાચનની આગળની રાતે જિતે જાણે કે ભાંગી પડી. સૂવા જવાની તૈયારી સાથે પતિને એ છેલ્લીવિદાય આપતી હોય તેમ બોલી પડી: 'સ્વામી ... ... આવજો! ... ... હસવા આડે રુદન ભલે છુપાવ્યું પણ હઠે ભરાયેલા છોકરા સરખાં આસું પાછાં વળ્યાં નહિ!"[30]

યુધ્ધના આરંભમાં કૃષ્ણ ભીષ્મની વીરતા ને વખાણે છે ભીષ્મના શૌર્ય અને પરાક્રમને પરોક્ષ રીતે લેખકે ઉપસાવવાનો પ્રયત્ન કર્યો છે. યુધ્ધભૂમિ પર પોતાના જ સ્વજનો પ્રત્યે વહાલ ઉત્પન્ન થતાં અર્જુન યુધ્ધ કરવાની ના પાડે છે. પરંતુ વિશ્વવ્યાપી કૃષ્ણના વિરાટરુપનાં દર્શન થતાં એ ફરી ગાંડીવને ધારણ કરે છે. કૌરવો તો ક્ષણવાર એમ માનવા લાગ્યા હતા કે: અર્જુન ડરી ગયો છે. પણ ગાંડીવના ટંકારે તેઓ સજાગ બની જાય છે.

ભીષ્મના રજેરજના સમાચાર મેળવવા માટે જિતે ગુપ્તચર ગોઠવી દીધા. એનાં હૃદયમાં ભય પ્રવર્તવા માંડ્યો. અમંગળ વિચારોએ ચેતના તંત્ર પર આધિપત્ય જમાવી દીધું. ન જીરવાય અને ન સહેવાય એવી પરિસ્થિતિ નાયિકા માટે સર્જાઇ જાય છે. એવી ક્ષણોમાં વ્યાસનું આગમન થાય છે. કુરુક્ષેત્રના યુધ્ધમાં અનેક કારણોમાં એક વધારાના કારણ તરીકે ભીષ્મે કરેલા કાશીરાજની ત્રણ કન્યાઓના અપહરણને ગણાવવાનો અહીયા પ્રયત્ન થયો છે. ભીષ્મે કરેલા કાશીરાજની કન્યાઓના

૨૯. એજન, પૃ. ૨૭૩.

30. એજન, પૃ. ૪૦૧.

અપહરણ પછી અંબાની કરેક ઘટનાઓને ભીષ્મ આગળ ઉપસાવીને અંબાથી ભયભીત બનાવીને લેખકે પોતાને અભિપ્રેત એવા અર્થઘટનને કૃતિમાં નિરૂપવાનો ઉપક્રમ રાખ્યો હોય એમ લાગે છે. લેખકનું આ અર્થઘટન કૃતિને બનીને આવે છે. પુરાણ કથા તત્ત્વમાં લેખકને સ્વતંત્ર પણે વિહરવાનો અધિકાર છે જ.

નાયિકાની સ્થિતિ અતિ દારુણ બની જાય છે. વ્યાસે કહ્યું કે: 'જ્ઞાનનો સહારો લે.' પણ કેવા પ્રકારના જ્ઞાનનો સહારો આ નાયિકા લે. એના માટે તો ધુ વસુને ભીષ્મ બન્ને એકરૂપ બની ગયા છે અને નજરવાય તેવું સત્ય તો પોતાની સામે ઊભું છે. આમ પાત્રને ભૂતકાળ અને વર્તમાનની ઘટનાઓ વચ્ચે મૂકી ભવિષ્યનું ઘાતક નિરાશાજનક ચિત્ર લેખકે ઉપસાવ્યું છે. કૃતિના આરંભમાં બનતી ઘટનાઓ અને અહીં બનતી ઘટનાઓ વચ્ચે કાર્યકારણનો સંબંધ છે. પરિણામે કૃતિના કથાનકના અંકોડા એકમેકમાં ભળી જતા લાગે છે. કથાનક આ રીતે એકસૂત્રતાને તાંતણે બંધાતુ લાગે છે.

કુરુક્ષેત્રના યુધ્ધના મેદાન પર બનતી દરેક ઘટનાઓ ઉપર પન્નાલાલનું લક્ષ્ય રહેવાને બદલે કૃતિને ઉપયોગી એવીજ ઘટનાઓ પરત્વે સભાન બનીને કથા પ્રસંગોનું નિરૂપણ કરે છે. જિતનો અમાત્ય દરેક ઘટનાઓને ટૂંકમાં કહી સંભળાવે છે. ભીષ્મના વ્યક્તિત્વને યોગ્ય વીરત્વમાં પરાક્રમો એને ન દેખાતાં એનામાં નિરાશા છવાઇ જાય છે. ભીષ્મના જીવનને ઉઘાડ આપે એવો એક પ્રસંગને અમાત્યના પાત્ર દ્વારા અહી વર્ણવાયો છે. યુધ્ધના ત્રીજે દિવસે ભીષ્મને યુધ્ધભૂમિ પર કાળોકેર વર્તાવી મૂકતો જોઇને કૃષ્ણે પોતાના નીમને તોડીને સુદર્શન હાથમાં ધારણ કર્યું. પરંતુ ભીષ્મે કૃષ્ણનો કોઇ પ્રતિકાર ન કર્યો. બીજા બાજુ અર્જુને કૃષ્ણને પાછાં વાળ્યાં પન્નાલાલનું નવીન અર્થઘટન અહીં નીચેની ઉક્તિમાં જોવા મળે છે.

'આવો, આવો, હે માધવ! હે દેવેશ! હું તમેન કોટી કોટી નમસ્કાર કરું છું. તમે મને તમારા આ દિવ્ય શસ્ત્ર વડે મારા રથ ઉપરથી રણ ભૂમિમા ઢાળી જ દો. હે પ્રભુ, તમારા આ કાર્યથી તો ઊલટાની મને આ લોકમાં તેમ જ પરલોકમાં અક્ષયકીર્તિ પ્રપ્ત થશે. હે ગોવિંદ, તમે કરેલા મારા ઉપરના આ ઘસારાએ મને આજે ત્રણે લોકમાં ગૌરવવંતો બનાવ્યો છે."[30]

લેખકનું અર્થઘટન પ્રતીતિકર રીતે પ્રયોજાયું છે. સરસ યુક્તિ-પ્રયુક્તિઓનો આશ્રય લઇને કૃતિના ભાવજગતને પકડી રાખવાની ગજબની ફાવટ લેખકને છે, એમ ઘણીવાર અનુભવાય છે. સિફતાપૂવર્ક બાજુએ રાખીને કથાનકને ઉપયોગી પ્રસંગપર જવાની એમની સર્જકિય કુનેહ જોવા મળે છે. કથા કહેતાં કહેતાં જેમ પ્રેમાનંદ એક રસમાંથી બીજા રસમાં સરી પડે છે એમ અહીં પન્નાલાલ એક પ્રસંગ પરથી બીજા પ્રસંગ પર સરી જાય છે. ભીષ્મે જ્યારે કૃષ્ણનો પ્રતિકાર ન કર્યો ત્યારે જ જિતને શિખંડીનો ખ્યાલ આવે છે.

યુધ્ધ ભૂમિપર સાત દિવસ પસાર તવા છતાંય અમાત્યે શિખંડીનો ક્યાંય ઉલ્લેખ ન કર્યો ત્યારે એનું અંદરનું મન શિખંડી વિશે પૂછી લેવા માંગતું હતું. પણ એ એમ કરી શકી નહીં. બીજી બાજું, કૌરવ પક્ષના દુર્યોધન, શકુનિ, કર્ણને અશ્વસ્થામા એમ વિચારવા લાગ્યા કે: આ ડોસો મરશે પણ નહિ ને યુધ્ધભૂમિ છોડશે પણ નહિ.' કૌરવો કોઇપણ ભોગે પાંડવોને હરાવવા માટે સક્રિય બનીને ભીષ્મને સેનાપતિપદ છોડવા કહે છે. ભીષ્મ પોતાની જાતને ઘરાધીન સમજવા લાગે છે. આવું સાભળતાં જિતને

ધ્રાસકો પડે છે. અઘોરપણે અપમાનિત બનેલા ભીષ્મ આવતી કાલે શું કરશે? એ પ્રશ્ન એને ફરીવાર શિખંડી યાદ આવે છે. અને એ આ સમયે અમાત્યને પૂછી લે છે કે: યુધ્ધમાં એ કેવાંક છે?'[૩૧]

પન્નાલાલે જિતને શિખંડીના વિચારો કરાવીને ભીષ્મના જીવનમાં બનનારી અતિ મહત્વની દુર્ભાગ્યપૂર્ણ ઘટના માટેનો પરિવેશને આ રીતે ઊભો કરી આપ્યો છે. અમાત્ય શિખંડીના અદભુત શૌર્યના વર્ણન કરે છે. અમાત્યના ગયા પછી જિતવતીના મનમાં અનેક વિચારો ઉદ્દભવે છે. પતિના મૃત્યુને સુધારી લેવા માટે એ પ્રભુને પ્રાર્થના કરે છે. અહીં ભારતીય નારીના સંસ્કારો જિતના પાત્રમાં જોવા મળે છે. પતિના કલ્યાણમા જ પોતાનું કલ્યાણ ને સુખને જોતી જિત પતિને ગૌરવ પૂર્ણ મૃત્યુ પ્રાપ્ત થાય એ માટે પ્રાર્થના કરે છે. નવમા અને દશમાં દિવસને સર્જકે આમ વર્ણવ્યો છે.

"તર્ક વિતર્કો પણ જાણે કે તીડનાં ટોળામ ઊમટી પડ્યાં. એક મન કહે છે કે રાત્રી યુધ્ધ ચાલું રહ્યું હશે. આઠમા દિવસની રાતે દુર્યોધનને ભીષ્મને અઘોર અપમાન કર્યું હતું એટલે એમણે કેશરિયાં કરીને જ નવમા દિવસની સવારે રણ ભૂમિ પર પ્રવેશ કરેલો. આખો દિવસ ધનુષ ઘુણાવ્યું હશે. રાતે પણ યુધ્ધ ચાલું રાખ્યું હશે ને આજે દશમા દિવસે પણ આ મહાદારુણ પુરુષસિંહે જીવ ઉપર આવીને પાંડવોની સેનાનું રસાતાળ કાઢી નાખ્યું હશે.'[૩૨]

સર્જકે જિતના મનોભાવોને પકડીને કથાનકનો વિસ્તાર સાધ્યો છે. બે દિવસને બે રાત્રિઓ વહી ગયા છતાં પન અમાત્ય આવ્યો નહીં. નાયિકાની ઉત્તેજના પ્રદિપ્ત બનતી જાય છે એમાંય સમય ઝડપથી વહ્યો જાય છે. સતત સંઘર્ષમય અવસ્થામાં નાયિકા રહ્યા કરે છે. હવે વધારે રાહ જોવાય એમ ન લાગવાથી પોતે જ રથ લઇને યુધ્ધક્ષેત્રે જવા નીકળે છે. પન્નાલાલની કથાશૈલી અહીં તાક્યું તીર મારે છે. એક બાજું સંઘર્ષની પરાકાષ્ઠા એ પહોચેલી જિત પતિના સમાચાર મેળવવા યુધ્ધક્ષેત્ર પ્રયાણ કરે છે અને માર્ગમાંજ અમાત્ય 'ભીષ્મ પડ્યા' સમાચાર લઇને આવે છે. આ બે ક્ષણોને લેખકે પકડી છે. અમાત્ય માટે સંઘર્ષ સર્જાય છે છતાં પણ એ જિતને સમજાવીને યુધ્ધભૂમિએ જતાં પાછાં વાળે છે. ફ્લેશબેક પધ્ધતિનો પ્રયોગ કરીને પૂર્વ પ્રસંગોના અંશોને પન્નાલાલે અમાત્ય દ્વારા નિરૂપ્યા છે. ભીષ્મ કરાળ કાળરૂપને પામી જવાથી પાંડવોને એમ લાગવા માંડ્યું કે: જ્યાં સુધી કૌરવ પક્ષે ભીષ્મ છે ત્યાં સુધી કૌરવોને હરાવવા અશક્ય હતું. આથી ભીષ્મની પાસે પાંડવો જાય છે. દારુણ અપમાનનો ઘૂંટડો પીધેલા ભીષ્મને આ સુવર્ણ સમય લાગવાથી એ પોતાના મૃત્યુને ગૌરવપૂર્ણ બનાવવા પોતાના મૃત્યુનું રહસ્ય પાંડવોને કહી દે છે ને શિખંડીને અર્જુન ભીષ્મપર અસંખ્ય બાણોનો વરસાદ વરસાવીને બાણશય્યા પર લાવી મૂકે છે. પતિની આવી પરિસ્થિતિ જીરવી ન શકવાથી જિતવતી બેભાન બની જાય છે. અહીં નાયિકાની વેદનાનું નિરૂપણ કરીને કરુણરસને અભિવ્યક્ત કર્યો છે.

ભીષ્મ બાણશય્યા પર રહીને છેલ્લે છેલ્લે કુરુકુળને ઉગારવા માટે કર્ણને સત્યથી વાકેફ કરીને યુધ્ધમાંથી પાછાં ફરવા વિનવે છે પણ મિત્રઋણને ચૂકવવા માટે અને અર્જુન પ્રત્યેનો વેરભાવને લીધે એ પાછાં વળવાને બદલે યુધ્ધનો માર્ગ પસંદ કરે છે. કથાનકનો પ્રવાહ અતિવેગે વહેવા લાગ્યો. ભીષ્મ માટે રક્ષાર્થે બાણશય્યાની આજુબાજુ ખાઇ કરવામાં આવી, અર્જુને ચમત્કારિક દિવ્યાસ્ત્રથી ભીષ્મને પાણી પાયું, ઓશીકું બનાવી આપ્યું, પાંડવો, દુર્યોધન, કર્ણ મળવા આવ્યા, આ બધી ઘટના લાઘવપૂર્ણ

૩૦. એજન, પૃ. ૪૦૧.

૩૧. એજન, પૃ ૪૧૦

રીતે વર્ણવાઇ છે.

વિદુર દ્વારા ભીષ્મ યુધ્ધની માહિતી મેળવે છે. દ્રોણે યુધિષ્ઠિરને બંદિ બનાવવાનુમ દુર્યોધનને વચન આપ્યું. ભગદત્ત હણાયો, અભિમન્યું, દુર્યોધન પુત્ર હણાયા, - ઘટોત્કચે અલબુશને હણ્યો, કર્ણે ઘટોત્કચને મારી નાંખ્યો, અર્જુને જયદ્રથને હણ્યો- આમ યુધ્ધ ઝડપથી આગળ વિસ્તરે છે.

પન્નાલાલે આ કૃતિના આવતા પ્રમુખ પાત્રને જ કૃતિમાં વિશેષ પ્રાધાન્ય મળેએનું ધ્યાન રાખ્યું છે. પણ લેખકને જ્યારે યોગ્ય લાગે છે ત્યારે એ અન્ય ગૌણ પાત્રોને ચમકાવી આપવામાં પાછા પડતા નથી. કૃતિમાં આવતા પાત્રોની અવઢવો, આપણી પોતાની અવઢવો બને એટલી હદે જીવંત બનાવીને મૂકી આપવામાં આવી છે. દા.ત.

'પિતાજી, સમાચાર આપું એ પહેલાં તમે પણ મારી જેમ આખાય કુરુકુળને નાહી જ નાખો કે જેથી પછી એ સર્વનાશની માત્ર વિગત જ દરરોજ થોડી થોડી જણવાની બાકી રહે![૩૨] લેખકનું ગદ્યપોત ઊડીને આંખે વળગે એવું છે. પાત્રના સંવાદમાં કથાનકના અંતે બનનારી દારુણ સ્થિતિને અહીં નાટ્યવ્યંગના વિનિયોગથી દર્શાવાઇ છે. છતાંય એમાં વિદુરની કારુણ્યભરી વેદના સમર્થપણે ઉઘડતી જાય છે.

સેનાપતિ તરીકે દ્રોણના પાંચ દિવસ થયા છતાંય કૌરવપક્ષે મહાન કહી શકાય એવું કોઇ પરાક્રમ થયું નહીં. પણ બીજી બાજુ પાંચ પાંચ દિવસથી બાણશય્યા પર પોઢેલા ભીષ્મને મળવા જિતવતી આકુળ-વ્યાકુળ બની જાય છે. દ્રોણ હણાતાં અશ્વત્થામા 'નારાયણાસ્ત્ર' નો પ્રયોગ કરે છે. પરંતુ કૃષ્ણના રક્ષણ હેઠળ રહેલા પાંડવો ઉગરી જાય છે. ભીમનાં પરાક્રમનું વર્ણન અર્જુને કર્ણનો વધ કર્યો તે ઘટના અને કર્ણના વધનાં સમાચાર ભીષ્મને મળવાની પ્રક્રિયાથી જાણે યુધ્ધ સંપૂર્ણપણે ખેલાઇ ગયું એમ લાગવાથી જ કહે છે કે: 'ખલાસ વત્સ! સર્વ પ્રકારે કૌરવકુળનું નિકંદન નીકળી ગયું'[33] કર્ણના વધને અધર્મયુક્ત ઠેરવવાનો પ્રયત્ન ભીષ્મ કરે છે ત્યારે હૃદયના ઘરાતલમાં વર્ષોથી ભરાઇને રહેલો આક્રોશ વિદુરના મુખેથી પ્રગટી જાય છે કે: 'પિતામહ, આ તમારું યુધ્ધ પોતે જ અધર્મમાંથી પ્રગટેલું છે એ વાત કેમ ભૂલી જાઓ છો? શ્રીકૃષ્ણ કર્ણને જે જવાબ આપ્યો હતો એની સામે તમારી પાસે કંઇ કહેવા જેવું હોય તો તમે મને જણાવો. હે તાત, આપણે ધર્મ જે સમજવો જ હોય તો એને મૂળમાંથી જ પકડવો પડે તમે તો જ એકથી વધુ વાર કહ્યું છે કે આં ધર્મ છે ત્યાં જ વિજય છે, તો પછી હવે - '[૩૪]

સત્યવક્તા વિદુરના ભીષ્મને સાચા ધર્મનું રહસ્ય ખોલીને મૂકી આપે છે. બાણશય્યા પર પોઢેલા ભીષ્મને હજી પણ ધર્મ-અધર્મના ચક્રવ્યૂહમાં રહેંસાતા જોઇને આશ્ચર્ય ઉત્પન્ન થાય છે. કર્ણના મૃત્યુના સમાચાર સાંભળતાં જ એ 'ખલાસ થઇ ગયું.' એમ ઉચ્ચારે છે. પન્નાલાલ ભીષ્મના આ વ્યવહારને સમજવામાં અને સમજાવવામાં બાણ શય્યા પર પડેલા ભીષ્મ માટે 'ધ્રુ વસુની કથા' નો આધાર લીધો છે. પરંતુ શા માટે તેઓ પોતાના પ્રાણને ઉત્તરાયણના સમય સુધી ટકાવી રાખે છે? અને શા માટે એ કુરુક્ષેત્રની દરેક ઘટનાઓનમાહિતીઓ મેળવે છે? વિદુરે તો ભીષ્મને કુરુકુળનું નાહી નાંખવાનું સૂચન કર્યું હતું. છતાંય એમની લોલુપતા નો અવારનવાર કૃતિમાં નિરૂપાઇ છે અને જ્યારે કર્ણનો વધ થાય છે ત્યારે બધું 'ખલાસ થઇ ગયું.' નો ઉદ્ગાર કાઢે છે. ભીષ્મના આ ઉદ્ગારનું સાચું

૩૧. એજન, પૃ. ૪૧૦.

રહસ્ય મારે મતે આવું રહ્યું છે. ભીષ્મને કર્ણમાં રહેલો ભારોભાર વિશ્વાસ છે. બાણશય્યા પર પોઢયાં પોઢયાં એ કૌરવોનો વિજય થાય એમ ઝંખી રહ્યા હશે! અને અભિપ્સા વણસંતોષાયેલી એમની સામે આવી ત્યારે એમણે પ્રતીતિ થઇ ગઇ કે: 'હવે સાચા અર્થમાં કૌરવો હાર્યા છે.' આટલા માટે કદાચ એમણે પોતાના પ્રાણનો ત્યાગ કર્યો નહી હોય.

કર્ણવધ પછી દુર્યોધન-ભીમ વચ્ચેના યુધ્ધના પ્રસંગને પન્નાલાલે આગવા દૃષ્ટિ કોણથી મૂકીને પ્રસંગને પ્રતીતિકર રીતે પ્રયોજ્યો છે. ભીમ-દુર્યોધનની સાથળ કઇ રીતે તોડી નાંખીને અપંગ જેવો બનાવી મૂકે છે એ ઘટનાને સર્જકે સૂઝ-સમજથી ટાળીને નવીન રીતે પ્રસંગનુમ અર્થઘટન કરાવી આપ્યું છે. કર્ણવધનો વિરોધ કરતો ભીષ્મ દુર્યોધનની આ દયાજનક સ્થિતિને સાંભળતા જ 'કૃષ્ણે અધર્મ કર્યો છે.' એમ કહે છે ત્યારે વિદુર યુધ્ધની સમાપ્તિ પછીનો એક પ્રસંગ ભીષ્મને ભીષ્મના મનના સંશયોનો નાશ કરી આપે છે. યુધ્ધ પૂર્ણ થયા પછી કૃષ્ણ પાંડવોને એમનાં દિવ્યાસ્ત્રો અને કવચ ઊતારીને દિવ્યરથમાં મૂકવાનું સૂચન કરે છે અને અંતે કૃષ્ણ પણ દિવ્યરથમાંથી કૂદી પડે છે. દિવ્યરથ ભડભડ બળવા લાગ્યો. બળતા રથને જોઇને અર્જુને કૃષ્ણને કહ્યું કે: 'આ રથ કઇ રીતે બળી ગયો?'. ત્યારે કૃષ્ણે કહ્યું કે: 'કૌરવોના મહાદુધર્ષ એવા યોધ્ધાઓથી તમારો રથ ક્યારનોય બળી ગયો હતો. પરંતુ મેં એને મારા યોગબળથી ટકાવી રાખ્યો હતો. કૃષ્ણને પ્રપંચી કે અધર્મી માનનાર ભીષ્મનું મન હવે તૃપ્ત થાય છે કે: કૃષ્ણ ખરેખર ધર્મ સંસ્થાપક છે.

વિદુરને આરંભ કાળથી ભીષ્મના વર્તન-વ્યવહાર પ્રત્યે કશોક ભેદ દેખાયા કરતો હતો. એ સ્પષ્ટ પણે ભીષ્મના અકળ વલણને સમજવામાં નિષ્ફળ રહ્યા કરતો. ભીષ્મ માટે ચોક્કસ એવ અભિપ્રાયને બાંધી બેઠેલા વિદુર ભીષ્મને કહેવા જાય છે કે: કર્ણ કુંતીનો પુત્ર હતો. ત્યારે ભીષ્મે કહ્યું: 'કુંતી આવી એ ક્ષણેથી હું આ જાણું છું.'[૩૫]

ભીષ્મના મુખે બોલાયુલું વિધાન સાંભળતાં જ વિદુરને કુંતી પ્રત્યેના અનગમાનુમ રહસ્ય સમજાઇ જાય છે. કુંતી તથા પાંડવપુત્રો પ્રત્યેના અકળ અને અસહ્ય એવા વલણને તે પૂર્ણપણે પામી જાય છે. 'પાર્થને કહો ચઢાવે બાણ' કૃતિમાં વિદુરની મૂંઝવણ યથાવત રહે છે. કૃતિ પૂર્ણ થાય છે છતાંય એ પાત્ર પ્રશ્નાદભૂમાં સરી પડે છે. પરંતુ અહીંયા લેખકને એ અવકાશ પ્રાપ્ત થવાથી એમણે વિદુરની મુંઝવણને પ્રતીતિકરપણે પ્રસંગનો વિન્યાસ કરીને દૂર કરી છે.

બાણશય્યા પર પડયા ત્યાથી ભીષ્મે જિતને મળવા આવવાની ના પાડી હતી. ભીષ્મ જિતવતીને દુ:ખી કરવા ન હોતા માગતા આથી જ એમણે જિતવતીને મળવાની ના પાડી હતી. પરંતુ, બધુમ જ ખલાસ થઇ ગયા પછી જિતને મળવાનું કહેણ મોકલાવે છે. પતિના દર્શન ઝંખતી જિત મળવા માટે દોડી જાય છે. પણ આ મિલન બન્ને માટે અંતિમ મિલન હતું. ભીષ્મ પોતાનો દેહ ત્યજે છે ને જિતવતી વળી પાછી વશિષ્ઠના આશ્રમ તરફ પ્રયાણ કરે છે.

વશિષ્ઠમુનિના આશ્રમથી આરંભાયેલી કથા અંતે વશિષ્ઠના આશ્રમના ઉલ્લેખ સાથે પૂર્ણ થાય છે.

---

૩૨. એજન, પૃ. ૪૪૪.

૩૩. એજન, પૃ ૪૭૯.

૩૪ એજન, પૃ. ૪૮૩.

'મહાભારત' ના વિશાળ ફલકમાં ફેલાયેલી કથાનકને પન્નાલાલ પટેલે આ કૃતિનું વિષયવસ્તુ બનાવ્યું ત્યારે એમની સામે એક ચોક્કસ પ્રકારની દષ્ટિ રહેલી હતી. એમણે કૃતિની પ્રસ્તાવનામાં એનો ઉલ્લેખ કર્યો છે.

વેદવ્યાસ રચિત 'મહાભારત' પર દષ્ટિકોણ કરીએ તો ભીષ્મનું પાત્ર સામાન્ય વાચકવર્ગને જ નહી પરંતુ વિધ્વાનોને પણ અકળાવી મૂકે. મુંઝવણમાં મૂકી દે એવા પ્રકારના અકળ વલણવાળું પાત્ર છે. આ પાત્રને જાણવાં ને સમજવા માટે આગવા દષ્ટિકોણ હોવો જોઇએ. આગવો દષ્ટિકોણ અથવાતો આગવું અર્થઘટન કથાનકને પ્રતીતિકર થાય એવા પ્રકારે અભિવ્યક્ત કરવું જોઇએ.

અહીં પન્નાલાલે મહાભારતના કથાનકમાં નહી એવ એક પાત્ર પોતાની સર્જક પ્રતિભાથી ઘડી આપે છે જે પાત્રનું નામ સાંભળતાં આશ્ચર્ય થાય પરંતુ એ પાત્ર જ્યારે ભીષ્મ સાથે પ્રણય સંબંધે બંધાઇને લગ્નવેદી સુધી જાય છે ત્યારે એક મોટો 'ધક્કો' લાગે છે. સર્જકે ભીષ્મને આ કૃતિમાં કુંવારાપણામાંથી મુક્ત કરાવીને 'જિતવતી' નામની કાલ્પનિક સ્ત્રી સાથે લગ્ન કરાવીને પુરાણકથાના કથાનક પાસે બહુ મોટી છૂટ લીધી છે. ઐતિહાસિક અથવા તો પૌરાણિક નવલકથાકારો આવી છૂટ લે છે. લેવાનો અધિકાર હોઇ શકે પરંતુ જ્યારે એમણે કરેલા ફેરફારો કથાનકના પ્રસંગોમાં યર્થાથપણે પ્રયોજાઇને કૃતિનો પોષક નીવડે છે કે નહિ એ પાયાનો પ્રશ્ન બની જાય છે. મહાભારત કથાના અતિ મહત્વપૂર્ણ એવા ભીષ્મને જ્યારે પન્નાલાલ લગ્ન કરાવીને કુંવારાપણમાંથી બહાર લાવવાનો પ્રયત્ન કરે છે ત્યારે એમની સામે એક જબરદસ્ત ચેલેન્જ રહેલી છે. ભીષ્મના પાત્રાતેજને ઝીલવે એવી આ સ્ત્રી હોવી જોઇએ. પરંતુ માનવ જીવનની વાસ્તવિકતાનું હૂબહૂ ચિત્ર આપતાં અને માનવમનમાં ચાલતાં સૂક્ષ્મતમ્ ભાવતંતુના રેષાઓને પકડી પાડીને કૃતિમાં ઔચિત્યપણે વર્ણન કરી આપતાં પન્નાલાલ માટે આ સહજ બન્યું છે એમ લાગે છે. એક સૂક્ષ્મ નારી પાત્ર સર્જવામાં તેઓ સફળ રહ્યા છે. એમણે કૃતિના આરંભમાં સાત વસુઓ અને ધુ વસુની કાલ્પનિક કથા પ્રસંગને સ્વકલ્પેના બળે નિરૂપીને જિતવતીના પાત્રને કૃતિમાં પ્રવેશ કરાવ્યો છે. સખી ભાવના ઋણમાંથી મુક્ત થવાને અર્થે ધુ વસુની પત્ની અજાણે જ વશિષ્ઠની કામધેનુ ને ભેટમાં આપે છે. પોતાની કામધેનુને ધુ વસુઓએ ચોરી કરીને અન્યને દાનમાં આપી છે એમ લાગતાં જ વશિષ્ઠમુનિ ધુ વસુને શાપ આપે છે. જિતવતીને એમ લાગે છે કે: ધુ વસુને પોતાને કારણે જ શાપ મળ્યો છે આથી સ્વાભાવિક પણે એની લાગણી ધુ વસુ પ્રત્યે વળી જાય. જિતમા ઉત્પન્ન થયેલી આ લાગણી ધીમે ધીમે પ્રણય સંબંધમાં ફેરવાઇ જાય છે. પણ ફરી પાછી સર્જકે સામે એક પ્રશ્ન આવી ને ઊભો રહે છે. ધુ વસુ મનુષ્યરૂપે અવતરે ત્યારે તો જિતવતીના વૃધ્ધાવસ્થાએ પહોંચી જાય તો પછી બન્નેના લગ્ન થવા અશક્ય બની જાય. એટલે પન્નાલાલે નાયકના પાત્રને અનુરૂપ બનાવવા માટે ચમત્કારિક ઘટનાનો આશ્રય લીધો છે. જિતવતીને કામધેનુનું સ્તનપાન કરાવ્યું. તેથી નિત્યયૌવના બનેલી જિતવતી ભીષ્મનું પગેરું કાઢતી હસ્તિનાપુર જાય છે ને એને પ્રતીતિ થાય છે કે દેવવ્રતના રૂપે રહેલો આ ધુ વસુ છે ત્યારે એ એનાં પ્રણયના પવિત્ર બંધનમાં બાંધી લઇને પતિરૂપે સહર્ષપણે સ્વીકારી લે છે. કૃતિના આરંભમાંજ માંડણી કરતાં કરતાં પન્નાલાલની સર્જક શક્તિનો પરિચય મળી જાય છે.

ભીષ્મ અને જિતવતીને પરણાવ્યા પછી પન્નાલાલે આ પાત્રના માધ્ય દ્વારા ભીષ્મના અસત્ય અને અકળ એવા વલણને સત્ય બનાવવાનો પ્રયત્ન કર્યો છે. વિશાળ પટમાં ફેલાયેલી આ કૃતિમાં

૩૫. એજન, પૃ.

પ્રમુખ પાત્ર તરીકે ભીષ્મ છે. આ સિવાય જિતવતી, ધૃતરાષ્ટ્ર, કુંતી, ગાંધારી, દુર્યોધન, શકુનિ, યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, કૃષ્ણ, વિદુર જેવાં અનેક પાત્રો જોવા મળે છે

ભીષ્મના જીવનને કેન્દ્રમાં રાખીને રચાયેલી આ કૃતિ પાત્રપ્રધાન નવલકથા છે. ભીષ્મ નાભિપાત્ર હોવાથી આ પાત્રની આજુબાજુ કથાનક વિહરતું હોય એ સ્વાભાવિક છે.

કચ – દેવયાની

'મહાભારત' માં ગણ્યા-ગાંઠ્યા શ્લોકમાં નિરૂપાયેલી 'કચ-દેવયાની' ની કથાવસ્તુનો આધાર લઇને પન્નાલાલે 'કચ-દેવયાની' નવલકથાનું સર્જન કર્યું છે. મહાભારતના આ એક ગૌણ કથાવસ્તુને ત્રણસો પૃષ્ઠમાં વિસ્તાર્યું છે. પન્નાલાલે નોધ્યું છે કે આ કૃતિનું સર્જન કર્યું એ પહેલાનો સમય પટ વિસંવાદથી ભરેલા ઇ.સ.૧૯૮૧ પૂર્વેનો છે. આજના જગતમાં જૂઠ, દંભ, લોલુપતા તેમજ અહંકાર વગેરે પરાકાષ્ઠા એ પહોંચી ગયાં છે. આપણો સમય પણ આવો જ વિષમતા ભર્યો છે. પરંતુ પુરાણોને જોતાં એમણે એમ લાગ્યું છે કે: આ પ્રશ્ન માત્ર હમણાંનો નથી. પુરાણકાળમાંય આવો સમય હતો. ત્યારે વિસંવાદમાંથી સંવાદ રચવાની અનેક તકો સામે આવી હોવા છતાં સંવાદ રચવા તરફ દુર્લક્ષ્ય સેવાયુમ હતું. એવી એક તક 'કચ-દેવયાની' ના જીવનની હતી. આ કૃતિના સર્જનનું બીજુ કારણ એ છે કે: ભાવનામય જીવન દષ્ટિને જીવનના એક સત્ય તરીકે અપનાવાઇ રહ્યું હતુ. આજેય કચ અને દેવયાનીની બાબતમાં કચના વર્તનને જ અભિવંદવામાં આવે છે. મોટા ભાગના વિધ્વાનો તો દેવયાનીના પ્રેમને ઊતારી પાડતા ઘરાર કહે છે: દેવયાનીનો પ્રેમ સાચો પ્રેમ હતો જ નહી; નહિ તો એણે કચને શાપ આપ્યો ન હોત. પન્નાલાલ આવા વિધ્યાનોની સામે જઇને એમ કહે છે કે: દેવયાનીએ કચને 'શાપ' આપ્યો જ નથી દેવયાની તો કચ આગળ સત્ય ઉપર સ્થાપિત એવી હકિકત કહે છે. 'હે કચ, ધર્મ અને કામાર્થે હું તારી યાચના કરું છું. તું એનો અનાદર કરીશ તો તારી આ સંજીવની વિદ્યા તને સિધ્ધ નહિ જ આપે.' દેવયાનીના પાત્રને વિધ્વાનોએ અન્યાય કર્યો છે. પરંતુ પન્નાલાલ એમ માને છે કે: કચ કરતાં દેવયાની સત્યની વધારે નિકટ હતી.

ઇન્દ્રનો સારથિ માતાલિ કચને શૂકાશ્રમના પટાંગણમાં છોડીને ચાલ્યો જાય છે અહીંથી કથાની શરૂઆત થાય છે. અને શુકાશ્રમમાંથી 'સંજીવનીવિદ્યા' લઇને સ્વર્ગે પાછા જાય છે ત્યાં કથાનો કરુણાન્ત છે. દાનવલોકમાં રહેવાનો અને સંજીવની પ્રાપ્ત કરીને સ્વર્ગમાં ગમનનો સમયકાળ આ કૃતિના કેન્દ્રમાં છે.

ભૃગુવંશ અને અંગિરાવંશ આ બે વંશ વચ્ચેનો વિસંવાદ એટલે સ્વર્ગ અને પૃથ્વી વચ્ચેનો વિસંવાદ છે એમ કચની સ્વગતોક્તિ સંવાદમાં સ્વાત્ થાય છે. અસૂરોને સાચી ઓળખાણ ઓળકાણ આપ્યા વિના પોતાનો માર્ગ સર કરતો શુકાશ્રમમાં પ્રવેશ કરે છે. દેવયાની ને કચ ની પ્રથમ મુલાકાત થાય છે. દેવયાનીના રૂપ-સૌદર્ય જોતા જ કચ પામી જાય છે કે: આ શુક્રતનયા જ છે.

'શુક્રપુત્રી દેવયાનીનું સૌદર્ય મોહક જ નહિ, દાહક છે. તારા સિવાય કોઇ પણ પુરુષ એની સમીપ ટકી શકવા સમર્થ નથી.'[૧]

દેવયાનીના રૂપ સૌદર્યથી પ્રભાવિત થયેલા કચને ઇન્દ્રની ચેતવણીનું સ્મરણ થાય છે અને બીજી બાજું એને 'મહાદેવ-પાર્વતી' નાં જીવનનો એક પ્રસંગ યાદ આવે છે. પન્નાલાલે કચના હૃદયને પકડીને એના મનમાં ઉદ્ભવેલી લાગણીઓને તાગવાનો પરિવેશ અહીં રચ્યો હોય એમ લાગે છે. મૂળ કથાનકના પ્રવાહમાં આડકથાનો પ્રયોગ કરીને કચના હૃદયમાં દેવયાની પ્રત્યે જન્મેલી લાગણીને

૧. કચ-દેવયાની, લે. પન્નાલાલ પટેલ, પ્રકા.વર્ષ ૧૯૮૧, પ્ર.આ. પૃ.૬

અભિવ્યક્ત કરી છે. ઉમાના રૂપલાવણ્યથી અતિ પ્રભાવિત થયેલા શિવે ઉમાને દર્શન આપવાની 'ના' પાડી હતી કારણ કે શિવ ઉમા પ્રત્યે આકર્ષિત થયા હતા. એનું રૂપ આંખો સામે હોય તો એ સ્થિતિ એમને માટે અસહ્ય બની જાય છે. ઉમા ય શિવથી એક ડગ આગળ વધે એવી મહત્વાકાંક્ષી યુવતી હતી. એ શિવને પ્રભુરૂપે જ નહી પતિરૂપે મેળવવાનો મક્કમ નિર્ધાર કરીને આવી હતી. અને એ શિવને મેળવવામાં સફળ થાય છે. અહીં દેવલોક ને માનવલોક વચ્ચેનો સંવાદ સ્થપાયો છે. કચની સ્થિતિ ય શિવના જેવી જ છે. એક તરફ દેવયાનીનું અનુપમ સૌદર્ય ને બીજી તરફ ઇન્દ્રની ચેતવણી. આ બે પરિસ્થિતિ વચ્ચે કચ ભીંસ અનુભવે છે. અહીં આડકથાનો વિનિયોગ દ્વારા કચના હૃદયમાં ઉત્પન્ન થયેલી લાગણીને આકારિત કરવાનું લક્ષ્ય સંધાયું છે.

યુવાન-યુવતી વચ્ચે તારામૈત્રક રચાય તો બન્નેના હૃદયમાં લાગણીઓ જન્મે એમ જ અહીં કચ જ નહી દેવયાની પણ કચને જોઇને પ્રભાવિત થઇ જાય છે. કચના આગવા વ્યક્તિત્વ અને એનાં સંસ્કારથી અંજાઇ ગયેલી દેવયાની એના પ્રણય નીચે આવી જાય છે.

મૂલકથામાં બનતી ઘટનાઓને લેખકે ઊલટા ચુલટી મૂકીને કથારસને જાળવી રાખવા માટે ફ્લેશબેક પધ્ધતિનો ઉપયોગ કર્યો છે. દેવો ને દાનવો વચ્ચે વારંવાર યુધ્ધ થાય છે. દાનવોના ઉધ્ધારક શુક્રાચાર્યની સંજીવનીવિદ્યા પ્રતાપથી અસુરો દેવોને અવારનવાર હેરાન કરે છે, કેટલીક વાર હરાવે છે. દાનવોના મહાત્રાસમાંથી મુક્તિ મેળવવા દેવગણની મંત્રણા થાય છે. દાનવગુરૂ શુક્રાચાર્ય પાસેથી સંજીવનીવિદ્યાને પ્રાપ્ત કરી લેવામાં આવે તો જ અસુરોને મહાત કરી શકાય. પરંતુ એ એટલું સહેલું કાર્ય ન હતું. શુક્રાચાર્ય પાસેથી સંજીવની મેળવવી એ તો લોખંડના ચણા ચાવવા જેવું દુષ્કર કાર્ય હતું. એમના સામે એક જ માર્ગ હતો. શુક્રાચાર્યને દેવયાની અતિપ્રિય હતી. જો દેવયાનીને પ્રસન્ન કરી લેવામાં આવે તો 'સંજીવની વિદ્યા' મેળવી શકાય. અતિ સ્વરૂપવાન એવી દેવયાની ગુણવાન પણ હતી એનું હૃદય જીતવું એ પણ દુષ્કર કાર્ય હતું. દેવ અને દાનવમાં કોઇપણ પુરુષ એની આગળ મસ્તક નમાવી દે છે. પન્નાલાલે ઉપરનો પરિવેશને સર્જી કચ અને દેવયાનીના પાત્રોના વ્યક્તિત્વને પરોક્ષ કથન પધ્ધતિથી અસરકારક રીતે ઉપસાવી આપવાનો પ્રયત્ન કર્યો છે. દેવો ને દાનવો દેવયાનીના રૂપને જીરવી શકે એમ ન હતા. ત્યાં ઇન્દ્રને એક માત્ર 'કચ' નું સ્મરણ થાય છે. એજ એક એવી વ્યક્તિ છે જે દેવયાનીના રૂપને જીરવી શકે. અહીં આ પાત્ર અન્ય પાત્રોથી નોંખું બનીને પ્રત્યક્ષ થાય છે.

દેવયાનીને પ્રથમ દૃષ્ટિએ જોતાં કચના હૃદય પર જન્મેલી લાગણીને સર્જકે આમ વર્ણવી છે.

'કચના હૃચયમાંથી નિશ્વાસ નીકળી પડયો. એ એક આસન ઉપર જઇ બેઠો. પોતાની નજર સામે દેવયાનીનું ઘડી પહેલાનુમ જાજરમાન સ્વરૂપ ખડું કર્યું. ઝૂલ ભર્યો રંગબેરંગી પાનીઢંક ચણિયો, ઉપર ખોસેલા પવનની કોઇ લહર સરખી ભાતિક ઓઢણી, પૂર્ણચંદ્ર સરખું તસતસતું ઉદર, ઊંડી નાભિને એની ઝબૂંળીને રહેલા કમળની કળી સરખા પયોધર! મઘમઘ એવા પ્રસાધનોથી સોહાયેલાં હોઠકપોલને તલપુર લાંબી નાસિકા ઉપરાંત કાજળ આંજેલ નયન ને વળી પલકે પલકે યૌવન મસ્તી સુંદરતાની છોળ ઉડાડી રહ્યાં હતા.'[૨]

---

૨ એજન પૃ.૬

દેવયાનીના પાત્રનું નખશિખ શબ્દચિત્ર પન્નાલાલે આપ્યું છે. કચની સામે સંઘર્ષભરી સ્થિતિનુમ સર્જન કરીને કચના હૃદયના ઊડાણને તાગવાનો પ્રયાસ પન્નાલાલે કર્યો છે. એક બાજું ઇન્દ્રે સોપેલી જવાબદારી છે ને બીજી બાજું હૃદયમાં ઉત્પન્ન થયેલી લાગણી છે. કચ લાગણીના પ્રવાહમાં તણાવવાને બદલે આદર્શવાદના પ્રવાહમાં તણાઇને હૃદયમાં ઉત્પન્ન થયેલા એ ઉર્મિભર્યા ભાવોને દબાવીને ઇન્દ્ર સોંપેલી જવાબદારી પૂર્ણ કરવા માટે સભાન બણી જાય છે. એટલે જ એ દેવયાનીને 'સખી' ને બદલે 'દેવી' કહે છે. પ્રથમ મિલને જ કચ પ્રત્યે આકર્ષાયેલી દેવયાની હૃદયની ભાષાને અનુસરીને નિખાલસતાથી કચને કહે છે કે: હું તને શિષ્ય નહિ મિત્ર ગણીશ. અહીં કચના જેવો દંભ દેવયાની આચરી શકે એવી નથી. એથી જ કચ કરતાં દેવયાનીનું પાત્ર એની સાહજિકતાથી ઊઘડે છે. કચના મનના ભાવો ને પામી ગયેલી દેવયાની પિતા-આગળ એની રજુઆત કરે છે. શુક્રાચાર્ય પુત્રીને પરા-અપરા પ્રકૃતિનું જ્ઞાન આપીને સમજાવી લે છે.

દેવયાનીને શુક્રાચાર્ય વચ્ચેના સંવાદો દ્વારા પન્નાલાલે પાછળ બનતી ઘટનાઓ માટેનું વાતાવરણ ઊભું કરી આપ્યું છે. કચ ચોસઠકળામાં વિશારદ છે તો દેવયાની પણ ચિત્ર, સંગીત, નૃત્ય ને નાટ્યકળામાં નિપૂર્ણ છે. એક સરખાં ભાવવિશ્વો ધરાવનાર નાયક-નાયિકા સ્વાભાવિકપણે એકમેકની નિકટ આવે ને એમના વચ્ચે મૈત્રી સર્જાય. કચ અને દેવયાનીને નિકટ લાવવાનો માર્ગ અહીં રચાયો છે. દેવયાનીના કેટલાંક ચિત્રોમાં આછેરો લસકો કે થોડો સુધારો કરીને કચ એ ચિત્રોને અદ્‌ભુત બનાવી આપે છે. એની આ કળાથી દેવયાનીના હૃદયપર એ વિલસવા લાગે છે.

ચિત્રશાળામાં કચ-દેવયાની વચ્ચેના વાર્તાલાપમાં 'શર્મિષ્ઠા' નું પાત્ર પ્રવેશ પામે છે. 'દેવયાની-યયાતિ' શીર્ષકની બીજી નવલકથાનું બીજ આપણને આ સંવાદમાં જોવા મળે છે.

'મુખ્યત્વે તો હું ને શર્મિષ્ઠા બંને જણા મળીને જ નક્કી કરીએ છીએ. સામાન્ય રીતે જે વિષયમાં એકને રસ ન હોય એ વિષય બીજું પણ લેતું નથી.'

'એનો અર્થ એમ પણ ખરો ને કે તમારી ને શર્મિષ્ઠાની વચ્ચે સતત સ્પર્ધા ચાલ્યા કરતી હોય? કચની આંખો હસતી હતી.

'ના, રે' [3]

નવલકથાકારે દેવયાની અને કચને નિકટ લાવવા માટે એક પછી એક એવા પ્રસંગોનું નિર્માણ કરીને બન્ને પાત્રો વચ્ચે આકર્ષણ ભાવને પરાકાષ્ઠા તરફ લઇ જવાનો પ્રયાસ કર્યો છે. સામાન્ય એવી ઘટનાઓથી આ બન્ને પાત્રો વચ્ચે અપાર આકર્ષણને જન્માવીને એવો વિકાસ કરીને કથાને સ્વાભાવિકતાથી અભિવ્યક્ત કરે છે ત્યારે કથા પ્રતીતિકર રીતે આવતી હોય એમ લાગે છે.

દેવયાનીનો પડચો બોલ ઝીલવા હમેંશા તત્પર કચને દેવયાનીએ સંગીત, નૃત્ય માટે નવા ભવનની રચના કરવાનું કહ્યું. નવા ભવનનો નકશો બનાવીને કચે નવા ભવનનું કાર્ય આરંભી દીધું. અહીં કચ-દેવયાનીના પ્રેમને પૃષ્ટ કરવા માટે પન્નાલાલે ઉન્માદપ્રેરક પ્રકૃતિના વર્ણનને ઉપાદાન તરીકે પ્રયોજ્યું છે.

"એક દિવસ દેવયાની તથા કચ ઉપવનમાં બેઠા હતા. આકાશમાં પૂર્ણચંદ્ર ખીલયો હતો. ચારે બાજુ દૂધમલ ચાંદની વિસ્તરી રહી હતી. આસપાસની વૃક્ષ ઘટા ચાંદનીમાં ચમકતી હતી. પવનમાં

3. એજન પૃ ૩૬

ઝોલાં ખાતીને તેજલે જાણે ઢુલાવતી હતી."[૪]

કચમુનિ શુકાશ્રમમાં ચોક્કસ એવા ધ્યેયને પામવા માટે આવેલો છે. ત્યારે દેવયાની તો ઇચ્છે કે: કચ પોતાના પ્રેમનો સહર્ષ સ્વીકાર કરે. પરંતુ એને તો દેવયાનીમાં નહી. સંજીવની વિદ્યામાં જ રસ હતો. એ સંજીવની વિદ્યાને પ્રાપ્ત કરવા માટે જ પોતાના પર સંયમ રાખીને દેવયાનીને પ્રિયતમા ને બદલે 'ગુરૂપુત્રી' તરીકે સ્વીકારે છે. કચના આવા વર્તનને દેવયાની એમ માને છે કે: ગુરૂવચને બંધાયેલો હોવાથી જ એ આમ વર્તે છે.

કચે નિર્માણ કરેલા ચિત્રશાળાના ભવથી પ્રસન્ન થઇ ઊઠેલી દેવયાની એના ગીતને સાંભળે છે ત્યારે એની પ્રસન્નતા બેવડાઇ જાય છે. એ એનાં ગીતમય બની જાય છે. પન્નાલાલનું સર્જનસત્ય અહીં સુપેરે ઘડાયેલું દેખાય છે.

'કચના કંઠમાંથી વહેતી કોઇ મધુરતા કાન ઉપર પડતાં જ દેવયાની જાણે કોઇ મોહકતામાં ભરાઇ બેઠી. આટલા જીવનમાં એણે અનેકાનેક મોરલીઓ સાંભળી હતી. કિન્નરીઓના કંઠ પણ એના માટે નવાઇના ન હતા. વસંતકાળે આશ્રમ ફરતી કોયલોના ટહુકા જાણે પથરાઇ રહેતા. મોરની કેકા કે ગગન ગજવતા સારસબેલડીના ટહુકા સુધ્ધાં સદાયના હતા. પણ એક પુરુષનો - મનુષ્યનો કંઠ આવડો મધુર હોઇ શકે છે એનો ખ્યાલ તો આજે જ એને પહેલી વાર આવતો હતો."[૫]

અનેક નવલકથાઓમાં પન્નાલાલ સર્જિત અથવા તો લોકહૃદયમાં વસેલ એવા લોકગીતનો પોતાની કૃતિઓમાં સમર્થ રીતે મૂકી આપનાર લેખકે અહીંયા કચના મુખે નીચેનું ગીત મૂકી આપ્યું છે.

'નભમાં કોઇકે કળા કરેલી, રંગરંગની છબી ઘડેલી!'

એક વછેરી તરવરતી, કાંઇ ઠણઠણતીને ડાબલા ઠોકતી.. નભમાં. '

દેવયાનિને પશ્ન થાય છે કે: આ 'વછેરી' કોણ હશે? એ તો પોતાને અભિપ્રેત એવો 'પ્રતીક' અર્થ કાઢે છે. કચે કહ્યું કે: અશ્વશાળાના અશ્વને જોયા પછી આ ગીત હૃદયમાં ઉદ્ભવ્યું હતું. છતાંય દેવયાની તો 'વછેરી' એ પોતાને જ માટે મુકાયેલો શબ્દ માનીને એ પ્રવાહમામ તણાંવા લાગે છે.

કચના આગમન પછી વધુ વખત આશ્રમમા જ કાઢે છે. એમાંય ચિત્રશાળાના ભવનનું કામ ચાલુ હોવાથી એ આશ્રમ બહાર જઇ શકતી નહોતી. આથી એની સખી શર્મિષ્ઠા દેવયાનીમાં આવેલા પરિવર્તનની નોંધ લેવા માંડી. કચની પ્રતિભાથી અતિ પ્રભાવિત્ થયેલી દેવયાની શર્મિષ્ઠા આગળ ચિત્રશાળાના નવા ભવનની પ્રશંસા કરતા થાકતી ન હતી. આથી શર્મિષ્ઠાને અણગમો થાય છે. અને કુતૂહલ જન્મે છે કે: એવુંતે કેવું ભવન બનાવ્યું છે કે જેની પ્રશંસા દેવયાની કર્યા કરે છે.

કચે સર્જેલા ચિત્રશાળાના ભવનનુ માટા પાયા પર ઉદ્ઘાટન કરવા માંગતી દેવયાની દેવો ને દાનવો વચ્ચે ચાલતા યુધ્ધને કારણે ઉદ્ઘાટન કરી શકતી નથી. અહીં પાત્રોના વ્યક્તિત્વોને ઉપસાવવા જીવંત લાગે તેવા સંવાદોનું માધ્યમ લેખકે સ્વીકાર્યું છે.

"શર્મિષ્ઠા ઘૂઘવી ઊઠી. મોટી મોટી આંખો કાઢતાં બોલી: 'તો દાનવો પણ ક્યાં હાથ જોડીને બેસી રહ્યા હતા? દેવો દાનવોના દાંત ખાટા કરી નાંખશે તો દાનવો એમની બત્રીસેય દાંત એક સામટા પાડી આપશે."

૪. એજન પૃ.૪૩

૫ એજન પૃ.૪૮

'હારતો.' દેવયાનીએ ટૂંકમાં જ પતાવ્યું. એના માટે પણ મુશ્કેલી હતી. એ પોતે ન તો દાનવ પક્ષે હતી કે ન એ દેવોના પક્ષમાં હતી. એક વાર એણે યુધ્ધની વાત નીકળતાં પિતાજી આગળ કહ્યું હતું: 'પિતાજી, તમે હવે એવી કોઇ વિદ્યા મેળવો ને કે પૃથ્વી ઉપર યુધ્ધના બદલે સંવાદ જ સ્થપાઇ રહે.'[૬]

શર્મિષ્ઠા અને દેવયાની બે વિરોધાભાસી વ્યક્તિત્વ ધરાવે છે. શર્મિષ્ઠામાં હિંસાત્મક વૃત્તિ છે તો દેવયાનીમાં શાંતિ અને પ્રેમની ખેવના છે. પન્નાલાલે 'દેવયાની-યયાતિ' કૃતિની ઉપયોગી એવી ભૂમિકાને અહીં મૂકી આપી છે.

ઇર્ષાભાવથી પ્રેરાઇને દેવયાનીના નવા ભવનના ઉદ્ઘાટનમાં આવેલી શર્મિષ્ઠા દેવયાની બદલાયેલા તેવરને સૂક્ષ્મતાથી અવલોકે છે. "શર્મિષ્ઠાની નજર અત્યારે સતત દેવયાનીની ઉપર હતી. ખાસ તો એ દેવયાનીના હાવભાવ, મોં ઉપરના ભાવો તેમજ એનાં સૂરમાં રહેલા હર્ષભર્યા રણકાની નોંધ લેતી હતી. એના મનને થતું હતું. બ્રાહ્મણની આ પુત્રીને મેં આ પહેલાં ભાવે જ કદી આવળા મોટા ઉત્સાહમાં જોઇ હશે. એણે અત્યારે વસ્ત્રપરિધાન તેમજ પ્રસાધન પણ એવાં મનોહર કર્યાં છે કે પોતાના કોઇ સ્વજનનો લગ્નોત્સવ ન માંડ્યો હોય?[૭]

પન્નાલાલની સર્જક પ્રતિભાનું કૌશલ અહીંયા જોવા મળે છે. દેવયાનીના હૃદયમાં રહેલો કચ પ્રત્યેનો સ્નેહભાવ અને શર્મિષ્ઠાનો ઇર્ષાભાવ સાહજિકતાથી અહીં ગૂંથાયો છે. આ બંને સ્ત્રીપાત્રોના ભાવિ જીવનનાં મૂળ અહીં ઉદ્ભવે છે.

ચિત્ર, સ્થાપત્ય અને ગીત કલામાં પોતાની પ્રતિભાને બહાર લાવતો કચ હારગૂંથણીમાં ય પોતાનું કૌશલ દેખાડે છે. કચને હાથે ગૂંથાયેલો હાર એ ગુરૂને પહેરાવે છે ત્યારે એને છાતી સરસો ચાંપવાની ઇચ્છાને દેવયાની દબાવી દે છે. કચ પ્રત્યેના સ્નેહભાવને આ પ્રસંગે પ્રગટ કર્યો છે.

અત્યાર સુધી દેવયાનીના ભવન માટે શર્મિષ્ઠા કહેતી કે: 'કેવા મોર ટાંક્યા છે? પરંતુ ભવનને જોતાં જ શર્મિષ્ઠા અચંબામાં પડી જાય છે આખરે એ પણ એક કલાકાર હતી.

કચને જોતાં જ શર્મિષ્ઠા કોઇ અન્ય પ્રકારની લાગણી અનુભવે છે. સંવાદોમામ શર્મિષ્ઠાની ઇર્ષાભાવનો વ્યાપ વધતો જતો અનુભવાય છે. કચને નાણી જોવા માટે એણે સહજતાથી પૂછ્યું : તમે કઇ કઇ કળાઓ જાણો છો. ને કોના પાસે મેળવી? સંઘર્ષ ભરી સ્થિતિ કચની સામે સર્જતા એ સભાનતા કેળવીને ઉત્તર આપતા કહ્યું : 'કળા શીખવનાર કરતાં શીખનાર પર વિશેષ ભાર રહેલો છે. પોતે ચોક્કસ ધ્યેય સાથે આવ્યો હોવાથી જ્યાં જ્યાં કટોકટીભર્યા સંજોગો ઊભાં થાય છે ત્યાં કોઇપણ પ્રકારની લાગણીમાં તણાયા વિના સભાનતાથી, સ્વસ્થતાથી, કુશળતાથી જવાબ આપે છે.

કચના પ્રભાવ નીચે આવેલી શર્મિષ્ઠાની ઇર્ષા દેવયાનીને એની નિકટ જોતાં જ બળવત્તર બને છે. બન્ને વચ્ચે ઉગ્ર બોલચાલીઓ થવા લાગી અને તીરાડ પડવા લાગી. દેવયાની શર્મિષ્ઠાના મનોભાવોને પામી ગઇ હતી.

પન્નાલાલે કચ અને દેવયાની પાસે 'સત્યવાન-સાવિત્રી' નાટક કરાવીને આ પ્રયુક્તિ દ્વારા દેવયાનીને કચની વધારે નિકટ લાવી મૂકી છે. દેવયાની સાવિત્રીમય બની જાય છે ને કચ સત્યવાન બની જાય છે. દેવયાનીના હૃદયમાં રહેલો કચ પ્રત્યેનો સ્નેહભાવ ધીમે ધીમે પરાકાષ્ઠા તરફ ગતિ

---

૬ એજન. પૃ ૬૦

૭. એજન. પૃ.૬૯

કરતો જાય છે. દેવયાનીના ઉત્કટ અભિનયને જોઇને શર્મિષ્ઠાને પૂર્ણપણે ખાતરી થઇ જાય છે કે: દેવયાની કચને ચાહે છે. આથી જ એ પ્રથમ દૃશ્યના અંતે દાસીઓને કહ્યું કે:

'આ નાટકમાં દેવયાની અભિસારિકા હતી કે અભિનેત્રી હતી એ મને શોધી આપો.

પન્નાલાલે કથાના ભાવજગતને નાટ્યવ્યંગના માધ્યમથી સમર્થરીતે ઉપસાવી આપ્યું છે

સત્યવાન એકવર્ષ પછી મૃત્યુ પામવાનો છે એમ જાણવા છતાંય સત્યવાન સાથે લગ્ન કરવાની જીદ સાવિત્રી લઇને બેસે છે. અને એ સત્યવાન ને પરણે છે. નાટકના આ દૃશ્ય અને યમરાજ પાસેથી સત્યવાનના પ્રાણ લઇને પાછા ફરે છે એ દૃશ્ય દેવયાની અતિ ઊર્મિમય બનીને ઉત્કટ અભિનય કરે છે. દેવયાની કચને પ્રિયતમ તરીકે નહિ પરંતુ પતિ તરીકે ભજવા લાગી છે એ સ્પષ્ટ દેખાય છે નાયિકાના પ્રણયનો ક્રમશ: વિકાસ કરાવવા માટે પન્નાલાલે અહીં 'સત્યવાન-સાવિત્રી' નાટકનો વિશિષ્ટ રીતે વિનિયોગ કરીને કચ અને દેવયાનીના હૃદયના ઊંડાણમાં રહેલા અગોચર ભાવવિશ્વને એમની ક્રિયાઓ દ્વારા અભિવ્યક્ત કરી આપ્યું છે.

નાટક પૂર્ણ થયા પછી કચ અને દેવયાની ચિંતનમાં, અને વિચારોમાં ખોવાય જાય છે. અહીં લેખક પાત્રો પાસે ચિંતન અને વિચારો કરતાં વર્ણવીને કથાને રસપ્રદ બનાવે છે. દેવયાનીને યમવાળું દૃશ્ય અને કચને પ્રથમ મિલનનું દૃશ્ય દેખાય છે. શા માટે દેવયાનીને યમવાળુ ને કચને પ્રથમ મિલનનું જ દૃશ્ય દેખાય છે? પન્નાલાલના ચિત્તમાં દેવયાનીના જીવનમાં આવનારી દારુણ ઘટનાનું ચિત્ર ઊભું હશે. એ ઘટનાના અંકોડા અહીં મૂકાયા છે.

કચ અને દેવયાની આ બન્ને પાત્રોની હૃદયસ્થિતિને આમ વાચા આપવામાં આવી છે.

"જે સ્થિતિ કચની હતી એવી જ લગભગ દેવયાનીની હતી. નાટિકામાં બંને જણાં હૃદય અને મનથી પણ એટલી હદે નજીક આવી ગયાં હતાં કે દેવયાનીને લાગતું હતું કે પહેલાનો વહેવાર શરૂ કરીને મન અને હૃદયને સમજાવી દેવું જોઇએ કે પેલી નિકટતાં તો માત્ર નાટક પૂરતી જ હતી."[૮]

પન્નાલાલે એક તરફી પ્રણયભાવને નિરૂપવાનું ટાળીને બન્ને બાજુએ પ્રેમભાવને ઉદ્દિપ્ત કરાવી આપ્યો છે. ધ્યેય અર્થે આવેલો કચ દેવયાની સામે પોતાના મનોભાવોને અભિવ્યક્ત કરવામાં નિષ્ફળ જાય છે. જ્યારે દેવયાની તો હૃદયમાં ઉદ્ભવેલા પ્રણય ભાવોર્મિને સહજતાથી કહી દે છે: 'સખા, તું મને ન કહે તો પણ હું કેટલુંક તો સમજી શકુ છું ! આખરે તો તું-.

દેવયાની કશુંક કહેવા જતી હતી પણ તરત જ વિચાર બદલી નાંખ્યો ચુખાસનનો ટેકો છોડી ટટાર થતાં કહ્યું: 'પ્રિયે, હું તને ટૂંકમાં જ કહીશ: મને તો ત્યાં સુધી વહેમ પડયો છે કે ગયા ભવમાં તું ને હું સત્યવાન-સાવિત્રી હોઇએ પણ ખરા.'[૯]

હૃદયમાં ઉત્પન્ન થયેલા ભાવોને નિખાલસતાથી દેવયાની કચને કહી સંભળાવે છે. અહીં કચના પાત્ર કરતાં દેવયાનનું પાત્ર વધારે સારી રીતે ઉઘડયું છે. દેવયાની હૃદયભાવની ભાષાને સારી રીતે સમજ્યો હોવા છતાં 'બબૂચક' ની જેમ ઊભો રહે છે. અહીં લોકભાષાનો શબ્દ વિશિષ્ઠ અને સમર્થ રીતે લેખકે પ્રયોજ્યો છે. કચની મૂર્ખાઇ કરતાં લુચ્ચાઇ લેખકને અભિપ્રેત હોય એમ લાગે છે. ચિત્ર,

---

૮. એજન. પૃ ૧૪૦

૯ એજન . પૃ.૧૪૧

સ્થાપત્ય, અભિનય, ગીત અને હવે સંગીતકલાનો વિનિયોગ કચ પાસે કરાવીને એની બહુમુખી પ્રતિભા ઉપસાવવામાં પણ લેખક સફળ રહ્યા છે.

'મહુરવી' નામા વાજિંત્રને સજીને કચ એને વગાડતો હોય છે. ત્યાં વાજિંત્રના મધુર નાદથી પ્રેરાયેલી શર્મિષ્ઠા અને એની દાસી કચ પાસે જાય છે. શર્મિષ્ઠા 'મહુરવી' ના જેવું બીજું વાજિંત્ર બનાવી આપવાનો અનુરોધ કરે છે. પણ કચ તો અનુત્તર રહ્યો. શર્મિષ્ઠા એમ માને છે કે: કચ પરાધીન અવસ્થામાં હોવાથી બીજું વાજિંત્ર બનાવી આપવા માંગતો નહીં હોય.

શર્મિષ્ઠાથી છુટો થયેલો કચ આશ્રમમાર્ગે જાય છે. અહીં પ્રકૃતિ વર્ણનમાં પન્નલાલે જાણે અમના પરિવેશને ગૂંથ્યો છે.

"સાંજ ઢળી ચૂકી હતી. વાદળ ભર્યા આભથી સંધ્યા નહિ પણ વર્ષા જાણે કે સોળે કળાએ ખીલી હતી. શુક્રાશ્રમની ચારે પાથી મોરની કેકાઓ ઊઠતી હતી. ભૂલી ભટકી કોયલો પણ વચ્ચે કોઇવાર ટહુકી જતી. પવન સુધ્ધાં રમતિયાળ લાગતો હતો ને ગેલમાં આવી વૃક્ષો ઉપર ગોટિંબડાં ખાતો અનંતના પંથે વહયે જતો હતો."[૧૦]

કચે બનાવેલા નવીન વાજિંત્રના સૂરથી પ્રસન્નતા અનુભવતી દેવયાની અહીં ફરી એકવાર કચને આલિંગન આપવા તત્પર બની ઊઠે છે. પણ એ એમ કરતાં અટકી જાય છે. આલિંગન આપીને કચની પ્રતિજ્ઞા તોડવા માંગતી ન હતી. અહીં દેવયાની વર્તનની ઉદાત્તતા અને ઝાઝું ગૌરવ અપાવે છે એ વાજિંત્ર કચ દેવયાનીને ભેટમાં આપે છે. સ્વાભાવિક રીતે જ શર્મિષ્ઠાને આ વ્યવહાર ખૂંચે છે. એનાં મનમાં રહેલો ઇર્ષાભાવ વધુ પ્રજ્વલિત થાય છે. કચ પાસે 'મહુરવી' મેળવવામાં નિષ્ફળ રહેલી શર્મિષ્ઠા દેવયાની દ્વારા વાજિંત્ર મેળવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ અહીં પણ એને નિષ્ફળતા મળતા એનો અહમ્ ઘવાય છે.

ચોસઠકલામાં નિપૂણ અને અનેરા તેજથી તપતો કચ દેવયાનીને ત્યાં કેમ આવ્યો હશે? દેવયાનીની ગાયો ચરાવવા? શર્મિષ્ઠાના મનમાં ઉઠેલી શંકાનું સમાધાન કરવા પોતાની દાસીને તે ગુપ્તચર તરીકે આશ્રમમાં મોકલે છે.

દેવયાની કચના 'મહુરવી' માટે નાનકડો ઉત્સવ યોજીને કચની કળાનુમ બહુમાન કરે છે. અહીં દેવયાની અને શુક્રાચાર્યને સુંદર પુષ્પમાળા કચ પહેરાવે છે. આ પ્રસંગે દેવયાનીના મનમાં પ્રબળ ઉત્તેજના વ્યાપે છે. આ સૂક્ષ્મ ભાવોને પન્નાલાલે કુનેહપૂવર્ક નિરૂપ્યા છે.

"કચે દેવયાની તરફ પગ ઉપાડ્યો. દેવયાની આસન ઉપરથી ઊભી થઇ ગઇ. એના મનને તો ખૂબ જ હતું કે બાજુના કરંડિયામાંથી એક માળા લેતીકને પોતે પણ કચને આરોપવી એનો અર્થ સમાજની દષ્ટિએ શો થાય છે એ વાત દેવયાની સારી રીતે સમજતી હતી."[૧૧]

કચ અત્યાર સુધી શુક્રાશ્રમમાં રહ્યો ત્યાં સુધી કોઇપણ અસૂરને ખબર ન હતી કે એ બૃહસ્પતિનો પુત્ર છે. પરંતુ મહુરવીના ઉત્સવમાં કચ બૃહસ્પતિનો પુત્ર છે એ વાત શુક્રાચાર્ય કહે છે. શર્મિષ્ઠાની ગુપ્તચર આ સાંભળતા સમાચાર આપવા દોડી જાય છે. શુક્રાચાર્ય જાહેર ઉત્સવમાં કચ

---

૧૦. એજન. પૃ ૧૫૫

૧૧. એજન. પૃ.૧૬૭

બૃહસ્પતિનો પુત્ર તરીકે એની પ્રસન્નતા કરે છે. છતાંય શર્મિષ્ઠાની ગુપ્તચર 'કચની આ ગુપ્ત માહિતી આપવા દોડે છે.' જે રહસ્યસ્ફોટ જાહેરમાં થયો હોય એને 'ગુપ્ત' માહિતી કહેવી કેટલેક અંશે વ્યાજબી ઠેરવી શકાય? અને આ ગુપ્ત જ માહિતી હોય તો આકુલા દ્વારપાળને પણ કઇ રીતે કહી શકે? ત્યાં પણ ગુપ્ત માહિતીની ગુપ્તતા જળવાતી નથી.

અસુર અધિષ્ઠાતા શુક્રાચાર્યના તેજ અને એમના વ્યક્તિત્વથી સુપરિચિત એવો વૃષપર્વા શુક્રમુનિને જાણ ન થાય એ રીતે અસુરોનું ગુપ્ત મિલન ગોઠવીને 'રાહુ' ને જાસુસી કાર્ય સોંપે છે. રાહુએ થોડાંક સમયમાં કચની સાચી માહિતી લાવી આપતા વૃષપર્વાને કહ્યું: 'બૃહસ્પતિપુત્ર કચ સંજીવનીવિદ્યા અર્થે આવ્યો છે.' વૃષપર્વા જ નહિ સઘળાં અસુરો જાણતાં હતા કે: દેવોને હંફાવવા કે એમણે યુધ્ધમાં પરાજય આપવા માટે શુક્રાચાર્યની સંજીવની વિદ્યાનું મોટું યોગદાન હતું. જો સંજીવની વિદ્યા દેવો પાસે જતી રહે તો દેવો સામેના યુધ્ધમાં નિષ્ફળતા જ મળે. આથી એ કોઇપણ ભોગે સંજીવની વિદ્યાને બચાવવા કટિબધ્ધ થાય છે. અહીંયા સંઘર્ષાત્મક સ્થિતિનું નિર્માણ થાય છે. સંજીવની વિદ્યાને બચાવવી તો છે. અસૂરો શુક્રમુનિનો કોપ સમગ્ર અસૂર જાતિ ઉપર ઉતારવા માંગતા ન હતા. પરંતુ આ સિવાય એમની પાસે અન્ય કોઇ માર્ગ ન હતો.

વૃષપર્વાના કહેવા પ્રમાણે અસુરોએ એવી યોજના ઘડી કે કચ મૃત્યુ પામે ને શુક્રાચાર્ય કોપાયમાન પણ ન થાય. એક બાજું કચને મારી નાંખવાની યોજના ઘડાય છે પન્નાલાલે રાહુના પાત્ર દ્વારા કચ અને દેવયાની વચ્ચે રચાતાં પ્રેમને અભિવ્યક્ત કરીને રાહુનુ પાત્રને નવા અર્થઘટન સાથે અહીં નિરૂપન થયું છે. "દેવગુરૂનો આ સંયમશીલ પુત્રને દાનવગુરુની આ પ્રેમઘેલી પુત્રી આ બંને જો લગ્નથી જોડાઇને પ્રકૃતિમય જીવનને નાથવાનો પ્રયત્ન કરે તો ધન્ય ધન્ય બની જાય! વિસંવાદો વિરમી જાય, સંઘર્ષો શમી જાય, ને શાસ્ત્રો એ કથેલી મૃત્યુરહિત એવી સનાતની સૃષ્ટિ આ જ યુગમામ પ્રત્યક્ષ થઇને ઊભી રહે!' [૧૨]

સૃષ્ટિના આરંભકાળથી જ દેવ-દાનવો વચ્ચે ઉત્પન્ન થયેલા વૈમનસ્યને પરિણામે એમના વચ્ચે વિસંવાદ રચાયો હતો. દેવો અને દાનવો વચ્ચે વધતો જતાં વેરભાવ જો દેવગુરૂપુત્ર કચ અને અસૂરગુરૂની તનયા વચ્ચે લગ્ન સંબંધ સર્જાય તો દેવો અને દાનવો વચ્ચે સંવાદ સ્થાપિત થાય એમ રાહુ વિચારે છે. અહીં રાહુના પાત્ર દ્વારા પન્નાલાલે પોતાને અભિપ્રેત એવા ભાવને મૂર્ત કર્યો છે. રાહુના પાત્રમાં ઉચ્ચતમ ભાવને મૂકીને લેખકે પાત્રને ઉઘાડ્યું છે.

પન્નાલાલે પોતાના જન્મ પછીની બદલાતી રાજકીય પરિસ્થિતિને જોઇ છે. સ્વતંત્રતા પ્રાપ્તિ માટેની હિંસક અને અહિંસક લડતો અને સત્યાગ્રહો જોયા છે. બબ્બે વિશ્વયુધ્ધ અને યુધ્ધ પછીના પરિણામોને જોયાં છે. આ બધાના મૂળમાં લેખકે વિસંવાદને જ નિહાળ્યો છે. તેઓ એમ માને છે કે: આ વિસંવાદની સામે સંવાદ રચાયો હોત તો જ આ વિશ્વમાં શાંતિને પ્રેમ ભર્યું વાતાવરણ સર્જાયું હોત. પરંતુ કમનસીબે સંવાદ સ્થપાયો નહિ અને વિશ્વમાં વિસંવાદનું આધિપત્ય બહોળા વ્યાપમાં અને તીવ્રવેગે વિસ્તરવા લાગ્યું. પન્નલાલે વિસંવાદના મૂળને પુરાણ કથાનકમાંથી શોધી કાઢ્યું. પૃથ્વીના ઉદ્ભવની સાથે જ વિસંવાદનું બીજ મૂકાયુ હતુ ને એ વિકસતું હતું. પુરાણ સમયમાંય વિસંવાદ

૧૨. એજન. પૃ ૧૯૦

વચ્ચે સંવાદ સ્થપાય એવા ઘણાં પ્રસંગો બને છે પરંતુ એનો કોઇ ફાયદો ઉઠાવી શક્યા ન હોતા. પરિણામે વિસંવાદે વામનરૂપ ધરીને વિશ્વમાં વિસ્તરવા લાગ્યું. એવી જ એક ઘટના એ 'કચ-દેવયાની'ની પ્રણયકથા. આ કૃતિના સર્જન પાછળનું સજ્જકકર્મ આ છે એમ આપણે કહી શકીએ અને એની પ્રતીતિ કૃતિની પ્રસ્તાવનામાં જ મળી રહે છે.

અસુરો પ્રપંચલીલાનો આશ્રય લઇને નાટક ભજવવાના બહાના હેઠળ શુક્રાચાર્ય અને દેવયાનીને કચથી દૂર કરીને, કચને મારી નાંખવાની યોજના ઘડે છે. અહીં પન્નાલાલે અસૂર કન્યાઓનું શબ્દચિત્ર આપતાં નોંધ્યું છે કે:

'આ બધી તરુણીઓને જાઇતું હતું ને અવસર મળ્યો! કોઇએ માત્ર છાતીબંધ ને અડધી સાથળ ઉઘાડી એવું પટકુળ જ પહેર્યું હતું. તો કોઇક છકેલી યુવતીએ વળી છાતી ઉપર ફુલ ગૂંથીને બનાવેલી જાળીનો બંધ જ બાંધ્યો હતો. પાતળી સુંદર કમર ઉપર રંગબેરંગી ફુલોના કંદોરા ઝૂલતા હતા. ફુલની માળાઓ અફાટ ઉઘાડા ઉદર ઉપર હીંચતી હતી. તો હાથમાં પહેરેલ ફુલના ગજરા-ઘુઘરીઓથી ભલે રણઝણતા ન હતા પણ એના બદલે મીઠી મીઠી ફોરમથી મઘમઘ તો થતા જ હતા. પગમાં ફુલની બેડીઓ હતી કે એક જૂઓ ને બીજી ભુલો! વેણીમાં પણ વરણાગીની જૂજવી છટા!'[૧૩]

શર્મિષ્ઠાના રાજભવનમાં 'ઉમા-મહેશ્વર' નામનું નાટક કરે છે. 'સત્યવાન-સાવિત્રી' નાટક કરાવીને પન્નાલાલે દેવયાનીને કચની નિકટ અને કચને દેવયાનીની નિકટ લઇ જવાનો વ્યૂહ ગોઠવ્યો છે. અહીં નાટકનું પ્રયોજન જુદું છે. 'સત્યવાન-સાવિત્રી' નાટકને લેખકે જેટલી છૂટ આપી છે એ અહીં જોવા મળતી નથી. નાટકની રસપ્રદ વાતોને બહેલાવીને કહેવાને બદલે સર્જકે કચની હત્યાને વર્ણવાનું વધુ મુનાસિબ માન્યું છે.

સમય પહેલા ગાયોને ભાભરતીને દોડતી આવતી જોઇને દેવયાનીના હૃદયમાં ફાળ પડી. હમેંશા ગાયોની આગળ રહેતો કચ ગાયોના ઘણ પાછળ પણ દેખાતા દેવયાનીને શંકા કુશંકાઓ થવા લાગી. શું થયું હશે? કચ કેમ ન આવ્યો? પન્નાલાલે દેવયાનીના પાત્રની ક્રિયા અને એનાં વાણી વ્યવહારથી એના ભીંતરમાં રહેલા ભાવવિશ્વને અભિવ્યક્ત કર્યું છે. કચની તપાસાર્થે અશ્વારૂઢોને દોડાવીને દેવયાની પિતાને કહેવા દોડી જાય છે.

પાત્રના ચિત્તમાં રહેલા સૂક્ષ્મતમ ભાવોર્મિને ક્રમશ: આલેખીને વ્યાપક ક્ષેત્રમાં લઇ જઇને અત્યાર સુધી પોતાના પૂરતો જ સિમિત રહેલો ભાવોર્મિ એક માત્ર કચ જાણતો હતો. પરંતુ અહીં દેવયાની સાહજિકતાથી જ પિતાને કહે છે કે: 'પિતાજી, હું તમને સત્ય જ કહું છું: કચ વગર હું જીવીશ જ નહિ!' અહીં દેવયાનીની મન:સ્થિતિને ઘૂંટી ઘૂંટીને સર્જકે પ્રણયિનીનાં સંવેદનોને તાદ્રશ કર્યાં છે. પુત્રીના કરુણ આક્રંદથી શુક્રમુનિ પીગળી જાય છે. અતિ વ્હાલી પુત્રીના કારુણ્યને દુર કરવા માટે સંજીવનીવિદ્યાથી કચને સજીવન કરે છે. અહીં પ્રસંગનિરૂપણ, સંવાદકલા અને દેવયાનીના પાત્રને સમર્થતાથી અભિવ્યક્ત કરવામાં પન્નાલાલનું કૌશલ ઝડકી ઉઠે છે.

નવજીવન પામેલા કચને મળવા જતી દેવયાની મનોભાવો અને એની સ્થિતિને સર્જકે આમ આલેખી છે. 'સારસપિણે કે ધરતી પરથી ઉડતી હોય - ઉડતી ઉડતી જતી હોય એ રીતે એ કચની દિશામાં જવા લાગી.' (પૃ.૨૪૦). દેવયાનીની આ ક્રિયામાં જ કચ પ્રત્યેનો અનન્ય એવો સ્નેહભાવ

૧૩. એજન. પૃ:૧૯૬

પ્રગટી ઉઠે છે. અસૂરોના અધમયુક્ત કાર્યને વખોડી નાંખતી ને અસૂરોને તિરસ્કારતી દેવયાનીને શુક્રમુનિએ ગુરૂધર્મનું જ્ઞાન આપીને શાંત કરી. અહીં ઋષિના વ્યક્તિત્વને ઘાજે એવી રીતે શુક્રાચાર્યના પાત્રનો વિકાસ સંધાયો છે.

કચની જાસુસી કરતો રાહુ આશ્રમમાં બનેલી ઘટનાને કહી સંભળાવે છે. રાહુની વાત સાંભળીને વૃષપર્વા જ નહી પરંતુ અસૂરોના અધિપતિઓ પણ ભયભીત બની જાય છે. તેઓ એમ માનવા લાગ્યા કે! કચની બીજીવારની હત્યાના સમાચાર શુક્રમુનિ જાણશે અને શાપ આપશે તો? શુક્રાચાર્યના શાપના ભયથી ફફળતો વૃષાપર્વા ગુરૂની માફી માંગીને રીઝવી લે છે.

પન્નાલાલે દેવયાનીના પાત્રને ઉપસાવવા યોગ્ય એવી પરિસ્થિતિને સર્જીને ક્રિયાશીલ બનાવીને દેવયાનીના પાત્રને જીવંત બનાવી આપે છે. કચ અને શુક્રમુનિ બ્રાહ્મણધર્મને વળગી રહે પરંતુ દેવયાની તો હૃદયની ભાષા ને જ અનુસરે છે. એ તો બ્રાહ્મણ ધર્મના ઉદાત્ત આર્દશોને વળગી રહીને પોતાના પ્રિયતમને ગુમાવવા તત્પર ન હતી. એ વાસ્તવિક ધરાતલ પર રહીને વર્તે છે. એટલે તો - "દેવયાની વિલાપ કરતી કચ મારે તને કઇ રીતે ભયમુક્ત કરવો? ... ... હવે તો હું પિતાજીને જ કહેવાની છું કે કચ ઉપર ગુજરી રહેલી વારમવારની આ ક્રૂરતા મારાથી હવે સહી જતી નથી. કાં તો આનો કોઇ ઉપાય કરો નહિ તો જો આ બ્રાહ્મણને ત્રીજીવાર હણવામાં આવશે તો હું અની પાછળ પ્રાર્યાપણ જ કરવાની છું... ... આવવા દે પિતાજીને. હું એમને કહેવાની જ છું. તમે બંને ભલે બ્રાહ્મણધર્મને અનૂસર્યા કરો બાકી મારાથી હવે આ ક્રૂર તત્વોની ગુંડાશાહી સહી શકાશે જ નહી!"[૧૪]

દેવયાનીના હૃદયભાવોને આલેખીને દેવયાનીના અનન્ય એવા પ્રણયઉર્મિને સૂપેરી રીતે નિરૂપી આપનાર પન્નાલાલે અહીં 'ગુંડાશાહી' નો શબ્દપ્રયોગ કર્યો છે. પુરાણકથાના નિરૂપણમાં આ શબ્દ અવરોધક બની રહે છે. પુરાણકાલીન સંદર્ભ અને પરિવેશ ઊભો કરતા સર્જકે સમકાલીન ગ્રામ્ય પરિભાષાનાં શબ્દો ક્યારેક અસભાનપણે લાવીને કથાપ્રવાહને ખોટકાવ્યા છે, એમ લાગે છે.

પન્નાલાલે કથાનકની શરૂઆતથી દેવયાનીને હૃદયની ભાષા વર્ત્તતી નિરૂપી છે. બે વાર કચની હત્યાથી ક્રોધિત બનેલી દેવયાની કચ આગળ ફરિયાદ કરી પણ ત્યાં એ ફાવી ન શકી એટલે એ પિતાને ફરિયાદ કરતાં કહ્યું: 'તો શુમ આમને આમ ચાલવા દેવું? એ લોકો આ નિર્દોષ બ્રાહ્મણને અઘોર રીતે હણ્યા કરે ને તમે પોતે બ્રાહ્મણ ધર્મમાં રહીને એ લોકોને ક્ષમા કર્યા કરો! વાહ! આ પણ કઇ અજબનો ન્યાય કહેવાય પિતાજી!'[૧૫]

પાત્રોને અગ્નિકુંડમા બરોબર તપાવ્યા પછી સર્જક એમના વ્યક્તિત્વને કલાઘાટ આપે છે. દેવયાનીનો વ્યથા ને મુંઝવણને આલેખીને પ્રસંગને રસપ્રદ બનાવ્યો છે. દેવયાનકિચને કોઇપણ ભોગે ગુમાવવા માંગતી ન હતી. આથીએ કચને અસૂરોનો પ્રતિકાર કરવાનું સૂચન કરે છે. દેવયાની આટલેથી અટકે એવી ક્યાં હતી એ તો શુક્રાચાર્યપર પણ છેડાઇ જાય છે.

વૃષપર્વાને શુક્રાચાર્યનો ભય તો હતો જ. પણ એ કોઇપણ ભોગે સંજીવની વિદ્યા કચ પાસે ન જાય એ માટે કટિબધ્ધ થાઇને ફરીવાર ષડયંત્ર રચે છે. રાજભવનમાં સંગીત, નૃત્ય અને નાટિકાનો

૧૪. એજન. પૃ. ૨૫૫

૧૫ એજન. પૃ. ૨૫૬

કાર્યક્રમ ગોઠવીને શુક્રાચાર્ય અને દેવયાનીને ફરી એકવાર કચથી છૂટાં પાડીને કચને મારી નાંખવાની યોજના ઘડે છે.

અસુરોથી સુપરિચિત એવી દેવયાની આશ્રમ છોડીને આ ઉત્સવમાં જવા માંગતી ન હતી. પણ એ અનિચ્છાએ જતાં પહેલા દાસીઓને જરૂરી સૂચનાઓ આપે છે. વૃષપર્વાને ત્યાં ઉત્સવ ઉજવાયેલો ઉત્સવ પૂર્ણાહુતીએ આવ્યો. એ વખતે દેવયાની દાસીને કહે છે કે: 'સખી, કચદેવને તું વહેલી તકે મળજે ને એમને તું ખાસ કહેજે કે જમવા માટેની ઉતાવળ કરે નહિ. કાર્યક્રમ પૂરો કરીને હું તરત જ આવું છું. કહેજે કે આપણે બંને સાથે જ જમીશું.'[૧૬]

કથાનકના પ્રવાહમાં આવતો નાટ્યાત્મક વળાંક કૃતિને રસપ્રદ બનાવી આપે છે. રાજભવનમાં અસુરો સહિત શુક્રમુનિ મદિરાગ્રસ્ત બની ઉઠયા છે. પન્નાલાલે બે વિરોધાભાસી પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે. ઘૂર્ણિકા આશ્રમમાં આવીને જુએ છે તો આશ્રમમાં સુનકાર છવાઇ ગયો છે. એ કચની તપાસ કરે છે. ઘૂર્ણિકા અહીં સક્રિય બનીને કચની તપાસ કરાવે છે. કચની હત્યા થઇ છે એવા સંકેતો મળતાં જ એ દેવયાની પાસે દોડી ગઇ. હત્યાના સમાચાર જાણતાં જ દેવયાની એક ક્ષણ પણ ગુમાવ્યા વિના નિર્ણય લઇને કાર્યાન્વિત બની જાય છે.

આશ્રમમાં આવીને કચની પડપૂછ કરતી હતી. એ ધખધખતા લાવા જેવી બની ગઇ અને પિતાજીની પ્રતીક્ષા કરવા લાગી. કચ હત્યાના સમાચાર સાંભળતાં વેંત જ શુક્રાચાર્ય મદહોંશીમાંથી બહાર આવીને તત્ક્ષણ પુત્રી પાસે દોડી જાય છે. અહીં પુત્રી પ્રત્યેનો વાત્સલ્યભાવ જોવા મળે છે. પુત્રીના કરુણ વિલાપથી બેબાકળાં બની ઉઠેલા શુક્રમુનિએ કચને પૂછ્યું કે: તું ક્યાં છે? કચ તો શુક્રમુનિના ઉદરમાં હતો, હવે શું થાય? શુક્રાચાર્ય સામે સંઘર્ષભરી સ્થિતિ ઊભી થાય છે. એકબાજુ પુત્રીનો પ્રેમ હતો અને બીજી બાજુ ન જીરવી શકાય એવી વાસ્તવિકતા હતી. પુત્રીને બચાવવા માટે કચને સજીવન કરવો પડે એમ હતો અને જો કચ સજીવન થાય તો પોતાનું મૃત્યુ નિશ્ચિત હતું. શુક્રાચાર્ય સામે કટોકટીભરી સ્થિતિનું નિર્માણ થાય છે. શુક્રાચાર્ય કચને પૂછ્યું કે: તું કઇ રીતે ઉદરમાં પ્રવેશ્યો? અહીં લેખકે ફ્લેશબેક પધ્ધતિનો વિનિયોગ કરીને કચની ત્રીજીવારની હત્યાનું વર્ણન કર્યું છે. અહીં મૂળ કથાનકમાં નિરૂપાયેલા ચમત્કારિક પ્રસંગને અનુસરીને જ પ્રસંગને સર્જકે આલેખ્યાં છે. પન્નાલાલે શુક્રાચાર્ય અને દેવયાનીના પાત્રો વચ્ચે સંવાદો રચીને પ્રસંગને અને પ્રસંગના ભાવને ઉપસાવી આપવા માટે ખાસ્સો એવો પ્રયાસ કર્યો છે.

કચ વિનાની અસહ્ય સ્થિતિ અનુભવતી દેવયાની શુક્રાચાર્યને કોઇપણ ભોગે કચને સજીવન કરવા વિંનવવા લાગી. શુક્રમુનિ પુત્રીને સત્યનું જ્ઞાન આપીને સમજાવે છે. પરંતુ કચના અણઘાર્યા મૃત્યુને સ્વીકારવા તૈયાર જ નહતી. આથી જ એ પિતાને કહે છે કે: 'હે તાત, એ મૃત્યુ જુદું ને આ મૃત્યુ જુદુમ છે. આ બ્રાહ્મણ પોતાના નીમમાં મક્કમ હતો માટે જ ક્રૂર રીત હણાઇ ગયો છે.' ને વળી પાછી દેવયાની વિલાપવા લાગી: 'હે કચ, હે મુનિ, આ જ ક્ષણેથી હું તારી પાછળ અન્નજળનો ત્યાગ કરું છું![૧૭]

---

૧૬ એજન. પૃ. ૨૭૬

૧૭ એજન. પૃ. ૨૮૭

પુત્રીનું આ કઠોરને આત્મઘાતક વલણ શુક્રમુનિને હચમચાવી મૂકે છે શુક્ર કચને દેવયાનીના જીવન ખાતર જીવતો કરવા તત્પર થાય છે. દેવયાની સામે વળી પાછો પેલો સંઘર્ષ સામે આવી ઊભો રહે છે. એ કચને જીવાડવા માંગે છે. પરંતુ પિતાના ભોગે કચને જીવતો કરાવવા માંગતી ન હતી. એ કચમય હોવા છતાં એન હૃદયમાં પિતૃપ્રેમ પણ એટલો જ છલકાય છે. દેવયાની હૃદયદ્રાવક સ્થિતિને ન જોઇ શકનાર શુક્રાચાર્ય પુત્રીના દુ:ખને નિવારવા માટે કચને સંજીવની વિદ્યા શીખવાડે છે. અને કચને જીવીત થયા બાદ મૃત્યુ પામેલા શુક્રાચાર્યને સંજીવની વિદ્યાથી જીવતા કરે છે.

પન્નાલાલને સંજીવની વિદ્યા કચે કઇ રીતે મેળવી છે એ પુરાણુ કથાવસ્તું કરતાં દેવયાનીના હૃદયની ઊંડાણમાં અનુભવાતી સંવેદનામાં જ સવિશેષ રસ રહ્યો છે. કારણ કે એમણે દેવયાનીના પાત્રને ગૌરવવંતુ બનાવવાના નિર્ધાર સાથે જ આ કૃતિની રચના કરી છે. માનવમનના ઊંડાણને ઉલેચવામાં અનેરો રસ દાખવીને માનવને એના સાચ્ચા રૂપમાં આલેખવાની ગજબની ફાવટ ધરાવતા પન્નાલાલે અહીંયા પણ દેવયાનીના સૂક્ષ્મત્તમ ભાવોર્મિને બરાબર પકડીને એનું આલેખન કરીને કથાપ્રસંગને રસપ્રદ બનાવવાનું કૌશલ દાખવ્યું છે.

કથાવસ્તુની માવજત કરતાં કરતાં લેખકની નોખી શૈલીનું પોત ઘટ્ટ બનતું જાય છે શુક્રમુનિ કચને આશીર્વાદ આપીને પ્રતિજ્ઞામુક્ત કરીને આશ્રમમાંથી રજા આપે છે. અને એ દાદાજીને આશ્રમે જાય છે. લેખકે અહીં ઉત્તર સમયમાં બનનારી દારુણ ઘટના માટે સગવડીયો પ્રસંગને સર્જ્યો હોય એવુમ લાગે છે. હૃદયથંભી જાય એવી દારુણ ઘટનામાંથી કચ હમણાં જ પુન:જીવંત થયો હોય ત્યાં શુક્રમુનિ કચ અને દેવયાનીને છોડીને દાદાજીને આશ્રમે જાય એ ઘટના અહીં ઔચિત્ય વિનાની લાગે છે.

પુન:જીવંત બનેલા કચને આરામ મળી રહે એટલે એ દેવયાનીને મળવાનુમ ટાળી દે છે. કચને વિદાય આપ્યા પછી દેવયાનીનું મન વિચારવિશ્વમાં રાચવા લાગે છે. પન્નાલાલે યુક્તિપૂર્વક દેવયાનીના પાત્રને વધુ આશાવાદીઓમાં રાચતી બતાવી છે. એ વહેલી સવારે કચને મળવાનો નિશ્ચય કરીને વિચારવા લાગે છે. પ્રતિજ્ઞાથી મુક્ત થયેલો કચ સામેથી પોતાના હાથની માંગણી કરશે. એવા સોનેરી સ્વપ્નમાં એ રાચવા લાગી. એ કચ પાસે અપેક્ષાઓથી વિશેષ અપેક્ષા રાખતાં રેતીના મીનારા રચવાલાગી. વિચાર વમળમાં ક્યારે આંખ મીંચાઇ એનુંય એને ભાનેય ન રહ્યું. આંખ ખુલી તો સ્નાનાવિધિ કરવા સરોવર તરફ જતો કચ શ્લોક બોલતો જતો જોઇને દેવયાની એના માટે ફળ-ફળાદીની વ્યવસ્થા કરે છે. અહીં પન્નાલાલે બે વિરોધી સ્થિતિને આલેખીને કથારસને જાળવવાનો શ્રમ કર્યો છે. દેવયાની સોનેરી સ્વપ્નોને સજાવીને કચ પોતાનું પાણીગ્રહન કરે એમ વિચારી બેસે છે. બીજી બાજુ ઇન્દ્રે પોતાના પર મૂકેલો વિશ્વાસ આજે પૂર્ણ થવાથી એનામાં આમૂલ પરિવર્તન થઇ જાય છે. એનાં સુષુપ્ત રહેલા સંસ્કારભાવો ફરી પ્રદિપ્ત થવા લાગે છે. સંજીવની વિદ્યા મેળવવાનો એનો અનહદ આનંદ છે અને પોતાના સ્નેહીજનોને મળવા તથા આ સિધ્ધિના સમાચાર આપવા એ ઉતાવળો થઇ જાય છે. અને વહેલી જ સવારે સ્વર્ગે જવાનું નક્કિ કરી લે છે.

પ્રસંગની ભાવોર્મિને સમર્થ રીતે આલેખવામાં પન્નાલાલની સર્જક પ્રતિભા સોળે કળાએ ખીલી ઉઠે છે. અહીં દેવયાનીના પાત્રની વેદનાને હળવે હળવે પરાકાષ્ઠાએ લઇ જઇને એવી ક્ષણે પધડાટ આપી કે ભાવકની સહાનુભૂતિ નાયિકા પ્રત્યે દ્વિગુણિત બની જાય છે.

રાતભર સોનેરી સ્વપ્નોને આંખોમાં સજાવીને બેઠેલી દેવયાની કચને સ્વર્ગના મુનિનો વેશ પહેરેલો જોઇને ધ્રાસકો અનુભવે છે. આવા અણધાર્યો ઝાટકો એના હૃદયને ખંડિત બનાવી મૂકે છે. એ આખીય કંપી ઊઠી. એનામા ભય પ્રવર્તી જાય છે. હૃદયમાં ચરર કરતો ચીરો પડી જાય છે. એ પરિસ્થિતિને પામી જાય છે કે કચ આશ્રમમાંથી રજા લઇને સ્વર્ગે જવા માંગે છે. બીજી બાજુ દેવયાની હૃદયની સ્થિતિથી સુપરિચિત એવો કચ અહીં અતિ સભાન બની જાય છે. કચ તો હૃદયની (પ્રેમની) ભાષાને જાણે જાણતો જ નથી. એને સતત એકજ ખ્યાલ રહેતો હતો કે: ઇન્દ્રે એને સંજીવની વિદ્યા માટે મોકલ્યો છે અને એનો ધર્મ એજ રહ્યો છે કે કોઇપણ ભોગે સંજીવની વિદ્યાને પ્રાપ્ત કરવી. કચના હૃદયમાં જાગેલા પ્રણયભાવોનું શું? કે પછી કચ એકદમ સ્વાર્થી છે? કચને ચોકક્સ ચોકઠામાં બેસાડી રાખ્યો છે? કચનું પાત્ર અહીં type character છે. આથી જ અહીં પણ અગાઉની ઘટનાઓની જેમ સભાનતા કેળવી લે છે. અને દેવયાની ને કહે છે કે: 'દેવી, દેવધામ જવાની આજ્ઞા લેવા આવ્યો છું.'

દેવયાની બાજુમાં આવેલી બાજઠ ઉપર બેસી પડી. હાથમાની તાસક નીચે મૂકવાનું ભાન સુધ્ધાં ન હતું. કહ્યું: 'મહાત્મા, દેવધામ જવું હોય તો પણ આટલી બધી ઉતાવળ કરવાનું પ્રયોજન?'[૧૮]

દેવયાનીના પાત્રની બાહ્યક્રિયાઓ દ્વારા પન્નાલો વેદનાને સહજ રીતે ઉપસાવી છે. એની સ્થિતિ હૃદય દ્રાવક બનતી જાય છે. દેવયાની કચ સામે માંગણી મૂકતાં કહે છે કે : 'તું મારા હાથનો સ્વીકાર કર!' કચ દેવયાનીની માંગણીનો અસ્વિકાર કરે છે. દેવયાનીની વિનવણી અને કાકલૂદી હૃદયદ્રાવક છે. પરંતુ કચમાં આવેલું પરિવર્તન દેવયાનીની માંગણીને ધૂત્કારી કાઢે છે. કચ કઠોર હૃદયનો દેવ બની જાય છે. જ્યાં લાગણીનો કોઇ અવકાશ જ ન હતો. પથ્થર હૃદયનો બનેલા કચમાં તલ ભારેય પરિવર્તન આવતું ન હતું. આ જોઇને દેવયાની કહે છે કે:

'અરે ઓ બૃહસ્પતિપુત્ર! આ તું કયા પ્રકારની વાદી વદી રહ્યો છે! હે કચ, કોઇ કહેતાં કોઇ પ્રાણી પુરુષના પેટે કદી જન્મતું નથી. હું મારી માતાના પેટેથી જન્મેલી છું. નહિ કે પિતાના પેટેથી. હે મુનિ, હકકીતમાં તો તું નહિ પણ હું જ પોતે ધર્માનુસાર વાત કરી રહી છું, મહાત્મા, સંજોગોવસાત્ બનેલી ઘટના એ કંઇ સત્ય નથી. અને વળી જ્યાં લગીનું ગુરૂને ત્યાં શિષ્યરૂપે હતો ત્યાં લગી મેં તારી પાસે આવી માંગણી પણ કરેલી નથી. હે કચ, હું તને આરંભથી પણ અછાની નથી. હે પ્રિય, તું તારી આ ભક્તનો અનાદર કર નહિ! ... ... મારા પ્રેમને પાછો ઠેલ નહિ... ... તારી સમક્ષ હું ધર્મ, પ્રેમ અને કામથી પ્રેરાઇને મારો હાથ લંબાવી રહી છું. તું એનો સ્વીકાર -' દેવયાની રડી પડી.[૧૯]

કચ તો નિસ્પૃહીની જેમ જ ઊભો રહ્યો. દેવયાનીને છોડવાની વ્યથા એના ચહેરા પર જણાઇ નહિ પણ સંજીવની મેળવવાનો આનંદ છૂપો ન રહ્યો. પથ્થર બનેલા કચને દેવયાની પીગાળવાનો પ્રયત્ન કર્યો પણ પથ્થર પર પડેલું પાણી તો આજુબાજુથી વહી ગયું. દેવયાનીને પોતાનુમ ભારોભાર અપમાન થતું હોય એમ લાગ્યું. આથી એણે કચને કહ્યું: 'જે પ્રેમે તને સંજીવની વિદ્યા અપાવી છે એ પ્રેમનો તું જો અનાદર કરીશ તો તારી આ સિધ્ધિ તને ફળશે નહિ.'[૨૦] લાંબી તપશ્ચર્યા પછી પ્રાપ્ત

---

૧૮ એજન. પૃ. 300

૧૯ એજન પૃ 301

૨૦ એજન. પૃ 302

થયેલી સંજીવની વિદ્યા દેવયાનીનાં વચને નિષ્ફળ થઇ જશે એમ માનીને કચે દેવયાનીને શાપ આપતા કહ્યું કે: 'તને કોઇ બ્રાહ્મણપુત્ર વરશે નહિ.' ત્યારે દેવયાની કચને રોકડું પરખાવે છે કે: "બ્રાહ્મણ, ઋષિપુત્ર તો આ જ ને!"[૨૧] દેવયાનીના મુખે પ્રયોજાયેલો નાટ્યવ્યંગ પ્રસંગનાં ભાવને ઉઘાડી આપે છે આ નાટ્યવ્યંગ ઊક્તિ દેવયાનીનો ભારોભાર વ્યથા ભર્યો વ્યંગ સ્પષ્ટપણે જોવા મળે છે.

સંવેદનશૂન્ય કચ દેવયાનીની વિનંતી, કાકલૂદી ને એનાં પ્રેમનો ઘરાર ઇન્કાર કરીને દેવયાનીને છોડીને ચાલ્યો જાય છે. એ જતો જોઇને ધ્રડિંગ દઇને પડે છે. અને બેભાન થઇ જાય છે. એનો પડવાનો અવાજ સાંભળ્યો હોવા છતાં કચ પાછો ફરતો નથી. અહીં કચ કેટલો સ્વાર્થી લાગે છે ધ્યેય હાંસલ કરવા માટે જ જાણે દેવયાનીનો એણે ઉપયોગ કર્યો, પ્રેમનું નાટક રચ્યું. દેવયાનીના મનમાં એણે પ્રણય ભાવના અંકુરિત કરી એન વિકસવા દીધી અને પોતાની જોઇતી વિદ્યા મળી ગઇ એટલે દેવયાનીની જરાય ચિંતા કર્યા વગર ચાલ્યા જવાનું મુનાસિબ માન્યું. કચ બૃહસ્પતિનો પુત્ર છે છતાં દુશ્મન છાવણીમાં પ્રવેશેલા જાસુસની જેમ વર્તે છે. અને કાર્ય સિધ્ધિ થતાં રવાના થઇ જાય છે. પન્નાલાલને આ વાત ખટકે છે. કચ ઋષિને ઊંચા આસને બિરાજમાન કરતા અન્ય સર્જકોએ દેવયાનીની લાગણીસભરતાને અને સ્ત્રીસહજ પ્રણયાનુભૂતિની પ્રક્રિયાને ખારસી ઠેસ પહોંચાડી છે. એમ સર્જક સમજે છે અને તેથી જ દેવયાનીના પાત્રને અન્યાય ન થાય માટે આ કૃતિમાં સ્ત્રીસહૃદયી કોમળ લાગણીઓને મોકળે મને વર્ણવી છે. દેવયાનીના હૃદયને કચના જવાથી મળતો ધક્કો, આઘાત કંઇ નાનો સૂનો નથી! સર્વસ્વ લૂંટાઇ જતું લાગે ત્યારે આઘાતની તીવ્રતા પ્રણયી સ્ત્રીહૃદયને ધબકતું અટકાવી દે છે. અહીં દેવયાનીના હૃદયના ધરાતલ પર ઊગેલા પ્રણયવૃક્ષની પરિભાષાને પન્નાલાલ વળગી રહે છે અને એટલે જ એનો શાપ આપવાનો પ્રથમ પ્રતિભાવ આકરો હોવા છતાં કચ પ્રત્યેનો અનન્ય પ્રેમ એને ત્યાંથી જ અટકાવી ચે છે. જ્યારે એની દાસી કચ પ્રત્યે થોડા અપશબ્દો ઉચ્ચારે છે ત્યારે એને તરતજ રોકતાં કહે છે – 'મા બોલ! મા બોલ! એના માટે આવું હીણું ન બોલ! એ સાચે જ... આપણી સાથે સ્વજન થઇને રહ્યો હતો... ... આપણે એને ભૂલવો જ રહ્યો!'[૨૨]

મહાભારતમાં ગણ્યાં ગાંઠ્યા શ્લોકોમાં નિરૂપાયેલી 'કચ-દેવયાની' ની કથાને લેખકે માનવીય આવેગો અને આવેશોથી મઢીને વધુ સ્વાભાવિક બનાવી છે. કચ દેવલોકનો વાસી છે અને દેવયાની દાનવલોકની નિવાસી છે. આ બે લોકની વચમાં વસનારા માનવલોકનો સ્પર્શ પામતી પન્નાલાલની અભિવ્યક્તિ એનાં નોખાં આગવાં પરિમાણો ઊભાં કરે છે. આ પાત્રોને કેન્દ્રમાં રાખી લખાયેલી અન્ય કૃતિઓમાં કચના ઋષિગુણના અને ઉદાત્તતાનાં મૂલ્યો અંકાયાં છે અને દેવયાનીના શુધ્ધ પ્રેમને અવગણવામાં આવ્યો છે. અહીં પન્નાલાલનું સર્જકત્વ નારીહૃદયમાં સૂક્ષ્મતમ સંવેદનોની ઉપેક્ષા કરવા કરતાં અને હળવે હળવે અભિવ્યક્ત થવા દઇને દેવયાનીના વ્યવહારને ગૌરવ બક્ષે છે.

લેખકનું કથનકેન્દ્ર તો પુરાણકથા જ છે, પણ ગ્રામ્યબોલી અને કહેવતોના ઉપયોગથી ગ્રામ્ય પરિવેશની પન્નાલાલીય શૈલીની છાપ અંકિત થાય છે. તેઓ ગ્રામ્ય ધરતીના જીવ હોવાથી કથા પાસે જવાની એમની દૃષ્ટિ નોખી છે. કચના દૈવી પાત્રની ઉત્કૃષ્ટતા પ્રસ્થાપિત કરવા અન્યત્ર દેવયાનીના સાહજિક સંવેદનની અવગણના કરવામાં આવી છે. પરંતુ અસુર ગુરૂવર્ય શુક્રાચાર્યની દીકરી દેવયાનીને

૨૧ એજન. પૃ 304

૨૨ એજન પૃ. 308

વધુ નક્કર અને વાસ્તવિક ભૂમિકા પર ઊભેલી પન્નાલાલે બતાવી છે કચ પ્રત્યેનો એનો અનન્ય પ્રેમ ત્રણ ત્રણ વખત મૃત્યુ પામેલા કચને સંજીવન વિદ્યા શીખવા માટેના એક સોપાન માત્રથી વધું કાંઇ નથી અને અહેસાન વ્યક્ત કરવા જેટલું સૌજન્ય પણ એ દાખવતો નથી. એટલી હદે કચ નગુણો, સ્વાર્થી બની જાય છે

વિદ્વાનોના મંતવ્ય મુજબ દેવયાનીનો પ્રેમ સાચો ન હતો, નહિ તો એણે કચને શાપ ન આપ્યો હોત. અહીં પન્નાલાલ એમ માને છે કે: દેવયાનીએ કચને શાપ આપ્યો જ નથી. એણે તો એમ જણાવ્યું કે ' હે કચ, ધર્મ અને કામાર્થે હુમ તારી યાચના કરૂં છું. તું એનો અનાદર કરીશ તો તારી સંજીવની વિદ્યા તને સિદ્ધ નહીં જ આપે' અહીં પન્નાલાલનું નવુમ અથઘટન વાસ્તવિકતાની સાથે વધુ સુસંગત થવાથી ઓચિત્યપૂર્ણ લાગે છે. સંજીવની વિદ્યા જે કચને પ્રેમના પ્રભાવ નીચે જ મળી હતી. નહિ તો એ કાર્ય અસંભવ હતું. એવા અનન્ય પ્રેમનો કચ તિરસ્કાર કરે તો પ્રેમના અનુબંધ તૂટતાં એ વિદ્યા એનું સત્વ ગુમાવી દે અને માત્ર શબ્દો જ રહી જાય એ સ્વાભાવિક છે.

પુરાણકથાના પ્રચલિત એવા કચ, દેવયાની, શુક્રાચાર્ય, વૃષપર્વા, ધૂર્ણિકા, શર્મિષ્ઠા, રાહુ, વગેરે પાત્રોને કલાકૃતિ સમર્થતાથી ઉપસાવી આપનાર પન્નાલાલ 'દેવયાની' ના ચરિત્ર ચિત્રણમાં ખાસ્સો એવો પરિશ્રમ કરીને પાત્રને ઉઘાડી આપવામાં કૌશલ દાખવ્યું છે.

ઋષિ, અસુરો, ઉત્સવ અને કચને સજીવન કરતા ચમત્કારિક પ્રસંગથી પુરાણકાળના પરિવેશને ઊભો કર્યો છે.

દેવયાની - યયાતિ

'કચ-દેવયાની' નવલકથાના સર્જનમાં પન્નાલાલ પટેલે 'દેવયાની-યયાતિ' નવલકથાની કથાવસ્તુનું બીજારોપણ કર્યું હતું. 'કચ-દેવયાની' કૃતિમાં દેવયાનીની યુવાવસ્થાનુમ પ્રતિબિંબ ઝીલાયું છે. તો આ કૃતિમામ દેવયાનીના ઉત્તર કાલીનના જીવનનું પ્રતિબિંબ નિરૂપાયેલું છે. આ રીતે જોતા આપણને આ કૃતિ 'કચ-દેવયાની' કૃતિનો ઉત્તરાર્ધનો ખંડ લાગે છે પણ 'દેવયાની-યયાતિ' એ એક સ્વતંત્ર કૃતિ તરીકેનું કાઠું કાઢયું છે તેથી આ બન્ને સર્જન કૃતિઓમાં એક જ વ્યક્તિ કેન્દ્રમાં હોવા છતાં 'દેવયાની- યયાતિ' નું સ્વતંત્ર અસ્તિત્વ પણ નોંધપાત્ર રહે છે.

દેવયાની આ કૃતિનું નાભી પાત્ર છે યયાતિ અને શર્મિષ્ઠા બે ઘણાંજ મહત્વના પાત્રો છે. તથા ગૌણપાત્રોમાં કચ, વિરના, ધૂર્ણિકા, શુક્રાચાર્ય, યદુ, તર્વસું, પુરુ, વિગેરે છે.

કથાનકનાં આરંભમાં શુક્રાચાર્ય પાસેથી સંજીવની મેળવીને કચ પાછો સ્વર્ગે આવ્યાનો આનંદ લૂંટતો હોય છે. પરંતુ બળ નામના રાક્ષસ સાથેના યુધ્ધમાં દેવોને પ્રતીતિ થાય છે કે: કચની વિદ્યા નિષ્ફળ ગઇ છે. ત્યારે દેવો કચને આશ્વાસન આપે છે. સંજીવની વિદ્યા નિષ્ફળ જવાના રહસ્યને પામવાનો કચ પ્રયત્ન કરવા લાગ્યો, છતાંય આ કોયડો અનુત્તર જ રહે છે. અનુત્તર એવા રહસ્યને પામવા માટે અંગિરામુનિ પાસે જાય છે.

'કચ-દેવયાની' નવલકથાના સર્જન પાછળ સર્જક કર્મ આ કૃતિમાં સિધ્ધરૂપ બનીને આવતું હોય એમ આપણને અંગિરામુનિના મુખે બોલાયેલા સંવાદમાં જોવા મળે છે.

"પુત્ર, તેં માત્ર અયોગ્ય જ નહિ અસત્યનું આચરણ કર્યું છે! આ સૃષ્ટિનું પ્રાણી માત્ર કામથી પ્રેરાયેલું છે. આ સૃષ્ટિનું નામ જ મૈથુની સૃષ્ટિ છે. એ શું તું નથી જાણતો? આ હિસાબે શુક્રપુત્રી તારાં કરતાં સવિશેષ સત્યની નજીકમાં છે. એણે તને સત્ય જ કહ્યું હતું: 'ધર્મ અને કામાર્થે!' દેવયાનીના આ શબ્દોનો અર્થ હું એમ કરૂં છું કે:'તું હવે શિષ્યપણામાંથી મુક્ત થયો છે.' તારા બ્રહ્મચર્યનો કાળ સમાપ્ત થયો છે. હવે તું ગૃહસ્થાશ્રમનો અધિકારી બને છે તો તું મારો સ્વીકાર કર."[૧]

ભાવનાવાદીઓના વિદ્વતાપૂર્ણ હાથોથી ગૌરવવિમુખ બનેલી દેવયાનીને પન્નાલાલે જીવનવાદી દષ્ટિકોણથી આ રીતે આલેખીને દેવયાનીને ગૌરવભિમુખ બનાવી આપવા મૂળકથાનકમાં ન હોય એવા પ્રસંગને સર્જકીયમન વડે સ્વકલ્પનાથી આલેખ્યા છે, અને કથા પ્રસંગને પ્રતીતિકર રીતે અભિવ્યક્ત કર્યો છે. સત્યજ્ઞાને પામેલો નિરુત્સાહી એવા કચને ફરીથી જીવન પ્રત્યે અભિમુખ બનાવવા ઇન્દ્ર કચના અભિવાદનાર્થે એક સભાનું આયોજન કરે છે. કથાનકનો એક પ્રવાહ કચના જીવનમાં બનતી ઘટનાઓને આલેખવા તરફ જાય છે અને બીજા પ્રવાહમાં દેવયાનીના જીવનને.

શર્મિષ્ઠા, દેવયાની અને એમનો દાસીવૃંદ સમુદ્ર સ્નાન કરતાં હોય છે. ત્યાં ઇન્દ્રને ટીખળ કરવાનું મન થાય છે. પન્નાલાલે અહીં આ પ્રસંગને સ્વકલ્પના વડે ઉપસાવીને કથાનકમાં

---

૧ દેવયાની-યયાતિ, લે. પન્નાલાલ પટેલ, પ્રકા.વર્ષ. ૧૯૮૨, પૃ ૧૬

બનતી ઘટનાઓને પ્રતીતિકર રીતે આલેખવાનો ઉપક્રમ રહ્યો હોય એમ લાગે છે. ઇન્દ્રનું આ ટીખળ કરવા પાછળનું પ્રયોજન કચની નિષ્ફળતા જ હોઇ શકે. સમૃદ્ધ પાસે વા-વંટોળ ફેલાયો એથી શર્મિષ્ઠા, દેવયાની અને દાસીવૃંદ રક્ષણાર્થે ગમે તેનાં વસ્ત્રો પહેરીને છુપાવવા લાગ્યાં. શર્મિષ્ઠાના હાથમાં દેવયાનીના વસ્ત્રો આવતા એણે વસ્ત્રો પહેરી લીધાં..... ને પરિણામે દેવયાની-શર્મિષ્ઠા વચ્ચે તીવ્ર બોલાચાલી ને અંતે અસુર કન્યા શર્મિષ્ઠાએ ગુરૂપુત્રી દેવયાનીને અવાવરું કુવામાં મરવાને અર્થે દાસીઓની મદદથી નાંખી દીધી. વસ્ત્રોવિહોણી દેવયાની ઉગરવા માટે મહાપ્રયાસો કરવા લાગી. એવામાં યયાતિ આવીને એને કુવામાંથી બહાર કાઢે છે. અહીં યયાતિના મનપટપર દેવયાનીના નગ્નદેહની છાયા વિશેષ પ્રમાણમાં પડે છે. ગુરૂપુત્રીને શોધતી શોધતી આવેલી ઘૂર્ણિકા દેવયાનીને જોતાં સઘળું પામી જાય છે.

ત્રણવાર કચના મૃત્યુને ગુરૂધર્મે અસુરોને ક્ષમા આપતાં શુક્રાચાર્યે પોતાની વહાલસોઇ પુત્રીને અસુરકન્યાએ આ રીતે ફેંકી દેતા એમનો ક્રોધ ચરમસીમાને ઓળંગવા લાગ્યો એ દંડ દેવા તત્પર બન્યા. શર્મિષ્ઠાના અવિચારી કૃત્ય માટે માફી માંગીને એમનો ક્રોધ શાંત પાળવા વૃષપર્વા દોડી આવે છે. દેવયાનીએ તો ચોખ્ખા શબ્દોમાં કહી દીધું કે: આ નગરમાં હું નહી રહું.

પુરાણ કથાનકમાં આવતા પાત્રો પાસે પન્નાલાલે તત્કાલીન સમયનાં ગાંધી વિચાર ધારાને આમ નિરૂપી છે.

"બેટા, તું એમ ન સમજતી કે હું વૃષપર્વાનું માનપાન જોઇને અના નગરમાં પડી રહ્યો છું. મને તો સર્વત્ર માનપાન મળે છે. વળી મને માનપાનની એવી કશી પરવા પણ નથી. અસૂરોને હમેંશા છેતરતા આવેલા છે, છેક અમૃતમંથન થયું તે સમયથી માંડીને. અસૂરો દુષ્ટ છે એ વાત સાચી છે પણ એમની દુષ્ટતાને પ્રેમથી જીતવાને બદલે દેવોએ પણ હિંસાનો જ માર્ગ લીધો. આના પરિણામે જગતભરમાં હિંસાનું પ્રાધાન્ય બની રહ્યું. દેવોને મારે એ કહેવું છે કે તમે હિંસાનું ને ચતુરાઇનું શસ્ત્ર છોડી દો. સત્યનિષ્ઠા ધારણ કરો ને તમારા ભાઇઓને તમે પ્રેમથી જીતી લો."[૨]

ગુરૂધર્મ ભાવનાથી બંધાયેલા શુક્રાચાર્ય વૃષપર્વાની માફી માટેની માગણીથી નમી જાય એ સ્વાભાવિક લાગે છે પરંતુ અસહ્ય ને અઘોર અપમાનનો પ્રતિશોધ લેવા માંગતી દેવયાની શુક્રાચાર્ય જેવી ઉદાત્તતા દાખવવાથી પર રહે છે. ગુરૂધર્મથી બંધાયેલા શુક્રાચાર્ય આ પ્રશ્નનો ઉકેલ દેવયાનીને સોંપે છે. વૃષપર્વા દેવયાનીને પ્રસન્ન કરીને પોતાને, પોતાના નગરને અને અસુરલોકના ઉધ્ધારાર્થે પ્રયત્નશીલ બને છે. અઘોર અપમાનને સહી ન શકનારી દેવયાની એક શરતે પાછી આવવા તૈયાર થાય છે. શર્મિષ્ઠા સહિત એની હજાર દાસીઓ મારી દાસી બને તો જ હું આ નગરમાં રહીશ. દેવયાનીની આ શરત સ્વીકારવા વૃષપર્વા કમને તૈયાર થાય છે. કારણકે આ સિવાય અન્યથા કોઇ માર્ગ જ એમની પાસે ન હતો. શુક્રાચાર્ય નગર છોડીને ચાલ્યા જાય તો નગર નગર જ ન રહે. એ વૃષપર્વા જાણતો હતો.

બીજી બાજું, શર્મિષ્ઠા ભારે અજંપામાંથી પસાર થાય છે. દેવયાનીને મારી નાંખવાનો પ્રયાસ તો કર્યો, પરંતુ શુક્રમુનિ ફરી એને સજીવન કરશે ને અસુરો પર ક્રોધિત બનશે. પાત્રને

---

૨ એજન. પૃ. ૩૧

આ રીતે વિચારતું મૂકીને પન્નાલાલે આ ઘટનામાં શર્મિષ્ઠાનો નહીં પરંતુ ભાગ્યનો દોષ હોય એમ નિરૂપ્યું છે. ઇન્દ્રે જ પ્રતિશોધ લેવાને અર્થે આ લીલા રચાઇ હોય એમ લાગે છે.

કથાનકમાં આવતાં ગૌણ પાત્રો પોતાની આગવી લાક્ષણિકતાઓને લઇને આવે છે. અસૂરી તત્ત્વોને ધારણ કરનારી શર્મિષ્ઠાને આકુલામાસીનો સાથ મળે છે. આ આકુલાનું શબ્દચિત્ર દોરતાં સર્જક લખે છે કે -

'શર્મિષ્ઠાને એક આકુલા નામની માસી હતી. આ માસી ઉમરે જેવી આધેડ હતી એવીજ શરીરથી પણ જામેલ હતી. વળી એ હતી પણ ખંધી. સ્વભાવથી પણ પૂરેપૂરી દાનવ હતી. દાસીઓની એ અધિપતિ હતી. જરૂર પડયે શર્મિષ્ઠાને પણ સલાહ-સૂચન તેમજ માર્ગદર્શન આપતી હતી.'[3]

આકુલામાસીનો સાથ મળતાં જ શર્મિષ્ઠા વધારે અસુરી તત્ત્વો પરત્વે ઢળતી જાય છે. પિતાની આજ્ઞા વિરુધ્ધ શર્મિષ્ઠા જઇ શકે એમ હતી, પણ અંતે એ વૃષપર્વા રાજાની દીકરી હતી. ઉત્તરકાળમાં બનનારી અમંગળમય ઘટનાઓનો પરિવેશ અહીંથી આરંભાઇ ચૂક્યો છે.

પન્નાલાલે 'યયાતિ' ના પાત્રને કામુકતાના પ્રતીકરૂપે જ સ્વીકાર્યું છે. અનુપમ એવા સૌંદર્ય કે ગુણવાન એવી દેવયાનીને નહી, પરંતુ એનું એ નગ્ન સૌંદર્ય જ યયાતિની આંખોમાં ઉભરાઇ આવે છે. દેહઆકર્ષણ જ યયાતિ અનુભવે છે. એ દેવયાનીનો ઉપભોગ કરવા જ વિહવળ બની ઊઠે છે. દેવયાનીનું દેહસૌંદર્ય મન પર અનેરું આકર્ષણ જાગ્રત કરે છે. આથી જ એ દેવયાનીના સ્થાનક પર અવારનવાર જાય છે. યયાતિના મનની વિહ્વળતાને ફ્લેશબેકના પ્રયોગ દ્વારા નિરૂપીને સર્જકે યયાતિના વંશવેલાનો આછેરો લસરકો કરી, યયાતિ પૂર્વેના રાજાઓનો સંક્ષિપ્ત ખ્યાલ આપતું વર્ણન કર્યું છે.

માનવમનને તાગવાનો પન્નાલાલે એમની અનેક કૃતિઓમાં પ્રયત્ન કર્યો છે. પાત્રજગતની ઊંડાણ ઘરામાં ડોકીયું કરીને, એ ઘરા પર અનુભવતા કંપનો, વંટોળ, ભૂકંપ, આગ, કરુણતા, વેદના ને તેઓ ક્યાસ કાઢીને, એનુમ આલેખન કરીને કથારસને જકડી રાખીને પાત્રને ઉપસાવી આપતા સર્જકે કચના ગયા પછીની વેદના દેવયાનીને અસ્વસ્થ બનાવી મૂકે છે. સર્જકે અહીં કરુણરસનો પ્રભાવ દર્શાવી દેવયાનીના અંતરનો ઊંડાણોને અભિવ્યક્ત કર્યા છે.

'અરેરે કચ! સંજીવની મળતાં ને શિષ્યપણામાંથી મુક્ત થતાં જ કેવી રીતે તુમ એકાએક બદલાઇ ગયો? અહીંના આટલા લાંબા વસવાટ દરમિયાન ક્યારેય મેં તારામાં બનાવટ જેવું જોયું નહોતું. તું જાણે કે સાચે સાચ જ અમારામાનો એક હોય, એ રીતે અમારી રહેણીકરણી તેમ જ જીવનદષ્ટિને અપનાવી લીધા હતા. તો પછી શુક્રના શિષ્યપણામાંથી મુક્ત થતાં જ તારામાં આ વેદિયાપણું કેવી રીતે એકાએક પ્રગટી આવ્યું?'[4]

અતીતની સુખદ સ્મૃતિઓ મનપટ પર છવાઇ જવાથી એ સુખદ સ્મૃતિઓ દુઃખદ બની ઉઠતા દેવયાની વર્તમાન સમયમાં બનેલી અમંગળ ઘટનામાં સરી પડે છે. અને એ કુવામાંથી ઉગારનાર રાજા આંખો સમક્ષ ખડો થાય છે, એ એનું પગેરું કાઢવા સરોવર કાંઠાનો કાર્યક્રમ ઘડે છે.

૩. એજન. પૃ.૩૭.

૪. એજન. પૃપ૪

યયાતિને દેવયાનીની માહિતી મળી જાય છે. પરંતુ અહીં નાયક સામે સંઘર્ષની સ્થિતિ સર્જાય છે. માતાને શુક્રતનયાની વાત કઇ રીતે કરવી! આખરે એ પુત્રને પરણાવવા અધીરી બનેલી માતા સામે અનેક રાજકન્યાઓના ચિત્રોમાં દેવયાનીના ચિત્ર મૂકીને માતા સુધી પોતાના મનોજગતમાં પ્રદિપ્ત વિચારોને મૂકી આપે છે. શુક્રનું નામ સાંભળતા જ વિરજાએ યયાતિને દેવયાનીને ભૂલી જવા માટે કહ્યું. પરંતુ, દેવયાનીના એ મોહકરૂપના અંધત્વમા આશક્ત થયેલા યયાતિ માટે આ શક્ય ન હતું. અહીં સર્જકે આડકથાનો વિનિયોગ કરીને શુક્રના જીવનમાં બની ગયેલી ઘટનાનો આશ્રય લીધો છે.

શુક્રમુનિને દેવયાની સિવાય પણ એક પુત્રી હતી. દંડનામનો રાજા વિરજા પર કામાંધ બની ઊઠતો એ વિરજાનો બળાત્કારે ઉપભોગ કરે છે. શુક્રમુનિને આની જાણ થતાં એ રાજાને શાપ આપ્યો હતો. આજે એ 'દંડકારણ્ય' થી ઓળખાય છે. શુક્રમુનિ પ્રભાવ અને ક્રોધનો ભય બતાવીને યયાતિને પાછો વાળવાનો વિરજા પ્રયત્ન કરતી હતી. પરંતુ દેવયાની સમુદ્ર વિહારાર્થે આવવાની છે એ સમાચાર જાણતાં જ ત્યાં ઉપડી જાય છે.

યયાતિ અને દેવયાનીની આ દ્વિતીય મુલાકાત થાય છે. પોતાને આવી સ્થિતિમાં જોનાર પ્રથમ પુરુષને અને એણે મૂકેલા લગ્નના પ્રસ્તાવને દેવયાની સહજતાથી સ્વીકારી લે છે. એ જ રીતે શુક્રમુનિ પણ દેવયાનીની ઇચ્છાને જ પ્રાધાન્ય આપીને યયાતિને જમાઇ તરીકે સ્વીકારી લે છે.

મૂળ મહાભારતના કથાનકમાં સંજીવની વિદ્યાને લઇને સ્વર્ગે ગયેલો કચ ફરી કથાનકમાં ક્યાંય નિરૂપાયો નથી. 'વિ.સ.ખાંડેકર' ની 'યયાતિ' નવલકથાની જેમ જ પન્નાલાલે પોતાની સ્વકલ્પના બળે ફરી એકવાર સ્વર્ગેથી જમીન પર લાવીને દેવયાનીના પાત્રને વિદ્વાનો દ્વારા થયેલા અન્યાયને દૂર કરવાનો પ્રયત્ન કર્યો છે. કચને ચિંતનશીલ બનાવ્યો છે. પન્નાલાલે કચ પાસે ચિંતન કરાવડાવીને એને પ્રતીતિ કરાવે છે કે: દેવયાની જ સત્યની વધારે નિકટ હતી. કચને સત્યની પ્રતીતિ થતાં એ પ્રશ્ચાતાપની ભઠ્ઠીમાં બળ્યા કરે છે.

દેવયાની ને યયાતિના લગ્ન થાય છે. શુક્રમુનિના ભયને સારી રીતે જાણતી વિરજાએ પુત્રને ચેતવતાં કહ્યું: 'દેવયાની સાથે ધર્મની રીત વર્તજે.' અહીં પન્નાલાલે વિરજાના મુખે નાટ્ય વ્યંગ ઉક્તિનો વિનિયોગ કરીને કથામાં બનનારી ઘટનાઓનો સંકેત કરી આપ્યો છે.

દેવયાની પ્રત્યે પ્રણયભાવથી નહિ પણ એના રૂપમાં અંધ બનીને એની સાથે યયાતિએ લગ્ન કર્યા હતા. આથી જ એણે પોતાના શયનખંડને ખાસ કલા વિશારદો પાસે કામુક્તાના ચિત્રો દોરાવીને શણગારે છે. અહીં યયાતિ કામુક્તાની પ્રતિકૃતિ સમો ઉપસે છે.

શુક્રમુનિના આશ્રમમાં ઉચ્ચ આદર્શો અને ભાવનાઓમાં ઉછરેલી દેવયાની આ ચિત્રોની પાછળ રહેલા મર્મને પામી જાય છે. દેવયાની નવા જગતમાં પદાર્પણ કરે છે. એનાં જીવનમાં વળાંક આવે છે. દેવયાની સામે બે વિરોધાભાસી સ્થિતિમાં મૂકાતા એ ભીંસમાં મૂકાઇ જાય છે. એક બાજું ઉચ્ચ આદર્શો ને નીતિ-નિયમવાળું જીવન હતુમ ને અહીં ન જીરવી શકાય એવી વાસ્તવિકતા. દેવયાનીના મનમાં અનેક વંટોળ સર્જાય છે. શુક્રમુનિની પુત્રીએ શાસ્ત્રોના જ્ઞાનને

પોતાનામાં ઉતાર્યું છે. એથી જ એ એક આદર્શ નારી તરીકે પતિની ઇચ્છાને અનુકૂળ રહેવાનો નિર્ધાર કર્યો અને મનમાં ઉઠેલા તોફાનને શમાવી લે છે.

યયાતિમાં વિષયવાસના ઠાંસી ઠાંસીને ભરી છે. ભરાયેલી છે. દેવયાનીના નગ્ન સૌંદર્યથી ઉદ્દોયન કરાવીને આ ભાવને પન્નાલાલે ક્રમશ: વિકસાવ્યો છે. પ્રથમ મિલન રાત્રીએ મદિરામા ચૂર થઇને આવેલો યયાતિ દેવયાનીને કહે છે કે- 'સૌંદર્યની મહારાણી તું તારું કુવાવાળું સ્વરૂપ સત્વરે મારી આગળ પ્રત્યક્ષ કર.'[૫] પતિને આવી સ્થિતિમાં જોતા જ દેવયાનીના સ્વપ્નો છિન્ન ભિન્ન થઇ જાય છે. દેવયાની સામે અસહ્ય એવી સ્થિતિ સર્જાય છે. શયનગૃહમાં કામુકતાપ્રેરક ચિત્રો, પતિ મદિરામાં ચૂર થઇને પ્રથમ રાત્રીએ જ વિચિત્રિપૂર્ણ રીતે દેહની માંગણી કરે ત્યારે નાયિકાના પગ નીચેની જમીન સરકી પડી હોય એવી અનુભૂતિ થાય છે. નવા પરિવેશમાં આવી પડેલી દેવયાનીનાં રહેલા જન્મજાતના સંસ્કારો દેવયાનીનાં પાત્રને વધારે સારી રીતે ઉપસાવી આપે છે. એ સૌંદર્યચાહક ને બદલે સૌંદર્યનો ઉપભોગક બની રહે છે. યયાતિના પાત્રમાં રહેલી આ વૃત્તિ જ ઉત્તર સમયમાં બનનારી અમંગળમય ઘટનાઓ માટે જવાબદાર રહે છે.

ઋષિકુળના સંસ્કારોને ત્યજીને યયાતિને અનુકૂળ આવે એ રીતે દેવયાની જીવવાનો પ્રયત્ન કરે છે. અહીં એક ઉચ્ચ આદર્શતાથી સંપન્ન એવી ભારતીયનારીની છબી દેવયાનીના પાત્રમાં દેખાય છે. કામુકતાપ્રેરક ચિત્રોને દૂર કરીને શૃંગારિક ચિત્રોને ગોઠવ્યા. અહીં એનું આશ્રમી આચાર-વિચારોવાળું વ્યક્તિત્વ છતું થાય છે. એ 'પ્રતિલોમ' વિવાહને 'અપ્રતિમ' બનાવવા તરફ વળે છે.

કામવાસનાના નર્કાગારમાંથી યયાતિને બહાર કાઢવા દેવયાની ક્યારેક રિસાઇને, ક્યારેક પતિની ઇચ્છાને આધીન બનીને એમ વિવિધ રીતે પતિને સંયમ તરફ વાળવાનો પ્રયત્ન કરે છે. દેવયાની જે રીતે પતિને રીઝવવા કે ખુશ કરવા જે કાર્યોનો આધાર લે છે એ જોતાં જ સહજપણે 'પાર્થ ને કહો ચઢાવે બાણ' નવલકથાની દ્રૌપદીનું સ્મરણ થઇ આવે છે. દ્રૌપદી પણ દેવયાનીની જેમ અથવા તો દેવયાની દ્રૌપદીની જેમ પતિને પ્રસન્ન રાખે છે. પન્નાલાલે બે નોખી કૃતિમાં વિશિષ્ઠ રીતે પ્રયોજેલો સમાન વિચાર અહીં જોવા મળે છે.

લગ્ન પછી દેવયાની પ્રથમ પુત્રને જન્મ આપે છે ત્યાંથી એમનું દામ્પત્યજીવન બદલાય જાય છે. પ્રથમ પુત્રના ભાગ્યમાં રાજયોગ ન હોવાથી અને દેવયાનીના પ્રથમ પુત્રને રમાડવા આવેલી શર્મિષ્ઠાના રૂપલાવણ્યથી પ્રભાવિત થયેલા યયાતિમાં એના પ્રત્યે કામુકતાનો ભાવ આળસ મરડીને ઉભો થાય છે. પન્નાલાલે અહીં યયાતિના ચિત્તમાં ઉદ્ભવેલા સૂક્ષ્મત્તમ સંચલનને પકડીને અભિવ્યક્ત કર્યું છે. અને પછી સર્જકે એ ભાવનો વ્યાપ વધાર્યો છે. અત્યાર સુધી દેવયાનીની દાસીઓ પ્રત્યે ઉદાસીન રહેલો યયાતિ શર્મિષ્ઠાના રૂપસૌંદર્યથી અંજાઇને એમના પ્રત્યે સજાગ બને છે. સર્જકે યયાતિના મનના ઊંડાણ વચ્ચે સ્ફુરેલા ભાવને પકડયો છે. મૂળથી જ કામુક પ્રકૃતિ ધરાવતો હોવાથી સ્વાભાવિકપણે એ દિશામાં વિહરે છે. યયાતિ ક્રિયા અને વાણી, વર્તન અને વ્યવહાર દ્વારા પાત્રના વ્યક્તિત્વની છાપ ઉભી કરીને એ ભૂમિકાનો ઉપયોગ કરીને યયાતિને

૫. એજન. પૃ.૧૪૦

એ માર્ગે જવાનો રસ્તો કરી આપવામાં આવ્યો છે. કથા પ્રસંગોમાં પ્રતીતિકર સંબંધ સ્થાપાયો છે. વિષપુરુષ પાસે અમૃતની અપેક્ષા કઇ રીતે રાખી શકાય? એમાંય યયાતિ એ દિશામાં આગળ વધે - એ માટે લેખકે સ્વકલ્પનાથી નારદમુખે નીચેનો સંવાદ બોલાવીને યયાતિના કાર્યને પ્રતીતિકર બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

'રાજન, આ સૃષ્ટિમાં તારું નામ અમર થવા સર્જાયું છે. તારું જીવન ત્રણેય લોકને પ્રકૃતિનું દર્શન કરાવશે. મૃત્યુ પછી પણ તારી સ્મૃતિ નક્ષત્રમંડળ અમર રહેશે.'[૬]

નારદમુનિની આ વાણીની એવી તો અસર થઇ કે એની રગેરગમાં કામ વ્યાપ્ત છે તે પાત્રને યથેચ્છ પણે વિહરીને જીવનના આનંદને માણવાનો જાણે રાજમાર્ગ મળી ગયો હોય.

દેવયાનીના ભવનમાં ગયેલા નારદમુનિ એના શયનગૃહના ચિત્રોને જોતા નવીનતા અનુભવે છે. શૃંગારથી ધીમે ધીમે સંયમ સુધીનો માર્ગ ને અંતે અદ્વૈત ભાવને પ્રગટાવી આપતા ચિત્રો જોતાં નારદને સાનંદાશ્ચર્ય થાય છે. પન્નાલાલે નારદના પાત્રના માધ્યમથી બે વિરોધાભાસી પ્રકૃતિ ધરાવતા યયાતિ ને દેવયાનીના પાત્રોની વ્યક્તિત્વની લાક્ષણિકતાને પ્રગટાવી આપે છે. કામી યયાતિ અને સંયમને માર્ગે વિચરતી દેવયાનીનું ચિત્ર ઊભું થાય છે.

દેવયાનીના ભવનેથી નારદ કચ પાસે જાય છે. કચ અને નારદની ઘટનાથી પશ્ચાતાપની ભઠ્ઠીમાં બળતા કચને બતાવ્યો છે. વેદોને આત્મજ્ઞાત કરીને બેઠેલો કચ પશ્ચાતાપની ભઠ્ઠીમાં બળે છે. જ્યારે શાપીત એવા જીવન ને ય દેવયાની પોતાના જ્ઞાનને સહારે મંગલમય બનાવવા સક્રિય બને છે. અહીં કચના પાત્ર કરતાં દેવયાનીનું પાત્ર જીવંત બની ઊઠે છે.

મૂળ 'મહાભારત' ના કથાનકમાં ન હોય એવા કથાપ્રસંગને પન્નાલાલે સ્વકલ્પનાને બળે કથા પ્રસંગને ઊભો કરીને કૃતિને રસપ્રદ બનાવી છે. સંજીવનીવિદ્યા લઇને સ્વર્ગે ગમન કરનાર કચ મૂળ કથાનકમાં ફરી ક્યાંય નજરે પડતો નથી એ કચને સર્જકે પૃથ્વીપર લાવીને દેવયાની સાથે એની મુલાકાત ગોઠવી આપે છે. સર્જકે પાત્રના ચિત્તમાં અનુભવાતા સંચલનોને અભિવ્યક્ત કરીને પાત્રોની વેદનાને નીચેના સંવાદમાં હૃદયસ્પર્શી ભાવાલેખન કર્યું છે.

'શ્યામા દોડી આવી. કોઇક પુરુષને આસન ઉપર બેઠેલો જોઇને થોડીક આભી બની ગઇ.

દેવયાની પામી ગઇ. એણે કહ્યું: 'સખી: 'સખી, મહાત્મા કચને જળપાન કરાવ. ઓળખે છે કે ભૂલી ગઇ?'

શ્યામા નવાઇ દેખાડતાં બોલી: 'દેવી, જેમની સાથે વર્ષો સુધી રહ્યાં છીએ એ મુનિને -' અને એનું ગળું ભરાઇ આવ્યું.

કચ તથા શ્યામાની નજર મળી, ચારેય આંખો આસુંથી છલકાઇ ઊઠી.'[૭]

પન્નાલાલે સહજ સંવાદોથી કથાપ્રસંગની ભાવોર્મિને અભિવ્યક્ત કરી આપી છે. વર્ષો પછી કચને જોઇને દાસીની આવી સ્થિતિ થાય તો દેવયાનીની સ્થિતિ કેવી હૃદયદ્રાવક હશે એ ભાવક ઉપર છોડી દેવામાં આવ્યું છે.

દેવયાની ધીરજથી અને સંયમથી આ મિલન પ્રસંગને જાળવે છે, છતાંય એના હૃદયની

---

૬. એજન. પૃ.૨૦૯

૭ એજન. પૃ.૨૨૬

ઘરાતલ પર રહેલો સુષુપ્ત પ્રણયભાવ અછતો રહેતો નથી એ કચને કહે છે -"વચ્ચેનો અમંગળ સમય ગાળો કાઢીને મારી સાથે વાત કર. ફરીથી કહું છું તારા મોં ઉપરની દીનતાને ત્યજી દે, મારાથી એ સહી જતી નથી."[૮]

ભારતીય આર્યનારીના સંસ્કારો દેવયાનીમાં છે આથી જ એ પોતાના લગ્ન જીવન પ્રત્યે સભાન બનીને જ કચ સાથે વાત કરે છે. છતાંય એના હૃદયમાં પડેલો કચ પ્રત્યેનો વિશુધ્ધ પ્રેમ આજે પણ અસ્ખલિતપણે વહે છે. એની અહીં પ્રતીતિ મળે છે.

દેવયાનીના જીવનમાં બનતી એક પછી એક અમંગળ ઘટનાઓ માટે પન્નાલાલે ઇન્દ્રને જ જવાબદાર ઠેરવવાનો પ્રયત્ન કર્યો છે. કચની સંજીવની વિદ્યા નિષ્ફળ ગઇ એ માટે ઇન્દ્ર દેવયાનીને જ કારણભૂત માનતો હોવાથી જ ઇન્દ્ર સ્નાનાર્થે ગયેલી દેવયાની, શર્મિષ્ઠા અને એની દાસીઓ પર લીલાને અર્થે નહિ પણ વૈરભાવથી પ્રેરાઇને જ ત્યાં ભયાનક વંટોળ સર્જીને બદલો લેવાનો પ્રયત્ન કરે છે. એ જ રીતે કચના લગ્ન નિમિત્તે યયાતિને સ્વર્ગનુમ નિમંત્રણ આપીને દેવયાનીના જીવનને વિષમય બનાવવાનો પ્રયત્ન કરે છે. કામુક પ્રકૃતિને અનુસરતા યયાતિને 'વિશ્વાચી' નામની અતિ સુંદર એવી અપ્સરાને પ્રયોજીને યયાતિને ધર્મના રસ્તા પરથી અધર્મને માર્ગે વાળીને દેવયાનીના દામ્પત્યજીવનમાં ઝંઝાવાત સર્જવાનો પ્રયત્ન આદરે છે. યયાતિની સેવામાં ઉપસ્થિત થયેલી અપ્સરા યયાતિને કામનો અપૂર્વ આનંદ આપીને અધર્મ માર્ગે વાળવામાં સફળ થાય છે.

પન્નાલાલની કૃતિઓમાં વર્ણનો પુનરાવર્તન પામીને આવે છે. પતિને કઇ રીતે પ્રસન્ન રાખવો એ માટે દેવયાની અને દ્રૌપદીના વિચારો એક સરખા છે. એમ શર્મિષ્ઠાના ભવને નાટયોત્સવ થાય છે એ સમયની અસુર કન્યાઓના બ્રાહ્યસૌદર્યનું વર્ણન અને અહીંયા વિશ્વાસીના રૂપસૌંદર્યનું વર્ણન એક સરખું છે. ચિત્રાત્મક શૈલી દ્વારા વિશ્વાચીના રૂપસૌદર્યને વર્ણવતા પન્નાલાલે આમ નોંધ્યું છે કે -

"લગ્ન જેવા મહા ઉત્સવનો પ્રસંગ હોઇ બીજી બધી અપ્સરાઓની જેમ વિશ્વાસી પણ અત્યારે છેલ્લી ઢબના સ્વાંમાં હતી. બંને કાંડામાં કામોત્તેજક સુગંધિત ગજરા હતા. કંઠની માળા ઊંડી ઊંડી નાભી સાથે રમત કરતી ઝૂલતી હતી, તો છાતીબંધ પણ ફૂલનો ગૂંથેલ-બાંધવા ખાતર બાંધ્યો હતો; કમર ઉપરનું પટકુળ સુધ્ધાં હતું એ નહોતું જણે! અપ્સરા શાનું નામ!"[૯]

દેવયાનીના નગ્ન સૌદર્યદેહનું અને શર્મિષ્ઠાના ભરાવદાર દેહલાલિત્યનું અનેરું આકર્ષણ અનુભવતો કામી પ્રકૃતિનો યયાતિ વિશ્વાચી જેવી અનુપમ રૂપ ધરાવતી અપ્સરાના આકર્ષણથી યયાતિની કામવાસના પ્રજ્જવલિત ન થાય તો જ નવાઇ! એ 'મદારીનું દોર્યું માકડું વર્તે એમ'[૧૦] યયાતિ વિશ્વાચી નો દોરવાયેલો હોય એમ વર્તે છે. અહીં તળપદી કહેવતનો વિનિયોગ યયાતિના પાત્રની ગરિમાનો ભંગ કરતી હોય એમ લાગતી હોવા છતાંય પ્રસંગના ભાવને સમર્થ રીતે ઉપસાવી આપે છે.

---

૮. એજન. પૃ.૨૨૫

૯. એજન પૃ.૨૩૬

૧૦. એજન. પૃ.૨૩૭

વિશ્વાચીના દેહાકર્ષણથી પ્રજ્જવલિત થયેલ ભાવોને પરિતૃપ્ત કરતાં કરતાં યયાતિની વિચારધારાઓમાં આમૂલ પરિવર્તન થઇ જાય છે. વિશ્વાચીના દેહને પૂર્ણપણે ઉપભોગ કરીને બ્રહ્માનંદસહોદરને માણનાર યયાતિને પૃથ્વીપર આવ્યા પછી ખાલીપો કોરી ખાય છે. એમાંય દેવયાનીના ભવને પોતાની ગેરહાજરીમાં કચ આવ્યો હતો ત્યારે દેવયાની બેભાન બની ગઇ હતી. આ ઘટના યયાતિને દેવયતાનીથી દૂર કરવાની ભૂમિકા પૂરી પાડે છે. સર્જકે મૂળ કથાનક સાથે છુટ લઇને પાત્રને નવીન રીતે મૂકીને એના વિકાસાર્થે પ્રતીતિકર એવા પ્રસંગ વિન્યાસ કરીને પાત્રોને ખિલવ્યા છે. મૂળ કામી વૃત્તિ ધરાવતો યયાતિ અને એને પોષક એવો પરિવેશ સર્જીને એ પરિવેશમાં છુટો મૂકી આપે છે.

પોતાની ગેરહાજરીમાં કચના આગમનથી યયાતિના મનમાં શંકા-કુશંકા ઉત્પન્ન થાય છે. પુત્રમાં આવેલા પરિવર્તનને પામી ગયેલ વિરજા પુત્રને માર્ગદર્શન આપીને ચેતવે છે. પરંતુ માતાની ચેતવણીની એટલી અસર યયાતિ પર થતી નથી. પરિણામે એ પોતાના દામ્પત્યજીવનમાં તિરાડ પાડવાની અધર્મ સીમાએ જતાં ખચકાટ અનુભવતો નથી. આવા અનેક પ્રકારના સંઘર્ષો યયાતિ સામે આવતાં એ મૂંઝવણભરી સ્થિતિમાં મુકાઇ જાય છે. એ ગૂંગણામણ અનુભવે છે. કથાનકને પોષક એવા નાટકની પસંદગીમાં પન્નાલાલની સાહિત્યિક સૂઝ દેખાય છે. શર્મિષ્ઠાને જોતાં જ યયાતિની નિકટ લાવવાની અસરકારક ભૂમિકા ભજવે છે. સર્જકે સમુદ્ર સ્નાનાર્થે ઘટેલી અમંગળમય ઘટના પછી આકુલાના શબ્દચિત્રને વર્ણવીને પાત્રના વ્યક્તિત્વની લાક્ષણિકતાને ઉપસાવી હતી એ જ લાક્ષણિકતાના જોરે આકુલા શર્મિષ્ઠાને અધર્મ માર્ગે લઇ જાય છે

કૃતિમાં નિરૂપાયેલી કથાને વધુ પુષ્ટ બનાવવાને અર્થે સર્જક ક્યારેક આડવાર્તાનો વિનિયોગ કરીને કથામાં આવતા પ્રસંગના ભાવજગતને સમર્થતાથી ઉપસાવી આપે છે. પન્નાલાલે અહી બે પ્રકરણમાં બ્રાહ્ય નાટકને નિરૂપ્યું છે. વિશ્વાચીના અનુપમ સૌંદર્યથી કામાંધ બની ગયેલ યયાતિ શર્મિષ્ઠાના બાહ્ય સૌંદર્યને જોતાં જ એના દેહમાં કામ વ્યાપી વળે છે અને એ એના અભિનયમાં ગળાડૂબ બની જાય છે. રતિના રૂપમાં રહેલી શર્મિષ્ઠાથી અતિ પ્રસન્ન થયેલો યયાતિ શર્મિષ્ઠાના ઉત્કૃષ્ટ અભિનયથી પ્રેરાઇને નહિ પરંતુ એના પ્રત્યે રહેલા લોલુપતાના ભાવથી પ્રેરાઇને શર્મિષ્ઠાને વિહારસ્થાનોમાં યથેચ્છપણે વિહારની સંમતિ આપે છે.

'કચ-દેવયાની' નવલકથામાં 'સત્યવાન-સાવિત્રી' આડનાટ્યનો વિનિયોગ કરીને દેવયાનીના હૃદયની ઘરાતલના ઊંડાણના ભાવવિશ્વને સમર્થ રીતે તાગનાર સર્જકમાં એક નાટ્યકાર તરીકેની લાક્ષણિકતાઓની, નાટ્યસૂઝની સાથે કવિ તરીકેની છાપ પણ ઊભી કરી આપે છે. એના કેટલાક અંશો જોઇએ.

'અહા! અહા! તુમ સખી છકેલી!
બારે જાતનાં આભૂષણ ને સોળેય શણગાર, કામક્રીડાના
સજ્યાં અંગના, મદનઘનું શાં નયન, સખીનાં શારે પયોધર ચંદન અર્ચ્યા!
કટીમેખલા તાળી લેતી રોમરહિત તું જ નિતંબથી રી,
ભરી ભરી ઓ પ્રમત્ત યૌવના હજીવાર છે, ધીરી જરી!' [૧૧]

૧૧. એજન પૃ.૨૬૮

બીજુ એક વર્ણન-

'ત્રિલોક તું છે ત્રિલોકનો નાથ પરબ્રહ્મ તું છે,
સૃષ્ટિનો સંહારક તું છે, કરુણાસાગર તું જ પોતે છે,
પ્રસન્ન હો, પ્રસન્ન હો! ત્રણે લોકનાં વંદન હો!'[૧૨]

પન્નાલાલે શર્મિષ્ઠાના બાહ્યસૌંદર્યને કાવ્યાત્મક શબ્દચિત્ર દ્વારા તાદૃશ્ય કરી આપ્યું છે. જ્યારે બીજા વર્ણનમાં કામદેવ ભસ્મ થઇ જતાં સર્વ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની સ્તુતિ કરે છે.

પતિના મનમાં ઉદ્ભવેલા શર્મિષ્ઠા પ્રત્યેના ભાવ વિશ્વને પામી ગયેલી દેવયાની પતિને અધર્મ માર્ગે જતાં રોકવાના પ્રયત્નરૂપે યયાતિને ચેતવે છે. મનઆત્મામાં શર્મિષ્ઠાનું એ ભરાવદાર દેહલાલિત્ય વિહર્યા કરતું હોય ને એમાંય સમુદ્ર પાસે સ્નાન કરતી શર્મિષ્ઠા સાથેની મૂલાકાત થાય છે. અહીં વિના વિઘ્ને યયાતિને શર્મિષ્ઠા વચ્ચે પ્રેમાલાપ થાય છે. યયાતિ શર્મિષ્ઠાને દાસીપણામાંથી મુક્ત કરવા માંગે છે ત્યારે શર્મિષ્ઠા કહે છે કે:

'દીકરી જન્મટીપમાંથી છૂટીને આવી!' (૨૯૪/૧)

અહીંયા 'જન્મટીપ' એ સાંપ્રત સમયગાળાના શબ્દનો પ્રયોગ થયો છે. કૃતિને લોકભોગ્ય બનાવવા પુરાણકથા બીજની માવજત સર્જક સમકાલીન ભાષા પ્રયોગો દ્વારા કરે છે.

યયાતિની મૂંઝવણ ધીમે ધીમે વધવા લાગે છે. ધર્મ-અધર્મ વચ્ચે મૂકાઇ ગયેલો યયાતિ પોતાને અનુરૂપ એવો માર્ગ કાઢીને શર્મિષ્ઠા સાથે મિલન-મુલાકાતો ગોઠવવા લાગ્યો. અને બન્ને ય પાત્રો પ્રણયના રંગે રંગાવા લાગ્યા. શર્મિષ્ઠાતો આકુલાનું પ્યાદુ બનીને યયાતિ સાથે વર્ત્યા કરે છે. સંયમના માર્ગે પ્રણયભાવનો વિકાસ થવા લાગ્યો. સમય જતાં આ સંયમ એમને માટે અસહ્ય બની જાય છે. પ્રેમની તીવ્રતા વધવા લાગે છે.

બીજી બાજું, દેવયાની જ્યારે જ્યારે દાસીભવનમાં જતી હતી ત્યાં 'શર્મિષ્ઠા'ની ગેરહાજરી વર્તાતી હતી એની નોંધ એ લેતી હતી. આ સમયે પણ શર્મિષ્ઠા આકુલા ભવનમાં ન હતી. દેવયાની દાસીભવનમાં ગઇ છે એમ જાણતાં જ એ શર્મિષ્ઠાને પાછી ભવને મોકલીને આવનાર ધર્મસંકટમાંથી ઉગારી લે છે.

શર્મિષ્ઠાની અનેક મૂંઝવણો પાત્રને હચમચાવી મૂકે છે. પ્રિયતમ હોવા છતાંય સંયમ પૂર્વક જીવવું પડે છે. એમાંય દેવયાનીના પુત્રોને જોતાં એનામાં માતૃત્વ પ્રગટી ઉઠે છે. શર્મિષ્ઠાના મનોજગતનું સમર્થ વર્ણન કરીને સર્જકે શર્મિષ્ઠાની ભાવોર્મિને ઉપસાવી છે.

"તુરુના રથ પાછળ અવારનવાર જોયા કરતી શર્મિષ્ઠા પોતાની આંખો લૂછે લૂછે ને ઉભરાઇ આવતી હતી. એના મનને થતું હતું: 'અરેરે ! હું ક્યાંયની ન રહી! જેને હું ભિખારણ કહેતી એ આજે પોતાના વિષે રહેલા જ્ઞાન, સૌંદર્ય અને પ્રભાવને લીધે મહારાણી સ્થપાઇ છે. દેવકુમારોથીય અધિક એવા બબ્બે પુત્રોની માતા બની છે... ... જ્યારે હું દાન આપનારી દીકરી આજે ભિખારણ કરતાંય ક્યાંય નીચી એવી પરાધીનતાની અવસ્થા ભોગવી રહી છું!'[૧૩]

---

૧૨. એજન. પૃ.૩૩૦

૧૩. એજન. પૃ.૩૩૦

શર્મિષ્ઠાનુ આ ચિંતન જ એને યયાતિની અતિ નિકટ લઇ જવા માટેનો પરિવેશ ઊભો કરી આપે છે. અત્યાર સુધી બન્ને પાત્રોએ સંયમથી વિકસાવેલા પ્રણય સંબંધો હવે એ સંયમનો છેદ ઉડાડી મૂકે છે. કામથી પીડાતા આ પાત્રો કામતૃપ્તિ અર્થે ગાંધર્વલગ્નથી એક બની જાય છે.

યયાતિના બદલાતા રૂપથી દેવયાનીને એના પ્રત્યે શંકા-કુશંકાઓ થવા લાગે છે. પરંતુ યયાતિનું અણધાર્યું આગમન અને સ્નેહપૂર્ણપણે વિતાવેલી ક્ષણો આગળ દેવયાનીની શંકા-કુશંકાઓ શમી જતા પતિને આ અંગે પૂછવાનું ટાળી મૂકે છે. બીજી બાજુ એ ગાંધર્વ લગ્નગ્રંથીથી જોડાયેલા યયાતિ-શર્મિષ્ઠા પૂર્ણતાથી કામક્રિડામાં રત બની જાય છે. વિરજાનું પાત્ર ઘણું સમજુ અને વધુ સક્રિય છે. એ શંકાય છે પણ પુત્ર પાસે લાચાર બની રહે છે. શુક્રે દોરેલી લક્ષ્મણ રેખાને ઓળંગીને અસુર કન્યા સાથે અધર્મ માર્ગે વધી રહ્યો હોવા છતાંય વિરજા યયાતિને સલાહ સૂચનથી સમજાવવાનો પ્રયત્ન કરે છે.

'ગાંધર્વલગ્ન કરેલ રાજા તથા શર્મિષ્ઠાને જળભવન પર ઉતાર્યા પછી આવા આવા વિચારોમાં પડી ગયેલો ત્ર્યંબક કરંડિયામાં પુરાયેલા સાપની પૂંછડી શોધતો હોય એ રીતે વચલો માર્ગ શોધતો જ રહ્યો: 'શું કર્યું હોય તો સાપ મરે નહિ ને લાઠી ભાગે નહિ.'[૧૪]

ત્ર્યંબક સામે ધર્મસંકટ આવીને ઊભુ રહે છે. રાજમાતાને સત્ય કહેવાય પણ નહીં સત્ય છરવાય પણ નહીં. અહીં ગૌણપાત્રના અજંપાને અનોખી રીતે વર્ણવાયા છે.

ત્ર્યંબક દેવયાનીપુત્રને અને શ્યામાને લઇને વિહારસ્થાને જાય છે. અત્યાર સુધી યયાતિને શર્મિષ્ઠા સ્વતંત્રતાથી વિહારો કરીને ઊભયમાં લીન બની ગયાં હતાં. અહીં નાટ્યાત્મક ઘટના બને છે. પોતાના રાજ્યમાં નવું રમણીય વિહાર સ્થાન જોતાં જ એ વિહાર સ્થાને જવાની જીદ કરતા દેવયાનીના પુત્રને ત્ર્યંબક આ ભવને નહી લઇ જવા પ્રયત્ન કરે છે. પરંતુ શ્યામા આગળ ત્ર્યંબક લાચાર બની જાય છે. ત્ર્યબંકના વર્તનથી શ્યામાને શંકા ઉદ્ભવે છે કે: શું આ ભવન શર્મિષ્ઠાનું છે. ત્ર્યંબકની વાત પરથી એ કળી જાય છે. ત્ર્યંબકના જેવી જ સ્થિતિ શ્યામાની થાય છે. યયાતિ-શર્મિષ્ઠા વચ્ચે રચાયેલા પ્રેમને જાણવા છતાંય એ કશું કરી શકવા અસમર્થ બની રહે છે પરંતુ સમય ક્યાં કોઇની રાહ જોઇને ચાલે છે.

શર્મિષ્ઠાએ સુંદર પુત્રને જન્મ આપ્યો એ સમાચાર સાંભળતાં દેવયાનીના પગ નીચેથી જમીન ખસી જાય છે. અત્યાર સુધી આંખ આડા કાન કરતી દેવયાની હવે સક્રિય બનીને સઘળી તપાસ કરાવે છે. પતિ પર ઉત્પન્ન થયેલી શંકાનું ઠીક ઠીક શમન થયું હોવા છતાંય દેવયાનીને અજંપો ઘેરી વળે છે. યયાતિની જેમજ શર્મિષ્ઠા દેવયાનીને બુધ્ધિચાતુરી વડે ઉત્તર આપીને પોતાના અધર્મયુક્ત કાર્યને સાચવી લેવામાં સફળ થાય છે.

દેવયાનીએ શર્મિષ્ઠાને પૂછ્યું કે પુત્ર પ્રાપ્ત કઇ રીતે થયો? અહીં શર્મિષ્ઠા એને કાલ્પનિક ઘટના કહીને દેવયાનીને અવળે માર્ગે લઇ જાય છે. આ ઘટના આપણને પરાશરમુનિ અને માછીકન્યાના જીવનમાં બનેલી ઘટનાનું સ્મરણ કરાવી આપે છે.

શર્મિષ્ઠા સાચા અર્થમાં અસુર રાજકન્યા છે. એનામાં અનેરો અહંકાર છે. દેવયાની એને મુક્ત કરાવવા માગે છે પણ શર્મિષ્ઠા, ગુરૂપુત્રી પાસે યાચના કરવાનું ટાળે છે. યયાતિની

૧૪. એજન. પૃ 330

સલાહનેય એ અવગણી નાંખે છે. અને આ બન્ને પાત્રો પાછાં કામના વિશ્વમાં રંગાઇ જાય છે.

શર્મિષ્ઠા અને યયાતિ વચ્ચે ચાલતા પ્રણયભાવ જોઇને શ્યામાની સ્થિતિ અસહ્ય બની જાય છે. આશ્રમસમયથી જ દેવયાનીની અતિ નિકટ રહેતી શ્યામા દેવયાનીની પાછળ ચાલતાં ષડયંત્રનો પર્દાફાશ કરતાં દેવયાનીને કહ્યું

'દેવયાનીના દિલમાં ધ્રાસકો પડયો. સહસા પ્રશ્ન કર્યો: 'વત્સા, આ દુષ્ટા મને બનાવી ગઇ છે કે શું?'

'એવું જ લાગે છે મહારાણીજી.'

'તને કેમ ખબર પડી?'

'આપણી માસી મને કહેતી હતી કે મહારાજ અને શર્મિષ્ઠા વચ્ચે કશુંક દાળમાં કાળું હોય એવી લોકો વાતો કરે છે.'

'દાળમાં કાળું એટલે કેવું પણ?' દેવયાની દબાવી રાખલી ચીડ વચ્ચે બોલતી હતી.

શ્યામા બોલી:'રાણીજી, આખરે તો મોટા ઘરની બલકે ચક્રવર્તી મહારાજના ઘરની વાત કહેવાય! રાજાના જાણવામાં આવે ને વાત જુઠી નીકળે તો અવળી ઘાણીએ ઘાલ્યા વગર રહે નહિ. શબ્દો પર વજન મૂકતાં કહ્યું 'તમારે જ પોતે આ બાબતમાં ઊંડાં ઊતરવું જોઇએ. શ્યામાથી અજાણપણે ચીડપણ ઠલવાઇ ગઇ: 'ક્યાં સુધી આમ દૈવેચ્છા કર્યા કરશો.' એની આંખો દડ દડ કરતી ચૂઇ પડી!'[૧૫]

અસ્ખલિતપણે વહેતા કથાનકના પ્રવાહમાં ચોટ આવે છે. સર્જક કથાનકમાં આવતા ગૌણપાત્રોને સુપેરે ક્રિયા, વાણી, વ્યવહારથી પાત્રના વ્યક્તિત્વને ઉઘાડી આપે છે. અહીં પાત્રોચિત સંવાદોનું નિરૂપણ થયું છે. અને એમા તળપદી ભાષાથી સમર્થતા ને તાજગી અનુભવાય છે. તત્કાલીન સમયની લોકોકિત અને રૂઢિપ્રયોગોનો વિન્યાસ પણ અહીં ઔચિત્યપૂર્ણ રીતે થયો છે. ટૂંકમાં આમ કહી શકાય કે 'લોહી ચાખેલો વાઘ' પ્રકરણમાં આ કૃતિમાં નિરૂપાયેલા અનેક પ્રકરણોથી ભિન્ન તરી આવે છે. અહીં પ્રસંગને, પ્રસંગના ભાવજગતને અને પાત્રોના વ્યક્તિત્વજગતને ઉપસાવી આપવામાં સર્જકની શક્તિનો પરિચય મળી રહે છે.

શ્યામાની વાતો સાંભળતાં જ દેવયાની સમસમી ગઇ, આથી એને વિરજામાતાને બોલાવીને આ નગરનો ત્યાગ કરવાનો નિર્ણય જાહેર કર્યો, પરંતુ બ્રાહ્મણપુત્રી વિરજાએ દેવયાનીને સ્ત્રીધર્મનો બોધ આપીને કુટુંબમાં સર્જનાર ઝંઝાવાતી વંટોળને શાંત કરી નાંખ્યો છે. અહીં દેવયાની અને વિરજા વચ્ચે સંવાદોને રચીને પન્નાલાલે દેવયાનીની હૃદયવેદનાને અભિવ્યક્ત કરીને નારીવેદના ઉપસાવીને પ્રસંગને હૃદયસ્પર્શી બનાવ્યો છે. પોતાનો પતિ અન્યનો થયો એના કરતાં એ પોતાની દાસી શર્મિષ્ઠાનો પ્રેમી થયો એનું દુ:ખ દેવયાનીને કોરી ખાય છે. પોતાની દાસીએ પોતાના માથાપર પગ મૂક્યો એ સ્થિતિ જ દેવયાનીથી જીરવી શકાતી નથી છતાં એક આદર્શનારીને છાજે એમ નગ્ન સત્ય જાણ્યા પછી સાસુમાની વાત માનીને છાની રહે છે.

આગળ બનતી ઘટનાઓની ભૂમિકા લેખકે અહીં બાંધી આપી છે. આકસ્મિત રીતે શર્મિષ્ઠા અને દેવયાની ભેગા થાય છે. અત્યાર સુધી હૃદયના ઊંડાણમાં અજંપો, મૂંઝવણ ને શંકાઓને

૧૫. એજન. પૃ

આધારે વિચરતી દેવયાનીની સામે ન જીરવી શકાય એવી પળ પ્રત્યક્ષ બનીને આવે છે. વાસ્તવિક સ્થિતિ નકરું સત્ય આંખો સામે જોતા જ એનું લોહી ઊડી જાય છે, પગ નીચેની જમીન સરકી જાય છે અને એની આંખોમાં આક્રોશ ઉભરાય છે. અંગારા ઝરતી હોય એવી એની વાણી આ પળની કટોકટીને આલેખવામાં સહાયરૂપ બને છે. શર્મિષ્ઠા અને દેવયાની વચ્ચે નિરૂપાયેલી ઉગ્ર અને દારુણ સંવાદબાજી પાસે દેવયાનીનું ભારોભાર અપમાન કરાવે છે. અપમાન જીરવવાનું અસહ્ય બનવાથી દેવયાની તત્ક્ષણ પિતાશ્રમે જવા તૈયાર થાય છે. આકસ્મિત પણે થયેલા રહસ્યસ્ફોટથી હેબતાઇ ગયેલા યયાતિ સામે દેવયાની શુક્રાશ્રમે જાય તો એનું જીવન વિષમય બની ગયું. શર્મિષ્ઠા ને દેવયાની વચ્ચે તીવ્ર બોલાચાલી વખતે નતમસ્તકે ઊભેલો યયાતિ પરિસ્થિતિ વણછી જતાં આવનાર ભયંકર ભયને ટાળવા દેવયાનીને રોકવાનો પ્રયત્ન કરવા લાગ્યો, પોતે અસમર્થ રહેતા માતાજીને સત્વરે બોલવવાનો એણે આદેશ આપ્યો, પિતાને ઘરે જતી દેવયાનીનું કરુણ આક્રંદ હૃદયસ્પર્શી બની રહે છે. અડધે રસ્તે વિરજા દેવયાનીના રથને આંબી જાય છે. શુક્રમુનિના તેજને ભલીભાતી જાણતી વિરજા યયાતિને ઉગારવા દેવયાનીને સમજાવવા લાગી. વિરજાની વાતોને સહર્ષથી તો નહી પણ અનિચ્છાએ દેવયાની સ્વીકારે છે પણ પોતાના અઘોર અપમાનનો બદલો લેવા માટે 'દિવ્યરથ' પર ન બેસવાનો સંકલ્પ લે છે. દેવયાનીનો આ નિર્ણય યયાતિને મૂંઝવી નાખે છે એટલું જ નહીં પોતાનું ભારોભાર અપમાન કર્યું હોય એમ ભાવ ઉત્પન્ન થવાથી એની મૂંઝવણ પરાકાષ્ઠાએ પહોંચે છે.

દામ્પત્યજીવનમાં પડેલી તિરાડને પૂરવા માટે યયાતિ વિદ્યાભ્યાસ કરીને પાછા આવેલા પોતાના જ્યેષ્ઠપુત્ર યદુને 'દિવ્યરથ' આપીને દેવયાનીને તેડવા મોકલે છે. માતા-પિતા વચ્ચે થયેલો દારૂણ ઘટનાથી સાવ અજાણ એવો યદુ માતાને લેવા માટે આવ્યો. દેવયાની સામે સંઘર્ષભરી સ્થિતિ સર્જાય છે. પુત્રને સત્યઘટના કહી પણ ન શકાય અને 'દિવ્યરથ' માં બેસીય ન શકાય એમ હોવાથી પુત્રને રથ પાછો મોકલવાની સૂચના આપે છે. માતાના આવા વ્યવહારથી ખિન્ન બનેલ યદુ માતાનું ભવન છોડીને ચાલ્યો જાય છે. દેવયાની વિના પાછા ફરેલા યદુને જોતા એ સઘળું પામી જાય છે. દેવયાનીએ ફરીવાર પોતાની લાગણીઓને ઠેસ પહોચાડીને પોતાને પુત્ર આગળ અપમાન કર્યો એમ લાગવાથી યયાતિ અનાં પુત્રોને 'દિવ્યરથ' થી વંચિત રાખે છે.

સંજીવની વિદ્યા લઇને સ્વર્ગગમન કરનાર કચનું પાત્ર મૂળ કથાનકમાં ક્યાંય જોવા મળતું નથી. એ પાત્રને સર્જકે સ્વકલ્પના બળે જીવંત કરીને કથાનકમાં પ્રયોજીને કથારસને જાળવવાનો પ્રયાસ કર્યો છે. ગૃહાસ્થાશ્રમમાંથી વાનપ્રસ્થ માં જતાં પહેલાં કચ નારદના કહેવાથી દેવયાનીની મૂલાકાત લેવા જાય છે. આ સિવાય પણ કચ પાસે એક કારણ હતું. એણે શુક્રાશ્રમમાં વાનપ્રસ્થ પસાર કરવું હતું.

અહીંયા કથાપ્રસંગોની વસ્તુસંકલનમાં કચાશ રહી જતી લાગે છે. દેવયાનીને મળવા આવેલો કચ દેવયાનીના ભવનથી સુપરિચિત છે તો એ શર્મિષ્ઠાને ભવને કઇ રીતે પહોંચી જાય છે. એનો તાર્કિક જવાબ જડતો નથી. કદાચ યયાતિએ કચને આપેલું નિમંત્રણ કારણભૂત હોય. પણ અહીં એ કારણ ઔચિત્યપૂર્ણ લાગતું નથી. કચ દેવયાનીને જ મળવા આવ્યો છે એ સ્પષ્ટ હતું. કથારસને જાળવવા સગવડિયા પ્રસંગો રચાયા હોય એમ લાગે છે.

સર્જકને તો શર્મિષ્ઠાના મનમાં ઊભરાતી દેવયાની પ્રત્યેની ઇર્ષાભાવને અભિવ્યક્ત કરવામાં રસ રહ્યો આથી મૂળકથાનકમાં ન હોય એવી ઘટનાઓ ને અભિવ્યક્ત કરીને કથાને રસપ્રદ બનાવી છે.

શુક્રાચાર્યના આશ્રમે પહેલીવાર કચને જોતાં જ શર્મિષ્ઠાના મનમાં એના પ્રત્યે અહોભાવ ઉદ્ભવ્યો હતો. એને જ લીધે દેવયાની પ્રત્યે ઇર્ષા ઉત્પન્ન થઇ હતી એ કચના આગમનથી શર્મિષ્ઠા પ્રસન્ન બની ઊઠે છે. અહીં શર્મિષ્ઠા પ્રસન્ન થવાનું અન્ય કારણ હોય છે એ કચ અને દેવયાની વચ્ચેના પ્રણયભાવને કહીને પતિને દેવયાનીથી દૂર રાખવા માટે શર્મિષ્ઠા પતિના કાનમાં દેવયાની વિરુધ્ધ ઝેર ઓકે છે. આથી જ યયાતિ કચની સાથે દેવયાનીના ભવને જાય છે. અહીં પોતાનું ભારોભાર અપમાન થવાથી જ યયાતિ દેવયાની સહિત એના પુત્રોનેય 'દિવ્યરથ' થી વિમુખ કરી મૂકે છે. દેવયાની પ્રત્યેનો વેરભાવ યયાતિના મનમાં વ્યાપવા લાગ્યો ને વિશાળરૂપ ધરવા લાગ્યો. યયાતિ હવે અધર્મતાની સીમાને ઓળંગવા લાગ્યો. દેવયાની અને એના પુત્રોને દિવ્યરથ થી દૂર કરીને અટકવાને બદલે યયાતિ માતાને ફરિયાદ કરવા દોડી જાય છે.

સમય સાથે દેવયાની ને એનાં પુત્ર દિવ્યરથ પર બેસશે એ વિશ્વાસ પર બેઠેલા યયાતિનો ભ્રમ હવે ભાગવા લાગ્યો. દામ્પત્યજીવનની તિરાડ વધુ ઊંડીને ઊંડી થવા લાગી. પતિ-પત્ની વચ્ચે સંવાદ સ્થપાવવાને બદલે વિસંવાદ વધવા લાગ્યો. પન્નાલાલે દેવયાની-યયાતિના જીવન પડેલી તીરાડને વધુ ઊંડી બનાવતા પ્રસંગોને નિરૂપીને કથારસને જાળવ્યો છે. 'વિરજા કલામંદિર' નાટિકા ભજવાય છે. આ નાટિકાથી રાજાના જીવનમાં આવેલો વંટોળ શમી જશે એવી આકાંક્ષા સેવીને નાટિકા જોવા ગયેલી માતા સામે જુદુંજ વિશ્વ રચાય છે. દેવયાનીના પુત્રોનું અસહ્ય અપમાન થવાથી તેઓ નાટિકા છોડીને ચાલ્યા જાય છે. આથી અહમ્ ઘવાતા યયાતિ દેવયાની પુત્રોને સેના અને રાજકાજમાંથી દૂર રહેવાની આજ્ઞા ફરમાવે છે.

અધર્મતાના નર્કાગારમાં પ્રતિપળે આગળ વધતા યયાતિને એવું થાય છે કે પોતે 'સ્વ' ત્યજીને વિમાર્ગે તો નથી જતો ને? પરંતુ એ વિચારો આગળ અટકી પડે છે.

ઘોઘમાર વરસાદ પછીનું પાણીના વહેણની જેમ કથાનકનું વહેણ ત્વરિત ગતિએ આગળ વધે છે. પિતાના અપમાનને સહી લેતા દેવયાની પુત્રો અમાત્યના અપમાનને સહી ન શકવાથી કાળઝાળ બનેલ યદુ 'આગ્નેયાસ્ત્ર' પ્રયોગ કરે છે.

'પર્વતોની ગોદમાં આવેલો અશોકનગર પર સાંજ ઢળી ચૂકી હતી. ચરવા ગયેલું ધણ પરત થઇ રહ્યું હતું. પક્ષીઓ પોતાના માળા તરફ જઇ રહ્યાં હતાં. વિહાર કરવા ગયેલા સહેલાણીઓ પાછાં ફરી રહ્યાં હતા.'[૧૬]

આ પ્રકારના આહ્લાદક વાતાવરણમાં અશોકનગરના સીમાડાઓ ઉપર શંખનાદ ઉઠવા લાગ્યો. સાંભળનાર સહુ કોઇને એ ભેંકાર ભેંકાર લાગતો હતો.

કથાનકના પ્રવાહમાં પ્રકૃતિના ચિત્રને નિરૂપવાની સર્જક શક્તિનો પરિચય અહીં થાય છે. કથાના પ્રવાહમાં પ્રકૃતિચિત્ર ભળી જાય છે.

---

૧૬. એજન. પૃ.૨૩૫

દેવયાની પુત્રના આવા સાહસને સખત હાથે જવાબ આપવા શર્મિષ્ઠા પુત્ર તત્પર બની ઉઠે છે. યદુના દુગર્ષ સાહસથી ખળભળી ઉઠેલો, કોપાયમાન બનેલો યયાતિ માતાને ફરિયાદ કરવા દોડી જાય છે. પિતાથી, શર્મિષ્ઠાપુત્રોથી અને હવે રાજ્યના સેવકોથી અસહ્ય અપમાનો સહી ન શકવાથી યદુ 'આત્મવિલોપન' કરવાને માર્ગે જાય છે. અહીંયા પન્નાલાલ ચમત્કારનો આશ્રય લે છે. વણવિચાર્યું બધુંય અમંગળ બનવાથી દેવયાની ભાંગી પડે છે. પતિતો હાથમાંથી છટકી ગયો અને હવે પુત્ર આત્મવિલોપનને માર્ગે જાય છે એ સાંભળતા જ દેવયાની બેભાન બની જાય છે. એવે ક્ષણે શુક્રાચાર્ય પ્રગટ થાય છે. શુક્રાચાર્ય અને દેવયાનીન વચ્ચે અર્થસભર એવા સંવાદો પ્રયોજીને પ્રસંગની કરુણતાને ઘૂંટાય છે. ચારેય બાજુએથી ભાંગી પડેલી દેવયાની વર્ષોથી હૃદયમાં છુપાવી રાખેલો ભાવ યોગ્ય પ્રસંગ સાંપડતા પિતાને રડતી કકળતી કહેવા લાગી. દેવયાનીના હાસ્ય ખાતર ત્રણ ત્રણવાર અસુરોના હાથે મરાયેલા કચને જીવંત કરનાર શુક્રાચાર્ય પોતાની વ્હાલી દીકરી પર થતાં અત્યાચારો સાંભળતા વેંત એમનો ક્રોધ ભભુકવા લાગ્યો. અને એમણે યયાતિ ને શાપ આપતાં કહ્યું: 'તું બુઢાપામાં પ્રવેશ કર.'

શુક્રમુનિના શાપથી ભયભીત બનેલો યયાતિ શાપમાંથી ઉગરવા માટે કાલાવાલા ને કાકલૂદી કરે છે. એનું સર્વસ્વ લૂંટાઇ જતું હોય એમ તરફડવા લાગે છે. પન્નાલાલે 'યયાતિ'ના અજંપાભર્યા ભાવવિશ્વને બીબાંઢાળ રીતે આલેખ્યું છે. એના મનોવલયોની સૂક્ષ્મતા લેખક પકડી શક્યા નથી.

'હે પ્રભુ, હે દયાના સાગર મારા ઉપર કરુણા કરો. હું હજી યૌવન ભોગોથી અતૃપ્ત છું. રાજાના મનમાં તો અહીં ઘણું બધું કહેવા જેવું હતું; મારા લગ્નજીવનનાં આરંભના વર્ષો તમારી પુત્રી સાથે જીવન સંસ્કારવામાં ગયા હતા, તો વળી એ પછીનાં વર્ષોમાં શર્મિષ્ઠાનો સહચાર મળવા છતાંય મારા દિલમાં આપનો ભય ઘર કરીને રહેલો હતો! હે મુનિ, ખરું પૂછો તો હું હજી યથેચ્છ રીતે યૌવનરસો પામી શક્યો જ નથી!'[૧૭]

પન્નાલાલે સંવાદ દ્વારા પાત્રની નિજનરુચિઓનું ચિત્ર ઉપસાવી એના વલોપાત વ્યક્ત કર્યા છે. આ વિષયવાસનાથી ભરેલા વ્યક્તિત્વને અકાળની વૃધ્ધાવસ્થા કેમ પોસાય? ચિર યૌવન મળે તો જ એનો અજંપો શમે તેમ છે. શુક્રાચાર્યના શાપને કારણે તો એની સઘળી વાસનાઓ ધૂળમાં ભળી જાય. રગરગમાં જેને કામ પ્રસરેલો છે એવો યયાતિ આ શાપને કોઇપણ સંજોગોમાં જીરવી શકે તેમ નથી. એનો આ છટપટાટ છે. સર્જકે આ વ્યથાનો સૂક્ષ્મ આંદોલનો ઝીલવાનો ઝાઝો પ્રયત્ન કર્યો નથી, એમ લાગે છે.

શુક્રમુનિએ શાપ નિવારણાર્થે કહ્યું કે કોઇના યૌવન સાથે તારે તારા વૃધ્ધત્વની અદલાબદલી કરે તો તુમ ફરી યુવાન બનીને તારી ઇચ્છાઓની તૃપ્તિ કરી શકીશ.

શુક્રમુનિએ શાપ આપ્યો એની પાછળ યયાતિ દેવયાનીને દોષ આપે છે. ત્યારે વિરજામાતાએ કહ્યું:

'મહારાજ, તારી વિદૂષી રાણી તારા લગ્નજીવનને સંસ્કરણના માર્ગે દોરતી હતી. જ્યારે તારી બીજી રાણી લગ્નજીવનને સંવર્ધનના માર્ગે પ્રેરતી રહી છે. હે પુત્ર વિધ્વાનોએ કામને અશ્વની

૧૭. એજન પૃ ૨૫૭

સાથે સરખાવ્યો છે. ભાર્ગવી રાણીઓ અશ્વને લગામ તેમ જ તપ રૂપી સંયમ દ્વારા આત્માના માર્ગે દોરી જતી હતી, તો બીજી રાણી બેફામ જીવન જીવીને વન્ય પશુના માર્ગે જીવન દોરતી હતી.[૧૮]

દેવયાની આગમનથી સતેજ બનેલી માતા પુત્રને શુક્રમુનિના કોપથી બચાવવા અનેકવાર સલાહ સૂચન આપીને ધર્મમાર્ગે વાળવામાં નિષ્ફળ રહેલી વિરએ આ વખતે સારો એવો પ્રભાવ પાડે છે. આથી વારંવાર દેવયાનીનો વાંક કાઢતો યયાતિ પોતાના જ ભાગ્યનો દોષ માને છે.

'નિત્યયૌવન' ભારતી શર્મિષ્ઠાને જોઇને યયાતિ ફરી યુવાન બનવાનો વિચાર જાગે છે. આ ઘટકથી કથા આગળ વધે છે. દેવયાની પુત્રોને અને શર્મિષ્ઠાના પુત્રોને બોલાવીને પોતાનું ઘડપણ લેવાનું સૂચન કર્યું. પણ યદુ, તૂર્વસુ, દ્રહ્યું અને અનુએ પિતાની માંગણીનો ઘરાર ઇન્કાર કરીને પિતાનો ખંડ છોડીને ચાલ્યાં ગયા. શર્મિષ્ઠાનો છેલ્લો પુત્ર પુરુ પિતાના ઘડપણને સહર્ષ સ્વીકારી લે છે. યયાતિ પુન: યુવાન બનીને શર્મિષ્ઠા સાથે અશોકવનમાં આનંદ મનાવે છે. શર્મિષ્ઠાના પુત્ર પુરુને નગરલોક અહોભાવથી જોઇને એના ઔદાર્યપણાને બિરદાવતા હતા. દેવયાનીનો દષ્ટિકોણ જુદો છે. એને તો કચે આપેલા શાપમાંથી મુક્તિ મળી ગઇ હોય એમ લાગે છે.

પતિને સમજાવવો એ લોખંડના ચણા જેવું દુ:સાહસ કાર્ય હતું, છતાંય દેવયાનીએ પતિને સત્યની જાણ કરીને અધર્મતાના માર્ગેથી પાછા વાળવાના પ્રયત્ન કરે છે. કામવાસનાના નર્કાગારમાં રત એવો યયાતિ ધર્મનેય સારી રીતે જાણતો હતો. પોતાને પ્રાપ્ત થયેલું 'યૌવન' એ સાચા અર્થમાં પોતાનું નહીં પણ પોતાના પુત્રનું ઉછીનું લીધેલું છે. દેવયાનીની વાત યયાતિના ગળે ઊતરે છે. આથી પુત્રના યૌવનથી શર્મિષ્ઠા સાથે શૈય્યાસુખ પામવું એ અધર્મતાની સીમાને ઓળંગવા જેવું હતું. પન્નાલાલે ત્રણેય પાત્રોમાં પરિવર્તન લાવવા માટે યોગ્ય એવો પરિવેશ ઊભો કર્યો છે. કથાને કહેવાની અનોખી રીતિ પર પન્નાલાલની સારી એવી હથોટી છે. સોળે કલાએ ખિલેલી દેવયાની અનેરા સાજ-શણગાર કરીને પતિને આવકારે છે. દેવયાનીના અનેરા એવા અનુપમ સૌંદર્યને જોતા જ યયાતિ કામાંધ બની જાય છે. અહીં યયાતિની પ્રકૃતિનો સંકેત મળે છે, તો દેવયાની આ તકનો લાભ લઇને અસંભવિત કાર્યને સંભવિત બનાવે છે. સત્યને જણાવીને યયાતિને પાપાચારમાંથી પાછો વાળવામાં સફળ બને છે.

કામી પ્રકૃતિમાં પોતે કેવું મોટું અનાચાર કર્યાનું જ્ઞાન થતા જ એને પ્રશ્ચાતાપ થવા લાગે છે. કામવાસનામાં રત એવા યયાતિનું જીવન સાવ બદલાઇ ગયું. એ શર્મિષ્ઠાને સનાતન સત્ય જણાવે છે. શર્મિષ્ઠાના મનોગતનું હૃદયસ્પર્શી આલેખન અહીં મળે છે.

'મહારાજ!' ચીસ પાડતી શર્મિષ્ઠા રોમેરોમ બળતી હોય તેમ આસન ઉપરથી ઊભી થઇ ગઇ. 'આ તમે શું કર્યું? હાય રે! 'રાજાના પલંગ ઉપર પછડાઇ પડી. કહેતી હતી: 'તમે મને જીવતે જીવ મારી નાખી!'[૧૯]

યયાતિમુખે સત્ય જાણતાં જ શર્મિષ્ઠાની સ્થિતિ અસહ્ય બની જાય છે. યયાતિના પાત્રનું જેમ એક જ ઝાટકે પરિવર્તન થાય છે એમ શર્મિષ્ઠાના હૃદયનું પરિવર્તન પણ ક્ષણવારમાં થઇ

૧૮. એજન. પૃ.૨૫૭

૧૯. એજન. પૃ.૩૦૯

જાય છે. અક્ષમ્ય અપરાધ પોતાનાથી થયાની અનુભૂતિ થતાં જ શર્મિષ્ઠાએ પ્રાણત્યાગ માટે તત્કાળ ચિતા ખડકવાનો આદેશ આપે છે. કૃતિના આરંભકાળથી અંત સુધી એના વિચાર અને વ્યવહાર પરત્વે સાતત્યપૂર્ણ ગરીમા ધરાવતું શર્મિષ્ઠાનું પાત્ર વર્ણવાયું છે. દેવયાની સામે હમેંશા પ્રતિસ્પર્ધી બનીને આવ્યા કરતી શર્મિષ્ઠા કથાનકને અંતે દેવયાનીની સામે ક્ષમાયાચના કરે છે. અહીંયા આ પાત્ર અનેરો ઉઠાવ પામે છે. શર્મિષ્ઠા પશ્ચાત્તાપની ભઠ્ઠીમાં તપીને બહાર આવવા મથતી હોય એમ એક પછી એક નિર્ણય કરે છે. એ દેવયાની સાથે આશ્રમમાં જઇને પ્રાયશ્ચિત કરવા માગે છે.

દેવયાનીએ વાનપ્રસ્થ જવાનો નિશ્ચય કર્યો એ જોઇને શર્મિષ્ઠા પણ દેવયાનીની સેવામાં રહીને જીવનને શ્રેયમાર્ગે લઇ જવાનું નક્કિ કર્યું. યયાતિ આ બન્ને રાણીઓને 'શુક્રાશ્રમ' માં છોડીને 'વિશ્વાચી' નામની અપ્સરા સાથે અતૃપ્ત વાસનાને તૃપ્ત કરવા ચાલ્યો જાય છે.

માનવમનમાં રહેલી અતૃપ્ત વાસના માનવને નર્કાગારમાં ઘસડી જાય છે. સનાતન સત્ય ને ધર્મને જાણતો હોવા છતાંય કામી પ્રકૃતિનો યયાતિ શ્રેયમાર્ગે જવાને બદલે વળી પાછો ઇન્દ્રિય તૃપ્તીને અર્થે વિશ્વાસી પાસે જાય છે. લાંબાં કાળસુધી વિશ્વાચી સાથે યયાતિ રતિ સુખ માણતો જોઇને ત્ર્યંબકે રાજાને ફરીવાર સનાતન સત્યનું જ્ઞાન કરાવ્યું. સમય કેટલો બધો ઝડપથી વહી ગયો એનું ભાન યયાતિને એના માથાના સફેદ થઇ જતાં વાળે કરાવ્યું. પોતાના કેશની સફેદ લટને જોતાં જ યયાતિના હૃદયનું પરિવર્તન થાય છે. એ રાજ્યમાં આવીને તત્ક્ષણ પુત્રને એનું યૌવન પાછું આપીને વૃધ્ધત્વ ધારણ કરીને શુક્રાશ્રમમાં ચાલ્યો જાય છે.

'યયાતિ-દેવયાની' ને શુધ્ધ પૌરાણિક નવકલથા તરીકે ઓળખાવવાનું સાહસ ન કરી શકીએ. 'મહાભારત' ના એક ઉપાખ્યાનમાંથી વાર્તા વસ્તુનો આધાર લઇને સર્જાયેલી સ્વતંત્ર કૃતિ છે. જે 'કચ-દેવયાની' નો ઉત્તરાર્ધ છે. આમ જોઇએ તો 'કચ-દેવયાની' અને 'દેવયાની-યયાતિ' એ સ્વતંત્ર નવલકથાઓ છે. છતાંય દેવયાનીના જીવનપટ પર આધારિત આ બન્ને કૃતિઓ એકબીજાની પૂરક કથાઓ બની રહે છે. દેવોના કહેવાથી સંજીવની વિદ્યા લેવા માટે કચ શુક્રાશ્રમમાં આવે છે ત્યાંથી માંડીને દેવયાનીના નિર્વ્યાજ સ્નેહને ઠોકર મારીને કચ સ્વર્ગગમન કરે છે ત્યાં સુધીની કથાવસ્તું 'કચ-દેવયાની' માં અને સમુદ્ર સ્નાનની અમંગળમય ઘટનાથી યયાતિ વાનપ્રસ્થ માટે શુક્રાશ્રમ આવે છે ત્યાં સુધીનુ કથાવસ્તું 'દેવયાની-યયાતિ' માં રસપ્રદ રીતે નિરૂપાયું છે.

દેવયાનીના પાત્રને સમજવામાં વિદ્વાનોએ ગેરસમજ કરી છે અને એથી એના પાત્રને અન્યાય થયો છે એમ પન્નાલાલે સિક્કાની બીજી બાજુ જોવાનો પ્રયત્ન કરીને દેવયાનીના પાત્રની ઉદાત્તતાને બિરદાવી છે.

'કચ-દેવયાની' કૃતિમાં પન્નાલાલે દેવયાનીના શુધ્ધ પ્રેમનું દર્શન કરાવીને પાત્રના ગૌરવમાં નિશંકપણે વધારો કર્યો છે, પરંતુ દેવયાનીનું પાત્ર વધારે સમર્થ રીતે 'દેવયાની-યયાતિ' માં ઉપસ્યું છે. અંગિરામુનિ દેવયાનીને છોડી આવવાના કચના નિર્ણયને જુદી દષ્ટિએ જુવે છે. અહીં દેવયાની ને ધર્મની વધારે નિકટ જુવે છે અહીં દેવયાનીના પાત્ર ને થયેલો અન્યાય દૂર થતો હોય એમ લાગવાથી દેવયાનીનું પાત્ર ગૌરવશાળી બની ઉઠે છે.

મૂળ મહાભારતની કથામાં યયાતિ કામુક અને લંપટ છે. એજ કલાદેહ અહીં નિરૂપાયો છે. એજ પ્રમાણે શર્મિષ્ઠા ય કામુક ચિતરાઇ છે. બે નાયક ને બે નાયિકાઓ વાળી આ કથામાં એક નાયક અને બે નાયિકા લાગે છે. કચ અને યયાતિ બે અંતિમો દર્શાવતા નાયકો છે. તો દેવયાની અને શર્મિષ્ઠાય વિરોધાભાસી વ્યક્તિત્વ ધરાવે છે 'કચ -દેવયાની'માં કચ જે વ્યક્તિત્વ ધારણ કરીને આવે છે એજ વ્યક્તિત્વ આ કૃતિમાં જોવા મળે છે. કથાનકને અંતે કચ વિચારશીલ, સંયમીને આદર્શવાદી બની રહે છે. કચ Flat character છે. જેમાં ક્યાંક પરિવર્તન નથી. આરંભથી અંત સુધી એણે પોતાના વ્યક્તિત્વની નોખી પણ એક જ પ્રકારની છાપ વાચકના મન પર છોડી છે જ્યારે કામી પ્રકૃતિનો યયાતિમાં અંતે - ધરમૂળ પરિવર્તન પામે છે. અને એ Round character બની જાય છે. એજ પ્રમાણે શર્મિષ્ઠાનું પાત્ર અંતે આમૂલ પરિવર્તન પામીને નવપલ્લવિત બની જાય છે અને દેવયાની કચની જેમ Flat character બની રહે છે.

કચ અને દેવયાનીના શુધ્ધ પ્રણયને પન્નાલાલે ઉપસાવવા માટે યયાતિ અને શર્મિષ્ઠાના પ્રેમનો વિનિયોગ કર્યો છે. Juxta position માં કચ અને શર્મિષ્ઠાના પાત્રને સારો ઉઠાવ મળ્યો છે. જેમ વિ.શ.ખાંડેકરની 'યયાતિ' નવલકથામાં બને છે.[૨૦]

કથાના આરંભકાળથી શર્મિષ્ઠા દેવયાનીની પ્રતિસ્પર્ધી બનીને એના સામે સતત ઝઝૂમતી રહે છે. પરંતુ આખરે કથાના અંતમાં આ પાત્રને સનાતન સત્યની જાણ થવાથી એના હૃદયમાં આમૂલ પરિવર્તન થતાં એ દેવયાનીને પોતાનાથી સર્વોપરિ સહજતાથી સ્વીકારી લેતા લગીરેય ખચકાટ અનુભવતી નથી. શર્મિષ્ઠામાં આવેલું હૃદયપરિવર્તન હૃદયસ્પર્શી બની રહે છે. આમ એ Round character બની જાય છે.

ગળથૂથીમાંથી પ્રાપ્ત થયેલી તળપદી ભાષાનો અહીં પ્રયોગ થયો છે. મૂળ કથાનકનાં પ્રવાહ કણિકા, લોકગીત, કહેવતો, રૂઢિપ્રયોગ ગૂંથાઇને આવે છે.

---

૨૦. 'ભારતીય નવલકથા', લે. રમણલાલ જોષી, પ્રકા વર્ષ પૃ.૧૭૭